36

SM... ...A MEHTA LIBRARY
The ... ...aja Sayajirao University.
BARODA
Call No. Al
95
G-856
1907
G-5061



...ણામ ત્હેમને આગળ જતાં સહન કરવાં પડે છે. મહારાજાઓને યોગ્ય વસ્ત્રાભૂષણ જોઇએ એમ માની આ બાલ મહારાજાઓને વસ્ત્રાભૂષણો પહેરાવે છે પરન્તુ રાજાની ... નોકર ચાકર ન હોવાથી આપણા બાલ મહારાજાઓ એકલા ફરે છે અને ... શત્રુઓના હાથે પરાજય પામે છે એટલું જ નહિ પણ મૃત્યુ પામે છે. આ બાલ મહારાજાઓની કઇ રીતે સેવના કરવી અને ત્હેમને કયા કયા શત્રુ સ્હામે ટક્કર ઝીલવા ... વાના છે તે આગળ ઉપર જોઇશું.

સુબન્ધુ

બન્ધુસમાજ.

HANSA MEHTA ... M.S. University of Baroda

---

# ગૃહધર્મ.

## વ્રત.

નૂતના—માતુઃશ્રી, આ સોમગંગા બેનને આ શી ટેવ પડી હશે કે બારે માસ વ્રત આડે ઉંચી જ ન આવે? એને સાતવારમાં ચારવાર એકટાંણું, તો બે દહાડા અપવાસ! એવું તે વ્રતમાં શું હશે?

પ્રભા—જુઓ પુત્રીઓ! વ્રતનો હેતુ ઉત્તમ છે—અને સમયે સમયે વ્રત આદિ કરવાથી મનોવૃત્તિ નિર્મળ થાય છે. પાણીનો પ્રવાહ અને મનની ગતિ સદા નીચી જગ્યાપર જ જવા યત્ન કરે છે. પણ જેમ જળ યંત્ર વડે જળ ઉંચે ચ્હડાવવામાં આવે છે, તેમ યમ નિયમથી આપણું મન પણ ઉંચે ચ્હડે છે.

કપિલા—માતુઃશ્રી! હાલ જે વ્રત થાય છે તેમાં તો કાંઇ ઉન્નત ભાવતા મને નથી જણાતી.

નૂતના—એટલું જ નહીં પણ મને તો કાંઇક વિચિત્રતા જ માલુમ પડે છે. વ્રતમાં હું તો માત્ર ખોરાકફેરજ દેખું છું. દાખલા તરીકે સામાન્ય રીતે રોજ જ્યારે આપણે ઘઉં અગર બાજરીની રોટલી, દાળ, ભાત ને શાક ખાઇએ છીએ, ત્યારે વ્રતના દિવસે રાજગરો, શીંગોડાં આદિ રોટલીની ગરજ સારે છે, બટાટા, સુરણ, આદિ શાકનું કામ કરે છે શીંઘોડાના લોટની ઘેંશ, કડીની જગાએ ખવાય છે. અને સામો, અગર મોરૈયો ભાતની ખોટ પુરી પાડે છે. હવે મિષ્ટાન્નની વાત તો દૂર જ રાખીએ.

પ્રભા—પુત્રિઓ! મોટા પુરૂષોની ક્રિયાની સિદ્ધિ સત્વમાં સમાયલી છે, અને સાધનમાં સમાયલી નથી. મૂળ વ્રત નિયમમાં હાલ જેવી રીતે ફળાહાર ખવાય છે તેમ ખાવાનો હતો જ નહી-વ્રતના હેતુ ઈન્દ્રિયદમન અને ઇન્દ્રિયદમનથી પોતાના પ્રિયજનના હિત અર્થે આત્મભોગ.

નૂતના—માતુઃશ્રી! ક્ષમા કરજો. મારાં અંબૂ કાકી તો વ્રતને દહાડે દોઢસો વાર ક્રોધ

SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University.
BARODA
Call No. Al
95
G-856
1907
G-5061



HANSA MEHTA LIBRARY
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

રિણામ હ્હેમને આગળ જતાં સહન કરવાં પડે છે. મહારાજાઓને યોગ્ય વસ્ત્રાભૂષણ જોઇએ એમ માની આ બાલ મહારાજાઓને વસ્ત્રાભૂષણો પહેરાવે છે પરન્તુ રાજાની માફક નિરન્તર નોકર ચાકર ન હોવાથી આપણા બાલ મહારાજાઓ એકલા ફરે છે અને ધનલોભી શત્રુઓના હાથે પરાજય પામે છે એટલું જ નહિ પણ મૃત્યુ પામે છે. આ બાલ મહારાજાઓની કઇ રીતે સેવના કરવી અને ત્હેમને કયા કયા શત્રુ સ્હામે ટક્કર ઝીલવા યોગ્ય કરવાના છે તે આગળ ઉપર જોઇશું.

સુબન્ધુ

બન્ધુસમાજ.

---

# ગૃહધર્મ.

## વ્રત.

નૂતના—માતુઃશ્રી, આ સોમગંગા બેનને આ શી ટેવ પડી હશે કે બારે માસ વ્રત આડે ઉંચી જ ન આવે? એને સાતવારમાં ચારવાર એકટાંણું, તો બે દહાડા અપવાસ! એવું તે વ્રતમાં શું હશે?

પ્રભા—જુઓ પુત્રીઓ! વ્રતનો હેતુ ઉત્તમ છે—અને સમયે સમયે વ્રત આદિ કરવાથી મનોવૃત્તિ નિર્મળ થાય છે. પાણીનો પ્રવાહ અને મનની ગતિ સદા નીચી જગ્યાપર જ જવા યત્ન કરે છે. પંણ જેમ જળ યંત્ર વડે જળ ઉંચે ચ્હડાવવામાં આવે છે, તેમ યમ નિયમથી આપણું મન પણ ઉંચે ચ્હડે છે.

કપિલા—માતુઃશ્રી! હાલ જે વ્રત થાય છે તેમાં તો કાંઇ ઉન્નત ભાવતા મને નથી જણાતી.

નૂતના—એટલું જ નહીં પણ મને તો કાંઇક વિચિત્રતા જ માલુમ પડે છે. વ્રતમાં હું તો માત્ર ખોરાકફેરજ દેખું છું. દાખલા તરીકે સામાન્ય રીતે રોજ જ્યારે આપણે ઘઉં અગર બાજરીની રોટલી, દાળ, ભાત ને શાક ખાઇએ છીએ, ત્યારે વ્રતના દિવસે રાજગરો, શીંગોડાં આદિ રોટલીની ગરજ સારે છે, બટાટા, સુરણ, આદિ શાકનું કામ કરે છે શીંઘોડાના લોટની ઘેંશ, કઢીની જગાએ ખવાય છે. અને સામો, અગર મોરૈયો ભાતની ખોટ પુરી પાડે છે. હવે મિષ્ટાન્નની વાત તો દૂર જ રાખીએ.

પ્રભા—પુત્રિઓ! મોટા પુરૂષોની ક્રિયાની સિદ્ધિ સત્વમાં સમાયલી છે, અને સાધનમાં સમાયલી નથી. મૂળ વ્રત નિયમમાં હાલ જેવી રીતે ફળાહાર ખવાય છે તેમ ખાવાનો હતો જ નહી-વ્રતના હેતુ ઈન્દ્રિયદમન અને ઇન્દ્રિયદમનથી પોતાના પ્રિયજનના હિત અર્થે આત્મભોગ.

નૂતના—માતુઃશ્રી! ક્ષમા કરજો. મારાં ચંબૂ કાકી તો વ્રતને દહાડે દોઢસો વાર ક્રોધ

કરે છે. જે દહાડે જમે તે દહાડે કેવાં રમુજી જણાય પણ અગીઆરશ, કાજળી કે ગ્ર ભસો* જેવા દિવસ આવ્યા હોય ત્યારે જોઇ લો એમની મઝા.

પ્રભા—પુત્રિ ! ક્ષુદ્ર જન્તુઓ જેવાં અજ્ઞાન મનુષ્યોના દાખલાથી આપણે ઉન્નત નતાં નથી. સામાન્ય જનથી કાંઇક ઉન્નત-કાંઇક વિશેષ આપણે બનીએ, ત્યારે જ આપ જન્મનું સાર્થક થયું સમજવું. પ્રાચીન મહર્ષિઓની સ્ત્રીઓ, જેવીકે માતા અનસૂયા, સુકન્ અથવા રાણીઓ જેવી કે સીતા, દમયન્તીનાં જીવનવૃત્તાંત જુઓ, અને તમારાં જીવન તે મના જીવન તુલ્ય બનાવવા યત્ન કરો. યાદ રાખજો ! કે ખાઈપીને મસ્ત બનવાથી અ નવરાશનો સમય નિન્દા કુથલીમાં ગાળવાથી તમારૂં કદાપી શ્રેય થવાનું નથી.

કપિલા—માતુઃશ્રી, અમે તો જેવું દેખીએ છીએ તેવું શીખીએ છીએ. વ્રતના હે ગમે તેવા ઉન્નત હશે, પણ હાલ તો માત્ર "સાપ ગયા અને લીસોટા રહ્યા" તેના જેવું રહ્યું

પ્રભા--પુત્રિ ! એટલા એ લીસોટા રહ્યા છે તો સાપનું સ્મરણ થાય છે, તેમ એટ એ લીસોટા રૂપે રહેલાં વ્રત, જેમ જેમ સ્ત્રીપુરૂષ કેળવાતાં જશે, તેમ તેમ સત્યપણ પામશે. પુત્રિઓ ? તમે ખરે ખરૂં કહેજો, કે વ્રતના દિવસે તમારા મનમાં કાંઇક નવો આનન્દ નથી થતો ? કાંઇ અંતરમાં સુન્દરતા નથી લાગતી ? મને તો વ્રતમાં કાંઇક એ એવી ગહનતા-સુન્દરતા, લાગે છે કે જે અવર્ણનીય છે. જેમ સુન્દર કવિતા વાંચવાથી વિના હૃદયને આનન્દ થાય છે, તેમ વ્રતના દિવસોમાં, વ્રત કરવાથી મને આનન્દ થાય

નૂતના—માતુઃશ્રી ! એવું વ્રતમાં શું રહસ્ય છે કે આપને આટલું બધું લાગે છે મારા મનમાં તો હાલનાં વ્રતની ઢબ જોઇ કાંઇક ખેદ થાય છે. જુઓને ! હમણાં યો દહાડા ઉપર ગ્યરભસો ગયો. આ વ્રતમાં સામાન્ય રીતે આખો દિવસ અપવાસ કરી સ્હાંજે બરફી, કેળાં, આદિ મેવો ખવાય છે. તે દિવસે મારા પાડોશીની વહુ તુંગભદ્રાએ એ વ્રત કરવાની હઠ લીધી. હવે એની તબીયત નરમ હશે તેથી એના પતિએ એ વ્ર કરવાની ના કહી. આ ઉપરથી તુંગભદ્રાએ પુષ્કળ કંકાસ કર્યો ને કહ્યું કે બસ તમારે રાળ આણી આપવો પડે છે તેમાં તમે આમ કરો છો. આખર કલેશથી કંટાળી એ પતિએ હા કહી ને તુંગભદ્રાએ વ્રત કર્યું. અને પોતાતા પરાક્રમનાં બણગાં ઠેર ઠેર ફૂંક ફરી એ નશામાં. આવી રીતે પતિની ઇચ્છા વિરૂદ્ધ કંકાસ કરી ઘણીક સ્ત્રીઓ વ્રત કરે એવાં વ્રત કરતાં આપણે મઠબાજરીનો રોટલો ખાઈ, પતિસેવા કરવી એ સારૂં નહી

પ્રભા—પુત્રિ ! અજ્ઞાન, મૂર્ખ જન્તુ જેવાં મનુષ્યોનું અનુકરણ કરવાથી હાનિ એવું મેં તને એક કરતાં વધારે વાર કહ્યું છે; છતાં તું મને એવાને એવા દાખલા આ છે એ જોઈ ખેદ થાય છે. પણ એમાં તારો વાંક નથી, સમયનો વાંક છે. ખરેખરી આ કેળવણી નાશ પામતી જાય છે, અને જે કેળવણી અપાય છે તેમાં સ્ત્રીઓને પુરૂષોસ સ્પર્ધા કરવાનું શિખવાય છે. પણ એવી કેળવણી નથી અપાતી કે જેથી સ્ત્રીઓ ઉ બની, પતિભક્તિમતી થાય, પતિ એ જ પોતાનું જીવન સ્હમજે, અને પતિ એ જ

* કેતકી તૃતીયા.



તાનું સર્વસ્વ સ્હમજે-" પતિની પ્રીતિ સંપાદન કરવાને પરમેશ્વરની પૂજા," એ જ વ્રતનો તુ હોવો જોઇએ. અને એવો હેતુ જ્યાં સુધી સ્હમજાયો નથી ત્યાં સુધી સઘળો પ્રયાસ મિથ્યા છે.

કપિલા—માતુઃશ્રી ! અમારી દશા અર્ધદગ્ધ જેવી છે. અમે થોડુ ઘણું ભણ્યાં એ, ને પંડિતનાં ડોળ કરીએ છીએ. નથી અમારામાં અમેરીકન કે યુરોપીયન નારી જેવું ન અથવા નથી અમારામાં આપના જેવી દૃઢ ભાવના એટલે અમારી દશા ત્રિશંકુ જેવી ઇ છે. અધ્યાત્મ બળ અમારૂં નષ્ટ થતાં, અમે પૃથ્વીની ચીજોની લાલસાવાળાં થઇએ એ, અને અમારૂં ધર્મબળ નષ્ટ થતાં, અમે આમથી પણ ભ્રષ્ટ થઇએ છીએ ને તેમથી ણ ભ્રષ્ટ થઇએ છીએ. માતુઃશ્રી ! કૃપા કરી અમને વ્રત, નિયમ, વિગેરેના હેતુ બતાવો સત્ય શું અને અસત્ય શું એ સ્હમજાવો !

પ્રભા—પુત્રિઓ ! તમારી આ વિષય ઉપર જાણવાની ઇચ્છા થઈ તેથી મને આનંદ ય છે. પણ હું તમને આ વિષયપર બોધ કરૂં તે પહેલાં મારે તમને કહેવાનું કે હું તમને બોધ આપું, જે વ્રત આદિનાં રહસ્ય કહું તેને તિરસ્કાર દૃષ્ટિથી ન જોવાં. તેને સ્હમ-વાં, તેનું મનન કરવું, પછી યોગ્ય લાગે તો માનવાં ને ન ઠીક લાગે તો ન માનવું.

કારણ अज्ञश्चाश्रद्दधानश्च ।
संशयात्मा विनश्यति ॥

અજ્ઞાન, શ્રદ્ધા વગરના, અને સંશયવાળાં મનુષ્યો નાશ પામે છે, એ શ્રી ભગવદ્ તાનું વાકય છે. માટે પુત્રિઓ ! આજ તો અવકાશ નથી, પણ કાલ આવજો એટલે તમને યથાશકિત વ્રત ઉપર બોધ આપીશ.

સુમિત્ર.
બન્ધુસમાજ.

——:૦:——

# વિદ્યાકળા.

## —વૈદ્યમંજુષા—

### માનું ધાવણ. *

" વળી જાયા પ્હેલાં જનનીઉરમાંહે પય ધર્યું. "

મોરખી ના. કં.

ખોરાકની જરૂર જન્મની સાથે જ ઉદ્‌ભવે છે; અને પરમ કૃપાળુ પરમેશ્વરે જન્મની સાથે જ માતાના સ્તનમાં બાલકના પોષણ અર્થે દુધનો ભંડાર ભરી મૂકયો હોય છે એજ સૂચવે છે કે બાલકે પોતાના પોષણ માટે અન્ય સ્થળે જવાની જરૂર નથી. પરન્તુ સ્ત્રીઓમાં અશક્તિ વિશેષ આવતી હોવાથી, અથવા પશ્ચિમ દેશના લોકોનું અનુકરણ કરવાથી, પોતાના બાલકને ધવરાવવાનું કાર્ય કાંઇ હીણપત ભર્યું લાગવા લાગ્યું છે એ ખરેખર શોકપ્રદ છે,

* અમારા સ્નેહી ડા. સુકુન્દરાય સામળ પ્રસાદે આપેલી સૂચના ઉપરથી.

માતાએ પોતે જ પોતાના બાલકને ધવરાવવું જોઇએ; આથી ગર્ભસ્થાન પોતાની મૂળ સ્થિતિએ વેળાસર આવે છે એટલું જ નહિ પણ બાલકને કોઇ પણ તરેહનો રોગ થતો નથી. હવે કઇ કઇ સ્ત્રીઓ કયા કારણથી પોતાનાં બાલકને ધવરાવતી નથી ત્હેનું અવલોકન કરીયે.

૧ શરીર તંદુરસ્ત હોય અને ધાવણ આવવાનો વાંધો હોતો નથી છતાં ઉદરનિર્વાહાર્થે મીલ કે મજૂરીમાં જાય છે તે સ્ત્રીઓ પોતાના બાલકને બરાબર ધવરાવતી નથી.

૨ ઉચ્ચ કોમની કેટલીક સ્ત્રીઓ પોતાના બાલકને ધવરાવવા ઇચ્છતી હોય છતાં અશક્તિને લીધે ધવરાવી શક્તી નથી.

૩ ઉચ્ચ સ્થિતિની સ્ત્રીઓ જેઓ મેળાવડા, હરવા ફરવામાં મશ્ગુલ રહે છે તેઓ બાલકને ધવરાવવાથી હરવા ફરવામાં વિઘ્ન આવે છે માની બાલકો આયાને સોંપી દેછે.

મીલ કે મજુરીમાં જનાર સ્ત્રીઓ આયાને રાખી શક્તી નથી પણ પોતાના પાડોશીઓ આડોશીને છોકરાં સોંપી જાય છે; મીલના મેનેજરોએ અને સાર્વજનિક સંસ્થા ચલાવનારાઓએ બાલકવાળી માતાઓને થોડું કામ સોંપી, માતા તરીકેની ફરજ બજાવવા રસ્તો સરલ કરી આપવો જોઇએ; આ ઉપરાંત સામાન્ય કેળવણીનો પ્રચાર થયે સારૂં પરિણામ આવવા સંભવ છે.

જે સ્ત્રીઓ રોગીષ્ટ હોવાથી બાલકને ધવરાવી શક્તી નથી, ત્હેમણે આયા રાખવાને બદલે બની શકે તો વૈદકીય તપાસ થયેલા દુધના ડબ્બાનો ઉપયોગ કરવો જોઇએ અને ચોખ્ખું ગાયનુ દુધ પાણીની સાથે મિશ્ર કરી આપવું. આયા રાખવાની જરૂર જ પડે તો તે આયાને જે બાળક સોંપવાનું હોય તેટલી જ વયનું બાલક હોવું જોઇએ. આયા તંદુરસ્ત હોવી જોઇએ એટલું જ નહિ પણ ત્હેના બાલકની શરીરસ્થિતિ પણ સારી હોવી જોઇએ. આયાનું વય વીશથી ત્રીશ વર્ષનું જોઇએ. આયા રાખતા પહેલાં તે કયા કુટુમ્બની છે, ત્હેનો સ્વભાવ કેવો છે, તેને પોતાને કોઇ પણ તરેહનો ચેપી અગર બીજો રોગ થયો હતો કે કેમ તેની પુરેપુરી તપાસ કરવી. અને સર્વ રીતે સંતોષકારક દેખાય તો જ રાખવી, નહિ તો ત્હેને સોંપી બાલકની જીંદગી ખરાબ કરશો.

કેટલીક માતાઓ પોતે નિરંતર નબળી રહે છે અને નબળી પ્રજાને જન્મ આપ્યા કરે છે એટલું જ નહિ પણ આયાને સોંપી પોતે પોતાનું કાર્ય થયું સ્હમજે છે. નબળી પ્રજા ઉત્પન્ન કરવામાં પુરૂષ તેમજ સ્ત્રીનો બન્નેનો વાંક છે અને ત્હેને માટે તેઓ બન્ને ઇશ્વર આગળ જવાબદાર છે. જ્યાં સુધી માતા તરીકેની પ્રત્યેક ફરજ અદા કરવા પોતાનામાં શક્તિ નથી ત્યાં સુધી નબળાં બાલક ઉત્પન્ન કરી ત્હેને ટુંક સમયમાં મૃત્યુને આધીન કરવાં તે એક જાતની બાલહત્યા જ છે. જેમ જેમ કેળવણીનો પ્રચાર થતો જાય છે તેમ ઉચ્ચ કેળવાયેલા વર્ગમાં આ દોષ વિશેષ દૃષ્ટિગોચર થાય છે તે ખેદની વાર્તા છે. પોતે સશક્ત રહેવા પ્રયત્ન કરે અને ત્યારબાદ તંદુરસ્ત પ્રજા ઉદ્ભવે તો પછી આયા રાખવાની આવશ્યકતા નહિ રહે.

મેવાડના રાણા પ્રતાપસિંહના અમરકુમારે એક વેળા રજપુતોને ન છાજે એવા વિચાર દર્શાવ્યા હતા ત્યારે ત્હેની માતાએ કહ્યું હતું કે-"ન્હાનપણમાં એક વેળા ભૂલથી દાસીએ ધવરાવ્યો હતો એટલે દાસીના-શુદ્રના ગુણ આવ્યા લાગે છે." આ વૈદિક રીતે



જોતાં પણ અક્ષરશઃ સત્ય છે. હલકી વૃત્તિવાળી, હલકા વિચારવાળી અને હલકા કુળવાળી આયાના પયઃપાનથી અસર થયા વિના રહે જ નહિ. રાજદરબારોમાં આયાની સંસ્થા દાખલ થતી ગઇ છે એને પરિણામે ખરાં રાજબીજ નજરે પડતાં નથી.

ઇચ્છા હોય છતાં ધવરાવી ન શકે ત્હેમને તો આયા રાખવાની જરૂર છે. પરન્તુ વીસમી સદીમાં ઇવનીંગપાર્ટી, મેલાવડા, નાટક, હરવા ફરવામાં ઇત્યાદિ બાલક વિઘ્નરૂપ ન થાય માટે આયા રાખનારી કેળવાયેલી સ્ત્રીઓ તરફ તિરસ્કાર વૃત્તિથી જોઇએ તો ખોટું નથી.

*अन्तःकरणतत्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
आनन्दग्रन्थिरेकोऽयमपत्यमिति बध्यते ॥

**ભવભૂતિ.**

આવી રીતે બાલકને આનન્દગ્રન્થિ બદલે વિઘ્ન રૂપ ગણનાર સ્ત્રીઓએ લગ્ન ન કરવું એ જ ઉત્તમ છે. ઉંમર લાયક થયા પછી નિશાળે મુકવાથી, અને ખાનગી શિક્ષક રાખી આપ્યાથી ફરજ અદા થતી નથી. બાલ્યાવસ્થામાં ઇશ્વરે આપેલું પય પણ આપતાં શરમાવું, ત્યાર બાદ ત્હેની માનસિક કેળવણી હાથમાં લેવાને બદલે નોકર ચાકરોને સોંપી દેવાં અને પછી આ બાલકો મહાન્ થાય એવી આશા રાખવી એ રેતીમાંથી તેલ કાઢવાના પ્રયત્ન જેવું છે.

કેટલીક વેળા એમ પણ બને છે કે કાંઇ કારણને લીધે માતાનું દુધ બાલકને માફક આવતું નથી અને એવે વખતે આયા રાખવાની જરૂર પડે છે.

પરન્તુ જ્યાં સુધી બની શકે એમ હોય ત્યાં સુધી માતાએ પોતાનું બાલક પોતે જ ધવરાવવું.

સંયોજક—સુબન્ધુ.
**બન્ધુસમાજ**

---

## પાક શાસ્ત્રની વિવિધ વાનીઓ.

### ચોળાશિંગના લીલવાથી બનતા ઘુઘરા, ઘારી.

ચોળાશિંગને ફોલી ત્હેમાંથી લીલવા કાઢવા. શેર લીલવા લઇ ત્હેને બાફવા; બફાય એટલે એને પાણીમાંથી કાઢી નાંખી, ચોળીને લચકા જેવું કરવું. લીલવાના પ્રમાણમાં હળદર મીઠું નાખવું; પછી બે રૂપીઆભાર આદુ, અધોળ મરચાં તથા એકાદ કોથમીરની પણી (લીલા ધાણા) એ ત્રણે વસ્તુને ઝીણાં ખાંડવાં. ખાંડયા પછી તેને અર્ધી કાચલી જેટલા સુકા ટોપરાના ખમણ ભેગું ભેળવવું. આ મશાલાને લીલવાની અંદર નાખવો. તે પછી દ્હેડ પાશેર ઘઉંનો લોટ લેવો ને ત્હેમાં પુરીના જેવું માણ દઇ કણક બાંધવી. પુરીના જેટલો લુવો લઇ પુરી વણવી; પછી જેવી રીતે દીવાળીમાં ખાંડ નાખી સંજોરી, ઘુઘરા બનાવીયે છીએ

---

* બાલક, દંપતીના સ્નેહનું આશ્રમસ્થાન હોવાથી બન્નેના અંતઃકરણને બાંધનાર એ જ આનંદગ્રંથી છે.

( આને વિશે આગળ કહી ગયાં છીએ ) ત્હેવી રીતે મશાલા વાળો લીલવાનો લુચ્ચો મુકી સંજોરી, ઘુઘરા બનાવવા. તે પછી ઘી અગર તેલમાં તળી નાંખવા.

### પાપડીના લીલવાના ઘુઘરા, ઘારી.

આ ઘુઘરા કરવા હોય તો સારી ભરેલી પાપડી લેવી. આવી પાપડીમાંથી શેર લીલવા કાઢી બાફી, ઉપર લખેલા ઘુઘરાની માફક આ લીલવાના ઘુઘરા બનાવવા. તુવેરના ઘુઘરા પણ આજ પ્રમાણે બને છે. આ બધા ઘુઘરા તેલમાં તળવાથી સ્વાદમાં સારા લાગે છે. લીલવા બાફીને ચોળી નાંખેલા જેને પસંદ ન હોય ત્હેણે શાકની પેઠે વઘાર મૂકી વઘારવા; તેલ વધારે મુકવું અને ખારો અને હીંગ નાખવી તથા થોડુ પાણી છાંટવું. બરાબર બફાય ત્યાર પછી આદુ મરચાં વિગેરેનો મશાલો નાંખવો. બાફવામાં ઉતાવળ કર્યેથી ઘારી ઘુઘરા સારાં થતાં નથી.

### મેચકુટ કરવાની રીત.

દહોડ શેર ચણાની દાળ, પાશેર મગની છોતરાં વિનાની ચોખ્ખી દાળ, પાશેર અડદની દાળ, પા શેર ઘઊ તથા દોડ પા શેર ચોખા એટલી વસ્તુઓ લેવી. આ બધાને જુદુ જુદું ધીમે તાપે લાલ થાય ત્યાં સૂધી શેકવું. ત્યાર પછી અધોળ હળધરના ગાંઠીયાના કકડા પાશેર જીરૂ, અધોળ ધાણા, અધોળ તજ, એ રૂપીઆભાર લવિંગ તથા પાશેર આખાં મરચાં, આ બધાંને પણ જુદું જુદું શેકી, ઝીણું ખંડાવી અગર દળાવી રાખવું. ઉપર કહેલા અનાજને પણ દળાવવું. ઘંટી ચોખ્ખી હોવી જોઇએ, જેથી કાચા અનાજનો લોટ ન આવે. લોટની અંદર મશાલો નાંખવો. મશાલાને લોટની અંદર બરાબર ભેળવી ઝીણી ચાયણીથી ચાળી એક ડબ્બામાં ભરવું. મશાલાની સુગન્ધ ઉડી ન જાય તેવું મજબુત ઢાંકણું વાસવું. આવી રીતે મેચકુટ થાય છે. જો મેચકુટને રોટલીમાં ખાવું હોય તો એક ચમચો મેચકુટ અને એક ચમચો દહીં ભેળવી ખાવું. ત્હેની અંદર મીઠું જોઈએ તે પ્રમાણે નાખવું. જો એ મેચકુટ ભાતમાં ખાવું હોય તો ભાતના પ્રમાણમાં ચમચો દોડ ચમચો મેચકુટ લઇ ત્હેની સાથે સારી રીતે ઘી લઇ હલાવી મીઠુ નાંખી ખાવું.

સૌ. પ્રમિલા.

---

## કુદરતના વિવિધ ચમત્કાર.

### સૂર્ય અને બીજા તારાઓ.

એક દિવસ વિજ્ઞાનપ્રસાદે એક કુંડામાં કંઇ છોડ વાવ્યો, જે ઉત્સુકે એક અંધારી કોટડીમાં લઈ જવાને ઉપાડયું. તેના બાપે પૂછયું, તું એ કયાં લઈ જાય છે ? ઉત્સુકે કહ્યું તેને તડકો ન લાગે તેટલા માટે ઓરડીમાં મૂકું છું. તેના બાપે કહ્યું એને ત્યાં જ રહેવા દે; તડકો તો એને લાગવો જોઇએ; દરેક વનસ્પતિ અને મનુષ્યને પ્રકાશ અને ગરમી તો જોઇએ જ; તે વિના વધે નહિ; વનસ્પતિને માણસની માફક હવા પણ જોઇએ.

ઉત્સુક—ત્યારે, કાકા, એ શું હવા ઝાડની અંદર જઈ શકતી હશે ?



વિજ્ઞાન—હા; આપણી માફક ઝાડ પણ શ્વાસ લે છે અને બહાર કાઢે છે; ઝાડને પણ આપણી માફક ખોરાક અને પાણી જોઇએ છીએ, અને તેઓ આપણી માફક જ ઘરડાં થાય છે અને મરી જાય છે.

ઉત્સુક—એ કયો ખોરાક ખાતાં હશે ?

વિજ્ઞાન—મેં તને આગળ કહ્યું છે તેમ પૃથ્વી ઉપર કંઇપણ નકામું જતું નથી. જૂદી જૂદી જાતનો કચરો-રાખ-ગંદકી ઈત્યાદિ સઉમાંથી ઝાડ પોતાને જોઇતો પદાર્થ ખેંચી લે છે.

ઉત્સુક—કાકા, મને એક શંકા થઇ છે તે એ છે કે તમે કહ્યું છે કે સૂર્ય એક બળતો ભડકો છે; ત્યારે એ ધોળો સફેદ કેમ દેખાય છે ?

વિજ્ઞાન—હમેશાં ગરમી જ્યારે અત્યંત સખત થાય ત્યારે તે સફેત જણાય છે; તું દીવાઓ જોઈશ તો જણાશે કે વીજળીનો દીવો બીજા દીવાઓ કરતાં ઘણો સફેત હોય છે. તેનું કારણ પણ એ જ કે તેમાં ગરમી વિશેષ છે; ઓછી ગરમી હોય તો લાલ જણાય છે.

ઉત્સુક—કાકા, સૂર્ય તો તેનો તે જ છે છતાં સવારમાં અને સાંજે તે લાલ જણાય છે અને બપોરે સફેત જણાય છે એનું શું કારણ હશે.

વિજ્ઞાન—મેં તને મેઘધનુસની વાત કરી ત્યારે કહ્યું હતું કે ત્રિકોણ-પાસા જેવા કાચના હીરામાંથી કેવા રંગ દીપે છે ?

ઉત્સુક—રાતા, પીળા એવા ઘણા રંગ તેમાં તો દેખાય છે.

વિજ્ઞાન—એ શાને લઇને દેખાય છે ? એવા પીળા-રાતા પદાર્થો તેમાં હોય છે ?

ઉત્સુક—ના, એ તો તમે કહ્યું હતું કે પ્રકાશનાં કિરણ તેના ઉપર પડે છે ત્યારે તે કિરણ જે રંગનાં બનેલાં હોય છે તે રંગ તેમાંથી છૂટા પડે છે તે દેખાય છે.

વિજ્ઞાન—ત્યારે સવારે અને સાંજે સૂર્યનાં કિરણ પૃથ્વી ઉપર અમુક રીતે વાંકાં થઇને હવામાં થઇને પડે છે તેથી તેનો તેવો રંગ દેખાય છે.

ઉત્સુક—કાકા, એ સૂર્ય હમેશાં બળ્યા કરે છે એમ તમે કહ્યું તો એ કોઇ દિવસ નહિ ઠરી જાય ?

વિજ્ઞાન—એમાં આકર્ષણ શક્તિ હોવાથી આસપાસથી ઘણા ખરતા તારાઓ અને એવું એવું બીજું તેમાં પડે છે તેથી તે બળ્યા જ કરે છે; જ્યારે એ પડતું બંધ થશે ત્યારે તે પણ આપણી પૃથ્વીના જેવો-નિસ્તેજ થઇ જશે.

ઉત્સુક—કાકા, એનો પ્રકાશ અને તેજ આપણને બહુ મળે છે. ખરૂં કે નહિ ?

વિજ્ઞાન—આપણને તેની જે ગરમી મળે છે તે $\frac{૧}{૨૨૭૦૦૦૦૦૦૦}$ ભાગની છે; અને પ્રકાશ પણ આપણે ભાગે ઘણો જ થોડો આવે છે.

ઉત્સુક—ત્યારે બીજા પ્રકાશનું અને ગરમીનું શું થઈ જતું હશે ?

વિજ્ઞાન—એક દીવો હોય તેની ગરમી અને તેનું તેજ તેની નજીકમાં કેટલાં પડે છે અને છેટે આવેલી ભીંતો પર કેટલાં પડે છે તે તું જાણે છે ?

ઉત્સુક—નજીકમાં વધારે તેજ અને ગરમી જણાય અને પછી તો ચોમેર તે ફેલાઇ જાય તેથી ઓછું ઓછું થતું જાય.

વિજ્ઞાન—તેજ પ્રમાણે તેની ગરમી અને તેજ પણ આકાશની ખુલ્લી જગામાં ફેલાઇ જાય છે. આકાશમાં આટલા બધા તારાઓ છે છતાં તેનું અજવાળું આપણને બહુ જણાતું નથી તેનું કારણ કે તે બહુ દૂર હોવાથી તેમનું તેજ ફેલાઇ જાય છે.

ઉત્સુક—કાકા, એ તારાઓ કેટલા હશે ?

વિજ્ઞાન—નરી આંખે જોઇએ તો આકાશમાં ૬૦૦૦ જેટલા તારાઓ દેખાય છે; પણ એકી વખતે આપણને આકાશનો અરધો ભાગ જ દેખાય; તેથી લગભગ ૩૦૦૦ તારા એકી વખતે જોઇ શકાય. પણ જો ઘણાંજ સારાં સૂક્ષ્મદર્શક યંત્રવડે જોજોઇએ તો ૫૦૦,૦૦૦,૦૦૦, તારાઓ દેખાય.

ઉત્સુક—કાકા, કેટલીક વખત આકાશમાં એક જાણે સફેત પટા જેવું હોય છે જેને લોકો આકાશગંગા કહે છે તે શું હશે ?

વિજ્ઞાન—ઘણાજ નાના નાના તારાઓનો ( જો કે તેઓ છે મોટા, પણ આપણને નાના દેખાય છે ) સમૂહ થઇને આ રસ્તા જેવું બનેલું છે; ચળકતા અને મોટા તારાઓ આકાશગંગાની આસપાસ છેટે ફેલાએલા હોય છે. લગભગ ૧૮,૦૦૦,૦૦૦ જેટલા તારાઓ એ આકાશગંગામાં છે.

ઉત્સુક—કાકા, આ સૂર્ય પ્રકાશ આપે છે તે સિવાય બીજું કંઇ કરતો હશે ખરૂં !

વિજ્ઞાન—તને ટુંકાંમાં કહું તો આપણામાં બ્રાહ્મણો સંધ્યા કરે છે તેમાં સૂર્યની સ્તુતિ કરે છે; તેમાં કહ્યું છે તે મુજબ સૂર્ય આખા જગતનું–જડ અને ચેતનનું–મૂળ છે ( **सूर्य आत्मा तस्थुषश्च** ) કેમકે અનાજ સૂર્યના તાપને લઇને પાકે છે, વરસાદ પણ તેને જ લઇને થાય છે, પવન પણ મેં તને કહ્યું છે તે મુજબ સૂર્યની ગરમીથી આવજા કરે છે, વૃક્ષનું પોષણ પણ તે જ કરે છે, ટુંકામાં સર્વ પ્રકારની પ્રવૃત્તિનું આદિ કારણ શું છે તે તપાસીશું તો જણાશે કે સૂર્ય વિના બીજું કોઈ નથી.

**સાકરલાલ મોતીલાલ વછરાજાની.**

---

# વર્તમાનરંગ.

## સામાયિક સ્ત્રીસાહિત્ય.

**આતિથ્યની પ્રાચીન હિંદુ ભાવના**—"સુદર્શન" ના જુલાઇ માસના અંકમાં આ વિષય ઉપર જે વિવેચન કરવામાં આવ્યું છે તે પ્રત્યેક સ્ત્રીપુરૂષે મનન કરવા યોગ્ય છે. 'બેસવાનું આસન, વિશ્રામસ્થાન, પાદપ્રક્ષાલનાર્થજલ અને ચોથી પ્રિયવાણી, એટલાં વાનાં સત્પુરૂષોનાં ગૃહમાં કોઈ કાલે ખૂટતાં નથીઃ ગૃહસમિપ આવેલા અતિથિને



ગૃહસ્થે કાઢી મૂકવો જોઇએ નહિ. ગમે તો અપ્રાપ્તકાલે આવ્યો હોય તો પણ ભોજન લીધા વિના તેને જવા દેવો જોઇએ નહિ. કોઈપણ ગૃહસ્થે પોતાના ગૃહમાં અતિથિને શક્તિ અનુસાર આસન, અન્ન, શય્યા, વારિ, ફલ મૂલવડે સત્કાર કર્યા વિનાનો રાખવો જોઇએ નહિ ' !

જે સ્થળે આર્ય સંસ્કારો નષ્ટ થયા નથી ત્હેવા કુટુમ્બમાં અને મુખ્યત્વે કરી ગરીબ ગામડીયા વર્ગમાં મનુ મહારાજના ઉપલા સૂત્રોનું પાલન થાય છે. અને એક રોટલામાંથી પણ સ્નેહપૂર્વક અતિથીને આપી કૃતકૃત્ય માને છે.

**બાલકોને ધર્મ સંબંધી શિક્ષણની આવશ્યકતા**—"આર્યધર્મપ્રકાશ" ના ભાદરવાના અંકમાં લખે છે કે "કોઇપણ દેશના ઉદયનો સર્વ આધાર વાસ્તવિક રીતે જોવા જઇએ તો બાળકોની જન્મ આપનારી માતાઓ અને એ બાળકો ઉપર રહેલો છે. તેથી જે દેશની સ્ત્રીકેળવણી ઉત્તમ પાયા ઉપર રચાયેલી હોય છે તે દેશનાં બાળકો યશસ્વી અને પ્રતાપી થાય છે..............પણ આપણે જે કરવાનું છે તે એ છે કે દેશ સમસ્ત ધર્મ સંબંધી શિક્ષણની સંગીન કેલવણી લઇ તૈયાર થાય. આપણી માતાઓ પૂર્વની સ્થિતિએ પહોંચે. આર્ય પુત્રો પોતાનું પૂર્વનું ગૌરવ દેખાડે.........આ સઘળું ક્યારે થશે કે જ્યારે બાળકોને ધર્મ સંબંધી શિક્ષણ સાથની કેળવણી આપવામાં આવશે અને જ્યારે એવાંજ ધર્મ સંબંધી પુસ્તકો જથામાં અને સસ્તી કિમ્મતમાં બ્હાર પડતાં જશે ત્યારે.........વ્યવહારિક કેળવણી સાથે **ધર્મ સંબંધી શિક્ષણ ચાલુ કરો ને એવાં પુસ્તકો રચાવી વિના મૂલ્ય અથવા નામની કિમ્મતે પ્રત્યેક ઘરમાં પહોંચે** એવી તજવીજ કરો ને પછી જુવો; નજીકના સમયમાં ઘરસંસાર અને દેશનો રંગ કેવો બદલાઈ જાય છે." આ વિષયનું મનન કરી યથાશક્તિ આર્ય બ્હેનો પ્રયત્ન કરશે એવો અમને વિશ્વાસ છે.

**સ્વાર્થી ઉપચારકો અને અજ્ઞાન પરિચારકો**—"વૈદ્યકલ્પતરૂ" ના ઑગસ્ટ માસના અંકમાં ઉપલો વિષય સ્ત્રીઓ-જે ઉત્તમમાં ઉત્તમ પરિચારકો ગણાય છે ત્હેમણે અવસ્ય વાંચવો જોઇએ. "દુઃખી અને નિરાશ દરદીઓના બાકી રહેલા જીવનમાં તેમને સુખ, વિશ્રામ તથા આશાનું કોઈ સ્થાન હોય તો તે તેના સ્નેહી પરિચારકો ( બરદાશ કરનારા ) અને દયાળુ ઉપચારકો ( વૈદ્ય–ડૉકટરો ) છે.........અજ્ઞાન કુટુમ્બોમાં એવું એક ફારસ કોઈ નાટકકાર સ્ટેજ ઉપર ભજવી બતાવે તો ઘણું ઉપયોગી અને સુબોધક થઈ પડે.........તેનો ( ઉપચારનો ) સૌથી અગત્યનો ધર્મ એ છે કે કોઇપણ દરદીને –સાધ્ય હોય કે અસાધ્ય હોય તેને–તેણે નિરાશ કરવો જોઇએ નહિં, એટલું જ નહિ પણ દરદી તેને નહિ છોડે ત્યાંસૂધી તેણે દરદીને છોડી નહિ દેવો જોઇએ.........પણ નિર્દય ઉપચારકો પોતાનો છેવટનો ફેંસલો સંભળાવી દેવામાં કશો વિચાર કરતા નથી." ખત લખાવી પ્હેલેથી પૈસા લઈ દવા કરવા સૂચના કરનાર વૈદ્ય ડાકટરોને આ લેખ વાંચવા ભલામણ કરીયે છીએ.

* * *

આ. ઉપરાંત નીચેના લેખો વાંચવાની અમે સૂચના કરીયે છીએ.

| | | |
|---|---|---|
| **एकनाथ आणि तुकाराम.** | **मासिक मनोरंजन.** | સપ્ટેમ્બર. |
| **स्त्रीणां रूपं पतिव्रतम्.** | **भारतभगिनी.** | સપ્ટેમ્બર. |
| કાશી ( બનારસ ) ની કેટલીક હકીકત. | કેળવણી. | ભાદ્રપદ. |
| બધી છોકરીયોને સાથે ગવડાવવાનાં ગીત. | ગુજરાત શાળાપત્ર. | જુલાઈ—ઑગસ્ટ. |
| પતિવ્રતા—સારજા. | ભારતજીવન. | જુન—જુલાઈ. |

**સુબન્ધુ—બન્ધુસમાજ.**

---

# સમયતરંગ.

**એક મડમની હિંમત**—હિમાલય પર્વતના ઉંચામાં ઉંચા શિખરે મિસિસ બુલોક તર્કમેન નામની એક મડમ એક ભોમિયા સાથે ચઢી હતી.

**ભોજન મોડું થવા માટે નાક કાપ્યું!** રંગુન ખાતે એક બરમીઝે વખતસર ભોજન તૈયાર નહિ કરવાના વાંક માટે પોતાની સ્ત્રીનું નાક કાપી નાંખ્યું છે.

**વિધવાશ્રમ વિશે ભાષણ**—ગયા માસમાં મુંબાઇ ખાતે આર્યસમાજ મંદિરમાં વિદુષી વિધવા બાઇ પાર્વતીબાઇ આથવલે એ "વિધવાશ્રમની આવશ્યકતા અને તે પ્રત્યે પ્રજાનું કર્તવ્ય" એ વિષે ભાષણ આપ્યું હતું.

**એક બાનુની સખાવત**—દિલ્હીની એક ઉદાર બાનુ નવાબ અકલીમ સુલતાન બેગમ ગવર્મેંટ પેન્શનરે એક શાળાની સ્થાપના કરી છે જેમાં દરેક કોમના ગરીબ અને માબાપ વગરના છોકરા અને છોકરીઓને કેળવણી આપવામાં આવશે.

---

## સ્વીકાર.

પુસ્તકો—વિક્રમોર્વશીય નાટક, વડનગરા કણબીની ઉત્પત્તિ અને ત્હેમના આચારવિચાર.

માસિકો—વૈદ્યકલ્પતરૂ, ગુજરાતશાળાપત્ર, ભારતજીવન, વૈશ્યપત્રિકા, માસિક વાર્તાસંગ્રહ, સમાલોચક, જૈનધર્મપ્રકાશ, પ્રેમ, આત્માનંદપ્રકાશ, જૈનપતાકા, સુમતિ, વિદ્યાર્થીજીવન, કેળવણી, સુદર્શન, માસિકમજાહ, ઋષિવિદ્યા, આર્યધર્મપ્રકાશ, પ્રભાકર, આનંદ, વિજય, માસિકમનોરંજન.

પાક્ષિક—ભારતભગિની, ગુજરાત.

સાપ્તાહિક—ગુજરાતી પંચ, હિતેચ્છુ, કોરોનેશન એડવર્ટાઇઝર.

---

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઈના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુક્ત–સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઈચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિપરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઇ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુઓન્દરીના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

વર્ષ ૪ થું ] ઈ. સ. ૧૯૦૬ ઑકટોબર—આશ્વિન વિ. સં. ૧૯૬૨. [ અંક ૨ જો.

## ज्ञानसुगन्ध.

**साध्वी पत्नीनुं गाहात्म्य**–साध्वी पत्नी ए देशना उत्कर्षनुं मुख्य साधन छे, एटलुं खास करीने ध्यानमां राखजो : अने म्हारा मनोमन्दिरमां त्हेनेज जगज्जननीस्वरूप हुं जोउंछुं. हवे, आपणी मैयाओ मधुर, सहनशील अने नम्र थाय; पवित्र अने पतिव्रता थाय; अने पोताना हृदयमां सतीत्व अने भक्ति धारण करे; तथा समभाव अने आत्मसंयमथी पोताना आचारविचार तथा मनोविकारने वश करतां शीखे; तो पछी बाळको प्रतापभर्यां अने आत्मबळवाळां थाय एमां कांइ संशय छे ? भविष्यनी प्रजाओमां हृदयनुं तेज रेडनारी, दिव्यता सिंचनारी, अने कुटुम्बनां गृह–देवालयोमां शान्ति, श्रद्धा, नीति अने धर्मनो सुवास रेलावनारी, पत्नी ज छे, अने तेथी ज हुं त्हेने त्यांनी अधिष्ठाता गणुं छुं.

सुमन्तकृत "योगिनी".

# કાવ્યકુંજ

## પ્રેમગાન.

( મળેલું. )

( "સખી આજ રે મળ્યા પ્રભુજી વૃન્દાવનમાં " એ ચાલ )

સખી ચાલરે ગરબે રમવાને ઉમંગમાં;
રૂપેરી વસ્ત્ર ધરી નિજ અંગે.
ચંદ્રા રમે જોની છંદમાંરે — સખી ચાલરે. ૧

પતિસ્મરણ ધરી હૃદય વિશે તું
પ્રેમઘેલી થા જોઈ ચંદમાંરે — સખી ચાલરે. ૨

સત્યપ્રેમ શસ્રવડે પતિપ્રેમ પામશું,
ઘૂમી રહી સ્નેહજંગમાંરે. — સખી ચાલરે. ૩

શુદ્ધ પ્રેમગાન થકી શુદ્ધ પ્રેમ આજરે
વ્યાપી રહ્યો અંગોઅંગમાંરે — સખી ચાલરે. ૪

વિજયપતાકા ઉડાવી સત્ય સ્નેહની.
રેલાઈશું રસરંગમાંરે. — સખી ચાલરે. ૫

શુદ્ધ પ્રેમદાન માગી ઈશ પાસ આજરે
આનંદીશું પતિસંગમાંરે — સખી ચાલરે. ૬

---

# વાર્તાલહરી.

## વિદ્વન્મણિ.

" અને તે કેવી હતી તે મેં ત્હને ન્હોતું કહ્યુ ?—અન્યાયને,
દુઃખને ધૈર્યથી સહન કરનારી, નિર્દોષતાની તે મગરૂર,
હતી અને ઉદ્વેગમાં તે સ્વસ્થ-શાન્ત રહેતી. "*

વૉલ્ટર. એસ. લૅન્ડોર.

* "And did I not tell thee what she was? patient in injury, proud in innocence, serene in grief?" --Walter S. Landor.



સ્ત્રીઓએ પતિને પ્રભુ સમાન ગણવા, તેને **તન**, **મન**, **ધન**, સર્વસ્વ અર્પણ કરી તે સર્વ પ્રકારે સુખી થાય, હરેક રીતે તે પ્રસન્ન રહે તે માટે યત્ન કરવો એવા ઉદ્ગાર, એવી ઉકિત પુરૂષોના મુખથી નીકળતી ઘણીવાર સાંભળવામાં આવે છે. પરન્તુ પતિએ પત્ની તરફ અમુક કર્તવ્ય, અમુક ફરજો બજાવવાની છે, તેણે પત્નીને જોઇતાં સુખ સગવડ પૂરાં પાડવાં, સર્વ પ્રકારે તેને સંતુષ્ટ–પ્રસન્ન રાખવી એ પોતાનો ધર્મ છે એ ઘણા થોડા પુરૂષો સમજે છે, વિચારે છે.

મુંબાઇમાં ચોપાટી પર "**આનન્દમહેલ**" નામના એક મકાનમાં એક ગુજરાતી કુટુમ્બ ભાડે રહે છે. **મિ. વિદ્વન્મણિ એમ. એ. એલ્ફિન્સ્ટન કોલેજ**માં ગણિતશાસ્ત્રના પ્રોફેસર છે. તેમની સ્ત્રીનું નામ **પ્રસન્ન** છે. હજુ સુધી તેમને સંતાનસુખની પ્રાપ્તિ થયેલી નથી.

વર્ષાઋતુનો સમય છે. ઘડિયાળમાં પાંચ વાગવા આવ્યા છે. **પ્રસન્ન** શઘડી સળગાવી નીચે મ્હોએ **વિદ્વન્મણિ** માટે કાંઈ ખાવાનું તૈયાર કરે છે.

મુંબાઇમાં તેમ બ્હારગામમાં સ્ત્રીઓને જ્યાં ક્યાંય આવવા જવાનું હોતું નથી ત્યાં તેઓ પોતાના પતિનો જે કાંઈ સહવાસ રહે છે તેથી પ્રસન્ન રહે છે. પતિ ક્યારે ઘેર આવે, તે સમ્બન્ધમાં તેઓ ઘણી ઉત્સુકતા—ઘણું અધીરાપણું રાખે છે. પ્રસન્નનું ઘડીકમાં શગડી તરફ ધ્યાન રહે છે, ઘડીકમાં ઘડિયાળ તરફ ધ્યાન રહે છે. સાડાચાર જોયા, પોણાપાંચ જોયા. હવે તો પાંચમાં દસ મિનિટ બાકી છે. હવે તો નીકળ્યા હશે. ક્યારે આવે, ક્યારે તેમનાં દર્શન થાય આમ વિચાર કરતી પતિની **મીઠી** નજરની, એકાદ **મીઠા** સ્મિત–એકાદ **મીઠા** વચનની આશા રાખતી તે શઘડીને પવન નાંખતી જાય છે અને રસોઈ તૈયાર કરે છે. એવામાં તેની દૃષ્ટિ પૂર્વ દિશા તરફના રમ્ય, મનોહર દેખાવ તરફ જાય છે. માત્ર, પૂર્વ દિશામાં વર્ષાદ ઘમઘોર અંધાર્યો છે. પશ્ચિમના સૂર્યનો ચોખ્ખો ઉજ્જવલ તેજોમય પ્રકાશ, પૂર્વ તરફનાં કાળાં વાદળ અને તે નીચે દૂર પવનની મીઠી લ્હેરોથી લ્હેકી રહેલાં લીલા લીમડા, ખજૂરી આદિ વૃક્ષોની શોભામાં વધારો કરી રહ્યો છે.

આ દેખાવથી આકર્ષાઈ પંખો ભોંયપર નાંખી **પ્રસન્ન** બહાર અગાશીમાં આવે છે. દેખાવથી આનન્દ પામી દેવતા સતેજ કરવા પાછી ફરે છે ત્યાં જાળીમાંથી દૃષ્ટિગોચર થતા દરિયાના દેખાવથી મુગ્ધ બને છે.

સમુદ્રપર સૂર્યનાં હજ્જારો કિરણો પડેલાં છે. અનેક સુન્દર રત્નો સપાટીપર તરતાં દેખાય છે. સમુદ્રનું "**રત્નાકર**" નામ તેનાં અંદરનાં રત્નો માટે છે પરન્તુ આજે તે સર્વ સુન્દર રત્ન ઉપર ઉભરાઈ આવ્યાં હોય તેમ સપાટીપર તરતાં–તરવરતાં દૃષ્યમાન્ થાય છે. **પ્રસન્ન** શઘડી આગળ ઉભી રહી જૂએ છે, ત્યાં એકદમ નીશરણીપર કોઈ ઝપઝપ કરતું ચઢયું. **પ્રસન્ને** જાણ્યું કે **વિદ્વન્મણિ** આવ્યા.

**વિદ્વન્મણિ** રઘવાયા જેવો એકદમ મેડીમાં આવ્યો, મેડીનાં બારણાં ભટકાવ્યાં. કોટ કાઢી ખીંટીએ ભરવવા ગયો ત્યાં **પ્રસન્ન**નો સાળુ જોઈ ઘણા જ ક્રોધાવેશમાં બોલી ઉઠયો " પાછો તમે તમારો સાળુ અહિં મૂકયો ? કહી કહીને મ્હોં દુઃખવા આવ્યું કે આ તરફની પાંચ ખીંટીપર તમારે તમારૂં કોઈ પણ વસ્ત્ર મૂકવું નહિં, તમારાં વસ્ત્ર માટે આ બાજુની પાંચ ખીંટીઓ તમને આપેલી છે, તમને બતાવેલી છે. "

ગભરાયલી, ગીગવાયલી, ગરીબ પણ સુંદર **પ્રસન્ને** ઉત્તર આપ્યો "વ્હાલા, હું ભૂલી, ક્ષમા કરો. ફરી તેમ નહિ થાય."

આ ઉત્તર તરફ **વિદ્ગન્મણિનું** લક્ષ ન્હોતું. તેની દૃષ્ટિ શાકડી અને તેની આસપાસ પડેલી સામગ્રી તરફ હતી. અત્યાર સૂધી તે બોલતો હતો, હવે તે ઘુરકવા લાગ્યો.

"આજ પણ પૂરી, બુધવારે પૂરી, ગુરૂવારે પુરી, શુક્રવારે પૂરી, પૂરી જ પૂરી. બીજું કાંઈ રંધાય જ નહિ કેમ? એકનો એક ખોરાક ખાવાથી તબીયત બગડે છે એમ દાક્તરે ન્હોતું કહ્યું?"

**વિદ્ગન્મણિ** ધીરજથી પોતાની વાત નહિ સાંભળે એમ લાગવાથી **પ્રસન્ને** વાત ફેરવી. "વ્હાલા, આજ તબીયત તો સારી છે ને? કહો ન કહો પરન્તુ તમે આજ ખુશખુશીમાં, આનન્દમાં નથી."

"મારી તબીયત? મારી તબીયત આજની બગડેલી છે? આનન્દ? મને આનન્દ કેવો? કયે દહાડે મારૂં ધાર્યું, મારૂં કહ્યું થાય છે? હમેશાં મને કાંઈ દરદ, કાંઈ આફત, કાંઈ નુકશાન, કાંઈ નિરાશા! જ્યાં જાઉં ત્યાં દુશ્મન દુર્દૈવ પાછળને પાછળ. મને સુખ હોય, મને લાભ હોય, મારૂં હિત થાય, મને આનન્દ થાય એવી બાબત હું ક્યાંય જોતો નથી. ક્યારે આ દુર્ભાગ્યનો અન્ત આવશે? અધૂરામાં પૂરૂં શૅરના ભાવ પણ ગગડી ગયા છે!"

**પ્રસન્ને** તેને દિલાસો આપતાં કહ્યું "પણ તેમાં તમે શા માટે ગભરાઓ છો? તમે ઘણા હલકા ભાવમાં શૅર લીધા છે એટલે હું ધારતી નથી કે આપણને નુકશાન હોય. કોણ જાણે છે કાલે પચીસ ટકા વધે પણ ખરા અને કદાચ ન વધે અને કદાચ નુકશાન જાય તો પણ શું? જેવું કિસ્મત. હરિની મરજી. ગભરાવું નહિ."

વિદ્ગન્મણિ ફરી ગુસ્સે થઈ બોલ્યો "બસ, તમે હવે વધારે બોલશો નહિ. ધંધાવ્યાપારમાં તમને સ્ત્રીઓને શી સમજ પડે? તમને સ્ત્રીઓને દ્રવ્યનો હિસાબ છે? તમારે કાંઈ પૈસા પેદા કરવો છે? તમારે તો બસ, ખાનપાન, એશઆરામ અને આનન્દ. એક પૈસો, એક પાઈ કેમ પેદા થાય છે તેની તમને ખબર છે? **મિ.** રૂસ્તમજી કહેતા હતા તે બરોબર કે બહુબોલાં માણસોમાં બુદ્ધિ અલ્પ હોય છે."

વિદ્ગન્મણિ કંટાળ્યો હોય તેમ આરામ ખુરશીપર પડે છે, પછડાય છે, અને વળી બોલી ઉઠે છે? સાળું, જ્યાં જોઉં ત્યાં મારૂં કમનસીબ આગળ ને આગળ. કાલબાદેવી આગળ ટ્રામમાં બેસવા જાઉં તો ટ્રામ ભરચક. એક જગા જોઈ બેસવા ગયો તો તળે એક પારસી જુવાનની ટોપી આવી તે ભાગી ગઈ. પારસી જુવાન પુષ્કળ ગાળો દેવા લાગ્યો, અને મારવા પણ આવ્યો. મેં માફી માગી. ટોપી માટે નુકશાની આપવા કહ્યું પણ તેણે માન્યું નહિ. મુક્કી ઉગામી તે મને મારવા ઉઠયો. લાચારીથી મારે પણ મારામારી કરવી પડત. પરન્તુ લોકો વચ્ચે પડ્યા. રૂપિઓ આપી તેનું મન મેં મનવ્યું; હાંસી થઈ, ગાળો ખાધી અને રૂપિઓ એક ગયો."

"વારૂ, પણ મેં તમને ગઈ કાલે પેલાં મોજાં સાંધવાને કહ્યું હતું તે પણ તમે સાંધ્યાં નહિ. સાહેબ આગળ ગયો ત્યારે મારે શરમાવું પડ્યું. બસ હવે તો હદ થઈ ગઈ. દિવસમાં બે ચાર કલાક ઘેર રહું તેમાં પણ કેટલો કલેશ?"



**પ્રસન્ને** જવાબ આપ્યો, "મેં મોજાં સાંધ્યાં હતાં તો ખરાં. તમે જાણો છો કે બે ત્રણ ઠેકાણેથી તે ફાટયાં છે. તણાવાને લીધે સાંધેલે ઠેકાણેથી ફરી ફાટયાં હશે. હવે નવી જોડ લાવો તો ઠીક."

"ક્રાંઈ પૈસા બેસતા હશે! જેટલા માથે કેશ તેટલું ઋણ છે. તમને તેની યત્કિંચિત્ ચિન્તા છે? સર્વ તરફની મને ચિન્તા છે. ઘરની ફિકર, બ્હારની ફિકર, તબીયતની ફિકર; ઘરમાં કલેશ, બ્હાર કલેશ, જ્યાં જાઉં ત્યાં સર્વત્ર કલેશ! ક્યારે આ કલેશનો અન્ત આવશે!" એમ કહી, નિશ્વાસ નાંખી નિરાશ થઈ મ્હોંપર બે હાથ મૂકી **વિદ્ગન્મણિ** ચૂપ થઈ બેઠો. એક મિનિટ પછી તે બોલ્યો, "હવે તો આ જીવનનો પણ અન્ત આવે તો સારૂ. એનો અન્ત આવ્યો એટલે સર્વ કલેશનો પણ અન્ત આવશે."

બિચારી **પ્રસન્ન**, તેનો બિચારીનો શો વાંક? દેવું કાંઈ તેને લીધે થયું ન્હોતું. વંશપરંપરાગત, સસરાનું મૂકેલું દેવું હતું. **વિદ્ગન્મણિને** કાંઈ પણ અડચણ પડતી, કોઈ પ્રકારની હરકત થતી, કોઈ પ્રકારની આધિ, વ્યાધિ યા ઉપાધિ નડતી તો તેમાં તેનો શો દોષ? તે બિચારી તો તેને હમેશાં સુખી કરવાને, પ્રસન્ન રાખવાને અહર્નિશ યત્ન કરતી. છતાં દુર્ભાગ્યે તે કોઈ વિટંબણા, અડચણ યા આપત્તિમાં આવી પડે તો તે બિચારી શું કરે? **વિદ્ગન્મણિને** કોઈ પણ દિવસ એમ વિચાર ન આવતો કે હું દુઃખી થાઉં, દુઃખી હોઉં તો **પ્રસન્નને** શા માટે દુઃખી કરવી. હું ગભરાઉં, હું મુઝાઉં તો તેની રીસ તેનાપર શા માટે કાઢવી. સ્ત્રીને સુખદુઃખની વાત કરવી એ જૂદી અને હમ્મેશાં તેના આગળ પોતાનાં દુઃખનાં રોદણાં રોવાં, પોતાના દુર્ભાગ્યની દાઝ તેનાપર કાઢવી, તેની તે વાતથી તેને કંટાળો આપવો, એ જૂદું.

પોતાનાપર આવી પડતી આપત્તિને દબાવી રાખી સુશીલ, દીન, પતિપ્રેમપરાયણ **પ્રસન્નને** સુખી કરવી, ખુશ રાખવી એટલું ધૈર્ય, એટલું શાણપણ, એટલી ઉદારતા, **વિદ્ગન્મણિમાં** ન્હોતી.

બિચારી **પ્રસન્ન** બોલી "વ્હાલા, હમેશાં તમે એમ કેમ બોલો છો? હમેશાં 'જીવનનો અન્ત' એ ભયાનક, ત્રાસજનક શબ્દ કેમ બોલો છો?"

**વિદ્ગન્મણિને** શરીરે પરશેવાના ઝેબેઝેબ વળી ગયા હતા તે બોલ્યો "હું મિથ્યા બોલતો નથી. આ દુઃખી જીવન કરતાં મૃત્યુ વધારે સારૂ, અને હવે તે દૂર નથી. હું તેના વિચારમાં જ છું."

આ મર્મભેદક શબ્દોથી **પ્રસન્ન** ગભરાઇ ગઇ. રોઇ પડી. ડસકાં ખાવા લાગી. ગદ્‌ગદ કંઠે તે બોલી, "વ્હાલા, હજુ તમે યુવાન છો. સંસારમાં એક દિવસ દુઃખ તો બીજે દિવસ સુખ થાય છે. હાલ આપણે દુઃખી છીએ તો થોડા સમય પછી સુખી થવાનો દિવસ પણ આવશે. આમ હિંમત શા માટે હારો છો? તમે આમ બોલો છો તો મારી શી દશા!"

**પ્રસન્નના** રડવાની, બોલવાની તેનાપર કશી પણ અસર થઇ નહિ.

તે બોલ્યો "બસ હવે હું કંકાળ્યો છું."

* * * * * * * *

આ પ્રકારનું જીવન આ પતિ-પત્ની આજ લગભગ ૭ માસથી ગાળતાં. ગણિતશાસ્ત્રી તરીકે વિદ્‌ન્મણિના સાંસારિક જીવનમાં બિલકૂલ મિઠાશ ન્હોતી. સવારથી માંડી આખો દિવસ ને રાત્રી તેનું જીવન ગણિતમય જતું. સવારમાં ઉઠતાં વાંત ગણિત, કોલેજમાં ગણિત અને પાછો ઘેર આવ્યો એટલે રાત્રીના અગીઆર વાગ્યા સુધી ગણિતના પ્રશ્નોના નિર્ણયમાં તે પોતાનો સર્વ સમય વ્યતીત કરતો. કોઇ દિવસ ઘડી એક પ્રસન્નની સાથે દિલ ખોલી કાંઈ હૃદયાહ્‌લાદક, આનંદજનક, કાંઈ સુખ દુઃખની વાર્તા ભાગ્યે જ તેણે કરી હશે. વિશેષ કરી આ બે માસથી તો તેનો સ્વભાવ તદન બગડી ગયો હતો, અને બગડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. એક તરફથી ગણિતની મગજમારી, બીજી તરફથી ઉજાગરા, વળી દિવસમાં પાંચ પાંચ વખત ચ્હાના રગડા, ઉકાળા પીવા. જીર્ણ અજીર્ણ, ફરવું હરવું નહિ, ખોરાક ઉપર અરૂચિ, જ્ઞાનતંતુની નિર્બળતા. આથી તે ઘણો જ વહેમી, ઘણો જ બ્હીકણ, ઘણોજ ચ્હીડીયા સ્વભાવનો થઈ ગયો હતો. લગભગ દરેક વખતે તે ઉશ્કેરાયલી સ્થિતિમાં રૂહેતો. ગણિતના હિસાબના જવાબની માફક પ્રસન્ન તેને અધીન, આજ્ઞાંકિત રહે એ પ્રમાણે તે ધારતો. પ્રસન્ન એ પ્રમાણે આજ્ઞાંકિત રહેવાને પણ યત્ન કરતી, પરંતુ તેમાં કદાચ કિંચિત્ ફેરફાર પડતો તો તેની ધૂળ કાઢી નાંખતો. પોતાના સુખસગવડમાં જરા ખામી આવતી તો તે બિચારી ઉપર તે તૂટી પડતો. પોતાના પર આવી પડતી આપત્તિની, અગવડોની તે હમેશાં અતિશયોક્તિ કરી પ્રસન્નને ગભરાવી નાંખતો. ઘણા પતિ એવા હોય છે કે પોતાની સ્ત્રીને આજ્ઞાંકિત રાખવાને, તેની આગળ પોતાની મહત્તા વધારવાને, પોતાના તરફ વધારે ધ્યાન, વધારે દિલસોજી તે બતાવે, પોતાની સેવા ઉઠાવવાને દરેક સમયે તથા દરેક ક્ષણે તત્પર રહે તે માટે તેઓ પોતાની તબીયતને પોતાની માંદગીને પોતાની આપત્તિને અતિશયોક્તિથી ભયંકર સ્વરૂપ આપે છે. વળી કેટલાક એવા નિર્બળ, નિઃસત્વ હોય છે કે સ્ત્રીઓની માફક, ક્યારે મોત આવે, ક્યારે દુઃખમાંથી છૂટું એવા ઉદ્‌ગાર કાઢે છે અને આપઘાત કરીશ એમ હમેશાં કહી સ્ત્રીને રાવ્યા કરે છે. વિદ્‌ન્મણિ આ પંક્તિમાં આવી પડ્યો હતો.

સ્હવારથી માંડી છેક મધ્યરાત્રી સૂધી—વિદ્‌ન્મણિ સૂઈ રહે ત્યાં સૂધી, યથાશક્તિ અને ઘણી વખત પોતાની શક્તિ ઉપરાંત પણ પ્રસન્ન તેની સેવા ઉઠાવતી. બાર અને કદાચ એક વાગ્યા સૂધી પણ તેને જાગવું પડતું કારણ કે વિદ્‌ન્મણિને સૂતી વખત પણ ચ્હા પીવા જોઇતો. બાર વાગ્યા પહેલાં તે થોડીક ઉંઘ લઈ શકે પણ પોતે ગણિતના ધ્યાનમાં બેઠો હોય અને તેને કાંઈ જોઇએ તો તેને ઉઠવું પડે, તેને જાગ્રત કરવી પડે, આથી પોતાના ધ્યાનમાં ભંગ, વિક્ષેપ પડે તે માટે તેણે તેને હમેશાં પોતે જાગે ત્યાં સૂધી જાગવાને આજ્ઞા કરી હતી. પુસ્તક વાંચી પોતાનો વખત તે કાઢે પણ તેથી બત્તીનું ખર્ચ બેવડું થાય ? લગભગ ૮ વાગ્યાથી ૧૨ વાગ્યા સૂધીનો વખત પણ મૂગા મૂગા બેઠે કેમ જાય ? પુસ્તક વંચાય નહિ ! વાત પણ ન થાય, પહેલ વહેલી પ્રસન્ન વિદ્‌ન્મણિને ત્યાં રહેતી થઈ ત્યારે તે ગણિતના ધ્યાનમાં હોય તે વખત સ્વાભાવિક રીતે તેનાથી કાંઇ ને કાંઈ બોલી જવાતું. આથી વિદ્‌ન્મણિનું ધ્યાન તૂટતું અને પ્રસન્ને લખ્ખો રૂપિઆનું પોતાને નુકશાન કર્યું હોય તેવા ક્રોધાવેશમાં, ગ્લાનિમાં તે આવી જતો. પ્રસન્ન હવે ટેવાઈ ગઈ હતી, તે હમેશાં મુગી બેશી રહેતી.

પૈસો એ વિદ્‌ન્મણિની નિર્બળતા હતી. તેના હાથથી પૈસો છૂટતો નહિ. માત્ર ગણિ-



તનાં પુસ્તકો અને ચ્હા એ અપવાદ રૂપે હતાં, તેમાં તે ખર્ચનો વિચાર કરતો નહિ. આજ ૭ માસથી તેની તબીયત બગડી હતી. પ્રસન્ન તેને ઔષધ લેવા સલાહ આપતી પરન્તુ તે ગણકારતો નહિ. બહુ હેરાન થતો ત્યારે એક બે દહાડા પૈસા આપી કોઈ દાક્તરની દવા કરે અને જરા ઠીક લાગે એટલે એકાદ ધર્માદા દવાખાનાની દવા લે. ધર્માદા દવાખાનાના દાક્તરો અને કોમ્પાઉન્ડરો કેવી કાળજીથી અને જવાબદારીથી દરદીઓની સારવાર કરે છે તે સર્વ કોઇના જાણવામાં છે. આમ તેની તબીયત તદન સારી થતી નહિ. હમ્મેશાં કાંઈ ને કાંઈ દરદના સંબંધમાં તે પ્રસન્નના આગળ બરબડયા કરતો. લગભગ દરરોજ તે પોતાની આપત્તિ અને અગવડોની પોથી પ્રસન્ન આગળ ઉઘાડતો. હરરોજ તે ખાનપાનની બાબતમાં, પોતાના સુખસગવડના સંબંધમાં કાંઈકિ ખામી કાઢી તેના પર ખીજાતો, તેનું મન દુખવતો. પ્રસન્ન સુખી છે કે દુઃખી, તેને સર્વ રીતે સંતોષ છે કે ન્યૂનતા તે વિષે તે કદી વિચારતો નહિ, તે વિષે તે બિલકૂલ કાળજી રાખતો નહિં. પ્રસન્ન તરફનું પોતાનું કર્તવ્ય, પોતાની જવાબદારી તેના ખ્યાલમાં જ ન્હોતાં.

* * * * *

વિદ્‌ન્મણિનાં મર્મભેદક વચન સાંભળી પ્રસન્નના હોશકોશ ઉડી ગયા, તેણે પૂરૂં ખાધું પણ નહિ. રાત્રે નિશ્ચિન્ત, પૂરી ઉંઘ પણ આવી નહિ. ઉંઘમાં, સ્વપ્નમાં પણ તે જ ભયભરેલા વિચાર. સ્હવારે ઉઠી તો પણ તેજ ઉદ્વેગમય, સંતાપજનક વિચાર. કામકાજમાં રોકાઇ તો પણ તે જ વિચાર. કામકાજ કરે તો પણ ચિત્ત તે જ દુઃખપ્રદ વિચારોમાં. વખતે ગળગળી થઈ આંસુ પણ આવી જતાં. વિદ્‌ન્મણિ કોલેજમાં ગયો એટલે તે એકલી પડી. કામકાજથી પરવારી લીધું.

વર્ષાદ ઝરમર ઝરમર વરસતો હતો. ઠંડો પવન આવતો હતો. જમણા હાથપર મ્હોં ટેકવી, ઉદ્વેગ અને ઉંડા વિચારોમાં, ઉશ્કેરાયલી સ્થિતિમાં પ્રસન્ન હિંચકાપર બેઠેલી છે. તે સ્વગત વિચાર કરે છે. "પતિ તરફનું સુખ નહિ, માતાપિતાનું સુખ નહિ, પીયરમાં ઠરવાનું ઠામ નહિ, વાતનો વિસામો નહિ. મુંબાઇમાં એકલી, નહિ પડોશી, નહિ સગાં વહાલાં. ન એમના મિત્રો, મુરબ્બીઓને હું ઓળખું. કોને વાત કરૂં ? એ કંઈ કરી બેસે તો આ મુંબાઇ નગરમાં મારી કેવી અવદશા ! પૈસા ખર્ચી દવા કરવા તરફ પૂરૂં લક્ષ નથી. ચ્હા છોડી દેવાને સર્વ કોઈ સલાહ આપે છે, હું પણ કહીકહીને થાકી પણ એ ટેવ છૂટતી નથી અને ખોરાકપર રૂચિ નહિ, મારો વાંસો ફાટે છે, જીવ ઉદાસ રહે છે, શરીરમાં ચૈતન્ય નથી, ઉત્સાહ નથી, જ્ઞાનતંતુની નિર્બળતા, પાચનશક્તિ મંદ એવી હમેશાં ફરિયાદ કર્યા કરે છે. આ બે ચાર દિવસથી તો તેમનું મગજ પણ શાંત, સ્વસ્થ નથી. શી દશા થશે ? હા ! દૈવ, એમ કહી નિશ્વાસ નાંખી ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી. દશબાર મિનિટ રડી, બંધ પડી, પણ વિચાર તેના તે જ. હું ઘર આગળ અને બ્હાર તે આત્મઘાત કરશે તો ? આવા અનેક પ્રકારના વિચારોથી, ત્રાસજનક તર્કવિતર્કથી તે ગભરાઈ જતી, મુઝાતી. વળી તેને વિચાર આવ્યો કે "પણ હું તેમના જ પહેલાં આત્મઘાત કરૂં તો ન દેખવું કે ન દાઝવું. ના, પણ તે તો ભીરૂતા, નિર્બળતા, કર્તવ્યભ્રષ્ટતા કહેવાય. હજી પણ તેમને કોઇ પણ પ્રકારે બચાવી લેવા એ મારો ધર્મ છે અને ધર્મવિમુખ થવું એ પતિવ્રતાને કલંક રૂપ છે. આપત્તિના, અડચણના, દુઃખના દબાણથી

કર્તવ્યભ્રષ્ટ થઇ આત્મઘાત કરવા કરતાં પતિની સેવા કરતાં કરતાં, તેમને બચાવવાનો, તેમને સુખી કરવાનો, યત્ન કરતાં કરતાં મરણ થાય તેમાં જ પતિવ્રતાના જીવનનું સાર્થક્ય–સાફલ્ય."

થોડી વારે તેને કાંઈ વિચાર સુઝી આવ્યો. દિલગીરીમાં, શોકમાં પણ મનોહર દેખાતા તેના સુંદર વદનપર આશાનાં આનંદજનક કિરણોનો ઉદય થતો જણાયો. તે સ્વગત બોલી ઉઠી "હાં, સાંભર્યું, મારા પિતાના મિત્ર જહાંગીરજી કાકા અહિં દાક્તરનો ધંધો ચલાવે છે. તેમને મારી સઘળી વાત કહું. તેમની સલાહ લઉં. તેમના ઠેકાણાની એમને ખબર હશે. હું અહિ આવ્યા પછી તેમને કે શિરીનકાકીને મળી નથી. ડૉ. જહાંગીરજી અને મારા પિતાનો સંબંધ એમના જાણવામાં છે. એમને કહીશ તો પણ એ તો જોડે આવવાના જ નથી. કોઇ વિદ્યાર્થી સાથે આવે તેવો બંદોબસ્ત કરવા તેમને કહીશ."

* * * *

જી. આઈ. પી. રેલ્વેના **માટુંગા** સ્ટેશનથી થોડે દૂર ડૉ. જહાંગીરજીનું મકાન આવેલું છે. જમીને તેઓ સૂઇ રહેલા તે થોડીવાર થયાં આળસ ખાઇ ઉઠી પલંગપર બેઠેલા છે, ત્યાં મકાનનો ઝાંપો ઉઘડયાનો અવાજ થતાં નોકરને બોલાવ્યો—"**મહમદ**".

"**સાબ.**"

"દેખો કોન આયા હય. દિવાનખાનામેં બિઠાઓ, મેં આતા હું."

**મહમદ** ગયો. ડૉ. જહાંગીરજી મ્હોં ધોઇ કરી, હાફકોટ, ટોપી વગેરે પહેરી સાફસુફ થઇ, દિવાનખાના તરફ ચાલ્યા.

દિવાનખાનાનું દ્વાર ખોલતાં જ તે બોલી ઉઠ્યા "**પ્રસન્ન, પ્રસન્ન** તું અહિ ક્યાંથી ?" પિતાને વાત કરે તે મુજબ **પ્રસન્ને** સઘળી હકીકત ડૉ. જહાંગીરજીને કહી. સુંદર નયવહેતાં આંસુ સાળુના છેડેથી લ્હોતાં **પ્રસન્નના** બોલેલા છેવટના શબ્દ આ મુજબ હતા. એમના મગજપર કાંઇક ઘણી જ ખરાબ અસર થઇ છે. ઘણી ધાસ્તી મને તે તરફની રહે છે."

ડૉ. જહાંગીરજીએ સઘળી વાત ઘણા લક્ષપૂર્વક સાંભળી. તેમણે કહ્યું "**પ્રસન્ન**, ત્હારે કશી ચિન્તા રાખવી નહિ. તેમનું મગજ ઠેકાણે નહિ હોય તો આવશે. તેમની સઘળી માંદગી યકૃતની છે. જીર્ણ અજીર્ણનું તેમને દરદ હોય એમ મને અનુમાન થાય છે. આધુનિક કાલના કેળવાયલા વર્ગમાં આ દરદનો પગપેસારો થયેલો છે. કાંઇક માંદગી, કાંઇક અતિશયોક્તિ, ઘણે ભાગે વ્હેમ થયેલો છે: માનસિક નિર્બળતા, જુજ જુજ બાબતમાં ક્રોધ, અસંતોષ, ઉદ્વેગ, નિરાશા એ આ દરદનાં મુખ્ય લક્ષણ છે. તેમના બોલવાથી જરા પણ ભય પામીશ નહિ. તેમની માફક જે માણસો હમેશાં મરવાની, આત્મઘાત કરવાની વાત કરે છે તેઓ ઘણા ડરકણ હોય છે, આત્મઘાત કરવા જેટલી તેમનામાં હિંમત યા ધૈર્ય હોતું નથી. એ સઘળાનો ઉપાય મારી પાસે છે. જરા બેસ. હું લઇ આવું.

થોડી વારે, કાગળમાં લપેટેલી ઔષધની એક શીશી તે લઈ આવ્યા અને કહ્યું "પ્રસન્ન, આ ઔષધ લઈ જા. સૂતી વખતે સઘળી દવા પી જવા **વિદ્નમણિને** કહેજે. સ્હવારમાં તેમની તબીયત બરાબર થઈ જશે."



ડૉકટરે આપેલા ઔષધ અને દિલાસાથી શાન્ત થયેલી **પ્રસન્ન** આખે રસ્તે ડૉકટરનો સ્વગત ઉપકાર માનતી ઘેર આવી પહોંચી. **વિદ્નમણિ** પણ આવેલા હતા તેમને બ્હીતે બ્હીતે, શંકા સહિત કહ્યું "તમારી તબીયતની સઘળી હકીકત મેં દાક્તરને કહી, તેમણે તે લક્ષપૂર્વક સાંભળી. બાદ આ ઔષધ આપ્યું છે. કહ્યું છે કે તેથી તેમને સત્વર આરામ થશે. દસબાર દહાડા ઔષધ લેવા કહ્યું છે સૂતી વખત આ દવા પી જવાની છે."

**વિદ્નમણિ** બબડયો "મને તેથી કાંઈ સારૂ થવાનું નથી. મને તેથી કશો ફાયદો થવાનો નથી, કશો ગુણ લાગવાનો નથી. મારી તબીયત સુધરવાની જ નથી."

પરન્તુ કેટલાંક નિર્બળ નાજુક મનુષ્યોની માફક માંદા ગણાવું તે તેને પ્રિય હતું તેથી કોઈ ભયંકર દરદથી અત્યંત પીડાતો, ઔષધથી કંટાળેલો માણસ કટાણું મ્હોં કરી દવા પીયે, તેમ તેણે માત્ર માંદા ગણાવાને ખાતર પણ તે દવા પીધી.

(અપૂર્ણ.)

---

# વિવિધવિહાર.

## પૂર્વ અને પશ્ચિમ.

### (પ્રાચીન અને અર્વાચીન દિગ્દર્શન.)

જે. પી. એફ રીખટર કહે છે કે:—

"સ્ત્રી જાતિ માતાની સ્થિતિમાં આવ્યા પહેલાં તેમ જ પછી પણ મનુષ્ય સ્વભાવ ધારણ કરનાર છે તે ભૂલવું જોઇએ નહિં. મા થઈ કે ધણીઆણી થઈ પડી તેથી મનુષ્યત્વને સમતોલ માતાની કે ધણીઆણીની સ્થિતિ થઇ જતી નથી તેમ મનુષ્યત્વને દૂર ખસેડી શકતી નથી; પરંતુ તેના ઉપાય થાય છે અને હેતુ થઇ શકતો નથી." ટી. ડબલ્યુ. હીગીન્સન કહે છે કે:–"બંને જાતિઓના સંબંધમાં ભણવા માટે, પૂર્વના દેશોમાં, સંખ્યા જૂદી અને ગણિતના ધારા પણ ભિન્ન ભિન્ન, એટલું જ નહિં પણ તેઓની બોલવાની ભાષા પણ જૂદી હોય છે."

આ વચનનો કેટલોક અર્થ સ્પષ્ટ ન સમજાય એવો છે; તેનું કારણ એ કે સ્ત્રીજાતિ માટે સંખ્યામાં ભેદ કોઇ સ્થળે હિંદુસ્થાનના આર્ય લોકોમાં રાખવામાં આવ્યો હોય, એમ જાણવામાં આવેલ નથી કહેતાં કલમ ખચકાતી નથી. જો કાંઇ હોય તો તે ભેદ ભાષામાં એકકાળે હતો એ વાત નિઃસંદેહ છે. સંસ્કૃત ભાષા બુદ્ધ ધર્મના પ્રચાર પછી સ્હેજ ન્યૂન અંશે ખેડાતી ચાલી અને અપભ્રંશ ભાષા બોલાવા લાગી. લખવામાં તો શુદ્ધ સંસ્કાર વાળી

ભાષાને જ વિદ્વાન્ બ્રાહ્મણો અને કદાચ અન્ય લોકો પણ વળગી રહ્યા. પરંતુ બુદ્ધના સકલ સંસ્થાના પરિવર્તન સમયે સર્વે રીતે થોડો ઘણો ફેરફાર થઇ રહ્યો. અને તે પૈકીનો આ ફેરફાર ભાષા સંબંધી ગણી શકાય. શ્રી શંકરાચાર્યે બુદ્ધધર્મનું ખંડન તથા બ્રાહ્મણ ધર્મનું પુનરૂજ્જીવન કર્યું ત્યારથી તે છેક આધુનિક કાળના નાટકોના સમય સુધી, એ જ નાટકોનાં પાત્રોના સંવાદ ઉપરથી માપી લેતાં જણાય છે કે સ્ત્રીઓને બોલવાની તેમ જ લખવાની ભાષા બીજી હતી. કદાચ કેટલાકનું એમ માનવું પણ વાસ્તવિક ગણાય કે તેઓમાં કેટલીક શિક્ષણ લીધેલી સ્ત્રી સંસ્કારવાળી ભાષામાં લખી શકતી હોય તો ના નહિ. હવે એ વાત બાજુ ઉપર રહી. પરંતુ ગણિતના ધારા તથા સંખ્યામાં ભેદ શી રીતે હતો, તે બરાબર સમજાય નહિં એવી વાત છે. કદાચ એમ કાં ન હોય કે સંસ્કૃતમાં વપરાતી લિપિ અને એ જ ભાષાના સંખ્યા વાચક આંકડાઓ પુરૂષવર્ગને શિખવાતા હોય, અને અપભ્રંશના સ્ત્રી વર્ગ માટે નિર્માણ થયા હોય. જો આમ અર્થ હોય તો તો વસ્તુતઃ ભેદ સંખ્યામાં છે એમ કહેવું અસ્થાને થઇ પડે.

એ ગમે તેમ હોય પરંતુ આ ભેદ ખાસ પુરૂષ વર્ગ ધારા ઘડનાર હોવાને લીધે રાખવામાં આવ્યો હોય એવું તત્ત્વવેત્તા જે. એસ. મીલ જેવાનું માનવું છે, તે આક્ષેપ આ દેશને ઉચિત ગણાય કે નહિં, તે વિષે જરા અવલોકન કરવું ઠીક પડશેઃ જન સંસ્થાની પ્રથમ અવસ્થામાં તો સ્ત્રી અને પુરૂષોને સમાન હક હોય એવી શક્ય–માન્યતા રહી શકે. ગાર્ગી તથા મૈત્રેયી વિગેરેની તત્ત્વજ્ઞતા, સીતા તથા દ્રોપદીની આવશ્યક રીતે ધર્મસહાયતા–ઇત્યાદિ ઉપરથી હરકોઇ સિદ્ધ કરી શકે કે તે વખતે સ્ત્રીઓને પુરૂષ સાથે સમાનતા હોવી જોઇએ. હવે તે સમયની ભાષા પણ એક જ સરખી સંસ્કારવાળી હતી. બોલાતી અને ખેડાતી જતી સંસ્કૃત ભાષા જેવી યાજ્ઞવલ્ક્ય બોલ્યા તેવી જ ગાર્ગી અને મૈત્રેયી પણ બોલ્યાં છે. પરંતુ સીતાને જો અપભ્રંશ કે પ્રાકૃત ભાષા બોલતાં કોઇ સ્થળે વાંચવાથી જાણવામાં આવેલ હોય તે માત્ર ભવભૂતિ કૃત નાટકોમાં જ. રામાયણની સીતા રામ સાથે સંસ્કૃત શુદ્ધ ભાષામાં [illegible]ાલેલ હશે, એમ તે પુરાણ ગ્રંથ ઉપરથી સ્પષ્ટ જણાય છે. હવે આ ઉપરથી લાગે છે જો સંસ્કૃત ભાષા બુદ્ધના વખતથી ખેડાવી બંધ થઇ અને લોકોએ સામાન્ય રીતે અપ[illegible]ંશ ભાષા સ્વીકારી, તો તેવા કોઇ સમયે જેમ પ્રાકૃત લોકોમાં પ્રાકૃત ભાષાનો પ્રચાર થયો, તેવી જ રીતે સ્ત્રીવર્ગમાં પણ થયો હોવો જોઇએ. એમાં પુરૂષ વર્ગે તેને સંસ્કારવાળી ભાષા બોલવાનો પ્રતિબંધ કોઇ રીતે કર્યો હોય તેને પરિણામે આ ભેદ આવ્યો હોય એમ તો ન જ મનાય. એક તરફથી બ્રાહ્મણ ધર્મનું અને સાથે સંસ્કારવાળી માટે વિષમતાવાળી સંસ્કૃત ભાષાનું ખંડન બુદ્ધે કર્યું, તે વખતે સરળતાવાળો બુદ્ધ–ધર્મ અને સરળતાવાળી અપભ્રંશ ભાષા લોકોના સ્વીકારવામાં આવ્યાં. બધું સરળતાવાળું તે સારૂં કે શી રીતે, એ અતિ પ્રશ્ન આ સ્થળે ગણાય, માટે તેનું સમાધાન દૂર રાખવું ઉચિત છે. તે પછી એ સરળતાવાળી ભાષા–ફરી બ્રાહ્મણી ધર્મનો ઉદ્ધાર શંકરે કર્યો ત્યારે પણ છોડી દેવાઇ નહિં; કારણ કે લોકોના વિચાર વાણી અને કર્મમાં એ ભાષા જ અતિ રૂઢ બની ગઇ; અને તેવા કારણોને લીધે જ વિદૂષક, સ્ત્રી–પાત્રો વિગેરે પ્રાકૃત ભાષા બોલતાં નાટકકારો બતાવે છે.

વળીઃ—" A woman of whatsoever age should never be mistress of her own actions. " આ વાક્ય પછી એ જ હીગીન્સન લખે છે કે એ



સ્પેશીઆ એથીનીઅન ગૃહસંસારના ગુલામગીરીવાળા વાસમાંથી તોડછોડ કરી છટકી ગઇ તેની વિરૂદ્ધ ઘણા બળાત્કારનાં વચનો લખાયાં અને કહેવાયાં હતાં. તે તો ખેર; આ સ્થળ માટે એથન્સનું કાંઇ કામ નથી. હવે મનુના સમયમાં જનસમુદાયની ધર્મ સંબંધી જે અસ્તવ્યસ્ત દશા હતી, તે ઠેકાણે લાવવી જરૂરની જણાયાથી રાજાથી માંડીને રંક સુધી, બ્રાહ્મણથી માંડીને તે શૂદ્ર સુધી-બધાં સ્ત્રીપુરૂષોં તમામની સ્થિતિ પરત્વે આચરણ માટે કાયદા ઘડવાના હતા; અને તે સમયે ગૃહવ્યવસ્થા માટે પુરૂષની સલાહની અપેક્ષા ધરાવતું ધોરણ રાખવામાં આવ્યું, તેનું કારણ એ ગણાય કે સ્ત્રીઓને કેળવણીમાં પછાત રહેવાનું બની ગયું અને ધર્મ તેમ અન્ય સંસ્થાઓમાં અત્યંત ફેરફાર થઈ જવાથી, અનેક પ્રકારના શુદ્ધ સંસ્કારોના ભાગીદાર માત્ર પુરૂષો રહ્યા. ટુંકામાં ઉકેલી દેતાં પણ એટલું તો કહેવાય કે જ્યારે સ્ત્રીઓની કેળવણી અમુક અંશે બંધ થઈ ત્યારે પુરૂષવર્ગની સલાહની જરૂર અવશ્ય હોવી જ જોઇએ; અને પુરૂષોને–તેમાં બ્રાહ્મણની જ વાત માટે, તેઓને સંસ્કાર કેળવણીના થયા જ કરતા માટે–એટલો અધિક હક હોય તો આશ્ચર્ય જેવું નથી. હાલ પણ કેળવણી સમાન હોય તો હક સમાન છે જ.

આ બધાને માટે પુષ્ટિ કરનાર પ્રમાણો અનેક છે, તેમ જ એટલાનો સવિસ્તર વાદ કરી શકાય એમ પણ છે, છતાં સ્થળ સંકોચને ભયે વધુ લખતાં આંચકો ખાવામાં જ ડાહપણ માન્યું છે.

આટલું થઇ રહ્યા પછી હક્સલીના તથા ડાર્વીનના મતોમાંના બે બોલો તપાસવા યોગ્ય છેઃ–

*હક્સલીના અભિપ્રાય પ્રમાણે પ્રકૃતિમાં સમાન ભાવ નથી; એટલે કે કુદરતી સરખાપણું સ્ત્રી–પુરૂષમાં નથી; બીજું એ કે આને પરિણામે ઉત્કર્ષવાળી દરેક આચારની બાબતમાં, જ્યાં મન કે તનનો સંબંધ રહેલો છે તેમાં, સરેરાશ કાઢતાં સ્ત્રી પુરૂષ કરતાં હલકી અને ઓછપવાળી માલમ પડી છે; એટલે કે તે અમુક આચાર જથ્થામાં થોડો અને ગુણમાં ઓછો, એ રીતે સમજવું.

×ડાર્વીન પણ માને છે કે સ્ત્રીમાં અંતઃપ્રેરિત જ્ઞાન એટલે કે જલદી ગ્રહણ કરવાની શક્તિ અને અનુકરણ કરવાની શક્તિ પુરૂષ કરતાં વધારે સ્પષ્ટ જોવાય એવી છે, એમ સર્વે

---

* "Huxley denies even the natural equality of the sexes and declares that in every excellent character, whether mental or physical, the average woman is inferior to the inferior man, in the sense of having that character less in quantity and lower in quality. "

×Darwin says :—It is generally admitted that with women the powers of intention or rapid perception and perhaps of imitation are more strongly marked than in man but some at least of those faculties are characteristic of the lower races and therefore of a past and lower state of civilization.

જાણે છે; પરંતુ આ જ શક્તિઓ હલકી જાતિની યોનિવાળાંને ખાસ હોય છે તે પૈકીની બુદ્ધિ-વૃતિઓ હોવાને લીધે પુરાણાકાળના અને હલકી પંક્તિના સુધારાનું ચિહ્ન ગણી શકાય.

આમાં હક્સલી તથા ડાર્વીન બંને જણાએ કુદરતના કાયદા તપાસી, તે પ્રમાણે સ્ત્રી-પુરૂષોનાં અવયવોનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરી આ અભિપ્રાય પશ્ચિમમાં પ્રસાર્યો. છતાં આધુનિક પ્રવૃતિ અને સુધારાબળને અંતે જોતાં સહજ લાગશે કે સ્ત્રીઓની શક્તિઓ કુદરતી બક્ષીસમાં એટલી ઓછી કે હલકી નથી કે જેને લીધે તે પુરૂષ કરતાં છેક અધમભાવમાં આવી રહી હોય. આ સ્થળે પ્રસ્તુત કરેલ વિષયમાં અભિપ્રાય કે વિવેચન સ્વતઃ કરવાની જરૂર નથી, પરંતુ પૂર્વ અને પશ્ચિમની ગણના માટે જુદા જુદા મતો માત્ર ટાંકવાનું કાર્ય હોવાથી તદનુસાર મીલનો મત ટાંકવાનો બાકી રહે છે તે એ કેઃ—" મનુષ્ય જાતિમાં પુરૂષ કુદરતી રીતે અધિક બળવાળો હોઈ તેણે જીવનકલહમાં નિર્બળ-સ્ત્રીને સાંસારિક હકોના ઉપભોગમાંથી દૂર ખસેડી અને પોતે સામ્રાજ્ય ભોગવે છે."

મતમતાંતર અનેક રીતિના, પંક્તિના છે તે બધાનું સ્હેજ જ્ઞાન થાય તો "સુંદરીસુબોધ" થવામાં પણ ઠીક પડે, માટે આ માત્ર દિગ્દર્શન રૂપે કરાયેલ છે. વિસ્તાર વધી પડવાની બીકને લીધે આંચકો ખવાય તો બીજે અવસરે અનુકૂળતા હોયેથી પૂર્ણ વિસ્તાર થઇ રહેશે. પરંતુ આ સમયે એટલું કહેવું પ્રાપ્ત થાય છે કે પ્રાથમિક સંસ્થાઓમાં કોઈ દેશમાં સ્ત્રી-પુરૂષમાં ભેદ જોવાયેલ નથી. ઋષીઓના વેદના સમયમાં જોઇશું તો પૂર્વ દેશમાં પણ અરૂંધતીને કેવું સન્માન અને સમાનતા ભોગવાવ્યું છે, તે સર્વને વિદિત છે, અને તેનું માન ઋષિઓને જ ઘટે છે. તે પછી ઉપનિષદ્‌માં અને તે એ વચ્ચે બ્રાહ્મણ થયાં તેમાં પણ, અસમાનભાવ નથી. સીતાના સમય સુધી એનું એ જ જોયું છે. તો હવે પશ્ચિમ તરફના મીલ સાહેબનો અભિપ્રાય તપાસી જોઇએ:

મીલ કહે છેઃ—*" એ કબૂલ કરીએ કે સ્ત્રી પોતાનું અનેક પ્રકારનું અશક્તપણું પોતાની ખુશીથી અને ફર્યાદ કર્યા વિના સ્વીકારી લે છે. પણ તેના ઉત્તરમાં એટલું જણાવવું જોઇએ કે ઘણીક સ્ત્રીઓ તે બાબતની ફરીયાદ કરે છે જ; અને, જો પુરૂષના જેવી ઉંચી સ્થિતિએ ચ્હડવાની તેમની ઇચ્છાઓ સ્ત્રીપણાને અયોગ્ય છે એમ મનાવી, તેમને દાબી દેતાં શીખવવામાં ન આવે તો, તો ઘણી વધારે સ્ત્રીઓ પોતાની હાલની સ્થિતિ વિષે ફર્યાદ ઉઠાવે એમાં કાંઈ જ શક નથી." "

જ્યારે સંસારમાં જનસંસ્થાનો વિહ્વલતા બલ્કે પારિપ્લવનો સમય આવે છે, અને રીતિરીવાજો તદ્દન ફરી જાય છે, ત્યારે સુધારો સમાજમાં બંધ પડે, તે સ્વાભાવિક બનવા જેવું છે. ધર્મનાં બંધારણોમાં તેમ જ સંસારની બીજી વ્યવસ્થામાં પણ બુદ્ધિના ઉદયકાળથી

* Woman, it may be agreed, accept their disabilities voluntarily and without complaint. In answer it must be affirmed that many women do complain; and doubtles many more would protest, if they were not taught to repress such aspirations as unwomanly." આનો તરજુમો લેખકે કરેલો ન હોવાથી અમે કર્યો છેઃ—**તન્ત્રી ઓ.**



એવો તો ફેરફાર થવા લાગ્યો કે લોકોમાં ભાષાથી માંડી અનેક રીતિરીવાજો અને આચાર વિચારો બદલાવા માંડયા. આવે વખતે સ્ત્રીઓને કેળવણી ન મળી શકે એ પણ સમજી શકાય એવું છે; કારણ કે જ્યાં માંડમાંડ બિચારા પુરૂષો પોતાનું હોય તેટલું રક્ષણ કરવાને સમર્થ બને, ત્યાં તેઓને જાળવવામાં ક્યાં તરખડમાં પડે ?! અને કદાચ એમ પણ કાં ન હોય કે તે વખતે સંસ્કૃત અને વેદ શાસ્ત્ર વિગેરેમાં માનની વૃત્તિ વધારવા સારૂ તેનું **રક્ષણ** કરતે કરતે **ગોપન** પણ થવા લાગ્યું હોય. સ્ત્રીઓમાં કેટલીક ન શીખી શકી હોય તેમાં અનેક કારણો રહી શકે; પરંતુ છેવટે પોતાની અશક્તિને લીધે તેઓ સંસ્કૃત મૂકી અપભ્રંશને વળગી રહેવા લાગ્યા; અને મન વાળવાનો સ્વભાવ તો મીલ ઉપર કહે છે તે પ્રમાણે સ્ત્રીઓનો જાતિસ્વભાવ જ છે, એટલે પ્રાપ્ત થયેલ સ્થિતિથી સંતુષ્ટ થવા લાગ્યાં. આની સામે અમુક દેશકાળને લીધે તેઓએ કાંઈ ફરીઆદ પણ ઉઠાવી નહિં; કારણે તે કાર્ય પણ જાતિપ્રકૃતિથી વિરૂદ્ધ. પરંતુ આજકાલ સ્ત્રીઓને ભાન થતું જાય છે કે આવી રીતે મૂંગે મૂંગે સહન કર્યા જવું એમાં સ્ત્રીત્વ નથી જ સમાયું, તો ફરી આદ્યેના અવાજ પણ કોઈ કોઈ સ્થળેથી આવતા સંભળાય છે ખરા. તો હવે આ સ્થળે પ્રાણ-શાસ્ત્રના એક નિયમને આધારે એમ કહેવું જોઇએ કે સ્ત્રીઓએ સમાનતાની વ્યવસ્થા પહેલાં વ્યાપાર એવી રીતે કરવો કે ( Function precedes Organization ) તે વ્યાપાર સર્વત્ર માન્ય ગણાય અને તેઓની સ્વાભાવિક મનોવૃત્તિને નિર્મળ બનાવવા તરફ વલણ થાય. સાહસ કોઈ દિશામાં કે સમયમાં ઉચિત ન ગણાય, અને હિંમતથી કરેલ વિચારવંત કાર્ય સફળ થાય ત્યારે ભલે તેને બીજા લોકો " સાહસ " કે " પરાક્રમ " કે " એબ્રાકેડેબ્રા " નામ આપે.

**લી. શંભુપ્રસાદ વિ. શિવપ્રસાદ મેહેતા.**

---

## હિંદનો ઉગતો સૂર્ય.

( આશાગોડી )

જૂઓ જૂઓ હિંદ ભાણ, જુઓ જુઓ ઉગે હિંદ ભાણ. ટેક.
જળહળ જ્યોતિ પૂર્વ પ્રકાશે, ગાઓ સુરેન્દ્રનાં ગાન. જુઓ૦
કુસંપતિમિર આ ધીરે થાતું, દેશ-પ્રીતિ થકી દૂર. જુઓ૦
દેશ-સેવાની સુરભિ મધુરી, બાલ-કુસુમે સોહાય. જુઓ૦
નૂતન કોમલ આર્ય મહિલા, જન્મભૂમિનાં ગીત ગાય. જુઓ૦
દેશમંદિરે ભિન્ન ધર્મીઓ, વિસરન્ત ધર્મનું વૈર. જુઓ૦
**બોસ બોનરજી બદ્રુદીનના**, આત્મા ઊજાળે પ્રાણ. જુઓ૦

પુણ્યશ્લોકી રાનાડેનું, જીવન થતું રસ-પાન. જુઓ૦
બંગ પંજાબીને દક્ષિણ ગુર્જર, આજ દિસે એકતાન. જુઓ૦
દેશ-વેદિપર સર્વે થાયે, જ્ઞાતિ-ભેદ અજાણ. જુઓ૦
તનમનધનથી સર્વે લાગી, કરતાં દેશકલ્યાણ. જુઓ૦

**સુબન્ધુ, બન્ધુસમાજ.**

---

## અલંકારપ્રિયતા.

"અરે તું આ કોણ થઈ ગઈ?! અહા! આ વખતે અને આ વેશમાં તું અતિસુન્દર દેખાય છે! પણ આટલા બધા અને આવા મૂલ્યવાન અલંકાર ત્હેં આણ્યા ક્યાંથી? અને આવડો ઠાઠમાઠ કરીને સ્વારી આજ કઈ તરફ ઉપડનાર છે?" કાંઇક હસતી અને ઠમકતી ચાલે મેડીની અંદર પ્રવેશ કરતી **કમળાને** તેના પતિ **ચમનલાલે** પુછ્યું.

આ પ્રશ્નમાળાથી કમળા કાંઇક ખચકાઈ, પણ પછી ઉત્તર દીધો "પરમ દિવસે **મનમોહનદાસ** શેઠનાં વહુ પોતાની પુત્રીનાં લગ્નને દિવસે પોતાને ઘેર બોલાવવાને આપણાં પડોશી **સવિતાગૌરીને** આમંત્રણ કરવા આવ્યાં હતાં તેમણે મને પણ અતિશય આગ્રહ કરી તેમને ઘેર જવા કહ્યું હતું; તેથી અત્યારે ત્યાં જવાનું છે તે તમને કહેવા આવી છું. મ્હોટા શેઠીયાને ઘેર લગ્નસમારંભમાં જવાનું, એટલે બીજું નહીં તો શરીર ઉપર એ દાગીનાએ ઘાલવા કે નહિં?"

"તો! તે કાંઈ ચાલે? પણ ત્હેં મ્હારા પ્હેલા પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિં. આ દાગિના ત્હેં આણ્યા ક્યાંથી?"

"એમાં શું કહેવું'તું? આણવાતા ક્યાંથી? આ હાથમાં આવ્યા તે શરીરે પ્હેર્યા?"

"હું આ મશ્કરીમાં પુછતો નથી! ખરેખરૂં કહે; ત્હારે પીયરથી આ લાવી હોય એમ મ્હારા જાણ્યામાં તો નથી."

આ ઉપરથી કાંઇક ક્રોધિત ચ્હેરો કરી કમળા બોલી "મ્હારાં પિયરીયાં ગરીબ છે માટે આમ મ્હેણાં મારવાનાં નથી."

"નહિ, મ્હારો કહેવાનો ભાવાર્થ એ નથી! હું તો મ્હારા પ્હેલા પ્રશ્નનો જવાબ જ જાણવા માગું છું, તે દે એટલે પછી બીજી વાત."

"તે એટલું ટોકી ટોકીને પુછો છો શું જોઇને? કાંઈ ચોરી કરવા તો નહીં ગયાં હઇએ? પોતે કરાવવાં તો નહી તે નહીં, ને વળી શરીર પર પ્હેરેલાં પણ જોઈ શકાતાં નથી! **મુંબાઇના** મ્હોટા શેઠને ઘેર લગ્ન જેવે પ્રસંગે જવું, સારા સારા ઘરની બૈરીઓ બની ઠનીને આવી હોય, અને ત્યાં હું ભૂતડી જેવી એકલું લુગડું પ્હેરીને જાઉં તે ઠીક લાગે કે? એમાં તમારૂં સારૂં કહેવાશે કે? આજના દહાડા માટે **સવિતાગૌરી** પાસેથી ચાર ઘરેણાં માગી લીધાં! એમાં શું મ્હેં મ્હોટો અન્યાય કર્યો?"



"નહિં, લગાર પણ નહિં. બહુ જ ઉત્તમ કામ કર્યું!"

"હા, તે અમે સમજીએ છીએ. એટલુંએ ન ખમાતું હોય તો લો આ કહાડી નાંખીએ. કેમ કહાડું? શું કહો છો?"

"મ્હારા બોલવાથી ત્હને ખોટું લાગેલું દેખાય છે. પણ કમળા, તું જરાક શાંતપણે ત્હારી મેળે જ વિચાર કરીશ, તો ત્હારૂં આ અવિચારીપણું ત્હારા લક્ષમાં આવશે, અને તેને માટે પોતાને જ શરમ લાગશે."

"આ તે કેવું બોલવું કહેવાય? ઓળખીતા પડોશી પાસેથી બે દાગીના માગી આણી ઘડીક વાર શરીરપર પ્હેર્યા, તેમાં અવિચારીપણું શું થયું? અને તેમાં શરમ લાગવા જેવુંએ શું છે તે?"

"કમળા, આ વાત ત્હને જેટલી ક્ષુલ્લક-હલકી-લાગે છે તેના કરતાં ઘણી વધારે હલકી છે; તે ત્હને કઢંગી સ્થિતિમાં લાવે એટલું જ નહિં, પણ અનેક અનાચારમાં દોરે એવી છે. હવે કહે તું અનીતિવાન થવાને ખુશી છે?"

"અનીતિવાન? કદી નહીં. પણ હું શું અનીતિ કરવાની હતી તે મ્હારાથી સમજાતું નથી."

"જો હું તને ક્રમે ક્રમે સમજાવું. પ્રથમ તો ત્હમે ચાર બૈરાં મળ્યાં એટલે એક બીજાનાં લૂગડાઘરેણાંની ટીકા અને ચિકિત્સા થયા વિના રહેવાની નહીં. તેમાં આ ત્હારાં આવાં સારાં ઘરેણાં જોઈ કોઈ ત્હને તેમની કીંમત, તો કોઈ તેનું ઘડામણ, તો વળી બીજી કોઈ તે ઘડનાર સોની કે ઝવેરીનું નામઠામ પુછશે; તે વખત અનેક અનેક વખાણથી ફૂલાઈ જઈ પુરેપુરો દંભ કરવાની લાલસાથી અજ્ઞાનતાનું ત્હારાથી બ્હાનું કહડાશે નહી, અને તેથી ખરી સ્થિતિ છુપાવવાને માટે ત્હારે અસત્યો ઘડી કહાડી બોલવાં પડશે. શું તે વખતે તું નીતિમાં રહેલી ગણાઇશ?"

"ના, તે તો ખરૂં. પણ ક્યાં એવું રોજ કરવું છે?"

"એક વખતે પણ કુમાર્ગમાંથી નિર્વિઘ્ને પાર પાડતાં મનુષ્ય બીજી અનેક વખતે તે તરફ દોરાય છે એ નિયમ તું ભૂલી ગઈ? વારૂ, બીજું; ધાર કે એવું કાંઈ બન્યું નહીં. ત્હારાં અલંકાર અને ત્હારા ઠાઠમાઠ ભરેલા દેખાવથી અજાણ્યાં બૈરાં ત્હને કોઈ મ્હોટા શ્રીમન્તના ઘરની ધારી ત્હારાં ઘણાં વખાણ કરે, બીજી સાધારણ સ્ત્રીઓના કરતાં ત્હને વધારે માનની નજરે જુએ; અને એ બધું જોઈ ત્હને મનમાં આનંદનો પાર રહે નહીં. પણ તેવામાં ત્યાં કોઈ ત્હારાં ઘરબાર અને ત્હારા પતિના ધંધા રોજગાર ને નામઠામ બાબત પુછે કે તપાસ કરે, તે વખત તું આ ઘરેણાંને યોગ્ય આપણી સ્થિતિ જણાવી શકીશ?"

"હા, તે વખત ભારે પડે ખરૂં. પણ એ તો અસલની સારી સ્થિતિના વખતનાં ઘરેણાં કેટલાંકને હોય છે એમ ગમે તેમ રીતે જણાવાય."

"આનું જ નામ ઢોંગ, અસત્ય, પાપ. વળી વિચાર; આમ છતાં તું જે શ્રીમન્તાઇનો દેખાવ હાલ કરવા ધારે છે, તેમાં તો, હાલની વાસ્તવિક સ્થિતિ જે ઘડીએ સ્ત્રીમંડળમાં જણાશે, તે સમયે ત્હારૂં માન તેવું ને તેવું રહેશે? શું ત્હારા પ્રથમના આનન્દમાં કડવાશ નહી ભળે? વારૂ, તેટલેથી ન પતતાં આપણી પૂર્વની તેમજ હાલની, આપણી પોતાની તેમ

જ આપણાં સગાંઓની, વાંસ્તવિક સ્થિતિ જાણનાર કોઈ સ્ત્રી ત્યાં કદાચ આવી ચ્હડી હોય, અને તે આશ્ચર્ય પામી સર્વ વાત જાહેર કરી દે, તે વખત ત્હારે ઉંચું જોવાનું કેટલીકવાર રહેશે ? "

" હાય બાપ, તે વખત તો ધરતી મારગ આપે તો સમાઈ જવા જેવું થાવ ! એ તો મ્હને સુઝ્યું જ ન્હોતું. પણ એવું બને જ એમ શાથી કહી શકાય ? "

" વારૂ ધાર કે એમ પણ ન બન્યું; ને બધાંએ ત્હને કોઇ સારા શ્રીમન્ત કુટુંબની સન્નારી તરીકે જ અંત સુધી ધારી. ને તેવી ઓળખાણ થવાથી બીજી કોઇ શેઠાણીએ તેવા પ્રસંગે ફરીથી ત્હને તેવા જ આગ્રહથી નોતરી. કહે તે વખત તું શું કરીશ ? હર વખતે સવિતાગૌરી ત્હને પોતાનાં ઘરેણાં આપશે ? અને તે તું માગતાં અને લેતાં શરમાઇશ પણ નહિ ? અથવા શું વારે ઘડીએ તું એવી બીજી શ્રીમન્ત સહિયરો શોધી કહાડીશ ? "

" હા, એ પણ અડચણ ભારે ખરી. ના તે એમ વારે ઘડીએ કાંઈ ભીખ મગાય છે ? તેવું હોય તો તે વખતે ન જઇએ. ક્યાં કોઈ બાંધી મારે છે ? "

" જે ઇચ્છા અત્યારે તું પ્હેલી વખત જ રોકી શકતી નથી, તેવી એક વખત નિર્વિઘ્ને ઉતરેલી ઇચ્છા શું તું બીજી વાર રોકી શકીશ ? અને તે પણ આનન્દે ? જો એટલી ત્હારામાં પ્રબળતા હોય તો અત્યારે જ મ્હેં ઉપર કહ્યાં તેવાં સંભવિત સંકટો ઉપજાવનાર ઇચ્છાને શું કામ નથી રોકતી ? "

" બળ્યું કાંઈ જઇએ આવીએ શું ? જે કાંઇ ધારીએ તે ભાગી પડાવવાને જ તૈયાર છો. ઠીક ત્યારે, નહીં જઇએ આજ, પછી કાંઈ ? "

" નહીં, કમળા, એમ નાખુશ થવાનું કારણ નથી, આવે સારે ઠેકાણેથી આમંત્રણ આવ્યું હોય તો ન જવાની હું લગારે સલાહ આપતો નથી. ઉલટું, ત્યાં જઈ જાતજાતનાં સ્ત્રીપુરૂષોમાંથી આપણા સુવિચારમય હૃદયને અનેક અનેક બાબતો જાણવાની મળી આવતી હોવાથી હું તો ત્યાં જવાની ત્હને ભલામણ કરૂં છું. મ્હારૂં કહેવું એટલું જ છે કે ત્યાં બ્હારનો ખોટો ડોળ કરી જવાને બદલે આપણી ખરી સ્થિતિ અને ગજાને શોભે એવાં સ્વચ્છ અને સુઘડ વસ્ત્રોથી ત્યાં જવું, અને બ્હારના અંગની શોભા બતાવવાને બદલે વર્તન તથા વાતચિતથી આપણી અંદરની જાતને શોભાવી માન મેળવવું. વળી ત્હારી હાલની ઇચ્છાથી એક મ્હોટું સંકટ આવી પડવાના સંભવ વિષે મ્હેં ત્હને કહ્યું જ નથી. તે એ છે કે ભોગજોગે આમાંથી એકાદ સોનાનો મણકો કે વખતે એકાદ મોતી નીકળી પડ્યું, કે કદાચ ભાગ્ય રૂઠ્યું હોય ને તને ખબર ન રહે એમ એકાદ આખો દાગીનો પડી ગયો, તો પછી ત્હારી, ને સાથે મ્હારી પણ, શોભાનો પછી કાંઈ પાર રહ્યો કે ? "

" ના, બા, કોણ જાણે, વખત છે ને એવું કાંઇક થયું તો દુનીયાંમાં રહેવુંએ ભારે થઇ પડે મારે તો ! હું તો આ આપી આવું છું ઘરેણાં પાછાં સવિતાગૌરીને. "

" હા, મ્હારી પણ એ જ સલાહ છે; અને પછી સારાં વસ્ત્રો પ્હેરી તેમની સાથે આજ જવાનો વિચાર જરૂર રાખજે. "

**પાન્થ, બન્ધુસમાજ.**

---



## એક અભિલાષા.

**( સ્ત્રીલેખ. )**

તોટક.

નજરે વિધ રંગ તરંગ તરે ?
મનડું ગ્રહવા તલપીજ મરે ?
મન એક કહે, પ્રભુ બીજું ચહે ?
દુઃખની ગણના તહીં કોણ લહે ?

સહુ રંગ વિષે રસ શ્રેષ્ટ કયો ?
મનડું સમજે નહિ ત્યાં શું ચહે ?
પ્રભુ એક સહાય ત્હમારી મ્હને ?
મન એકજ રંગ વહાવ ખરે ?

રસિકો કવિઓ ઋષિ સર્વ કહે ?
રસ રંગ વિલાસ વિનષ્ટ રહે ?
બસ અમૃત એક પ્રભૂ રસ તે ?
રસ અંજલીની અભિલાષ મ્હને ?

**—"વિલસુકુમારી."**

---

# આનન્દાશ્રમ.

**બ્રાહ્મણનો બળાપો.**

સરાધીઆના દિવસ ચાલ્યા ગયા ! હવે આપણે શું કરીશું ! આ રોજ દુધપાક, બાસુદી, શીખંડ, કેળાં, તે ઉપર લેંચી ઝપાટતા તે હવે ઠંડા ગાર થઇ ગયા. ડોશીઓની નોમને દહાડે ભટાણીને બરાબર દસ ઠેકાણે જમવા મોકલ્યાં, તે જમ્યાં તો થોડું થોડું—સૂક્ષમ સૂક્ષમ,—પણ રૂપીઆ લાવ્યાં પાંચ, અને આપણે એ આ શરાધપક્ષમાં બબ્બે વખત જમવા જંઇને પાણ પાયલું દખણા રોજ રોજ લાવતા. કોઈ માસ્તર લોક કહે કે મહારાજ ! મારે હાફીસે જવાનું છે તે દસને ટકોરે ઘેર આવજો તો વારૂ—ને કોઇ બિચારાં શ્રદ્ધાળુ કહે કે મહારાજ ! પિતાજીનું શ્રાદ્ધ છે, ને નોકરી સખત છે, તે આપણે તો સાંજે જમીશું તો કે વારૂજી ! એટલે આપણા તો બન્ને ટક પાકયા. આ હમણાં એક નવા વૈદરાજ અમારા લતામાં આવ્યા છે, તેમને કહેવું છે કે એક એવી માત્રા આપો કે જે ખાઇએ તે સ્વાહા ! પણ એની સાથે એ દવા એવી હોવી જોઇએ કે ઘેર તો પાશેર અન્નમાં જંપ વળે. વખત છે ને મારા બાપ એવી માત્રા આપે કે ભસમ ખાધકીઆ

રોગ થાય તો શું કરૂં? અસલના બ્રાહ્મણ જરા અક્કલના તો ઓછા—કે પંદર દહાડા શરાધીઆં રાખ્યાં, શરાધીઆં તો દર મહીનાના અંધારીઆમાં જોઇએ. પંદર દહાડા દેવનાને પંદર દહાડા પિત્રીના; અમાંસ ને પુનેમ કોઈની નહીં. પુનેમ તો સતનારાયણ ભગવાનની, રૂડુ થજો સતનારાયણની કથા કરનારનું. પુનેમને દહાડે તો શીરો સારી પેઠે મળે છે—ને સતનારાયણની કૃપાથી રૂપીઓ સવા દખણાનો મળે છે. હવે આપણે ભણ્યા છીએ તો કાળો અક્ષર કુટી મારીએ એટલું—પણ સંસક્રતનો ડોળ બહુ કરીએ છીએ. સંસક્રતમાં છે શું? શકાર, મકાર, ને વિસર્ગ જરા જોરથી બોલવા એટલે થઇ ગયું કામ. એ ભાષાજ જોડાક્ષરની છે ને આપણે જરા થડકાવીને બોલ્યા કે બસ—આ થોડા દહાડા ઉપર અમારા યજમાનના એક મિત્ર કહે કે મહારાજ! અમારે ત્યાં સતનારાયણની કથા કહેવા પધારશો. આપણે કહ્યું. વારૂજી! આપણે તો સાંજે ગયા. સાંજે તો અમારા નન્દરાયભાઇએ બધો ઠાઠમાઠ કરી મુકેલો. આપણે તો કથા કહેવા બેઠા—તે પૂજા ગગડાવી કહાડી. આ પાંચ મીનીટમાં તો કહ્યું કે માંનભોગ લાવો, ને આરતી કરો. બાયડીઓ તો ચેંપે કરવા માંડી. આપણે તો એક બુમ પાડી કે "બેનો! અહીં તમારે કુથલી કરવાની નથી. શ્રદ્ધા હોય તો બેસો નહીં તો પધારો.' હવે અમારા નન્દરાયભાઇનાં દિકરી તો વાતમાં અગ્રેસર! આ તેમને તો રીસ ચડી તે તો ચડપ ઉઠયાં—ને રસ્તે પડવાની યારીઓ કરી; નંદરાયભાઇને આપણે કહેલું કે તમારે તો, વડ પડો કે વાનર પડો, બોલવું જ નહીં. પણ નંદરાયરાનાં પદમણી વહુ તો લાજ કાઢીને દિકરી પાછળ દોડયાં. બોલાવી લાવ્યાં. આથી હસાહસ થઇ. આપણે તો ઠંડે પેટે બોલ્યાઃ—"આ કપુરની આરતી સળગાવીએ," કરીને "કર્પૂરગૌર" ચલાવ્યું જ તો—બધું ચપાચપ થઇ ગયું. આંધળી શ્રદ્ધાની બલીહારી છે. પછી બધાં કથા સાંભળવા બેઠાં, આપણે અડધા કલાકમાં કથા ગગડાવી મુકી—મારી પડોશણ સ્યાણીબાઇ આવેલાં તે કહે કે કાંઈ મહારાજ ભણેલા છે! વાત ન કરશો! આ પણે સ્યામલીને ઘેર કથા હતી, તે કલાક દોઢે પુરી થઇ ને આતો ચપ લઇને પતાવી. પણ મુળશંકર કરીને એક અંગ્રેજી ભણેલો છોકરો બેઠેલો, ને તે લાગલો જ માટલી ફોડેલો ને મારા વાલો સંસ્કૃત લઇને પાસ થયેલો. તેણે તો કહ્યું કે "મહારાજ! તમને જરાએ વાંચતાં આવડતું નથી. જરા રોફ રાખો છો તેથી તમારૂં ટટ્ટુ ચાલે છે." આપણે તો લાલચોળ થઈ ગયા ને બોલ્યા, "અલ્કા ટીચકા! ભલભલા વકીલો, બારીસ્ટરો મારા પાસે કથા સાંભળે ને મને માન આપે તો તું અલ્યા કોણ? તને સંસ્કૃતનું ઘડશું અને માથું શું તેની તો ખબર નથી. આ માટલું ફોડયું એમાં તે શો ફાંકો મારે છે અમારા પાડોશમાં એક કેવુંરે પેલી મોટામાં મોટી પરીક્ષા. બળ્યુંરે! સાળું મમ્મા ઉપર જ નામ છે-તે પાસ થયો છે. સ્વભાવ જોયો હોય તો નરમ ઘી જેવો-ને મને દેખે કે ગોળ ગોળ થઈ જાય, આ એવા ભણેલા પણ મને માન આપે છે." આમ જરા રોફ માર્યો કે મુળશંકર તો ડઘાઇ જ ગયો. પણ મારા પેટમાં તેલ રેડાયું. મારા વાલા, આવડા લખોટી જેવડા છોકરા મારા જેવા સાઠ વરસના, જમાનો ખાધેલાની મશ્કરી કરે. વળી સંસકૃત તે કેવું હશે? આ પેલી નવી થપાયલી શાળામાં ગયો. મહારાજ! આ છોકરાઓ પહેલું શું શીખે છે, ત્યારે કહે "માર્ગોપદેશીકા" ઓતતારીની! એ વળી નવું ધતીંગ જાગ્યું. આ છાપખાના વાળાઓએ ઘાણ ઘાલ્યો. જે આવ્યું તે છાપ્યું, જે



જાણ્યું તે છાપ્યું, ગાયત્રીએ છાપી, વેદે છાપ્યા, પૂજાની ચોપડીઓએ [illegible] જેવા બુઢા બ્રાહ્મણોના તો બાર જ વાગ્યા. આ અત્યારસુધી જ્યાં [illegible] મરી ગયું તો તેનું સરાવવામાં પણ હું; કોઇનું લગન આવ્યું તો ચોર[illegible] અને પરણાવવામાં પણ હું. વારૂ! દરેક ટાણેટચકે આપણે ખરા! જરા આપણે [illegible] લેખાતા. આ કોઈ ડોસુ ડગરૂં તપખીર સુંઘતું હોય તો આપણને તમાકુની ડાબલી ધરે-તે આપણે પણ નસ્કોરૂં ઉંચું કરીને તણાય ત્યાંસુધી તાણીએ. કહેવત છે કે "મફતના મુળા કેળાં જેવા." કહો ન કહો પણ જમાનો ફરતો જાય છે. છોકરાઓ ભણતે કરીને આપણા બાર વાગવાના-હજી ભલું થજો ઘરડાંનું કે બાયડીઓ ભણતી નથી. આ જ્યાંસુધી બાયડીઓ ભણી નથી, ત્યાંસુધી મારા જેવા બુઢા પાંગળા પળ્યે જશે. નારણરામ પંડ્યાના ઘરમાં આપણી અવરજવર ખરી-પણ દીકરો થયો દાક્તર. હજી એની વહુ જરા વ્હેમી ખરી-એ માંદી રહે છે ને ત્યાં આપણે એને સજ્જડ વ્હેમ બેસાડયો છે કે બેન તમારે શનિવાર કરવા, ને શનિવારનું દાન આપવું. તે દાનમાં દર શનિવારે આપણને એક કાંસાનું તાંસળું ને પાવલી મળે છે. પેલો દાક્તર ઘણુંએ માથું કુટે છે, પણ બાયડી માનતી નથી. ઠીક છે ભાઇ! હજી ઘયડાંનું પુણ્ય છે કે બાયડીઓ ભણી નથી. જ્યાં બાયડીઓ ભણી કે મારા જેવા બ્રાહ્મણને કોઇ જમાડવાનું નથી. અને કાછીઆને ઘેર લસણની ચટણી સરખી કુટવા મને કોઇ ઉભો રાખશે નહીં. અરે! રામ! મારી શી વલે થશે? હુ તો કહું છું કે ડોશીઓ હજારો વરસ જીવજો કે મારા જેવા બ્રાહ્મણનું નસીબ ઉઘડે!!!

સુમિત્ર—બન્ધુસમાજ.

---

# વર્તમાનરંગ.

**'સ્વદેશી' માટે સ્ત્રીકાર્ય**—ગરીબ બિચારા હિન્દદેશના દંહ દરી ગયેલા પણ કકળતા લોહીને ચુસી લેનારી નિર્ધનતા-રાક્ષસીથી ઉગરવા માટે, રીસાઇને વિદેશ ગયેલાં લક્ષ્મીદેવીનું ફરીથી આવાહન તથા સ્થાપના કરવાની શુભેચ્છા રાખનાર "સ્વદેશી હિલચાલ" રૂપી આત્મત્યાગી સન્યાસી આ આર્યભૂમિમાં હાલ ધીમે પગલે, સંતાતો છુપાતો, પણ હૃદયના ઉમળકાભેર, ગામે ગામ અને ઘેરે ઘેર સહાય માટે ફરી રહ્યો છે. તે અતિથિ યોગીને કોઇ સ્થળે સન્માન મળે છે અને કેટલેક સ્થળેથી તિરસ્કાર પણ ખમવો પડે છે, અને ઘણેક સ્થળે તો તેને ગૃહમાં પ્રવેશતાં જ કમાડ બંધ કરવામાં આવે છે. યોગી સન્યાસીને-ખરા કે ખોટા સાધુ બાવાઓને, ભગવી ચીંદરડીને ખાતર પણ-સ્ત્રીવર્ગ તરફથી સન્માન મળવાના આ દેશના સામાન્ય રીવાજ છતાં પણ બિચારા આ સંન્યાસીને તો વિશેષે કરીને સ્ત્રીવર્ગ જ ગૃહબ્હાર રાખે છે એ એક હાલના જમાનાની નવીનતા છે. છતાં કોઇ કોઇક સ્થાને શુદ્ધ સ્વધર્મ જાણનાર સન્નારીઓ આ સન્યાસીના ખરા હેતુને યોગ્ય રીતે સમજી તેને સન્માન આપે પણ છે. આવું એક મંડળ થોડા સમય ઉપર વડોદરા શહેરમાં જાગ્રત થયું હતું, અને તેણે અનેક સંકટો અને વિઘ્નોના મહાનદીને ઓળંગી આવવા માટે

જોઇતાં વ્હાણો રૂપી સાધનો મોકલી આ સ્વદેશી હિલચાલ રૂપી સન્યાસીનો સત્કાર કર્યો હતો, તથા અન્ય બ્હેનોને તેમ કરવા વિનંતિ કરી હતી. તેમણે અનેક સ્વદેશી વસ્તુઓનું, અને સવિશેષે સ્ત્રીકૃત વસ્તુઓનું એક સુન્દર પ્રદર્શન એકઠું કર્યું હતું, અને પોતાની સ્વદેશભગિનીઓને તેવા કાર્ય તરફ દુર્લક્ષ ન રહેવાનું દૃષ્ટાન્ત આપ્યું હતું.

## સામયિક સ્ત્રીસાહિત્ય.

**કમલાના પત્રો**—મદ્રાસના એક સુશિક્ષિત લેખકે "કમલાના પતિ પ્રત્યેના પત્રો" એ નામના ઇંગ્રેજીમાં લખેલા એક સુન્દર લેખનું ગુજરાતી ભાષાન્તર પ્રકટ કરવાનું કાર્ય **"સમાલોચકે"** આરંભેલું છે એ વાત અમે અમારા એક પાછલા અંકમાં જણાવી ગયા હતા, તથા તે વખત સુધીમાં પ્રકટ થયેલા પત્રોનું વિવેચન પણ તે અંકમાં અમે કર્યું હતું. તે પત્રના ચાલુ વર્ષના ત્રીજા અંકમાં તે કમલાએ પતિને લખેલા બીજા ત્રણ પત્રો પ્રસિદ્ધ થયા છે. આ પત્રો જેમ પત્નીસ્નેહના મનોહર દર્શનથી ભરપુર છે, તેમ સગાં, પડોશી કે ઓળખીતાંના સમાચાર જણાવવાના નિમિત્તે સ્ત્રીસંસાર સંબંધી અનેક વિષયો વિષે પણ સ્પષ્ટ અભિપ્રાય દર્શાવનાર છે પોતાના ૬ ઠ્ઠા પત્રમાં કમલા ઘણેક સ્થળે **લગ્નનું કન્યાવિક્રય** રૂપે બદલાઇ ગયેલું સ્વરૂપ જોઇ ખિન્ન થાય છે; તથા બીજી એક કન્યાની માત્ર ૧૧ વર્ષની ઉમ્મર થયા છતાં લગ્ન ન કરવાથી અનેક અપવાદ વર્ષાવનારા જનોની અધમતા સૂચવી 'સોળમું વર્ષ પુરૂ થયા પહેલાં કોઇ કન્યાનો વિવાહ કરવો નહિ; તેમજ વીસ વર્ષની અંદરની કન્યાને પચાસ વર્ષ ઉપરના વર સાથે પરણાવવી નહિં' એવો એક કાયદો શા માટે પસાર ન થવો જોઇએ એવો મત દર્શાવે છે. ૭ મા પત્રમાં હિંદુ રૂઢિ ન પાળતી તથા વિધવાશ્રમમાં જઈ વસેલી એક બાળવિધવા પ્રત્યે લોકોની દૃષ્ટિ ક્રૂરતાભરેલી છે એમ જણાવતાં તે કહે છે "ગરીબ બિચારી! હજી તો એના દાંત દુધિયા છે, તેટલામાં એનો જન્મારો બળી ગયો જોઇ છાતી ફાટી જાય છે; અને મુઆ લોકો એનો કેડો છોડતા નથી; કારણ કે તે ખુણો સેવતી નથી ને પ્રત્યેક ઉત્સવમાં જાય છે. વળી તેણે વેશ ઉતારવા ના પાડી છે તેથી તેના કાળા કેશ જોઇને જુના વિચારના લોકોની આંખમાં તો જાણે મરચાં પડ્યાં હોય તેમ તેઓ ઉલટે છે." આની સાથે, પોતાની અમુક સંસારી સુખની ઇચ્છા સફળ કરવાના હેતુથી કોઇક વ્રત કરવાથી પણ ઇષ્ટ કાર્ય સિદ્ધ થાય છે એવા એક બીજી પોતાની ઓળખીતી સ્ત્રીના દૃષ્ટાન્તના સમાચાર પતિને જણાવી કમલા તેમની તેવા કાર્ય તરફની અશ્રદ્ધા અસ્થાને છે એમ પણ સૂચવે છે.

પરંતુ આ પત્રોમાં વિશેષ સુન્દરતા તો કમલાએ દર્શાવેલી દંપતીસ્નેહની ઉચ્ચ ભાવનાંમાં સમાયલી છે.

સૂર્ય તથા ચંદ્રના ગ્રહણનાં કારણ પુરાણકથાકારો રાહુના ગળી જવાથી બતાવે છે, તથા નવીન શાસ્ત્રવેત્તાઓ છાયા પડવાથી જણાવે છે. પરંતુ કમલાનું પ્રેમમય હૃદય તો ગ્રહણનું કારણ પ્રેમથી જ ઉદ્‌ભવતું કલ્પે છે. તે લખે છે કે "મને તો એમ લાગે છે કે પ્રેમ-અનંગના [1]માર્દવજનક, [2]ગ્રસનશીલ, પ્રભાવની જ [3]ઉત્પ્રેક્ષા બનાવવા એ રાહુ

૧. મૃદુતા, કોમળતા ઉત્પન્ન કરનાર. ૨. ગળી જવાના સ્વભાવવાળા. ૩. કવિતામય કલ્પના.



તેમજ છાયા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રીતિ-બન્ધનથી બન્ધાયેલાં સ્ત્રરૂપો શું એક બીજાને ગળી નથી જતાં?—પરસ્પરમાં તલ્લીન થઇ નથી રહેતાં શું? અને તે જ પ્રમાણે આવા સુખકર સમાગમનો પ્રસંગ ક્વચિત્ જ આવે છે (-તે વખતે જેટલો લાભ લીધો તેટલો થોડો-) એ વિચારે પ્રેરેલા ઉત્સાહથી પ્રકાશનો રાજા (સૂર્ય) પોતાની રાણી (ચંદ્ર) નું, અને રાણી રાજાનું ગ્રસન (ગળી જવાનું કાર્ય) શા માટે ના કરે?... ...માનવીઓનો ગર્વિષ્ટ અને પ્રચંડ નિયન્તા પણ સ્ત્રીઓના ગ્રસનશીલ પ્રેમ આગળ કેવો નરમ પાણી પાણી થઇ જાય છે! તેમ થવાનું કારણ આપ કલ્પી શકો છો? કારણ, વ્હાલા! એટલું જ કે વસ્તુતઃ 'સ્ત્રી પ્રેમ—પ્રેમ અને પ્રેમ જ છે, અન્ય કાંઇ નથી.' સ્ત્રી એ પરમપવિત્ર પ્રેમનો જીવતો ઝરો છે. તે ધીમે ધીમે પુરૂષને પોતાના રસમાં ગ્રસ્ત કરે છે—ડુબાડી અદૃશ્ય કરી દે છે—તેને પોતાનામય કરી લે છે; અને તેમ કરતાં કરતાં દિવ્ય પ્રેમાગ્નિનો અંશ મૂકી દે છે, તથા તે અંશથી પ્રકાશતા પુરૂષને બ્હાર કહાડે છે. તે અંશ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ તે પેલા પુરૂષને વધારે ને વધારે મહાન્ અને સત્તાવાન્ બનાવતો જાય છે."

**સ્ત્રીઉપયોગી સૂચનાઓ**—**"વૈદ્યકલ્પતરૂ"** ના સપ્ટેમ્બર માસના અંકમાં આ મથાળાવાળા લાંબા લેખનો પ્રસ્તાવના રૂપે આરંભ થયો છે. અંગ્રેજી કેળવણીને અનુસરવાથી—એટલે આ દેશની સ્ત્રીઓનું જીવન તેમની જીવનરીતિ પ્રમાણે ગાળવાથી—આપણો ગૃહસંસાર ઘણે અંશે વિપરીત-ઉલટો થઇ જાય છે એ દર્શાવવાનો આ લેખનો ઉદ્દેશ જણાય છે. સ્ત્રીઓએ કેળવણી લેવી જોઇએ, એટલું જ નહિ પણ તેની તેમને ખાસ જરૂર છે, એ વાત સર્વ કોઇને માન્ય છે. પરંતુ જો કેળવણીથી સાદા સરળ અને સ્વાભાવિક આર્ય સંસારમાં ચંચળતા, સ્વચ્છંદતા, અને મોજશોખનાં તોફાની માજાંથી ખળભળી રહે, કુટુમ્બવત્સલ આર્ય સુન્દરી પ્રેમાળ **ગૃહદેવી** મટી અનેકસ્થાનનિવાસી તથા અનેકજનમનોહારિણી **અપ્સરા** થઇ રહે, તો તેવી કેળવણીને માટે પોતાના ગૃહમન્દિરનાં દ્વાર બંધ રાખવા ઇચ્છનાર અનેક આર્ય જનો આ ભૂમિમાં હજી છે, અને હમેશાં રહેશે એવાં ચિન્હ પણ હાલ દૃષ્ટિએ પડે છે. પ્રસ્તુત વિષયનો લેખક આ પંક્તિનો એક આર્ય પુરૂષ છે. તે જણાવે છે કે "પશ્ચિમના સુધારામાં સ્ત્રીઓની સ્વતંત્રતાનો સવાલ ઉત્પન્ન થયા પછી આર્ય સંસારમાં પુરૂષવર્ગ અને સ્ત્રીવર્ગમાં બે મોટા ભેદ પડી ગયા છે, અને સ્ત્રીઓએ પોતાની સ્વતંત્રતા અને હકોની પુરૂષોની સામે લડાઇ કરવા માંડી છે! પુરૂષ કરતાં સ્ત્રીના હક જુદા હોઇ શકે જ નહિ. સ્ત્રીના સર્વ હકો, સ્વતંત્રતા અને સુખ એ સર્વેનો પુરૂષોના હકોમાં, પુરૂષની સ્વતંત્રતામાં અને પુરૂષના સુખમાં જ સમાવેશ થાય છે. પુરૂષોના સુખ દુઃખને જુદું પાડી શકાય જ નહિ; તો પછી સ્ત્રીઓએ પુરૂષોથી પોતાના હકો જુદા સ્થાપન કરવાનો સવાલ જ ક્યાં ઉભો રહે છે? પણ પશ્ચિમના કૃત્રિમ સુધારાએ આ સવાલને ઉત્પન્ન કર્યો છે." આર્ય સંસારરચનામાં સ્ત્રીપુરૂષના—પતિપત્નીના સમગ્ર જીવનની, આત્માની પણ, એકમેકતા નિર્મેલી છે, તો પછી તેમનાં સ્વતંત્રતા અને હકોની ભિન્નતા હોઇ શકે જ શી રીતે? ભિન્નતા રહેલી છે તે તેમાં નહી પણ તેમના કર્તવ્યસ્થાનમાં છેઃ—"અમો સ્ત્રીઓને નીતિમાં તેમજ સંસારિક સ્થિતિમાં પુરૂષો કરતાં કોઇપણ દરજ્જે નિકૃષ્ટ (ઉતરતી) સ્થિતિમાં જોવાને ખુશી નથી; પણ તેઓને ટેબલ

ખુરશી સોંપવાથી (પુરૂષમય બનાવવાથી) તેઓ ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવે અને ઘરનાં કામ સોંપવાથી નિકૃષ્ટ સ્થિતિમાં આવી પડે, એવી માનિતા અમને સંમત નથી." "અમો એવું ઠરાવવા નથી માગતા કે સ્ત્રીઓએ ઘરનાં કામકાજ કરવાને ગુલામડી થઇને ઘરમાં ગોંધાઈ રહેવું ! સ્ત્રીઓ પુરૂષો જેટલા જ માનને અને સુખવૈભવને માટે પાત્ર છે; અમે તો કહીએ છીએ કે એ સુકોમળ સ્ત્રીજાતિ પુરૂષજાતિ કરતાં પણ વધારે માનને પાત્ર છે. પણ તેથી સ્ત્રીજાતિએ પોતાના કર્તવ્યથી વિમુખ થવું એમ ઠરતું નથી. સંસારના ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીપુરૂષ એ એક આખું શરીર છે. એ શરીરનો પુરૂષ એ એક ભાગ છે, અને સ્ત્રી બીજો ભાગ છે, અને તેથી જ સ્ત્રીને 'અર્ધાંગના' એવું બિરદ મળેલું છે. એકજ જરીરના આ એ ભાગને એ જુદાં જુદાં કામ વ્હેંચી આપવામાં આવેલાં છે. સ્ત્રી ઘરની રાણી છે, પુરૂષ બહારના ધંધા ઉદ્યોગનો રાજા છે." આવા કર્તવ્યભેદથી દંપતીના જીવનમાં વિશેષ સરળતા, વિશેષ અનુકૂળતા, વિશેષ સહાયકતા, અને પરિણામે વિશેષ આનન્દરસ રેલાય છે; અને તેની સાથે સાથે જ તેમના હક તથા સ્વતંત્રતા, સુખ અને દુઃખ, તેમનાં ભાગ્ય અન્યોન્ય સાથે ઓતપ્રોત થઈ—પરોવાઇ જઇ—એકપણું ધારણ કરે છે. "જો પુરૂષ બહારના કારભારમાં મજુરી કરતો હોય તો સ્ત્રીએ ઘરનાં કામમાં મજુરી કરવી જ જોઇએ; જો પુરૂષ બહાર હાકેમી ભોગવતો હોય તો સ્ત્રી ઘરના કારભારની હાકેમી ભોગવે; અને જો પુરૂષ બ્હારના કામમાં મેનેજરપણું ભોગવતો હોય તો સ્ત્રીએ ઘરકામનું મેનેજરપણું કરવું જ જોઇએ—સ્ત્રીની આ સ્થિતિ સ્વાભાવિક અને પોતાના ધણીની સ્થિતિ સાથે બંધ બેસતી જ છે; તેમાં સ્ત્રીએ કઈ રીતે અસંતોષ પામવાનું છે તે આપણે સમજી શકતા નથી. પુરૂષ નિર્વાહનાં સાધન માટે બહાર ધંધો કરે તો ઘર આગળ પોતાના ધણી અને બચ્ચાં સારૂં ખાનપાન સંબંધી વ્યવસ્થા રાખવી એ સ્ત્રીનો જ ધર્મ છે એ વાત સ્ત્રીઓના હૃદયથી લેશ માત્ર પણ દૂર નહિ ખસવી જોઇએ."

**પાન્થ, બન્ધુસમાજ.**

---

# સ્વાગત મંદિર.

**મહીકાંઠા ડીરેક્ટરી***—વાર્તાઓ, નવલકથાઓ વિગેરે કાલ્પનિક લેખો વાળાં પુસ્તકોનો આજ કાલ વિશેષ પ્રચાર છે ત્હેવે સમયે આવા ઐતિહાસીક હકીકતથી ભરપુર પુસ્તક પ્રસિદ્ધ કરી રા. દામોદરદાસે મહાન્ કાર્ય કર્યું છે એમ કહીયે તો ખોટું નથી. પુરાતન કાલથી આપણા દેશમાં ઇતિહાસની નોધ રાખવાનો રીવાજ નથી અને ત્હેને પરીણામે જોઇતી માહિતી મળતી નથી. ટોડના રાજસ્થાનથી આપણને રાજસ્થાન વિશે કેટલીક માહિતી મળે છે પરન્તુ ત્હેમાં ઉત્તર હિંદુસ્તાનના રજપુત રાજ્ય સંબંધી હકીકત છે. કાઠિયાવાડ અને રેવાકાંઠા સંબંધી પુસ્તકો થયાં છે અને મહિકાંઠા સંબંધી જે ખોટ હતી તે રા. દામોદરદાસે આ પુસ્તકથી પુરી પાડી છે. મહીકાંઠામાં નાનાં મોટાં દરેક સ્ટેટનો ટુંક ઇતિહાસ આપી પ્રત્યેક રાજ્યને ઇંગ્રેજી રાજ્ય સાથે કેવો સંબંધ છે અને ત્હેમાં કેવા

* કર્તા દામોદર રેવાદાસ ફોજદાર તાલુકે ઘોડાસર કિંમત રૂ. ૫–૦–૦



અને કઈ જાતના સુધારાવધારા થયાં છે તે વિગતવાર દર્શાવ્યું છે. પ્રત્યેક રાજ્યમાં કેવો વહિવટ છે, બંધારણ કેવું છે તથા સર્ક્યુલરો વિગેરેનું ટાંચણ આપી અધિકારી વર્ગ તેમજ ઇતિહાસના અભ્યાસીને માટે સર્વ જાતની સરલતા કરી આપી છે. સામાન્ય વર્ગને પણ આ પુસ્તક વાંચવાથી ઘણું જ્ઞાન મળે એમ છે. શરૂઆતમાં ઘોડાસરના ઠાકોર સાહેબનું સુંદર ચિત્ર આપ્યું છે અને મહિકાંઠાનો નકશો પણ આપવામાં આવ્યો છે. આ પુસ્તકનું પાકું પૂંઠું અને સાતસેં પાનાની જરૂરની તપસીલ જોતાં પાંચ રૂપીઆ વધારે નથી. આ પુસ્તકનો બ્હોળો પ્રચાર થશે એવો અમને વિશ્વાસ છે.

---

# સમયતરંગ.

**ધર્માચાર્યે કરેલો સુધારો**—દ્વારકા મઠના શ્રીમત્ શંકરાચાર્યે થોડાક સમય ઉપર સુરતમાં દારૂ ઇ૦ વ્યસન ન કરવા બાબત ઘણું અસરકારક વ્યાખ્યાન આપ્યાથી ત્યાંની ખત્રીની જ્ઞાતિના સર્વ ગૃહસ્થોએ હવેથી કોઇ પણ પ્રસંગે દારૂ બિલકુલ ન વાપરવો એવી બાધા લઈ ઠરાવ કર્યો હતો

**અમેરીકન સ્ત્રીઓની ધર્મશીલતા**—અમેરીકા દેશમાં વેદાન્તના તત્વજ્ઞાન તથા ધર્મનો પ્રચાર કરવા પાછળ અગીયાર વરસ થયાં શ્રમ કરનાર સ્વામી અભેદાનંદ હાલમાં કલકત્તે આવ્યા હતા. તેમને આપેલા ભારે માનના ઉત્તરમાં તેમણે તે તત્વજ્ઞાનનો તે દેશમાં પ્રચાર કરવામાં વિશેષ સહાયકારી ત્યાંની સ્ત્રીઓ છે એમ જણાવી તેમનાં ઘણાં વખાણ કર્યાં હતાં, તથા તે દુનિયામાં સર્વથી વધારે બુદ્ધિશાળી સ્ત્રીઓ છે એવો પોતાનો અભિપ્રાય દર્શાવ્યો હતો. હિંદુસ્થાનના વેદાન્ત જેવા ઉત્તમ તત્વજ્ઞાનના પોતાને મળતા લાભના બદલામાં હિંદમાં ઉદ્યોગ અને હુન્નરની કેળવણી કાંઈ પણ પૈસા લીધા વિના આપવાનો ઈરાદો ન્યુયોર્કની વેદાન્તી મંડળી રાખે છે.

**ન્યાતમાં લેવામાં આવેલું પુનર્લગ્ન કરનાર જોડું**:—સુરતની વીસાલાડ વણિક જ્ઞાતિના ગોપાળદાસ નામના એક પુરૂષે પોતાની જ ન્યાતની એક વિધવા સ્ત્રી સાથે ત્રણેક વર્ષ ઉપર મુંબાઈમાં પુનર્લગ્ન કીધું હતું તે ઉપરથી તે પુનર્લગ્ન કરનારને તેમની જ્ઞાતિએ ન્યાત બ્હાર મેલ્યાં હતાં. પરંતુ ગયા સપ્ટેમ્બર માસમાં આ પુનર્લગ્ન કરનારની અરજી ઉપરથી તે જ્ઞાતિના પંચે સોમનાથ મહાદેવમાં ૧૨૫ રૂદ્રીઓ કરાવવાનું પ્રાયશ્ચિત કરાવી ન્યાતમાં લેવાનો ઠરાવ કર્યો છે.

**એક ભાટીયા સ્ત્રીની સખાવત**—સુરતના મર્હુમ ભાટીયાગૃહસ્થ ઠક્કર ભવાનીદાસ કાશીદાસની વિધવા સ્ત્રી તરફથી સુરતમાં એક સેનીટરીરીયમ (માંદગીની સ્થિતિમાં શરીર સુધારવા માટે હવા ખાવાનું સ્થાન) રૂપીયા પચીસ હજારના ખર્ચે બંધાવવાનું છે એમ ખબર મળી છે.

**કન્યાકેળવણીને ઉત્તેજન**—મુંબાઇમાં લક્ષ્મીબાઇ તથા ખેતબાઇ કન્યાશાળામાં અભ્યાસ કરતી કન્યાઓને ઇનામો આપવાંનો મોટો મેલાવડો મળ્યો હતો તેમાં આશરે ૨૫૦ સન્નારીઓ હાજર થઇ હતી. તેમાં સૌ. માણેકબાઇ કાનજી કવિએ કેળવણીનો મુખ્ય

હેતુ ઘણા સારા શબ્દોમાં સમજાવ્યો હતો તથા બીજી પણ કેટલીક સ્ત્રીઓએ એ વિષયમાં વિવેચન કર્યું હતું. અન્ય કેટલીકોએ શાળાને રૂપીયાની ભેટો પણ આપી હતી.

**હિંદુ સ્ત્રીઅધિપતિનું મરણ**—"પંડિત" પત્રના અધિપતિનું કામ કરનાર અને પુનાની સીવીલ અને મીલટરી આર્ફનેજ નામના એક અનાથબાલાશ્રમની વ્યવસ્થાપક મીસીસ **તારાબાઇ વાનાવે** ૩૬ વર્ષની યુવાન વયે ગયા સપ્ટેમ્બર માસમાં દેવલોક પામ્યાં છે. આ સ્વર્ગસ્થ સન્નારીએ કોઇની પણ મદદ વિના ઉપર જણાવેલી સંસ્થામાં વિધવાઓ છોકરાઓ અને છોકરીઓને આશ્રય આપવામાં કાળજીભરી મહેનત લીધી હતી. સંસારી કોન્ફરન્સમાં મરનાર બાઇએ મુંબાઈ અને બનારસ ખાતે અંગ્રેજી, હિંદી, મરાઠી ભાષામાં ભાષણો આપ્યાં હતાં. આ સ્વર્ગસ્થના સ્મરણાર્થે તેમના પતિ તરફથી દરેક રૂ. ૧૦) ની ચાર સ્કોલરશીપો સ્થાપવામાં આવી છે, જે ચોથા કે પાંચમા ઇંગ્રેજી ધોરણમાં પાસ થઇ આગળ અભ્યાસ કરનાર કન્યાને એવી સરતે મળશે કે તે સ્કોલરશીપ મેળવનારે અભ્યાસ પુરો કર્યા પછી તેમણે સ્થાપેલા અનાથબાલાશ્રમમાં ત્રણ વર્ષ સુધી મદદ કરવી.

**ગુજરાતી વિષયો માટે ઇનામો**--નીચેના વિષય ઉપર નિબંધ લખનાર ગુજરાતી સ્ત્રીઓને-ઇનામ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. "આપણો ગૃહસંસાર ઉત્તમ રીતે ચલાવવાની યોગ્યતા સ્ત્રીઓ શી રીતે પ્રાપ્ત કરી શકે?" ઇનામ પહેલા નંબરને રૂ. ૫૦, બીજાને રૂ. ૩૦, તથા ત્રીજાને રૂ. ૨૦. આ ઇનામો માટે નિબંધ લખવા માટે ગુજરાતી જ્ઞાન ધરાવનાર સર્વ કોઇ સ્ત્રીને છુટ છે. ઉમેદવારોએ ગોવર્ધનરામ કૃત સરસ્વતીચંદ્ર તથા લીલાવતી જીવનકલા એ પુસ્તકોનો સારો અભ્યાસ કરેલો હોવો જોઇએ. નિબંધ બનતા સુધી ૫૦૦ લીટી જેટલો અથવા ૨૫ કાગળ ભરાય એટલો હોવો જોઇએ. પરીક્ષક મંડળ (જેમાં એક સુશિક્ષિત સ્ત્રીને પણ બનશે તો રાખવામાં આવશે તે) સ્વતંત્ર રીતે પોતાનું પરિણામ જણાવશે ત્યાર પછી ઇનામો આપવામાં આવશે. લેખકોએ કવરમાં પોતાનાં નામ લખી તે બંધ કરી પોતાના નિબંધ સાથે મોકલી દેવાં. નિબંધો તા. ૧૫ મી માર્ચ ૧૯૦૭ પહેલાં નીચેને શરનામે મળવાં જોઇએ.

**મી. દીપચંદ માણેકચંદ ઝવેરી.**
લીન્ડન ગાર્ડન્સ એઝવોટર, **વેસ્ટ લન્ડન.**
( આ ઇંગ્લાંડ દેશનું શરનામું છે. )

**ગણપતિઉત્સવની ખુશાલીમાં ગુજરાતી સ્ત્રીમંડળનો મેલાવડો**—ગયા ગણપતિના ઉત્સવ પ્રસંગે મુંબાઇમાં મી. મનમોહનદાસ દયાળદાસ સરાફને ઘેર તેમનાં પત્ની જડાવ બાઇએ ગુજરાતી સ્ત્રીમંડળનો એક મેળાવડો કર્યો હતો જેમાં લગભગ ૧૫૦ ગુજરાતી સન્નારીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જાણીતા લોકપ્રિય સંગીત જાણનાર રા. દામોદર જગજીવન માસ્તરે સંગીતમાં બોધરૂપ ભજનો તથા પદો ગાયાં હતાં. તેમના નીતિ અને જ્ઞાન દર્શાવનારાં ગાયનોથી સર્વ સ્ત્રીઓને આનન્દ તથા બોધ મળ્યો હતો. ગાયનો ગણેશસ્તુતિ, ભક્તિ, સ્ત્રીકેળવણી, સ્ત્રીધર્મ, સતી સ્ત્રીઓનું સ્મરણ, વૈરાગ્ય તથા દ્રૌપદીની સ્તુતિ વિષેનાં હતાં.

---

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઈના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઈચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને. કુટુમ્બના બાલકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિપરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઇ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુઓન્દરીના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૬ નવેમ્બર—કાર્તિક વિ. સં. ૧૯૬૩. [અંક ૩ જો.

## ज्ञानसुगन्ध.

**प्रबळ इच्छाशक्ति**—पर्वतमांथी नीकळेली अने समुद्रने मळनारी नदीना प्रबळ प्रवाहनी गतिने जेम कोइपण अटकावी शकतो नथी, तेमज ए सघळा अचळ, अडग, अने दृढ प्रतिज्ञावाळा माणसोनी इच्छानी सामे स्नेह, ममता, सुख, ऐश्वर्य, दुःख, दरिद्रता, रोग, शोक वगेरे कोइ पण टकी शक्या नहीं. सुखनी मोहिनी मूर्त्ति अथवा दुःखनी भयंकर भ्रूकुटि कोइपण इच्छाशक्तिनी गति रोकवाने समर्थ नथी. इच्छित वस्तु मेलववाने माटे अने मननी कामना पूर्ण करवा माटे मनुष्य पोताना देह अने मननी उपर इच्छाशक्तिनो प्रयोग करे छे. सिद्धि मेलववी अथवा देहपात करवो, ए बे सीमानी वचमां ते कार्य करे छे. आ बे सीमानी अंदर कोइपण जगाए ए शक्ति विराम पामती नथी. ए शक्ति एवी प्रबळ छे. सर्व शक्तिमान् अने मंगळ करनार परमेश्वरे मनुष्यनी अंदर आ महा शक्ति मुकेली छे. आपणे ए शक्तिनु माहात्म्य जाणता नथी, एटलुं ज नहि पण आपणामांना घणाको आ शक्तिनी हयातिनी वात पण जाणता नथी. ए आत्मशक्तिनो विषय जाणवानी अने तेनो परिचय मेळववानी जरुर छे.

कर्मक्षेत्र.

# કાવ્યકુંજ

## ચાલ, સખિ ! ફૂલ વીણીએ !

ચાલ્ય, સખિ ! ફૂલ વીણીએ !

ઉપવનમાં ફરીએ;
લતાએ વિચરીએ;
અવચય કરીએ; ચાલ્ય, સખિ ! ફૂલ વીણીએ !

ન્હાના ન્હાના છોડને, આવ્યાં રંગીન ફૂલ;
ખીલ્યાં, ચાલો વીણીએ, કરીએ હૃદય પ્રફુલ્લ.

કંઈક ધોળાં ! કંઈક પીળાં ! કંઈક રાતાં !
વળી કંઈક ખીલેલ્ય ગુલાબી ! અવચય કરીએ;—ચાલ્ય.

નાના રંગે આ ખીલ્યાં, અહિં પુષ્પ અપાર;
કંઈક સુગન્ધિ આપતાં, કંઈક વ્યર્થ દે ભાર.

ખીલ્યાં જો પુષ્પો કેવાં ?
સુરભિ સુરભિ સ્હેો લેવાં.
વીણવાં ને સહૂને દેવાં. અવચય કરીએ—ચાલ્ય.

વિશ્વોદ્યાને વિવિધ આ રંગીન પુષ્પ અનેક;
અવચય કરીને વ્હેંચવાં સહચાતુર્ય વિવેક.

લક્ષ પૂર્ણ આપશો;
હૃદય હર્ષ સ્થાપશો;
વ્યાપશો સકલ સ્થળમાં સુખે.—
—અવચય કરીએ—
ચાલ્ય, સખિ ! ફૂલ વીણીએ.

**સ્નેહજ્યોતિ.**

કઠિન શબ્દોના અર્થ:—ઉપવન=બાગ. લતા=વેલી. અવચય=સંગ્રહ. પુષ્પ=ફૂલ. વ્યર્થ=ફોગટ. સુરભી=સુગંધી. વિશ્વોદ્યાને=જગત્ રૂપી બાગમાં. સહચાતુર્ય=ચતુરાઈ સાથે.



Shri Hansa Mehta Library, The M. S. University of Baroda
AP 95 G8S6 1907 G5061

# વાર્તાલહરી.

## વિદ્વન્મણિ.

( ગતાંકથી અનુસન્ધાન. )

બીજે દિવસે સ્હવારે પ્રોફેસર વિદ્વન્મણિ જમીને હીંચકા પર બેઠા બેઠા સોપારી કાતરી ખાતા હતા તેવામાં નીચે કોઇએ બૂમ પાડી: "આ તાર લેજો." નીચે જઇને સિપાઇને સહિ કરી આપી તેમણે તે તાર લીધો. ઘણી ઉત્સુકતા સાથે તેમણે તે ઉઘાડયો. ડૉ. જહાંગીરજીનો તાર હતો. આ પ્રમાણે શબ્દો હતા. "જલદી અત્રે આવો, ઘણુંજ અગત્યનું કામ."

ડૉકટર તારથી પોતાને શા માટે બોલાવતા હશે તે બાબત વિદ્વન્મણિને વિવિધ વિચાર થવા લાગ્યા. ડૉકટર જહાંગીરજીને તે એકવાર મળ્યો હતો. તેના પ્રચંડ શરીર, ભવ્ય મુખાકૃતિ, નિખાલસ, ગંભીર પ્રકૃતિ અને વાતચિતથી તે અંજાઇ ગયો હતો. તેની પાસે જવું તે બાબત તે મોટા વિચારમાં પડી ગયો.

તાર લઇને ઉપર આવ્યો ત્યારે ઉતરી ગયેલું તેનું મ્હોં, તેનો ફિક્કો ચ્હેરો જોઇ પ્રસન્ને પ્રશ્ન કર્યો "કોનો તાર છે ?"

તેણે જવાબ આપ્યો "ડૉ. જહાંગીરજીનો, તે મને શા માટે બોલાવતા હશે ? તમે તેમને કાંઇ વાતચિત કરી હશે. મને બોલાવવાના કારણની તમને ખબર હોવીજ જોઇએ."

પ્રસન્ન બોલી "મને તે બાબત બિલકૂલ ખબર નથી. પણ તમારૂં મ્હોં આટલું બધું કેમ ઉતરી ગયું છે."

વિદ્વન્મણિ ખીજાઇને બોલ્યો, "મ્હારૂં મ્હોં ઉતરી ગયું છે? શા માટે મ્હારૂં મ્હોં ઉતરી જાય ? એવી કોઈપણ બાબત નથી કે ડૉકટર જહાંગીરજીના બોલાવવાથી મ્હારૂં મ્હોં ઉતરી જાય. લાવો, મારો કોટ લાવો; હમણાંજ કોલેજ-અવર* પહેલાં જઇ આવું."

પ્રસન્ન કોટ લાવી તે તેણે પ્હેરી લીધો અને ડૉકટરને મળવા તે ચાલી નીકળ્યો. ચર્નીરોડના સ્ટેશનથી લોકલમાં બેસી **બી. બી. સી. આઈ.** રેલ્વેના **માં**ટુંગા રોડ સ્ટેશને તે આવ્યો અને ત્યાંથી ડૉકટરના મકાને ગયો. સિપાઇને વર્દી આપી. સિપાઇ તેને દિવાનખાનામાં બેસાડી ડૉકટરને વર્દી આપવા ગયો. અલ્પ સમય પછી ડૉકટર આવ્યા. તેમણે કહ્યું "કેમ **મિ. વિદ્વન્મણિ** આવ્યા કે ? હું ધારૂં છું કે તમારી તબીયત હવે સારી થઈ હશે. હમણાંની તમારી તબીયત સારી રહેતી નથી એ જાણી હું ઘણો દિલગીર છું."

વિદ્વન્મણિએ ઉત્તર આપ્યો "હા, જરા એમ ચાલે છે. આજ જો કે અત્યારે મારી તબીયત ઠીક છે. પણ ડૉકટર સાહેબ, આપે કાલે જે દવા મોકલાવી તેથી રાત્રે જીવ ઘણો ચુંથાયા કરતો હતો. રાત્રે બિલકૂલ ઉંઘ આવી નથી-નહિ જેવી આવી હતી."

* કોલેજનો વખત.

ડૉ. જહાંગીરજીએ કહ્યું "તે દવાજ એવી હતી. એક અઠવાડિયા સુધી તો તેની ખરાબ અસર અવશ્ય નહિ જણાય. મેં તમને તારથી બોલાવ્યા તે તમને એક ઘણી જ અગત્યની બાબતના સંબન્ધમાં વાત કરવા બોલાવ્યા છે. પ્રથમ મારે તમને જણાવવું જોઇએ કે આજની વાતચિત આપણે એને જ જાણવા જેવી-સમજવા જેવી છે. કોઇ પણ પ્રકારે તે બીજાને કાને ન જવી જોઇએ."

વિદ્વન્મણિ બોલ્યો "જેવી તમારી ઈચ્છા."

ડૉકટરે કહ્યું "વારૂ ત્યારે **મિ. વિદ્વન્મણિ** મેં એક ઘણી જ મોટી ભૂલ કરી છે. પરંતુ તે તમને ઘણી લાભકારક, ફાયદાકારક છે." "ત્યારે તેને માટે ડૉકટર સાહેબ, મારે તમારો મોટો આભાર માનવો જોઇએ. પણ આ વાતચિતનો ભેદ-તેનું રહસ્ય હું સમજી શકતો નથી."

ડૉ. જહાંગીરજીએ કહ્યું, "તેનો ખુલાસો આ પ્રમાણે છે. કાલે **પ્રસન્ન** અહિં આવી હતી તેણે મને જણાવ્યું હતું કે તમે તમારા સાંસારિક જીવનથી કંટાળી ગયા છો અને કોઈ પણ રીતે તેનો અન્ત આણવા, આત્મઘાત કરવા ધારો છો. એ વાત સત્ય છે?

વિદ્વન્મણિએ ઉત્તર આપ્યો, "હા, તે વાત મેં કરેલી ખરી; પણ—

ડૉકટર બોલ્યા "તમે એમ ન ધારતા કે તમારા આ ઇરાદા, તમારા આ વિચાર માટે તમને ઠપકો આપવા મેં તમને બોલાવ્યા છે. તમને માત્ર એટલુંજ કહેવાનું કે તે કામ કરવા પહેલાં બિચારી **પ્રસન્ન**ને બ્હીવડાવવી, ગભરાવવી એ તમારા જેવા વિદ્વાન, ગૃહસ્થ, મર્દ માણસને શોભતું નથી. મેં તો તેને તેજ વખતે જણાવ્યું હતું કે મરવું, આત્મઘાત કરવો એ ઘણું મુશ્કેલ કામ છે અને તે કરવાની મિ. વિદ્વન્મણિમાં હિંમત જ નથી."

વિદ્વન્મણિ ઘણો અભિમાની હતો. તેને આ ટીકાનો સખ્ત આઘાત લાગ્યો. તેણે ગરમ થઈ જઈ ઉત્તર આપ્યો "તમે ગમે તેમ ધારો, ગમે તે અનુમાન બાંધવાને તમને સ્વતંત્રતા છે, જો કે મારા વિચાર પ્રમાણે આવી તેવી બાબતમાં તમારે વચ્ચે પડવું યોગ્ય નથી. ઉતાવળથી બાંધેલો તમારો અભિપ્રાય અલ્પ સમયમાં ફેરવવાનું તમને કારણ મળશે. મેં તે બાબત નિશ્ચય જ કરેલો છે."

ડૉકટર શાંતિથી બોલ્યા "મારે તેટલું જ જાણવાની અગત્ય છે. વારૂ, ત્યારે તમે આત્મઘાત કરવાનો નિશ્ચય કર્યો છે તો તે સંબંધની સઘળી તકલીફમાંથી મેં તમને મુક્ત કર્યા છે. હું આશા રાખું છું કે તે માટે તમે મારો ઉપકાર માનશો. મેં પ્રથમ જે ભૂલ વિષે તમને વાત કરી છે તે ભૂલને પરિણામે હવે તમે આ દુઃખી સંસારથી સાત દિવસમાં મુક્ત થઇ જશો."

ડૉકટર જહાંગીરજીના શાંતિ અને દૃઢતાથી બોલાયલા આ શબ્દો સાંભળી વિદ્વન્મણિ ગભરાઇ ગયો.

તે બોલ્યો "ડૉકટર, આ શું ખરી વાત છે? તમે મશ્કરી કરતા હશો-ભૂલતા હશો".

ડૉકટરે જવાબ આપ્યો "મેં કબૂલ કર્યું છે કે મેં ભૂલ કરી છે. કાલે મારે જે દવા તમને આપવી જોઇએ તેને બદલે ઉતાવળમાં મેં તમને બીજી દવા આપી છે. આ દવા મેં મોટા શ્રમ લઇ **તૈયાર કરી હતી. ૨૫ વર્ષના સતત** પ્રયાસથી એટલી દવા તૈયાર થઇ



હતી. આ દવા તમને આપવાથી મને મોટું નુકસાન થયું છે. તે દવા પર તો મેં લાંબી લાંબી આશાઓ બાંધી હતી—તે દવા પર તો મારા ભાગ્યના ઉદયનો આધાર હતો. આ ઔષધની બનાવટ તદ્દન નવીન અને વિલક્ષણ છે. દવા લેનારની તબીયત બરોબર એક અઠવાડિયા સૂધી, ૧૬૮ કલાક સૂધી, ઘણી સારી રહે છે પણ જ્યાં ૧૬૮ મો કલાક પૂરો થયો કે એકદમ શરીરની અંદર મોટો ફેરફાર થવા લાગે છે. હૃદયનાં દ્વાર સંકુચિત થાય છે અને પોતાનું કામ કરતાં બંધ પડે છે. અન્ત કાળ સૂધી કોઇ પ્રકારની પીડા થતી નથી. આત્મઘાત કરનારને આ ઔષધના જેવો એકે સરલ સુખકર માર્ગ મળવો મુશ્કેલ છે. આ ઔષધ તૈયાર કરવાના મારા યત્નને નિષ્ફલતા ન મળે તે માટે ગધેડાઓ પર તેનો મેં પ્રયોગ કરી જોયો છે. શીશીમાંની જે દવા તમે કાલ પીધી છે તેટલી દવા પચીસ જાનવરના પ્રાણ લેવાને પૂરતી હતી. મિ. વિદ્વન્મણિ, તમે કેમ ફીક્કા પડી ગયા છો? તમારી તબીયત તો બગડી નથી?

વિદ્વન્મણિ નખશીખ ધ્રૂજતો હતો. તેનો ચ્હેરો ઘણો ફિક્કો પડી ગયો હતો. તે ભાગ્યા ત્રુટયા સ્વરથી બોલ્યો "ડૉ. જહાંગીરજી આ વાત ખરી છે? ડૉકટર, મને બચાવવા માટે કાંઇ ઉપાય નથી? મારે આશા રાખવા જેવો કોઇપણ રસ્તો નથી?"

ડૉકટરે ઉત્તર આપ્યો, "બચવાનો બિલકૂલ ઉપાય નથી, અને તમારે આશા રાખવાની શી અગત્ય છે? મૃત્યુને માટે તો તમે નિશ્ચય કર્યો છે"

વિદ્વન્મણિ એક બાળકની પેઠે તોતડાતો બોલ્યો, "ડૉ. જહાંગીરજી, હું કબલ કરૂં છું કે આત્મઘાત કરવાના ઉદ્દગાર કાઢવામાં મારી મોટી ભૂલ, બેવકૂફી થયેલી છે. હું કદી તેમ કરત નહિ. આત્મઘાત કરવાને ખરી રીતે મને ઇચ્છા થઇ જ નથી. મને તમારે બચાવવો જોઇએ. મૃત્યુ પછી થતી દાક્તરી તપાસ+વખતે સર્જનને* માલમ પડશે કે મારૂં ખૂન થયું છે અને તે તમારા હાથથી થયું છે."

"મિ. વિદ્વન્મણિ, તમારૂં મગજ ઠેકાણે નથી. તમે એક ગાંડા માણસની પેઠે વાત કરો છો. મેં તમને ન્હોતું કહ્યું કે મારી ભૂલ થઇ છે? વળી જ્યારે મૃત્યુની તપાસ થશે (વિદ્વન્મણિ ધ્રૂજવા લાગ્યો) ત્યારે હૃદય બંધ પડી ગયું છે એવોજ નિર્ણય આવવાનો છે."

વિદ્વન્મણિની હવે હિંમત રહી નહિ. તે ગભરાઇ ગયો. તેની આંખ્યમાં આંસુ આવી ગયાં—ડસકાં ખાવા લાગ્યો. તે ઘણીજ નમ્રતા સાથે ડૉકટરને આગ્રહ કરવા લાગ્યો, "મને બચાવવાને કાંઇ ઔષધ નહિ આપો? ડૉકટર, મારૂં મૃત્યુ તમને તમારા અંતઃકરણમાં જન્મ પર્યન્ત સાલ્યા કરશે."

ડૉ. જહાંગીરજીએ કલમ હાથમાં લઈ કહ્યું "આવા અકસ્માત તો હમેંશાં બનવાના. એવું કેટલુંક દિલપર રાખતા ફરીએ! મારા ધારવા પ્રમાણે હવે જો કે બિલકૂલ આશા રાખવા જેવું નથી છતાં બિચારી **પ્રસન્ન** પર મને ઘણી દયા આવે છે અને તેને ખાતર તમને બચાવવા માટે મારાથી બનતો યત્ન હું કરીશ. પરન્તુ, એક બાબત તમારે ખસુસ ધ્યાનમાં રાખવાની છે કે બચવાનો ઘણો ખરો આધાર તમારા ઉપર છે. તમારે સરલ જીવન અખ્ત્યાર કરવું પડશે. સાદો ખોરાક લેવો પડશે, માલ મ-

+ Post mortem Examination. * વ્હાડકાપ કરનાર દાક્તર, શસ્ત્રવૈદ્ય.

શાલા, ચ્હા આદિ જેવાં મોજશોખ તમારે મૂકી દેવા પડશે. સૌથી અગત્યનું તો એ
છે કે કોઈ પણ બાબત તમારે ઉદ્વેગ કરવો નહિ, ગુસ્સે ન થવું, ચ્હીડાવું નહિ, સુસ્વભાવ
રાખવો, હમેશાં સંતોષ અને આનન્દમાં રહેવું. દિલગીરીમાં, ઉદ્વેગમાં, ક્રોધમાં, નિરાશાજનક
વિચારોમાં વહેમમાં ફસી પડ્યા તો પછી બચવાનો કોઈ પણ રસ્તો નથી. ઘરમાં તેમ બ્હાર,
સર્વત્ર આનન્દમાં રહેવું. મને કહેતાં ઘણી દિલગીરી થાય છે; જો કે મ્હારે કહેવું જોઇએ કે
હાલની તમારી મુઝવણ, **પ્રસન્ન** તરફ બેદરકારી રાખવા માટે તમને એક સજા સમાન છે.
તમે હમેશાં તમારી આપત્તિ, તમારી અગવડો તમારી તબીયત વિષે ફરિયાદ ઉઠાવ્યા કરો
છો પરન્તુ, **પ્રસન્ન** તમારી **પ**ત્ની છે, તેને કોઈ પ્રકારની **આ**પત્તિ, **અ**ગવડ છે કે કેમ, તેની
તબીયત બરાબર રહે છે કે કેમ, તે સુખી છે કે દુઃખી, તે વિષે તમને કદી વિચાર આવ્યો
છે? કોલેજના તમારા કર્તવ્ય તરફ, ગણિતના તમારા વિષયપર, મિત્રો અને સ્નેહીઓને ખુશી
રાખવા તરફ તમે લક્ષ આપો છો, **પ્રસન્ન** હરેક રીતે તમારી આજ્ઞા ઉઠાવે, તમારાં સુખ
સગવડ માટે શ્રમ વેઠે એવી ઇચ્છા તમે રાખો છો, પરન્તુ **પ્રસન્ન**ને હરેક રીતે સંતોષ આપવો,
હરેક રીતે તેને આનન્દયુક્ત રાખવી એ તમારૂં કર્તવ્ય છે તે તરફ તમારૂં લક્ષ ગયું છે?
તેનાં સુખ સગવડ માટે યત્ન કરવાની તમને કદી ઇચ્છા પણ થઈ છે? શારીરિક અને
માનસિક એ બન્ને મિશ્ર ઉપાધિના તમે ભોગ થઈ પડ્યા છો. શારીરિક તેમ માનસિક આ-
રોગ્ય માટે ચિત્તની શાંતિ અને પ્રસન્નતા ઘણાં જરૂરનાં છે. જગત્‌ના વિવિધ પ્રકારના પરિ-
તાપ, સંકષ્ટ, કલેશ એક સુશીલ સન્નારી–સુપત્ની નિવારી શકે છે. પતિના અનેક પ્રકારના
ઉદ્વેગ દૂર કરી તેને માનસિક શાન્તિ અને આનન્દ તે આપી શકે છે. **પ્રસન્ન** હમેશાં, તમારાં
સુખ સગવડને માટે, તમારી અગવડો દૂર કરવા તરફ લક્ષ આપતી આવી છે તે તમારા
ધ્યાનમાં છે? તમને પ્રસન્ન રાખવાના તેના યત્નની કદર, તેની ગણના તમે કરી છે? તમે કેવી
રીતે સુખ શાન્તિમાં રહો, તમે કેવી રીતે આનન્દમાં રહો તે બાબતની તેની ઉત્સુકતા, તેની
તમારા તરફની સદ્‌વૃત્તિ, સદ્‌ભાવ, સ્નેહ, તેની સેવા, તે સર્વનો યત્કિંચિત્ પણ બદલો આ-
પવાનો તમને કદી વિચાર આવ્યો છે? તમને પ્રસન્ન રાખવાના તેના સઘળા શ્રમનું વિસ્મરણ
કરવાને, તે તરફ દુર્લક્ષ કરવાને તમે નિશ્ચય જ કર્યો જણાય છે, અને તેથી તમે સતત, સર્વ
કાલ સંતપ્ત, કંટાળેલા, ગભરાયલા, મુઝાયેલા, ચીઢાયલા, દુઃખી, ઉદ્વિગ્ન રહો તેમાં કાંઈ આશ્ચર્ય
નથી. માનસિક શાન્તિ અને આનન્દ, સરલ ખાનપાન અને મિતાચાર રાખશો તોજ તમને
બચાવવા માટે જે કાંઈ ઔષધ હું તમને આપીશ તેની સારી અસર થવાનો સંભવ છે.
તેમ નહિ થાય તો મારા સઘળા યત્ન નિષ્ફળ જશે એ નક્કી સમજજો. એક સુશીલ પત્નીના
સ્નેહવિનિમયની એક ક્ષણ, એક પળ, તેનું એક મધુર સ્મિત, તેનો એક મીઠો શબ્દ, જીવનના
અનેક ઉદ્વેગ ભૂલાવવાને, જીવનને, સુખ શાન્તિ, આનન્દ અને આશામય બનાવવાને સમર્થ છે.
તે અનુપમ ક્ષણ, તે મધુર સ્મિત, તે મીઠા બોલની મઝા લેવાને તમે દરકાર કરી છે?
મારી ભૂલ અને તમારો ગભરાટ એ તમને એક ઉપદેશ રૂપ છે અને તે ઉપદેશ તમે નહિ
સ્વીકારો તો સાંસારિક સુખ શાન્તિ મેળવવાને માટે તમે અયોગ્ય છો એમ મારે કહેવું પડશે.
હું આશા રાખું છું કે બિચારી **પ્રસન્ન**ના સુખને ખાતર, તમારા પોતાના, તમારા બન્નેના સુખને
ખાતર મારી સૂચનાઓ અક્ષરે અક્ષર પાળશો. તેમ થશે તો તમે તમારા હાલના જોખમ-
માંથી મુક્ત થશો એટલું જ નહિ પરંતુ, કદાચ, તમારી તબીયત સંબંધની પહેલાંની તમારી



સઘળી ફરિયાદો દૂર થઈ તમે નવીન આરોગ્ય ભોગવવાને ભાગ્યશાળી થશો. આ સઘળું બન્યા પછી, મારી સૂચના પાળવાથી, મારા ઔષધથી તમારા બચવાની, સુખી દમ્પતીજીવનના આરમ્ભની માંગલિક આશા ઉત્પન્ન થવા પામી છે એ જોઈ મને ઘણો આનંદ થશે એમ હાલ મારૂં ધારવું થયું છે."

**વિદ્વન્મણિ** બોલ્યો "ડૅાક્ટર, હું મારી જીંદગીને માટે, સુખી સાંસારિક જીવનની આશાને ખાતર, તમારી સૂચના અક્ષરે અક્ષર પાળીશ. તમારૂં કહેવું તદ્દન ખરૂં છે. હું કબૂલ કરૂં છું કે હાલની મારી મુશીબતોનું મુખ્ય કારણ હું પોતે જ છું. આપે જે મને ઠપકો આપ્યો છે તે યથાર્થ છે. તેને માટે હું સર્વ રીતે પાત્ર છું. પ્રતિજ્ઞા કરૂં છું કે ઇશ્વરકૃપાથી અને તમારા ઔષધથી હું બચવા પામીશ તો પુનઃ તેવો દોષ હું કદી નહિ કરૂં. ખરેખર, મેં મોટી મૂર્ખતા કરી છે. મારી તબીયતના, સુખ સગવડના સંબન્ધમાં મેં એને અનેક રીતે દુઃખ દીધું છે. એના સુખ વિષે મને સ્વપ્ને પણ વિચાર આવ્યો નથી. તેની સુખ શાંતિ પર મારી સુખ શાંતિ અને સંપત્તિનો મોટો આધાર રહેલો છે તે આજે જ હું સમજ્યો છું; અને તેને સર્વ રીતે સુખી કરવાને શ્રમ લઇશ એવો આજથી મારો દૃઢ સંકલ્પ છે."

* * *

ડૅાક્ટર **જહાંગીરજી**ના મકાનમાં **પ્રસન્ન** અને ડૅાક્ટર કાંઈક વાતચિત કરવામાં રોકાયલાં છે. **પ્રસન્ન** કહે છે કે "**જહાંગીરજી** કાકા, તમારા ઔષધની તેમના ઉપર **અદ્‌ભુત** અસર થઈ છે. તમારો હું મોટો પાડ માનું છું. પ્રથમમાં અને હાલમાં તેમનામાં ઘણો ફેરફાર થયેલો છે. જાણે તે હોય જ નહિ. તેમના દરેક વર્તનમાં હાલ, સ્નેહ અને સુશીલતા, ઉત્સાહ અને આનન્દ જોવામાં આવે છે. માંદગી અને વહેમના વિચારને તે હસી કાઢે છે. અનુપમ અપૂર્વ સુખની પ્રાપ્તિ પોતાને થયેલી છે એમ તે હાલ જણાવે છે. જમતી વખતે જૂદી જૂદી ફરિયાદો ઉઠાવવાને બદલે, બડબડાટ કરવાને બદલે, સર્વ વસ્તુ પ્રત્યે પોતાનો સંતોષ તે દર્શાવે છે. પ્રથમની માફક માલ મશાલાને બદલે સાદા ખોરાક માટે તે આગ્રહ કરે છે. ચ્હાનું તો નામ તેમને ગમતું નથી. પણ **જહાંગીરજી** કાકા આવા સંપૂર્ણ અને આકસ્મિક ફેરફારમાં મને કાંઇક ચમત્કાર જેવું લાગે છે. ગઈ કાલે એક બે વખત તો ઉંઘમાં ડસકાં ખાતાં સાંભળ્યાથી હું ઝબકી ઉઠી હતી."

સુશીલ સ્વભાવના ડૅાક્ટરે સ્મિત કર્યું અને આનન્દયુક્ત ચ્હેરે તેણે જણાવ્યું કે "**પ્રસન્ન**, **વિદ્વન્મણિ** તેટલી હેરાનગતીથી પણ થોડા સમયમાં મુક્ત થશે. તે વિષે બિલકૂલ ચિન્તા રાખીશ નહિ. તેઓ હમેશાં મારી પાસે આવી જાય છે. મારી હરેક રીતે ખાતરી થઈ છે કે તેમની તબીયત સુધરતી જાય છે. ત્હારૂં પણ લગભગ તેમજ કહેવું છે."

"**જહાંગીરજી** કાકા, હું અહિ આવી હતી એમ તેમને જણાવશો નહિ."

"ના, ના, ના, ના, ના હું કદી નહિ જણાવું."

* * *

સાત દિવસ પૂરા થયા છે. **પ્રોફેસર વિદ્વન્મણિ** ડૅા. **જહાંગીરજી**ની સામે ખુરશી નાંખી બેઠેલા છે. બારણાં બંધ છે.

**પ્રોફેસર** કહે છે "ડૅાક્ટર, કેમ કાંઈ ઉપાય હાથ લાગ્યો છે? નિરાશા, ઉદ્વેગ, ક્રોધ અને

વ્હેમના વિચાર મેં સાત દિવસ દૂર રાખ્યા છે. દિવસ આનંદમાં જતા પરંતુ કોઇ કોઇ વખતે રાત્રે ઘણાં ભયંકર, ખરાબ સ્વપ્ન આવતાં. ગઇ રાત્રીએ તો જાણે હું મારા મકાનમાં બેઠેલો છું અને નાટક કંપનીઓ ઊપડતી વખતે છેલ્લો ખેલ, છેલ્લો ખેલ, એવાં પાટીયાં ચોઢે છે, ફેરવે છે, તેમ મારી મેડીમાં ચોગરદમ છેલ્લો દિવસ, છેલ્લી રાત, એવાં પાટીયાં મારા જોવામાં આવ્યાં હતાં. આથી હું ઘણોજ ગભરાઇ ગયો હતો."

ડૉકટર જહાંગીરજી ઉઠ્યા અને પાસેના એક કબાટમાંથી કાંઈ દવા લાવી પ્યાલામાં પાણી સાથે મેળવી અને શાંતિથી બોલ્યા. "મિ. વિદ્રન્મણિ, આ પી જાઓ."

ઘણી ઉત્સુકતા સાથે વિદ્રન્મણિએ તે દવા પીધી. ગભરાટ સાથે પ્યાલો નીચે મૂકતાં મૂકતાં તેણે કહ્યું "પણ ડૉકટર, આ તો તે દહાડા વાળી જ દવા છે. તેવોજ સ્વાદ આજની દવામાં છે. તમે ફરી ભૂલતો નથી કરી?"

ડૉકટરે તરત જ જવાબ આપ્યો "ખરૂં પૂછો તો તે તેજ દવા છે. તેમાં કોઇપણ પ્રકારનો સંદેહ નથી. કશી ભૂલ થઈ નથી."

વિદ્રન્મણિએ ભય પામી કહ્યું "ભૂલ નથી થઈ? તમારૂં બોલવું હું બરાબર સમજી શકતો નથી."

ડૉ. જહાંગીરજીએ ધીરેથી જવાબ આપ્યો. "મિ. વિદ્રન્મણિ, ત્યારે હું ખુલાસે કરૂં છું કે પ્રસન્ન તરફના તમારા કર્તવ્યનું ભાન કરાવવાને, તમારા જીવનની કડવાશ, કલેશ દૂર કરી તમારો સંસાર સુખી કરવાની શુભેચ્છાથી આરમ્ભથી અત્યાર સુધી મેં એક નિર્દોષ પ્રપંચ રચ્યો હતો. કદાચ એ ઠીક નહિ કહેવાય, પરન્તુ તમે જાણો છો કે પ્રસન્નના પિતા મારા પરમ મિત્ર હતા અને તે મારી કાંઇ સલાહ, સહાય માગે તે મારે આપવી એ મારી ફરજ છે. એક અઠવાડિયા અગાઉ પ્રસન્ન મારી પાસે આવી અને આત્મઘાત કરવાના તમારા ભયંકર. ત્રાસજનક, વિચારો, નિર્દય ધમકીઓના સંબંધમાં તેણે મારી સલાહ માગી ત્યારે મને સમજાયું કે આ બાબતમાં હું કાંઇ પણ પગલાં સત્વર નહિ ભરૂં તો તમારી તેમ તેની ખરાબી થશે. પ્રથમ તો તેણે એટલું જ કહ્યું હતું કે તમારી તબીયત સારી નથી. ખરી વાત કહેતાં તે સંકોચાઈ. પરન્તુ, સઘળી હકીકત નહિ કહે તો મારાથી કશું નહિ બને એમ કહેવાથી તેણે બધી વાત મને કરી. જીવનનો અંત સમીપ હોય છે ત્યારે તેમાં કાંઇક વધારે મિઠાશ લાગે છે તેમજ જગતમાં ધનવાન તેમ નિર્ધન, વૃદ્ધ તેમ યુવાનને જે થોડા યા ઘણા કડવા, અરૂચિકર પ્રસંગોનો અનુભવ થાય છે તે વિષે બડબડાટ કરવા કરતાં, કડવાશ અને ક્લેશ જેમ બને તેમ દૂર રાખી જીંદગીની મિઠાશ, જીંદગીની મઝા ભોગવવાનો યત્ન કરવાથી મનુષ્યો કેટલાં સુખી થાય છે તે સિદ્ધ કરી આપવાનો મને વિચાર સૂઝ્યો. વિદ્રન્મણિ, જીવન એટલું અલ્પ છે કે નિરર્થક મોજશોખ, નકામા વ્હેમ, ઉદ્વેગ, ક્રોધ, તકરાર અને કકળાટમાં તે ગુમાવવાને બદલે ખરૂં સુખ, નિર્ભયતા, ઐકય, આનંદ અને શાંતિ મેળવવાને, સર્વત્ર સુખ શાંતિ ફેલાવવા માટે ગાળવું જોઇએ. કદાચ, મારે કહેવું જોઇએ તે કરતાં મેં તમને વધારે કહ્યું છે, પરન્તુ હું ધારૂં છું કે મારી સૂચનાઓનો તમે સારો, સવળો અર્થ લેશો—સૂચનાઓ નિરર્થક જવા દેશો નહિ."



વચમાં વિદ્રન્મણિ બોલી ઉઠ્યો, "પણ, ડૉકટર, પેલા ઔષધનું શું? તે બાબત હવે ખુલાસો કરો તો ઠીક."

ડૉકટરે સ્હેજ સ્મિત અને શાંતિ સાથે ઉત્તર આપ્યો, "તે તો માત્ર વિલાયતી મીઠું અને એક બીજી નિર્દોષ દવાની મેળવણી હતી."

આ સાંભળી વિદ્રન્મણિ એકદમ આનન્દમાં આવી જઈ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, "ડૉકટર, હું તમારો મોટો ઉપકાર માનું છું." અંતરની ઊંડી લાગણી સાથે ફરી તેણે કહ્યું "ડૉકટર હું તમારો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. તમારા સાદા ઔષધ અને સૂચનાઓની મારા પર જે સરસ અસર થઇ છે તે બીજા કોઇપણ ઔષધથી, કોઇ પણ રીતે થાત નહિ. તેથી મારી આંખ્યો ઉઘડી છે, તેથી હું શુદ્ધિમાં, મનુષ્યત્વમાં આવ્યો છું. મેં કેવી મૂર્ખતા કરી છે? જીવનસૌંદર્ય, જીંદગીની કિંમત, ઘરમાં એ કેવી સુશીલ, કેવી સદ્દગુણસંપન્ન છે તે મેં હવે જાણ્યું છે. પુનઃ તેની ઉપેક્ષા કરૂં, તેની તરફ બેદરકાર રહું તો સુખી જીવનને હું લાયક નથી, જીવનના માત્ર પરિતાપ અને કલેશને જ હું પાત્ર છું એમાં કશો શક નહિ.

ડાહ્યાભાઈ લક્ષ્મણ.

(સમાપ્ત.)

---

# આનન્દાશ્રમ.

## શકન ડોસો.

મારા પાડોશમાં એક એંશી વરસનો "શકન ડોહો" રહે છે. તે ડોસો શકનશાસ્ત્રમાં હુંશીઆર છે. આજકાલ જ્યોતિષશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર ઉપર લોકોની શ્રદ્ધા વધતી જાય છે જાણી એણે પોતાના શકનશાસ્ત્રના અનુભવ મને કહ્યા. અસલની ડોશીઓ તો શકનમાં પાવરધી હતી, પણ હવેની જવાન છોકરીઓ શકન ગણકારતી નથી તેમની આંખો ઉઘડે એ ઇરાદે શકનના ભેદ ડોસાજીએ મને કહ્યા. પ્રથમ તો ડોસાજીને છીંક ઉપર બહુ વ્હેમ છે. મને કહે કે "બીજા બધા વ્હેમના તો ઉપાય પણ છે, પણ છીંક આગળ કોઇનું ચાલતું નથી. મને પ્રથમ છીંકનો વ્હેમ નો'તો, પણ એક વખત લગનમાં હું ગયો. ત્યાં જેવો વર તોરણે આવ્યો તેવી છીંક આવી, જેવો હસ્ત મેળાપ થયો તેવી છીંક આવી. પરિણામ એ આવ્યું કે પંદર દિવસમાં એ કન્યા રાંડી. ત્યારથી, ભાઇને કહું કે, છીંકનો મને તો સજ્જડ વ્હેમ પેસી ગયો છે. માટે છીંક આવે તો સજ્જડ ધ્યાન આપવું. હવે છીંકના પ્રકાર છે. જો જમણા નાસ્કોરામાંથી છીંક આવે તો પા કલાક પછી કામ શરૂ કરવું. જો ડાબા નાસ્કોરામાંથી છીંક આવે તો અડધા કલાક પછી કામ શરૂ કરવું. અને જમણા તથા ડાબા નાસ્કોરામાંથી સાથે છીંક આવે તો વલ્લંફોક થઈ જાય, તે બન્ને છીંક જાણે છીંક નથી આવી

એમ જ ગણાય. તેથી ઉલટું જો બન્ને છીંક એક જ નાસ્કોરામાંથી આવે તો કામ શરૂ કરવાનો વખત લંબાય."

આપણે તો છીંકના ભાગવતથી કંટાળ્યા હતા તે બોલ્યા; "કાકા, હવે માફ કરો. લાખ વાતની એક વાત કે છીંક એ મોટો અપશુકન છે. છીંક આવે ત્યારે કાંઈ કામ કરતા હોઇએ તે ન કરવું. બાકી કાકા! જમણું નાસ્કોરૂં કે ડાબું નાસ્કોરૂં તે શી રીતે જોવાય? આપણે ચાલતા હઇએ રસ્તા ઉપર ને છીંક થાય ઘરમાં, તો છીંક ખાનારનું નાસ્કોરૂં ક્યાંથી જોવું?" "શકન ડોસો" નિરાશ થયો, ને વાત કહેવી બંધ કરી. હવે, આ "શકન ડોસો" એક વિચિત્ર પુતળું છે. વ્હેમ, વ્હેમને વ્હેમ એ શિવાય એનામાં કાંઇ બીજું જણાતું નથી. ઉઠે ને ભોગજોગે જો સાવરણીનું મોં દેખાઈ ગયું, તો ડોશીના બાર વાગ્યા સ્હમજવા. દાતણ કરી રહે કે ચીરીઓનો વ્હેમ! ચીરી ચતી પડી ન હોય તો ઓટલાથી હેઠળ ઉતરી ચીરી ચતી કરી હાથ ધોઇ નાંખે. બારણે જાય તે વખતે એના દેવનાં દર્શન કરે ને જોડા પહેરવા જાય તેટલામાં જો જરા વ્હેમ પડયો કે દર્શન બરાબર નથી થયાં, તો પાછો આવે ને દર્શન કરે; એમ વ્હેમમાં ને વ્હેમમાં એ ચાર આંટા ખાય. પછી બારણે નીકળે. કમનસીબે એના ઘર આગળ કુતરાંનું જોર! કુતરાના શકન બહુ ખરાબ ગણાય છે. તે કુતરાં દૂર કરવાને ડોસો પહેલાં તો લાકડી લઇને લત્તા બ્હાર હાંકી આવી પાછા ઘેર આવે, ને ડોશી લાકડી લઇને તેમને અટકાવવા મ્હોલ્લા બ્હાર ઉભી રહે, ને પછી ડોસાજી બારણે નીકળે. તેવામાં કોઈ રાંડેલી બાયડી હાથમાં કળછી લઇને દેવતા લેવા નીકળતી જો સ્હામી મળે તો ડોસાજીના વ્હેમનો પાર ન આવે. તે ઘેર પાછા આવે, હાથ પગ ધોઈ નાંખે, કોગળા કરે, પાછા ઠાકોરજીનાં દર્શન કરે, પછી પાછાં કુતરાં હાંકે ને બ્હાર જાય. એક દિવસ ડોસા જોડે હું પણ બારણે નીકળ્યો. ઈશ્વિર કૃપાથી શરૂઆતમાં એક નીશાળીઓ સ્હામો મળ્યો. ને જરાક તેની પાછળ એક બાઈ ઘાસનો ભારો લઇને આવતી હતી. આથી નીશાળીઆના શકન લેવા ડોસાજી દોડયા ને શકન તો લીધા પણ અડબડીયું ખાઈ ગયા. મ્હારૂં તો હસવું જ રહે નહીં. આખર ડોસા ઉઠયા, ને મલકાતા ચાલ્યા. રસ્તામાં શકન મહાત્મ્યની વાતો કરતા અમે જતા હતા. ત્યાં એક બીલાડી ડાબી જતી જણાઈ. જો બિલાડી ડાબી ઉતરે તો ડોસાજીને રસ્તો જ બદલવો પડે. આથી દોડયા. પણ દોડ્યા તેવી છીંક સંભળાઇ ને આંમથી બિલાડી ડાબી ઉતરી, પાછી જમણી ગમ દોડી. ડોસા તો ઉભા રહ્યા. અને બબડયા: "અરે તારૂં ભલું થાય શકન!" ડોસા તો રસ્તા વચ્ચે ઉભા. આમથી ગાડીઓ આવે, ને તેમથી આવે, ને ડોસાજી એવા અણી ઉપર ઉભેલા કે જરાક બળદ ચમકયો તો ડોસાજીના ભુકા! પણ ડોશીના ચુડા ચાંલ્લાના જોરે બચ્યા. શકન જોવા ઉભા રહેનાર લોકની એ ખુબી છે કે એઓ જાણે કોકની વાટય જોતા હોય એમ ઉભા હોય છે. એટલે રસ્તે જનાર તો એમ જ જાણે કે આ ભાઇ કોઇકને સારૂ રાહ જોતા ઉભા છે. તે પ્રમાણે સારા શકનની વાટય જોતા, ડોસાજી રસ્તે કાંગલું મ્હો કરી અડધો કલાક ઉભા. એવામાં ઘર ભણી સારા શકન આવતા જોઈ ઘેર જ પાછા વળ્યા. આ પ્રમાણે લગભગ આખા બે કલાક ગુમાવી અમે બન્ને પાછા આવ્યા. મે કહ્યું "કાકા! આમ ન બને, આમ તો આપણાથી કામ શું થાય? રસ્તો છે, કુતરાંએ મળે, ગધેડાએ મળે, ને ઢોર પણ મળે. આમ આપણે વ્હેમમાં વખત ગાળીએ તો તો ભીખ માગીએ." ડોસાજી જરા ચ્હીડાયા પણ મુંગા રહ્યા.



ડોસાની માફક ડોશી પણ શકનમાં પાવરધાં છે. એ તો રસોઈ કરવા બેસે ત્યાંથી શકન સ્હમજે છે. ચુલામાં લાકડું ભડભડ બોલે તેના ઉપરથી ડોશી શકન વર્તે છે. રાત્રીએ ચિબડી અગર ઘુવડ બોલે તે ઉપરથી, તથા કુતરાં અને શિયાળીઆંના રોવા ઉપરથી કયી દિશીમાં ધાડ પડશે કે ચોરી થશે, તે ડોશી સારી રીતે કહી શકે છે. હાથમાં છીકણીની ડાબલી રાખી છીંકણીના સડુકા તાણતાં ડોસો ડોશી શકનશાસ્ત્ર ઉપર જ વાદવિવાદ મોડી રાત સુધી ચલાવે જાય છે. ડોશીની તો ખાત્રી જ છે કે આજકાલ બાયડીઓ તાણના રોગથી પીડાય છે, દેશમાં પ્લેગ ચાલે છે, એ બધું શકન ઉપર પુરૂં ધ્યાન નથી અપાતું તેને લીધે જ છે. અને ડોશીના મતને સોળે સોળ આના ડોસાજીની સંમતિ છે!!!

સુમિત્ર—

---

# વર્તમાનરંગ.

**સ્ત્રીઓએ શું વાંચવું અને કેમ વાંચવું?**—ગયા માસમાં મુંબાઈ આર્યમહિલા સમાજમાં મીસીસ વિદ્યાગૌરી રમણભાઈ બી. એ. એ ઉપરસૂચિત વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. વાર્તાઓ, નાટકો, સાહિત્યના ગ્રંથો વાંચવાથી થતા લાભાલાભ દર્શાવી એક સુશિક્ષિત સ્ત્રીએ પોતાની અજ્ઞાન બ્હેનો પ્રત્યે ફરજ બજાવી છે ત્હેને માટે અમે ધન્યવાદ આપીએ છીએ. સામાન્ય રીતે નાગર, ક્ષત્રી જેવી ઉચ્ચ કોમ જેની અંદર સ્ત્રીકેળવણી પ્રાથમિક સ્થિતિમાં ઘણા કાલથી અસ્તિત્વ ભોગવે છે ત્હેમાં રામરક્ષા, ભગવદ્ગીતા, શીવકવચ, કે પ્રાર્થનામાળાનો પાઠ દરેક સ્ત્રી કરતી નજરે પડે છે અને એનો એ પાઠ પાંચ સાત વર્ષથી થતો હોય છે છતાં ત્હેનું રૂહસ્ય સ્હમજનારાં કેટલાં હોય છે તે અનુભવથી જણાશે. "સ્હમજ્યા વગર વાંચવાનું કાંઈ પ્રયોજન નથી" તે કોણ કબુલ નહિ કરે? અને આટલુ જાણતાં છતાં પોતાની પુત્રી, પત્ની, ભગિની, કે માતાને સ્હમજાવવા, ત્હેને યોગ્ય રસ્તે લઈ જવા કયો કેળવાયેલો પુરૂષ યત્ન કરે છે? પુરૂષ વર્ગ "સ્ત્રીઓ અજ્ઞાન છે" એટલું જ કહી, ત્હેમના પ્રત્યે કાંઇક તિરસ્કાર વૃત્તિ રાખી સ્ત્રીઓની ઉન્નત સ્થિતિ કરવા માગતા હોય તો તે બનવું અસંભવિત છે. મીસીસ વિદ્યાગૌરી તથા ત્હેમનાં બ્હેન શારદાગૌરી જે પણ સુશિક્ષિત છે, ત્હેમને એટલી સૂચના કરવાની છે કે "આર્યમહિલા પરિષદ્" "ભારતમહિલા પરિષદ્" 'ઇન્ડીયન મેગેઝન' વિગેરે મારફત પોતાના વિચાર દર્શાવે છે એમ દર્શાવી તેની સાથેજ સામાન્ય વર્ગની સ્ત્રીઓ સાથે પણ વિશેષ પરિચય કરી "એક ઇશ્વરની પ્રજા છીએ" એમ માની ત્હેમની સ્થિતિ સુધારવા પ્રયત્ન કરશે તો ખરેખર એ મ્હોટામાં મ્હોટી દેશસેવા કરી ગણાશે.

**સ્વામી અભેદાનંદ**—ચાલુ માસની શરૂઆતમાં મહાત્મા રામકૃષ્ણ પરમહંસના શિષ્ય, અને વિવેકાનંદના ગુરૂબન્ધુ સ્વામી અભેદાનંદે અમદાવાદમાં બે વ્યાખ્યાન આપ્યાં હતાં ત્હેમાં સ્ત્રીઓ સંબંધી જે ઉદગાર કાઢયા હતા તે નોંધવાની આવશ્યકતા છે. એક સમય એવો પણ હતો કે જ્યારે કાત્યાયની, મૈત્રેયી અને ગાર્ગી જેવી જગવંદનીય સન્નારી એક નહિ

પણ અનેક આ આર્ય ભૂમિમાં થતી હતી, અને હાલ એવો સમય છે કેલવણીથી સ્ત્રીઓ સ્ત્રીત્વ ગુમાવી દુર્ગુણયુક્ત થાય છે એમ માનવામાં આવે છે. "પ્રસન્ન દેવતા રહે, જ્યાં પામે સન્માન સુંદરી" એ મહર્ષિ મનુના વાક્યની જેટલે દરજ્જે અવગણના થવા માંડી છે તેટલે દરજ્જે આપણા દેશમાંથી લક્ષ્મીદેવી, સ્વતંત્રતા દેવી, આરોગ્યદેવી ક્રોધિત થઇ વિદેશવાસી થયાં છે. પક્ષાઘાત થયેલો મનુષ્ય શું કામ કરી શકે? સ્ત્રી પુરૂષનું અર્ધાંગ છે અને અર્ધાંગ જ્યાં સૂધી ઉન્નત નથી ત્યાં સૂધી આખું અંગ કેવી રીતે ઉન્નત થઇ શકે? સ્વામી અભેદાનંદે સ્ત્રી તેમ જ પુરૂષને પ્રાણાયમ અને તેથી થતા શારીરિક લાભ દર્શાવ્યા હતા. અમેરીકામાં પ્રત્યેક સ્હવારે કેટલાંક સ્ત્રી તેમ જ પુરૂષ પ્રાણાયામની ક્રિયા કરે છે અને ત્હેના પરિણામે શરીરસંપત્તિ સારી થઈ ક્ષય આદિ રોગો નષ્ટ થયાના દાખલા આપ્યા હતા. લાભની સાથે વિના મૂલ્યે થતી આ ક્રિયા આપણામાંથી નષ્ટ થઇ છે અને ત્હેને લીધે ફીક્કાશ, નિર્બલતા, હીસ્ટીરીયા (તાણ) વધ્યાં છે અને દાક્તરોનાં ઘર ભરવાનું સાધન થઇ પડ્યું છે. પ્રાણાયમ જેવી સરળ ક્રિયા થતી નથી, જુના મત પ્રમાણે પ્રાત:સ્નાન નદી અગર ઘર આગળ કરી દેવદર્શન કરવામાં સૂધારો નડે છે અને સાંજના પતિ સાથે અથવા સખીઓ સાથે બ્હાર ફરવા જવામાં જૂનો મત આડે આવે છે. સ્વચ્છ હવાનો ઉપયોગ આમ થતો નથી. સ્વામીશ્રીયે પ્રજાકીય કન્યાશાળા સ્થાપવાની ખાસ ભલામણ કરી હતી. જ્યાં સૂધી પ્રજાકીય કન્યાશાળા થશે નહિ ત્યાં સૂધી કન્યાને યોગ્ય તમામ કેળવણી આપી શકાવાની નથી. પ્રજાકીય કન્યાશાળા વિશે વધારે વિવેચન કરવા ઇચ્છા હોવાથી અત્રે જ વિરમીશું.

## સામયિક સ્ત્રીસાહિત્ય.

**સ્ત્રીશિક્ષણ સંબંધી બે શબ્દ**—ચાલુ માસના **મરાઠી 'मासिक मनोरंजन'** પત્રમાં **ગિરજાબાઈ કેલકર**નો આ વિષય મનન કરવા લાયક છે. તેનો સાર નીચે પ્રમાણે છે:—સ્ત્રીશિક્ષણ સંબંધી ત્રણ મત છે. (૧) જૂના મતવાળા એમ સ્હમજે છે કે શિક્ષણથી સ્ત્રીઓ દુર્ગુણી થાય છે. (૨) કેટલાક એમ માને છે કે વાંચતાં લખતાં આવડે એ ખોટું નહિ પરંતુ એથી વધારે શિખે તે અને રોજ રોજ નિશાળે જાય તે તેમને પસંદ નથી હોતું. (૩) પુરૂષની માફક શીખી મહાન્ કાર્યો કરતી સ્ત્રીયો થાય એવો વિચાર સૂધારાવાળાનો હોય છે. કન્યાઓના શિક્ષણ ઉપર પૂરતું ધ્યાન ન અપાય, અને ઘર આગળ તોફાન કરતાં અટકે અને પોતાને શાન્તિ થાય એ જ ઉદ્દેશે નિશાળે મોકલે, પછી તેવી કન્યામાં દુર્ગુણ આવે એમાં નવાઈ નથી. કન્યાશાળામાં હજારો કોમની છોકરીઓ ભેગી મળી સારી ખોટી ભાષા વિચાર અને વર્તન ચલાવે તે ઉપર કઈ માતા લક્ષ આપે છે? કન્યાશાળામાં ઘણુંખરૂં પુરૂષ શિક્ષક અને તે પણ સંકુચિત જ્ઞાન અને ટુંક પગારનો હોવાથી નૈતિક જ્ઞાન આપી શકવાને અશક્ત હોય છે. "ભિખારી નિશાળ છે" એટલું બોલનારાઓમાં એવો કયો ખંતિલો પુરૂષ નિકળ્યો જે કન્યાશાળામાં વર્ષમાં એક વાર પણ જઈ પોતાની કન્યાના શિક્ષણ સંબંધી તપાસ કરતો હોય? પરીક્ષા અગર ઇનામના સમારંભને દિવસે પ્હેલેથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે ઉપરથી એવો આડંબર કરી રાખ્યો હોય છે કે સર્વ ખુશ ખુશ થાય અને એ જ પ્રમાણેનું ગીત, ભરત વિગેરેનું શિક્ષણ અપાતું હશે એમ સ્હમજાય. રસોઈ શિખવવાની પદ્ધતિ નિશાળોમાં દાખલ થઈ છે પણ ત્હેનું પરિણામ સારૂં આવ્યું નથી. હાલના



શિક્ષણથી માત્ર ડોળ વધ્યો છે. એક ધનાઢ્યની પુત્રીના અને પંદર રૂપીઆના પગારદારની પુત્રીના પોશાકમાં કાંઈ ફેર હોતો નથી. કાદંબરી, સરસ્વતીચંદ્ર આદી પુસ્તકો વાંચી શકે, ગલપટા, તોરણ, રૂમાલ ભરતાં આવડે પરંતુ રોજ ઉપયોગમાં આવે તેવી વસ્તુ શીવતાં અગર રાંધતાં ન આવડે એ આજની કેળવણી. **ગિરજાબાઇ કેલકર**નું આ કહેવું કેટલું સત્ય છે તે વાચક વર્ગને જણાશે. કેલકર પણ પ્રજાકીય કન્યાશાળા સ્થાપવા ભલામણ કરે છે. અને તેથી થતા લાભ આપણે બીજી વખતે જોઇશું.

નીચેના લેખો ત્હેની સ્હામે સૂચવેલા પત્રોમાંથી વાંચવાની અમે સૂચના કરીયે છીયે.

| | |
|---|---|
| હોલાંડ અને બેલ્જીઅમાં બાલકો. | કેળવણી, કાર્તિક. |
| એક દરદીનું સરવૈયું. | વૈદ્યકલ્પતરૂ, ઓકટોબર. |
| આપણા દેશની સ્ત્રીઓનું શિક્ષણ અને તેમાં સુધારણા— | બુદ્ધિપ્રકાશ, ઓકટોબર. |

સુબન્ધુ—**બન્ધુસમાજ.**

---

# વિવિધવિહાર.

## પત્નીનું રાત્રીભાષણ.

ત્હેના પતિને લાગીતા એક 'સુશીલ સ્ત્રી' એ રાત્રીના સમયે આપેલા 'બોધદાયક ભાષણો'માંના કેટલાક.

### ભાષણ ૧.

રા. રા. **પોચાલાલ** મથુરભાઈ તથા ત્હેમનાં પત્નીશ્રી **જીવ્હાકુંવર,**

રા. **પોચાલાલ** ત્હેમનાં પત્નીશ્રીની સલાહ પૂછ્યા વિના પણ પોતાના એક પરમ પ્રિય મિત્ર જીભાઇના કહેવાથી આનંદભૂવન સભાના સભાસદ થાય તે વાતની ત્હેમને ખબર પડતાં જ તે પોતાના વિચાર ત્હેમને ટુંકમાં જણાવી દે છે.

"અત્યાર લગણ છાનું રાખ્યું હતું ત્હેનું કારણ હું સમજી. શું ત્હમે મ્હને કહેવાના 'હતા? અરે કહું; હું ત્હમને ન ઓળખતી હોઉં ત્યારેને. ત્હમારે અમારી શી ફીકર? અમે 'તો ત્હમારે મન તરખલાં!

'મ્હારૂં મ્હોં ત્હમને ગમે છે કયાં? સ્હેજ થાય કે બ્હાર ચાલ્યા. આટલા દહાડા ઘરમાં 'કેમ રહેતા હતાં? હવે ઘરમાં નથી ગમતું? એ તો બધાં બ્હાનાં. આના કરતાં હું મરી 'જાઉં તો વચ્ચેથી ફાંસ જાય. એ તો ઠીક છે જે હું મળી છું તે મૂગે મ્હોડે માર ખાઉં 'છું. મ્હારા બાપે ભૂલ કરી જે આવી શાન્ત બાયડી ત્હમને મળી. બીજી હોત તો ખબર પડત.

‘ આંખો શેની મીચો છો? એમ કંઈ ઉંઘાશે નહિ. મ્હારૂં સાંભળી લ્યો, પછી ત્હમે
‘ મૂખ્તિયાર છો. ત્હમારી મરજીમાં આવે તેમ કરજો. એટલે એમ નહિ જે ઘરમાંથી બ્હાર
‘ ચાલ્યા જવાનું દરરોજ. ઘરમાં રહેવું પડશે. બાર વાગ્યા છે તેથી શું થયું? સ્હવાર પર
‘ મોકુફ રાખું? વાહ! વાહ! ઠીક રીત ખોળી કહાડી. આ પેચ ક્યાંથી શીખ્યા? હું કંઈ
‘ ન્હાની કીલી નથી જે સમજી જાઉં. ત્હમને તો ચપટીમાં ઉડાવતાં આવડે છે. હસ્યા!
‘ કંઈ છે? અત્યારે ઉંઘવા દઉં એટલે સ્હવારે હાથ ખંખેરી આ ચાલ્યા.

‘ અમે તો ત્હમારાં લૂંડાં—અરે ગૂલામ—અરે તેથીએ ભૂંડાં. બીચારા કૂતરા બિલાડાનો
‘ અવતારે સારો જે જેને પાને પડ્યા હોય તે તો હાડછેડ ન કરે. આ તો ત્હમારે પાને
‘ પડ્યાં ત્યારે ત્હમે ક્યાં? ઘરમાં ચાર છોકરાં બાપા બાપા કહી બુમ મારે ત્યારે બાપા
‘ આનંદભૂવન સભામાં જઇને બેઠા. ત્યાં શું કરો છો? આનંદી ચાર છોકરાં કલ્લોલ કરે તે
‘ આનંદ નહિ? એમ હોય તો ત્હેમને ઝેર પાઓ, ને મ્હને ગળે ફાંસો દો. એક પાઇનું
‘ અફીણ આણી આલો જે હું ને મ્હારાં છોકરાં ખાઇને સૂઈ જઇએ. પછી ત્હમે મોકળે મ્હાલો.

‘ મ્હને ચાર બાજુથી ચાર છોકરાં ખાય ત્યારે ત્હમને સભામાં જવાનું સુઝ્યું. તે વળી
‘ આનંદભૂવન નામની. ત્યારે આપણા ઘરમાં કલેશ થાય છે? ત્યાં શું કરો છો? બેસીને
‘ ગામગપાટા મારતા હશો, બીજું શું? પાન ખાતા હશો, ને બીડીઓ પી ધૂમાડો કહાડતા
‘ હશો. ત્હમે પાન નથી ખાતા? ના ખાઓ એમ બને જ કેમ? મ્હોં લાલ ક્યાં છે એ-
‘ મને? શેનું લાલ હોય? લોહીઘોઇને ન આવે! બીડીઓ તો ત્હમે પીતા જ નથી કેમ?
‘ નથી પીતા તો શીખશો. દેખ દેખે ન શીખ શીખે. જ્યાં ત્હમારા જેવા નવરા રાતના નવ
‘ નવ વાગ્યા લગણ બેસી રહે તો પછી વખત કેમ જાય? પાન પરથી બીડી ને પછી ચાહ
‘ પરથી શીશી.

‘ અરેરે ત્હમે કેવા સારા? દૂનિઆ ત્હમારે માટે કેવો સારો વિચાર ધરાવે છે? પણ
‘ હવે જૂઓ. હું પણ ખરી જે બધાને ખરી વાત જણાવી દઉં. આપણા બેનો સંબંધ તૂટશે
‘ નહિ, પણ ત્હેમાં ખલેલ તો પડશે. ત્હમે હવે ફક્ત નામના જ સારા રહ્યા છો. લાફા લારી
‘ કરી લોકોમાં વાહ વાહ કહેવડાવી ફૂલનજી થઈ ફરશો ને પછી જોઇશું ચાટી જનારા ત્હમારા
‘ દોસ્તો કેવા આડે આવે છે તે. હમણાં તો સ્હેલ કરો, ને અમને ભીખારી કરો. પૈસા
‘ હશે ત્યાં લગણ તો બધા આવશે. એ તો મધમાખીઓ; પૂડો છોડી જશે ત્યારે હાય હાય થશે.

‘ તે તેવા નથી? અરે જુઓ તો ખરા ત્હેમનાં લક્ષણ! બીડીઓ પીવી, પછી કોણ
‘ જાણે શુંએ કરતા હશે? શું મ્હારી ભૂલ છે? ત્યારે ત્યાં શું કરો છો? ત્હમારાં લૂગડાં
‘ જ ગંધાય છે ને. અહો હો, શા ધૂમાડીના ગોટમાં ઉભા રહ્યા હતા? કંઈ બીડીઓનો
‘ સૂમાર રાખ્યો હતો? મૂઈ ત્હમારી સભા. મ્હારૂં તો ત્હમારા ધૂમાડાથી માથું ચ્હડ્યું.
‘ ત્હમો ત્યાં જાઓ, પણ આ નહિ ખમાય. આજ બે અઠવાડીઆં થયાં મ્હારૂં માથું ચ્હડેલું
‘ રહે છે, ને ત્હેનું કારણ? ત્હમારી સભાનો ધૂમાડો.

‘ ત્હમે આમ દરરોજ બહાર રખડશો, અને અમે ત્હમારાં લૂંડાં જે ઘરનું વૈતરૂ કરી
‘ રાત્રે પાછા ત્હમારા ધૂમાડામી બાસથી ગુંગળાઈ જઇએ? ખબર પડશે હું મરી જઇશ



‘ ત્યારે ત્હમારી મરજી કોણ સાચવશે તે. મારા જેવી નકટી કોઈ નહિ હોય જે આટઆટલું
‘ દૂખ વેઠીને ત્હમારા મ્હોં આગળ માંગો તે લાવી રજુ કરે.

‘ હું મૂર્ખી છું કેમ? ત્યારે કેમ હસો છો? હસો હસવું હોય તો, પણ ત્હમે અમારા
‘ સરદાર છો. ત્હમારી બરાબર કોણ કરી શકશે? એ તો ઠીક છે જે હું મળી છું, તે જેમ
‘ છૂંદાય તેમ છૂંદો છો. કોઈ માથાની મળી હોત તો ખબર પડત.

‘ ત્યાં જઈ શું કરો છો? પૈસા બરબાદ કરો છો. ત્હમારા જેવા કેટલા ઝડપાયા છે?
‘ અરે બલ્યું ત્હમારૂં આનંદભૂવન. છોકરાંઓને લૂગડાં જોઇએ છે, મ્હારા કપડાં ફાટી ગયાં
‘ છે, પણ જ્યાં ત્હમારે પૈસા ઉડાવવા જોઇએ ત્યાં પછી અમારે ભર શીયાળે ટાઢ વેઠવાની.
‘ ઘરમાં છત તો જૂઓ. જૂઓ ત્હમારો ખાટલો—આ ત્હમારી પાટી. ફીઓ ભરો, બીડીઓ
‘ પીઓ, ચા પાણી કરો તે બધું મળશે. ત્હમે તો ગમે તેવું હશે તોએ ચલાવી લેશો, પણ
‘ ત્હેમાં મ્હારે શું! લચકો ધાન ખાઈ ત્હમારૂં વૈતરૂં કૂટવા મ્હારા બાપે ત્હમને દીધી છે?
‘ પહેલા કેમ પાસે ને પાસે જ રહેતા? જોઇએ તે તૂરત આણી આપતા કેમ? હવે હું
‘ કડવી થઈ? એક દહાડો જીભાઇને હાથમાં તો આવવા દોને, ચીરી જ નાંખીશ. સભામાં
‘ લઈ જનાર મ્હોટો ન થયો હોય તો.

‘ ત્હમારો મીત્ર છે ત્હેમાં મ્હારે શું? પાછી આંખ મીચી? એ ઢોંગથી નહિ કામ
‘ સરે. ત્હમારા હોઠ તો જૂઓ! મ્હારા રસોડાના ધુમાડીઆના જેવા ઉજળા. પૈસા ખૂટે
‘ ત્યારે મ્હારાં ઘરેણાં વેચજો. બહુ ખરચ નથી કરતા એ હું માનું કેમ? આમ પૈસા ખરચી
‘ મ્હોંમાંથી ધુમાડો જ કહાડવો હોય તો મ્હારા ચૂલા ઉપર જ મ્હોં ધરોને.

‘ હવે આવાં દૂખડાં તો નહિ સંખાય. ( રૂએ છે ) ત્હમે મ્હને પજવવામાં બાકી
‘ નથી રાખી. એ નહિ ચાલે..............”

( ભાષણ આગળ ચાલત, પણ આટલામાં જ સાંભળીને માંખણ જેવા નરમ થઈ ગયેલા **પોચાલાલે** નાસકોરાં બોલાવવાં શરૂ કર્યાં. )

**બીહારી.**

---

## બાળકોને નૈતિક શિક્ષણ.

### માતાઓની ફરજ—( સ્ત્રીલેખ ).

થોડા દિવસ પહેલાં મ્હેં અત્રેના “ સિંધ વર્તમાન ” પત્રમાં સ્ત્રીઓ માટે જાહેર ભાષણ એ મથાળા હેઠળ વાંચ્યું કે વિદુષી બાઈ મુક્તાગૌરી ‘ બાળકોને નૈતિક શિક્ષણ ’ એ વિષય પર વ્યાખ્યાન કરવાનાં હતાં. સ્ત્રીઓની વળી સભા! આને હું તો એક સુધારાનું કાર્યસ્થાન સમજતી. પરંતુ તે દિને બ્હેન રાધાના કથન પરથી હું તે વ્યાખ્યાન સાંભળવા ગઈ.

પંડીતા બાઇએ પ્રથમ સ્ત્રીઓને સભાની કેટલી બધી આવશ્યકતા છે એ ભાર દઇને

જણાવ્યું. સભાઓથી સ્ત્રીઓને ઘણું જાણવાનું મળે છે. અન્યોઅન્યના વિચાર જાણી શકાય છે. અને ગૃહસંસાર સુખમય કરી શકાય છે. આટલું પંડીતા બાઇએ જણાવ્યા પછી મુકતા ગૌરીએ આ પ્રમાણે વ્યાખ્યાન શરૂ કર્યું.

સુજ્ઞ વ્હેનો,

બાળકોના નૈતિક શિક્ષણ તરફ દ્રષ્ટિ કરતાં આપણને માતાઓની નાદાની અને અજ્ઞાનતા જણાય છે. બાળપણમાં બાળકોના પાલણપોષણનો ભાર બહુધા માતા પર જ હોય છે. તેથી તેમને પ્રથમ શિક્ષણ માતાઓ તરફથી જ મળવું જોઇએ. કહો વ્હેનો ? એક દશ વર્ષની બાલિકા જેણે કંઇ શિક્ષણ તો મેળવ્યું જ નથી, અને મેળવ્યું હોય તો પણ અધુરૂં, તથા લગ્નમાં કેટલી અને કેવી પવિત્રતા સમાયલી છે—લગ્નમાં કેટલી જવાબદારી છે તે પણ જે નથી સમજતી, તે અજ્ઞાન બાળા, બાળકોને નૈતિક શિક્ષણ કેમ અપાય એ કેવી રીતે સમજી શકે ? !

કોઈ વ્હેને કેળવણી પણ લીધી હોય, તથાપિ બાળકોના કોમળ મનને કેવું શિક્ષણ જોઇએ એ વિષય પર તો તે એક શબ્દ પણ નહિં શીખી હોય. હવે વિચારો સુલક્ષણિ વ્હેનો ? કે તેના પર એક એવા પ્રાણીને શીક્ષા આપવાનો ભાર આવી પડયો છે જેની શારીરિક અને માનસિક શક્તિયો પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. અને જે કામનો તેણીને ગંધ પણ નથી આવ્યો, જેને માટે તેણી કેવળ અજ્ઞાન છે તે કામ કરવાનો વખત ત્હેને પ્રાપ્ત થયો છે. હવે શું કરે ? આવા જોખમદાર કામમાં આ અજ્ઞાન માતાપદ ધારણ કરનારી યુવતી કેટલી ફતેહ મેળવી શકશે એ આપ વ્હેનો જ વિચારી લ્યો. તે નથી જાણતી કે મનોવૃત્તિયો કેવા પ્રકારની હોય છે; તેઓ કેવી રીતે વધે છે અને કેવી રીતે અન્યોઅન્યની પછી ઉત્પન્ન થાય છે; તેમનું કાર્ય શું છે; તેમનો ઉપયોગ ક્યાં શરૂ થાય છે, અને ક્યાં સમાપ્ત થાય છે. તે કદાચ એમ જ સમજતી હોય કે કોઇ મનોવૃત્તિ સર્વથા ભલી હોય છે અને કોઈ બુરી. પણ આ સમજણ તે મનોવૃત્તિઓ પૈકી એકેના વિષયમાં યોગ્ય નથી.

વ્હેનો ? બીજી પણ એક વાત ધ્યાનમાં લેવા યોગ્ય છે તે એ કે જે શરીરના પાલણ પોષણની જવાબદારી તેમના પર છે તે શરીરની બનાવટને માટે જેમ તેઓ અજ્ઞાન છે, તેમ જ વિધવિધ ઔષધોથી તે શરીર પર કેવી અસર થાય છે તેથી પણ તેઓ અજ્ઞાન જ છે. આ અજ્ઞાનતાથી બાળકો પર જે આફતો આવી પડે છે, તેમને જે રોગો નડે છે તે અતિ ભયંકર છે. અને એના પરિણામ આપણે દરરોજ જોઇએ છીએ. હજારો બાળકો જન્મે કે તરત જ મરી જાય છે, હજારો નિર્બળ રહે છે. કહો વ્હેનો ? એનાથી વધારે હાનીકારક શું હોય ?

પુનઃ મુળ વિષય પર આવીએ. વ્હેનો ? કઈ મનોવૃત્તિ ભલી છે અને કઈ બુરી છે એ આજની માતાઓ નથી જાણતી. અને તે વૃત્તિઓના કારણ અને પરિણામથી પણ તેઓ અજ્ઞાન હોય છે. તેથી મનોવૃત્તિઓને રોકવાથી કિંવા તેમના કાર્યમાં વિઘ્ન નાંખવાથી જે હાની બહુધા થાય છે તે હાની ભલા બુરાની પરવા કર્યા વગર તેમને યથેચ્છે કાર્ય કરવા દેવામાં થતી હાનીથી વધારે છે. અર્થાત આ પ્રવૃત્તિ અયોગ્ય છે એમ માની તેમને અટકાવવાથી જે હાની થાય છે તેટલી તેઓ યોગ્ય સમજે તેમ કરવા દેવાથી નથી થતી. બાળ-



કને જે કામ કરવાની આદત છે, જેમાં તેને લાભ સાથે હાની પણ થાય, તેને રોકવા માતા પ્રયત્ન કરે છે. તે જાણે છે કે અમુક કાર્ય કરવા દેવાથી બાળકને હાની થશે પણ નથી જાણતી કે તેના એ રોકવાથી જ બાળકને હાની થશે. આથી બાળક નાખુશ રહે છે, માતા અને બાળકમાં અપ્રીતિ થાય છે, તે પોતાની મનોવૃત્તિઓ માતાથી છુપાવતાં શીખે છે, અને જોઇએ તેવો સ્નેહ રહેતો નથી. જે કાર્યને માતા યોગ્ય માને છે તે કામમાં તેણી ધમકી કે લાલચ આપી બાળકને દોરે છે. અથવા બાળકને સમજાવે છે કે આ કાર્ય કરવાથી લોકો ત્હારા પર પ્રસન્ન થશે, અને ત્હારી પ્રસંશા થશે. બાળકના મનની તે બીલકુલ પરવા નથી કરતી. બાળકે તેણીનું એ કહેવું માન્યું તો પોતાને કૃતાર્થ માને છે. આમ કરવાથી બાળકને સારૂં શિક્ષણ તો નથી મળતું; પણ દમ્ભ ને લુચાઇનું શિક્ષણ મળે છે. એક તરફ તેણી બાળકને સત્ય બોલવાની આજ્ઞા કરે છે, બીજી તરફ પોતાની અસત્ય વર્તણુંકના નમુના બાળકની સમક્ષ મુકે છે. વ્હેનો ? એક વખતે એક પિતા પોતાના પુત્રને સત્ય બોલવાનું શિક્ષણ આપતો હતો. એટલામાં જ દૈવયોગે એક કરજદાર આવ્યો. બાપા પાસે પૈસા નહિં કે તેને આપે. પુત્રને કહ્યું કે જા બેટા કહે કે બાપા ઘરમાં નથી. આ શું ? શું આ કામ બાળકને જુઠું બોલતાં શીખવવા જેવું નથી ? માતાઓને વિષે પણ એમ જ સમજી લેવું. બાળકને તે કહે છે કે ધીરજ રાખવી, ગુસ્સે થવું નહિ; ને પોતે જરા વાતમાં બાળક પર ક્રોધ કરે. શું એ જ ધીરજનું શિક્ષણ ? જેવી રીતે સંસારમાં ખરાં ખોટાં કામોનાં પરિણામ આવવા દેવાં એ જ શિક્ષાનો સુલભ માર્ગ છે; તેવી જ રીતે બાળકોને માટે પણ એ જ માર્ગ સુલભ સમજવો ? તેમને પરિણામથી જે શિક્ષણ મળે છે તે માતાની ધમકીથી નથી મળતું. એ જ શિક્ષણથી બાળક સુમાર્ગગામી થાય છે. પણ બીચારી માતાને આ પ્રકારના જ્ઞાનનું રજ માત્ર શિક્ષણ નથી હોતું, કાર્યકારણભાવના અજ્ઞાનથી અર્થાત બાળકોને પાલણ પોષણ કરવાની શીક્ષા યથાર્થ પ્રાપ્ત ન કરવાથી તથા બાળકોના વિધવિધ મનોભાવોના અજ્ઞાનથી તે ભાવો અનુસાર બાળકોની સાથે વર્તણુક કરવા તે અસમર્થ હોવાથી તે મનમાની રીતે બાળકોને વશ કરે છે. તે બાળકો પર એક પ્રકારની હકુમત કરે છે.

આર્ય દેશમાં આપણે નીતિહીન બળહીન સ્વાભાવિક જ્ઞાનહીન મુર્ખ મનુષ્યો જોઇએ છીએ તેનું કારણ પણ એ જ છે, બાળકોની કેટલીક સ્વભાવસિદ્ધ વૃત્તિયોના પ્રભાવથી કેટલાક નીતિવાન થાય છે. પરંતુ માતાઓ તો એ જ્ઞાનથી દૂર છે એમ કહેવું અનુચિત નથી.

વ્હેનો આ પર આપ વિચાર કરશો અને બાળકોને શિક્ષા આપવાની તમારી જોખમદારીનો ખ્યાલ કરશો તો જણાશે કે માતાની ફરજ કંઇ નાનીસુની નથી. હું આશા રાખું છું કે આપ અવશ્ય વિચાર કરી આપના બાળકોની સ્થિતી સુધારવા પ્રયત્નશીલ થશો.

ૐ શાંતિ.

સૌ. લક્ષ્મી.

---

# કવિ શામળભટનાં સ્ત્રીપાત્રો

## તથા તેમની સાંસારિક જીવનનીતિ.

વિક્રમ સંવતના ૧૮ મા (એટલે ૧૭૦૦ અને ૧૮૦૦ વચ્ચેના) સૈકામાં ગુજરાતમાં થઇ ગયેલા કેટલાક કવિઓમાં પ્રેમાનન્દ, શામળભટ, અને અખા ભગતનાં ત્રણ નામો ઉત્તમ પંક્તિમાં યોગ્ય રીતેજ મુકાયાં છે. આ ત્રણે કવિરત્નોની કાવ્યશક્તિનો વિચાર કરતાં એ નિઃસંશય છે કે પ્રેમાનન્દ સર્વોત્તમ છે; પરંતુ તેમનાં કાવ્યોના વિષયો તરફ દૃષ્ટિ કરતાં એમ કહેવું પડશે કે તેના સંબંધમાં તેમની વચ્ચે ભાગ્યે જ સરખામણી થઇ શકે; કારણ કે તે ત્રણેના વિષયો તદ્દન જુદા જુદા પ્રકારના છે. અખા ભક્તે ધર્મના પ્રચલિત અનાચારનો મેલ લોકોના મન ઉપરથી ધોઇ નાંખી વેદાન્તના શુદ્ધ જ્ઞાનનો પટ બેસાડવા પ્રયત્ન કર્યો છે; પ્રેમાનન્દે પૌરાણિક કથાઓના વિવિધ રસિક પ્રસંગોની રમણીય ભૂમિ ઉપર આખ્યાનકાઓની સુન્દર હવેલીઓ ઉભી કરી છે; અને શામળભટે જનમંડળના જીવનનો દેખાવ આપતાં સામાજીક સંસ્થાઓનાં તથા મનુષ્યસ્વભાવનાં રસિક અને મનોહર ચિત્રો બુદ્ધિચાતુર્યના સુશોભિત રંગોથી ચિતર્યાં છે. આવાં ચિત્રો આ કવિએ વિશેષે કરીને કવિતારૂપે વાર્તાઓના પડદા ઉપર આલેખ્યાં છે. બૃહત્ કાવ્યદોહનમાં પ્રસિદ્ધ થયેલી ૧૦ નવનવીન કલ્પિત પણ રસિક વાર્તાઓ લક્ષપૂર્વક વાંચી જોતાં તેમાંનાં સાંસારિક ચિત્રો આપણને સૂચવે છે કે આપણા જ પ્રદેશના બે સૈકા પ્હેલાંના એક કવિનાં તે ચિત્રો તેમના પોતાના તેમ જ આપણા વાસ્તવિક સાંસારિક ચિત્રોથી ઘણી રીતે ભિન્ન–વિપરીત–છે, એટલું જ નહિ પણ હાલના નવા સમયની સંસારસુધારાની ભાવનાને કેટલેક અંશે તે ચિત્રો અનુકૂળ થઈ પડતાં જણાય છે. આવાં ચિત્રદર્શનમાં કવિનો મુખ્ય ઉદ્દેશ સંસારનો સુધારો ઉપદેશવાનો હશે કે કેમ એ નિશ્ચયપૂર્વક ન કહી શકીએ; તોપણ એમણે એમ માનેલું તો સ્પષ્ટ જણાય છે કે સાંસારિક બન્ધનોથી સંકળાએલાં, રૂઢિનાં નચવ્યાં નાચતાં, સ્ત્રીપુરૂષોનાં જીવનના કરતાં આત્મત્વ–પોતાપણું–પ્રકટાવીને, સ્નેહના સ્વતંત્ર વિશુદ્ધ વિકારથી પ્રેરાઇને, મ્હાલતાં જીવનો વાંચનારની મનઃકલ્પનાને વિશેષ રૂચિકર અને આનન્દદાયક થઈ પડે, અને તેથી જ તેમણે પોતાની વાર્તાઓના જળને ખારા કુવાની પેઠે નીરસ અને સંકુચિત ન રાખતાં રસિકતાની, મિષ્ટતાભરી નદીઓના પ્રવાહરૂપે રેલાવ્યું છે.

કવિ શામળભટની કાવ્યશક્તિ કેવા પ્રકારની હતી, અથવા તેમણે રચેલી કવિતામય વાર્તાઓના કરતાં ગદ્યમાં (માત્ર વાચનમાં) નવલકથાઓ લખી હોત તો વિશેષ સુન્દર થાત કે કેમ એ સર્વ વિચારની ગણના અત્રે યોજેલી નથી. તેમની કવિ કે કથાકાર તરીકેની નહીં, પણ સાંસારિક ચિત્રો આલેખનાર એક ચિત્રકાર તરીકેની કૃતિઓનું, કવિનાં નિર્મેલાં મનુષ્યજીવનો–વિશેષે કરીને સ્ત્રીજીવનો–ઉપરસૂચિત રસિકતાના મિષ્ટતાભર્યા પ્રવાહમાં કેવાં સ્નાન કરતાં હતાં તેનું, કાંઇક દર્શન કરાવવાનો આ લેખનો હેતુ છે; અને તે કાર્ય માટે આપણે પણ તેમની એકેક વાર્તા લઈ તેના રસપ્રવાહનું કાંઇક કાંઇક પાન કરીએ. પ્રથમ આપણે **પદ્માવતીની** વાર્તા લઇએ.



## પદ્માવતીની વાર્તા.

ચંપાવતી નામે નગરમાં ચંપકસેન નામનો એક ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો, તેને પુષ્પાવતી રાણી તથા પુષ્પસેન પુત્ર હતો. આ રાજપુત્ર રૂપમાં અતિ સુન્દર, તથા સર્વ વિદ્યામાં–ક્ષત્રિય વિદ્યામાં–ઘણો પ્રવીણ હતો, અને આ વાર્તાનો નાયક–મુખ્ય પુરૂષપાત્ર–પણ તે જ થાય છે. એક સમયે પ્રધાનપુત્ર, જે પોતાનો મિત્ર હતો, તેની સાથે તે વનમાં શિકાર ખેલવા નીકળી પડયો હતો. ત્યાંથી પાછા ફરતાં એક સુન્દર સરોવરને તટે આવી પ્હોંચ્યો, ત્યાં એક સુકુમાર યુવતી સખીઓ સાથે જળ ભરવાને આવી હતી તેની દૃષ્ટિએ તે પડયો. આ યુવતી તે જ ચંપાવતી નગરીના એક વણિક્ મહાજનની સુલોચના નામની કુમારી કન્યા હતી. આપણો હાલનો જે જમાનો પોતાની પુત્રીઓએ બાળકવયનો રંગ ર્‌હેજસાજ મુક્યો ન મુક્યો હોય તે સમયથી પોતાના જ શહેરમાં, કન્યાશાળામાં જ, તેમને વિદ્યાભ્યાસ કરવા મોકલતાં પણ ખચકાય છે, તે જમાનાને આ જોઈ નવાઈ લાગશે જ કે કવિએ ધનવાન નગરવાસીઓની મ્હોટી વયની, પુખ્ત સમજણવાળી, કુમારી કન્યાઓ, ફક્ત સાહેલીઓની સાથે, નગરની બ્હાર પણ, કુદરતની રમણીય લીલાના દર્શનનો આનન્દ માણતી, જળ ભરવા જઈ શકતી હતી. રાજકુમારને જોઇ તથા ઓળખી આ કુમારિકા મોહિત થઇ, અને તેને પરણવાની તેના મનમાં ઇચ્છા થઈ આવી, પણ પોતે વણિક્ કન્યા અને તે ક્ષત્રિય અને વળી રાજકુમાર હોવાથી લગ્નની સંમતિ આપે એ સંભવિત ન લાગવાથી આ બાળાએ તેના ક્ષત્રિયપણાના અભિમાનનો લાભ લેવાની એક યુક્તિ રચી.

“ રીસ કરી રામા વદે સાંભળ રાજકુમાર;
કોણ કારણ ગ્રહ્યું કામઠું શીદ વેંઢારે ભાર. ”
... ... ... ... ...

રાજકુમારે આ મર્મ વચન—મ્હેણું–સાંભળી પુછ્યું.

“ કહે રામા તું કોણ છે, કોણ તમારી જાત;
શા કારણ પુછવું પડયું, તે કહો સુજને વાત. ”
નારી વેણ જ ઓચરી “ સાંભળ સાચું ધીર;
કશી ભરીને નાંખ તું મારા કુંભ પર તીર.
કુંભે તીર જ વાગશે, ચાલશે જળની ધાર;
હોડ આપણે એટલી આપુ એકાવળ હાર.
તીર આવતું હાથે ગ્રહું, ચુકાવું ચોટની ફાળ;
મન્દિરે લઇ જાઉં મલપતો, પરણે તું તતકાળ.

ક્ષાત્રિયવીરે પોતાના આત્મબળના, અસ્ત્રવિદ્યાના, વિશ્વાસથી, એક અબળાએ જોવા માગેલી પરીક્ષામાં ક્ષત્રીય વટ સાચવવાની ટેકવૃત્તિથી, બીડુ ઝડપ્યું, અને પ્રસારેલી જાળ ઉપર ઉભો રહી—

મહિપતિ રીઝયો મન વિષેં, એ તો રૂડી વાત;
હું નિશાન ભૂલું નહિં, એવું તે કોણ માત્ર.
તાણી તીર જ નાંખીયો, રાજાએ દઈ દોટ;
આવતો ઝીલ્યો ઝડપશું, ચૂક્યો પ્હેલી ચોટ.
સખીઓ સાથે હસી પડી,..........

આ લગ્નેચ્છા, આ યુક્તિની ચતુરાઈ, શું સૂચવે છે ? લગ્ન પ્હેલાંની બાળકવય, અણુસમજણ, અજ્ઞાન, આવું લગ્નકાર્ય પરિણામી શકે ખરાં ? કવિએ વયનું પ્રમાણ ન આપ્યા છતાં આ કુમારિકા ૧૬ વર્ષની અંદરની હશે એમ આપણે માની શકીશું ? વળી આ સ્થળે એક બીજી બાબત આપણું લક્ષ ખેંચે છે. પૌરાણિક કથા ઓમાંના સ્વયંવરોમાં કન્યા પોતે નહિ પણ તેના પિતા, વડીલ, પરાક્રમનું કોઇક કાર્ય નિર્માણ કરે છે, અને લગ્નની ઈચ્છા રાખનાર વર તે કાર્ય સિદ્ધ કરેથી તે કન્યાને પોતાની પત્ની બનાવવાનો હક ધરાવી શકે છે. આપણી આ વાર્તામાં કુમારિકા **સુલોચના**એ કરેલા ઇચ્છાવરની રીત એક નવીન જ પ્રકારની છે. આમાં કન્યા પોતે જ એક વીરકાર્ય કરવા પોતે માની લીધેલા વરને ઉત્તેજે છે, અને પછી તે કાર્ય સિદ્ધ કરવામાં જ તેને નિશ્ફળ કરી, પોતે તેના કરતાં સવાઈ છે એમ દર્શાવી આપી, તેને પ્રથમના વચનબળે લગ્ન કરવા ફરજ પાડે છે. આ પ્રસંગ વળી, કન્યાઓની શારીરિક કેળવણીનું, ચાલાકીનું, પણ એક ઉત્તમ દૃષ્ટાન્ત આપે છે.

ઉપર પ્રમાણે પોતાની થયેલી હારથી આ ક્ષત્રિય કુમાર પ્રથમ આવેશે ક્રોધિત થાય છે, અને પોતાના વીરત્વને અણધાર્યું લાંછન લગાડનારનો શિરચ્છેદ કરવા તત્પર થઈ જાય છે; પણ પાસે ઉભેલો પ્રધાનપુત્ર તેને શાંત કરી આપેલા વચનનું સ્મરણ કરાવે છે, તથા કબુલેલી 'હોડ' પ્રમાણે તેને ઘેર જવાની સલાહ આપે છે. કુમાર **પુષ્પસેન** તે સલાહ સ્વીકારી બાળાના ગૃહમન્દિરનું નામનિશાન પુછી લે છે, અને **સુલોચના** સમસ્યામાં તે સૂચવી રાતરે આવવા જણાવે છે.

યોગ્ય સમય થયે—

પ્રીત થકો રાજા પરવર્યો, સ્ત્રીમહોલ સામો સંચર્યો;
ઉઠી અબળાએ કર્યો પ્રણામ, ભલે પધાર્યા રૂડે કામ.
પાંચ પદારથ પામ્યાં અમો, પ્રીતે કરી પધાર્યા તમો.
રાજા બેઠો પાસે જઈ, સ્ત્રી કર જોડી ઉભી રહી.
ભામનીએ નિરખ્યો તે ભૂપ, રાજબીજ રઢિયાળું રૂપ;
રાજાએ રાણી નિરખિયાં, **બેઉ જણા હેડે હરખિયાં.**

આ પ્રમાણે એક બીજાના હૃદયમેલાપના પરિણામે—

**સુલોચના** એમ ઓચરે, સાંભળ રાય સુધીર;
**જો વરૂં તો તુજને વરૂં, નહિં તો પાડું શરીર.**

પ્રથમ દર્શને જ એક બીજાને અનુકૂળ થઈ રહેતાં, સંમતિનો પ્રત્યુત્તર આપતાં, હૃદ-



યોમાં આવી ભાવના સ્ફુરાય, અને થોડા જ સમયમાં ગંભીર રૂપ ધરી આસપાસના વિકટ, પ્રતિકૂળ, વિઘ્નકર્તા સંજોગો હોવા છતાં પણ તે હૃદયમાંથી જીવનના સુખદુખના આધાર રૂપ આવી પ્રતિજ્ઞા સંપૂર્ણ જ્ઞાન અને ભાન હોવા છતાં પણ નીકળી જાય, એ વિશુદ્ધ સ્નેહનાં અનેક સ્વતંત્ર સ્વરૂપોમાંનું એક છે, અને રસિક કવિઓને તે ઘણું રમણીય લાગે છે; મહાકવિ કાલિદાસે દુષ્યન્ત અને શકુન્તલાના હૃદયોમાં આવો જ વિશુદ્ધ અને દૃઢ સ્નેહ સ્ફૂરાવ્યો છે, અને અંગ્રેજી મહાકવિ શેક્સપીયરે તો પ્રેમનાં આવાં અનેક પવિત્ર ચિત્રો આલેખ્યાં છે.

( અપૂર્ણ. )

**પાન્થ.**

---

## ચર્ચાપત્ર.

### આઘાતનો પ્રત્યાઘાત.

મેહેરબાન " સુંદરીસુબોધ " ના અધિપતિ સાહેબ.

આપના માસિકમાં મેહેરબાની કરીને જો નીચેના બે અક્ષર છપાવશો તો ઉપકાર થશે. જે બે અક્ષર મ્હારે લખવાના છે તે લખ્યા પ્હેલાં મ્હારી એક વિનતિ ધ્યાનમાં રાખશો હેવી આશા છે. વિનંતિ એ છે કે મ્હારા લખાણથી હું કોઈપણ જાત્યની ચર્ચા ઉભી કરવા માંગતો નથી ને તેમ છતાં જો ચર્ચા ઉભી થશે તો તેને માટે મ્હને ભય નથી; પરંતુ ભય એ છે કે મ્હારૂં લખાણ " સુંદરીસુબોધ " માં મૂકવાની આવશ્યકતા નથી કારણ એનાથી એ માસિક વાંચનાર જે મુખ્ય વર્ગ છે તેને કામનો નથી. પણ મ્હારૂં લખાણ આપના માસિકમાં મૂકવાની વિનંતિ એટલા જ માટે કરૂં છું કે આપના માસિકને ઉદ્દેશીને આઘાત થયેલો સાંભળ્યો છે ને તેનો પ્રત્યાઘાત પણ તે માસિકમાં જ આવવો જોઇએ એમ મ્હારૂં માનવું છે.

આઘાતનો પ્રત્યાઘાત સ્વાભાવિક છે. કોઇને તમાચો મારીયે તો આપણો હાથ પણ ચણચણે. પણ સ્થિર બુદ્ધિથી વિચાર કરનારને ખરી કેળવણી પામેલો મનુષ્ય તો તમાચો ના જ મારે ને કદી મારે તો કોઈ યુક્તિથી જ મારે ને તે પણ કોઈ મહા દોષને માટે. અવિચારી ને અણઘડ મનુષ્ય તો માત્ર ટુંકી બુદ્ધિથી જ કામ કરે છે ને કેહેવત પ્રમાણે " આપ આપકે મનમેં ગદ્ધાબી મસ્તાન હૈ " એને અનુસરે છે. હવે જે આઘાત થયેલો મ્હેં સાંભળ્યો છે, તે આ પ્રમાણે છે કે " સુંદરીસુબોધમાં વિષયો લખવાથી બાયલા થવાય છે "??? આવો આઘાત કરનારને 'બાયલા' ની વ્યાખ્યા ખબર છે કે નહીં તેનો મોટો શક છે. શું સ્ત્રીજાતિના સમક્ષ ઉચ્ચ ઉદ્દેશો મૂકવા, સંસારની સુખશાન્તિનું જે મૂળ તેને ઉચ્ચ વર્તન કરતાં શિખવવું, તિમિરમાં પડેલાને જ્યોતિમાં લઈ જવું, શિષ્યના સ્વભાવથી પૂર્ણ રીત્યે જાણીતા થઇ તેના જીવનને ઉચ્ચગામી શુદ્ધ, વિમલ કરવું ને તેનું ગુરૂપદ લેવું તે શું બાયલાપણું કહેવાય ? જે મનુષ્ય સ્ત્રીજાતિના સ્વભાવથી વાકેફગાર નથી, અને જે તેને શુદ્ધ માર્ગે દોરવા મથતો નથી અથવા જેને દોરતાં આવડતું નથી, જેને સ્ત્રી જાતિને રૂચિકર બોધ આપતાં આવડતો નથી તો પછી તે પતિ થવાને લાયક નથી. ભલે પછી તે ચોપડી

ભણેલો હોય તો પણ તે ગમાર જ છે. ગુરૂપદ લેવું એ ન્હાની સુની વાત નથી. તિમિરમાં ઉભેલાને જ્યોતિમાં લઇ જવાને જ્યોતિમાંથી તિમિરમાં જવું પડે છે. ઇશ્વર પણ મનુષ્યાવતાર લઇને મનુષ્યને ભવજલધિ પાર ઉતારવા મનુષ્ય બને છે માટે શું તે તેનું ઇશ્વરત્ત્વ મૂકી વાસ્તવિક રીત્યે મનુષ્ય થાય છે? શું મર્હુમ રા. રા. નવલરામભાઇએ ગરબાવળીઓ બનાવી છે ને જે સુકાર્ય કર્યું છે તે શું બાયલા હતા? કવિ દયારામભાઇએ ગરબીઓ લખી છે તે શું બાયલા હતા? સરસ્વતીચંદ્રમાં જે સ્ત્રીપાત્રોનો ચિતાર રા. ગોવર્ધનરામભાઇએ આપ્યો તે શું તે પાત્રોની સ્થિતિમાં પોતે મૂકાયા વગર એવો ચિતાર આપી શક્યા હશે? માટે શું કોઇ એમને બાયલા કેહેવાની મૂર્ખતા કરશે? રા. નરસિંહરાવે ગરબાઓ કરેલા છે તે શું બાયલા છે? અરે તે દરેક જણે મહા મહા કાર્ય કર્યાં છે, તે આઘાત કરનારને ક્યાં ખબર છે? દરેક જણ પૂર્ણ પુરૂષસ્વભાવના મર્દ છે, જે મર્દાઇનું સ્વપ્નું પણ 'બાયલા' કેહેનારને આવતું નહિં હોય. દરેક જણ ખરા પતિ શબ્દને શોભાવનાર છે. સ્ત્રીજાતિને સુબોધ દઈ સંસાર સુખમય કરવામાં પુરૂષત્ત્વ છે, નહિં કે નીચ વર્ણની માફક સ્ત્રી સાથે સંબંધ છોડીને છુટાછેડા કરવાથી. સંસાર જીતવાને સારૂ સ્ત્રીજાતિને રૂચિકર રીત્યે પોતાના વિચારપ્રદેશોમાં સાથે લઇ ઉન્નત જીવન ગાળતાં ને ગળાવતાં ના આવડે તો બ્હેતર છે કે તેણે લગ્ન ના કરવું ને જો કર્યું હોય તો તે દોષિત પતિ છે ને તે એક મહાપાપ છે.

લી. મધુક.

---

# સ્વાગતમંદિર

**કર્મક્ષેત્ર***—બંગાળી સાહિત્યનો રસ ચખાડવાનું માન સ્વર્ગસ્થ શ્રીયુત નારાયણ હેમચંદ્રને છે. બંગાળી સાહિત્યમાં અવનવી રસોત્પાદક કૃતિઓ છે એ જાણ્યા પછી આપણા ગુર્જર સાક્ષરો અને લેખકોએ બંગાળી સાહિત્યનું અનુકરણ કરવા માંડયું છે એ આહ્લાદજનક છે. પ્રસ્તુત તે પુસ્તક પણ બંગાળી સાક્ષર શ્રી શશિભૂષણ સેન લિખિત છે. જે સમયે દેશમાં સ્વદેશી હીલચાલ, રાજકિય, સામાજીક અને ધાર્મિક ઉન્નતિને માટે પ્રયાસો થાય છે તે સમયે આ પુસ્તક આપણા વિદ્યાર્થી વર્ગને ઉત્સાહિત કરી સત્ય રસ્તે લઈ જનાર થઈ પડશે એ નિર્વિવાદ વાત છે- આ પુસ્તક સુપ્રસિદ્ધ ઇંગ્રેજી લેખક સ્માઇલ્સની પદ્ધતિ ઉપર લખાયું છે અને કર્મક્ષેત્રનો અર્થ કર્મવાદમાં ન લઇ જતાં મનુષ્યમાં રહેલી આત્મશક્તિનો સંસારમાં કેવી રીતે ઉપયોગ કરવો તે સૂચવ્યું છે. આપણા આર્યાવર્તના જગવિખ્યાત ધર્મપ્રચારક બુદ્ધદેવ, ક્ષત્રીયવીર પ્રતાપ, રાજ્યનીતિજ્ઞ સર સલારજંગ અને સર ટી માધવરાવ, સાહિત્યસેવક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર અને તારાનાથ તર્કવાચસ્પતિ, સંસારસુધારક રાજા રામમોહનરાય, સર સૈયદ આહમદ, વ્યાપારોત્તેજક સર જમસેદજી જેવાનાં જીવનવૃત્તાંતો ન

* ભાષાન્તર કર્તા શાસ્ત્રી નાથજી વિ. મોહનજી વ્યાસ બી. એ. તથા વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય. કીમત રૂ. ૧—૦—૦. મળવાનું ઠેકાણું વૈદ્ય જાદવજી ત્રિકમજી ઔષધાલય, કોટ, બજારગેટ સ્ટ્રીટ—મુંબાઈ.

આપતાં ત્હેમના જીવનમાંથી બોધપ્રદ અનુકરણીય હકીકતો એવી ભાષા અને ઇબારતથી આપી છે કે પ્રત્યેક યુવાનને આત્મશક્તિનો ઉપયોગ કરી **સંકલ્પ** અને **સાધનાથી કાર્યસિદ્ધિ** કરવાનું મન થાય જ. શ્રી શશિભૂષણ સેનની શૈલી, ભાષાંતર કર્તા યથાસ્થિત જાળવી રહ્યા છે એ ખરેખર ત્હેમને ધન્યવાદ ઘટે છે. અમે આ પુસ્તક અથથી તે ઇતિ સુધી વાંચી ગયા છીએ અને ગુજરાતના પ્રત્યેક યુવાનના હસ્તમાં આ પુસ્તક જોવા ઉત્કંઠિત છીએ. શાળા અને પાઠશાળામાં ટેક્સ્ટ બુક તરીકે દાખલ કરવાની જરૂર છે.

મેટ્રીકયુલેશનના વિદ્યાર્થીઓને અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ પુસ્તક વાંચવા અમારી ખાસ ભલામણ છે અને ભાષાન્તર કર્તાને ત્હેમના સ્તુત્ય પ્રયાસ માટે ફરીને અભિનંદન આપી અમે વિરમીશું.

***રામવિયોગ**—આ પુસ્તક કર્ત્તા તરફથી અભિપ્રાયાર્થે અમને મળ્યું છે. "યોગેન્દ્ર"ના લેખક તરીકે કર્ત્તા ગુજરાતમાં સુવિખ્યાત છે. પુસ્તક નાટક રૂપમાં પ્રકટ કર્યું છે, અને રામચંદ્રને વનવાસ મળ્યો એ પ્રસંગ નાટકનું વસ્તુ છે. તેમ જ પોતાના સ્વર્ગસ્થ પ્રિયજનોને તે અર્પણ કર્યું છે. આજકાલ વાર્તાઓ લખવાનો શોખ વધી પડયો છે, ત્યારે આવા નાટકની પણ જરૂર છે. નાટક તમામ સંસ્કૃત નિયમને અનુસરીને બનાવ્યું છે ને સાધારણ દૃષ્ટિથી જોનાર માણસને તો એમ જ લાગે કે આ નાટક સંસ્કૃત પુસ્તકનું ભાષાન્તર હશે. પણ વસ્તુતઃ એમ નથી. અંદર પિતાપુત્ર, માતાપિતા, અને સ્ત્રીપતિ વચ્ચે થયેલી વાતો એવી સારી, સારા અર્થવાળી, અને ઉત્તમ છે કે અમે આ પુસ્તક વાંચવાની દરેક જણને ભલામણ કરીએ છીએ. મુળ નાટકનો વિષય જ ઉત્તમ છે, અને તે એવી સારી સંકલનાથી ગોઠવ્યો છે કે રસ પડયા વગર રહે નહીં. સ્થળ સંકોચને લીધે એનાં દૃષ્ટાંતો અમે આપી શકયા નથી; છતાં રામ જે સમયે અરણ્યમાં જાય છે તે સમયનો માતા કૌશલ્યાનો આશીર્વાદ, ઉતાર્યો છે.

" જાયે છે મુજ રામ ત્યાં વન વિષે, પિતુ ગતિ સારવા
થાજો સહાય ભૂતત્વ જે ગતિ કરે, પ્રેમે કરી પાળવા
આપી હર્ષ અધિક એ સુખ કરો, જ્યાં જ્યાં વસે રામહું,
જ્યાં જ્યાં ધર્મ કરે ગતિ ભુવનમાં, આશિષ હોજો સહુ."

કર્તાએ કવિતામાં કોઇક કોઇક સ્થળે Poetic license લીધો હોય એમ લાગે છે, અમારૂં ધારવું એવું છે કે જ્યાં સુધી માત્રા બેસે એવા શબ્દો મળી શકે, ત્યાં સુધી એવો લાઇસેન્સ ન વપરાય તો ઠીક. પણ એ બાબત ઘણી નજીવી છે. બીજું, આખું નાટક સંસ્કૃત લીપીમાં લખાયલું છે. આજ કાલ ભાષા એકત્ર થવાનો પ્રયાસ ચાલે છે, તેમાં આ પુસ્તકને આ લિપિમાં લખવાથી કર્તાએ ઘણું સારૂં પગલું ભર્યું છે. અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તકની બીજી આવૃત્તિ વખતે કર્તા પુસ્તક ઉપર નજીવો પણ કિંમત લખશે કે સામાન્ય જન એનો લાભ લઇ શકે.

---

* કર્તા લલુભાઈ નારણજી દેશાઈ, વલસાડ, બક્ષિસાવૃતિ.

# સમયતરંગ.

**વનિતાસુધારિણી સભા**—જબલપુર ખાતે એક વનિતાસુધારિણી સભાની સ્થાપના થઈ છે જેના પ્રમુખ રા. હીરાલાલ વર્મા બિ. એ. બેરિસ્ટર ઍટ-લો તથા મંત્રી પંડિત ઇંદ્રદત્ત શર્મા છે.

**સ્ત્રીઓની દેશભક્તિ**—બંગાળાની બંગ લક્ષ્મી મિલ, જેની સ્થાપના થોડા વખતથી થયેલી છે તેનું ભંડોળ ૨૪ લાખ રૂપિઆનું છે અને તેમાંના ૧૮ લાખ રૂપિઆના શેર બંગાળી સ્ત્રીઓએ ખરીદી લીધા છે. આ શેરો ખરીદવામાં તેમણે પોતાના પલ્લા અને અલંકારાદિનો પણ ઉપયોગ કર્યો છે એમ જણાવવામાં આવે છે. હિંદુસ્થાનના ઉદ્યોગ હુન્નરને ઉત્તેજન આપવાના તેમના આ યત્નને સર્વે તરફથી ધન્યવાદ આપવામાં આવે છે.

**બાળ સ્ત્રીઓ માટે શાળા**—૧૪ વર્ષથી નાની વયની પરણેલી બાળક સ્ત્રીઓ માટે ચિકાગોમાં શાળાઓ સ્થપાઈ છે જ્યાં તેમને ફરજીયાત શિક્ષણ લેવા મોકલવામાં આવે છે.

**મહિલાપરિષદ્**—આવતા ડિસેમ્બર માસની આખરે કલકત્તા ખાતે મળનાર કોન્ગ્રેસ સાથે ભારત મહિલા પરિષદ્ મળનાર છે તેને માટે તૈયારીઓ થવા લાગી છે. દેશના જૂદા જૂદા ભાગોમાંથી જનારી સન્નારીઓનો સત્કાર કરવા માટેની કમિટીની નિમણૂક થઈ ગઈ છે.

**એક સન્નારીની સખાવત**—મિસિસ લુઈ હિલ નામની એક અંગ્રેજી સન્નારીએ પોતાના મૃત્યુ પાછળ રૂ. ૩૦ લાખની સખાવત કરવા ફરમાવ્યું છે.

**સ્નાન માટે જૂદો ઘાટ**—કલકત્તામાં હિંદુ સ્ત્રીઓ સગવડ સાથે સ્નાન કરી શકે તે માટે હુગલી નદી ઉપર એક તરતો ઘાટ કલકત્તાના બારાના કમિશનરો તરફથી બાંધવામાં આવે છે. આ ઘાટ પર પુરૂષ વર્ગને જવા દેવામાં આવશે નહિ.

**જાહેર સભામાં સ્ત્રીઓ**—વૈષ્ણવ પરિષદ્ તરફથી એક જાહેર સભા વડોદરાના એકાઉન્ટન્ટ જનરલ રા. બ. ડાહ્યાભાઈ હરજીવનદાસના પ્રમુખપણા નીચે વડોદરા ખાતે મળી હતી જેમાં ૧૦૦—૧૫૦ સ્ત્રીઓ પણ હાજર રહી હતી.

**એક છોકરીની ઉદારતા**—એક બંગાળી છોકરીનાં માતા પિતાએ તેના જન્મદિવસની ખુશાલીમાં મિજબાની આપવા વિચાર કર્યો. છોકરીએ તેનાં માતપિતાને પૂછ્યું કે તેમાં કેટલું ખર્ચ કરશો. તેઓએ જવાબ આપ્યો કે "સો રૂપિઆ" ત્યારે તે બાલિકાએ કહ્યું કે "તે સો રૂપિઆ તમે મને આપો" મારે તે દુષ્કાળથી પીડાતા લોકોને મદદ દાખલ આપવા છે.

---

**સ્વીકાર.**

પુસ્તકો—કર્મક્ષેત્ર, વિધવા, ગીતસંગ્રહ, શૈલપુરની સુન્દરી, શોકશમન.

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઈના શબ્દોમાં કહીએ "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુકત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઈચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને. કુટુમ્બના બાલકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિપરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઇ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુઓન્દરીના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશકય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૬ ડીસેમ્બર—માર્ગશિર્ષ વિ. સં. ૧૯૬૩. [અંક ૪ થો.

## ज्ञानसुगन्ध.

**सीताः**—उत्थानकाळमां शांतिद्वारा रसनुं पोषण ए ज धर्म छे. तो प्रिय, हुं रसनुं स्थानछुं. जेथीकरी मारो वियोग केवी रीते होइ शके ? शांति ए आत्मतेजनी वृद्धि करे छे. तो हुं पण आत्मतेजना वृद्धिकार्यमां सहभागी केम न होऊ ! एवी रीतनो अन्योअन्य धर्म भिन्नताने पामी जडताने केवी रीते व्होरी ले ? माटे ज स्वामीनाथ हुं वियोगी नथी रहेवानी. हवे कंइ पण प्रश्न न करतां मने संगे लइ जवा संकल्प करो. ए ज तमारो धर्म छे. पाणिग्रहण समये ए ज तमारी प्रतिज्ञा छे. पिताश्री जनकरायने, पाणिग्रहण करतां ए ज तमारुं अभयवचन छे, आ विषे में अनेकवार आपने कह्युं छे. माटे संशयरहित पाणिग्रहण समये करेली प्रतिज्ञा सफळ करो. एवी प्रतिज्ञानो भंग थतां तमोमां कायरपणुं क्यांथी संभवे ? माटे स्वामीनाथ, विलंब रहित सहगमननी आज्ञा करो. तमो सरखा शौर्यस्वरूपना संगमां मने कोइपण प्रकारनो भय वनवासमां पीडे एम नथी. तेम ज तमारा संगमां मने कोइपण प्रकारनो परिताप पण नडे एम नथी केमके तमो ए ज मने सर्व आनन्दनुं कारण छो, तो क्षुधा, तृषा, अपवासादिक व्रत, भूमिशयन, पदगमन, कंटकादि पीडा, क्रूर प्राणिनो भय, अने अन्य क्लेशो मने केवी रीते भेदी शके ? ज्यां मनोवृत्ति एक ज वस्तुमां रसनिमग्न थइ रही होय, त्यां अन्य क्रियानो संभव क्यांथी होय ?

**लल्लुभाइकृत रामवियोग.**

# કાવ્યકુંજ.

## સાહેલી ચન્દા અને ત્હેનો સ્વર્ગીય રાસ.

( ગરબી. )

ચાલો સાહેલી સર્વ સાથમાં રે લોલ;
રમીએ તાળી લઈ હાથમાં રે લોલ.

ચન્દા હસે છે આ મન્દા કપોલમાં
જોઇએ એ હાસ્ય સર્વ સાથમાં રે લોલ;
હાં-હાં સાહેલી સર્વ સાથમાં રે લોલ.

વારિ વહે જૂઓ રૂપેરી ધોધમાં;
ધોધે ન્હાશું રે સર્વ સાથમાં રે લોલ. - હાં-હાં.

ચન્દા રૂપેરી, આ ભૂમિ રૂપેરી;
થઇએ રૂપેરી સર્વ સાથમાં રે લોલ--હાં-હાં.

સુવાસી પુષ્પો આ કેવાં ખીલ્યાં છે;
લઇએ સુવાસ સર્વ સાથમાં રે લોલ—હાં-હાં.

ચન્દા વર્ષાવે જો પીયૂષ સ્નેહે;
પીશું પીયૂષ સર્વ સાથમાં રે લોલ—હાં-હાં.

જૂઓ ધીમે ચ્હડે ચન્દ્રકલા સહુ;
ચાલો ચાલો ચ્હડીએ સાથમાં રે લોલ—હાં-હાં.

સ્વર્ગીય ચન્દાના સ્વર્ગીય ચોકમાં;
ચ્હડીએ-લઇએ રાસ સાથમાં રે લોલ.
ચાલો સાહેલી સર્વ સાથમાં રે લોલ.

બાલશ્રી.

---

ચન્દા=ચન્દ્રનું તેજ. મન્દા=ધીમે ધીમે. કપોલ=ગાલમાં. વારિ=પાણી. પીયૂષ=અમૃત.



# ગૃહધર્મ.

## સ્ત્રીકર્તવ્ય.

( મળેલું.—સ્ત્રીલેખ. )

આજકાલ ચોમેર સ્ત્રીકેળવણી માટે ઉપાયો યોજાઈ રહ્યા છે, સ્ત્રીઓનાં કર્તવ્ય દર્શાવનારાં પત્રો દિનપ્રતિદિન વધતાં જાય છે, સ્ત્રીવર્ગ આગળ વધતો જાય છે, ટુંકામાં "સ્ત્રી" એ ચર્ચા અને ઉત્કર્ષના વિષય તરીકે લોકોનાં મનને પ્રવૃત્તિ આપી છે. સ્ત્રીએ પોતાને માન આપવું, પતિને સુખી રાખવો વગેરે વગેરે વિચાર એટલી બધી વાર કાન ઉપર પડી ગયા છે કે હવે વધારે વાર તે સાંભળવા ઠીક લાગતા નથી તેથી આ લેખમાં સ્ત્રીની પતિ તરફ શું ફરજો છે તે તો બીલકુલ આપવામાં આવશે નહિ. આ લેખમાં કહેલી બીજી બાબતો પણ નવી નથી જ; માત્ર આંહી એકઠી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ્રથમ તો સ્ત્રીનું કર્તવ્ય એ છે કે તેમણે પોતાનું શરીર સુંદરને બદલે મજબુત થાય તેમ કરવું જોઇએ. આખા ગુજરાત કાઠીયાવાડમાં જોઇશું તો કોઈ સ્ત્રીના મોં ઉપર લાલાશ જોવામાં આવે છે? ભર યુવાનીમાં આવેલી પચીસ વરસની સ્ત્રી પીળી પેંપચાં જેવી, ગાલ બેસી ગએલાં, આંખ્યો અંદર બેસી ગએલી, હાથપગ તો જાણે એક છ વરસની છોકરી જેવડાં-ટુંકામાં, કદમાં દસ વરસની છોકરી જેવડી અને શક્તિમાં સાઠ વરસની અશક્ત ડોશી જેવી સ્ત્રી જોવામાં આવે છે એ કેટલો દયાજનક દેખાવ છે!! આવી સ્ત્રીની સંતતિ—તે હિંદની ભવિષ્યની આશાઓ!! જ્યાં જુઓ ત્યાં હીસ્ટરીયા, હાથપગમાં કળતર, વાંસાનું ફાટવું, દીલનું તૂટવું, માથાંનું દુઃખવું ટુંકામાં સર્વે પ્રકારના રોગના પોકાર પોકાર સિવાય બીજું કાંઈ કાને પડતું નથી. આ બધી ફરીયાદનું મૂળ શું છે તે તપાસી તેના ઉપાય કરવાની પૂરી જરૂર છે.

નબળાઇનું પ્રથમ કારણ તો માબાપની નબળાઈ, અજ્ઞાન અવિચારીપણું અને અનેક દુષ્કૃત્યો હોય છે. તે માબાપ તો જે છે તે છે; તેમાં કંઈ હવે ભવિષ્યની સંતતિ સિવાય બીજાં કોઈ માટે સુધારો થઈ શકે નહિ. સુધારો થાય તો પોતામાં અને પોતાનાં છોકરાંમાં થઈ શકે. તે શું થઈ શકે તે આપણે હવે જોઇએ. પ્રથમ તો પોતાનામાં ઘરકામ કરવાની શરમ મૂકાવી જોઇએ. આજકાલ કામ નોકરથી કરાવવાની ફૅશન પડી છે તે તન્દુરસ્તી બીગડવાનું મૂળ કારણ છે. કાંઈ ઠીક સ્થિતિ થઈ કે બસ ઘરનું કામ હાથે કરવું બંધ!! મ્હારૂં એમ કહેવું નથી કે શ્રીમંત વર્ગે કે ઠીક સ્થિતિના વર્ગે પોતાનાં ઘરનાં બૈરાંથી જ કામ લેવું. નહિ કે તેને કંઈ વાચવા લખવાનો કે કેળવણીનો અવકાશ ન આપવો; પરંતુ કહેવું એટલું જ છે કે જો તમે અંગ્રેજ બાનુઓની નકલ કરી ઘરનું કામકાજ મૂકી દો, જો તમે ચોપડીઓ વાંચવાને રસ્તે વળો, જો ભરતનું, શીવવાનું, ગુંથવાનું વગેરે બેઠાં બેઠાં થાય તેવું કામ શીખવો-તો તે જ અંગ્રેજ બાનુઓની પેઠે તમે કસરત પણ લ્યો; તેમાં શરમ ન રાખો,

હવા ખાઓ, ફરો અને અંગને તસ્દી આપો. અંગ્રેજની નકલ કરો તો પૂરી કરો; એમના જેવાં ચોકખાં, સ્વચ્છ હવાવાળાં ઘરમાં રહો; ખોરાક સારો ખાઓ, શરીરશ્રીમંત થાઓ અને તેમની માફક બધું ન થઈ શકે ત્યાં સુધી ઘરકામની કુદ્રતી કસરતને છોડો નહિ. આમ થશે તો જ તમારાં માથાં દુઃખતાં મટશે અને ફરીયાદો દૂર થશે.

શરીર સારુ રાખવાના બીજા પણ કેટલાક ઉપાયો છે; સુવાવડ એ સ્ત્રીનું ઘણું બળ હરણ કરી જાય છે. સુવાવડમાં ઘણી સ્ત્રીઓ પૂરતાં સાધન છતાં ઘી દૂધ વગેરે પુષ્કળ ખાતી નથી. મને આ તો ન ભાવે, આ તો ગળે ન ઉતરે અને આ તો માફક ન આવે આમ કહેવું અને કરવું એ પોતાને, પોતાનાં છોકરાંને અને બીજાં સૌને દુઃખી કરવા જેવું છે. ભાવવા ન ભાવવાનો સવાલ નથી; ઓસડ તરીકે ઘી દુધ ખાવાં જ જોઇએ. અને તે જો ન ખવાય અને વરસે વરસે સુવાવડ આવે તો શરીરમાં તાકાત શાની જ રહે? માટે સ્ત્રીઓએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

સ્ત્રીઓનાં શરીર ખરાબ થવાનાં બીજાં પણ કેટલાંક કારણો છે. શરમને લઇને કુદ્રતી હાજતો સંબંધે અનિયમિતપણું અને સ્ત્રીજાતિમાં જ થતા કેટલાક રોગોનું શરમાશરમ છાનું રાખવું આ બે મુખ્ય કારણો છે; સાસુઓએ પોતાની વહુઓને દીકરી માફક ગણીને પૂછપાછથી વાકેફ થઇને તેમનાં આવાં દુખો દૂર કરવાની પૂરી તજવીજ કરવી જોઇએ કે જેથી તે વહુ પોતાને, અને બીજાંઓને વધારે સારી તબીયતથી વધારે ઉપયોગી થઈ પડે.

એ પ્રમાણે શરીર મજબુત રાખવાના ઉપાયો કરતાં રહીને મનને કેળવણી આપતાં જવાની છે, શરીરની પાયમાલી કરીને નહિ. વાંચવા લખવાનું કામ નવરાશના વખતનું છે; ઘરકામ મૂકીને ચોપડી લઈ બેસવાથી ફાયદો નથી. સારી સારી સ્ત્રીઉપયોગી ચોપડીઓ, ગરબાઓ, સ્તોત્રો વગેરે વાંચવાની ઉપરાંત સ્ત્રીઓએ વાર્તાઓની ચોપડીઓ ખાસ કરીને ઘણી વાંચવી જોઇએ. એટલા માટે કે છોકરાંઓને બોધ આપવામેં તે કામ લાગે. મને એમ લાગે છે કે છોકરાંઓને ભેગાં કરી વાર્તા કરી તેની મારફત જ્ઞાન અને બોધ આપવાની રીત જે કેટલીક જૂના જમાનાની માતાઓમાં હતી તે ઉલટી નવી કેળવાયલી માતાઓમાં જોવામાં આવતી નથી. આનું કારણ કદાચ તેમની પોતાની વાંચવા સંબંધીની પ્રવૃત્તિ હોય, કે વાર્તાના જ્ઞાનની ખામી હોય કે ગમે તે હોય પણ હવે તેમ નથી થતું એ તો ચોકસ છે અને તે ઓછું દીલગીરી ભરેલું નથી. ઘરમાં સ્તોત્રો પાઠો આખ્યાનો વગેરે જૂના જમાનાની માતાઓ હાલતાં ચાલતાં, અને કામ કરતાં કરતાં મોંએ બોલતી તેથી છોકરાંઓ જેમની યાદશક્તિ કંઈ અદ્ભુત જ હોય છે તેઓ વિનાપ્રયાસે વિનાશ્રમે અનેક બાબતો નાનપણથી શીખી જતાં અને તેના સંસ્કાર છોકરાંના જીવન ઉપર બહુ ઉંડી અસર કરતાં. પણ હવે તે જોવામાં આવતું નથી તે શોચનીય છે.

સ્ત્રીઓનું બીજું એક કર્તવ્ય ધર્મને અને નીતિને જાળવી રાખવાનું છે. સ્વચ્છતાને અનુસરીને ધર્મના જે નિયમો બંધાએલા છે તેનું પાલન કરવું, કુળના આચારવિચાર જાળવી રાખવા, છોકરાંઓને નીતિની કેળવણી આપવી વગેરે કામ સ્ત્રીઓનું જ છે, કેમકે છોકરાંઓ મા સાથે જ ઘણો વખત ગાળે છે.



સાધારણ ઔષધી અને ઉપચારો જાણવા એ પણ સ્ત્રીઓનું કર્તવ્ય છે; દેશી ઓસડીયાં જેવાં કે ઇંદ્રજવ, સુવા, હરડે વગેરે અનેક ઓસડીઆં છે કે જેનો ઉપયોગ સ્ત્રીઓ જાણતી હોય તો જ્યારે ત્યારે પરદેશી દવાના પૈસા ન ખરચવા પડે. દીલગીરીની વાત છે કે આજની કેળવાએલી માતાઓ આ બાબતમાં તદ્દન પછાત છે અને તરત ડાકટરને ત્યાં દોડે છે. કેટલીક ડોશીઓ બચ્ચાં સંબંધી અરધી વૈદ જેવી હોય છે તેનો અનુભવ ઘણાને થયો હશે.

નવરાશને વખતે શીવવું, ભરવું, ગુંથવું એ સ્ત્રીઓનું કર્તવ્ય ગણાય છે પરંતુ તે સંબંધી કેટલુંક કહેવા જેવું છે. અત્યાર સુધી સ્ત્રીઓમાં એમ સમજાયું છે કે રૂમાલો ભરવા, ગલપટ્ટા ગુંથવા, ટેબલ ક્લૉથ ભરવાં તોરણ ભરવાં વગેરે ફૅશન વાળું કામ કરવું એ જ માત્ર સ્ત્રીઓનું કર્તવ્ય છે. પણ તેમ નથી; પૈસાદાર વર્ગ એવું કામ કરે તે ઠીક છે પરંતુ સાધારણ વર્ગ માટે તો જૂદા પ્રકારનું કામ જોઇએ. સ્ત્રીઓને ફ્રૅાક અને ઝાલરવાળાં અંગ્રેજી નમુનાનાં લૂગડાં ગમવા લાગ્યાં છે પરંતુ તેના તો ઘણા પૈસા દરજીને દેવા પડે છે તેથી ઉપર કહી તેવી ચીજો ભરવા ગુંથવાને બદલે ઘરમાં રોજ જોઇતાં ઉપયોગી ફ્રૅાક, ચણીયા, ચોળી, કમખા, નાનાં પેરણો, કબજા એવું એવું કામ શીખવામાં આવે તો સાધારણ કમાનારને કેટલું ખરચ ઓછું થાય?

સ્ત્રીઓનું એક મોટું કર્તવ્ય છોકરાં ઉછેરવાનું છે, ભવિષ્યની પ્રજા તૈયાર કરવાનું છે. તેથી છોકરાંઓની માનસિક, શારીરિક, નૈતિક અને ધાર્મિક કેળવણી તરફ તેમણે લક્ષ આપવાનું છે. બચ્ચાંઓ તરફ અયોગ્ય વ્હાલ કે લાડ કરતાં ચાહ, સોપારી વગેરે ચીજોથી તેમને દૂર રાખી પૌષ્ટિક ખોરાક આપવાની તજવીજ રાખવી જોઇએઃ તેમને વહેલાં વહેલાં પરણાવી લ્હાવા ન લેતાં તેમના ભવિષ્ય ઉપર નજર રાખવી જોઇએ. નાતો જમાડી, વરઘોડા કહાડવામાં આબરૂ નહિ માનતાં, પતિને પૈસાનો દુરૂપયોગ ન કરાવતાં પોતાનાં બાળકો અને બીજાઓના ભલા અર્થે તે વપરાય તેમ કરવું જોઇએ. વ્હેમો દૂર કરી, અયોગ્ય રીતરિવાજોને કહાડી નાખવામાં આગળ પડવું જોઇએ અને યોગ્ય સુધારા વધારા કાળને લઇને કરવા જોઇએ. છેવટે બાળકો પ્રત્યે એક પવિત્ર ફરજ છે તે પણ ભૂલાવી ન જોઇએ. અને તે એ છે કે બચ્ચાંને જાતે ધવડાવવાં અને તેમને નોકરના હાથમાં કદિ નહિ મૂકવાં; એ પ્રમાણે ન વર્તવાથી બચ્ચાંઓને સંસ્કાર હલકા દૂધના અને હલકી સંગતના થાય છે અને પરિણામે તે બાળક પોતાને, માબાપને, અને સમસ્ત પ્રજાને એક બોજારૂપ થઈ પડે છે.

ટુંકાંમાં સ્ત્રીઓની અનેક પવિત્ર ફરજો છે તે ફરજો જ્યારે સ્ત્રીઓ બજાવતી થશે ત્યારે પ્રજા મજબુત થવાની અને આપણો ઉદ્ધાર થવાનો. એ દિવસ પ્રભુ તરત દેખાડે એ જ પ્રાર્થના અસ્તુ.

# વિવિધવિહાર.

## સખીદર્શન.

આજે ભાઈબીજનો તેહેવાર છે એટલે મોતી સ્વ સ્વામિસહ નણંદ–નાનીબાને ત્યાં નવા આવી છે. નાની બે'નને ત્યાં આજે એક મહેમાન સ્ત્રી પણ આવેલ છે. મહેમાન તું નામ ગંગા છે. જમી રહ્યા પછી બપોરના અવકાશે કંઈ વિનોદ માટે ગોષ્ટી કરવા યું મંડળ એકઠું થયું, તે પ્રસંગે થયેલી વાતચિતનો કંઈક સાર સ્ત્રીઓનેજ સહજ ઉપ- ગી જણાવાથી અહીં પ્રસિદ્ધ કરવાની સર્વે વાંચકોની રજા લઉં છું.

મોતી—નાની બહેન ? આ બ્હેન કોણ છે ? એ કેમ કંઈ વાતમાં ભળતાં નથી ?

નાનીબા—મોતી ભાભી ? એ મ્હારી ગંગા બ્હેન–સખી–મારી બાળ સહી છે. એ ાવમાં કંઈક સર્વેથી દૂર રહે છે. સ્ત્રીઓનો વાચાળ સ્વભાવ એમનામાં નથી. એમનાં મ્હોં હાસ્યરેખાઓને બદલે શોકરેખાઓ જણાય છે, છતાં હસવાનો કૃત્રિમ પ્રયાસ કોઈવાર ણાઈ આવે છે, એમને એકાન્તવાસ પસંદ છે; એટલે એમને ગણત્રીની સખીઓ પણ ી. એમના સંબંધમાં આવનારે એમને ઘણા જુદા ને કંઈક ઉચિત નામો આપેલાં છે. ઈ તેને વિચિત્ર માનુષી કહે છે. કોઈ તેણીને 'રીઝર્વ્ડ માઈન્ડેડ'–એકાન્ત વાસીનિ ે છે. કોઈ 'બેપરવા સ્ત્રી' ને નામે તો કોઈ વળી 'અમર્યાદ કોયલ' કહે છે. બેશક ણી દેખાવમાં તેવી જ છે, પણ છતાં તેણીના આકર્ષક સ્વર ને તત્વિક બોધદાયક વિચાર ણીનો સંગ કરવાને લલચાવે છે. આટલી ન્હાની ઉમરમાં તેણી આ સંસારથી ધરાઈ ગઈ . કોઈની સોબત કરવા તેણી જતી નથી; પણ કોઈ સંગીને તેણી તરછોડતી નથી. સંગમાં હે આવેલાને અમર્યાદ જણાય છે પણ સોબતીને તેના વિવેકની ખાતરજમા છે. આજે હું તેમને સખી તરિકે જમવાનું આમંત્રણ કીધું છે.

મોતી—નાની બ્હેન ? મ્હારૂં એમની સાથે ઓળખાણ નહીં કરાવો ? તમારા કહેવા માણે મ્હારૂં ચિત્ત તેમની તરફ ક્યારનુંય આકર્ષાઈ રહ્યું છે.

નાનીબા—ભાભી ? તમો તો વળી અંગ્રેજી રૂઢીમાં ભળ્યાં. શું મ્હારા વગર તેમની ાથે ના બોલાય ? આપણા દેશીઓમાં અને વળી તેમાંય તે સ્ત્રીઓમાં ઓળખાણ કરવા ાટે ત્રાહીતની જરૂર ક્યારથી પેઠી ? ભલે, આવો, આ તેઓ પોતેજ આપણી પાસે આવ્યાં. ંગા બ્હેન ? હું કહેતી હતી તે આ મારાં એકનાં એક ભાભી છે. મોતી ભાભી ? આ મ્હારાં ખી ગંગા બ્હેન છે.

ગંગા—આવો બ્હેન; મ્હેં અનુમાન કર્યું જ હતું. મોતી બ્હેન ! નાની બ્હેન મ્હારાં ાળ સખી છે, ને આપ મ્હારાં સખી થશો.

મોતી—હું આપની સોબત ચાહું છું. મને કંઈક પુછવાની ઈચ્છા થાય છે–રજા આપો તો.

ગંગા—બ્હેન ? બેશક પુછો. આવડશે તેવો જવાબ જરૂર દઈશ.



મોતી—આપ એકાન્ત વાસ કેમ ઈચ્છો છો ? માફ કરજો હું આપના અંગત સવાલ પર પ્રશ્ન કરૂં છું.

ગંગા—એમાં માફી શી ? આપે ભૂલ શી કરી છે જે ? મ્હારા પતિની ઈચ્છા એવી છે તથા હવે ધીમે ધીમે મને પણ હવે એકલવાયુ વીશેષ પસંદ પડતું ગયું છે તેથી.

મોતી—મ્હને આપના જીવન ( વર્તન ) ની પ્રેમી બનાવશો ?

ગંગા—આપ મ્હને બ્હેન તરિકે ચાહવા આવ્યાં છો, તો હું પણ બેશક આપને બ્હેન તરિકે ચાહીશજ. સાંભળો મ્હારૂં કાળનિર્ગમન. હું એક ગરિબ પિતાની પુત્રી હતી તે હવે મ્હારા પતિની એકની એક ગરિબ પત્ની છું ને એવીજ રહેવા ચાહું છું. પ્રથમ હું કેવી હતી તે આપને જાણ્યા પછીજ હાલ હું કેવી છું તે જોવું–વિચારવું ઠીક પડશે.

મ્હને મ્હારા પતિની ગરિબાઈ—હીણકમાઈ તથા એકાન્ત વાસ, ને મ્લાનસુખ ગમ્યાં નહીં. હું સુખી થઈ શકીશ નહીં–મ્હને આ રીતે આ પતિજીવનના આધિપત્ય (ઉપરીપણા) નીચે સુખની આશા જાંજવાના જળને સમાન છે એજ વિચાર આવવા લાગ્યો. હું કંટાળી ગઈ. આ રીતે મારા તરફથી પતિને પણ સુખને બદલે દુખ જ મળવા લાગ્યું; પણ પતિ એકના બે થયા નહીં—પતિએ પોતાના વિચાર કે દેદાર ફેરવ્યા નહીં. પતિ, મારા તરફથી થતા અસહ્ય દુખ તથા અપમાનને પણ નીડરપણે સહન કરવા લાગ્યા. ફક્ત હમેશાં તેઓ મને આટલું જ કહેતાં 'તું ત્હારે ગમે તેમ કર પણ મ્હારૂં એક કહ્યું માન, ફક્ત એક જ કલાક કે માત્ર થોડીક ઘડી સુધીની આમન્યા પાળીશ તો હું ત્હારૂં ઇચ્છિત તેટલોજ કે કદાચ બલ્કે તેથી પણ યત્કિન્ચિત વિશેષ સમય સુધી પૂરૂં કરીશ.' ત્હેમની આમન્યામાં હમેશાં ફક્ત એકજ ઉદ્ગાર હતો, 'હું કહું તે થોડુંક વાંચ યાતો હું જે વંચાવું કે સંભળાવું તે સાંભળ ને તે વિષયો પર મનન કર, ત્હારિ શંકાઓ મ્હને પૂછ ને હું ઉત્તર આપીશ. વાંચેલું કે સાંભળેલું હું બીજે દિવસે કે અવકાશે પૂછીશ. ત્હારે યાદ રાખીને ફક્ત જવાબ દેવા.' 'અહા ! મ્હને આ કેમ ગમે ? ઘણોય સમય સુધી આ હઠીલાઇ ચાલ્યા કીધી. તેઓ હમેશાં એકાદ નહીં પણ બે ત્રણ વખત મને આ કંટાળા ભરેલું સંભળાવતા. હું ફક્ત હસ્તી–ખડખડ દાંત કાઢતી. તેઓ મુંગે મુખે જતા રહેતા. આમ છતાં તેઓ મ્હારે સારૂં પોતાને ગમતું આણી આપવા કે મ્હને સંતોષવા કદી ચુકતા નહીં. લગભગ સાતેક વર્ષ સધી અમારો એકલીયો સંસાર આમજ ચાલ્યો. એકદાએક નવીન પ્રસંગ બન્યો. મ્હારા પતિ કોઈ દિવસ નહીં ને તે દિવસેજ ચાર છ વખત ઘેર આવ્યા ને બ્હાર ગયા. મ્હને ત્હેમના તે વિચિત્ર વર્તનપર સહજ શંકા આવવા માંડી. દિવસના કાર્યના વિશ્રામ સમયે–નિદ્રા માટે–રાત્રે પતિ કંઈક વસ્તુ સાથે ઘેર આવ્યા. મ્હને સહજ ઈચ્છા થઈ ને પતિને નિદ્રાસ્થાનપર જવા દઈને મ્હેં તે જોયું–શું જોયું ? એક પુસ્તકમાં એક ચિત્ર! ગામડામાં પાદરે આવેલું એક ન્હાનું ઝુંપડું ને તેનું ચિત્ર ! તે નીચે લખેલું હતું કે 'સંસારનું અદ્વિતિય સુખ!' મ્હને આ સ્વર્ગીય સંસાર અનુભવવાની લાગણી થઈ આવી. કોને ન થાય? તે એક વાર્તા હતી. મોતી બ્હેન? બાળકને આનંદ આપે ને અવકાશીનો સમય પસાર થાય તેવી તે એક ન્હાની વાર્તાએ મ્હને મ્હારો સંસાર સરળ કરવાને પૂરતું કર્યું, મ્હારા પતિએ ન શીખવ્યું તે એક વાર્તાએ શીખવ્યું

ગરિબ સ્ત્રીનો સંસાર હૃદયદ્રાવક વર્ણન રૂપે તે પુસ્તકમાં હતો. મ્હારી લાગણી ઉભરાઈ આવી, ને તેજ ઘડીએ હું અતુલ સુખી દેખાઈ. કોઈ દિવસે ના અનુભવ્યું તેવું પરમ સુખ પ્રથમ જ મ્હેં પ્રાપ્ત કર્યું. મ્હેં સુખ રૂપ નિદ્રા લીધી. પતિએ સવારમાં મ્હારા મુખ દર્શનની છાયા પરથી સહજ સ્મિત કર્યું. આજ મ્હારૂં ૫ળ. હું બાળ અજ્ઞાન રહી હતી ત્યાં સુધી મ્હેં હમેશાં વાર્ત્તાઓ વાંચી. ધીમે ધીમે પતિને અનુસરવા લાગી.

આ (નાનીબા) સખીનો મ્હારા પર પરમ ઉપકાર છે. અનુકરણે હું પતિ જેવી થઈ રહી છું. પહેલાં હું મારા સુખમાં સુખ માનતી, હવે હું પરના-મુખ્ય કરીને પતિના સુખમાં સુખ માનું છું. હું કોઇને ઘેર હવે આથડવા જતી નથી. શોભીતાં કે આકર્ષક વસ્ત્રો મને ગમતાં નથી. જીભને ગુણાનુવાદી કરવા મથું છું. પૃથ્વિનું પરિબળ હું ઝીલું છું. ને ઉપકારમાં આનંદ માનું છું. જગતમાં ગણાતા વંદનિયને હું વંદુ છું ને કરવા જેવું સુલભ શુભ હું કરૂં છું, પતિ દર્શાવે તે હું જોઉં છું. મહાત્માઓનાં વચનામૃત હું વાંચું છું. મ્હારા જીવનથી કોઇને ઉદ્વેગ થાય નહીં એ ઇચ્છાથી હું સંસાર ખટપટથી બનતી ત્વરાએ દૂર રહું છું, એને લીધેજ મ્હને મનુષ્યસંસર્ગ વિશેષ પસંદ નથી. અનુપકાર દૃષ્ટિના દોષથી હું નિરાબાધ રહેવા યત્ન કરૂં છું. પણ સંસારીને માટે તે અશકય છે. કરવા ધારૂં છું પણ કોઇનું શુભ હું કરી શકી નથી, એ વિચારથી કે કદાચ કોઇને પણ આપણે અનિચ્છિત-અનિષ્ટ થઇ પડીએ. કહો બ્હેન? કંઇ વિશેષ જણાવું છે? બીજું તો અલ્પ સ્ત્રીજીવનમાં વિશેષ શું હોય?

મોતી—ગંગા બ્હેન? આપનું જ્ઞાન લાભદાયક છે, આપના વિચાર દર્શનીય છે, આપની વાણી આકર્ષક છે, આપ ધારો તો ઘણું કરી શકો!

ગંગા—બ્હેન? હવે વિશેષ વળી બીજું સ્ત્રીજાતને માટે કરવાનું એવું મારે શું બાકી રહ્યું હશે? હું હમેશાં ધારૂં છું કે વસ્તુમાત્ર સર્વસંપન્ન કદી હોતી નથી, પણ મ્હને મ્હારી અપૂર્ણતા કોઈ દેખાડે તો હું ખુશી થઇશ.

મોતી—બ્હેન? પ્રથમ તો હું આપના જેટલી પણ જ્ઞાનશાળી નથી. મ્હારૂં અલ્પ ભાષણ-મીથ્યા જીવન આપને શુષ્કપ્રાય: થશે; તોપણ મ્હારૂં અંતર કહે છે કે આપ ઘણું કરી શકો, આપ ઘણુ કરી શકો. સ્ત્રી જાત ધારે તો સ્વસંસાર, સ્વકુટુંબ, સ્વદેશ અને તદુપરાન્ત પરહિત પણ પુષ્કળ કરી શકે; ફક્ત મનમાં આવવું જોઇએ. બીજું હું કહી શકતી નથી કે આપે શું કરવું કે આમજ કરવું, મ્હારા કરતાં પણ મ્હારાં આ નાનાં નણંદબા-નાનીબ્હેન પરમ અભ્યાસી સુગુણશાળી છે તેઓજ કંઈક બતાવશે.

નાનીબા—ગંગા બ્હેન? હું કહીશ એમાં કંઈ બહુ સાર જેવું નહીં હોય, તો પણ પ્રાસંગીક ઉદ્દગારો કંઈ એળે નહીં જાય. શું આપણે સ્ત્રીઓ પુરૂષો જેટલું-જેવું નહીં-ન કરી શકીએ? પુરૂષો ધારે છે તે સહજ કરી શકે છે, શું સ્ત્રીઓમાં આવી શકતી નથી? હું ધારૂં? પુરૂષો કરતાં પુરૂષોમાં ન હોય તે વિશેષ છે, સ્ત્રીઓની આકર્ષક શકિત ધારે તે ત્વરાએ કરી શકવા સમર્થ છે. ગુણ ગ્રાહકને પ્રસારક સ્ત્રીઓ સર્વત્ર આદરણીય થઇ પડે એ સહજ શકય છે. પ્રથમ સહાયતા જોઇએ તે પુરૂષો આપવા તત્પર છે. વિદ્વદ્ સ્ત્રીવર્ગ આ શંકા ધરવીજ અયુક્ત છે. આપને માટે એકાન્તવાસ મને હવે તો અનુચિત લાગે છે. કરી શકિયે



તે મોટો અનુગ્રહ-જનસમાજ માટે કલ્યાણકારી આપના ઉદ્દેશો બહાર પાડવાનું સાધન એકાન્તવાસને અનુપકારિ છે. સ્વદેશમાં સમગ્ર કોમના વિદ્વદ્ સ્ત્રીવર્ગના સમુહની પ્રતિચ્છાયા વિના દેશ, કોમ, કુટુમ્બ કે સ્વસંસારની સુધારણાની આશા સ્વપ્નવત્ માનવી, ઐક્યતા એકાન્તમાં હોતી નથી. એક હાથે તાળી પડે નહિ માટે પુરૂષોની સહાયક અર્ધાંગનાઓએ પતિના અંગ સંપૂર્ણ બનાવવાની જરૂર છે. એકલી સ્ત્રીઓ પણ દરેક કાર્યને માટે નાલાયક છે. પુરૂષો ઇચ્છે છે કે સ્ત્રીઓ લાયક બને અને સ્વસુખ પ્રાપ્ત કરવાની શક્તિ મેળવે. આપના એકાન્તથી કદાચ આપને લાભ હશે, પણ દેશને શું? સમાજને શું? શું આપનો હસ્ત મ્હોં તરફ જ એકલો વળે તે ઠીક કહેવાય? હું તો ધારૂં છું કે આર્ય દેશ એટલો બધો સ્વાર્થપરાયણ નથી બની ગયો. મ્હારિ પતિપરાયણ સખી? દયાર્દ્ર મુખે યાચતા, ટુકડા રોટલાના અભિલાષી, શ્વાનને નીરખતા છતાં નિશ્ચિંત મને કોઈ ધની પેટપર હાથ પંપાળે એ દેખાવથી દેશ નિર્દય છે એમ અનુમાન કરી લેવું એ પણ વ્યાજબી નથી. ભલેને શ્રીમન્તો સુખે પલંગમાં સુવે, બંગલામાં વિરાજે, સુખવિચારમાં મશગુલ રહે, ને મિષ્ટાન્ન કંઠાહાર કરે તો પણ શું થયું? ગરિબોને ભોંય પથારીથી ફાટેલ ગોદડીથી ને ટુકડા રોટલાથી પણ સંતોષ છે. કારણ કે તેઓ માને છે કે સુખ નિશ્ચળ નથી, આપણે સુખને યોગ્ય નથી, વાવ્યા વગર શું લણવું? તો પણ હે બ્હેન? આપણે ગુહ્ય પરોપકારિ શ્રીમન્તો જોઈ શકતા નથી. પરોપકાર દ્રવ્ય વડે જ નથી. શ્રીમન્તો પણ ન કરી શકે તે નિર્ધન કરી શકે છે. સ્વસુધારા પછી કુટુમ્બને પછી સમાજસુધારો આવશ્યક છે. આપે આટલા સુખથી-ફક્ત સ્વસુખથી સંતોષી બનવાનું નથી; બીજાને આપો, ને દયાપરત્વે ભાવ રાખો. પરસુખે સુખી એવું નિર્મળ જીવન અહીં જ સ્વર્ગીય સુખ અનુભવે છે. આપ કરી શકો તે મ્હારિ દૃષ્ટિમાં સહજ છે. અહીં આવ્યાં છો તો પ્રાસંગીક પ્રાસ્તાવિક બોધનો લાભ દર્શક પાત્રોને આપતાં જાઓ. આમાં આપના એકાન્તભાવનો નાશ નહીં થાય. જાહેર નહીં તો ખાનગી રીતે આ સ્થળની સ્ત્રીસમાજને આમંત્રીશું; ને તે વખતે આપ યુક્ત બોધ આપવાનું કબુલ કરો. હું ચોક્કસ માનું છું કે મારિ નહીં તો આપની આ નવી દૃષ્ટા-સખીની પ્રાર્થના માન્ય કરશો જ. ફક્ત આપનું વર્તન-પ્રસિદ્ધિ જ સ્ત્રીઓને લાભદાયક થઈ પડશે.

ગંગાથી શી રીતે ના કહેવાય? આજથી ગંગાનું જીવન ગંગાપ્રવાહ જેવું નિર્મળતાને નૂતનપણાને પામ્યું.

અમૃતલાલ ઓધવજી.

---

# કવિ શામળભટનાં સ્ત્રીપાત્રો

## તથા તેમની સાંસારિક જીવનનીતિ.

(ગયા અંકથી ચાલુ.)

રાજકુમાર પુષ્પસેનનું હૃદય તો આ પ્રમાણે લગ્નની સંમતિ આપી ચુક્યું હતું, છતાં વિવેકની ખાતર જ્યારે તેણે કાંઇક આનાકાની કરી ત્યારે સ્નેહના દૃઢ આગ્રહવાળી

વનિતા વળતી ઓચરી, એ શું બોલ્યા રાય;
ના કહેતાં મરશું અમો, એ તમને હત્યાય.

અંતે કુમારે હા કહી, પરંતુ તે પછીને બીજે દિવસે સ્હવારે પોતાના પિતા–રાજા–ની સંમતિ સાથે

... ... ... ... ...

નગર લોક સઉ દેખતાં, ઝાલું જમણો હાથ;
મંડપ રચાવું મોકળો, પરણું રૂડી પેર;
પટરાણી કરૂં પ્રેમ શું, રાખું મારે ઘેર.

એવી ઉમંગ ભરી આશા આપવાથી વણિક્ કન્યા સંતોષ પામી. કુમારે રાત્રી અત્રેજ ગાળી.

આ સમયે ચંપાવતી નગરીમાં બે મ્હોટા વિકરાળ વાઘ આવી મનુષ્યવધ કરી ત્રાસ વર્તાવી રહ્યા હતા, તેથી ભયભીત થઈ નગરના લોકો સંધ્યાકાળે દરબાર ભરી બેઠેલા ચંપકસેન રાજા પાસે સહાય માટે આવ્યા. પ્રજાના દુઃખનિવારણને અર્થે રાજા તરત સજ્જ થઈ ગયો, અને વિશેષ સહાયને માટે નગરમાં પડો વગડાવી જાહેર કર્યું કે રાજપુરૂષમાંનો કોઈપણ તે કાળે રણમાં નહિ આવે તેનો આવતી કાલે શિરચ્છેદ કરવામાં આવશે, અને તેમાં હું કાંઈ પણ પક્ષપાત કરૂં તો મ્હને બ્રહ્મહત્યાનું પાપ છે.

આ પ્રમાણે કોલ કરી રાજા સૈન્ય સાથે શિકારે સંચર્યો, અને વાઘનો ઘાત કર્યા પછી સર્વની હાજરી લેતાં પોતાનો પુષ્પસેન પુત્ર જ દૃષ્ટિએ પડયો નહિ. ( પુષ્પસેન આ સમયે વણિક્‌કન્યાને ઘેર હોવાથી તેને આ બનાવની કાંઈ ખબર જ નહોતી. ) રાજા આથી ક્રોધે ભરાયો અને પ્રાતઃકાળ થતાં પોતાનો કોલ અમલમાં મુકવા નિશ્ચય કર્યો.

આ તરફ પુષ્પસેન સ્હવાર થતાં જાગ્રત થયો અને પોતાને મેહેલ આવવા નીકળ્યો, ત્યાં

પ્રમદા આવી પાલવ ગ્રહ્યા, રાજાને એમ વચન જ કહ્યાં;
તમો વિના મેં રહ્યું ન જાય, ઘડી એક વરસની થાય.
તમ દીઠે મુજ ભાગે ભુખ, અણદીઠે ઉપજે મહાદુઃખ.

રાજકુમાર લગ્ન કરવાનું વચન દઈ તથા આશ્વાસન આપી પાછો ફર્યો. સ્વમન્દિરે આવતાં તેને પોતાને માથે ભમતા ચક્રની જાણ થઈ. ભરદરબારમાં ક્રોધપૂર્ણ રાજાએ કુંવરને તેડાવી ગેરહાજરીનું કારણ પુછ્યું; કુંવર તેવા સંજોગોમાં મર્યાદાને લીધે ખરૂં કારણ જણાવી શક્યો નહીં, અને શુદ્ધ ક્ષત્રીય વીરે દોષ માટે શિક્ષા ફરમાવવા પિતાને વિનંતિ કરી. રાજાએ તેનો શિરચ્છેદ કરવા–તેના પ્રાણ લેવા–આજ્ઞા કરી; દરબારમાં તેમ જ નગરમાં ત્રાસ વર્તી રહ્યો. રાણી–કુંવરની માતા–સંતાપ પામી, રાજા ઉપર ક્રોધે પણ ભરાઈ, અને પુત્રના પ્રાણ બચાવવાના ઉપાય લેવા તત્પર થઈ, પણ કુમારે, પિતાના વચનનો ભંગ ન થવા દેવા માટે તેને વારી; પરંતુ પુત્રવત્સલ રાણીએ કુંવરના પ્રાણ જાય તો રાજાને સાતસેં સ્ત્રીહત્યાના પાપનો શ્રાપ આપ્યો. પુત્રપ્રેમના બળે કેટલીક વખત પતિપ્રેમને વિસારનાર સામાન્ય સ્ત્રીનું આ દૃષ્ટાન્ત તદ્દન વ્યાવહારિક જ છે. રાજા વિમાસણમાં પડયો. પોતાનું વચન ભંગ ન થાય અને આમ સ્ત્રીહત્યા પણ ન લાગે એટલા માટે, પંડિતોના અભિપ્રાયથી, કુંવરને દેશવટો દેવાનું નક્કી કર્યું. કુંવર પિતાની આજ્ઞા માથે ચડાવી પરદેશ જવા સજ્જ થયો. પરંતુ તેટલામાં તેના મિત્રે–પ્રધાનપુત્રે–આવી રાજાને નમ્રતાથી જણાવ્યું કે આપના વચનનો ભંગ ન કરવા માટે રાજપુત્ર દેશવટો ભોગવશે, પણ તેમ કરતાં તેમણે આપેલા વચનનો ભંગ થાય છે એ જોવા



આપ ખુશી છો? આ મર્મનો ભેદ જાણવા રાજાએ કુંવરને પોતાની પાસે બોલાવી ખરી હકીકત કહેવા જણાવ્યું. કુંવરે રાજાનું શાન્ત મન દેખી સર્વ વાસ્તવિક હકીકત દર્શાવી દીધી.

ભૂપતિએ તે બાળાના પિતા, જેનું નામ નૈનકમળ હતું, તેને એકાન્તમાં બોલાવી પોતાના પુત્રને માટે તેની કન્યાનું માગું કર્યું. વણિક્ મહાજને આવા, ક્ષત્રિય અને વૈશ્ય, રાય અને રંક, વચ્ચેના અજુગતા સંબંધમાં વાંધો ઉઠાવ્યો; પણ રાજાએ તેને સર્વ બિના જણાવી સમજાવ્યો કે તે સંબંધ સાંધવામાં તમારી પુત્રીનું જ કાર્ય છે, તેમાં કાંઈ દોષ હોય તો તે તમારી કન્યાનો જ છે, માટે ઘેર જઈ તેને પુછી જુઓ અને પછી ઘટતું કાર્ય કરો. વણિક્ પિતાએ ઘેર આવી પુત્રીને સત્ય વાત કહેવા ફરમાવી; ઉત્તરમાં,

**પુત્રી કહે વર એજ પ્રમાણ, નહિ તો મારા છાંડુ પ્રાણ.**

શેઠે સમાચાર પોતાની સ્ત્રીને કહ્યા કે દીકરી રાજકુમારને ઈચ્છાવર કરી તેની સાથે વરવા ધારે છે, અને ના કહેતાં પ્રાણ છોડવાનું કહે છે. શેઠાણીએ પુત્રીને જઈ સમજાવી કે રાજકુંવરને તો દેશવટો દેવામાં આવ્યો છે, અને તે તો પરણીને તરત ચાલ્યો જશે તે કોણ જાણે ક્યારે આવશે; માટે તેમાં તને શું સુખ મળશે? સુલોચનાએ શુદ્ધ સ્નેહનો નિશ્ચય સાચવી કહ્યું:—

**કર્મે મારે જે લખ્યું તે થાશે મુજ હાલ;**
**રૂડા ભૂંડા મેં વર્યો આ ઠેકાણે કાલ.**

અંતે શેઠે સ્થિતિસમય વિચારી પોતાની સંમતિ આપી. રાજાએ તેજ વખત લગ્ન કરી દેવા આજ્ઞા કરી. પૂર્ણ ઠાઠમાઠથી લગ્ન થયાં.

આ સ્થળે ક્ષણભર વિરમી આ સર્વ પ્રસંગનું નિરીક્ષણ કરીશું તો તેમાંથી અનેક સાંસારિક પ્રશ્નોનાં નવિન સ્વરૂપો આપણી દૃષ્ટિએ પડશે. ક્ષત્રિય અને વૈશ્ય જાત વચ્ચે લગ્ન વ્યવહારનો સામાન્ય રીતે પ્રતિબંધ હોવા છતાં કોઈક પ્રસંગે—અને જબરાઈથી નહી પણ રાજીખુશીથી ઉત્પન્ન થયેલા પ્રસંગે—તેવું લગ્ન થયેલું આપણે જોઈએ છીએ, અને તેમ કર્યા બદલ તે વૈશ્યજનને કોઈ પ્રકારે સાંસારિક સંકટ સહન કરવું પડયું હોય એમ કવિએ બીલકુલ દર્શાવ્યું નથી. આ એક જ્ઞાતિબન્ધનની મંદતાનું ચિત્ર છે. બીજું, પુરૂષ, અને તેપણ ગુણસંપન્ન રાજપુત્ર, પુખ્ત ઉમ્મર થતાં સુધી કુંવારો જ રહ્યો છે; તે પોતેજ સ્ત્રી સાથે લગ્ન કરવા ઇચ્છે છે, તેમાં પિતા તેનો દોષ ન કહાડતાં સંમતિ આપે છે. કુમારી કન્યા કોઈ પુરૂષને પોતાના આવાસમાં પ્રવેશ કરાવી તેની સાથે એકાન્ત વાતચિત કરી શકે એવી સરળતા ઘરમાં રાખવામાં આવે છે, એટલુંજ નહિં, તેવાં કાર્યની માતપિતાને જાણ થતાં તેઓ તે બદલ પુત્રીને બહુ દોષિત ગણતાં નથી. વળી, કન્યા પોતેજ પતિને પસંદ કરી શકે છે, માતપિતા તેની યોગ્યાયોગ્યતા તથા ઇષ્ટઅનિષ્ટ પરિણામનું તેને ભાન કરાવી સલાહ, શિખામણ, આપે છે, પરંતુ તેનો નિશ્ચય દૃઢ હોય તો પછી ઇચ્છાવર વરવાને પુત્રીને સ્વતંત્રતા છે.

આટલાં ચિત્રો નિહાળી આપણે કથાપ્રસંગમાં આગળ વધીએ. લગ્નકાર્ય પૂર્ણ થયા પછી રાજાની પૂર્વની આજ્ઞા પ્રમાણે પુષ્પસેન કુમાર એકલોજ દેશવટો ભોગવવા તત્પર થયો અને પ્રથમ માતાની 'શિખ' તથા આશિષ મેળવી પછી પોતાની નવવધૂ સુલોચના પાસે ગયો. અત્રે સ્વાભાવિક રીતે જ પ્રેમ તથા શોકનો વાર્તાલાપ થયો; સ્ત્રીએ સાથે જવા ઘણી

ઇચ્છા બતાવી, પણ પિતાની આજ્ઞા એકલાજ જવાની હોવાથી રાજપુત્રે તેને સ્નેહનાં વચનોથી આશ્વાસન આપ્યું. અન્તે અતિ દુઃખી હૃદયે

રાજાને નારી કહે, કોલ અમારો એહ;
બારે વર્ષે ન આવિયા, તો પાડું મુજ દેહ.
બાર વરસ પર એક દિન જો વિતિને જાય;
જીવ ધરૂં જો દેહમાં, નહિ મુજ એક પિતાય.

પતિપરાયણી સ્નેહી સ્ત્રીએ આમ ઉગ્ર પ્રતિજ્ઞા કરી વિયોગાવસ્થામાં કયા કયા સુખ ઉપભોગ પોતે તજશે એ સમસ્યામાં કહ્યા; પ્રયાણના અનેક વિકટ પ્રસંગોમાં પતિના સંરક્ષણ માટે દેવદેવીઓની આરાધના કરી; અને અન્તે સુકોમળ મુગ્ધ હૃદય પીંગળ્યું—

ચાલું કહેતાં ચમકશું, પુંઠ દીઠે જીવ જાય;
નેણાં પડશે નીકળી, કાળજું કટકા થાય.
આભ પડે ધરતી ગળે, એવડું મારૂં દુઃખ;
જ્યારે તમને દેખશું, ત્યારે થાશે સુખ.

આખરે સંયોગી દંપતી વિયોગી થયાં, ને તેની સાથે જ અત્રે **સુલોચનાના** જીવન ઉપર પડદો પડયો.

રાજપુત્ર **પુષ્પસેન** આગળ ને આગળ પ્રયાણ કરતાં ધારાનગરીમાં આવી પહોંચ્યો, અને ત્યાંના કુંતિભોજ રાજાના વૈભવવાળા દરબારમાં ગુપ્ત નામે ગયો. રાજાએ તેનું સન્માન કરી નગરમાં મુકામ કરાવ્યો. પ્રખ્યાત રાજાના નગર તથા દરબારમાં તેના આશ્રય નીચે પરદેશના રાજકુંવરો વિધવિધ વિદ્યા તથા અનુભવ માટે અથવા સ્વદેશમાંથી નીકળી દેશવટાનાદિવસો ગાળવા માટે, જઈ રહેવાનો રીવાજ પૂર્વની ઘણી વાર્તાઓમાં આપણે સાંભળીએ છીએ, તે પ્રમાણે આ **પુષ્પસેનની** પણ અહીં પરોણાગત થઈ, અને રાજકુંવરો સાથે તે હરી ફરી આનંદમાં જીવન ગાળવા લાગ્યો.

હવે આ સમયથી વાર્તાની ખરી રસિકતાનો તાર ગણગણવા લાગે છે. **કુન્તીભોજ** રાજાને એક **પદ્માવતી** નામે પુત્રી હતી, અને તેજ આ વાર્તાની નાયિકા—મુખ્ય સ્ત્રીપાત્ર—છે. આ રાજપુત્રી રૂપગુણવંતી યુવતી હોવા સાથે કુમારિકા હતી, અને તે પોતાની અનેક સખીઓ સાથે રાજમહેલમાંના એક પોતાના અલગ ભાગમાં વસતી હતી. યુરોપીયન રીવાજની પેઠે અત્રે પણ શ્રીમન્ત લોકો પુત્રીને માટે પણ ગૃહમાંથી એકાન્ત વાસ જુદો કહાડી આપતા જણાય છે.કવિએ તેનું વય સ્પષ્ટાક્ષરમાં જણાવ્યું નથી, છતાં તેની એક સખી, જે સમાનવયી હોવાનો વિશેષ સંભવ છે, તેના મુખમાંના "સોળ વર્ષ બાઈ સુજને થયાં" એ શબ્દો ઉપરથી, તેમજ તેના પોતાના ચાતુર્યથી પણ, સમજી શકાય એમ છે કે તે પોતે પણ સોળ કરતાં ઓછી ઉમ્મરની હોવી જોઇએ નહિં. એક દિવસ તે પોતાના આવાસમાં સખીઓ સાથે આનન્દ કરતી હતી તેવામાં એક સખીએ નગરમાં નવા આવેલા રાજપુત્રનાં—પુષ્પસેનનાં અલૌકિક રૂપગુણ ઇત્યાદિનાં ઘણી ઉત્સાહક ભાષામાં વર્ણન કર્યાં; યુવાન, લગ્ન શું એ સમજનારી, મુગ્ધ કુંવરીને આથી કુતુહલ જાગ્રત થવાથી તે અજાણ્યા પુરૂષને પ્રથમ પોતે નજરે નીહાળવાની ઇચ્છા થઈ. સખીએ કુંવરીને યોગ્ય સમયે મેહેલને 'માળીએ' થી સ્નાન કરીને સુશોભિત વસ્ત્રો ધારણ કરી પાછા વળતા, અશ્વારૂઢ થયેલા, રાજકુમારને દેખડાવ્યો.



'તત્ક્ષણ નિરખ્યો નારીએ, વાગ્યું મોહનું બાણ.'

અને તે સમયેજ, યોગ્ય, મનપસંદ, હૃદયસંમત પતિની ઇચ્છાવાળી બાળા પાસે મહા પ્રભાવવાન પ્રેમદેવે પ્રતિજ્ઞા લેવરાવી કે,

**જો પરણું તો એહને, નહિકર બેસે પાપ;**
**અવર પુરૂષ પૃથ્વી વિષે સર્વ ભાઇને બાપ.**

આ એકજ વાર્તામાં પ્રથમ દર્શનેજ જન્મતા સ્નેહનું બીજું દૃષ્ટાન્ત આપણે નીહાળીએ છીએ, અને તેની સાથેજ આપણને એ પણ પ્રતીત થાય છે કે આમ સહસા જન્મેલો સ્નેહ ક્ષણભંગુર કે અલ્પાયુ પણ હોતો નથી જ, એટલું જ નહિ, પણ તે અયોગ્યસ્થાને, કુપાત્રે, રેલાયલો પણ ભાગ્યેજ નીવડે છે. અસંસ્કારી મનને એમ જ લાગે કે ચર્મચક્ષુ માત્ર બાહ્યાકૃતિનેજ નીરખી મોહે છે, પરંતુ ખરી રીતે જોતાં તેવા પ્રસંગોમાં હૃદયહૃદયની જ પરીક્ષા થાય છે, અને શુદ્ધસ્નેહના બીજવાળા હૃદયની જ્ઞાનશક્તિ એક ક્ષણમાં જ, બીજા સત્ય અસત્ય, યોગ્ય અયોગ્ય, અનુકૂળ પ્રતિકૂળ, હૃદયની વાસ્તવિક પરીક્ષા કરી લે છે, અને તેથીજ તેમાં નાશવંતપણાના કે કુપાત્રતાના દોષ ક્વચિતજ દૃષ્ટિએ પડે છે. એક વખત સામું હૃદય તે પરીક્ષામાં સફળ નીવડયું એટલે પછી બીજી બાહ્ય, દુનિયાદારીની, જરૂરીઆતા અનુકૂળ હોય વા નહિં, કદાચ પ્રતિકૂળ, વિઘ્નકર્તા પણ હોય, છતાં પરીક્ષક હૃદય તેની કદી પણ ગણના કરતું નથી. અને તેથી જ ઉપરના જેવી પ્રતિજ્ઞા સ્ફૂરી આવે છે.

કુંવરી પદ્માવતીએ આવી હૃદયપરીક્ષાને અંતે રાજકુંવરને પ્રત્યક્ષ મળી, પરીક્ષાના પરિણામની ખાતરી કરવાની ઇચ્છા પૂર્ણ કરવા તેજ સખીને વિનવી, અને દૂતીપણામાં નિપુણ સાહેલીએ, ચિત્રલેખા ઇત્યાદિની પેઠે, કઠિન પ્રસંગોમાં પણ સખીકાર્ય કરવા માથે લીધું. યુરોપીય સંસારમાં સ્નેહપ્રેરિત સ્ત્રીઓ પોતે જ સંવનનનું કાર્ય કરી લે છે, પરંતુ આર્ય સંસારમાં તેને માટે આવી સખીઓની આવશ્યકતા મનાઈ છે, અને કર્મસંજોગે તે કાર્યમાં સ્વાનુભવથી કે સમભાવથી પ્રવીણ થયેલી સખી જ મળી આવે છે, અને તે પોતાનું કાર્ય પણ ઘણી કુશળતાથી સફળ કરે છે. પ્રસ્તુત વાર્તામાં પણ આ 'પ્રમદા' પોતાની સખીનું પ્રિય કરવા તત્પર થઈ અને પુષ્પસેનના આવાસસ્થાને ગઇ, તથા મધુર શબ્દજાળ વિસ્તારીઃ—

બોલી રામા રીજશું, કુંતીભોજ જે રાય;
પદ્મની પદ્માવતી, બેટી તેની થાય.
તમને દીઠા વાટમાં માન્યું તેનું મન;
રાય તમારે કારણે તજી બેઠી જળ અંન.
તમ દીઠે ભોજન કરે નહિતર છાંડે પ્રાણ;
ચતુર હોય તો ચેતજો, નહિ તો થાશે હાણ.
વીંછી કેરી વેદના જેને વીતી હોય;
તે જાણે તે દુઃખમાં, અવર ન જાણે કોય,

રાજકુંવર આ વચનો સાંભળી વિસ્મય થયો. પ્રથમ તો બીજુ લગ્ન કરવાનો તેના મનમાં ખ્યાલ પણ ન્હોતો; અને તેમાં તેની વ્યાવહારિક બુદ્ધિએ એવો ભય ઉપજાવ્યો કે

એકે કહાડયો વન વિષે, બીજું વળગ્યું પાપ.

એવા વિચારે એણે ઉત્તરમાં બ્હાનું બતાવ્યું કે;—

નારી અમો નહિં આવીએ એ નારી કેરી દીશ;
તાત જાણે જો એહનો, છેદે એહુનાં શીશ.
નારી કેરો નેહડો કરે એ સરવે ફોક;
સુખે કો બેસે નહી, વેરી સર્વે લોક.
કઇયાકિચક સત હણ્યા રોળ્યો રાવણ રાય;
કૌરવકુળ નિકંદન થયું કામનિ નેહે ત્યાંય.

આવા ઉત્તરથી નિરાશ થઇ ચાલી જાય એવી આ સખી નહોતી; રાજપુરૂષોના સ્વભાવના અનુભવવાળી પ્રવીણ સ્ત્રીએ, **સુલોચના**ની પેઠે જ, ક્ષત્રીયવટના મર્મસ્થાન ઉપર તીર ફેંક્યું કે

... ... ... ... ... ... ...
શરીર વહાલું શું કરો, મરવું એકજ વાર.
નહિ માનો માહારૂં કહ્યું, હત્યા બેસે ચાર:
સમ ખાધા છે સામટા, માનો રાજકુમાર.

સ્ત્રીસન્માન ( Chivalry ) ના વિચારવાતાવરણમાં ઉછરેલા ક્ષત્રીય વીરને સ્ત્રીહત્યા મહા કલંક રૂપ લાગતી હોવાથી પ્રમદાઓ આત્મઘાતના ભયનું હથિયાર તેમના ઉપર સફળતાથી વાપરી શકતી હતી. **પુષ્પસેને** પણ આ વચનોથી મ્હાત થઇ, પોતાના જીવનને દૈવને સોંપી રાત્રીને સમયે આવવા હા પાડી. સુર્યાસ્ત થતાં સખીને દર્શાવેલે માર્ગે રાજકુમાર કુંવરીના મન્દિરમાં દાખલ થયો.

પદ્માવતી પ્રેમે કરી દિધું ઘણું એક માન;
સફળ જન્મ અમારડો, ઘેર આવ્યા રાજાન.
ખાટે બેસો ખાંત શું, લ્યો ચાવો આ પાન:
અમ ઉપર કરૂણા કરી, ત્રુઠ્યા શ્રી ભગવાન.
આશા પુરો અમ તણી અમ ઘેર આવ્યા ઇશ.
રાજ પધાર્યા રીઝમાં સફળ થઇ આ દીશ.

પછી કુંવરીએ **પ્રુષ્પસેન**ના નામ ઠામ ઇત્યાદિના ખરા સમાચાર જાણવા માટે પ્રશ્ન કર્યો તેનો રાજકુંવરે ઉડતો જવાબ આપી વાત ફેરવી. અત્રે વળી પાછી, કાંઇક વાર્તાવિનોદને અર્થે, અને કાંઇક પરસ્પરનાં બુદ્ધિચાતુર્ય કસી જોવાના હેતુથી, સમસ્યાની પ્રશ્નોત્તરમાળા ગુંથાઇ એક બીજાને પ્હેરાવાય છે; અને તે દરમીઆનજ રાજકુંવરની, તેના સ્નેહ યોગ્ય હૃદયની, પ્રથમ પોતે પરોક્ષ રીતે કરેલી એકમાર્ગી પરીક્ષાની સત્યતાનો પ્રત્યક્ષ અનુભવ થવાથી કુંવરી **પદ્માવતી**એ કાંઇ વિશેષ પ્રસ્તાવના વિના જ દરખાસ્ત મુકી:—

કુંવરી કહે ઉઠોજી રાય, ભોજનની વેળા વહી જાય;
તત્પર થઇ હેઠા ઉતરો, ભોજન મન ભાવંતાં કરો.
આપું પાન હું મારે હાથ, **રંગે રહો અમારી સાથ.**

એક યુવાન કુમારિકા પાસે કોઈ અજાણ્યા યુવાન પુરૂષને, લાંબા પરિચય વિના, અને



સખીના સાંભળતાં, આવી શૃંગારિક માગણી કરાવવામાં કવિ **શામળ** ભટે સ્ત્રીજાતિનો સ્વાભાવિક સુકોમળતા, માર્દવ, મુગ્ધતા–શરમાળપણાનો સૌંદર્યદર્શક ગુણ વિસારી દીધો છે, એમ કહ્યા વિના આપણને ચાલતું નથી. કદાચ રાજકુટુંબના લાલનપાલનમાં ઉછરેલી બાળાની પ્રગલ્ભતા ચિત્રવાનો તેનો ઇરાદો હશે.

ગમે તેમ હો પરંતુ વિશેષ વ્યાવહારિક બુદ્ધિવાળા રાજકુંવરે આવા આવેશ તરફ અપ્રીતિ દર્શાવી ઉત્તર આપ્યો.

રાજા બોલ્યો રીસ જ કરી, અરે અબળા એ શું ઓચરી.
પરનારીનો પાલવ જેહ બેસે દોષ ઝાલંતાં તેહ.
... ... ...... ... ...
તારે શીર કોઈ સ્વામી હશે, પતિવ્રતા ધર્મ તારો જશે.

આ ઉપરથી કુંવરીએ પોતાનું હૃદય ઉઘાડી શરણ માગ્યું.

હું પરણી છું પેટમાં (=હૃદયમાં), દૃષ્ટે ચડિયા આપ;
તમવિણ બીજા પુરૂષ જેહ, તે ભાઇ ને બાપ.
જેમ ઘટે તેવું કરો, છો જી ચતુરસુજાણ;
ના કહીને જો નીસરો, તો તમને દઉં પ્રાણ.

કુંવરી હજી અવિવાહિત છે, અને પોતાની સાથે લગ્નેચ્છાનો દૃઢ નિશ્ચય કરી બેઠી છે એમ તો **પુષ્પસેન**ને ઉપરના શબ્દોથી જણાયું; પરંતુ તેની સાથેનો આમ ગુપ્ત વ્યવહાર ચલાવવામાં રહેલા ભયનું તથા નીતિભ્રષ્ટતાનું ભાન કરાવી તેણે શીખામણ આપી.

રાજા કહે જાણે તુજ તાત, આપણ બેની કરશે ઘાત;
વાલી નથી મુજને મુજ કાય, મુજને ચિંતા તારી થાય.
વનિતા એ મુકી દો વાત, કહો જઇ પરણાવે તમ તાત.
આજ્ઞા લેવાને સંચરો, શા માટે વણ ખુટે મરો.
ચતુરાઈ નહિં ચઉટે વેચાય, એળે જીવ તમારો જાય;
રૂપતણે છાંયડે બેસશો, પાન તજી પૃથ્વી પેસશો.
કુળવંતી કુળ શોધે જેહ, તે પરપુરૂષ શું ના કરે નેહ.

પિતાની સંમતિની શંકા હોવાથી, અને કદાચ મળેલા પ્રસંગનો લાભ લઇ લેવાની ઇચ્છાથી આવા વ્યવહારકુશલ બોધને પણ ન સાંભળનાર વનિતાના દૃઢઆગ્રહે અન્તે કુંવરના મનને અસર કરી, અને તેને વિચાર આવ્યો કે—

એ નારીની ભાગું આશ, **જઇ પડીએ જમકિંકર પાસ.**
આશ ભાગી એને નવ વરૂં મહાપાપ તવ મસ્તક ધરૂં.

પૂર્વે પ્રથમ લગ્ન સમયે સ્ફૂરાઈ આવેલા—

નગર લોક સહુ દેખતાં, ઝાલું જમણો હાથ;
મંડપ રચાવું મોકળો, પરણું રૂડી પેર;
પટરાણી કરૂં પ્રેમશું, રાખું મારે ઘેર.

આ ઉદ્‌ગારો સાથે આ બીજા પ્રસંગના શબ્દો સરખાવતાં અત્રે એ લક્ષમાં લેવાનું છે કે જે સરળતાથી, જે સ્નેહોર્મીથી, હૃદયના પ્રત્યાઘાત વિના, પુષ્પસેને એક સાધારણ સ્થિતિની વણિક્ કન્યા સુલોચનાને પ્રથમ પત્ની તરીકે સ્વીકારી હતી, તેવી વૃત્તિઓ રાજકુમારનું હૃદય આ ફરીથી ઉદ્‌ભવેલા પ્રસંગે અનુભવતું નથી. નિર્મળ અંતઃકરણવાળા જીવનમાં શુદ્ધ સ્નેહના આવેશનો પ્રસંગ ઘણું કરીને એકજવાર આવે છે. પદ્માવતીને આ પ્રસંગ પ્રથમજ હોવાથી તેની પ્રેમભાવના વિશેષ બળવાન, અને તેથી વિશેષ આગ્રહી હતી; પરંતુ પુષ્પસેનને તેવો પ્રસંગ એકવાર આવી ગયો હતો, અને સ્થળે સ્થળે નવી નવી ભ્રમણામાં પડે એવું નબળુ તેનું હૃદય ન્હોતું. અત્રે તો આપણે તેનું હૃદયયુદ્ધ જ નીહાળીએ છીએ; અને તે યુદ્ધને અંતે પોતે જે પરાજય વ્હોરી લે છે, તે સ્નેહોલ્લાસથી નહિં, પરંતુ કોઇને, તેમાં પણ શરણાગત આવેલી અબળાને, આશાભંગ કરવા કરતાં પોતે "જમકીંકર પાસ" જઈ પડે તોયે ભલે એવા પરોપકારની, ક્ષત્રિયપણાને શોભાવનાર વીરત્વની, વૃત્તિથી જ. આમાં તે રાજપુત્રના હૃદયાંતર્ગત,ગૂઢ રહેલા, એકપત્નીપણાની સાક્ષી પ્રત્યક્ષ થાય છે.

કુંવરીની સ્વેચ્છાસરિતના પ્રવાહમાં પોતાને આ પ્રમાણે તણાવા દીધા છતાં પણ તેને પ્રથમ ધર્મપત્ની બનાવ્યા પછી જ તેની સાથે સંબંધ સાંધવો એવા ઉચ્ચાશયથી કુંવરે જણાવ્યું કે

જો વરવાનું મનમાં ધરો, વિપ્ર તેડાવી મુજને વરો.
પુરે સાખ જો બ્રાહ્મણ આપ, એ વાતે નવ બેસે પાપ.
પછી સંકટ જો આવી પડે, ઇશ્વર આપણી વારે ચડે.
વણ પરણે નવ પાલવ ગ્રહું, સાચી વાત સંક્ષેપે કહું.

સાધનસંપન્ન રાજકુંવરીએ પોતાને વિદ્યા ભણાવનાર ગુરૂને તે જ ક્ષણે તેડાવી વિધિપૂર્વક લગ્ન કરી દેવા કહ્યું. એક તરફ કુંવરીની સ્વેચ્છિત આજ્ઞા, અને બીજી તરફ આમ ગુપ્ત લગ્નના સાક્ષી બનવાથી રાજાનો કોપ, એ બે અનિષ્ટ આઘાતનાં સંભવતાં પરિણામોથી ગભરાઈ પ્રથમ તો વિપ્રવરે આનાકાની કરી, પણ કુંવરીના અભયવચન અને ભવની ભાવટ ભાગનાર દક્ષિણાના બળે તેમણે તાત્કાળિક લાભનું કાર્ય સાધ્યું, અને લગ્નવિધિને અંતે વર-વધૂને આશીર્વાદ દઈ, પોતાની સ્ત્રીને ઘર સોંપી પ્રાતઃકાળે જ કાશી યાત્રા કરવા ગુરૂ મહારાજ ચાલી નીકળ્યા.

આનન્દની પ્રકૃતિનો પુષ્પસેન પદ્માવતી સાથે આમ વિવાહિત દશામાં ઉતર્યા પછી નવીન સ્થિતિનો ઉચ્ચાર સુકી—

રાયરાણી શું આનંદ કરે, હઇડે હોંસ અદકેરી ધરે,
ખાય પીયે ને દિન નિર્ગમે, કરે ચેન જે મનમાં ગમે.

પરંતુ આ વાત રાજા કુન્તીભોજથી ઘણો વખત અજ્ઞાત રહે એમ સંભવિત હતું જ નહીં, એટલે તે અવસ્થાનું પરિણામ તો આ રાજકુંવરને માથે ઝઝુમી જ રહ્યું હતું

( અપૂર્ણ )

પાન્થ.

---



# વાર્તાલહરી.

## શાંતાને શીખામણ.

### સ્ત્રીલેખ ( મળેલું ).

બીજાપુર નામે એક શેહેર હતું. તે ઘણુંજ શોભાવાળું અને સુંદર શેહેર હતું. તે જોવાથી મનને આનન્દ થાય તેવું હતું. તેને ફરતો કોટ હતો. અને કોટ બહાર દક્ષિણ દિશાએ એક મોટું તળાવ હતું. તે તળાવને કાંઠે એક મોટું મહાદેવનું મંદિર આવેલું હતું. મંદિરનો મંડપ વિશાળ હતો તેને ઊંચા ઓટલા હતા, અને ત્રણ તરફ ચડવા ઉતરવાનાં પગથીઆં હતાં. મહાદેવની સનમુખના ઓટલા આગળ ડાબી તથા જમણી બાજુએ હનુમાનજી તથા ગણપતિની મૂર્તિઓ હતી. મહાદેવના મંદિરની પછવાડે એક રમણીય બગીચો હતો. તેમાં ફળફૂલનાં ઝાડ રોપવામાં આવ્યાં હતાં જેથી ઘણો આનન્દ થયો હતો. વીજાપુરના લોકો સાંજની વખતે ફરવા સારૂ ત્યાં આવતા. તળાવ ઉપર લોકોની સગવડ સારૂ બાંકડા ગોઠવ્યા હતા.

એક દિવસે સાંજની વખતે બે સ્ત્રીઓ વાતો કરતી કરતી ત્યાં ફરવા માટે આવી, અને આ બે સ્ત્રીઓ એક બાંકડા ઉપર બેઠી. બાંકડા આગળની લીલોતરીમાં બે છોકરાં રમતાં હતાં. તે સ્ત્રીઓમાંની એકનું નામ લલિતા અને બીજીનું નામ શાન્તા હતું.

લલિતા શાન્ત સ્વભાવની અને ઘણીજ ડાહી હતી; અને શાન્તા ઉતાવળી, ઉદ્ધત અને બહુ બોલી હતી. તે દહાડે શાન્તાને સાસુ જોડે તકરાર થઈ હતી તેથી લલિતાને ઘેર ગઈ, પણ લલિતાના ઘરમાં ઘણાં માણસ તેથી બરોબર વાતો થઈ નહિ, એટલે શાન્તાએ લલિતાને કહ્યું બેન ચાલો આપણે દર્શન કરવા જઇયે. ત્યારે લલિતા કહે કે "મારાં સાસુને પુછીને જો હા કહે તો આવું" પછી લલિતાએ સાસુને પુછ્યું ત્યારે સાસુએ જવાબ દીધો કે 'આ તમારાં છોકરાંને લઇને જજો, મારાથી રખાશે નહિ.' એટલે લલિતા બે છોકરાંને સાથે લઇને શાન્તાની જોડે આ તળાવના કાંઠા ઉપરના મહાદેવનાં દર્શન કરવાને માટે આવી હતી. અને દર્શન કરીને તળાવના કાંઠા ઉપરના એક એકાન્ત સ્થળમાં એક બાંકડા ઉપર બેઠી બેઠી વાતો કરતી હતી.

અહીંઆં અગાડી શાન્તાએ પોતાનું પુરાણ કહાડયું. કહેવા માંડયું કે

મારાં સાસુએ આજે મને કવડધા બોલ કહી મારૂં કાળજું બાળી નાંખ્યું છે મને કહે કે " શા ઉપર આટલી બધી ફાટી છે, પરણીને આવીને અમારૂં તો કંઈ ઉકાળ્યું નહિ. તારી સાથેજ આપણી પારવતી પરણી'તી તેને ચાર છોકરાં છે. ને આ પેલી કપિલાને છ. એ બધીઓએ તો ઘર ભરી દીધાં, ને તું તો હજી એવીને એવી રહી. " બ્હેન, આ પ્રમાણે આજજ એમ નહિ. આવું તો કોણ જાણે વીસમીવાર થયું હશે. ને મારા એ પણ માવડીમોહ્યા છે. એટલે તે પણ માને કશું કહે નહીં ને ઉલટા મને મારે. આપણા લોકની કહેવત છે કે 'અકરમી માટી બઈયર ઉપર સુરો ' એવી દશા છે. બેન

હવે તો હું કંટાળી. મને કંઈ રસ્તો બતાવ્ય. હું ભણેલીએ નથી કે મારાં માબાપને કાગળ લખું. ને થોડા દિવસ પીયર રહી આવી મારી મુંઝવણ ભાગું ?

આમ શાન્તા વાત કરી રહી હતી તેવામાં રાત પડવા આવી તેથી લલિતાએ કહેવા માંડ્યું, બેન, રાત્રીનો સમય થવા આવ્યો માટે ચાલો હવે આપણે ઘેર જઇએ. મારા સ્વામિને આવવાની વખત થઈ છે. હવે આપણે કાલ ભેગાં થઇશું. પણ આટલી વાત ધ્યાનમાં રાખજે, કે,

'તારાં સાસુ નણંદ કંઈ કહે તેનો ઉત્તર ન આપીશ અને જે કહે તે સાંભળી રહેજે. ને કાલથી હું તને જે પ્રમાણે કહું તે પ્રમાણે કરજે, તો તને કોઇ દિવસ દુઃખ નહિ થાય, તારા પતિ પણ તારા ઉપર પ્રીતિ રાખશે. માટે આટલું ભુલીશ નહિ.

એમ કહી બન્ને જણાં ત્યાંથી ઉઠયાં અને પોતપોતાને ઘેર ગયાં.

૨.

લલિતાએ ઘેર જઇને સાસુને માટે પુજાની સામગ્રી કરી, અને પછી છોકરાંને જમાડીને સુવાડી દીધાં. પછી સાસુ સસરો અને પોતાનો સ્વામિ એ બધાંને જમાડી પોતે જમી અને ઢાંકવા હુંમવાનું કામ આટોપી પોતાની મેડીએ ગઈ. તે વખતે તેના સ્વામિનાથ, આરામ ખુરશી ઉપર બેસી પેપર વાંચતા હતા. ત્યાં સામી ખુરશી નાંખી લલિતા પણ બેઠી, સ્વામિ વાંચી રહ્યા એટલે લલિતાના સામું જોઇ બોલ્યા.

'કેમ ક્યારનાં આવ્યાં છો'?

લલિતાએ કહ્યું 'હું તો ક્યારનીએ આવી છું' 'ત્યારે મને બોલાવ્યો કેમ નહિ ?' લલિતાએ જવાબ દીધો, "આપ વાંચતા હતા તેથી તેમાં વિઘ્ન નાખવું મને ઠીક ન લાગ્યું તેથી.' એમ કહી લલિતા જરાક હશી. પણ એવું હસવું પરાણે હતું એમ નવરંગ (લલિતાના વર) ને લાગવાથી તેણે પુછ્યું.

'આજ કેમ ઉદાસ છો ?' લલિતાએ કહ્યુ 'કંઈ નહિ; આપને એક વિનંતિ કરવાની છે. જો રજા હોય તો કહું.'

નવરંગ—અરે એમાં રજાની શી જરૂર ? આજે આટલો બધો વિવેક ક્વાંથી શીખી લાવ્યાં ? લલિતાએ શરમાઇને જવાબ દીધો—પણ મારી વાત લક્ષમાં લેવી પડશે ?

નવરંગ—અરે આતે તું બોલી શું ? લલિતા ! તું વાત કહેને હું લક્ષમાં ન લઉં એવું કંઈ બને ? કદી ન બને. તારા મનમાં જે હોય તે મને ખુશીથી કહી દે.

લલિતાએ શાન્તાની મુંઝવણની વાત કરી.

નવરંગ—એતો હું સમજ્યો. પણ શાન્તા ક્યાંની છે અને કોની દીકરી, તેનો વર કંઇ ભણેલો છે કે નહિ; વિગેરે વિગત જાણવી જોઇએ.

લલિતા—ત્યારે તમારે મારી પાસે માંડીને વાત કહેવરાવવી છે એમ કહોની ?

નવરંગ—બેશક, દરદીનો ઇતિહાસ ડાક્ટરને કહેવો જ જોઇએ. નહિ તો ડાક્ટર શેનું ઓસડ કરે ?

લલિતા—ઠીક ત્યારે સાંભળો ! બધું કહી દઉં કે ?



નવરંગ—તારે કહેવું હોય એટલું કહેજેને. અધુરૂં જણાશે ત્યાં હું પુછીશ.

લલિતા—વારૂ ! સાંભળો ત્યારે !

૩.

લલિતાએ કહ્યું:—

આપણી જોડેની પોળમાં જમનાશંકર મોતીરામ કરીને રહે છે તેને તો આપ ઓળખો છો. તેને એક કિશોરલાલ કરીને દીકરો છે. જમનાશંકર સારા ગૃહસ્થ છે. પૈસે ટકે પણ ઠીક છે. તેને બે દીકરી ઉપર એક દીકરો થયો એટલે નાનપણથી 'ભાઇ' ને મ્હોડે ચડાવ્યા, અને ભણાવ્યા ગણાવ્યા નહિ. નીશાળે મોકલે તો માસ્તરને મારી આવે; ને છોકરાઓની ચોપડીઓ ફાડી આવે. આમ નીશાળમાં તોફાન કરે એટલે એક દિવસે માસ્તરે માર્યો. એટલે રોતો રોતો કિશોરલાલ ઘેર ગયો. જમનાશંકરે પુછ્યું કે 'કેમ રૂએ છે'? કિશોર કહે મને માસ્તરે માર્યો અં અં............એટલે જમનાશંકરે કહ્યું ભણે નહિ ને તોફાન કરે તો માસ્તર મારે સ્તો. માટે હવેથી ડાહ્યો થજે તોફાન કરીશ નહિ. ને હું માસ્તરને કહીશ. એવી વાત ચાલે છે એટલામાં મહાકોર ડોશી હાંફળાં ફાંફળાં આવ્યાં જ તો. અને બોલ્યાં કે—" મારા કિશોરને કોણે માર્યો જે ? મારે તેના હાથ કાપી નાંખું ?" એવી રીતે શરૂઆત કરી પાંચ સાત ગાળો ચોપડાવી દીધી. વળી કહ્યું " મારા કિશોરને કોઇએ કહ્યું છે તો તમે તમારી વાત જાણ્યાં. ન ભણે તો ચાલ્યું. મારે તો ભણાવવો નથી. એનું સાચવીને બેશી રહેશે તોએ ઘણું છે." જમનાશંકરે તરત જવાબ દીધો. "એટલું તો ભણવું જોઇએ ને ? સાચવે એટલીએ શક્તિ કયાંથી આવશે ? છોકરાંનાં ખોટાં ખોટાં ઉપરાણાં લઇને બગાડવાં શાં ?" મહાકોર કાકીથી આ ન જીરવાયું અને છણકી ઉઠયાં—" તમો કરો તે સારૂં અને અમે કરીએ તે નઠારૂં." જમનાશંકરને રીસ ચડી અને કહ્યું " ત્યારે ભોગ તમારા."

આ પ્રમાણે ટપાટપી થઇ, જમનાશંકર બ્હાર જતા રહ્યા અને તે દિવસથી તેમણે કિશોરને કહેવાનું મૂકી દીધું, અને અકરમી થયો એને શું કરીએ એમ મન વાળીને બેશી રહ્યા.

૪.

આમ કરતે થોડાં વર્ષો વહી ગયાં, એટલે મહાકોર ડોશીએ જમનાશંકરને કહેવા માંડ્યું.

મહાકોરઃ—મારા કિશોરને પરણાવવાનું તો તમે કંઈ કહેતાજ નથી. હવે આપણું ઘડપણ થયું. આપણે એકનો એક દીકરો, તેને પરણાવીને આપણે લ્હાવો લઈએ, એવી મારા મનની હોંસ છે, તે ક્યારે પુરી થાય ? માટે હવે આપણે બેશી રહેવું ન જોઇએ.

જમનાશંકર તો આ બધું સાંભળીજ રહ્યા. અને થોડીવાર થઈ છતાં કંઇ જવાબ ન દીધો એટલે ડોશી છણકો કરીને બોલ્યાં "કેમ કાંઈ જવાબ દેતા નથી ?" ત્યારે જમનાશંકરે કહ્યું "આપણા લોકોની બહુજ મૂર્ખાઇ છે કે ભણ્યા વગરની પરણાવવાની ઉતાવળ કરે છે. મારો મત તો એવો છે કે હજી વાર છે. હું તો ભણશે તો પરણાવીશ. નહિ તો પારકી છોકરીને કુવામાં નાંખવી નથી."

આંટલું બોલી જમનાશંકર તો ઠંડે પેટે બેશી રહ્યા. પણ મહાકોર ડોશીએ પાછું ડહાપણ ચલાવ્યું. અને છેવટે બોલ્યાં " આજે તો મારા કિશોરને પરણાવવાની હા કહો

તો જ અહીંથી ઉઠવું છે. નીકર મારે આજે ખાવું એ નથી ને પીવું એ નથી. એના લાયક એક કન્યા પણ છે. રામનગરમાં વૈકુંઠરાય છે તેની દીકરી વરસ ૧૧ ની છે. બહુજ રૂપાળી છે. ડાહી છે. વળી સારા પૈસાવાળાની રીકરી છે. એટલે પાંચ રૂપીયાનો કરીયાવર પણ લઇને આવશે. આપણા મોતીરામ ગોર કાલે બધું મને કહેતા હતા. ને કહે કે આવું સારૂં ઠેકાણું નહિ મળે. સારા કુળની કન્યા છે ને વળી એના બાપને એકની એક છે. માટે મને હા પાડો. "

જમનાશંકરે જાણ્યું કે આ એકની બે થવાની નથી. ને કંકાસનું મ્હોં કાળું કરીને પરાણે કહ્યું " ભલે તારી ખુશી પડે તેમ કર. " ડોશી તો રાજી રાજી થઇ ને ઉઠી, અને ચંચળ કરીને તેને એક દીકરી હતી, તેને મોતીરામ ગોરને તેડવા મોકલી.

૫.

ચંચળ ઘરની ખડકી આગળ ગઇ ને બુમ પાડી " મોતીરામકાકા મારી બા બોલાવે છે. " આ વખતે ગોરાણી તમાકુનો ચપટો લઇને ખડકીમાં બેઠાં હતાં તે બોલ્યાં. " એ કોણ છે. " ?

ચંચળ--" એ તો હું ચંચળ. "

ગોરાણી—" બેશ બેન, એતો જંબા ગયા છે હમણાં આવશે."

આટલામાં તો ગોર પેટ ઉપર હાથ ફેરવતા ફેરવતા, હોઇયાં હોઇયાં કરતા ખડકી આગળ આવ્યા. અને ચંચળને દીઠી, એટલે કહ્યું:—' કેમ બેન કેમ આવી છું મારૂં કાંઇ કામ પડ્યું કે શું?

ચંચળ—હા કાકા. તમારૂં કામ તો સદાયે પડજો. ' વારૂ બેન જરા બેશ. તમાકું ખાઇને આવું છું.'

એમ કહી ગોર ઘરમાં ગયા ને અબોટીઉં પાણી વાસણ ચોકમાં મૂકીને પાછા ખડકીમાં આવ્યા. ત્યાં ગોરાણીએ એક તુટમુટ ખાટલો ગોરને બેસવા માટે નાંખી આપ્યો. ગોર જમેલા ને વળી પાણી પીધેલું, એટલે જેવા હોઇઆં હોઇઆં કરતાં ખાટલા ઉપર બેસવા જાય છે તેવોજ ખાટલો કહુડુ કરતો હેઠો બેઠો, ને ગોર મહારાજ દડી પડયા. ગોરાણી અને ચંચળે ગોરને પરાણે પરાણે ઉભા કર્યાં. ભારે બહુ તો! ચંચળનું તો હસવું રહે નહિ. ગોરને રીસઃ ચડી તે ગોરાણીને લઇ ધોકો ને ફરી વળ્યા. પછી ચંચળે કહ્યું:— હવે તમારી લડાઇ રહેવા ધો ને મારી જોડે ચાલો. આપણા કિશોરભાઇની સગાઇનું કામ છે, માટે બા બોલાવે છે. ગોરની રીસ ઉતરી ગઇ, અને હરખ માય નહિ. કાછડી ખોસે તો પાટલી નીકળે, ને પાટલી ખોસે તો કછડી નીકળી જાય. આખરે જે ગણપતિ કરતા ગોર નીકળ્યા ને જમનાશંકરને ઘેર ગયા. ઘરમાં પેસતા જ એક સુવાસિની કેડમાં છોકરૂં ને સામી આવી. ગોર તો ખુશ થઇ ગયા ને કહે કે ચંચળ, કામ ફત્તે. ચંચળે કહ્યું. ' કાકા તમારા મ્હોંમાં ગોળ. '

એમ કહી બહાર ચોકમાં મહાકોર બેઠાં હતાં ત્યા મોતીરામ ગયા. ચંચળે પાટલો નાંખી આપ્યો. અને ગોર પેટે હાથ પંપાળીને બેઠા.

ગોર—'મહાકોર બેન, આજતો લાડુ બહુજ ખાધા છે. આપણા જટાશંકરને ઘેર



શું રસોઇ બની હતી! કંઇ કહેવાની વાત જ નહિ.' એમ ગપાટા મારતા જાય, અને છીંકણીનો સડાકો લેતા જાય. આખરે ગોરે પુછ્યું. કેમ મહાકોર બેન શું કામ છે. 'તમે તે દિવસે આપણા કિશોરભાઇના વીવાહ માટે કહેતા હતા તેનો વિચાર કરીને આપણે માગું કરવા જવાનો વિચાર છે. ને તમારે નાળીયેર લઇને જવાનું છે માટે તૈયાર થાઓ' મહાકોરે હસતે હસતે કહ્યું. ગોર તો બહુજ રાજી થયા પણ જરાક ખિન્ન દેખાયા ત્યારે મહાકોરે કહ્યું, કેમ ગોર શા વિચારમાં પડ્યા? ગોર બોલ્યા નહિ ને પણ—પણ કહી અચકાતાં અચકાતાં-એતો દ.....ક્ષ.....ણા........એટલે મહાકોરે કહ્યું "ઓહો એમાં તે શી મોટી વાત છે લ્યો આ કડુ એમ કહી હાથમાંથી કડુ કહાડીને લાગલું ગોરને આપ્યું. ગોરે તો કોઇ દિવસ સોનાનું મ્હોં દીઠેલું નહિ તે કડુ જોઇને ખુશ ખુશ થઇ ગયા. પછી મહાકોરે ગોરને ચાંદલો કર્યો ને ગોળ વંદાવીને વિદાય કર્યા.

૫

વીજાપુરથી રામનગર દસ ગાઉ છેટે હતું. ત્યાં આગળ વૈકુંઠરાય કરીને એક સારો આબરૂદાર ગૃહસ્થ રહેતો હતો. તેને ચંદાગવરી કરીને સ્ત્રી હતી. તે સ્ત્રીને મોટી વયે સીમંત આવ્યું ને એક કન્યાને જન્મ આપ્યો. તે કન્યાનું નામ શાન્તા પાડ્યું. ચંદાગવરી કમનસીબે શાન્તાને બે વરસની મુકીને ગુજરી ગઇ હતી. એટલે શાન્તાને માની કેળવણી બીલકુલ મળેલી નહિ. શાન્તા દિવસે દિવસે મોટી થવા માંડી, ને લાડકોડમાં ઉછરવા માંડી. એના બાપે એને મ્હોંએ ઘણી જ ચઢાવેલી, અને બીલકુલ હાકમાં રાખેલી નહિ. કેળવણીનું તો નામ જ ન મળે. વળી અધુરામાં પુરૂં વૈકુંઠરાય બીજી સ્ત્રી પરણ્યા. નવી મા આવી એટલે કજીયો કરવાની પણ ટેવ પડેલી. પણ સારે નશીબે વૈકુંઠરાય નવીને તો કંઇ કહે નહિ પણ શાન્તાને પણ કનડે નહિ. એક દિવસે વૈકુંઠરાયને પ્રાણલક્ષ્મી બે જણાં સવારના પહોરમાં મેડીમાં બેઠાં બેઠાં વાતો કરે છે, એટલામાં મોતીરામ ગોર બારણા આગળ આવ્યા ને પુછ્યું કે વૈકુંઠરાયભાઇ ઘરમાં છે? એટલે નોકરે જવાબ દીધો કે 'હા ઉભા રહો, હું પુછી આવું.' માણસે આવીને કહેવા માંડયું કોઇ બ્રાહ્મણ આપણે બારણે આવ્યા છે ને આપને મળવાનું કહે છે માટે હુકમ હોય તો અંદર આવવા દઉં. વૈકુંઠરાયે કહ્યું 'ભલે, કહીયે કે પધારો!'—એટલે ગોર મહારાજ ઉપર આવ્યા. એટલે પ્રાણલક્ષ્મીએ જાજમ પાથરી આપી, ને બેસાડ્યા. ગોરમહારાજે આશીર્વાદ દીધો ને બેઠા.

વૈકુંઠરાય—ઓહો ગોર મહારાજ! ઘણે વર્ષે અમારા ઉપર દયા કરી, ઘર પાવન કર્યું.—આ પ્રમાણે વિવેક વાર્તા કરી કહ્યું—અમારા સરખું કામકાજ હોય તે ફરમાવો ગોર મહારાજ!

ગોર— કામ માટે આવ્યો છું. તે કબુલ રાખો તો ઠીક.

વૈકુંઠરાય—અરે મહારાજ, રાખવા જેવું હશે તો શું કામ નહિ રાખીએ.

ગોર—વીજાપુરમાં જમનાશંકર છે. તેમને એકનો એક દીકરો છે. તેને માટે આપની કન્યા સારૂ માગુ કરવા મોકલ્યો છે. એટલે પ્રાણલક્ષ્મી બોલી ઉઠયાં—

તમને પરમેશ્વરેજ મોકલ્યા. અમે એજ વાતો કરતાં હતાં. લ્યો, ઠીક થયું. લાવો કંકુ ને કરો શી દાતાગણેશ. બોલાવો શાન્તાને!

એટલે ગોરે તો ખડીયામાંથી કંકુ કહાડ્યું, અને શાન્તા આવી એટલે તરત જ તેને કંકુનો ચાંદલો કર્યો, ને નાળીયેર આપ્યું. પ્રાણલક્ષ્મીએ ધાણા વ્હેંચ્યા. ગોર મહારાજને લાપશી ઘી જમાડ્યા, ને પાઘડી બંધાવી વિદાય કર્યા. ગોર મહારાજે વીજાપુરમાં આવીને વધાઇ દીધી. બધાંને હરખ થયો, અને લગ્નનું મુહૂર્ત નક્કી થયે, જાન જોડીને મહાકોર ડોશી કિશોરલાલને પરણાવવાં ગયાં. ધામધુમથી લગન થયાં અને શાન્તા બેન સાસરે આવ્યાં.

૬

આટલે સુધી લલિતાએ વાત કહ્યા પછી તે બોલી— શાન્તાબેન સાસરે આવ્યા પછી તરતજ ખટપટાટ પેઠો. સાસુ નણુંદ કહેશે કે આ કામ કરો ને તે કામ કરો. ત્યારે શાન્તા કહે કે મારાથી તો કામ નહિ થાય. મારે ઘેર મેં કામ કર્યું નથી.' એમ શાન્તા સામું બોલવા માંડી. આવી રીતે કામ માટે ખટપટાટ શરૂ થયો. એમ કરતાં બે ત્રણ વર્ષ ગયાં; ને શાન્તાને છોકરૂં છૈયું થયું નહિ. એટલે તો સાસુ નણુંદે મ્હેણાં પણ મારવા માંડ્યાં. 'દુઝણા ઢોરની પાટુ સહુ ખાય પણ......' ઇત્યાદિ. તમે કાંઇ અજાણ્યા છો! શાન્તા કિશોરને વાત કરે; પણ તે સાંભળે નહિ ને ઉલટો માર મારે. શાન્તા હવે વધારે નઠોર થઈ ને ધણીનું પણ કહ્યું કરે નહિ.

આમ કરતાં કરતાં બહુ મુઝવણ આવી ત્યારે મારી પાસે આજ આવી હતી. અને પોતાની મુઝવણની વાત બીચારીએ મને કહી:—

લલિતાએ વાત પુરી કરતાં કહ્યું—લ્યો, આ તમારા દરદીનો ઇતિહાસ. હવે તેમને દવા આપો. મારૂં કામ હોય તે મને ફરમાવો. બીચારાં નાનાં બાળક છે ને અત્યારથી એમને જન્મારો શેં જશે. બીચારાં ભણ્યા વિનાનાં છે તેથી જ એમને આટલું દુઃખ ખમવું પડે છે. સ્વામિનાથ—કિશોરને તમે સુધારો, ને શાન્તાને હું હાથમાં લઉં. હું ધારૂં છું કે વરસ બે વરસ આપણે મહેનત કરીશું તો બન્ને જણાંને સુખી કરી શકીશું. નાથ, ધણીધણીઆણીને સુખી કરવાં એ ઓછા પુણ્યનું કામ નથી.

લલિતાએ વાત પુરી કરી. નવરંગે લલિતાના મનનાં પોતાના મનમાં વખાણ કર્યાં. અને વિચાર કરીને એ વાત હાથમાં લેવાનું વચન આપ્યું. અને પછી બન્ને જણ સુઈ ગયાં.

૭

બીજે દિવસે નવરંગે કિશોરલાલને કેળવણી આપવા માટે કંઈ જોગવાઈ કરવાનો નિશ્ચય કર્યો. અને દશ રૂપીયાની સ્કૉલરશીપ આપી તેને ભણવાનો લોભ લગાડ્યો. અને નવરંગે પોતે તેને ભણાવવાનું કામ માથે લીધું. કિશોરને હવે પસ્તાવો તો થવા જ માંડ્યો હતો, અને આ પ્રસંગે એને ચાનક લગાડી અને કિશોર થોડા વખતમાં એક કારકુનનું કામ કરી શકે એટલો હુંશીઆર થઈ ગયો. પણ મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા વિના નોકરી ન લેવી એવો નિશ્ચય કરીને વળી ઉમંગથી અભ્યાસ કરવા માંડ્યો.

આણી તરફ લલીતાએ શાન્તાનો અભ્યાસ હાથમાં લીધો. ઉપરની વાત થયાને બીજેજ દિવસે જેવી શાન્તા લલિતાને મળવા આવી તેવી તેણે પહેલો પ્રશ્ન એ પુછ્યો કે કેમ બેન કાલે કાંઇ તકરાર થઈ હતી કે? શાન્તાએ કહ્યું—ના શેની થાય? કાલે જઇને બધું કામ મેં કર્યું, ને રાત્રે બાર વાગતે સુતી. કોઇએ કાંઇ કહ્યું નહિ. હેમણે પાણી



માંગ્યું તે. પાણી આપ્યું એટલે એ પણ કાંઇ બોલ્યા નહિ. ત્યારે લલિતાએ કહ્યું કે બોલ, સાસરીઆંનો વાંક કે આપણો? શાન્તાએ કહ્યું, મારો શેનો? એ બધી ઘોરા જેવીયો બેસી રહે ને મારા ઉપર હુકમ ચલાવે તે પછી હું શેની કરૂં? ત્યારે લલિતાએ કહ્યું, 'જો બેન એમ ન રાખીએ. આપણાં માબાપને ઘેર આપણે કામ કરીએ છીએ કેની? આપણાં માબાપ તો આપણને જન્મ આપનાર ને ઉછેરીને મોટાં કરનાર. પણ બેન, ખરાં માબાપ તો આપણાં સાસુ સસરાનેજ ગણવાં; કે આપણે તેની સાથે જ જન્મારાનો સંબંધ બંધાયો છે. એજ આપણાં લાડકોડ પુરાં પાડે છે, આપણા સ્વામિ તે આપણા ઇષ્ટ દેવ છે. સૌભાગ્યવતી સ્ત્રીઓને જગતમાં બીજો કોઈ દેવ જ નથી. આપણાં માનપાન પ્રતિષ્ઠા સર્વે આપણા સ્વામિને લઇનેજ છેને? નીકર કોઈ આપણી ખબર ન પુછે. કહે જોઇએ, ખરી વાત કે ખોટી?

એટલે શાન્તાને જાણે કંઈ નવોજ પ્રકાશ પડ્યો હોય તેમ થયું. અને લલિતાને પગે લાગીને કહ્યું, બેન તું ખરૂં કહે છે. આજથી હું મારા સ્વામિને અને સાસુ સસરાને કોઈ વાતે દુભાવા દઇશ નહિ. કહે જોઇએ બેન મારે શું કરવું કે જેથી મારાં સાસુ સસરા અને એ ન દુભાય? લલિતાએ જવાબ દીધો. બેન સાબાશ છે. જો સાંભળ.

'તારે કાલથી વ્હેલાં ઉઠવું. અને પહેલવહેલું વાશી કામ કરવું. તારાં સાસરીયાંને માટે દાતણ પાણીની તઇયારી કરવી. પછી ન્હાવું ને તેમને બધાંને સારૂ પૂજાની સામગ્રી કરવી. તેમને માટે પૂજાની સામગ્રી કરવી એજ અત્યારે તો આપણી પૂજા. તે પછી રસોઇનો આદર કરવો. ને સર્વેને જમાડીને તારે જમવું. પછી વાસણ વિગેરેનો બંદોબસ્ત કરીને ઘરની જે કંઈ ચીજ વસી હોય તે સંભાળવી. ને ચોખ્ખાઇથી વીણી ઝાડને મૂકવું એ પ્રમાણે કરીને તારા હાથ સાંમુ જોજે જે કાંઈ ઘસાઈ જાય છે? બેન કામ કરીયે તો કાંઈ હાથ ઘસાય નહિ. ને વળી દુબળાં ન થઇએ. આ પ્રમાણે કરીને પછી હું તને થોડું થોડું વાંચતાં લખતાં શીખવીશ, તે નવરાશની વખતે વાંચવું લખવું. એ પ્રમાણે કરી જો, ને તારા કુટુંબને આનન્દમાં રાખ, પછી જો તારાં સાસુએ તને જે મ્હેણું દીધું હતું તેનું નિવારણ થાય છે કે નહિ. ખરૂં પુણ્ય તો સંસારમાં એજ છે કે પોતાના કુટુંબને આનન્દમાં રાખવું. તેવી રીતે જોતું ચાલીશ તો તારા સ્વામિ પણ કોઈ દિવસ તારા ઉપર નારાજ નહિ થાય. ને આનન્દથી દિવસો કહાડી અંતે પ્રભુપદને પામીશ.

આટલું કહેતાં રાત પડવા આવી, એટલે શાન્તા ઘેર ગઈ અને બીજેજ દિવસથી લલિતાએ કહ્યું હતું તે પ્રમાણે કરવાનો યત્ન કરવા લાગી. અને બે મહિનાનો મ્હાવરો થયાં પછી તો તેને એવું થઇ ગયું કે એ પ્રમાણે ન કરે તો તેને ચેનજ પડે નહિ.

ઉપર કહેવાઈ ગયું છે કે નવરંગની શીખામણથી કિશોર પણ મેટ્રીક્યુલેશનની પરીક્ષાનો અભ્યાસ કરવા મંડી પડ્યો અને પહેલેજ તડાકે પાસ થઈ ગયો. આ સાંભળી જમનાશંકરને તો હરખનો પાર રહ્યો નહિ. અને આતે શાણું કે સાચું એમ વિસ્મયમાં પડી ગયો અને નવરંગનો ઉપકાર માનવા લાગ્યો. શાન્તાએ પણ ધીમે ધીમે ઘરનું બધું કામ ઉપાડી લીધું, ને સાસુસસરાની સેવા કરવા માંડી. સાસુને તો બેસાડીજ મૂકે. પોતે કામકાજથી પરવારી લલિતાને ઘેર જતી, અને થોડા વખતમાં લખતા વાંચતાં શીખતાં ભ-

રતાં, શીખી ગઈ. કિશોર પણ હવે કંઇક ઠરેલ થયો, અને શાન્તા અને કિશોરનો એવો જીવ એક થઈ ગયો કે એક બીજા વિના ઘડી રહી શકે નહિ. કેટલેક કાળે કિશોરને સારી નોકરી મળી. પછી તેણે શાન્તાને સારૂ બંગડીયો કરાવી તે શાન્તાએ પહેરીને સાસુને પગે લાગી. સાસુએ આશીર્વાદ દીધો કે,—

'અખંડ સૌભાગ્યવતી રહેજો અને દીકરાએ ઘર ભરજો.

કોઈ એવા ચોઘડીયાનો આશીર્વાદ કે તેજ દિવસથી શાન્તાને દિવસ ચડતો થયો, ને દસે મહિને તેને રત્ન જેવો દીકરો આવ્યો. બધા ઘરને આનન્દ આનન્દ થઈ રહ્યો, અને સહુ લલિતા અને નવરંગને આશીર્વાદ દેવા લાગ્યાં.

---

# વર્તમાનરંગ.

## નામદાર ગાયકવાડ સરકાર અને મહારાણીશ્રી ચીમનાબાઇના સ્ત્રીકેળવણી સંબંધી ઉદ્‌ગાર.

નામદાર શયાજીરાવ ગાયકવાડ સરકાર ગયા માસમાં પશ્ચિમ દેશની લાંબી મુસાફરી કરી મુંબાઇના કિનારા ઉપર ઉતર્યા હતા. તે વખત તેમને વધાવી લેવા મુંબાઇના વતનીઓએ ઘણો ઉત્સવ બજાવ્યો હતો. તેજ સ્હાંજે મુંબાઇની "સાએન્ટીફીક અને લીટરરી" સોસાયટીના કારોબાદ તળે ચાલતી કન્યાશાળાના ઇનામના મેળાવડામાં મહારાજાશ્રીને પ્રમુખપદ લેવા વિનતિ કરવામાં આવી હતી. અને તે પદ તેઓશ્રીએ સ્વીકાર્યું હતું. તે પ્રસંગે તેમના તરફથી એક ઉમદા ભાષણ કરવામાં આવ્યું હતું. તે અરસામાં તેઓશ્રી બોલ્યા હતા કે સ્ત્રીકેળવણીનું ideal—ઉચ્ચબિન્દુ શું આવશે તે તો આપણાથી હજી કહી શકાતું નથી. પરંતુ સ્ત્રીકેળવણીના લાભ ઘણા છે. "જો હિન્દુ ગૃહસ્થો નિપુણ પત્નીઓ, પ્રવીણ માતાઓ, અને ઉન્નત મદદગાર ઇચ્છતા હોય તો સ્ત્રીકેળવણીની જરૂર છે." નામદાર મહારાજના આ વિચાર ઘણા ઉચ્ચ છે. કારણ સ્ત્રીકેળવણી વગર ઉન્નતિ કદી થવાની નથી. એક પ્રખ્યાત ઇંગ્લીશ લેખકના શબ્દોમાં કહીએ તો સ્ત્રીકેળવણી, કેવા પ્રકારની હોવી જોઇએ, એ વિષે વિદ્વાન જનોનો મતફેર છે. પણ એટલુ તો અવશ્ય છે જ કે સ્ત્રીકેળવણીની ખાસ જરૂર છે. તેજ પ્રસંગમાં મહારાણી શ્રી ચિમનાબાઇ ( શયાજીરાવ મહારાજનાં પત્ની.) ને આર્યમહિલાસમાજ, અને અન્ય સ્ત્રીમંડળો તરફથી અભિનન્દનપત્ર આપવામાં આવ્યું હતું. તેના ઉત્તરમાં મહારાણીશ્રીએ એક આર્ય સન્નારી, અને પતિવ્રતાને છાજે એવો ઉત્તર આપ્યો હતો તેનો સાર એ હતો કે "સ્ત્રીઓની ઉન્નતિનું કાર્ય સ્ત્રીઓએ જ કરવું જોઇએ. પરન્તુ તેમાં પુરૂષોની મદદની જરૂર છે. કારણ હજી સ્ત્રીકેળવણી એટલી બધી ઉન્નત થઇ નથી કે પુરૂષોના સહાય વગર સ્ત્રીઓ આવાં પગલાં ભરી શકે. તેમ સ્ત્રીઓએ પુરૂષની સહાય વગર કાંઇપણ કૃત્ય



કરવું એ ઠીક નથી. આપણામાં અગાઉ જે મહાન પતિવ્રતા સતીઓ થઈ ગઈ છે, તેઓ પુરૂષની સહાયતાથી કામ કરતી હતી. અને આપણે પણ તેવીજ રીતે વર્તન કરી, આપણા પતિને સહાય રૂપ થઈશું." મહારાણી શ્રીના આવા ઉદ્‌ગારને અમે ધન્યવાદ આપીએ છીએ. ગુજરાતના મુખ્ય મહારાજા શ્રીનાં ધર્મપત્નીના આવા ઉદ્‌ગારો વધાવી લેવા જોઇએ. **+यद्यद्याचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥** સંસારને રથ કલ્પવામાં આવ્યો છે, અને તેમાં પુરૂષ અને સ્ત્રીને રથનાં ચક્ર કલ્પવામાં આવ્યાં છે. અને પછી કૉલ્ડવેલના વચનમાં બોલીએ તો

*"તન ભિન્ન પણ મન ઐક્યથી, દિશ એકમાં જાતાં હતાં,
જ્યમ ચક્ર રથનાં બે છતાં, ફરતાં દિસે સાથે સદા
દુઃખભાર જીવનનો ઘટી, સુપ્રયાણ થાજો તમ તણું;
ઇશધામ માનો દૂર ના, છે સ્નેહીને નજદીક ઘણું."

*  *  *  *  *

**સ્ત્રીઓનાં ઇનામ**—દર સાલની માફક આ ફેરી પણ ગયા માસમાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટી તરફથી સ્ત્રીઓની પાસે નિબન્ધ વંચાવવામાં આવ્યા હતા અને તેનું ઇનામ મીસ ઉપકાર અને મીસ એસ્ટરને મળ્યું હતું. આ સન્નારીઓએ શ્રમ લેઇ નિબંધ લખ્યો, ને ઇનામ મેળવ્યું એમને અમે ધન્યવાદ આપીએ છીએ. સોસાઇટીનું આ સ્તુત્ય પગલું છે. પરન્તુ આવા ઇનામની સ્પર્ધામાં જેટલી સ્ત્રીઓએ ભાગ લેવો જોઇએ તેટલી લેતી નથી. ઇનામની રકમ જ્યારે સારી છે, ત્યારે સ્પર્ધામાં ઉતરનારી સ્ત્રીઓની સંખ્યા ઘણીજ ઓછી હોય છે. અને તેમાં પણ પાછી એકાદ બે તો ગેરહાજર રહે છે. જ્યારે આટલી આટલી કન્યાશાળાઓ છે, આટલી આટલી છોકરીઓ ભણે છે, ત્યારે દરેક કોમમમાંથી એક બે છોકરીઓ શા માટે આવા ઇનામના નિબંધ માટે પ્રયાસ નહિ કરતી હોય! ઇનામનો હેતુ સ્ત્રીકેળવણીનો બહોળો પ્રચાર કરવાનો છે. અને જ્યારે આવા નિબંધ માટે ઘણા ઉમેદવાર હોય ત્યારે વધારે સારા નિબંધ લખાય ને ત્યારેજ ઇનામ આપનારનો હેતુ પણ ફલીભૂત થાય. આવા ઇનામની સ્પર્ધા કરવામાં સ્ત્રીઓએ કોઇ પણ રીતનું હિણપત ધારવાનું નથી. સ્પર્ધા એતો સ્ત્રીઓને સ્વાભાવિક છે. પાડોશીની સ્ત્રી જો સારાં લુગડાં યા ઘરેણાં પહેરે તો તેની સ્પર્ધા થાય જ એ સ્વાભાવિક નિયમ છે તો એવી સ્પર્ધા આવા ઇનામોમાં શા માટે સ્ત્રીઓ નથી કરતી? અમે આશા રાખીએ છીએ કે આવતે વર્ષે સ્ત્રીઉમેદવારની સંખ્યા વધશે.

સુમિત્ર, બન્ધુસમાજ.

---

\+ શ્રેષ્ઠ પુરૂષ જે જે કર્મને કરે છે, તે તે કર્મનેજ બીજા માણસ કરે છે. તે શ્રેષ્ટ જેને પ્રમાણ કરે છે, તેને લોક અનુસરે છે.

* આ ગુજરાતી ભાષાન્તર છે.

# સમય તરંગ.

**મહિલાપરિષદ્‌નું પ્રમુખસ્થાન**—ચાલુ માસની આખરે કલકત્તાની કોન્ગ્રેસ સાથે મળનાર ભારતમહિલાપરિષદ્‌નાં પ્રમુખ તરીકે સ્વ૦ બાબુ કેશવચન્દ્ર સેનનાં પુત્રી કુચબિહારનાં નામદાર મહારાણીને નીમવામાં આવ્યાં છે.

**એક સન્નારીનો સ્વાર્થત્યાગ**—કલકત્તાની એક વિદુષી સન્નારી શ્રીમતી સ્નેહલતા-મૈત્રી દેવી બિ. એ. એ પોતાનું જીવન બનારસ સેન્ટ્રલ હિંદુ કોલેજ વાળી કન્યાશાળાને અર્પણ કર્યું છે.

**મહિલાપરિષદ્‌માં રજુ થનાર પ્રશ્ન**—આ વરસના ભારતમહિલાપરિષદ્‌મ નીચેના પ્રશ્નો પર ચર્ચા થનાર છેઃ—ઘર કેવી રીતે ચલાવવું, ઉત્તમ ગૃહનો નમુનો, લગ્ન સંબંધનો કલ્પિત ખ્યાલ, બાળકો પરણે ત્યાં સુધી તેમને કેમ ઉછેરવાં, સો રૂપિઆના માસિક પગારમાં, ચાર બાળકો સાથે, પાંચ રૂપિઆ બચાવી, કેવી રીતે ઘર ચલવવું, સાસુ, પિતા, અને પતિના કુટુંબ તરફ નવોઢાની ફરજો, ઘરમાં વખત કેમ ગાળવો, પડોશીઓ તરફનું કર્તવ્ય, પડદા વિષે વિચાર, જ્ઞાતિના રિવાજો સંબંધી વિચારો વગેરે.

**વિધવાઓ અને વૃદ્ધ જનને મદદ**—જામનગર પાસેના ડબાસંગ વગેરેના ગામડાંના જૈનોને મદદ કરવાના ફંડમાં રૂ ૫૦ હજાર ભરાયા છે જેમાંથી વિધવાઓ અને વૃદ્ધ મનુષ્યોને મદદ આપવામાં આવે છે. જે કામ કરવાને શક્તિમાન હોય તેવાં જુવાન માણસને અમદાવાદની મિલોમાં રાખવામાં આવે છે.

**એક બાનુને ચાંદ.**—કળા કૌશલ્યની શોધખોળ કરવા મ ટે લંડનની રોયલ સોસાઇટી તરફનો "હયુઝ મેડલ" નામનો ચાંદ મિસિસ આયર્ટન નામની બાનુને આપવામાં આવ્યો છે.

---

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ **ગોવર્ધનરામભાઇના** શબ્દોમાં કહીએ તો "સ્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત–સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. " સ્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ જાન્યુઆરી—પૌષ વિ. સં. ૧૯૬૩. [અંક ૫ મો.

## ज्ञानसुगन्ध.

जीवननां वर्ष

जगत मृत्यु भणी पगलां भरे छे
प्रभो ! वस्तु मात्रनी जीवन अवधी छे
तारा मंडल समा वस्तु मंडळना पगलां
असान दिशामां ज वळेलां छे
पगले पगले जीवन पुष्पनी पांखडीओ
खरती जाय छे करमाती जाय छे
बाळको ते वीणतां पाछळ आवे छे
बाळको पांखडीयो वीणे छे ने वेरे छे

× × × ×
× × × ×

प्रभो ! जीवननां केटलांक वर्ष वीत्यां
प्रभो ! जीवननी सार्थकता उगन्या वीना !
जीवननां केटलांक वर्ष वीत्यां.

केटलां ते कोण कहेशे !
प्रभो ! केटलां ! नुं म्हारे काम शुं छे !
अनन्तकाल श्रेणिमां हु जन्माछुं,
अनन्तकाल श्रेणिमां हु समीश.
प्रभो ! एटलीज याचना छे के
त्हारा चरण शरणमां विरामु.

**ना. द. कवि.**

---

# કાવ્યકુંજ.

## યાચના.

### વસંતતિલકા.

જે ભૂમિમાં યુવતિને મળતું જ માન
લેખાતી જ્યાં યુવતિ હા? ગૃહ શ્રી સમાન
સૌંદર્યને વિનીતતા સહુમાં જણાતી.
તે આપજો જગપતિ અમને ફરીથી. ૧

કુટુમ્બ સ્નેહ થકી પોષિત ભામિનીને,
પત્ની પ્રતિ પતિ તણો ખુબ સ્નેહ થાયે;
ને કેળવી ખિલવી આર્ય ભુમિતનુને,
આ હિંદ કીર્તિ જગમાં પ્રસરે ફરીને. ૨

સાથે રહી જીવનમાં પતિ પત્ની આંહી
આ દેશની ચડતી માં નિજ શ્રેય માની;
અજ્ઞાન હોય ભગિની નિજની પ્રજાને;
સુધારી કાર્ય કરવા મતિ અર્પજો હે. ૩

**સૌ. પ્રમિલા.**

---



# વાર્તાલહરી.

## દેશદ્રોહી.

સુરત શહેરમાં તાપી નદીને કીનારે આવેલા સુંદર બંગલાની બ્હારીયે એક વીશેક વર્ષની યુવતી વિચારમાં ઉભી હતી.

આવી રીતે ઉભે રહે પા કલાક થયો ને ત્હેની નજર બંગલાના દરવાજા પાસે ગઈ તો ત્યાં થઈને પોસ્ટમેન (ટપાલ વહેંચનાર) ને જતો જોયો પરંતુ બંગલાની અંદર આવ્યો નહી તેથી ખિન્ન ચિત્તે આ યુવતી જેનું નામ મૃદુલા હતું તે એકદમ અંદર જઈ પોતાની ઓ-રડીમાં પલંગપર પડી, મૃદુલાના બાપનું નામ ધનસુખરામ હતું જ્ઞાતીયે કાયસ્થ હતી. મૃદુલા ધનસુખરામની એકની એક પુત્રી હતી. ધનસુખરામે વકીલાત કરી પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો અને હાલ તેઓ પોતાના જીવનનો પાછલો ભાગ કુટુમ્બ સાથે શાન્તિમાં ગાળતા હતા.

મૃદુલાનું લગ્ન સમાન સમાન સ્થિતિના સુરજરામના પુત્ર પ્રબોધચન્દ્ર સાથે થયું હતું. પ્રબોધચન્દ્ર હાલમાં મુમ્બાઇમાં એલ. એલ. બી. ના ટર્મ ભરતો હતો. પ્રબોધના મુમ્બાઇ ગયા પછી મૃદુલા પોતાને પીહેર રહેતી હતી ને વખતો વખત સાસરે જતી. આજ આઠેક દીવસથી પ્રબોધચન્દ્રનો બીલકુલ કાગળ નહોતો. પ્રબોધના મુમ્બાઇ ગયા પછી એવો એક પણ દીવસ નહોતો ગયો કે પ્રબોધને મૃદુલા એક બીજાને કાગળ લખ્યા વીના રહ્યાં હોય.

આઠ દીવસ થયાં પ્રબોધનો કાગળ ન હોવાથી મૃદુલા ગભરાઇ અને અંદર જઇ પુષ્કળ રોઇ.

આ ખબર એની મા સવિતાગવરીને પડતાં જ ધનસુખરામને કહ્યું બન્નેએ પોસ્ટ ઓફીસમાં માણસ મોકલ્યાં પણ કાગળ જ ન્હોતો પછી શી રીતે આવે?

મૃદુલાનો દિવસ કાગળ વાંચવામાં અને કાગળ લખવામાં જ જતો. સ્હવારમાં જેવી ટપાલ આવે તેવા વાંચતી.

એટલી વાર વાંચતી કે મ્હોયે થતો અને યુનિવર્સિટીનો પરીક્ષક પરીક્ષા લે તો પ્હેલે નંબરે આવે એટલું જ નહિ પણ પારિતોષિક પણ મેળવે. કાગળ બરાબર વંચાયો એવી ખાત્રી થાય ત્યારે જ ઉત્તર લખવા બેસે.

મૃદુલાની સખીયો ત્હેની મશ્કરી કરતી પણ તે દરકાર કરતી નહિ. કાગળમાંથી પરવાર્યા બાદ જ વાંચવા, ભરવા, ગુંથવામાં રોકાતી. મૃદુલાનાં માતપિતા પણ મૃદુલાને ઓરડીમાંથી બ્હાર ભાગ્યે જ જોતાં.

મૃદુલાએ પથારીમાંથી ઉઠી કંટાળીને બ્હારીયે બેસી, દેશી સુતરનો રૂમાલ ભરવા માંડયો. સ્ત્રીયો ભરવા ગુંથવામાં પુષ્કળ પૈસો વાપરે છે. ફેશન હોય તે પ્રમાણે નવાં નવાં ભરત કામ, રેશમના તકતા, તકીયા, સુતરના રૂમાલો, ઝીકની કોરો, ટોપીઓ, બુટ, તોરણો, હમેશાં ભરાતાં જ હોય. એક વસ્તુ નવી નિકળી એટલે સ્ત્રીઓએ લેવી જ જોઇએ એમ માને છે, ભલે પછી તે લેવાની ત્હેની પાસે સત્તા હોય વા ન હોય. સુરતના મ્હોટા મંદીર પાસે વ્હેપારીયોની ઘણી

દુકાન છે. દર્શનના વખતમાં સ્ત્રીના બજારનો દેખાવ આપે છે એકે એક જાતનું કપડું લીધું તો બીજીને લેવું જ જોઇએ. બજારમાં જઇ ન શકનાર ઘર આગળ ફેરીયા પાસેથી પણ લેવાની જ. ભરત વિગેરે કામ સારૂં છે. ઉપયોગ કરે તો જ્ઞાનની સાથે પૈસો કમાઇ શકે છે કેટલીક કોમમાં ભરી શીવી વેચે છે પણ ઉચ્ચ કોમમાં ભરતકામનો ઉપયોગ રાખી મુકવામાં સમાયલો છે. સ્ત્રીઓમાં આ દોષ છે ખરો ત્યારે પુરૂષ વર્ગ કલબ, મિત્રમંડળમાં નાટક વીગેરેમાં પણ એવી જ રીતે પૈસો ખર્ચે છે. સ્ત્રીઓનું ભરતકામ કામમાં લે તો ઉપયોગી થઇ પડે એમ છે ત્યારે પુરૂષ વર્ગનું કામ વાસ્તવિક ઉપયોગમાં આવતું નથી. મૃદુલા ભરતાં આવા વિચાર કરતી હતી એટલામાં ગંગા નોકર શ્વાસ ભેર દોડતી આવી બોલી, બ્હેન તમારો કાગળ, વધામણી આપો. કાગળ ગંગા પાસેથી ઝુંટાવી લઇ બારણા વાસી ઉછળતા હૃદે વાંચવા માંડયો. કાગળને છાતી સરસો ખુબ દાબ્યો. દીલગીરીનાં અશ્રુ સાથે હર્ષના આંસુ ભેળવ્યાં. હર્ષમાં કાગળ ફોડયો, વાંચવા જતે ચમકી. જેમ જેમ આગળ વાંચતી ગઇ તેમ તેમ ત્હેના મુખ ઉપર ક્રોધ અને લાલાશ વધતી ગઇ, આંખ્યો વિક્રાળ દેખાવા લાગી, સ્હેજ મ્હોટે સાદે કાગળ ફરીને વાંચ્યો.

સ્નેહી મૃદુલા.

વિ. આજ બાર તેર દિવસથી મ્હે તને કાગળ લખ્યો નથી તેથી હું ત્હારા વાંકમાં આવ્યો છું. આ ઉપરાંત હું મ્હોટા દોષમાં આવ્યો છું. એક હલકો કૃતઘ્ની મુનુષ્ય કરે એવું કાર્ય મ્હેં કર્યું છે. મ્હેં ઘણું જ ખોટું કર્મ કર્યું છે. હુ ફરી ફરી ત્હારી પાસે ક્ષમા માગું છું. મ્હારા પવિત્ર હાથ અને મ્હોને મ્હેં અપવિત્ર કર્યાં છે. આપણા સ્નેહી મનસુખરામે અને ત્હેમનાં બ્હેન હસમુખગવરીયે મ્હને દુરાગ્રહ કર્યો અને આખરે મ્હારે ત્યાં જવું પડયું. હવે હું બહુ જ પસ્તાઊં છું. મનસુખરામ ને ઘેર ન ગયો હત—હસમુખગવરીને ન મળ્યો હત તો કેવું સારૂં ? ત્હારી સાથે વચનથી બંધાયલો હતો. ત્હેનું ભાન ન રહ્યું. મ્હેં સોગન ખાધા હતા. તે પણ વ્યર્થ ગયા. આજ દસ દિવસથી દરરોજ કાગળ લખવા બેસતો પણ લખતાં કંપારી છુટતી, કાગળ ફાડી નાંખતો. દિવાળીના રજામાં આવવાનો હતો જ પરંતુ શું મ્હો લઇને આવું એમ જાણીને ન આવ્યો. આવતા અઠવાડીયામાં ક્ષમા માગવા આવીશ. હવે ખાત્રી રાખજે કે ફરીને આવું નહિ કરૂં.

લી૦

દોષિત થયેલો

વિશ્વાસઘાતી

**પ્રબોધ.**

પત્ર પુરો થતાં જ મૃદુલા પાસેના કોચપર પડી ડુસકે ડુસકે રોવા મંડી. બુનસ ઓઢી લીધું તે પણ આંસુથી ભીનું થઇ ગયું. મૃદુલાને ટાઢ ચ્હડી એવામાં ત્હેની સખા ઉર્વશીએ આવીને પુછ્યું! મૃદુલા કેમ સુતી છે—તાવ આવ્યો છે કે શું ? કેમ રૂવે છે ? શું પ્રબોધભાઇનો કાગળ આવ્યો છે ? એમને શરીરે તો સારૂં છેને ? ઉર્વશીયે ફરી ફરીને પુછ્યું પણ મૃદુલાએ



ઉત્તર ન આપતાં પડી રહેવા દેને. એમ ચીડાઇને ઉત્તર આપ્યો. ઉર્વશી મૃદુલાની અંગત સખી હતી, તે ત્હેને સર્વ વાત કહેતી હતી, પણ આજ આવા જવાબથી ઉર્વશી કાંક ચીડાઇ ગઇ ને ચાલી ગઇ જતાં જતાં સવિતાગવરીને મૃદુલાના તાવની તથા રોવાની ખબર કહેતી ગઇ. સવિતા આ સાંભળતાં મૃદુલા પાસે આવી અને માથા ઉપર હાથ મુકતાં તાવ ભરેલો છે જોઇ ધનસુખરામને બોલાવ્યા. આ વખતે મૃદુલાને તાવ વધારે હતો અને ભાન નહોતું.

ડૉકટરને બોલાવવા મોકલ્યું. ડૉકટર આવ્યો અને તપાસી બોલ્યો કે "અચાનક માઠા સમાચાર આવવાથી આમ થયું છે. સંભાળવાનું છે" કહી દવા મોકલવાનું કહી ચાલ્યો ગયો. ચારેક દીવસ થયા. તાવ ઓછો થયો નહિ. દાક્તરો બદલ્યા. ધનસુખરામ તથા સવિતાગવરી પોતાની લાડકી પુત્રીની આવી સ્થિતિથી ગભરાયાં અને કાંક સારૂં થાય તો હવા ફેર માટે ડુમસ જવા નિશ્ચય કર્યો. તાવની ખબર પડતાં પ્રબોધની મા ખબર કાઢવા દરરોજ આવતી. ફેર ન પડતાં પ્રબોધ ને બોલાવવો ઠીક એમ માની પ્રબોધને તાર કર્યો આ જ મૃદુલાને કાંઇક ઠીક હતું. દાક્તર ધીરજરામ આવી ગયા, ને આમને આમ રહેતો બપોરે પ્રબોધને મળવા દેવા વાંધો નથી એમ કહી ગયા—ધનસુખરામ બપોરે મૃદુલાની પથારીમાં બેઠા હતા, સવિતાગવરી વાત કરતી હતી ત્યાં બ્હારથી પ્રબોધના આવ્યાના ખબર મળ્યા. કાંઇ બાનુ કાઢી સવિતા ગવરી તથા ધનસુખરામ બ્હાર ગયાં અને પ્રબોધ અંદર આવ્યો.

પગના ઘસારાથી મૃદુલા જાગી ઉઠી ને પ્રબોધચન્દ્રને દેખતાં જ મૃદુલા છણ છણી પડી; મ્હોં ઉપર રતાશ ચડી આવી ને એકદમ જુસ્સાથી બોલી મ્હારી પાસે શું કામ આવ્યા, મ્હારૂં શું કામ છે; આવા વિશ્વાસઘાતી હશો એમ હું ન્હોતી ધારતી. તમારી પવિત્રાઇ ન સચવાઇ. શું હસમુખ ગવરી મ્હારા કરતાં વધારે સારી છે ? કે એને જોઇને મને ભુલી ગયા. ધન્ય છે તમને! તમારા જેવા આવું કરશે ત્યારે બીજાને શું કેવું. માશીને ઘેર જમવા આવી હતી ત્યારે મ્હેં જોઇ લીધી હતી એ મ્હારા કરતાં ગોરી તો છે તેથી જ મ્હોહી પડયા હશો તમે મને વચન આપ્યું તું તે શું ભુલી ગયા ? મૃદુલાના આવા તીરસ્કાર ભર્યા શબ્દોથી પ્રબોધ તો વીસ્મય પામ્યો કે આ છે શું ? હેં મૃદુલા તું બોલે છે તે હું સમજતો નથી તું શાને માટે કે છે હા હજી શેની ખબર હોય હવે ફરી જાઓ, પણ હજી મ્હારી પાસે કાગળ છે તમે કાગળમાં શું લખ્યું તું તે વીચાર કરી જુઓ. ખરે ઘેલો તે ઘેલી જ ત્હારા જેવી વ્હેમી કોઇ ન જોઈ. હું વ્હેમી મને કોણ કહે વ્હેમી. તમે તમારે હાથે જ લખ્યું છે ને હવે ફરી શું જાઓ છો. લ્યો જુઓ આ રહ્યો કાગળ એમ કહી ઢુંઝામાંથી કાગળ કાઢી પ્રબોધ તરફ ફેંક્યો અરે આથી જ કે. વાહરે ત્હારા જેવી ભોળી કોઈ ન જોઇ એ તો એમ થયું કે મનસુખરામ ને ઘેર હું હસમુખગવરીના આગ્રહથી ગયો હતો ત્યારે ભુલથી વીલાયતી સીગારેટ પીધી હતી તેથી મ્હેં એમ લખ્યું તું. મ્હે ત્હારી પાસે પ્રતિજ્ઞા લીધી હતી કે હવે વીલાયતી માલ ન વાપરવો. તે પ્રતિજ્ઞા ભંગ થઇ એટલા જ માટે મ્હેં ત્હારી પાસે ક્ષમા માગી હતી, આમ એકદમ અણવિશ્વાસ લાવી આટલી હેરાન થઇ. આખર સ્ત્રીઓ તે સ્ત્રીઓ જ બરાબર તપાસ તો કરવી તી. પછી ઠપકો આપવો હતો હા ! ખરેખર હમે એવાં પણ તમે તો દેશદ્રોહી ખરાજને કે જેને માટે તમે સખતમાં સખત પ્રતિજ્ઞા લીધી હતી. ભુલી ગયા. હમે તો સ્ત્રીઓ પણ તમારા જેવા આવું કરશે તો પછી આપડા દેશની ઉન્નતિ શી રીતે થવાની.

બોલો હવે ત્હમે શું કહેછો કોનો વાંક. હા વ્હાલી મૃદુલા ખરે ત્હારી વાત ખરી છે. ત્હાના ટુંક ઉપદેશથી હું સતેજ થયો ને હવે કોઇ પણ દીવસ આવું કૃત્ય નહીં કરૂં તેવા આજથી સોગન લઉં છું.

ધીમે ધીમે મૃદુલાને સારૂં થયું પછી મૃદુલા સાસરે રહેવા ગઇ. પ્રબોધે વકીલાત કરવા માંડી. અને બન્ને પરસ્પરનો વ્હેમ કાડી સુખી જીંદગી ભોગવવા લાગ્યાં.

લી.
સૌ. પ્રમિલા.

---

# વિદ્યાકળા.

## ફુલ મુકવાની ટોપલી ગુંથવાની રીત.

પ્રથમ દસ સાંકળી ગુંથવી અને તેને વગર આંટાવાળા ટાંકાએ મેળવવી (આંટા વગરનો ટાંકો) સાંકળીમાં સોયો ખોસી તેની ઉપર આંટો લેવો અને આંટા સાથે સોયો સાંકળીમાંથી ખેંચવો પછી સોયાપર આંટો લઇને બંને ટાંકા સાથે સેરવવા) પછી દસ સાંકળીમાં દરેકમાં આંટા વગરના ટાંકા ગુંથવા પણ દર ત્રીજે ટાંકે એક સાંકળીમાં બેવાર ગુંથવું. એવી રીતે પાંચ હાર ગુંથવી પછી દર ત્રીજે ટાંકે વધારો કર્યા વગર પંદર હાર ગુંથવી એટલે બધી મળીને વિસ હાર થશે અને એક નાના ગલાસનો આકાર બનશે પછી સોયો સાંકળીમાં ખોસવો અને આંટો લેવો અને સોયાપરનો ટાંકો તથા સાંકળીમાંથી સાથે લાગો આંટા સાથે સોયો ખેંચવો પછી ફેરવવું અને અવળી બાજુએ ગુંથવું. દરેક સાંકળીમાં આંટા વગરના ટાંકા ગુંથવા પણ દર બીજે ટાંકે એક સાંકળીમાં બે ટાંકા ગુંથવા એવી રીતે પાંચ હાર ગુંથવી અને તેની ઉપર આંટાવાળા ટાંકા ગુંથવા (આંટાવાળો ટાંકો—સોયાપર આંટો લઇને સોયો સાંકળીમાં ખોસવો અને સોયાપર આંટો લેવો ને સોયો આંટા સાથે સાંકળીમાંથી ખેંચવો એટલે સોયાપર ત્રણ ટાંકા થશે. સોયાપર પાછો આંટો લઇને ત્રણ ટાંકામાંથી સોયો આંટા સાથે ખેંચવો એટલે બે ટાંકા રેહેશે પાછો સોયાપર આંટો લેવો અને બંને ટાંકાઓમાંથી સાથે લાગો સોયો ખેંચવો એટલે એક ટાંકો રેહેશે.) અને તેમાં પણ દર બીજે ટાંકે બે ટાંકા સાથે ગુંથવા એવી રીતે એક હાર પુરી કરવી બે સાંકળી ગુંથવી અને એક આંટાવાળા ટાંકા પાસેની એક સાંકળી મુકી દઇ બીજી સાંકળીમાં એક આંટા વગરનો ટાંકો ગુંથવો બે સાંકળી ગુંથવી. એક સાંકળી મુકી દઇને બીજી સાંકળીમાં આંટા વગરનો ટાંકો ગુંથવો એવી રીતે આખી હાર ગુથવી અને પછી દોરા તોડીને બંધ કરવું.

## હાથો ગુંથવાની રીત.

જેવડો હાથો પસંદ પડે તેવડી સાંકળી ગુંથવી અને દરેકમાં અકેક આંટા વગરનો ટાંકો ગુંથવો પણ તેમ કરતી વખતે વચ્ચે લોખંડનો તાર રાખવો તેથી હાથો સખત રહેશે પછી તેની બીજી બાજુએ બે સાંકળી ગુંથવી અને એક સાંકળી મુકી દઇને બીજી સાંકળીમાં આંટા વગરનો ટાંકો ગુંથવો, બે સાંકળી ગુંથવી એક સાંકળી મુકી દઈ બીજી સાંકળીમાં આંટા વગરનો ટાંકો ગુંથવો એવી રીતે ફરતું ગુંથી જવું પછી હાથો ટોપલી સાથે સફાઇથી શીવી લેવો.

લખનાર
અખંડ સૌભાગ્યવતી
બુદ્ધિદા.

ભરવામાં જોઇતો સામાન.

(૧) ઉનની બે આંટી, તથા એક હાથી દાંતનો સોયો જેને આંકડી અથવા અંકોડી કહેછે તે.

(૨) લોખંડનો તાર.

## બાળકનું મોજું.

મોજું ગુંથવા માટે સફેત ઉન તથા ૧૦ નંબરના સોયા જોડ એક લ્યો. ૨૭–ટાંકા માંડો, એક હાર સાદી ગુંથો, અને એક હાર બખીયાની ગુંથો ત્યાર પછી ૧૧–હાર સાદી ગુંથો પણ દરેક હાર ગુંથતી વખત હારની શરૂઆતમાં બીજા અને ત્રીજા ટાંકાની વચમાં જે આડો આંટો પડે છે તે લઇને સાદો ગુંથો, જેથી દરેક હારમાં અકેકો ટાંકો વધશે. ઉપલી ૧૧–હાર ગુંથવા પછી તમારા સોયા ઉપર ૩૮ ટાંકા બનશે. હવે એક હાર બખીઆની ગુંથો અને ૧૧–હાર સાદી ગુંથો પણ ઉપલી ૧૧ હાર ગુંથતી વેળાએ દરેક હારનો બીજો અને ત્રીજો ટાંકો સાદો ભેગો ગુંથો; જેથી દરેક હારમાં અકેકો ટાંકો ઓછો થશે. હવે તમારા સોયા ઉપર ૨૭–ટાંકા બનશે. ૧–હાર બખીઆની ગુંથો, પણ બીજા અને ત્રીજા ટાંકાની વચમાં જે આડો આંટો પડે છે, તે ઉપાડીને બખીઆનો ગુંથો, જેથી એ હારમાં પણ એક ટાંકો વધશે; હવે એડીના ૧૦–ટાંકા માંડો જેથી સોયા ઉપર ૩૮–ટાંકા બનશે. ૯ હાર સાદી ગુંથો ૧–હાર બખીઆની ગુંથો અને ૫–હાર સાદી ગુંથો, પણ દરેક હારને આંતરે બુટના અંગુઠા તરફના ભાગમાં છેડા આગળ આવો ત્યારે, ઉપર જણાવ્યા પ્રમાણે દર ત્રીજે ટાંકે એક ટાંકો વધારો. હવે સોયા ઉપર ૪૫–ટાંકા બનશે ૨૫–ટાંકા સાદા ગુંથો, અને બાકીના ૨૦–ટાંકા સોયા ઉપર કાઢી રહેવા દો અને બુટના આગલા ભાગ માટે ઉપલા ૨૫–ટાંકાને આગળ ને પાછળ ફેરવીને નીચે જણાવ્યા પ્રમાણેની તરેહ ગુથો.

૧–લી હાર ૨૫–ટાંકા સાદા ગુંથો ૨ જી–હાર ૨૫–ટાંકા બખીયાના ગુંથો ૩ જી–હાર ૧ સાદો, ૨ સાદા ભેગા બાર વખત ગુંથો ૪ થી હાર ૧–સાદો ટાંકો ગુંથો, ત્યાર પછી પહેલા અને બીજા ટાંકાની વચમાં જે આડો આંટો પડે છે તે ઉપાડીને સાદો ગુંથો. એક ટાંકો સાદો ગુંથો વળી બીજા ને ત્રીજા ટાંકાની વચમાંનો આડો આંટો ઉપાડીને સાદો ગુંથો, એ પ્રમાણે એકેકો ટાંકો સાદો ગુંથો, અને અકેકો ટાંકો દરેક ટાંકાની વચમાંથી ઉપાડીને સાદો ગુંથો, જેથી પાછા સોયા ઉપર ૨૫–ટાંકા થશે. આ ઉપલી ચાર હાર ગુંથવાથી તરેહ પડે છે અને એ ચાર હાર ફરી પાછી ચાર વખત ગુંથો જેથી બુટના આગલા ભાગની સઘળી

મળી ને ૨૦ હાર થશે, હવે બુટની બીજી બાજુ ને માટે ૨૦–ટાંકા નવા માંડો, જેથી સોયા ઉપર ૪૫–ટાંકા થશે હવે એ ૪૫ ટાંકાની ૫–હાર સાદી ગુંથો ૧–હાર બખીયાની ગુંથો અને ૭–હાર સાદી ગુંથો પણ અંગુઠાના છેડા આગળ આવો ત્યારે દરેક હારને આંતરે બીજો અને ત્રીજો ટાંકો ભેગો સાદો ગુંથો અને સઘળા ટાંકા બંધ કરો.

### મોજાંના ઉપલા ભાગ માટે.

મોજાંની એક બાજુના ૨૦–ટાંકા ઉપાડો અને મોજાંના આગલા ભાગમાંથી ૧૧ ટાંકા ઉપાડો, ત્યાર પછી ૨૦ ટાંકા જે બીજા સોયા ઉપર કાઢેલા છે તે સાદા ગુંથો, જેથી સોયા ઉપર બધા મળી ૫૧ ટાંકા થશે, ૧ સાદી હાર ગુંથો, અને એક બખીઆની હાર ગુંથો ત્યાર પછી કાંણાવાળી હાર બનાવવા માટે ૨–સાદા ભેગા ગુંથો, ૨ આંટા ૨ સાદા ભેગા ગુંથો ૨ આંટા એ પ્રમાણે અવારનવાર હારના છેડા સુધી ગુંથો, ૧–બખીયાની હાર ગુંથો ત્યાર પછી આગલા ભાગ માટે જે તરેહ ઉપર આપેલી છે. તે તરેહ પાંચ વખત ગુંથો જેથી બધી મળી ૨૦ હાર ગુંથાશે. ૨૧ હાર, ૩ સાદા, ૩ બખીયાના, ૩ સાદા, ૩ બખીયાના એ પ્રમાણે હારના છેડા સુધી ગુંથો. ૨૨ હાર અને ૨૩ મી હાર ૨૧ મી હારની માફક ગુંથો. ૨૪ મી હાર ૩ બખીયાના ૩ સાદા ૩ બખીયાના ૩ સાદા એ પ્રમાણે હારના છેડા સુધી ગુંથો, ૨૫–મી ને ૨૬ મી હાર ૨૪ મી હારની માફક ગુંથો. ૨૭ મી ૨૮ મી અને ૨૯ મી હાર ૨૧ મી હારની માફક ગુંથો, ૩૦ મી હાર સાદી ગુંથો અને બીજી પાંચ હાર સાદી ગુંથીને અવળી બાજુ એથી ટાંકા બંધ કરો. મોજાં ને એના ઘાટ પ્રમાણે ભરવાના સોયા તથા ઉન વડે અવળી બાજુએથી સીવી લ્યો અંકોડીથી ઉનની સાંકળી જોઇએ તેટલી બનાવો અને ઘુંટણની આસપાસ છીદ્રમાં પરોવો ને સાંકીને છેડે ફુમતું મૂકો.

સૌ. પ્રમિલા.

---

# વિવિધવિહાર.

## સ્ત્રીધર્મ.

સેવે સૌ ગુરૂને, બને પ્રિય સખી સર્વે સપત્ની તણી,
સ્વામી અવગણના કરે, તદપિ ના આડી જજે રોષથી;
ઔદાર્યે સહુ દાસદાસી રીઝવે, સદ્દભાગ્યથી ના ફુલે,
આ રીતે ગૃહિણી વહુ બની રહે, આધિજ બીજી કુલે.

શાકુંતલ–( બ. ક. ઠાકોર. )

જેમ પુરૂષમાં ધૈર્ય તેમ સ્ત્રીમાં સતીત્વ=પાતિવ્રત્ય પ્રથમ ધર્મ ગણાય છે. માતપિતાએ-



વડીલોએ–દેવ, અગ્નિ, અને જનમંડળની સમક્ષ જે પુરૂષને અર્પણ કરેલી છે તે પુરૂષને પ્રિય પતિ ગણી તેની સેવા કરવી, એ સ્ત્રીનો પરમ ધર્મ છે. પતિ ઉપર નિર્મળ પ્રીતિ રાખવી, તેમની મરજી સાચવવી, તેમની આજ્ઞાનુસાર વર્તવું એજ સ્ત્રીનો ધર્મ છે, એજ દાન છે, એ જ તપશ્ચર્યા છે. સ્ત્રીને પતિની મરજી વિરૂદ્ધ વ્રત, દાન, તીર્થ વિગેરે શુભકાર્યો કરવા કોઇ શાસ્ત્રકારે કહ્યું જ નથી. એ બધાં વ્રતો કરતાં પતિવ્રત એ જ ઉત્તમ ફળદાયી છે. જે સ્ત્રી તન અને મનથી પતિનું શ્રેય કેમ થાય એ શિવાય બીજી કાંઇ ઇચ્છા રાખતી નથી તે જ સ્ત્રી પતિવ્રતા કહેવાય છે. જે સ્ત્રી પતિવ્રતા અને પતિપ્રાણા થઇ હમેશાં સ્વામીની સેવા કરે છે, તેજ સ્ત્રી તેની ધર્મભાગિની થાય છે. અનસૂયાજીએ કહ્યું છે કે–" સ્ત્રી સ્વામીસેવાથી જ ઇચ્છિત લોકને પામે છે. જે સ્ત્રીનું ચિત્ત સ્વામીને પ્રસન્ન કરવામાં છે તે સ્ત્રી સ્વામીના પુણ્યનું અર્ધું ફળ ભોગવે છે." સ્ત્રીઓને પતિ એ જ ગુપ્ત ધન છે. તેમના વડેજ તે અનેક પ્રકારના વૈભવો ભોગવી શકે છે.

ગૃહસંસારનું રાજ્યતંત્ર સરળ રસ્તે ચલાવવામાં સ્ત્રીનો ઘણો ખરો વખત રોકાતો હોવાથી તેના ભરણપોષણ વિગેરેનો આધાર પુરૂષપર રહેલો છે, અને તેથી તે ભર્ત્તા કહેવાય છે. જેમ આ સંસાર ઉત્પન્ન કરનાર તથા પાલનાર પ્રભુને આપણે માનપૂર્વક પૂજીએ છીએ, તેમ આ ગૃહસંસારમાં ભરણપોષણ કરનાર પતિને સ્ત્રીએ ઇશ્વર તુલ્ય ગણવા. " પતિ એજ ઇશ્વર છે."–એ વાક્ય યથાવિધિ સમજી પાળવામાં આવે તો સંસારસમુદ્ર તરવો કાંઇ કઠીન નથી.

બીજું સાસુસસરા, જેઠજેઠાણીની આજ્ઞા પાળી તેમની તેમજ દિયરદેરાણી, કુટુંબ વર્ગ અને સ્ત્રી વર્ગ જોડે " સત્ય બોલવું, પણ પ્રિય બોલવું, કાંઇ પણ અપ્રિય બોલવું નહીં." આ નિયમ પ્રમાણે વર્તી દરેક કાર્ય સ્ત્રીએ વિચારી વિચારીને કરવાનું છે. પોતાના કાંઇ પણ કામથી પતિનું મન દુભાય એ પૂર્વની સુજ્ઞ સ્ત્રીઓને શરમ ભરેલું લાગતું. " જે કુલમાં સ્વામી ભાર્યાથી અને ભાર્યા સ્વામીથી નિત્ય સંતુષ્ટ રહે છે તે કુલનું નક્કી કલ્યાણ થાય છે."

સ્ત્રીઓ સાદી, રોગહીન, રસજ્ઞ, અને કુટુંબપોષક થાય એ આનંદદાયક છે. પરંતુ એ પ્રમાણે થવામાં ધર્મની અને નીતિની કેલવણી ઉપરાંત શારીરિક બળની ખાસ જરૂર છે. સહવારના પ્હોરમાં ન્હાઇને તુલસીની પ્રદક્ષિણા ફરવી કે સૂર્યનારાયણને દંડવત્ નમસ્કાર કરવા, એ હાલની બ્હેનોને શરમ ભરેલું લાગે છે. કલાક દોઢ કલાક ચોખ્ખી હવામાં ફરતાં આળસ આવે છે. તો વખત આવે કુવામાંથી પાણી કહાડવાનું કે ઘંટી ફેરવવાનું તો ક્યાંથી જ બને ? પરિણામે ઉમ્મરે પહોંચતા પહેલાં સ્ત્રીવર્ગ કસુવાવડ વિગેરે અનેક રોગોના ભોગ થઇ પડે છે, અને બાળવર્ગ રોગિષ્ટ થઇ કાચીવયે મરણશરણ થાય છે. શરીર રોગહીન હોય તો કાંઇપિણ કાર્યમાં બાધ આવે નહીં.

આ દુનિઆમાં માતાપિતા અને આચાર્ય એ ત્રણે બાળકના ગુરૂ છે. આ ત્રણમાં માતા સૌથી મ્હોટા અને પ્રથમ ગુરૂ હોવાથી તેણી સદ્દગુણી બને એ ઇચ્છવા જેવું છે, એ જરૂરનું છે. બાળકના કુમળાં અંતઃકરણમાં માતા જેવી કોઇ છાપ પાડી શકતું નથી. બાળક પ્રથમના પાંચ સાત વર્ષમાં જેટલું શીખે છે, તેટલું પાછળથી શીખતું નથી; ન્હાનપણમાં છોકરાં માબાપ અને વડીલોના આચારવિચારોનું અનુકરણ કરે છે; અને આ વખતે જે છાપ પડે

છે તે જન્મપર્યંત રહે છે. વળી ધર્મના અને નીતિના સૂત્રો ન્હાનપણથી શીખવાય તો સારૂં. બાળક પાંચ છ વર્ષનું થાય ત્યારથી દરરોજ રાત્રે વાળુ કર્યા પછી અડધો અડધો કલાક જોડેલી યા ખરી બોધદાયક વાર્તાઓ, સતપુરૂષો અને સન્નારીઓનાં જીવનચરિત્રો, અને ધર્મ અને નીતિનાં સૂત્રો ધીમે ધીમે એક પછી એક કહેવાં, અને ત્યાર પછી બાળકે શું ગ્રહણ કર્યું તે રીતસર પૂછવું. જીવનના સુખ દુઃખનો આધાર નિશાળમાં લીધેલી કેલવણી પર નહીં, પરંતુ ઘરમાં અપાયલી કેલવણીપર રહે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી ધાર્મિક અને નૈતિક કેલવણી સ્ત્રીએ લેવી જરૂરની છે.

ગૃહસંસાર કુશળતાથી ચલાવી "ચતુર ગૃહિણી" નું ઉપનામ લેતાં પહેલાં સ્ત્રીને અનેક ફરજો બજાવવાની છે—અનેક કાર્યો કરવાનાં છે. અ. સૌ. શારદાગૌરી લખે છે તેમ "પુરૂષ પોતાની સામાન્ય કેલવણી લઇ રહ્યા પછી વકીલ, ડાકટર કે વેપારી થાય છે, તેમજ સ્ત્રીએ અન્ય દિશામાં નિપુણતા મેળવવાની છે. તેણે સાંસારિક કુશળતા ઉપરાંત અનેક કળામાં નિપુણતા મેળવવી જોઇએ. તેને સંગીત, ચિત્રકામ, શીવણ કામ, ભરતકામ, રસોઇ, ગૃહવ્યવસ્થા, માંદાની માવજત, અર્થશાસ્ત્ર, છોકરાંઓને કેવી રીતે ઉછેરવાં વિગેરે વ્યાવહારીક કાર્યોમાં કુશળ થવાનું છે. પુરૂષ પૈસા કમાય છે અને સ્ત્રીને તે યોગ્ય રીતે વાપરવાનો છે, કે જેથી બચાવેલા પૈસા પોતાના સતાનોને યોગ્ય કેલવણી આપવામાં તેમજ આ દુનિઆમાં તેમને રસ્તેસર ચઢાવવામાં મદદ થાય." આથી વિશેષ લખવા જેવું કાંઈ નથી.

આ પ્રમાણે ગૃહિણી થવામાં સ્ત્રીને અનેક વિષયમાં નિપુણતા મેળવવાની છે. નવરાશનો વખત ઉંઘમાં, આળસમાં તથા પરનિંદામાં નિર્ગમન ન કરતાં સારી સંગતમાં, સારાં સારાં પુસ્તકો વાંચવામાં અને અજ્ઞાન બ્હેનોને સદુપદેશ આપી, મદદ કરી, સીધે રસ્તે દોરવવામાં ગાળવો જોઇએ. જ્યારે આપણી આધુનિક બ્હેનો સીતા, સાવિત્રી, દમયંતી અને દ્રૌપદી વિગેરે પૂર્વની સુવિખ્યાત સતીઓનું અનુકરણ કરી હિંદની ઝાંખી પડેલી કીર્તિ પુનઃ સતેજ કરશે ત્યારે અનેક નરરત્નો અને નામાંકિત નારીઓ પેદા થશે. અસ્તુ.

**સુલોચના.**

---

## પ્રવાસ વિષે જાતિભેદનો વ્હેમ.

"વેદ, સ્મૃતિ, શાસ્ત્ર, અને પુરાણ આદિ મળીને હિંદુઓનાં ધર્મ પુસ્તકો ગણાય છે; આ બધામાં વેદ શ્રેષ્ઠ મનાય છે. કેમકે તે સૌથી પ્રાચિન ગણાય છે. દેશાટણ કરવા વિષે અથવા જળ માર્ગે પ્રવાસ કરવા વિષે વેદમાં કોઈ ઠેકાણે અટકાવ નથી, ઉલટું એમ માલમ પડે છે કે વેદના વખતમાં હિંદુઓ વેપાર અર્થે તથા લડાઈ અર્થે જતા હતા. આ ઉપરથી એવું જણાય છે કે પહેલાનાં વખતમાં હિંદુઓને સમુદ્રને રસ્તે દેશાટણ કરવાનો અટકાવ નહોતો, પણ લડાઈ અને શત્રુઓને લીધે જ ક્ષત્રી અને બ્રાહ્મણોએ જળ માર્ગે દે-



શાટણ ન કરવું એમ કેટલાક શાસ્ત્ર અથવા પુરાણ લખનારાઓએ નિર્ણય કર્યો હશે. પણ હાલના વખતમાં કાંઈ જુલમથી વટલાવાનો કે લડાઇનો વખત નથી. માટે અગાઉના લખનારાઓએ અથવા બ્રાહ્મણોએ જે ઠરાવ કર્યો હોય તે હાલના વખતને મુદલ અનુસરતો નથી."

સિંધુ, સૌવીર, સૌરાષ્ટ મલેચ્છ દેશ, અંગ, બંગ, કલીંગ તથા અન્ધ્ર આ દેશમાં જવાથી પુનઃ સંસ્કારને યોગ્ય થાય છે. સિંધ તથા સૌરાષ્ટ્ર તરફ જવાને અટકાવ કહ્યો છે. છતાં બ્રાહ્મણ, ક્ષત્રી, અને બિજી વરણના હિંદુઓ આવજાવ કરે છે. વલભકુળના મહારાજા અગાઉ સિંધ તરફ જતા નહિ હતા, અને ભેટ લેવાને પોતાને બદલે સારસ્વત બ્રાહ્મણોને મોકલતા હતા, તેઓ પણ હાલ જવા લાગ્યા છે. સમુદ્ર માર્ગે જનાર બ્રાહ્મણનો સંગ ન કરવો એમ આદિત્ય પુરાણમાં લખેલું છે, ને જો શુદ્ધ થાય તોપણ તેમનો સંગ ન કરવો.

પણ હાલ આપણે એથી ઉલટું જોઇએ છીએ. સમુદ્ર માર્ગે ઘણા બ્રાહ્મણો આવજાવ કરે છે તે વિષે તેઓને કોઈ પુછતું નથી. એમ થવું જોઇએ. કેમકે જે વખતે પુરાણ લખાયું હશે તે વખતમાં એ ઠરાવ કદાચ સારી મતલબથી થયો હોય પણ તે ઠરાવ હમણાના બ્રાહ્મણો બાહાલ રાખવાને બંધાયા નથી. હાલમાં એ ઠરાવ રદ કરવાની જરૂર પડી છે, ને જ્યારે સિંધ તથા કાઠીયાવાડ વિષે તથા સમૂદ્રમાર્ગ વિષે એ ઠરાવ રદ કરવામાં આવ્યો છે, ત્યારે એ ઠરાવ વિલાયત જવા વિષે મુદલ લાગુ પડી શકતો નથી, એમ ચોકસ ઠરે છે.

ધર્મશાસ્ત્ર પ્રમાણે બ્રાહ્મણ થઇને મલેચ્છને અડકે તો તેમાં મોટું પાપ છે. ને તેણે નહાવું જોઇએ. દિવસમાં કેટલોએક વખત કહ્યો છે તે વખતે તો બ્રાહ્મણોએ મલેચ્છનું મ્હોં પણ જોવું ન જોઇએ. બ્રાહ્મણ થઇને પતીતની ચાકરી કરે તો પતીત કહેવાય. હિંદુના શાસ્ત્રમાં હિંદુ સિવાય બિજા બધા લોકોને મલેચ્છ કહ્યા છે, તો આજે કોણ હિંમતથી કહેશે કે હું મલેચ્છની સાથે કાંઈ પણ સબંધ નથી રાખતો? ઇંગ્રેજ, પારસી, મુસલમાન, ઉપલા વિચાર પ્રમાણે તો મ્લેચ્છ ઠરે છે. તેઓની ચાકરીમાં અને તેઓની સાથે સબંધ રાખનાર આજ ઊંચ જ્ઞાતિના ઘણા હિંદુઓ મળી આવશે. માટે આવી બાબતમાં આગલા વખતનો ઠરાવ બિલકુલ લાગુ પડી શકતો નથી, ને લાગુ પાડીએ તો બધી વાતમાં લાગુ પાડવો જોઇએ. જો ઇંગ્લાંડ જવાની બાબતમાં એ ઠરાવ લાગુ પાડીએ તો કાઠીયાવાડ તથા કરાંચી જવાને આ ઠરાવ લાગુ પાડવો જોઇએ. પણ એ બાબત હાલ કોઇથી વાંધો લઈ શકાતો નથી, ત્યારે ઇંગ્લાંડ જવાની બાબતમાં બીજા કયા આધાર ઉપરથી વાંધો લઈ શકાશે? જેપુરનો આગળનો રાજા દેશ જીતવા નિકળ્યો ત્યારે ઝીતતો ઝીતતો અટકનદી આગળ આવી પહોંચ્યો, તે વેળાએ એક સાખી બોલીને પોતે લશ્કર સહિત બિજે કાંઠે ઉતર્યો. સાખીની મતલબ એ જ હતી કે બધી ભૂમિ ઇશ્વિરે પેદા કરી છે તેમાં અટક કયાં આવી? જેઓના મનમાં ખટક રહી છે તેઓ જ માત્ર અટકી બેઠા છે. ત્યારે અટક આગળ શા માટે અટકવું જોઇએ?

વારૂ, જાતિભેદ વિષે ખરૂં અભિમાન રાખીને તેઓ આવી સમજ રાખતાં હોય તો એક વાત, પણ તેમ કંઈ નથી. તેઓ માત્ર બ્હારથી સફાઈ રાખે છે ને મોઢેથી મોટી મોટી વાતો કરે છે. પણ પોતાના વિચાર પ્રમાણે જાતિભેદ પાળતા નથી. આ વિષે હું થોડા જ દાખલા આપી બિના બંધ કરૂં છું.

(૧) જગન્નાથજીના પુજારીઓ ઘણું કરીને માંસ ખાનાર હોય છે, ને તેઓના હાથના પકવાન બધી જાતના હિંદુઓને ખપે છે. બિજી જગ્યાએ તેમ ખપતું નથી, ને બધી બધી જાતના હિંદુઓ એક બિજાને અડકીને જમે છે તેમ બિજે ઠેકાણે થાય તો જાતિભેદ તોડયો એમ કહેવાય છે. આવાં અંધેર ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે. આવી વાતો કોઈ પણ લક્ષમાં લેતું નથી.

(૨) તૈલંગા બ્રાહ્મણ તથા દ્રવીડ બ્રાહ્મણ અધ્યાપ્ત સોમયાગ (યજ્ઞ) કરે છે તેમાં પશુ પ્રાણીઓને હોમીને તેમનો ભક્ષ કરે છે; તો તે ચાલે છે, ને બીજે ઠેકાણે તેમ થઈ શકતું નથી. જો કોઈ માણસ શક્તિને માટે માત્ર જો (કોડલીવર ઓઈલ) માછલીનું તેલ દવા તરીકે પીએ તો તે માણસ ધર્મભ્રષ્ટ ગણાય.

(૩) આખા ગુજરાતમાં શાકત એટલે દેવીને માનનારા બ્રાહ્મણો છે. તેઓ દેવીની ઉપાસના કરે છે, ને દેવીને માંસ, મદિરા, ચડાવીને તેનો ભક્ષ પોતે કરે છે. બ્હારથી માંસ, મદિરાને ધિક્કારે છે. પણ માંહેલે પેટે તેનો આહાર કરે છે તે ચાલે છે. આ સિવાય બીજા ઘણા દાખલાઓ મળી આવે છે. પણ હાલ એ બધા લખવાની જરૂર નથી.

ધર્મ વિષે અડચણ લેનાર ધર્મ શામાં છે તેનો થોડો જ વિચાર કરે છે. માણસનો ધર્મ માણસની સાથે જ રહી શકશે. જ્યાં સુધી હરએક માણસ પોતાની ખુશીથી પોતાનો ધર્મ છોડતો નથી ત્યાં સુધી ધર્મ એને છોડશે નહી. હાલના વખતમાં જાતિચાલ સાચવવામાં જેમ બને તેમ બ્હારથી સુફાઈ અને પતરાજી દેખાડવી એમાં જ ધર્મ રહ્યો છે, એમ વગર વિચારના લોકો માને છે. જેઓ સેજ વાતમાં જૂઠું બોલે છે ને સમ ખાય છે, તેઓ ધર્મથી ઉલટા ચાલતા નથી, જેઓ ચોરી કરે છે, વ્યભિચાર કરે છે, ગરીબ વિધવાઓને રડાવે છે, ને સરકારના મોટા અપરાધમાં આવી કાળેપાણી જઈ આવે છે તેઓ ધર્મથી ઉલટા ચાલતા નથી, તો આવા લોકને માટે આ ઠેકાણે મારે કહેવાનું જરૂરનું છે કે તેઓ "ઉંટને ગળી જાય છે અને મચ્છરને ગાળી કાઢે છે." પણ જેઓએ જાતિભેદ સાચવવાને ઉપરની સફાઈ દેખાડી નહિ, અથવા તેમાં જરાક ભૂલ કરી તો તેમાં તેઓએ મોટું પાપ કર્યું; અને તેમાં તેઓ ધર્મથી ઉલટા ચાલ્યા! હાય હાય! આ કેવી રીતની સમજ ને ક્યાં સુધી ચાલશે?

આવી દશામાં જાતિભેદ આવી પડયો છે તોપણ તેને ધર્મનું મૂળ કરી બેસાડયો છે. તેમાં સૌથી અચરતની વાત તો એ જ કે જે હીંદુઓ કાળેપાણી જઇને કે વટલીને આવે છે, તેઓને કોઈ પૂછતું નથી. આ ઉપરથી માલમ પડે છે કે હરેક જ્ઞાતિવાળાઓ જ્યાં ફાવે છે ત્યાં જ પોતાનું જોર વાપરે છે.

**મોહિની એસ્થર નવલકિશોર.**
ભાવનગર.

## પત્રિકા.

" ગુજારે જે શીરે તારે, જગતનો નાથ તે સેહેજે;
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ, અતિ પ્યારૂં ગણી લેજે. "

**—કવિ બાલ.**

જીજ્ઞાસુ બ્હેની—

ઘણા પ્રશ્નોથી ભરપુર પત્ર મલ્યો. ઘણા દિવસે પ્રવૃતિએ પત્ર લખવા રજા આપી જેથી એનો એટલો ઉપકાર. પ્રવૃતિ નાની બ્હેન અને નિવૃતિ મોટી બ્હેન છે, છતાં ચાલતા જમાનામાં અવિદ્યાના જોરથી નાનીનું જ ચક્રવર્તી રાજ્ય થાય તે સંભવિત છે; કારણ કે નિવૃતિ મોટી છતાં શાંત છે. આપણે જ નહિ પણ આખું બ્રહ્માંડ તેની સેવામાં જ છે. તમારો પત્ર મોડો આવ્યો તે ખાતે મને શોચ નથી. પરંતુ પ્રવૃતિને કબજામાં રાખવા કાલજી રાખવી એટલો તમને ઈશારો કરૂં છું.

પહેલું તો, વ્યવહારિક બાબતને માટે જ આપણી જીંદગી નથી, એ ખુબ યાદ રાખવું. વ્યવહારિક બાબતો તો ફક્ત પંચતત્વનું સ્થૂલ શરીર નિભાવવા ખાતર જ જાણવી. પણ આજ કાલ મનુષ્યો પોતાના જીવનનું ખરૂં સાર્થક પરમાર્થ છોડી દઈ, ફક્ત વ્યવહારમાં જ મચ્યાં રહે છે એ થોડી દીલગીરીની વાત નથી; અને તેવી માન્યતાવાળાં લોકો સાથે આપણો સંસર્ગ હઈ આપણા સંસ્કાર તે મીસાલે બને તે વાસ્તવિક છે. પણ જો આપણે આપણી જીંદગીનું સાર્થક કરવું હોય, આ ભવસાગર તરી જવો હોય, અને મોક્ષની અપેક્ષા હોય, તો તેવાં લોકોની દ્રષ્ટિમાં તેના જેવું દેખાવું; પણ જેમ કમળ પાણીમાં જ રહે છે છતાં તેને બ્હાર લેતાં પાણીનું બિંદુ પણ ચોંટેલું હોતું નથી, તેમ માનસિક વૃતિમાં તેનાથી ભિન્ન રહેવું.

બીજા પ્રશ્નનો ઉત્તર એ કે પુસ્તકો વાંચવાથી ફક્ત સ્મશાનજ્ઞાન થાય છે એ તમારા લખાણમાં કેટલુંક સત્ય છે ખરૂં. પણ પુસ્તક ઉપલક ઉપલક વાંચી જવાથી જ તેનું ખરૂં રહસ્ય સમજી શકાતું નથી. વાંચેલી બાબતોનું શાંત ને એકાગ્ર ચિત્તે મનન કર્યાથી જ સમજી શકાય છે. વળી તે મનન કરેલી બાબતને વર્તનમાં લાવી વ્યવહારને પરમાર્થ રૂપ કરી દેવો તે કર્તવ્ય છે.

ત્રીજું, સત્ કર્મનો અર્થ તો ઘણો કઠિન ને ગુઢ છે, પણ તે આગળ ઉપર તમે જાણી શકશો. હાલ તો સત્કર્મ કોને કહેવાં? ને કેવી રીતે કરવાં? તેનો બુદ્ધિઅનુસાર વિચાર કરી વર્તવું. મોક્ષનું પહેલું પગથીયું "સત્ કર્મ", બીજું "ઉપાસના" અને ત્રીજું "જ્ઞાન" છે; પણ હાલ પહેલા માટે પ્રયત્ન કરવો. પ્રસંગોપાત બીજાં લખી જણાવીશ.

ચોથું, જેમ મોટાં વૃક્ષનું મૂળ ઉપાદાન બીજ છે, તેમ ઉપર કહેલાં સર્વનું મૂળ ઉપાદાન સત્સંગ છે, તે તમને પુસ્તકોદ્વારા જ મલી શકશે. પણ તે પુસ્તકોનું મનન કરી તમારે એટલે સૂધી યાદ રાખવાં જોઇએ, કે તમને કોઈ પૂછે કે ત્યાંથી અહીં સૂધી આવતાં

ક્યાં ક્યાં રેલવે સ્ટેશન વચમાં આવે ? તેનો જવાબ તમે જેટલી સહેલાઇથી આપી શકો, તેટલી જ સહેલાઈથી આ પુસ્તકના રહસ્યનો જવાબ આપી શકો.

પાંચમું, નિર્દોષ કામ શિક્ષક, નર્સ, કે ઉપદેશકનું છે. જેમ નિર્દોષ ને કોમળ બાલકોની બુદ્ધિ ભિન્ન ભિન્ન જાતની જોઈ બાલપણથી જ તેમાં શુભ સંસ્કારો દાખલ કરવાનું કામ પરોપકારી ગણાય છે, તેમજ બિછાનામાં પરાધીન પડેલાં રોગીઓની વિનાસ્વાર્થે માવજત અને દરેક પ્રકારે બનતી સગવડ કરી તેમને સૂખી ને સંતોષી રાખવા કોશીષ કરવી તે પણ પરોપકારી જ કર્તવ્ય ગણી શકાય.

છઠ્ઠું, મન ચંચલ છે તે ખરૂં પણ તેને માટે હૃદયમાં ખાસ નિશ્ચય કરવો કે અમુક સમય એકાંતમાં બેસી મનના વેગને પ્રયત્નપૂર્વક રોકવો; એટલે દુષ્ટવિકારોને અંતઃકરણમાં આવવા જ દેવા નહિ. શાંત ચિત્તથી સ્વસ્થ થઈ પરમાત્માના આભારો યાદ લાવવા. આમ કરવાથી અંતઃકરણ સ્વચ્છ થતું જશે અને દરરોજ મહાવરો કરવાથી મલીનતા દુર જશે; અને મનન કરતાં સદ્‌વિચારો પોતાની મેળે જ સ્ફુરશે. આ સદ્‌વિચારો હમેશાં વધતા જશે ને છેવટ "નિદિધ્યાસન" એટલે દરરોજનો અભ્યાસ પડવાથી આજે જે સ્મશાનજ્ઞાન લાગે છે તે કાયમી જ્ઞાન થશે.

સાતમું, ગમે તેવા સંકટમાં પણ ઇશ્વરને અન્યાયી કહેવો તે તેનો આક્ષેપ કરવા જેવું છે. પણ દ્રષ્ટાંત તરીકે નાનું બાલક તેની માતા ગુસ્સે થાય, તરછોડે, ધમકાવે કે પ્રહાર કરે, તો પણ બાલકનો માતા પ્રતિ કાંઈ અભાવ હોતો નથી, પણ બાલક સર્વ કરતાં વધારે સ્નેહથી માતા તરફ જ દોરાય છે, તેમ આપણા તરફ પરમાત્માને માતારૂપ ધારી છેવટનું આપણું વિશ્રાંતિસ્થાન એ જ નિશંકપણે માનવું.

આઠમાના ઉત્તરો તો તમે ભિન્ન ભિન્ન જાતનાં હાલનાં વર્તમાનપત્રો, માસિકો, અને પુસ્તકોમાંથી મેલવી શકશો. સર્વે પોતપોતાની બુદ્ધિ પ્રમાણે લખે છે, ને બોલે છે. પુનર્લગ્ન અને બાળલગ્ન એક બીજાના સ્નેહી અને અરસપરસ મદદગાર છે. બાલલગ્નની હૈયાતી વીના પુનર્લગ્નની હૈયાતી છે જ નહિ. કારણ કે પુનર્લગ્ન ખાસ કરીને બાલ વિધવાને માટે જ છે; પણ બાલલગ્નની અટકાયતથી વગર કહ્યે જ બાલવિધવાનો અભાવ થશે, ત્યારે પછી પુનરલગ્નની જરૂર ક્યાં રહે ? તેમજ પુનર્લગ્નની અટકાયતથી બાલલગ્નની અટકાયત વગરકહ્યે જ થશે, કારણ કે બાલવિધવાનો ત્રાસ દરેક જનને રહેશે, અને તેથી બાલલગ્ન બંધ થશે. પણ પુનર્લગ્નના પ્રચારથી બાલલગ્નનો પ્રચાર વધશે, એ તો નિર્વિવાદ છે. કારણ કે બાલલગ્ન કરનારને માટે પુનર્લગ્નની બારી ખપમાં આવશે. મારા ધારવા પ્રમાણે તો પુનર્લગ્ન શબ્દને ફેરવીને બાલલગ્નઉત્તેજક નામ આપવું વધારે યોગ્ય છે. જે જાતોમાં હાલ પુનર્લગ્નનો પ્રચાર છે તેમાં પણ કેટલીક વખત નામરજી છતાં પુનર્લગ્ન કરવાં પડે છે, કેટલીક વખત બેચાર ઘેર સેજ કારણ માટે ભટકવું પડે છે, અને કેટલીક વખત નાનાં નિર્દોષ બાલક ને રોતાં કકળતાં તરછોડવાં પડે છે. જો કે હજી સૂધી સૂધરેલાં નાતરાંમાં બાલકવાળી સ્ત્રી કવચિત્ત દેખાવ આપે છે, પણ કાળે કરીને પ્રચાર થયા પછી બાલકવાળી સ્ત્રીઓ તેને માટે પગલું નહિ ભરે, તેની ખાત્રી શી ? વળી જેમ આગળ તો સ્ત્રીના મરણ પછી જ પુરૂષો ફરીથી લગ્ન કરતા



તેમાંથી હાલ બબે અને ત્રણ ત્રણ સ્ત્રીનાં ટોટાં પણ કેટલેક ઘેર નજર પડે છે, તો લાંબે વખતે આવી ભવાઈ સ્ત્રીઓમાં ન ચાલે તે શાપરથી માનવું ? લાંબો વિચાર કરતાં પુનર્લગ્ન તે વિધવા તરફની દયા કહેવાય નહિ. દ્રષ્ટાંત તરીકે અજ્ઞાન બાલક રમત માટે અગ્નિ હાથમાં લેવા દોડે અને તેને અટકાવવાથી રડે, ત્યારે તેના રડવાપર દયા લાવી તેના હાથમાં અગ્નિ આપી બાલકની જીંદગી જોખમમાં નાંખવાની મૂર્ખાઈ વાપરવી તે વાજબી ગણાય નહિ પરંતુ બાલકનું મન અને વલણ તે તરફથી ખેંચી તેને બિલકુલ નુકશાન ન કરે અને છેવટ સૂધી સુખ રૂપ નીવડે એવી રમત તરફ વાળવું એ જ સમજુ ને હિતેચ્છુનું કર્તવ્ય છે. અલબત આપણા દેશની વિધવાઓની સ્થિતિ દયાજનક છે. પણ તેને માટે યોગ્યને બદલે અયોગ્ય ઈલાજ લેવાય તે દિલગીરીની વાત છે. (૧) તેને માટે દયા રાખવી, (૨) માન અને નિર્મળતા ભરી નજર રાખવી, (૩) અમંગળ ગણી કદી પણ તીરસ્કાર કરવો નહિ, (૪) વિધવાશ્રમો સ્થાપવા, (૫) તેને લાયકના નિર્દોષ ધંધા માટે પ્રવિણ કરવી, (૬) શિયલ રક્ષણાર્થે એકાદ નાના હથિઆર માટે છૂટ આપવી વગેરે ઉપાય સારા છે. વળી એક ૧૮–૧૯ વર્ષની વિધવા સફેત ભગવું કે શ્યામ વસ્ત્ર ધારણ કરી, અસ્વસ્થ વાળ રાખી, ભસ્મનું તિલક કરી, પરમાત્મા અને પતિની મૂર્તિનું ધ્યાન ધરી, પ્રાર્થના કરતી હોય; અને બીજી ૧૮–૧૯ વર્ષની વિધવા પુનર્લગ્ન કરી, નવીન સાડી, પોલકું બૂટ સ્ટોકીંગ પહેરી, હાથમાં પુસ્તક રાખી, પુનર્લગ્નનો બોધ કરતી ફરતી હોય; આ બન્નેમાંથી કોના તરફ કુદરતી રીતે જ માનવૃતિ રહેશે ? કોના તરફ જોવાથી વિકાર માત્ર બલી જઈ નિર્દોષ નિર્વિકાર મન થઈ જશે ? કોને વંદવું યોગ્ય લાગશે ? અને કોને સાધ્વીનું માન ભરેલું વિશેષણ આપી શકશો ? જો કે કેટલીક અબળાઓ કવચિત ઉલટે રસ્તે ચાલતી નજરે આવે છે, પણ તેને સીધો રસ્તો બતાવવાનો કદી પણ પ્રયાસ કરવામાં આવ્યો છે ?

નવમું, હું ધારૂં છું કે જ્યારે મુસલમાની રાજ્યના અનીતિ ભરેલા જુલમથી આર્ય કુમારીકાઓને આપત્તિમાં આવી પડવાનો ભય, બાલલગ્નના દુષ્ટ રીવાજને જનસમાજની અંદર ઘુસાડી દેવામાં ફતેહમંદ નીવડ્યો, ત્યાર પછી થોડા સમયમાં સબળ થયેલા બાલલગ્નના રીવાજે પોતાના પ્રતિકુળ પરિણામથી આર્ય લોકોના મનમાં પુનરલગ્ન શબ્દને જન્મ આપેલો જણાય છે; અને તે પુનર્લગ્ને પોતાને જન્મ આપનાર બાલલગ્નને જરા પણ આંચ ન આવે એવા હેતુથી જ ધર્મની લાગણીને દબાવી ખોટે અને આડે રસ્તે લોકોનાં મનને ચડાવી દીધાં. મારો અભિપ્રાય ઉપર પ્રમાણે છે, તમારો લખી જણાવશો.

મને સંતોષ થાય છે કે પૂર્વના કોઈ સારાં કર્માનુસાર તમે સત્ય રસ્તે ચડી સત્ય વસ્તુનું ગ્રહણ કરવા ઇચ્છો છો. સૃષ્ટિનિયમ એવો છે કે માણસ ધારે તે કરી શકે છે. તમે પણ તે નિયમોનો લાભ લેવા શક્તિવંત છો એમ તમારૂં શક્તિ અનુસારનું ડહાપણ મને સુચવે છે. તેથી તીવ્ર ઇચ્છા હશે અને તે સતત્ જારી રહેશે, તો તમે તમારાં સુકૃત્યમાં ફળિભૂત થઈ શકશો જ. આ ઠેકાણે લખવું યોગ્ય ધારૂં છું કે આપણી માન્યતા પ્રમાણે આપણી બુદ્ધિ શીખવા લાયક લાગે છે, પણ તેમાં કદાચ આપણે ભૂલતો કરતાં નથી ? તે તપાસવું જોઇએ. માટે પ્રથમ તો આપણે આપણી બુદ્ધિ સૂધારવા ખાતર, આપણા અલ્પજ્ઞાનને વધારવા ખાતર, મહાત્માઓનાં વચનામૃત રૂપી પુસ્તકો વાંચી થોડા વખતમાં આપણી બુદ્ધિને સતેજ કરી

લેવી જોઇએ; કે જેથી સદ્દવિચાર, જ્ઞાન, અને બોધ આપણા અંતઃકરણમાં ઠેરી શકે. નહિ તો કાચીબુદ્ધિથી વખતે અર્થનો અનર્થ થતાં વાર લાગે નહિ.

આપણાથી બનતો પ્રયાસ કરી સર્વને સીધે માર્ગે દોરવવામાં કાંઇક પણ સાધનભૂત થઇએ એવું ઇચ્છવું, અને પરમાર્થમાં જ આપણું અહોભાગ્ય સમજવું. હાલતો એ જ. તમારાં સર્વ સુકૃત્ય નિર્વિઘ્ને સમાપ્ત થાય અને તમારી જીંદગીની દરેક પળ પરમાર્થ અને "બ્રહ્માનંદ" માં વ્યતીત થાય એવું ઇચ્છી પત્ર બંધ કરૂં છું. એજ.

લી. **પરમહિતૈષી.**
**નિશા.**

---

## અભણ સ્ત્રીઓ પ્રત્યે કર્તવ્ય.

### "પોતાના દોષ અને બીજાના ગુણ તપાસવા."

ભણેલી એટલે વાંચતાં લખતાં શીખીને સારાં સારાં પુસ્તકો વાંચી સદાચરણથી ચાલી પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવે તેને ભણેલી સ્ત્રી કહેવી.

ભણેલી સ્ત્રીઓ સારાં સારાં પુસ્તકો વાંચી સદ્દગુણ લઈ સુનીતિને માર્ગે ચાલી સંસારનાં સુખો મેળવી સુખમાં દિવસ ગુજારે તે જોઈ અભણ સ્ત્રીઓને પણ તેનું જોઈ ભણવાનું તથા તેમ વર્તવાનું મન થાય. ભણેલી સ્ત્રીઓએ જે જે મુખ્ય બાબતો શીખવાની છે તે કાળજી રાખી શીખવી, ગૃહવ્યવસ્થા સારી રીતે કરવી. સુઘડતાઇ, રસોઈ, માંદાની માવજત, ભોજન કરાવવું તથા કરવું, શયનગૃહની શોભા, ગૃહવાટિકા, લેવડ દેવડ, તથા નામું ઠામું, કરકસર, ઘરધંધો, પશુપક્ષીની સંભાળ, નવરાશનો વખત કેમ ગાળવો, વખતનો ઉપયોગ, ઉદ્યોગ, ધર્મની જરૂર તથા કુળના રિવાજ પ્રમાણે ધર્મ પાળવો, ઇશ્વિરભક્તિ, સત્યતા રાખવી, જૂઠું ન બોલવું, પરોપકાર, અપકારને બદલે ઉપકાર, વિનય તથા નમ્રતા એ મોટાઇના ગુણ છે. અહંકાર તજવો, ક્ષમા તથા દયા રાખવી, કોઇની નિંદા કરવી નહિ તથા સાંભળવી નહિ, અદેખાઈ ન કરવી, પુણ્યદાન કરવું, ઘેર આવનારનો આદરસત્કાર કરવો તથા પરોણાચાકરી કરવી, વિપત્તિમાં ધિરજ રાખવી, સભ્યતા રાખવી. સદ્દગુણ અવશ્યનો છે, તથા સ્ત્રીનો શણગાર સદ્દગુણ છે. સ્ત્રીએ પતિ પ્રત્યેનો તથા પતિવ્રત ધર્મ જાણવો તથા પાળવો જોઇએ. સાસુ, સસરો, દેર, જેઠ, નણંદ, સગાં, સ્નેહી વગેરે સૌ સાથે સંપથી વર્તવું. બાળકને બાળરક્ષણ તથા શિક્ષણ આપીને સારી રીતે ઉછેરવાં, વ્હેમ તજવા, બાળલગ્ન ન કરવાં, રોવા કુટવાનો ચાલ નઠારો છે એમ જાણી બનતો અટકાવ કરવો, નીતિ રાખવી. નીતિના પેટામાં અનેક સદ્દગુણોનો સમાસ થાય છે. માટે નીતિ એ મુખ્ય બાબત છે. તો નીતિ પાળવી. ભણેલી સ્ત્રીથી શા શા ફાયદા થાય છે તે આપણે જોવું તથા તેમાંથી આપણે તત્વ ખેંચી ગૃહણ કરવું. ગૃહવ્યવહાર ચલાવવાને માટે આ ઉપરનું બધું હોવું જોઇએ. તે વિના ગૃહવ્યવહાર સારી રીતે ચાલી શકે નહિ હવે આપણે મુખ્ય શું શીખવું જોઇએ તે તપાસીએ.

આપણે મુખ્ય શું શીખવું જોઇએ તે તપાશીએ. આ સૃષ્ટીમાં ઇશ્વિરે સ્ત્રીપુરૂષો એકઠાં રહી પરસ્પર સહાયકારક થવાને સૃજેલાં છે. સ્ત્રીનો બધો સ્વભાવ અતિ કોમળ તથા નમ્ર છે, ને તેમની પ્રકૃતિ નાજુક છે. તે વધારે શ્રમ કરવાને લાયક નથી. પરંતુ તે ઘરની શીતળ છાયામાં બેશી થોડાં શ્રમનાં કામો કરવાને લાયક છે. તેમને પુરૂષના જેવી કેળવણી નહિ પણ સંસારમાં ખરી સહાયક ને ઉપયોગી બનવાને માટે, ગૃહશિક્ષણને અર્થે, અને ગૃહકાર્યને માટે ધર્મ નીતિવાળી કેળવણી સાથે વ્યવહારોપયોગી ઉંચા પ્રકારનું જ્ઞાન મેળવવાને યત્ન કરવો. શુદ્ધ વાંચતાં લખતાં અને ઉપયોગમાં આવે એટલું ભૂગોળ ઇતિહાસ, વ્યાકરણ, ગણિત, ઘરના આવકજાવકનો હિસાબ લખવા જેટલું જ્ઞાન લેવું. વિશેષ જ્ઞાનમાં આરોગ્યવિદ્યા, રસાયનશાસ્ત્ર, પાકશાસ્ત્રનો અનુભવ, પદાર્થવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ઘરકુટુંબમાં ઉપયોગી થાય એટલું ચિકિત્સા અને નિદાન સાથે વૈદકશાસ્ત્ર, બાળરક્ષણ, બાળશિક્ષણ, કુટુંબનાં લૂગડાં વેતરતાં, શીવતાં, સાંધતાં, ચતુરાઇનાં ઉપયોગી સુંદર ભરત ભરતાં, મોઝાં ગલપટ્ટા, પુષ્પના અલંકારો વગેરે ગુંથતાં, લાકડા, માટી, મીણ, લાખ, અને કાગળ વગેરેના જુદી જુદી જાતના નમુના કોતરતાં કાપતાં અને બનાવતાં, રૂમાલ, ટેબલ, આસન વગેરે વણતાં, ખુરશી પલંગ વગેરેમાં નેતર ભરતાં, જાતજાતનાં રંગો બનાવી રંગતાં, ચિત્રવિદ્યા, આયુષ્ય વધારવાના ઉપાય, છોકરાંને ગુણવાન, બુદ્ધિવાન, રૂપાળાં અને અંગોનાં સુશોભિત બનાવવાના નિયમો, નીતિ, ભક્તિ, અને નિર્મળ પ્રીતિનાં મધુર રાગનાં ગવાતાં ગીતો, મુખ્ય કર્તવ્યકર્મની તથા સ્ત્રીધર્મ નીતિની સમજણ, અને પશુપક્ષીની સંભાળ વગેરે વિદ્યાનાં મૂળતત્વોના જ્ઞાનની કેળવણી મેળવવાની જરૂર છે. આ ગણાવેલા વિષયોમાંના ઘણાખરા શાળામાં શીખાય છે. તથા કેટલાક ઘર આગળ પણ શીખાય છે. તેમાં વધારે સંસારના ઉપયોગમાં આવતા શીખવાની વધારે જરૂર છે. દુર્જન ઓળખતાં, ઉડતા રોગથી મનુષ્યોને બચાવતાં, છોકરાં, માબાપ, સાસુ, સસરો, ભાઈ, દેર, જેઠ, નણંદ વગેરે સગાં સ્નેહી સાથે વર્તતાં, પતિ દુરાચારી હોય તો સુધારતાં, સાસરે જતાં પુત્રીને શીખામણ આપતાં, સતિ સ્ત્રીઓનાં જન્મચરિત્ર વાંચી તેમાંથી ઉત્તમ ઉપદેશ ગૃહણ કરતાં, પોતાની ઉત્તમતા દર્શાવતાં, કોઈ વખતે દુષ્ટ પુરૂષો શીલભંગ કરવામાં ફાવે નહિ એમ ત્રણ ચાર કે વધારે વસ્ત્ર યુક્તિબંધ સાથે પહેરતાં શીખવું. એક કવિએ કહ્યું છે કે દ્રૌપદિજીએ આવી જ રીતે વસ્ત્ર પહેરેલાં હોય અને પછી ઇશ્વરે રક્ષણ કર્યું હોય એવું અનુમાન થઈ શકે છે. ચાકર સાથે યોગ્ય રીતે વર્તતાં, અને તેપર કામની તપાસ રાખતાં જાણવું જોઇએ. મુસાફરીમાં અથવા બીજા અણધાર્યા પ્રસંગમાં પરપુરૂષ સાથે કામ પડે છે. તે વખતે હરખ અથવા ગભરાટમાં છૂટથી ન બોલતાં તેમ તેને માઠું લાગે તેમ ન બોલતાં સાવચેતી રાખી તેમનો ભરોસો ન કરવો. ખરાબ સ્ત્રીઓની સંગત કરવી નહિ, તેમના બોલવા ચાલવાથી તેમના પાપી ફાંસામાં ન ફસાવું. પોતાનો ખરો શણગાર શેમાં છે તે સમજતાં, પતિ સાથે મધુર વચને બોલતાં, પોતાના કામમાં નીતિનો અંકુશ રાખતાં, મન ડગવા તરફ નહિ લલચાતાં, સારી વાતમાં મન લગાડતાં, ઘર શોભી નીકળે ને મન ખુશ થાય તેવું શણગારતાં, વિચિક્ષણતા રાખતાં, પતિ રીસાઈ ગયો હોય તો મનાવતાં, ને પતિ ખોવાએલો હોય તો જુદા વેશે શોધી કાઢતાં શીખવું જોઇયે, જેવી રીતે પુતના, શર્પણ સત્યવંતિ અને સોનરાણીએ પતિ માટે કર્યું હતું. આ સિવાય સદ્દગુણી સ્ત્રીઓને ઘણું જાણવાની જરૂર છે. તથા-

**સ્ત્રીઓએ મુખ્ય શું શું શીખવું જોઇએ.**

ઘણી કળા છે. ટુંકામાં સ્ત્રીઓએ વિદ્યા, સત્ય, પવિત્રતા, સુભાશિતપણું અને નાના પ્રકારની કળાઓ એ સર્વ જગાએથી સંપાદન કરવી. આ વચન સ્ત્રીઓએ યાદ રાખવા યોગ્ય છે. કરકસર કરવાની, પરઘેર જઈ ઘરનાં છિદ્ર ન ઉઘાડવાની, નિર્ધનતા નહિ દર્શાવવાની, ઘરસંપત્તિ શુદ્ધ રાખવાની, વાસણકુસણ તથા ઘર સ્વચ્છ રાખવાની, વસ્ત્રાલંકાર સંભાળવાની, બાળ ઉછેરવાની, લજ્જા ધરવાની, શિયળ સાચવવાની, પતિમાં ચિત્ત ચોંટાડવાની, પિતાના ઘરમાં ઝાઝી પ્રીતિ ન ધરવાની, મેલા, નાટક, ચેટકાદિ પ્રસંગમાં એકલાં ન જવાની, વડિલોની સેવા તથા આજ્ઞા પાળવાની, સ્વતંત્રતા ન દર્શાવવાની ટેવ પાડવી. સ્વતંત્ર હોય તો પણ બાળપણમાં માબાપની આજ્ઞામાં, યોવનમાં પતિની આજ્ઞામાં અને ઘડપણે પતિ હયાત ન હોય તો પુત્રોની આજ્ઞામાં રહેવું, એવી શાસ્ત્રમાં આજ્ઞા છે. તે પ્રમાણે ભણેલી સ્ત્રીઓએ વર્તવું. વળી તે સિવાય સ્ત્રીઓએ અંદરના શણગાર શીખવાની જરૂર છે છે તે નીચે પ્રમાણે.

મનહર છંદ.

“ સુઘડતા, આવડત, ડહાપણ ને ચતુરાઈ,
ચપળતા, પતિવ્રત, ઉદારતા એ સાત છે.
ક્ષમા સત્ય સંતોષને, ઉદ્યોગ દયાળુ વિદ્યા, ”
સર્વ જન પ્રભુ પ્રીતિ, ભક્તિ દીન રાત છે.
ધૈર્ય એહ સોળ ગુણ, સજી એવી નારી તેતો.
ઘર નાત જાત દેશે, વિદેશે વિખ્યાત છે.

વળી સ્ત્રીઓએ પાપ પુણ્ય વગેરેનો સારાસાર વિચાર જાણવાને તથા ધર્મનીતિનું જ્ઞાન મેળવવા માટે ધર્મશાસ્ત્રો વાંચવાં, પોતાની ચાલતી ભાષાના જ્ઞાન સાથે હિંદુ સ્ત્રીઓએ સંસ્કૃતનું, પારસીઓએ ઝંદ કે પહેલવી ભાષાનું જ્ઞાન મેળવવું. ચોખ્ખો વહેવાર રાખતાં, સંપ સંપતિ વધારતાં, આ શરીર ક્ષણભંગુર છે એમ જાણી ધર્મને પરોપકારનાં કાર્યો કરી કીર્તિ વધારતાં, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, વગેરે શત્રુઓને સમાવતાં, અને આહાર, નિદ્રા, એને નિયમસર રાખતાં વગેરે સ્ત્રીઓએ શીખવાની બાળપણથીજ કાળજી રાખવી જોઇએ. ટુંકામાં સર્વગુણસંપન્ન થઇ રહેવું. આ બધા ગુણો ન હોય ત્યાં સુધી તેમની ગૃહસ્થની સ્ત્રીમાં ગણના થતી નથી. આ સર્વ ગુણ સંપન્ન કરવાને તેમનાં માબાપની પ્રથમ કાળજી જોઇએ. એક કવિ કહે છે કે અર્વાચીન કાળમાં આવી કાળજી આપણા દેશમાં માબાપો ક્યારે રાખશે ? અને ક્યારે ઘરનો બધો કારભાર ઉંચકી લેતાં ધીમે ધીમે શીખશે ? પ્રાચીન કાળમાં આવી સ્ત્રીઓ ઘણી થઈ ગઇ છે. પાર્વતી, સીતા, તારા, દ્રૌપદી, ગાર્ગી, મૈત્રેયી, દમયંતી, સુભદ્રા, ને સાવિત્રી વગેરે ઘણી સદ્‌ગુણી સ્ત્રીઓ સ્વદેશની સ્ત્રીઓથી શ્રેષ્ટ ગણાઈ ગઈ છે. આર્ય ભૂમિમાં જેવાં સ્ત્રીરત્નો પાકેલાં છે તેવાં હજુ સુધી કોઈ પણ ભૂમિમાં પાકેલાં નથી. આ શું થોડા આનંદની વાત છે? હજુ આર્ય ભૂમિની બાળાઓના લોહીની અંદર એ ગુણોનાં રૂપાં રજકણો રહેલાં છે. જો તેને ફરી પ્રાચીન આર્ય ધર્મ નીતિ સાથે જણાવેલા વિષયો શીખવવામાં આવે તો તે પ્રકાશ આપોઆપ ચળકી નીકળે. જો ભણેલી સ્ત્રીઓ આવી રીતે વર્ત્તશે તો અભણ સ્ત્રીઓ તેનો દાખલો લીધા વિના રહેશે જ નહિ.



અને ઇશ્વર તેનો બદલો સૌને આપશે. અને તેમાં પણ જે સારી સ્ત્રી હશે અને નઠારી સ્ત્રી હશે તો કહાનજી કવિ કહે છે કે તે નીચે પ્રમાણે વર્તશે.

( રાગ. મા પાવે તે ગઢથી ઉતર્યાં.)

રહે સાચવટેથી સાફ, સુંદરી સારીરે,
કરી ભુલ ન માગે માફ, નાર નઠારીરે. ૧
ભજે ભાવ ધરી ભગવાન, સુંદરી સારીરે,
ઇશ્વરથી પણ અજ્ઞાન, નાર નઠારીરે. ૨
લે શીખામણનો સાર, સુંદરી સારીરે,
પણ અવગુણ ગૃહે અપાર, નાર નઠારીરે. ૩
ભણતી ગણતી ભલી ભાત, સુંદરી સારીરે,
લડતી વઢતી દીન રાત, નાર નઠારીરે. ૪
રાખે મન વિનય વિશાળ, સુંદરી સારીરે,
દાખે મુખ ક્રુર વિશાળ, નાર નઠારીરે. ૫
પામે પૂરણ સત્કાર, સુંદરી સારીરે,
વામે નિજ ભૂષણ ભાર, નાર નઠારીરે. ૬
સુખ દુઃખમાં દીલ ગંભીર, સુંદરી સારીરે,
આપે સૌને અપમાન, નાર નઠારીરે. ૭
ગાએ છે ચંગળ ગીત, સુંદરી સારીરે,
કરતી નિંદા નિત નિત, નાર નઠારીરે. ૮
મુખ વદતી મીઠાં વેણ, સુંદરી સારીરે,
કાઢે કરડાં બહુ નેણ, નાર નઠારીરે. ૯
જગમાં જશ લે સુખકાર, સુંદરી સારીરે,
ભુંડપનો ઓઢે ભાર, નાર નઠારીરે. ૧૦
તમે બનજો શાણાં બેન, સુંદરી સારીરે,
નહિ કાન લહે સુખચેન, નાર નઠારીરે. ૧૧

સ્ત્રીઓએ ગૃહવ્યવસ્થા કેમ કરવી તે જાણવું જોઇએ. તે સારી રીતે શીખી તે પ્રમાણે વર્તવું જોઇએ.

ગૃહવ્યવસ્થા.

ગૃહવ્યવસ્થાના પેટામાં સુઘડતાઈ, રસોઇ, માંદાની માવજત ભોજન કરવું તથા કરાવવું, શયનગૃહની શોભા રાખવી, ગૃહવાટિકા, લેવડદેવડ કેમ કરવી, કરકસર, પશુપક્ષીની સંભાળ કેમ રાખવી, નવરાશનો વખત કેમ ગાળવો, અને આવકજાવક વગેરેનો હિસાબ રાખવો, વગેરેનો ગૃહવ્યવસ્થામાં સમાસ થાય છે. વળી સાસુ સસરા સાથે કેમ વર્તવું, છોકરાં કેમ ઉછેરવાં, પતિની સાથે કેમ વર્તવું તે પણ તેનાજ પેટા ભાગમાં છે. પણ તેમાંથી મુખ્ય બાબત લઇએ.

સ્ત્રી પરણીને સાસરે આવે છે ત્યારે તેના પતિનું ઘર તેજ તેનું ઘર ગણાય છે અને પતિના ગૃહકાર્યની ચિંતાનો સઘળો ભાર તેમના પર આવી પડે છે, માટે માતાએ પોતાની પુત્રીને બાલ્યકાળથી જ ઘરવ્યવસ્થાની કેળવણી આપી યોગ્ય બનાવવી જોઇએ. એ યોગ્ય થઈ ઘણી સુખી થઇને વખાણને પામે છે, ને માબાપની શોભા વધારે છે. પરંતુ જો તેમને તેને બદલે અયોગ્ય લાડ લડાવી ઉછેરી ઘરવ્યવસ્થાથી અણવાકેફ રાખવામાં આવી હશે, તો તે સાસરે ગયા પછી ઘણી મુંજાઈ રહેશે. સાસુ, સસરા, નણંદ, જો વહુમાં આવડત નહિ હોય તો તેમને તથા તેમનાં માબાપને વગોવે છે. તેથી તે બિચારીને પસ્તાવો કરવો પડે છે. માટે પુત્રી સાસરે જવાને યોગ્ય ઉમરની થાય ત્યાં સુધીમાં સુશિક્ષા આપીને તેને તૈયાર કરવાની જરૂર છે. અને આ દુનિયામાં ઘણું કરી સ્ત્રી પરણીને સાસરે જાય. પણ પુરૂષ પરણીને સાસરે જાય ને સ્ત્રીના બાપનું ઘર તે તેમનું મનાય અને સસરાએ જમાઇને વારસો આપવો એવું ભાગ્યે જ બને છે. સસરો જમાઇને દત્તક કરી રાખે તે જ વખતે તેમ થાય છે. ને સસરાને ઘેર જમાઈ જાય છે તો પણ પોતાનું ઘર તો માબાપનું ઘર તે જ સમજે છે. માટે સ્ત્રીઓ જ સસરાને ઘેર આવે છે. ને એવો ચાલ આપણા બાપદાદાથી ચાલ્યો આવે છે. તે સાસરાનું ઘર તે જ સ્ત્રીનું મનાય છે. માટે માતાએ પોતાની પુત્રીને યોગ્ય બનાવવી જોઇએ.

બાઈ સેવા કુંવર.

---

# રમણીમણિમાલા.

## અનસૂયા.

પતિવ્રત પ્રભાવ સમર્થ, અનસૂયા કેરો રે;
વિષ્નુ શિવ બ્રહ્મા બળ વ્યર્થ, ટળ્યો આ ફેરો રે,

રા. સુમન્ત.

અનસૂયા માતાનું સતીત્વ સર્વ કોઈ જાણતાં હશે. તે ભગવાન અત્રિઋષિનાં ધર્મપત્ની હતાં. આ દંપતી આર્યાવર્તમાં રહેતાં. એક સમયે એ પ્રદેશમાં સખત દુષ્કાળ પડ્યો, અન્ન ન ઉગ્યું, ઘાસ ન ઉગ્યું. આથી માણસ અને પશુ ઘણાં હેરાન થવા માંડયાં. દયાળુ મહર્ષિએ પોતાથી બન્યું ત્યાં સુધી સર્વનું રક્ષણ કર્યું પણ દુષ્કાળનું જોર વધવા લાગ્યું. આથી પોતે સમાધિસ્થ થઈ ગયા અને પોતાની ધર્મપત્ની અનસૂયાને કહ્યું કે હું સમાધિમાંથી જાગું ત્યાં સુધી સર્વ કોઇનું રક્ષણ કરજો. પતિઆજ્ઞાનુસાર દેવી અનસૂયાએ યથાશક્તિ દુષ્કાળથી મનુષ્યને ઉગારવા યત્ન કર્યો પણ દુષ્કાળનું પ્રમાણ લંબાયું. આથી પોતે પણ નિરાશ થઇને પતિના ચરણ ઉપર મસ્તક મુકી સમાધિસ્થ થઈ ગયાં. કેટલેક કાળે અત્રિમુનીએ " હવે તો દુષ્કાળ મટયો હશે. " એમ ધારી સમાધી ઉતારી ને " પાણી " ઉચ્ચાર કર્યો. અનસૂયા પણ



જાગ્રત થઈ ગયાં અને તુરત કમંડલુ લઈ પતિને માટે જળ લેવા ગયાં. ચોગરદમ પાણી સુકાઈ ગયેલું, પાણી લાવે ક્યાંથી ? એમણે તો આગળને આગળ ચાલવા માંડયું. મનમાં પ્રભુની પ્રાર્થના કરતાં હતાં. પ્રભુકૃપાથી જળ એક સ્થળે મળ્યું. તે લઈ પોતાના પતિ પાસે આવી. નિર્જળ સ્થળમાં જળ શી રીતે મળ્યું તે અત્રિઋષિને બહુ આશ્ચર્ય લાગ્યું અને ફરી સમાધિદ્વારા જોયું તો માલુમ પડ્યું કે અનસૂયાના સતીત્વથી ગંગાદેવીએ જાતે જ કૃપા કરીને જળ આણ્યું હતું. અનસૂયાના સતીત્વની પ્રશંસા દેવલોકમાં પણ થવા માંડી અને ગંગાદેવીની કૃપાથી ઘણા વર્ષનો દુષ્કાળ નાશ પામ્યો અને તે પ્રદેશથાં લીલાલહેર થઈ રહી.

અનસૂયાના સતીત્વની પરીક્ષા જોવા બ્રહ્મા, વિષ્નુ, અને મહેશ પૃથ્વી પર આવ્યા અને આશ્રમના દ્વાર પાસે આવી ભીક્ષાની યાચના કરી. અને યાચના એવી અયોગ્ય રીતે કરી કે અનસૂયાએ હાથમાં જળ ભરી અંજળી છાંટતાની સાથે ત્રણે નાના બાળક રૂપ બની ગયા, ને તેમને અનસૂયા દેવીએ ઘોડીઆમાં સૂવાડી દીધા. પોતાના પતિ ઘણા દિવસ સુધી ઘેર ન આવવાથી લક્ષ્મીદેવી, સાવીત્રી, અને પાર્વતી, અત્રિમુનીને ત્યાં આવ્યાં અને પોતાના આવા સમર્થ પતિની આ દશા જોઈ દંગ થઈ ગયાં અને અનસૂયાની કેટલી કેટલી પ્રાર્થના કરી, ત્યારે એ ત્રણે દેવોને મૂળ રૂપમાં થવા દીધા, પણ અનસૂયાએ એમની પાસે માગી લીધું કે મારે તમારા જેવા પુત્ર થવા જોઇએ. આથી દુર્વાસા, દત્તાત્રેય, અને ચંદ્રમા એ ત્રણે દેવોના અંશના ત્રણ પુત્ર થયા અને સતિ અનસૂયાના તપોબળથી અત્રિમુનીને સપ્તર્ષિના અચળ તારામાં સ્થાન મળ્યું.

જ્યારે રામચંદ્રજી વનવાસ ગયા ત્યારે અનસૂયાએ એમની અને સીતાની ઘણી બરદાશ કરી હતી. અને સીતાને એક ઉત્તમ સુગન્ધ લેપ આપ્યો હતો, જેને ટહાડ અથવા તડકાથી કશી પણ અસર ન થતાં એની એ સુગન્ધને ભીનાશ રહી શકતી. આપણા દેશમાં એક એવો વખત હતો કે આવી દિવ્યશક્તિવાળી સતીઓ ઠેર ઠેર માલુમ પડતી. હાલ તેથી ઉલટું જ જોવામાં આવે છે. સ્ત્રીઓ અજ્ઞાન હોવાથી કંકાસ, કલેશ, કરીને પોતાના પતિનાં હૃદયને શેકી ખાય છે. ત્યારે પુરૂષો પણ માત્ર પોતાના જ લાભ તાકી સ્ત્રીઓની દરકાર કરતા નથી. આમ અરસપરસ શુદ્ધ પ્રેમને અભાવે ખરેખરી સતીઓ નિર્મૂળ જેવી થઈ ગઈ છે. ખરી સતી હોય તો વચનસિદ્ધિ થાય જ. પણ જુઠીના શરાપ લાગે નહિં. એમ ક્ષણે ક્ષણે જુઠું બોલતી બાયડીઓ બીચારી ખરા સતીત્વની, પતિવ્રતપણાની ખુબી ક્યાંથી સ્હમજે ? આશા રાખીએ કે હવે જ્યારે આપણે કેળવણી લઇએ છીએ, ભુલ્યો સ્હમજીએ છીએ, ત્યારે સુધરીને આપણી ભૂતકાળની માતુઃશ્રી અનસૂયા દેવીનું અનુકરણ કરીશું.

સૌ. સ્નેહલતા.

---

# *વર્તમાનરંગ.

**ભારતમહિલાપરિષદ્‌માં ગાયકવાડનાં મહારાણીનું પ્રમુખ તરીકેનું ભાષણઃ—**

ગયા માસની અંતમાં કલકત્તામાં કોંગ્રેસ, કોન્ફરન્સ વિગેરેની સાથે સાથે એક ભવ્ય મંડપમાં ભારતમહિલાપરિષદનો મેળાવડો થયો હતો. આ મેળાવડામાં વડોદરાનાં મહારાણી, કુચબિહારનાં મહારાણી, વિગેરે રાજવંશી સ્ત્રીઓ ઉપરાંત ગુજરાતમાંથી મીસીસ ઉત્તમલાલ કેશવલાલ ત્રીવેદી ઉપરાંત બીજી સન્નારીઓ હતી. આ શિવાય મદ્રાસ, યુનાઇટેડ પ્રોવીન્સીસ અને પંજાબની પણ સન્નારીઓ હતી. યુરોપીય, પારસી અને મુસલમાન સ્ત્રીઓની પણ સારી સંખ્યા હતી. પ્રથમ બંગ કન્યાઓએ સુમધુર કંઠથી દેશગીત ગાયું હતું. ત્યાર બાદ સ્વાગત મંડળનાં પ્રમુખ કુચબિહારનાં મહારાણીએ આવકાર આવતાં મહિલાપરિષદ્‌ને વિજય આપવા જે બ્હેનોએ પરિશ્રમ કર્યો હતો તેમનો ઉપકાર માન્યો હતો. ત્યાર બાદ વડોદરાનાં મહારાણીએ વ્યાખ્યાન આપ્યું હતું. મહિલાસમીતીના હેતુઓ જણાવતાં કહ્યું હતું કે "દરેક ન્યાત, જાત અને ધર્મની સ્ત્રીઓ એકસંપ થાય અને સંસારસૂધારામાં ભાગ લે" આ મુખ્ય હેતુ છે. પુરૂષ વર્ગ ગમે તેટલો યત્ન કરે પરન્તુ જ્યાં સૂધી સ્ત્રીઓ પોતાની, પોતાના દેશની સ્થિતિ સમજી નથી, અને તે સુધારવા તેમનામાં વૃત્તિ થઈ નથી ત્યાં સુધી આપણો સંસાર સુધરવાનો નથી. "આપણે શ્રીમન્ત કે ગરીબ હોઇએ, ઉંચ કે નીચ હોઇએ તે છતાં ભૂતકાળના આપણા ઇતિહાસ સારૂ આપણે એક સરખા જ મગરૂર રહી પ્રેમની સાંકળથી જોડાઈ ભવિષ્ય માટે આપણે એક સાથે જ કામ કરવાનું છે." મહારાણી જેવાં ઉચ્ચ સ્થિતિ અને પદવીનાં સન્નારી તરફથી નિકળેલાં આ વચનો પૈસાના, વિદ્યાના, જ્ઞાતિના, અગર સત્તાના મદમાં છકી ગયેલ સ્ત્રીઓ જે અજ્ઞાન બાળાઓ સાથે બોલતાં પણ સંકોચ પામે છે તેમને આ વચનો ઉપર બરાબર લક્ષ આપવાનું છે. "આપણે આપણાં છોકરાંઓનાં હૃદય ધારીયે એવાં બનાવી શકીએ છીએ,: અને તેઓનાં હૃદયમાં આપણા ભૂતકાળના ઇતિહાસ માટે પ્રેમ, અને હમણાના સાહિત્ય માટે ફેલાવો કરી શકીશું." સ્ત્રીની સાથે સરખાવતાં પુરૂષ પ્રજા કેળવવામાં નિષ્ફળ નિવડવાનો જ. "હિંદમાં સ્ત્રીઓએ સ્વદેશી હિલચાલમાં સંપૂર્ણ પ્રેમથી જોડાવાની જરૂર છે" આ હિલચાલને પણ વિજયી કરવા સ્ત્રીઓની સાહય્યતાની જરૂર છે. બંગાલાની સ્ત્રીઓને પગલે ચાલી બીજા પ્રાન્તની સ્ત્રીઓએ આ હીલચાલ શરૂ કરી છે અને તેને આપણી બ્હેનો જ્યાં સુધી મદદ નહી આપે ત્યાં સુધી પુરૂષો એકલા કાંઇ કરી શકવાના નથી. મહારાણીનું આખુ ભાષણ મનન કરવા યોગ્ય છે અને તે ઉપરાંત અન્ય સ્ત્રીઓના નિબંધો પણ વાંચવા લાયક છે. અનુકૂલતાએ એ સર્વ બ્હેનો સમક્ષ મૂકવા વિચાર છે.

**પત્ની પોતાની તરફ પતિનો પ્યાર કેવી રીતે વધારી શકે**—ચાલુ માસમાં મીસીસ ચુનીલાલ હરીલાલ સેતલવાડ—સૌ. મંગળાગઉરીએ ભરૂચમાં ઉપલા વિષય ઉપર ભાષણ આપ્યું હતું. વ્યાખ્યાનમાં બાલલગ્નથી પતિપત્ની પોતાના ગુણોનું અવલોકન ન કરી શકતાં હોવાથી કેવું પરિણામ આવે છે તે જણાવ્યું હતું. પતિની પ્રીતિ સંપાદન કરવા પોતાનામાં કેળવણીની, બુદ્ધીની પકવતાની જરૂર છે, પતિને એના કાર્યમાં કેવી રીતે સરળતા કરી આપવી, તે ખિન્ન, અસ્વસ્થ અગર ગુસ્સે હોય તે વેળા કેવી રીતે વર્તવું તે બહુ ઉત્તમ રીતે બતાવ્યું હતું. ગૃહવ્યવસ્થામાંથી પતિને છૂટો કરી તેને ગૃહની જંજાળની ફીકરથી મુક્ત કરવાની મુખ્ય જરૂર છે એમ જણાવ્યું હતું. સ્થળ સંકોચને લીધે વ્યાખ્યાન પુરૂ આપી ન શકવાથી બ્હેનોને મૂળ વ્યાખ્યાન વાંચવા ખાસ ભલામણ છે.

**સૌ. પ્રમિલા.**

---

* આ અંક જેમ બને તેમ સ્ત્રીલેખોનો કરવા ઇચ્છા હોવાથી વર્તમાનરંગ અને સમયતરંગ પણ ખાસ સ્ત્રીલેખક પાસે લખાવ્યાછે.

**તંત્રીઓ.**

---

## રા. રા. ગોવર્ધનરામ મા. નો સ્વર્ગવાસ.

ગુર્જર સાક્ષર શિરોમણિ સ્વર્ગસ્થ રા. રા. **ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના** ગઈ તા. ૪ થી ને અશુભ દિવસે મુંબાઇ મધ્યે થયેલા અકાલ વિદેહના દુઃખદ બનાવની નોંધ લેતાં અમને અતીવ ખેદ થાય છે. ગુર્જર સાહિત્યનો યશ દેશવિદેશ પ્રસરાવનાર સાક્ષરરત્નો આ પ્રદેશભૂમિમાં કવચિતજ ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થયેલાં વિરલ રત્નો પોતાનો જીવન પ્રકાશ વિસ્તરવામાં ભાગ્યેજ દીર્ધાયુષી થાય છે એ ગુર્જરોનું હતભાગ્ય જ છે. આ સાક્ષરવર્ય અમારા બાલપત્ર તરફ પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે ઘણાં સમભાવ તથા શુભેચ્છા રાખતા હતા અને તેમના પ્રસંગોપાત હૃદયોદ્‌ગારથી આ પત્રના વહનમાં અનેકવાર નવનવી પ્રેરણાઓ થતી રહી હતી. સમયસંકોચને લીધે તેમના ઉન્નત જીવનનું વિશેષ વિવેચન આગળ કરવા ઇચ્છા રાખી તેમના આત્માની પરમ શાંતિ માટે **પરમાત્માની** સહૃદય પ્રાર્થના કરી હાલ તો વિરમીએ છીએ.

---

## અમારા ગ્રાહકોનો જાહેર ઉપકાર.

આ માસિકના ગ્રાહકોની આ પત્ર ઉપરની અભિરૂચી એટલી દૃઢ અને મમત્વવાળી થતી જાય છે કે એનો ખ્યાલ કરવો પણ કઠિન છે. છતાં એનું કાંઈક અનુમાન નિચેની હકીકત ઉપરથી થઈ શકશે. ગયા માસની આખરે અમારામાંના બે બન્ધુઓ રા. ભોગીન્દ્રરાવ તથા રા. શંકરરાય ઉત્તર હિંદુસ્તાન તથા બંગાળા તરફ મુસાફરીએ ગયા હતા. તે સમયે લાહોરમાં પંડિતજી ગીરધરલાલ, અમૃતસરમાં રા. જેશંકર જીવણરામ, દીલ્હીમાં રા. મંગળેશ્વર વેણીરામ, તથા બાલુભાઈ, કલકત્તામાં રા. કૃષ્ણદાસ જેઠાભાઈ ભિમાણી તથા શેઠ નારાયણદાસ દયાળ તરફથી તેમ જ કાશી, અલ્લાહબાદ વિગેરે સ્થળે અમારા તે બન્ધુઓને જે આદરસત્કાર આપવામાં આવ્યો છે તેને માટે અમારા માસિકના તે ગ્રાહકોનો જેટલો ઉપકાર માનીયે તેટલો ઓછો છે. ઉપલા સદ્‌ગૃહસ્થોમાંના ઘણા ખરા સાથે માસિકના ગ્રાહકોના

શિવાયનો બીજો સંબંધ પ્રથમ નહોતો. એક પેપરનો ગ્રાહક પેપરના માલિકને અગર સંપાદક વર્ગને આટલો આદરસત્કાર કરે તે માન માલિકને અગર સંપાદકને ઘટતું નથી. પણ તે માસિક અગર પેપર પ્રત્યેની સહૃદયતાનુંજ પરિણામ છે. અમારા માસિક તરફ ઉત્તમ લાગણી રાખી દીનપરદીન ગ્રાહકોની સંખ્યા વધતી કરવા માટે અને અમારા બન્ધુઓને જે ઉત્તમ માન આપ્યું છે તે માટે અમે તે સર્વ ગ્રાહકોનો ઉપકાર માનીએ છીએ.

---

# સમયતરંગ.

**પ્હેલી વણિક સ્ત્રીગ્રેજ્યુએટ**—મુંબાઈના શેઠ પુરષોતમદાસ મંગળદાસ નથુભાઈનાં પુત્રી શ્રીમતી કમળાવંતી આ સાલ બી. એ. માં પસાર થયાં છે. એ ત્રીજાં ગુજરાતી સ્ત્રી ગ્રેજ્યુએટ છે.

**બી. એ. નું પરિણામ**—આ સાલ બી. એ. માં નીચેની પાંચ સન્નારીઓ પસાર થઈ છે. (૧) મહેરબાઈ જહાંગીર વાડીયા. (૨) કમળાવંતી પુરષોતમદાસ શેઠના. (૩) સુનાબાઈ દિનશાહ વકીલ, (૪) હમાબાઈ રતનજી કોલાહ. (૫) જરબાનુ બમનજી ઇનજીનીઅર.

**કલકત્તા કોંગ્રેસમાં સ્ત્રીઓ**—કલકત્તામાં ભરાયેલી નેશનલ કૉંગ્રેસમાં ગુજરાતી સ્ત્રીઓની સંખ્યા ૭-૮ ની હતી એટલું જ નહિ પણ હિંદના જુદા જુદા વિભાગમાંથી આશરે ત્રણસો સ્ત્રીઓ આવી હતી. તે દેશકાર્યમાં સ્ત્રીઓની થતી પ્રવૃત્તિ સૂચવે છે.

**પ્હેલી ભારત મહિલા પરિષદ્**નો રીપોર્ટ બ્હાર પડ્યો છે. તે પરિષદ્‌માં થયેલાં ભાષણોનો મરાઠી તરજુમો મીસીસ કાશીબાઈ કીર્તિકરે કર્યો છે. આશા છે કે ગુજરાતી સન્નારી મીસીસ કાશીબાઇનું અનુકરણ કરશે.

**મેટ્રીકયુલેશન પરીક્ષા**માં આ વર્ષે પીસતાળીસ સ્ત્રી વિદ્યાર્થીઓ ફતેહમંદ નિવડી છે.

**વિધવાશ્રમ**--મુંબાઇના શેઠ હંસરાજ પરમાનંદના ઉત્સાહથી ટુંક સમયમાં એક વિધવાઆશ્રમ સ્થપાવાનું છે.

**સખાવત**--બીરભમ જીલ્લાના પુરલ્યા શહેરની હિંદુ સ્ત્રી કાદમ્બનીએ પોતાની દસ હજાર રૂપીઆની સર્વ પુંજી ગરીબગરબા અર્થે સરકારને સ્વાધીન કરી. વિશેષ એટલું છે કે પોતે પણ એ રકમમાંથી જ નિર્વાહ પુરતું લેશે.

**સૌ. પ્રમિલા.**

---

# સુન્દરી સુબોધ.


આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉંન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં હૃદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. " સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશકય છે.


વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ ફેબ્રુઆરી—માઘ વિ. સં. ૧૯૬૩. [અંક ૬ ઠ્ઠો.


## ज्ञानसुगन्ध.

### सन्मानव प्रेम.

( शार्दुलविक्रिडित. )

जेनुं रुप न थाय अन्य[1] अवळुं दुःखे सुखे सर्वदा,  
जेने पामी शके जनो सहजमां सर्वे अवस्था विषे;  
संसारे झट प्राप्य[2] शोक दुःखथी दाज्युं ठरे ज्यां दिल,  
ढोळाये, न कदापि जाय घटतो जेनो जराथी[3] रस.  
जातां काळ घसाई थाय अळगां संकोच लज्जा, भय,  
त्यारे सार चखाय स्नेह रुपनो तेमां ठर्यो जे रस;  
एवो पूर्ण अनंत निर्मळ रसे—सन्मानव प्रेम ते,  
लाधे[4] विश्व विषे महा श्रमवडे, ते एकनो एक रे.

उत्तररामचरितम्·

---

१ बीजुं. २ मळी शके एवुं. ३ घडपण. ४ मळे.

# કાવ્યકુંજ.

## નવી ભાભી.

( સારૂં સારૂં રે સુરત શ્હેર, મુંબાઈ અલબેલી—એ રાહ. )

આજે આંગલણું ઉજળાય, ભાભી આવે છે;
શીળી જગની નૌતમ છાંય, સાથે લાવે છે.
મન્દ મન્દ હસતી મુખ નવ વદતી લતા લચી લચી જાયરે;
મીઠી ભાભીના અન્તર ઉમળકા ખેલી નયન શરમાય.
ભાભી આવે છે. આજે૦

નિર્મળ સરિતડી ભાભી અમોલી વહશે સાત્વિક ગાન રે;
સાગર સમો ભડ ભ્રાતા રસીલો ઝીલી દેશે નદીતાન.
ભાભી આવે છે. આજે૦

વ્હાલી ભાભીની સોડેથી સરશે સરલાં સુન્દર ફૂલ રે;
નિત નિત ખીલતાં વિધ વિધ ઝુલતાં તેજવશે વીરફૂલ.
ભાભી આવે છે. આજે૦

માડી જાયાની દેવી ભાભલડી, વીર જયમ વૈકુંઠનાથ રે;
મંગલહૈયાં હીર અમલાં ગુંથાતાં, ઝળકશે પુણ્યપ્રકાશ.
ભાભી આવે છે. આજે૦

અનુપમ જોડલું પાશે પ્રભુતા, થાશે જગત રળિયાત રે;
કુમકુમ ચાંદલો મોંઘી ભાભીનો અક્ષય રહો જગતાત.
ભાભી આવે છે. આજે૦

વસન્તવિનોદી.

---

## ચાંદલિયો.

( રાગ મ્હાડ. )

( કુંવર ત્હને હાલરડું વ્હાલું—એ રાહ. )

માડીરે! મ્હારે ચાંદલિયો થાવું—
ચાંદલિયો થાવું—



ઊંચે ઉંચે રે, જાવું—
માડી રે! મ્હારે ચાંદલિયો થાવું. ૧

ના, ના, મ્હારે નથી જોઇતું ખાવું,
રમવાને હું નવ આવું;
ના, ના, મ્હારે નથી સૂઈજ જાવું,
અમીરસ, કહે, ક્યહાંથી લાવું—
માડી રે! મ્હારે ચાંદલિયો થાવું. ૨

ધીરા, બાપુ, શીદ અધીરા થાવું!
આવ્ય તું, લાડ લડાવું;
પછી તુંને હું એ સર્વ સમજાવું,
માર્ગ કઈ એ બતાવું,
બાળુડા, પછી, ચાંદલિયો થાવું. ૩

નિર્મળ નદીનીરમાં ન્હવરાવું,
કોમળ કુસુમે વધાવું;
મધુર રસીલા મોર સુણાવું,
ઉંચી તરુડાળે હિંચકાવું;
બેટારે, પછી, ચાંદલિયો થાવું. ૪

ઉદાર ઉદધિ ઉર ઉછળતું જોવું,
રત્ન અમોલ અપાવું;
ગભીર ગિરિગહ્વર બતલાવું,
સખત સમાધિ સધાવું,
હા, હારે, પછી ચાંદલિયો થાવું. ૫

જ્યોત્સ્નારસથી દિવ્ય દીપાવું,
હૃદયઘટ તુજ હું રસાવું;
છૂપ્યો જગમાં અગ્નિ તેજ હું લાવું,
પ્રેમથી ત્યાંહિં ભરાવું,
ધીરા રે, ધીરા, ચાંદલિયો થાવું. ૬

ભ્રમર.

# વાર્તાલહરી.

## “ ખરેખર તુજ મારી નિવૃતી છો ! ”

### (સ્ત્રી લેખ.)

૧.

આ નાની વાર્તાનું સ્થાન મુંબઈ છે. આનંદરાય નામે ઘણો શ્રીમંત ગણાતો ગૃહસ્થ લગભગ તેની બે પેઢીથી મુંબઇમાં રહે છે. આનંદરાય જાતે ચતુર અને ભણેલોગણેલો હતો, તેણે બી. એ. સુધીનો અભ્યાસ કર્યો હતો, પણ ઇશ્વિરકૃપાથી તેના વડીલોની ઘણી સંપત્તિ હતી એટલે તે વિદ્યાનો ઉપયોગ આનંદરાયને કરવાનો વખત આવ્યો જ નહી, અને દિન પ્રતિદિન આળસની વૃદ્ધી થતાં તેની તીવ્ર બુદ્ધિનો વિનાશ થવા માંડયો. આનંદરાયનાં લગ્ન મુંબઇના જ એક શ્રીમાન ગૃહસ્થની પુત્રી સાથે થયેલાં હતાં. તેની પત્નીનું નામ નિર્મળા હતું. નિર્મળા ખરેખર નિર્મળ અને ભોળી જ હતી, તેની ઉમર લગભગ ૨૦ વર્ષની હતી. તેણે ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. અને ભરવું, શીવવું વિગેરે હુન્નર પણ જાણતી. તે એક સુઘડ અને સાદી સ્ત્રી હતી. તેના નમ્ર સ્વભાવથી કોઈ પણ વશ થઇ જતું. આનંદરાયનો તેના ઉપર અથાગ પ્રેમ હતો. તેનો ઘણો ખરો વખત તેની સાથે જ જતો. ઘરમાં કોઈ વડીલ નહોતું, ફક્ત બે જ જણ, વળી ધંધો કરવાની ખાસ અગત્ય નહોતી, બેઠે બેઠે મહેતાજીઓ કામ કર્યા કરતા, એટલે તેને બાહેર શા માટે જવું પડે? આવી રીતે તે સુખી દંપતી આનંદથી દિવસ નિર્ગમન કરતાં.

ઉપલી સ્થિતિમાં એકાદ વર્ષ વધુ જતાં, નિર્મળાના મનને હાલમાં એમ લાગતું કે આનંદરાયમાં કંઇક ફેર થયો છે. આનંદરાયને નાટકનો શોખ દિન પ્રતિદિન વધતો હતો. કેટલાક સ્વાર્થી મીત્રોની નવી મીત્રતા પણ થઈ હતી, તેથી આખો દીવસ “ ચંડાળ ચોકડી ” ભેગી થતી, અને ગપાટામાં દિવસ જતો. ચહા, સોડા ,વિગેરે ખાણાંપીણાં પણ ચાલુજ હોય, રાત પડે એટલે નાટક તો રોજ હોય જ. આવી રીતે નિર્મળાના મનને આનંદરાયની આ વર્તણુંક કંઇકિ ખેદ ઉપજાવતી. ઘણી વખત આનંદરાય નાટકમાં જતા ત્યારે નિર્મળાને પુછીને જતા, ત્યારે તે નમ્રતાથી કહેતી “નાથ, આટલી હદ કરો છો એ ઠીક નહી, રોજ ઉજાગરો કરવાથી આપની તબીયત બગડશે. માટે રોજ ન જાઓ તો ઠીક.” આનો ઉત્તર “ફક્ત આજનો દીવસ જઈ આવું છું. તું ફીકર કરીશ નહી,” એટલો જ મળતો, અને આનંદરાય ચાલવા માંડતા.

નિર્મળાની પ્રકૃતિ એક વર્ષથી સેજ નરમ ગરમ ચાલતી હોવાથી, તેના મનને કાંઇ જોઇએ તેવો આનંદ જણાતો નહી, તેનું શરીર થોડું અશક્ત થઈ ગયું હતું. આનંદરાયની ઉપલી વર્તણુકથી પોતાને કોઇ વાર ખેદ થતો પણ પતીના સુખથી સુખ માનનારી તે સુજ્ઞ નિર્મળાએ તે વિશે કદી લાંબો વિચાર કર્યો નહી, અને આનંદરાયને એક પણ કટુ વચન કહેતી નહી. કોઈ જ વખત તેને પોતાની ફરજ સમજી ઉપલાં વચન કહેતી પણ તે ઉપયોગી થતાં નહોતાં. ઘરમાં એકલી એટલે પોતાનો બધો વખત તે શાસ્ત્રીય ગ્રંથો અને અ-



નુભવિ જનનાં સદ્બોધક પુસ્તકો વાંચવામાં કાઢતી. તે જાતે ઘણી ધર્મનીષ્ટ હતી, અને કેળવણીનું ખરૂં તાત્પર્ય સમજી હતી, તેથી તેનું મન સંતોષી અને સાદાઇથી જ રહેવા ઇચ્છતું. તે કદી ઝાઝાં વસ્ત્રાભૂષણ સજી ઠઠેરો કરતી નહી. ફક્ત સૌભાગ્યચીન્હ જેટલાજ અલંકાર રાખતી, અને તે કદી દૂર કરતી નહોતી. આવી તેની વર્તણુકથી આનંદરાય તેને કોઇ કોઇ વખત કહેતા કે—“ તું આમ કેમ કરે છે? ઇશ્વરે આપણને આપ્યું છે તો શા માટે આટલો સાદાઈથી રહેવું જોઇએ? પહેર, ઓઢ, મારી સાથે નાટકમાં ચાલ, ફરવા ચાલ.” પણ લજ્જાશીળ અને જેને નાટક તો પસંદ જ નહી એવી સદ્ગુણી નિર્મળા પતીનાં આવાં વચન સાંભળી એટલી નમ્રતાથી તે વિષયને ફેરવી બોલતી કે આનંદરાયના ધ્યાનમાં જ ઉતરી જતું અને આનંદરાય તેના બોલવામાં અને હાવભાવમાં જ મોહી, તુચ્છ બાહ્ય શણગારને પોતે પણ તે ક્ષણે તો ખરા મનથી ધીક્કારતા. જો કે તેને આંતરીક્ષ તે પસંદ હતું છતાં તે નિર્મળાની વાકચાતુરી પાસે કંઈ બોલી શકતા નહોતા, અને તેથી તેને તેની મરજી પ્રમાણે વર્તવા દેતા, છતાં તેનો લેશ પણ પ્રેમ તેના ઉપરથી ઓછો થતો નહોતો. નિર્મળા પણ પોતે આમ રહે છે છતાં પતી ખુશી જ છે એમ સમજી પોતાના પતી તરફથી તેણે કોઈ પણ દીવસ એક શબ્દ પણ સાંભળ્યો નહોતો. તેથી પોતાના ક્રમમાં કંઈ વધારો ઘટાડો કરતી નહી, અને શાંત, સાદાઈથી જ રહી, સદ્ગ્રંથોનું સેવન કરી કાળક્ષેપ કરતી.

તેમાં જ્યારથી આનંદરાયની વૃતિમાં તેને ફેર લાગ્યો ત્યારથી તેના મનને સેહેજ ખેદ રહ્યા કરતો. કોઇ વખત આનંદરાય રાતના ૪ વાગે ઘેર આવતા, ત્યારે નિર્મળા પુછતી “ પ્રાણનાથ આટલી રાત સુધી નાટક ?” ત્યારે આનંદરાય તેને અહી તહીની કેટલીક આડી અવળી વાતો કરી સમજાવી દેતા, અને ફરી આટલી રાત નહી થાય એમ કબુલ કરતા. પ્હેલાં નિર્મળાને જોતાં આનંદરાયનો પ્રેમ ઉભરાઇ જતો ને તેની પાસે ગમે તે કબુલ કરતા, પણ કોણ જાણે હમણાથી તે નિર્મળાથી દૂર થતા કે બધી વાત ભૂલી જતા અને ઘરમાં ઝાઝુ રહેવું ગમતું નહી. નાટક જોવા જવું એતો ખરૂં જ. નિર્મળા ઘણી વખત તેને ઉંડાઇથી પૂછતી પણ તે ફક્ત “ હું નાટક જ જોઉં છું ” એમ કહી પ્રતિજ્ઞા લેતા, તેથી ભલી નિર્મળા પતીપ્રેમની સીમા માની, પોતે શાંત થતી અને ઉલટી આનંદ પામતી અને આનંદરાય પોતાનો ક્રમ ચાલુ રાખતા.

આવી રીતે લગભગ બે વર્ષ નિર્મળાએ કાઢયાં, પણ પોતાના પતીમાં કાંઈ સુધારો થતો જણાયો નહી. એક વખત આનંદરાયના એક બાળમીત્રે ખાસ જ્યારે આનંદરાય ઘેર નહોતા તે વખતે આવી નિર્મળાને કહ્યું “ભાભી ? જો તમે આડો અર્થ ન લ્યોતો હું એક તમારી હીતકર્તા વાત કહું.” નિર્મળા—“ શા માટે જો તમે મારા હીતની વાત કરો તેમાં હું આડો અર્થ લઉ? કહો ખુશીથી.”

**મિત્ર**—જુઓ આજ બે વર્ષથી મારો મીત્ર આનંદરાય સારી વર્તણુકથી નથી વર્તતો. રાત્રીની વખતે હું તેને કેટલેક અયોગ્ય સ્થાને જોઉં છું. માટે તમારી ફરજ છે કે તેને સુધારવો. એ કામ તમારૂં જ છે અને તેટલા માટે, બે વરસ સુધી ધીર ધરી આજે, ખાસ તમને આ બાબત વખતે નહી જાણતાં હો તેથી જાણીતાં કરવા આવ્યો છું. માટે ચેતો અને પ્રયત્ન કરો, એ જ મારી અરજ છે.

**નિર્મળા**—ભાઈ! મેં આશા નહોતી રાખી કે તમે મને આવી વાત કહેશો. ખરેખર આ સાંભળી મારા કાન પણ દોષીત થાય છે. માટે, આજે કહ્યું તે ઠીક, પણ ફરીથી કૃપા કરી મને આવી વાતો કરશો નહી. હું પક્કી રીતે જાણું છું કે મારા પતીનો તે સ્વભાવ હોય જ નહી, છતાં દૈવદોષથી હોય તો ભલે. તેના મનને સુખ અને સમાધાન મળે તેવા વર્તનથી તે વર્તે તેમાં જ મને સુખ છે. તેનું કોઈ પણ જાતનું વર્તન જોવા કરતાં **"હું તેનું સુખ જ જોઉં છું"** અને તેના **આનંદીત વદન જોવાની જ ભૂખી છું.** માટે તે વિશે કાંઇ હરકત નથી. તમારી વાતમાં હું વિશ્વાસ રાખતી નથી. માટે આ બાબત ફરી બોલશો નહી.

આવી રીતે નિર્મળાએ પોતાના પતીના મીત્રને કહ્યું તેથી તે તો બીચારો આવ્યો હતો તેવોજ ચાલ્યો ગયો.

રાતના આનંદરાય ઘેર આવ્યા ત્યારે નિર્મળાએ બધી વાત કહી; ત્યારે આનંદરાયે પણ કહ્યું કે "એ તો મેં હમણાથી તેની દોસ્તી છોડી દીધી છે માટે મારો અને તારો વિરોધ કરાવવા માટે આવી વાત કહી ગયો, પણ એ ખોટી છે; તું કંઈ ફીકર કરીશ નહી." આનંદરાયના આમ કહેવાથી નીર્મળાનું સમાધાન થયું અને પૂર્વોક્ત પ્રમાણે દીવસ આનંદમાં કાઢવા લાગી.

૨.

મુંબઇના લોકો પ્લેગ વધવાથી જ્યાં ત્યાં ચાલ્યા ગયા. તેમાં ગોવાલીયા તલાવપર એક મોટા વિશાળ બંગલામાં હજી વસ્તી જણાતી હતી. ત્યાં આગળ કોઇ માણસ માંદુ હોય તેમ જણાતું, કારણ સાંજ–સવાર ડાકટરને લઇ જવા અને લાવવા ગાડીઓ ઉભેલી જ જણાતી. ચાલો આપણે જોઇએ અત્યારે ત્યાં શું થાય છે.

આ બંગલો ઘણોજ મોટો હતો. તેના આગળ આંગણામાં બગીચો પણ ઘણી યુક્તિથી શંખ–અને છીપો ગોઠવી કરેલો હતો. તેમાં અનેક તરેહનાં–ફુલ–અને વિલાયતી શોભાદાર ઝાડો હતાં. વચમાં એક સુંદર ફુવારો હતો. આ ફુવારાની આસપાસ બાંકડા ગોઠવેલા હતા કે સાંજની વખતે ત્યાં બેસાય અને ઠંડક લાગે. બંગલાનો આગલો ભાગ દેખાવમાં ઘણો સરસ દેખાતો, તેમ તેની અંદર સગવડ પણ ઘણી સારી હતી. અત્યારે તેમાંના એક મોટા ઓરડામાં એક મખમલના કોચ ઉપર એક યુવાન પુરૂષ માથા ઉપર હાથને ટેકો દઇ ઘણો દુઃખી હોય તેમ સુતો હતો. તેનો ચહેરો ફીક્કો જણાતો હતો. તેની પાસે જ પગ પાસે એક સ્ત્રી જાણે પગચંપી કરતી હોય તેમ પગ ઉપર હાથ ફેરવતી બેઠી હતી. તે પણ તરૂણ જ હતી, તેનો ચહેરો પણ ફીક્કો અને નિસ્તેજ જણાતો હતો. તે વારંવાર તે પુરૂષના મુખ તરફ જોતી અને ઉંડા નીશ્વાસ નાખતી. વખતે તેની આંખમાંથી અશ્રુ આવતાં, તે તે પુરૂષને ન જણાય તેમ સાળુના છેડાથી લુઈ નાખતી.

પેલો સુતેલો તરૂણજ માંદો હોય તેમ જણાતું. કારણ ઘડીમાં તે ઉઠતો—ઘડીમાં બેસતો. વળી પાછો સુઇ જતો. પણ તેને ક્યાંઇ ચેન પડતું હોય તેમ જણાતું નહી. આવી



રીતે પુરૂષની વ્યથા જોઈ તે સ્ત્રી હવે એકદમ રડી પડી અને નીચું જોઇ એક સરખી અશ્રુપાત કરવા માંડી.

આ જોઈ તે તરૂણ બોલ્યો—"શા માટે રડેછ! શું ઇશ્વર આવું દુઃખ હમેશાં રાખશે? નહીજ, હશે જ્યાં સુધી મારા પ્રારબ્ધભોગ છે ત્યાં સુધી ભોગવવું જ પડશે, કુદરતના કાયદા પ્રમાણે કીધેલા કર્મનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડશે; અને તે મને ભોગવવા દે. તારા મનને નાહક દુઃખ ન આપીશ."

આ સાંભળી તે સ્ત્રી બોલી, "નાથ આ જન્મમાં તો આપે તેવું શું કર્યું છે કે આ અસહ્ય દુઃખ આપને ભોગવવું પડે છે? મારાં જ દુર્ભાગ્ય કે આપને આવી પીડીત સ્થિતિમાં જોવા હજી જીવુંછું–અને મારા જ કંઈ દોષથી પ્રભુએ મને આ પ્રસંગ આપ્યો. અરે પ્રભુ, આપનું દુઃખ મારાથી નથી જોવાતું! હવે તો ઇશ્વિર તમારા સર્વ દુઃખનો ભોગ મને કરી તમને સત્વર આરામ કરે." આમ કહેતી તે સ્ત્રી કરૂણાજનક રીતે રડવા માંડી. આવી રીતે તે સ્ત્રીને રડતી જોઈ તે યુવક પણ તેની સાથે રડવા માંડયો. આથી તે સ્ત્રી પોતાનાં આંસું લુઈ ઉભી થઇ, અને વારંવાર પૂછવા માંડી "નાથ! આ શું? આપ કેમ રડો છો? અરે આપને ગમે તેવો પ્રસંગ આવે છતાં કેટલી હીમત રહેતી અને આજે આમ કરોછો તો મને કેમ ધીર રહેશે? શું આપને વધુ પીડા થાય છે? હું ફરી ડાકટરને તેડાવું? તમને પંખો નાખું? કહો કહો તમે કેમ રડો છો—અરેરે આપ આમ કરશો તો હું કોની હીંમતથી રહી શકીશ? બોલો નાથ તમને શું થાય છે?"

આમ વારંવાર તે સ્ત્રી ઘેલી જેવી પોતાના પતીને પૂછવા મંડી. તે સાંભળી તે યુવક બોલ્યો "શા માટે ગભરાય છે? મને દર્દમાં વિશેષ કંઈ નથી, પણ મારૂ દુઃખ કેમ થયું તેનો વિચાર કરતાં, અને તને જોતાં, મારૂ હૃદય ભરાઈ આવે છે." "મને જોતાં? મને જોઇને તમને રડવું આવે છે?!" તે સ્ત્રી આશ્ચર્યતાથી બોલી.

આમ તે બોલી એટલે તે યુવક એકદમ નાના બાળક પેઠે રડવા મંડયો અને બોલ્યો "વહાલી તને જોઇ અત્યારે મને રડવું આવે છે. મારા હૃદયનો ભાર જ્યારે હું ઓછો કરીશ ત્યારે જ મને શાંતી થશે. અરે! તારા જેવી ભોળી સ્ત્રીને મેં ઠગી આજ દીન સુધી મારૂ પાપ છૂપું રાખ્યું અને હજી પણ ઠગું છું એ જ મને સાલે છે. ખરેખર ઇશ્વરે મને તેનોજ બદલો દીધો, અને આનાથી પણ વધુ શીક્ષાને હું પાત્ર છું. તારા નિર્મળ અંતઃકરણને મેં દુઃખી કર્યું છે. તેં આજ દીન સુધી મુંગે મોઢે મારી નીચ વર્તણુંક સહન કરી છે. મારે માટે હું સીક થયા પછી તેં તારા શરીરની પણ કાળજી કરી નથી, અને છતાં હું તને ઠગું છું એ ભાન થતાં મારૂ હૃદય ભરાઇ આવે છે." પેલી સ્ત્રી પણ આ સાંભળી અશ્રુ પાડવા માંડી, પોતાના છેડાથી પતીનાં આંસુ લુવા માંડી, અને બોલી "પ્રાણનાથ તમે શું બોલો છો! હું નથી સમજતી કે તમે શું કહેવા માગો છો, અને મને કઇ વાતમાં ઠગો, અને હજી કેવી રીતે ઠગો છો? મારા સમ મને કહો કે તમારા મનમાં શું છે—જલદી કહો અને તમારા હૃદયનો ભાર ઓછો કરો. ગમે તે વાત હશે છતાં તમારા મનને નાહક ઉદ્વેગમાં ન રાખો." "શું કહું, અત્યારે મારે નીચું જોવું પડે છે. મને કહે કે તું મને માફ કરીશ? તો કહું." તે યુવક બોલ્યો.

"અરે નાથ! આ શું? મારી પાસે તમે માફ માગો છો? ગમે તેવી પણ આપના ચરણની રજ જેવી આ અપરાધી દાસીને શા માટે શરમાવો છો?" તે સ્ત્રી ઉપલા શબ્દો સાંભળી નમ્રતાથી બોલી.

છેવટ ઘણીવારે તે યુવકે નીચે પ્રમાણે વાત કહી.

"લગભગ ત્રણ વર્ષથી હું દુર્વ્યસનમાં પડી મારી સ્વજાતીની ખરાબી કરી બેઠો છું અને મારૂં અમુલ્ય વ્રત નિષ્ફળ કર્યું છે. અરે–તારા જેવી સુઘડ સ્ત્રીનો મેં અનાદર કર્યો છે. અરે તારા અનેક વખત પૂછવા છતાં હું તને ફક્ત "નાટક જ જોઉંછું" એવો જવાબ દઇ ચાલ્યો જતો. તારા અતિ લાગણીથી કહેવાતા હરેક શબ્દોને હું તુચ્છ માની તેનો અનાદર કરતો, અને દીન પ્રતીદીન મારી ખરાબી કરવામાં આગળ વધતો.

"છેવટ તારા અંતઃકરણની નીરાશાએ–શ્રી પ્રભુના સત્ય નિયમનું ઉલ્લંઘન કરવા મારેના પાપે, મારા તે દુર્ગુણની હદ થઇ અને એક મહિનાથી હું આ જીવલેણ દર્દનો ભોગ થઇ પડ્યો છું. છતાં, તું અતી પ્રેમથી પૂછતી 'નાથ તમને આ દર્દ થવાનું શું કારણ?' ત્યારે હજી પણ હું તને ઠગી અસત્ય જ બોલું છું, અને વધુ ઠગું છું અને ખરૂં કહેતો નથી. તેથી આજે મને પૂરો પસ્તાવો થાય છે કે હું આ શું કરૂં છું. ખરેખર તારા પ્રેમનો મેં આ બદલો વાળ્યો તેથી જ હું આ પીડા ભોગવું છું, છતાં ઇશ્વરનો મહાન અનુગ્રહ કે આટલેથી જ પતાવ્યું અને અનુભવ બતાવ્યો, કે ફરી આવા નીચ કૃત્યમાં કદી પ્રવૃત્ત ન થાઉં. બસ હવે તો તું મને ક્ષમા કર, એટલે જ મને શાંતી થાય."

પોતાના પતીની ઉપલી વાત સાંભળી તે સ્ત્રીએ તેને આશ્વાસન આપ્યું અને કહ્યું "નાથ બની નહી બની નહી થાય, માટે તે વાત હવે ભૂલી જાઓ; મારા એવો અપરાધ તમે શું કર્યો છે કે હું તમને ક્ષમા કરૂં? કેટલાક પતીઓ પોતાની પ્રીયપત્નીને અનેક રીતે દુઃખ આપી મારે છે, તેના સામું નજર નાખીને જોતા પણ નથી અને પોતે પોતાની વાસના તૃપ્ત કરવા સ્વેચ્છાથી ગમે તેમ વર્તે છે. તેના કરતાં તો આપે કંઇ જ કર્યું નથી. ગમે તેમ તો પણ આપના સરખા સ્વામી અને આપના જેવો નિર્મળ પ્રેમ રાખનાર પતી તો ભાગ્યે જ કોઇ સ્ત્રી મેળવતી હશે.

"મારી પ્રકૃતિ લગભગ એક વર્ષથી તદન ઠીક નથી. તેમાં વિનાશકાળે વિપરીત બુદ્ધિ, તે પ્રમાણે, પ્રારબ્ધવશાત આપને ભવિષ્યે ભૂલવ્યા તો તે દોષ આપનો ન જ ગણાય. મોટા, રૂષિવરો અને મહાદેવ જેવા દેવાદીકના પણ નિશ્ચય અડગ થઇ ગયા તો આપને પસ્તાવો થાય છે એટલો જ બસ. શ્રી પ્રભુ પાસે તેની ક્ષમા માગો, મારી પાસે માગી મને દોષમાં ન નાખો.

"મારા મનને એટલો જ ખેદ થાય છે કે આ સર્વનું પરીણામ આપને હાલ તો ભોગવવું પડે છે. પણ શ્રી પ્રભુ જો હું તન, મન અને વચનથી જ્યારથી મારામાં લેશ પણ જ્ઞાન આવ્યું ત્યારથી સત્યમાર્ગે હોઇશ તો તે સત્યતાનું ફળ આપને સત્વર આરામ કરવામાં કરશે. આપને સુખી જોવા એ જ મારી મોટી ઇચ્છા છે.



"હવે નાથ તમે જરા સુઇ જાઓ, ઘણો વખત થયો બેઠા છૉ, તેથી વળી વાંસો દુઃખશે. તમે કહોતો હું હવે આપ પાસે કંઇ વાંચું કે જેથી મન આનંદમાં આવે અને બધી વાત વિસારે પડે."

અહા, ધન્ય આવી સ્ત્રીને કે જેણે પોતાના પતીમુખેથી ઉપલી વાત સાંભળ્યા છતાં કેટલી શાંત રહી અને ઉલટું તેને આશ્વાસન આપ્યું! આ જ ઠેકાણે જો કોઇ બીજી સ્ત્રી હોય તો ઉલટો દુઃખ ઉપર ડામ અને હજાર વાતો સંભળાવે. માટે સ્ત્રીનું ખરૂં શાણપણ અને કેળવણી તો દુઃખના પ્રસંગે જ કામ લાગે છે.

૩.

વાંચનાર બ્હેનો! ઉપલું જોડું કોણ છે તે તો ઓળખાયું જ હશે. છતાં તેનાં પવિત્ર નામ જાણો કે તે પરમ સદ્‌ગુણી નિર્મળા અને આનંદરાયનું છે. અગાઉ લખ્યા પ્રમાણે આનંદરાયનો શોખ વધતો ગયો, અને તેમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે પરીણામ આવ્યું. ઇશ્વરકૃપાથી હવે તેની તબીયત ધીરે ધીરે સુધરતી જાય છે. આનંદરાયના તે સ્વાર્થી મીત્રો હવે બીલકુલ આવતા નથી. તેની પાસે આખો દીવસ નિર્મળા બેસી રહે છે અને તેના નિમકહલાલ નોકરો પોતાના શેઠના માટે પ્રાણ આપે એવા છે તે પણ તેની પાસે બેસી રહે છે. બપોરની વખતે નિર્મળા તેની પાસે હમેશાં કાંઇ નવા નવા પુસ્તકોમાંથી વાંચવા જેવા વિષયો વાંચી સંભળાવે છે. ભર્તૃહરિશતક પંચીકરણ–આદી પુસ્તક પણ કોઇ કોઇવાર તે વાંચતી અને આથી આનંદરાયને ખરેખરૂં શ્રી પ્રભુનું ભાન થતું અને નીતીની ઉંડી છાપો તેના હૃદયમાં જડાતી. આવી રીતે નિર્મળા અનેક પ્રકારે પોતાના પ્રાણેશ માટે તન મનના પ્રયત્ન કરી તેને શાંતી આપતી. આનંદરાય સીક થયા પછી તેણે પૂરૂં પેટ ભરી ખાધુ પણ નહોતું. તેમ રાત્રે ઉંઘ પણ ક્યાંથી હોય! ખાવામાં પણ કેટલીક સ્ત્રીબુદ્ધીને વશ થઇ માનતાઓ લીધી હતી. તેથી ફક્ત એકલો ભાત જ બન્ને વખત ખાતી. તેથી શરીર ઘણું અશક્ત થઇ ગયું હતું. તેમાં તેને પણ રોજ તાવ આવવા માંડ્યો, એટલે ખાવાનું પણ ક્યાંથી ભાવે! અને પતીની વ્યાધિનો રાત્ર દીવસ વિચાર! આવી રીતે નિર્મળાએ તો પોતાના શરીરને અર્ધું કરી નાંખ્યું હતું, છતાં પણ ઇશ્વરકૃપાથી અને તેના ટેકથી તે પતિની યત્કિંચિત સેવામાં પણ તત્પર રહેતી.

એક દીવસ આનંદરાય સુતા હતા, બપોરનો વખત હતો, નિર્મળા તેની પાસે બૃહત્ કાવ્યદોહનમાંથી "વિવેક વણઝારો" નામનું વૈરાગ્યભક્તી વિશેનું સુંદર ગીત ગાતી હતી. તેમાં નરરૂપી જીવને પ્રવૃત્તિ અને નિવૃત્તિ બે સ્ત્રીઓ હતી, અને તેનાથી તેને પ્રવૃત્તિના સહવાસથી દુઃખ અને નિવૃત્તિને સેવ્યાથી સુખ એ સ્પષ્ટ દર્શાવ્યું હતું. છેવટ નિવૃત્તિના જ સહવાસથી તેને મોક્ષ મળ્યો અને તેના પાપો નાશ પામ્યાં. આવી રીતે તે ગીતનો ભાવાર્થ હતો. ઉપલું ગીત વાંચતાં તેમાં જ્યારે જીવને નિવૃત્તિથી જ નિવૃત્ત થવાયું અને તેની સ્હાય મળી ત્યારે જ પોતે છૂટ્યો એ લીટી વંચાતી હતી, ત્યારે આનંદરાય એકદમ બોલી ઉઠ્યા **"ખરેખર નિર્મળા તું જ મારી નિવૃત્તિ છો.** અરે તેં પણ મને સત્ય માર્ગે દોરવ્યો અને મારાં આંસુ લુયાં, અને તારી ભક્તીથી હું પણ હવે સારો થતો જાઉંછું. મારા જે-

વાને નહી તો જલદી આરામ થાય શેનો! પણ તારા સદ્‌ગુણે તેં પ્રભુને પણ વશ કર્યા છે, અને તારી પ્રાર્થનાથી જ હું સારો થાઉં છું. નિવૃત્તિ, તું સાક્ષાત દેવી જ છે, હું તારી અતિશયોક્તી નથી કરતો.”

વાંચનાર બ્હેનો! ઉપલી વાતને છ મહિના થઇ ગયા છે. આનંદરાય હવે તદ્દન સારા થઇ ગયા છે. પણ હવે શોક એટલો જ છે કે તેની પ્રીય પત્ની ઘણી માંદી છે. તેનું શરીર ઘણું ક્ષીણ થઇ ગયું છે. આનંદરાયની ભયંકર માંદગીમાં તેના મનને ઘણું દુઃખ લાગવાથી તેને મોટી ધાસ્તી લાગી હતી અને તેણે પતીના આરોગ્ય માટે જીવની પણ પરવા ન કરતાં અનેક બાધાઓ અને માનતાઓ લીધી હતી, તેમાં તેનું શરીર ઘણું કૃશ થઇ ગયું, પણ જ્યાં સુધી આનંદરાયને જરા પણ ઠીક નહોતું ત્યાં સુધી તો તે પોતાનું અડગપણું જાળવી શકી, પણ જ્યારે આનંદરાય તદ્દન સારા થયા ત્યારે તે એકદમ બીછાનાવશ થઇ ગઇ. તેનામાં ચાલવાની પણ શક્તી ન રહી. હવે આનંદરાયની સ્થીતી દયાજનક થઈ પડી. એના મનને ઘણો શોક થતો કે અરે મારા જેવા દુર્ભાગીને આવું સ્ત્રીરત્ન સાંપડયું તે મને આવી અવસ્થામાં છોડી જશે. તેણે મુંબઇના દરેક પ્રખ્યાત ડાકટરોની દવા કરી. અને પોતાના પ્રાણની પણ પરવા ન કરતાં તન, મન અને ધનથી જેટલો બન્યો તેટલો પ્રયત્ન પોતાની પ્રિયતમા માટે કર્યો અને છેવટ શ્રી પ્રભુએ તેની અંતીમ ,પ્રાર્થના સાંભળી. નિર્મળાને દિન પ્રતિદિન આરામ થવા માંડયો. આ જ આનંદરાયના પવિત્ર પ્રેમની સાબેતી હતી; નહી તો નિર્મળા બચશે એમ કોઇ કહેતું નહોતું. આનંદરાય અને નિર્મળા હવે તદ્દન સારી સ્થિતિમાં છે. નિર્મળાને કાંઈક નવાં ચિન્હ જણાય છે તેથી આનંદરાયને હવે બધી તૈયારી કરવાની છે. એક દીવસ આનંદરાય પોતે સાજા થયા તેની બક્ષીસ તરીકે, સોનાની લૉકેટ અને તેમાં પોતાનો ફોટોગ્રાફ નિર્મળા માટે લાવ્યા. નિર્મળા પોતાનાં ઓરડામાં બેઠી નીચલું ગીત વાંચતી હતી.

( શાદમા નજર પડી જહા જહા. )

સદા સમીપ નાથ તો જ હર્ષ હોય.
વિયોગી દીન આવતાં ન સુખ હોય.
ન, કામ, ધામ, ચીત ઠામ, રહે નહી જરાય.
અરે, રૂચે, નહી કંઇ.
પતીના દર્શનથી મન મારૂં મોચ્ય, સદા૦

આનંદરાય ઓરડામાં આવ્યા પણ ગાવામાં તલ્લીન બનેલી નિર્મળાને ખબર ન પડી કે તે ઓરડામાં આવ્યા છે. છેવટ પાંચ મીનીટ મુંગી રહી. આનંદરાયે છેલ્લા ગીતની કડી પ્રમાણે જ પોતે નીચલી કડી બોલી તેને હાથ પકડી ઉભી કરી.

વહાલી હર્ષથી જોની આજ હોય ?

નિર્મળા શરમાઇ નીચું જોઇ રહી. “કેમ ઘડી ઘરમાંથી બહાર જઇએ કે આવાં ગીતો જોડી જાણે બાર વરસનો વિયોગ હોય તેમ લલકારવાં બેઠા છો ?” આનંદરાયે સ્મીત વદનથી મશ્કરી કરતાં કહ્યું.



**નિર્મળા**—પ્રાણનાથ આતુર ચકોરીને ચંદ્ર ઉપર ઘડી માટે આવેલું વાદળુ પણ દુશ્મન જેવું લાગે છે. મારા જેવી એકલી પ્રેમઘેલી સ્ત્રીને પતી વિના બીજું શું હોય કે તેને યાદ કરૂં ?–ઘડી ને પળ પણ મારા નેત્રથી તો દૂર!

**આનદરાય**—લે હવે આજે તારા માટે એક ભેટ લાવ્યો છું.

**નિર્મળા**—શેની ભેટ ? મને તો ક્યારનીએ ભેટ મળી ચુકી છે.

**આનંદ૦**—ક્યારે મળી ચુકી ? કોણે આપી? હજી હું આજે તે આપવા માટે લાવ્યો છું.

**નિર્મળા**--નાથ, તમારી પાસે તે ભેટ હવે છે જ ક્યાં કે મને આપશો.

**આનંદ૦**—હા, તું જે કહે તે આપું. બોલ શું જોઇએ છે.

**નિર્મળા**—પહેલાં બતાવો કે તમે શું લાવ્યા છો.

**આનંદ૦**—જો આ લૉકેટ છે તેમાં મારી છબી છે તે હું તો લાવ્યો છું.

**નિર્મળા**—બસ કે? આજ ભેટ? હું તો ધારતીતીજ કે તમારી પાસે હવે ભેટ આપવા માટે બીજું કાંઈ છે જ ક્યાં તે તમે આપો?

**આનંદ૦**—ત્યારે તને બીજું શું જોઇએ?

**નિર્મળા**—નાથ, પ્રેમનો બદલો બીજું શું હોય.

**આનંદ૦**—પ્રેમ.

**નિર્મળા**—તો તે મને હવે ફરી આપો, જો હોય તો.

**આનંદ૦**—તે તો મેં તને ક્યારનો આપ્યો છે. ફરી ક્યાંથી લાવું.

**નિર્મળા**—( પગે પડીને ) તો નાથ મારા જેવી ચરણકિંકરીને, પતીના અથાગ પવિત્ર અંતઃકરણના ઝરતા પ્રેમ શીવાય બીજું શું જોઇએ? હું તો ધારૂં છું કે **સ્ત્રીને પતિપ્રેમ એ જ આ સંસારમાં ઇચ્છીત વસ્તુને આપનાર છે.**

**આનંદ૦**—ખરેખર તે જ છે. ધન્ય તારી બુદ્ધિને! તેં પતીપ્રેમ કરતાં દરેક ચીજ ઓછી ગણી. :તારા જેવી સુપાત્રપત્ની મેળવવાથી હું મને ધન્ય માનું છું. તારી પાસેથી આઘુ ખસવું નથી ગમતું.

**નિર્મળા**—( મસકરીથી ) પણ નાથ, ઘણા દીવસ થયાં પેલા નવા નાટકમાં પેલી સુંદરાબાઇના નખરા જોવા તો એક દીવસ જાઓ. તદ્દન ભૂલી ગયા?

**આનંદ૦**—પ્રીયા, હવે નાહક મને પાછલી યાદ દઇ દુઃખી ન કરીશ. ચાલો હવે આપણે જમવા જઇએ.

વાંચનાર બ્હેનો ઉપલી વાત પૂરી થઇ. તેમાં સાર એટલો જ લેવાનો કે દરેક સ્ત્રીએ પોતાના દરેક સદ્દગુણનો ઉપયોગ ફક્ત પતીપ્રેમ મેળવવામાં જ કરવાનો છે અને પતીના મુખથી ‘તુ જ મારી નિવૃત્તિ’ એ વિશેષણ લઇ કૃતકૃત્યાર્થ થવું ઘટે છે. તો જ સ્ત્રીજન્મની સાર્થકતા ગણાય. શ્રી પરમાત્મા સૌને તેવી બુદ્ધિ પ્રેરો અને ભારતનો વિજય થાઓ એ જ પ્રભુ પાસે મારી પ્રાર્થના છે. અસ્તુઃ

લી. સૌ૦

**ત્રીભુવનતનયા.**

# રમણીમણિમાલા.

## તોડાની મહારાણી શ્રીમતી તારાબાઇ.

આપણી આર્યભૂમિએ ઉત્પન્ન કરેલાં અનેક સ્ત્રીરત્નોમાં **મહારાણી તારાબાઈ** એક અનૂપમ સ્ત્રીરત્ન છે. તેની દેદીપ્યમાન કાંતિ, ઉન્નત જીવન, અને સર્વોત્કૃષ્ટ શૂરત્વથી અદ્યાપિ પર્યંત તેના મહાન ગુણો ટોડામાં ગવાય છે. અહિં આપણે તેમનું ઉન્નત વર્તન સંક્ષિપ્તમાં આલેખી આર્ય રમણીઓના અંતઃકરણમાં અનુકરણ કરવા લાયક એક મનોહર દૃષ્ટાંતની છાપ મુદ્રિત કરવા પ્રયાસ કરશું.

**અલાઉદ્દીન** ખુની રાજ્યાસન ઉપર આવ્યા પછી રજપૂતોના એક પછી એક કિલ્લા અને રાજ્યો જીતવાનો તેણે આરંભ કર્યો હતો. આ સમયે ટોડાનું રાજ્ય ઘણું વિશાળ અને સુરમ્ય હોવાથી તેણે પોતાની મુસલમીન સેના તે રાજ્ય જીતવાને મોકલી. **મહારાજા સૂરસેને** ઘણી વખત મુસલમાનોને હરાવ્યા. પરન્તુ મુસલમાન સરદારોનું લશ્કર વારા ફરતી તાજું આવવાથી અન્તે **મહારાજા** સૂરસેનને **મેવાડના** રાજા **રાણા રાયમલના બિજનોર** ગામમાં જઇને આશ્રય લેવાની જરૂર પડી, અને તેજ સમયે દૃઢ સંકલ્પ કર્યો કે ધીમે ધીમે પોતાનું સૈન્ય વધારી અને અન્ય રજપૂત રાજાઓની સારી સાહાય્ય લઇને સમય આવે ત્યારે ટોડાનું રાજ્ય સ્વહસ્તગત કરવું.

મનુષ્યો જ્યારે દૃઢ નિશ્ચય કરે છે અને સંકલ્પાનુસાર વર્તન કરે છે, ત્યારે પરમાત્મા તેમને અવશ્ય સાહાય્ય કરે છે જ. **મહારાણા** સૂરસેનને પણ એવીજ રીતે પરમાત્માએ તેમની એકની એક કન્યારત્ન **તારામતી** દ્વારા સાહાય્ય મોકલી. **તારામતી** જો કે બાલક જ હતી પરન્તુ તે તેની બાલ્યાવસ્થામાંથી જ મુસલમાનોને ધિઃકારતી હતી, અને "મુસલમાનોએ આપણા શત્રુઓ થઇને આપણને ટોડામાંથી કાઢી મૂક્યા છે" તેવું જ્યારથી તેણે શ્રવણ કર્યું હતું ત્યારથી જ તેના હૃદયમાં એક અપૂર્વ શૂરત્વ ઉત્પન્ન થયું હતું. રજપૂત બાલકોની સાથે પિતાની સંમતિથી તે ધીમે ધીમે પટા ખેલવા તથા તલવારના દાવ શીખવા મંડી અને જ્યારે તેમાં તે સંપૂર્ણ જ્ઞાત બની ત્યારે તો તે તેની વયના બાલકોને પણ, પટા ખેલવાની રમતમાં હરાવવા મંડી. **મહારાણા** સૂરસેન પુત્રીનું શૂરત્વ આલોકતા હતા ત્યારે તેમના હૃદયમાં આનંદ અને ખેદની લાગણી બન્ને એક સાથેજ ઉત્પન્ન થતી હતી. "મ્હારી કુંવરી કોમળ સ્ત્રીજાતી છતાં આટલી બહાદૂરી દર્શાવે છે અને તેનામાં આટલું બધું શૌર્ય છે ત્યારે પ્રભુ!! તેને પુત્ર શા માટે ન કરી ?" એમ વિચાર કરતાં આનંદ પણ થતો અને પુત્ર ન હોવાને લીધે ખેદ પણ થતો હતો.

બાલ્યાવસ્થાનો કાળ વ્યતીત થતો ચાલ્યો. યુવાવસ્થાનાં કિરણોનો પ્રકાશ **તારામતીના** કોમળ છતાં કસાયલા શરીરમાં અનૂપમ લાવણ્ય દર્શાવવા લાગ્યો. રજપૂત સરદારનોજ વેષ ધારણ કરીને તે ઘોડા ખેલાવતી, અને **મહારાણા** સૂરસેનની સાથે જ રહીને, ધનુર્વિદ્યામાં તથા બ્રગયા ખેલવામાં તેણે સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું.

થોડાંએક વર્ષો વીત્યા બાદ **મહારાણા સૂરસેને** વિચાર્યું કે "હવે મારી પાસે સારૂં



લશ્કર એકઠું થયું છે, તેથી જો પ્રયાસ કરીશ તો મ્હારૂં ટોડાનું રાજ્ય પુનઃપ્રાપ્ત કરી શકીશ." એવા વિચારથી તેણે પોતાના સર્વ સામંત તથા સરદારોને એકઠા કરીને ટોડા ઉપર હુમલો કર્યો. આ વખતે **તારાબાઈ** પોતાના પિતાની જમણી બાજુએ એક સુંદર શ્વેત અશ્વ ઉપર રજપૂત સરદારના વેશમાં આરૂઢ થઈ હતી. તેના કટિ પર્યન્ત દીર્ઘ કેશ સોનેરી કોરવાળા મંદિલની અંદર છૂપાઈ રહ્યા હતા. મૂખ ઉપર ક્રોધ અને શૌર્યનાં આવેશ ભાસ્યમાન થતાં હતાં; અને તે છતાં તેની કાંતિ એટલી તો દેદીપ્યમાન અને ઉજવલ પ્રભામય બની હતી કે ગમે તેવો દુશ્મન જોરાવર હોય તો પણ ક્ષણવાર તો તે સ્તબ્ધ થઇને ઉભો રહે.

લડાઈ શરૂ થઈ, રજપૂત વીરોએ અપ્રતિમ શૌર્યથી મુસલમાનોને પાછા હઠાવ્યા. **તારામતી** પિતાની સાથેજ લશ્કરના અગ્રભાગમાં રહીને સાક્ષાત્ ચંડિકાનું સ્વરૂપ ધારણ કરીને દુશ્મનનું દળ કાપ્યે જતી હતી. પરન્તુ અફસોસ! કોણ જાણે ક્યાંથી દૂશ્મનન લશ્કરની સંખ્યા રક્તબીજની જેમ વધતી જતીજ હતી?! **મહારાણા સૂરસેને** અરિદળમાં ભરતી થતી જોઈ, પૂખ્ત વિચાર કર્યો, અને પછી **તારામતીને** અત્યંત નિરાશાથી કાનમાં કહ્યું "બેટા! ત્હારા અનૂપમ શૌર્યથી હું ચકિત થઇ ગયો છું. તેં આ યુદ્ધમાં જે બહાદુરી બતાવી છે તેવી બહાદૂરીથી લડતાં મેં કોઈપણ સ્ત્રીને મ્હારા જન્મમાં નિહાળી નથી. પરન્તુ આપણા પાસા પોબાર પડે એમ મને લાગતું નથી. કારણ કે દુશ્મનોની સંખ્યા વધતીજ જાય છે, અને આપણા બહાદૂર શૂરવિર સરદારો તેઓને હાથે કપાતા જાય છે, ઓછા થતા જાય છે. હવે વિજય આપણો થવાનો નથી એમ મને ભાસે છે. માટે વખત વિચારી જઈએ અને અનુકુલ સમય આવશે ત્યારે આપણે પુનઃ હુમલો કરવા આવીએ એમ મને શ્રેયસ્કર લાગે છે." **તારાબાઇએ** પિતાની આજ્ઞા સ્વેચ્છા વિરૂદ્ધ માન્ય કરી, અને પિતાની સાથે જ બાકી રહેલા રજપૂત સરદારોને લઇને અત્રે છાનામાનાં **બિજનોરના** કિલ્લામાં આવી.

આ હારથી **તારાબાઈ** ઘણીજ નિરાશ થઈ. આખો દિવસ અને રાત્રી વિચારમાં ને વિચારમાં જ એકાંત બેસીને ગાળતી. કોઇની સાથે તે બોલતી નહિ. પિતા બોલાવે ત્યારે મુંગે મ્હોડે પિતાની આજ્ઞાનુસાર કાર્ય કરતી હતી. પરન્તુ તેના મુખ ઉપર અત્યંત ગ્લાની એટલી બધી આચ્છાદિત થઇ ગઈ હતી કે ગમે તેવા વજ્રમય અંતઃકરણમાં પણ તે જોઇને દયાના આવિર્ભાવ થયા વિના રહે નહિ. **મહારાણા સૂરસેને** પોતાની પુત્રીમાં થતિ ગ્લાની આલોકી. ગ્લાનીનું કારણ પોતેજ છે એમ તે સમજ્યા. પણ વખત અનુકૂલ નહિ હોવાથી ધીમે ધીમે રામાયણ, મહાભારત આદિ શૌર્ય દ્રષ્ટાંતોથી તેને ખુશ કરવાનો પ્રયત્ન કરવા મંડયા.

કાલના પ્રવાહની સાથે ક્રમશઃ બાલ્યાવસ્થા બદલાઇને યુવાવસ્થાએ સંપૂર્ણ આવીને પોતાના સૌન્દર્યથી તારાબાઈના મુખની અને દેહની કાંતિને અલૌકિક પ્રભામય બનાવી દીધી હતી. તેની સુન્દરતાનું શ્રવણ કરીને અનેક રાજકુમારો તેના હસ્તની માગણી કરતા હતા. કેટલાક રાજકુમારો તેની પ્રીતી સંપાદન કરવા સારૂં તેની પાસે અનેક તરેહનાં શૂરવિર ખેલો રમતા હતા. પરન્તુ આ સર્વથી **તારામતી** યતકિંચિત્ પણ ખુશ થતી

નહોતી, અને તેણીની મુખાકૃતિ ઉપર પોતાના પરાજયની હારથી સ્થાપિત થયેલી ગ્લાની દૂર થવાને બદલે વિશેષ વધતી જતી હતી.

એક દિવસે મહારાણા સૂરસેને તારામતીને એકાંતમાં બોલાવીને કહ્યું " બેટા! આપણી ક્ષત્રિય જાતિની રીતિ અનુસાર ત્હારે હવે લગ્ન કરવું જોઇએ. જો બ્હેન! હવે તું કંઈ ન્હાની નથી. આપણા આર્ય ધર્મમાં કહ્યા પ્રમાણે હવે ત્હારૂં જો લગ્ન ન થાય તો હું દોષિત થાઉં. માટે હવે તું ત્હારી છોકરમત છોડી દે અને તને જે યોગ્ય લાગે તે રાજકુમાર સાથે યથેચ્છિત લગ્ન કર્ય. " પિતાનાં આ વચન સાંભળી તારાબાઈ નીચું નિહાળીને ઉભી રહી. તેના લજ્જાવનીત મુખ ઉપર ગ્લાની અતિશય પ્રસરી ગઇ. તેની સુંદર ચક્ષુમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. અન્તે અત્યંત ગદ્‌ગદિત થઇને ત્રૂટતા ત્રૂટતા છતાં મૃદુ મધુર સ્વરથી બોલી " પિતાજી! લગ્ન કરવાની મારી ના નથી પરન્તુ મેં દૃઢ નિશ્ચય કર્યો છે કે જે રાજકુમાર મારૂં ટોડાનું રાજ્ય વિજય કરીને મને હસ્તગત કરી આપે તેજ મ્હારો ભર્તા થઈ શકે. તે શિવાય કોઈપણ અન્ય રાજકુમાર સાથે હું લગ્ન કરવાની નથી. " શાબાશ છે વીર રમણી ધન્ય છે તને! ધન્ય છે ત્હારી સ્વદેશપ્રીતિને; ને ધન્ય છે ત્હારાં માતપિતાને!! અમે તને ધન્યવાદ આપીનેજ માત્ર વિરમતા નથી પરન્તુ તારા મૃદુ, સ્ત્રીજાતીના અબલાના અંતઃકરણને આવા સ્વદેશપ્રીતિવાત્સલ્યના દૃઢ નિશ્ચયવાળા અંતઃકરણને પણ ધન્યવાદ આપીએ છીએ.

પુત્રીનો આવો નિશ્ચય શ્રવણ કરીને મહારાણાના મનમાં આનંદ થયો, છતાં વિશેષ પરિક્ષા કરવા સારૂ તે બોલ્યા "પણ બેટા એવો કોઇપણ રાજકુમાર ન મળ્યો તો? દુશ્મનનું દળ એટલું બધું મોટું ને જબરૂં છે કે ત્હારી વૃદ્ધાવસ્થા સુધી પણ કોઇ રાજકુમાર ટોડાનું રાજ્ય તેમની પાસે વિજય કરીને લઇ નાહ શકે તો?"

"તો પિતાશ્રી? ભલે આ દેહ એમને એમ કૌમારાવસ્થામાં જ પસાર થાય. હું મૃત્યુ પર્યન્ત કુંવારી જ રહું એ બેહેતર છે, પરન્તુ મારા ટોડાના રાજ્યમાં દુશ્મનોની આણ ફરે અને એમનું રાજ્ય ચાલે તો તે મ્હારાથી કોઇ દિવસ પણ સહન થઇ શકે એમ નથી."

"શાબાશ છે, બેટા! શાબાશ છે તને! તેં તારી વીરમાતાની કુખમાં જન્મ લઇને સફળ અવતાર કર્યો છે! ત્હારા આ દૃઢ નિશ્ચયથી હું ઘણોજ ખુશી થયો છું, અને ત્હારી ઇચ્છા પ્રમાણે તને ચાલવા દેવાને મારો લેશમાત્ર પણ પ્રતિબંધ નથી."

(અપૂર્ણ.)

પંડિત કૃષ્ણ. બન્ધુસમાજ.

---

## સ્વીકાર.

સુમતિ, માસિક, હિંદી ગ્રાફીક, Theosophy and New thought, લુહાણામિત્ર ભાટિયા શુભેચ્છક, શ્રી છોટમ જ્ઞાનોદય; વલસાડ વર્તમાન, મદન વિજય નાટક, કન્યાને ત્યાં થતી વિવાહ વિધિ.

---



# વિવિધ વિહાર.

## ગયા ડીસેમ્બર માસમાં કલકત્તા ખાતે મળેલી પ્રજાકીય સભાઓમાં સન્નારીઓએ આપેલાં ભાષણો.

### ૧. હિંદના સ્ત્રીયોગ્ય ઉદ્યોગો.

[ ગયા ડીસેમ્બરમાં કલકત્તામાં ભરાયલા હિંદી ઔદ્યોગિક કોન્ફરન્સ ( મેળાવડા ) માં શ્રીમતી **હિરણ્યમયીદેવીએ** વાંચેલો નિબંધ. ]

આ મેળાવડામાં ચર્ચાવાના ઘણા વજનદાર અને ઉપયોગી વિષયોનું મ્હને જ્ઞાન છે એવો હું કાંઈ પણ હક ધરાવતી નથી; પણ આ સંમેલનના ઉદ્દેશોમાંનો એક એવો પણ છે એમ હું માનું છું કે આપણા દેશની ઢંકાઈ રહેલી ઔદ્યોગિક શક્તિઓને લોકોમાં પ્રસિદ્ધ કરવી અને તેમને વ્યવહારમાં મુકવા પ્રયત્ન કરવો.

આ નિબંધ લખવામાં મ્હારો હેતુ ફક્ત એટલો જ છે કે જેમાં મ્હારા વર્ગ (સ્ત્રી વર્ગ) ને સંબંધ છે એવી ઔદ્યોગિક શક્તિ તરફ ત્હમારૂં ધ્યાન ખેંચવું. તેને કેવી સારી રીતે ઉભી કરવી, ઉપયોગમાં લેવી, અને ફળદ્રુપ બનાવવી એ વિચારવાનું કામ આપ સર્વેનું છે. હું હાલ જે વિષે બોલવા ધારૂં છું તે એ છે કે આબરૂદાર કુટુંબની સન્નારીઓમાં દ્રવ્ય ઉત્પન્ન કરે એવા ઘણા ઢંકાઇ રહેલા ઉદ્યોગો ઉપાડી લેવાની સંભવિત શક્તિ રહેલી છે.

નવા જમાનાનીને લીધે જુના સંજોગો પણ બદલાઇ ગયા છેઃ—હાલમાં આપણા મધ્યમ વર્ગના લોકોની સ્ત્રીઓને ગુજરાન અર્થે કમાવાની જરૂર જણાવા લાગી છે. વળી, ઘણીક સ્ત્રીઓ એવી સ્થિતિમાં પણ હોય છે કે જેઓ, જીંદગીની જરૂરીઆતની (અન્ન, વસ્ત્ર, ઘર વિ.) વસ્તુઓની ખોટમાં ન હોવા છતાં પણ જો લોક રીવાજની વિરૂદ્ધ જવાતું ન હોય, કે ન્યાત જાતમાં આબરૂ જતી ન હોય તો પૈસા મળે એવું કોઇપણ કામ પોતાના સાધારણ સ્થિતિના કુટુંબનાં વધારે સુખ અને સગવડો મેળવવા માટે ઘણી ખુશીથી ઉપાડી લેવા તૈયાર થાય. સાધારણ રીતે, સ્ત્રીઓ પુરૂષોના જેવીજ રીતે દ્રવ્ય કમાઇ શકે નહીં, અને તેવી રીતે તેમણે કમાવું જોઇએ એ ઇચ્છવા જેવું પણ નથી. જે સ્ત્રીઓને ઘરની બ્હાર પૈસા કમાવા જવાની જરૂર પડે છે, તેઓ પોતાના ઘરનાં કર્તવ્યો તરફ યોગ્ય ધ્યાન આપી શકતી નથી, અને તેમના સંતાનોને જો કે તેવી કમાણીથી કાંઇક બ્હારની સગવડોનો લાભ મળે, તો પણ તે સંતાનોના સારા ઉછેરને લગતી બીજી અગત્યની બાબતોમાં, યોગ્ય સંભાળ અને દાબની ખામીને લીધે, તેમને નુકશાન થવાનો ઘણો સંભવ છે. પરંતુ વિવિધ પ્રકારના સંજોગોને સર્વમાન્ય રીતે લાગુ પડે એવો કોઈ ચોક્કસ નિયમ ઘડી શકાય એમ ન હોવાથી અત્રે તે સંબંધની ચર્ચા નિરર્થક છે. જેઓને ઘર બ્હારના ધંધામાં રોકાવાની ફરજ પડે છે એમના કામની બાબતમાં તો મ્હારે પોતાને કાંઇ પણ સૂચના કરવાની નથી. તેમજ નીચલા વર્ગની, ચાકરીના ધંધામાં રોકાયલી, સ્ત્રીઓને વિષે પણ બોલવાની આજના વિષય માટે જરૂર નથી. જ્યાં કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિ થયે જાય છે, ત્યાં સ્ત્રીઓએ શું કરવું એ પ્રશ્નનું નિરાકણ થયા જેવું જ છે.

મધ્યમ અને નાજુક વર્ગની, ઘસાઇ ગયેલી સ્થિતિવાળી, હજારો—લાખોસ્ત્રીઓ, જેઓની જીંદગીની સર્વ મુરાદ અને મહેનત પોતાનાં કુટુંબનાં જરૂરીયાતનાં સુખ અને સગવડો સંપાદન કરવા માટે જ હોય છે, અને જેઓ તે કુટુંબીઓને તેમજ પોતાને ખાતર સ્થિતિ સુધરે એવા બની શકતા ઉપાયો લેવા ઘણી ખુશીથી તત્પર હોય છે,— તેવા વર્ગની સ્ત્રીઓ માટે તેમણે ખપ જેટલા પૈસા પણ કેવી રીતે મેળવાય ? એ પ્રશ્ન ઉભો જ રહેલો છે. પ્રથમ દૃષ્ટિએ તેનો ઉત્તર સ્પષ્ટ જણાય છે કે, પોતાના ઘરમાં ફૂરસદના વખતે કાંઈ ઉદ્યોગ કરવો. પરંતુ હાલમાં જે ધંધામાં આપણી સ્ત્રીઓ નવરાશને વખતે રોકાય છે તે સર્વ ઉદ્યોગો સારી રીતે પૈસા મેળવી આપે એવા અવશ્ય કરીને હોતા નથી. કોઈ પણ ઉદ્યોગ સારી રીતે ચલાવવાને માટે તેને યોગ્ય કેળવણીની જરૂર છે, છતાં તેટલેથી જ ઉદ્યોગો ફળદાયક થતા નથી. તૈયાર કરેલા કામની પુરતી ખપતની, અને કામ તૈયાર થયા પછી થોડા જ વખતમાં તેની કીંમત ઘેર બેઠે મેળવવાની, સગવડોની પણ ખાસ જરૂરે રહે છે. જો આવી સગવડો પુરી પાડવામાં આવે તો આપણી સ્ત્રીઓ ઉદ્યોગમાં રોકવાને ઘણી ખુશીથી તત્પર થાય એમાં કાંઇજ શક નથી.

મ્હારી પડોશમાં કેટલાંક મુસલમાન કુટુંબો રહે છે. આમાંનાં ઘણાં ખરાંમાં કુટુંબના મુખ્ય પુરૂષો દરમાસે દસથી વીસ રૂપીયા સુધીની કમાણીવાળા છે. આ ન્હાની રકમ જીંદગીની ખાસ જરૂરીઆતની વસ્તુઓ મેળવવા માટે પણ ભાગ્યે જ પુરતી છે, છતાં ઉત્સવના પ્રસંગોએ હમેશાં તેમનાં બાળકોને નવાં લુગડાં પ્હેરલાં હું જોઉં છું. આના કારણની તપાસ કરતાં મ્હને ખબર મળી કે કુટુંબની, મા, દીકરી, વહુ, વગેરે સર્વ સ્ત્રીઓ ખાનગી રીતે લોકોના કોટ શીવવાનું કામ કરે છે, અને આમાંથી મળતી ઉપજ, તેઓ ગમે તેવી તંગીમાં હોય તોપણ, ઘરના બીજા કામ માટે વાપરતી નથી, પરંતુ આવા ઉત્સવના પ્રસંગો માટે જુદી જ રાખી મુકે છે. આ ધંધામાંથી મળતી રકમ ગુજરાન ચાલે એટલી મોટી ભાગ્યે જ હોવા છતાં તે સ્ત્રીઓ આવું કામ મેળવવાને હમેશાં આતુર રહે છે.

આ ઉપરથી જણાશે કે જો સ્ત્રીઓને હાથે કોઇ સુવ્યવસ્થિત ઉદ્યોગ સોંપવામાં આવે તો કેટલો બધો લાભ થઇ શકે એમ છે. આપણાં મધ્યમ વર્ગનાં કુટુંબોને ફક્ત સારી રીતે ગુજરાન ચલાવવું જ કેટલું મુશ્કેલ થઇ પડ્યું છે એ જોતાં, તથા કામનો કેટલો થોડો બદલો પણ તેઓને કબુલ કરવો પડે છે એ વિચારતાં, સ્પષ્ટ જણાય છે કે તેવા કુટુંબની સ્ત્રીઓને પોતાના તેમજ કુટુંબ અને દેશના લાભને અર્થે, નવરાશના વખતને અનુકૂળ કોઇ યોગ્ય કામ મેળવી આપવામાં આવે, તો તેઓ તેને એક મ્હોટા આશીર્વાદ રૂપ ગણી ઉપાડી લેશે. ઘણાક ઉદ્યોગ એવા છે કે જે પુરૂષોના કરતાં સ્ત્રીઓને હાથે વધારે સારી રીતે ખીલી નીકળે. ગયે વર્ષે કેટલાક બંગાળામાં ઉંચા કુટુંબના યુવાન પુરૂષોએ હાથની સાળો ઉપર કપડાં વણવાનું કામ શીખવાનું માથે લીધું હતું; પણ સ્વદેશી હીલચાલની આતુરતા અને જુસ્સામાં તેઓ ભૂલી ગયા હતા કે હાલમાં તેવો એક વણકર મહીને પંદરેક રૂપીયાથી વધારે ભાગ્યે જ મેળવી શકે એમ છે. આથી ઘણાકને તે ઉદ્યોગ છોડી દેવો પડ્યો હતો, કારણ કે તેટલી પેદાશ ભાગ્યે જ કોઇ સદ્‌ગૃહસ્થની જરૂરીઆતો પુરી પાડવાને પુરતી છે. પરંતુ પુરૂષોની બીજી સારી કમાણી ઉપરાંત સ્ત્રીઓને આ ઉદ્યોગ ચાલવી શકે એમ છે. આસામ દેશમાં દરેક કુટુંબમાં પોતાના ઘરનું સાળ હોય છે, અને



ઉંચાં કુટુંબની સ્ત્રીઓ પણ ઘરમાં બેઠે બેઠે પોતાનાં ઘણાં ખરાં લુગડાં પોતેજ વણે છે તો પછી આપણી સ્ત્રીઓ પણ, યોગ્ય શિક્ષણ મળતાં, પોતાનો નવરાશનો સમય ગાળવાને તેમજ પોતાની સ્વતંત્ર કમાણી મેળવવાને માટે, તેવો ઉદ્યમ શા માટે ન કરી શકે ? એ ખરૂં છે કે દેશના અને રહેઠાણના પ્રમાણે ઉદ્યોગની જાતમાં પણ ફેરફાર પડે. અમુક પ્રાન્તનો ઉદ્યોગ બીજા પ્રાન્તમાં થઇ શકે નહી અથવા તેવો ફળદાયી ન નીવડે, તેમ ગામડાના વાસનો ઉદ્યોગ શહેરમાં બની શકે નહીં. પરંતુ પોતપોતાના પ્રદેશ, સ્થિતિ અને રહેઠાણ અને જરૂરીઆત પ્રમાણે સ્ત્રીઓ પણ જુદા જુદા ધંધાઓ, ઘરમાં રહે રહે પણ, ચલાવી શકે એમ છે.

આપણા દેશની સ્ત્રીઓ સામાન્ય રીતે જો કે હુન્નરકળામાં પ્રવીણ હોતી નથી, તો પણ કોક કોક સ્થળે કોઈ અમુક એક અથવા બીજા ધંધામાં પાવરધી થયેલી સ્ત્રીઓનાં દૃષ્ટાન્તો મળી જ આવે છે. પરંતુ દુર્ભાગ્યે તેમને મુશ્કેલી એ નડે છે કે તેમણે કરેલાં કામો જાહેરમાં મુકી વેચવાની તેમને સરળતા હોતી નથી, અને લોકોને તેમના કામોની ખબર પણ હોતી નથી; અને આથી કરીને, પુરતી માહેતી અને ઉત્તેજનની ખોટને લીધે, ઘણીક કળાઓ આપણામાંથી ધીમે ધીમે નાબુદ થતી જાય છે.

હમણાં થોડા સમયથી જ અમે ( સ્ત્રીઓએ ) જાણવા માંડ્યું છે કે તીજોરીમાં તાળામાં ભરી મુકેલું સોનું તથા રૂપુ, જમીનના અંદર ખાણોમાં દટાઇ રહેલા સોના રૂપા કરતાં કોઇ પણ રીતે વધારે ઉપયોગનું નથી. અને તેવી ખાણોવાળો દેશ, જ્યાંસુધી તે કીમતી ધાતુઓને તેમાંથી બ્હાર કહાડી વાપરવામાં આવે નહીં ત્યાંસુધી, કોઇપણ રીતે તાલેવાન કહેવાય નહીં, તેમજ દાટી મુકેલું અથવા ઘરેણારૂપે ભરી મુકેલું ધન, જ્યાંસુધી કોઇ સારા ફળદાયી ધંધામાં ઉપયોગમાં લેવાય નહીં ત્યાંસુધી, તે તેના માલીકને લાભકારક થઈ શકે જ નહીં.

આપણામાં એવી ઘણીક ઔદ્યોગિક શક્તિઓ છે કે જેની કિંમત આપણે અજ્ઞાનને લીધે સમજી શકતાં નથી. પાણી, વરાળ, વિજળી, કાવેરી નદીનો ધોધ, વિગેરેમાં કેટલી ભારે શક્તિ રહેલી છે તે આપણે હમણાં જ સમજતાં થયાં છીએ, સ્ત્રીઓની ઔદ્યોગિક શક્તિનું પણ તેમજ છે જો આપણે આપણા દેશની સ્ત્રીઓનો નવરાશનો વખત, જેનો ઘણોક ભાગ નિરર્થક ગુમાવી દેવામાં જ આવે છે, તેને કોઇક ઉદ્યોગના સાધનથી વધારે કીમતી અને ઉપયોગી બનાવી શકીએ તો આપણા દેશનું ધન ઘણે અંશે વધે એમ છે. પૂર્વે એવો પણ વખત હતો કે સ્ત્રીઓ રેંટીયો ફેરવીને આખા દેશને વસ્ત્ર પ્હેરાવતી હતી. ફરીથી પણ દેશને ઉપયોગી થવાનો તેમને સમય મળે એવી અંતઃકરણપૂર્વક ઇચ્છા છે.

ભાષાન્તરકર્તા—પાન્થ.

૨.

## હિંદી સ્ત્રીઓની કેળવણી.

### ઇંડીયન સોશીયલ કોન્ફરન્સમાં અપાયેલું ભાષણ.

( ભાષણકર્તા—મીસીસ સરોજીની નાઇડુ. )

જે હિંદુસ્થાન **પ્રથમ** શતકના આદિકાળમાં તો, સુધારામાં ક્યારનોયે સંપૂર્ણ હતો, તથા જે સર્વોત્તમ બુદ્ધિપ્રભાવ અને વિશાળ જ્ઞાનથી ભરપૂર સન્નારીઓનાં ઉજ્જવળ દૃષ્ટાન્તો જગતની ઉન્નતિ માટે દીપાવી રહ્યા હતો, તેજ હિંદ દેશમાં આજે **વીસમા** શતકના આરંભમાં, સ્ત્રીકેળવણી માટે જાહેર ભાષણો અને ઠરાવોની મદદ લેવાની આપણને જરૂર રહે;—એ મ્હને હાસ્ય તેમજ શોકથી ભરેલા વિરોધાભાસ જેવું લાગે છે. છતાં ઉન્નતિક્રમના કાંઇક વિપરીત પ્રભાવને લીધે, આપણને શરમિંદા બનાવનાર આ વિરોધાભાસ વાસ્તવિક રીતે ઉભો જ છે, તો પછી, તેને કઇ સરસ રીતે દૂર કરી શકોએ, તથા દરવર્ષે સ્ત્રીકેળવણીની તરફેણમાં માત્ર ખાલી ઠરાવો પસાર કરવા કરતાં કાંઇક વિશેષ ફળદાયક કાર્ય કેવે પ્રકારે સાધી શકીએ એ વિચારવાનો આ સમય છે. શ્રમ અને પ્રયાસના આ મહત્વના વખતે, જ્યારે હિંદની જુદી જુદી કોમો પ્રજાકીય એકતાને માટે પ્રયત્ન કરી રહી છે તેવે વખતે, એ યાદ રાખવાનું છે કે સર્વ પ્રવૃત્તિઓના વિજયનું મધ્યબિન્દુ સ્ત્રીઓની સ્થિતિ વિષેના પ્રશ્નમાં રહેલું છે. *પ્રજાના વાસ્તવિક ઘડનાર ત્હમે ( પુરૂષો ) નહિ પણ અમે ( સ્ત્રીઓ )જ છીએ. પરંતુ મ્હને લાગે છે કે સ્ત્રીકેળવણી એ પ્રજા—બંધારણના કાર્યમાં એક અગત્યનું તત્વ છે એ વાતમાં સર્વે સંમત નથી. ત્હમારામાંના ઘણાકને યાદ હશે કે, કેટલાક વર્ષો ઉપર જ્યારે મીસીસ સત્યનધને "હિંદી સન્નારીઓનું પત્ર" ( The Indian Ladies Magazine ) નામનું માસિક પ્રસિદ્ધ કર્યું ત્યારે આપણે સ્ત્રીઓને કેળવણી આપવી જોઇએ કે નહિં એ વિષય ઉપર કેટલોક ઉલ્લાસભર્યો પત્રવ્યવહાર ચાલી રહ્યો હતો. તેમાં સ્ત્રીઓએ પોતે તો પોતાનો પક્ષ ઘણી સ્પષ્ટ રીતે અને એકજ અભિપ્રાયથી ખેંચ્યો હતો, પરંતુ વાત જ્યારે પુરૂષોના હાથમાં આવી ત્યારે મતભેદ જણાયો હતો. બેશક કેટલાક પુરૂષોએ સ્ત્રીઓ—લોકોની માતાઓ—માટેની કેળવણીના ખરા હિમાયતી થઇને, પોતાને વાસ્તવિક સ્વદેશાભિમાની સિદ્ધ કર્યા હતા; પરંતુ બીજા એવા પણ કેટલાક હતા કે જેઓ "સ્ત્રીકેળવણી" એ શબ્દથીજ ગભરાઇ ગયા હતા. તેઓ બોલી ઉઠતા "શું સ્ત્રીઓને ભણાવીએ ? તો પછી અમારા ઘરની સગવડોનું શું થાય ?" વળી બીજા કેટલાક "**નરો વા કુંજરો વા**" નું વ્રત ધારણ કરતા, અને બન્ને મતાન્તરો વચ્ચે સમાધાન કરવા માટેની શરતોની આખી અનુક્રમણિકાઓ બ્હાર પાડતા, અને અમુક બાબત શીખવવાને કહેતા, અને અમુકની ના પાડતા; પરંતુ, મિત્રો, જેમ ત્હમે આકાશના પવનોને "ત્હમારી મરજીમાં આવે તેમ ત્હમારે વાવું નહીં " એમ ફરમાવી શકો નહીં, અથવા મનુષ્યના આત્માને કૃત્રિમ બન્ધનોની મર્યાદાથી ઊંચે ચ્હડવાની મના કરી શકો નહીં, તેવીજ રીતે કેળવણીના વિષયમાં પણ ત્હમે અમુકજ પ્રકારની હદ બાંધી શકો નહીં. "કેળવણી" એ શબ્દના સંબં-

* આ શબ્દ અહિં સંતાન કે રૈયતના અર્થમાં નહિં, પણ કોઈ પણ દેશના એકદીલ અને સંપથી રહેનારા "જનસમૂહ"ના અર્થમાં વપરાયો છે.



ધમાં દરેક ભાષામાં ઘણીજ ખોટી રીતે ગેરસમજણ થયેલી છે. ઇટલી દેશના ઊંચી કલ્પના–શકિતવાળા લોકોએ શબ્દોના ગૂઢ અંર્થ સમજવાની સૂક્ષ્મ શકિતથી "કેળવણી" અને "શિક્ષણ" એ બે શબ્દો વચ્ચેનો ખરો ભેદ તારવી કહાડયો છે, અને આપણે પણ તે ભેદ સ્વીકારવો જોઇએ. "શિક્ષણ" એ માત્ર જ્ઞાનનો સંગ્રહ હોવાથી તેનું ધોરણ ભલે વ્યવહારોપયોગી લક્ષણોથી બાંધવામાં આવે; પરંતુ "કેળવણી" એ એવો અમર્યાદિત, સુન્દર, તથા અવશ્યનો પ્રદેશ છે કે જેમાં આપણે રહીએ છીએ, હરીએ ફરીએ છીએ, તથા જીવન ભોગવીએ છીએ. શું કોઈ પણ મનુષ્ય ઇશ્વિરે બક્ષેલી, શરીરને પોષણ આપનારી, પવિત્ર હવા મેળવવાનો બીજા મનુષ્યનો હક ઝુંટાવી લેવાની હિંમત ધરી શકે ખરો ? તો પછી કોઈ પણ પુરૂષ મનુષ્યઆત્માનો સ્વતંત્રતા અને ઉચ્ચ જીવનનો પરાપૂર્વનો વારસો લઈ લેવાની હિંમત ધરી શકે ખરો? અને તેમ છતાં પણ, મ્હારા મિત્રો, પુરૂષજાતિએ હિંદી સ્ત્રીઓના સંબંધમાં તેવી હિંમત ધરી છે! તેથીજ ત્હમે હિંદના પુરૂષો હાલ છો તે સ્થિતિમાં આવી પડ્યા છો. કારણ કે ત્હમારા પિતાઓએ ત્હમારી માતાઓ પાસેથી પ્રાચીન જન્મહક ઝુંટાવી લેઇને ત્હમારી–તેમનાં પુત્રોની–પાસેથી ત્હમારો વ્યાજબી વારસો ખુંચાવી લીધો છે. માટેજ હું ત્હમને સૂચના કરૂં છું કે ત્હમારા સ્ત્રીવર્ગને તેમના પૂર્વના હકો પાછા આપો. કારણ કે, મ્હેં પ્હેલાં કહ્યું તેમ, પ્રજાની ઘટના કરનાર ત્હમે નહી પણ અમે જ છીએ, અને દેશોન્નતિની સર્વ દિશામાં અમારી ઉત્સાહી સહાય વિના ત્હમારી સર્વ કોંગ્રેસો અને કોન્ફરન્સો નિરર્થક છે. સ્ત્રીઓને કેળવો એટલે પ્રજા પોતાની મેળેજ ઉભી થશે, કારણ કે, "જે હાથ પારણાને હીંચોળે છે તેજ હાથ દુનિયા ઉપર સત્તા ચલાવે છે" એ સિદ્ધાન્ત જેવું ભૂતકાળમાં સત્ય હતું તેવુંજ આજ પણ છે, અને મનુષ્યપ્રાણીના અંત સુધી પણ તેવુંજ સત્ય રહેશે.

ભાષાન્તરકર્તા—**પાન્થ.**

———

૩.

## ભારતમહિલાપરિષદ્નાં પ્રમુખ વડોદરાનાં નામદાર મહારાણીનું ભાષણ.

વ્હાલી બ્હેનો—આ મહિલાપરિષદ્નું પ્રમુખપદ લેવા માટે કહીને ત્હમે મ્હને ઘણું માન આપ્યું છે. જ્યારે કલકત્તાની 'મહિલાસમિતિ" એ આ સભાની પ્રમુખ થવા માટે મ્હને વડોદરે આમંત્રણ મોકલ્યું હતું, ત્યારે મ્હારો પ્રથમ વિચાર તે માન ન સ્વીકારવાનો થયો હતો, કારણ કે આ પ્રમુખપદ લેવા માટે મ્હારા કરતાં વધારે લાયક સન્નારીઓ ત્હમારામાં છે એમ હું જાણું છું; પરંતુ, ત્હમારા તરફથી હિંદુસ્થાનને બીજે છેડે મ્હને આમંત્રણ મોકલવામાં ત્હમે મ્હારા તરફ કૃપા દર્શાવી છે, અને ત્હમારી વિનંતિનો હું અસ્વીકાર કરૂં તો ત્હમારી કૃપાનો અયોગ્ય ઉત્તર આપ્યો ગણાય એમ મ્હને લાગ્યું, અને તેથીજ બંગાળાની મ્હારી વ્હાલી બ્હેનો, ત્હમારૂં આમંત્રણ સ્વીકારવાનું મ્હેં પસંદ કર્યું; અને જો હું મ્હારી ફરજો બજાવવામાં નિષ્ફળ જાઊં, તો ત્હમે તે દરગુજર કરશો એમ હું માગી લઉં છું, કારણ કે ત્હમારી પ્રમુખ તરીકે મ્હને પસંદ કરવાની જવાબદારી ત્હમેજ માથે લીધી છે.

પ્રથમ, આરંભમાં મ્હારે જણાવવું જોઇએ કે ફરીથી ત્હમને મળવાથી મ્હને ઘણો આનન્દ થયો છે. મ્હેં થોડાજ વખત ઉપર ફ્રાંસ, ઇંગ્લાંડ, ઇટલી, ગ્રીસ, જર્મની, આસ્ટ્રે-

લીયા, સ્વીટ્ઝરલેંડ તથા અમેરીકા એ દૂર દેશોમાં મુસાફરી કરી છે, અને ત્યાં મેં જે જે હુન્નરો અને કળાઓ, તથા સાંસારિક અને કેળવણીને લગતી સંસ્થાઓ જોઈ છે, તે સર્વમાં મ્હને ઘણો રસ પડ્યો છે. પણ હું તે પછીથી અહીંઆં તમારી પાસે જુદીજ લાગણીઓથી,—જાણે બ્હાર ભટકતાં પોતાને ઘેર પાછી વળી હઉં તેમ—આવું છું. કારણ કે આપણને સર્વને એકઠાં કરનાર, અને આખા હિંદુસ્થાનને ગૃહ સમાન ગણાવનાર સ્નેહનું એક બન્ધન આપણામાં છે. બે વર્ષ ઉપર ત્હમે મ્હને ઘણી માયા અને પ્રીતિથી આવકાર આપ્યો હતો. અને આ વખત પણ બંગાળામાં-સરખાંજ કાર્ય અને પ્રયત્નોમાં રોકાયેલી બ્હેનોની, એકજ વ્હાલી માતૃભૂમિની પુત્રીઓની, ભેગી મળતાં, જાણે હું વડોદરાના મ્હારા પોતાનાજ ગૃહમાં હોઉં તેમ મ્હને લાગે છે.

ત્હમારી મહિલાસંમિતિ આવા વિચારો ધરાવે છે. તેનો એક મુખ્ય ઉદ્દેશ હિંદની સર્વ જાતિની તેમજ જ્ઞાતિની સન્નારીઓને એકત્ર કરવાનો છે. આપણો પુરૂષવર્ગ કોંગ્રેસ અને વિધવિધ કોન્ફરન્સોના સાધનથી, અને સર્વસામાન્ય ઉદ્દેશ ઇચ્છાઓ અને પ્રયત્નોને લીધે, હરેક વર્ષે નિકટ સંબંધમાં આવતો જાય છે; પરંતુ હું ધારૂંછું કે પ્રજાના સંપનાં બન્ધનો દૃઢ કરવામાં આપણે હિંદની સ્ત્રીઓ પુરૂષોના કરતાં ઓછા પ્રભાવવાળી છીએ એમ નથી. આપણે આપણાં વતનોમાં ભેગાં થઇએ છીએ, અને ઝનાનાના પડદામાં હોવા છતાં પણ પરસ્પરને ઓળખતાં, માન આપતાં અને ચાહતાં શીખીએ છીએ, અને પ્રજાને સંપમાં રાખનાર બન્ધનો દૃઢ કરીએ છીએ. કારણ કે, જો કે આપણે હજારો ગાઉ વિખુટાં વસીએ છીએ, અને જુદી જુદી ભાષાઓ બોલીએ છીએ, તોપણ સામાન્ય—એકજ પ્રકારની વૃત્તિઓ અને પ્રયાસોની ગાંઠથી સંધાયલાં છીએ. ઉંચી અથવા નીચી, શ્રીમન્ત કે નિર્ધન, કોઇ પણ સ્થિતિમાં હોઇએ તો પણ આપણે ભૂતકાળની એકજ પ્રકારની દંતકથાઓ માટે અભિમાન રાખીએ છીએ, ભવિષ્ય માટે સરખીજ આકાંક્ષાઓથી ઉત્સાહિત થઇએ છીએ, અને સ્નેહ અને સંપના સરખાજ ભાવોથી જોડાઇએ છીએ. આથી કરીને, ત્હમારી મહિલાસમીતિને હિંદના સર્વ વિભાગોમાંની સન્નારીઓને એકત્ર મેળવવાનો સ્ફુરેલો વિચાર ઘણો સારો છે; આપણે જેમ જેમ વધારે મળીએ, અને પરસ્પરને વધારે ઓળખતાં થઇએ, તેમ તેમ આપણા સામાન્ય કાર્ય અને પ્રયાસોમાં વધારે વિજયી નીવડીશું.

મહિલાસમિતિનો બીજો હેતુ હિંદનાં સાહિત્ય તથા ઇતિહાસનું જ્ઞાન વિસ્તારવાનો છે; અને આ બાબતમાં પણ, હું ધારૂં છું કે, આપણે સ્ત્રીઓમાં પુરૂષોના કરતાં વધારે ઉંડી અને બહોળી અસર કરે એવો પ્રભાવ છે. આપણે આપણાં બાળકોનાં મન, તેમની છેક બાલ્યાવસ્થાથીજ ઘડીએ, તેમનામાં આપણા દેશના ભૂતકાળના ઇતિહાસ તરફ પ્રેમ અને યોગ્ય અભિમાન સ્ફુરાવી શકીએ, તથા હાલના સાહિત્ય માટેની અભિરૂચિ ઉત્પન્ન કરી શકીએ. હું માનું છું કે આ (બંગાળાના) આગળ વધેલા પ્રાન્તમાં ઇશ્વરકૃપાથી મળેલી ઉત્તમ બુદ્ધિવાળી કેટલીક સન્નારીઓ છે, કે જેમણે આપણા દેશના ઉંચા પ્રકારના સાહિત્યમાં નિરંતર રહે એવાં પુસ્તકો રચેલાં છે. પરંતુ આપણે બીજાં સર્વે—જેમને આવી ઊંચી બુદ્ધિની બક્ષીસ મળેલી નથી તેઓ પણ—આપણાં બાળકોમાં આપણા દેશના ઉત્તમ ઇતિહાસ અને સાહિત્ય તરફનો પ્રેમ કેળવવાને શક્તિવાન છીએ; અને એ નક્કી માનજો કે બાલ્યાવસ્થામાં



મળેલું શિક્ષણ સાધારણ રીતે ધારવામાં આવે છે તેના કરતાં જીંદગીમાં વધારે લાંબા સમય સુધી ટકી શકે એવી અસર કરે છે. હિંદુસ્થાનનું પુરૂષત્વ અને સ્ત્રીતત્વ એ આપણીજ કૃતિ છે—આપણા બનાવ્યા પ્રમાણેજ બનેલાં છે. માટે આપણે—માતાઓએ—હિંદના ભાવી પુરૂષો તથા સ્ત્રીઓને સ્વદેશસેવાના ભક્ત થાય એમ કેળવવા જોઇએ.

વળી, હિંદ દેશના હુન્નરો અને ઉદ્યોગોને ઉત્તેજન આપવાનો પણ મહિલાસમિતિનો, અને હું ધારૂંછું કે આ પરિષદ્‌નો પણ, એક હેતુ છે. સ્વદેશી વસ્તુઓને ઉત્તેજન આપવાની જે પ્રવૃત્તિ હાલ ઉત્તર હિંદુસ્થાન અને પંજાબમાં, ગુજરાત તેમજ દક્ષિણમાં, મદ્રાસ, માઇસોર તથા ત્રાવનકોર તરફ પણ—આ મહાન દેશના સર્વ ભાગોમાં—ત્વરાથી પ્રસરતી જાય છે, તે પ્રવૃત્તિને બંગાળાની સન્નારીઓ એ કેટલી બધી સહાય આપી છે એ હું જાણુંછું. જે મહાન્ પ્રવૃત્તિ ત્હમે બહાદૂરીથી ઉભી કરી છે, અને ત્હમારા ઉમદા ગુણોથી ટકાવી રાખી છે, તેને હિંદના સર્વ વિભાગમાંનાં જનો આશ્ચર્ય અને સ્તુતિથી જોઇ રહ્યાં છે, અને અંતે હવે આખું હિંદુસ્થાન આ મહાન્ અને સ્વદેશહિતકારક પ્રયાસમાં જોડાયુ છે. દરેક પ્રાન્તમાં સ્વદેશી વસ્તુઓનાં સંગ્રહસ્થાન, જાણે કે કુદરતી રીતેજ, ઉગી નીકળે છે; પશ્ચિમ હિંદુસ્થાનનાં મોટાં ઔદ્યોગિક શહેરોમાં સંખ્યાબંધ મીલો વધે જાય છે; બંગાળામાં છેલ્લાં બે વર્ષ દરમીયાન હાથે વણવાની સાળો બમણી કરતાં પણ વધારે વધી ગઈ છે; અને દેશી બનાવટની ધાતુઓની તથા બીજી ગૃહઉપયોગી વસ્તુઓનો પ્રચાર ત્વરાથી પ્રસરતો જાય છે. મ્હને કહેવામાં આવ્યું છે કે પોતાનો ધંધો ખોઈ બેઠેલા હજારો વણકારો અને બીજા ધંધાદારીઓ પોતાના કારખાનામાં પાછા કામે લાગ્યા છે, અને ઘણાંક ગામડાંનાં કુટુમ્બોમાં આપણી ગરીબ બ્હેનો—આપણા ગરીબ કારીગરોની માતાઓ, પત્નીઓ તથા પુત્રીઓ—ઉદ્યોગમાં કાંઇક નવીન આશા અને નવો ઉત્સાહ અનુભવે છે. ઇતિહાસ એ પ્રજાની ઉન્નતિની નોંધ રાખનાર સાધન છે એ ખરૂં હોય તો તે આ મહાન્ પ્રવૃત્તિ, કે જે આટલી તાજી હોવા છતાં આટલી વિજયી નીવડી છે, અને જેને કાયમ અને સ્થિર કરવાને વાસ્તે આખી પ્રજા આવા દૃઢ નિશ્ચયવાળી છે, તે પ્રવૃત્તિની ચમત્કારિક કથા નોંધી રાખશે. તો પછી આપણે—હિંદની સર્વ સ્ત્રીઓ—પણ આ પ્રવૃત્તિમાં સંપૂર્ણ અંતઃકરણથી જોડાઇએ, અને રોજની ગૃહોપયોગી વસ્તુઓની પસંદગી કરતી વખતે, આપણે પોતાને તેમજ બાલકોને માટેનાં વસ્ત્રો અને અલંકારો ખરીદતી વખતે, જેમનાં સંકટો અને નિર્ધનતા કેટલેક અંશે દૂર કરવાની આપણામાં શક્તિ છે તેવા હિંદના કરોડો ગરીબ કારીગરોનો આપણા ઉપરનો હક પવિત્ર બુદ્ધિથી સ્મરણમાં રાખીએ. આ વિશાળ દેશમાં આપણે ગમે ત્યાં વસતાં હોઇએ, આપણો ધર્મ તથા ધંધો ગમે તે હોય, પણ સ્વદેશની ઉન્નતિ અને સંપત્તિ વધારવામાં સરખાજ ઉદ્દેશો અને પ્રયાસોથી ચાલો આપણે એકત્ર થઇએ.

આ નવા સૈકાના આરંભથી હિંદ દેશ ઉપર કાંઇક નવીન તેજ પ્રકાશવા માંડ્યું છે: તેવે સમયે, ગરીબને સહાય કરનાર, દીનને આધાર આપનાર પરમાત્માની આપણે પ્રાર્થના કરીએ કે તે આપણી વ્હાલી માતૃભૂમિના હિતને માટે આ સૈકાના ઉગતા પ્રભાતમાંથી તેવોજ લાંબો ઉજ્વળ દિવસ ઝળહળતો કરે.

ભાષાન્તરકર્તા—પાન્થ.

# વર્તમાનરંગ.

**જૈન કોનફરન્સ**—ગુજરાતના પાટનગર અમદાવાદમાં ફાગણ સુદ ૪ ને દિવસે જૈન કોનફરન્સનો ભવ્ય મિલાવડો થયો હતો. દેશ વિદેશના જૈનો અને અન્ય ધર્માવલમ્બીઓની સંખ્યા ઉપરાંત જૈન સ્ત્રીઓની સંખ્યા વિશેષ હતી. કોનફરન્સના પ્રમુખ રાય સેતાબચંદ બહાદુરે સ્ત્રીશિક્ષણ સંબંધી જે ઉદ્‌ગારો કહાડ્યા હતા તે પ્રત્યેક દેશહિતચિંતકે મનન કરવા લાયક છે. “સ્ત્રી મનુષ્યની અર્ધાંગના છે. જ્યાં સૂધી અર્ધ શરીર નકામું હોય ત્યાં સૂધી જીવનના સુખની શી આશા? જ્યાં સૂધી સ્ત્રીઓ આશિક્ષિત છે ત્યાં સૂધી ગમે તેટલી સભા, સોસાઇટી, ભાષણોદ્વારા દેશ સૂધારવાની વાતો કરીયે તે કદી ફલિભૂત થવાની જ નહી.” પુસ્તકો, માસિકો અને વર્તમાનપત્રદ્વારા સ્ત્રીઓ જેમ જેમ સ્હમજતી જાય છે તેમ તેમ જનસમાજમાં સ્થાપિત થયેલા વ્હેમો, રીવાજો દૂર કરતી જાય છે. એક સમય એવો પણ હતો કે કન્યાને નિશાળમાં મોકલવી તે ધર્મકષ્ટ લેખાતું, એવો પણ સમય હતો કે સ્ત્રીઓને સભા મંડપમાં મોકલવી તે ટીકાપાત્ર ઉપરાંત અયોગ્ય લેખાતું. આથી ઉલટું હાલ કેલવણીનો પ્રચાર થતો જાય છે તેમ તેમ શહેરો તેમજ ગામડામાં કન્યાશાળામાં કન્યાઓની સંખ્યા વધતી જાય છે અને જૈનો જેવી કેળવણીમાં પછાત કોમની સ્ત્રીઓમાં પણ કોનફરન્સ જેવા સભાસ્થાનમાં હર્ષ અને ઉમંગથી ભાગ લેવામાં જરા પણ મન કચવાતું નથી. આ સર્વ કેલવણીનો પ્રભાવ છે. પ્રત્યેક ન્યાતની તેમ જ સામાન્ય મંડળની આવી સભાઓમાં સ્ત્રીઓ ભાગ લેતી થઇ છે તે કેલવણીનો જ પ્રભાવ છે. જૈન કોનફરન્સ એક ધર્મ સંસ્થા છે અને ત્હેમાં ભાગ લેતાં આર્ય સ્ત્રીઓને વાંધો હોય જ નહિ એમ માની ભાગ લે છે એવું કેટલાકનું માનવું છે.

આર્ય સ્ત્રીઓનાં કુમળાં હૃદયમાં ધર્મવૃત્તિનાં બીજ ઘણા કાલથી જ નંખાયાં છે અને તે બીજને પોષવાનું કાર્ય પુરૂષવર્ગને છે. જૈન સાધુ જે ઉત્સાહથી ત્હેમની કોનફરન્સમાં આગળ પડતો ભાગ લે છે તે જ ઉત્સાહથી વૈષ્ણવ મહારાજો તેમ જ શંકરસ્વામી ભાગ લેતા હોય, સામાજીક પ્રાંતિક કે દેશની સમાજોમાં આગળ પડી આત્મહીત, દેશહીત સ્હમજાવવા પ્રયત્ન કરતા હોય, તો અમારી ખાત્રી છે કે આર્ય બ્હેનો દરેક કોન્ફરન્સ અગર કોંગ્રેસમાં શું થાય છે, ત્હેમની પોતાની, પોતાના પતિ, છોકરાં, વહિલ, દેશ પ્રત્યે ફરજ શી છે તે સ્હમજ્યા વિના રહેશે જ નહિ.

**આર્ય સંસ્કારી લગ્ન**—અમારા સ્નેહી ડૉ. તુલજારામ ખાંડવાળાનાં પુત્રી બ્હેન તારાનાં લગ્ન ગયા માસના અંતમાં મુંબઇમાં રા. મનસુખલાલની સાથે થયાં હતાં. આપણા દેશમાં શું પણ આખો પૃથ્વીમાં ઘણાયે લગ્ન થતાં હશે. પરન્તુ આ લગ્ન નોંધતાં અમને હર્ષ થાય છે એવું કારણ, જ્યારે હિદુ સંસારમાં

“શૈશવ વિશે કર પકડીયો અજ્ઞાત એક શિશુ જને,
ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરૂજને”

એવું સ્થળે સ્થળે નજરે પડે છે, ત્યારે ડૉ. ખાંડવાળાએ લોકટીકાની જરાય પણ દરકાર ન રાખતાં પોતાની પુત્રીને યોગ્ય કેલવણી આપી પુખ્ત વયે ત્હેને યોગ્ય વરને પરણાવી, એટલું જ નહિ પણ લગ્ન આર્ય રીતિએ કરવા જે ઉત્સાહ તથા બલ દર્શાવ્યાં હતાં ત્હેને માટે જેટલો ધન્યવાદ આપીયે તેટલો ઓછો છે. લગ્નનો દિવસ ૨૪ મી જાન્યુઆરીનો હતો. રા. મનસુખલાલ જેઓ બી. એ. નો અભ્યાસ કરે છે તે સાદા પણ શુદ્ધ પોશાકમાં વરઘોડામાં પગે ચાલી આવ્યા હતા. બ્હેન તારા તથા મનસુખલાલને વરવધૂના વેશમાં જોતાં સમગ્ર મંડળનાં હૃદય હર્ષિત થયાં હતાં. લગ્નવિધિમાં ખાસ ધ્યાનમાં રાખવા લાયક એ હતું કે અન્ય લગ્નોમાં જ્યારે પ્રતિજ્ઞા લગ્ન કરાવનાર ગોર સંસ્કૃતમાં બોલી જાય છે અને તે પ્રતિજ્ઞા શી છે તેમાં શું રહસ્ય રહેલું છે તે વર કે વધૂ સ્હમજતાં જ નથી, ત્યારે ઉપર કથિત લગ્નમાં વર તેમ જ વધૂ સંસ્કૃતની સાથે ગુજરાતીમાં પણ સ્હામસ્હામી પ્રતિજ્ઞાઓ લેતાં હતાં, સ્હમજતાં હતાં.



“રસ ઐક્ય વણ મન ઐક્ય નહિ......મન ઐક્ય વિણ નહિ મિત્રતા.”
“સ્ત્રીપુરૂષ કેરૂં લગ્ન એવી મિત્રતાનો હેતુ છે.”

એ જીવનમિત્રતાના અંકુર આ લગ્નમાં ફુટતા હોય એવું વરવધૂની પ્રતિજ્ઞા તેમ જ મુખચર્યા ઉપરથી ભાસતું હતું. આ અંકુરને ઓનરેબલ જસ્ટીસ ચંદાવરકર અને એક આર્ય સન્નારીએ બોધામૃતનું સિંચન કરી ખિલવ્યું હતું. ડૉ. તુલજારામ અને ત્હેમને સાહાય્ય આપનાર ત્હેમના સ્નેહીઓને આ અનુકરણીય વર્તન માટે ધન્યવાદ આપીયે છે. લગ્ન એ શી વસ્તુ છે, એથી કેટલી જવાબદારી વધે છે અને તે જવાબદારી વિનાવિઘ્ને પરિપૂર્ણ કરવાને શી યોગ્યતા છે તે સ્હમજ્યા વિના, મેળવ્યા વિના, ઢીંગલા ઢીંગલી તો નહિ પણ બાર બાર પંદર પંદર વર્ષનાં છોકરાંને પરણતાં જોઇશું ત્યાં સૂધી સ્વરાજ્ય મેળવવવાનો યત્ન કરવા, તથા જાપાનીસ જેવી પ્રજા થાય એવી આશા રાખવી અને આર્ય દેશ ભૂતકાળની પ્રસિદ્ધી પામે એવી ઉમેદ રાખવી તે માત્ર આકાશકુસુમની આશા રાખવા જેવું છે.

**જૈન મહિલા પરિષદ્**—જૈન કોનફરન્સના મંડપમાં જ તા. ૧૯ મી ફેબ્રુવારીને રોજ જૈન મહિલાપરિષદ્ મળી હતી. આ પરિષદ્‌માં આશરે સાત હજાર સ્ત્રીઓએ ભાગ લીધો હતો, જે કેલવણીના પ્રચારે ઉન્નત થતા વિચારોનું પરિણામ છે. એ પરિષદ્‌માં પ્રમુખ સ્થાને શણગાર શેઠાણી વિરાજ્યાં હતાં. ઘણી સન્નારીઓએ વ્યાખ્યાન આપ્યાં હતાં. તથા અમદાવાદના મર્હુમ લોકપ્રિય શેઠ સારાભાઈ મગનભાઈ કરમચંદનાં પુત્રી સૌ. અનસૂયાનું “સ્ત્રીકેળવણી” ઉપર આપેલું વ્યાખ્યાન સાંભળવા જેવું હતું. “હાલના વખતમાં છોકરીયોને નિશાળે મોકલે છે અને ચાર પાંચ ચોપડીયો ભણી એટલે છોકરીયોનાં માબાપો એમ સ્હમજે છે કે ત્હેમનું ભણવાનું હવે પુરૂ થયું. જો કેલવણીનો અર્થ અક્ષરો ઓળખવાનો હત તો તે બરાબર છે, પણ કેલવણીનો અર્થ હૃદય તેમ જ બુદ્ધી કેલવવાનો છે ત્હેને ઠેકાણે બુદ્ધી એકલી જ કેળવાય છે.” બ્હેન અનસુયાના આ શબ્દો હિંદુસંસારને બરાબર લાગુ પડે છે. એકલી બુદ્ધિને બદલે હૃદય પણ કેળવાતું હત તો હીંદુ પતિપત્નીમાં નજરે પડતો અસંતોષ, ગ્લાનિ, વિગેરે નષ્ટ થાત.

ઉચ્ચ કેળવણી લીધા પછી હૃદયને કેળવ્યું ન હોવાથી પોતાની ભવિષ્યની સ્થિતિને અનુકુલ થવાની શક્તિ ન મળવાથી કેટલી કન્યાઓ યૌવનનો ક્ષય કરી ચાલી જતી અગર જીવન પર્યન્ત મ્લાન રહેતી જોઇએ છીએ! આટલા જ માટે હૃદય કેળવી, ઇશ્વરજ્ઞાન આપવાની આપણી મુખ્ય ફરજ છે. “સ્ત્રીઓને વિચાર વગરની દાસી થઇને રહેવું અથવા

પુરૂષની નવરાશે ત્હેનું રૂપાળું રમકડું કે ઘરેણું થઈ રહેવું તે ત્હેમના જીવનનો ખરો હેતુ નથી." કેળવાયેલા એટલે માત્ર બુદ્ધી જ કેળવનારા તેમ જ અન્ય પુરૂષ વર્ગનો મ્હોટો ભાગ એમ જ સ્હમજતો આવ્યો છે કે સ્ત્રી એ **પુરૂષના** સુખને માટે છે, પુરૂષ **સ્ત્રી**ના સુખના માટે નથી. સ્ત્રી એ જીવનમાં સરલતાનું સાધન છે. તે વિનામૂલ્યની દાસી છે અગર ફુરસદે રમકડું છે એમ લેખાય છે. સ્ત્રીને સંસારમાં શી ફરજ બજાવવાની છે, ત્હેને સુખી કરવામાં પુરૂષે કેટલો પરિશ્રમ કરવાનો છે, ત્હેને સહધર્મચારિણી બનાવવાથી ઐહિક તેમ જ પારલૌકિક શા લાભ મળે છે તેનો જરા પણ વિચાર કરતા જ નથી. બ્હેન અનસુયાએ કહ્યું છે તેમ "સ્ત્રી દાસી અગર રૂપાળું રમકડું" જ મનાતું આવ્યું છે અને તેટલા માટે જ પુરૂપ વર્ગ એક નહિ પણ અનેકવાર, સ્ત્રી હોય વા ન હોય તો પણ, લગ્ન કરે છે અને માત્ર પોતાનું ક્ષણિક સુખ શોધ્યા કરે છે. સ્ત્રી માત્ર રમકડું નથી પણ સંસાર સાગરમાં જીવનનૌકા સહીસલામત ચલાવવાને એક સુકાનરૂપ છે. સ્ત્રી તેમ જ પુરૂષ બન્ને મળીને જ એક અંગ થાય છે એમ માની બન્નેને યોગ્ય કેલવણી આપવામાં નહી આવે અને બન્ને આચાર તેમ જ વિચારે એક નહિ થાય ત્યાં સુધી સંસારસાગર પાર તરવા કોઇ શક્તિમાન્ થનાર નથી.

## બદલામાં આવેલાં માસિકોમાંના કેટલાક વાંચવા લાયક વિષયો.

**માસિક હીંદી ગ્રાફીક**—જાનેવારી. ૧ માતાઓ અને તેમની ફરજ.
૨ મેરીએ વરને કેમ સુધાર્યો?
૩ પાંદડાંઓની હીલચાલ.

**સ્ત્રીબોધ**— જાનેવારી ૧ સૃષ્ટિની રચનામાં સ્ત્રીજાતિનો હીસ્સો.
૨ બાળકોને શિખવવાના બોધ.

**સમાલોચક**—અકટોબર–ડીસેમ્બર. વિધવાઉદ્ધાર.

સુબન્ધુ, બન્ધુસમાજ.

# સમયતરંગ.

લુણાવાડા સ્ટેટના નેકનામ મહારાજા સાહેબ શ્રીવખતસિંહજી પોતાના સંસ્થાનમાં સ્ત્રીકેળવણીના સંબંધમાં ઘણી ખંત રાખે છે, અને તેમાં પણ સુપ્રસિદ્ધ સુધારક રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસના દીવાનપદે આવ્યા પછી સ્ત્રીકેળવણીને ઘણો સારો આશ્રય મળતો રહે છે. તેમના પ્રયાસથી ત્યાંની કન્યાશાળામાં પાકશાસ્ત્રનો વિષય દાખલ થયો છે, અને બાળકીઓને હાથેજ રસોઈ કરાવી તેનું વ્યવહારિક જ્ઞાન આપવામાં આવે છે. વળી આનંદની વાત એ છે કે રાજકુટુંબ પણ તે કામમાં ઉમંગ ધરાવે છે. થોડાક સમય ઉપર ત્યાં અ. સૌ. શ્રીમંત શ્રીસ્વરૂપ કુંવરબા રાણી સાહેબના પ્રમુખપણા નીચે એક સ્ત્રીસમાજ ભરાયો હતો, તેમાં તેમના હસ્તે કન્યાઓને ઇનામો અપાયાં હતાં, તથા સુધારક મી. હીરાલાલ વિદ્યારામ રાવળનાં પત્ની સૌ. કૃષ્ણાગૌરી (સદ્ગુણી હેમન્ત કુમારીનાં કર્તા), જે ત્યાંનાં હેડમીસ્ટ્રેસ છે, તેમણે સ્ત્રીકેળવણીની જરૂરીઆત ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

## લવાજમની પ્હોંચ.

### ત્રીજા વર્ષ પેટેની.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૫૬ | „ | ૨૮૬ | રા૦ હીરાશંકર રતનશંકર | અમદાવાદ | ૧—૪—૦ |
| ૪૫૭ | „ | ૩૪૯ | રા૦ વરજરાય સંતોકરાય | ખેડા | ૧—૪—૦ |

### ચોથા વર્ષ પેટેની

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૨ | નં. | ૭૨૮ | મે. સેક્રટરી ગુજરાતી જ્ઞાનાશ્રમ લાયબ્રેરી | કાનપુર | ૧—૪—૦ |
| ૭૩ | નં. | ૭૨૯ | રા. મુળજી રણછોડ વેદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૭૪ | નં. | ૭૩૦ | રા. લક્ષ્મીદાસ રવજી તેરસી | મુંબાઇ | ૧—૪—૦ |
| ૭૫ | નં. | ૩૦૨ | રા. જસવંતરાય મયાશંકર વૈદ | જુનાગઢ | ૧—૪—૦ |
| ૭૬ | નં. | ૫૬૨ | રા સુતાર વેલાભાઈ | જંગબાર | ૧—૮—૦ |
| ૭૭ | નં. | ૭૩૧ | રા. ચંદુલાલ અંબાલાલ ડૉકટર | ગોધરા | ૧—૪—૦ |
| ૭૮ | નં. | ૭૩૨ | લલિતા ગવરી | પુના | ૧—૪—૦ |
| ૭૯ | નં. | ૭૩૩ | વી. આર સપ્રે | દાદર-મુંબાઇ | ૧—૪—૦ |
| ૮૦ | નં. | ૫૬૫ | રા. ચીમનલાલ કીરપાશંકર | આણંદ | ૧—૪—૦ |
| ૮૧ | નં. | ૬૧૦ | રા. ડૉ. કંથારીઆકર | નડીયાદ | ૧—૪—૦ |
| ૮૨ | નં. | ૭૩૪ | હેમકુંવર પાનાચંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૮૩ | નં. | ૩૮૯ | રા. ફકીરભાઇ લાલભાઈ | આણંદ | ૧—૪—૦ |
| ૮૪ | નં, | ૭૩૫ | દેશાઇ મગનલાલ જમેતરામ | જલગામ | ૧—૪—૦ |
| ૮૫ | નં, | ૭૩૬ | રા. હરરાય અમુલખરાય | નડીયાદ | ૧—૪—૦ |
| ૮૬ | નં, | ૭૩૭ | રા. ઇન્દ્રવદનરામ મધુવચ્છરામ | અમદાવાદ | ૧—૪—૦ |
| ૮૭ | „ | ૫૪૯ | રા. મુકુંદરાય એચ પંડયા | નડીયાદ | ૧—૪—૦ |
| ૮૮ | „ | ૪૯ | રા૦ દા૦ નારણજી ઉમરશી | મુંબાઇ | ૧—૪—૦ |
| ૮૯ | „ | ૪૧૫ | રા૦ રેવાશંકર જગજીવન | મુંબાઈ | ૧—૪—૦ |
| ૯૦ | „ | ૨૮૫ | શા૦ હીરજી કાનજી | મુંબાઈ | ૧—૪—૦ |
| ૯૧ | „ | ૧૨૬ | ખોજા મામદભાઈ ખાદુભાઇ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૯૨ | „ | ૩૦૭ | રા૦ ડંકેશરાય જદુરાય દેશાઇ | કાલોલ | ૧—૪—૦ |
| ૯૩ | „ | ૨૫૮ | રા૦ ત્રીકમદાસ દામોદરદાસ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૯૪ | „ | ૨૮૦ | રા૦ ઇશ્વરલાલ ધીરજરામ | „ | ૧—૪—૦ |
| ૯૫ | „ | ૩૬૫ | રા૦ દા૦ જીવણદાસ નારણદાસ | „ | ૧—૪—૦ |
| ૯૬ | „ | ૩૨૩ | રા૦ ઑન૦ ચીમનલાલ હરિલાલ | „ | ૧—૪—૦ |
| ૯૭ | „ | ૧૩૩ | રા૦ ગોવિન્દલાલ નરભેરામ | „ | ૧—૪—૦ |
| ૯૮ | „ | ૨૭૬ | રા૦ મનસુખરામ સૂર્યરામ | „ | ૧—૪—૦ |
| ૯૯ | „ | ૩૪૮ | શા૦ ધનજી ખેતસી | „ | ૧—૪—૦ |
| ૧૦૦ | „ | ૯૩ | બાઇ પરશન કુંવર | „ | ૧—૪—૦ |
| ૧૦૧ | „ | ૩૯૪ | રા૦ એલ વસંતરાય નરભેરામ | „ | ૧—૪—૦ |
| ૧૦૨ | „ | ૨૮૮ | મે૦ ભુલેશ્વર લાયબ્રેરીના સે. | „ | ૧—૪—૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૩ | ,, | ૩૭૮ | સૈ૦ હિરાબાઈ | ,, | ૧—૪—૦ |
| ૧૦૪ | ,, | ૧૯૯ | રા૦ ભીમજીભાઈ નારાયણજી | ,, | ૧—૪—૦ |
| ૧૦૫ | ,, | ૬૦ | શેઠ યુસફઅલી એ. બકરભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૦૬ | ,, | ૧૬૧ | બાઇ જયકુંવર માણેકભાઈ હરિભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૦૭ | ,, | ૨૨૭ | રા૦ કરશનદાસ પિતામ્બરદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૦૮ | ,, | ૩૫૬ | રા૦ રંગીલદાસ નરભેરામ | ,, | ૧—૪—૦ |
| ૧૦૯ | ,, | ૨૨૩ | રા૦ ટી૦ કે૦ ઠાકોર | ,, | ૧—૪—૦ |
| ૧૧૦ | ,, | ૨૧૬ | મીસીસ મમીબાઇ નારાયણજી હરિભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૧૧ | ,, | ૧૬૦ | શેઠ જેઠાભાઇ મુળજીભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૧૨ | ,, | ૧૭૪ | શેઠ જીવણદાસ પ્રભુદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૧૩ | ,, | ૨૪૩ | રા૦ પ્રભુદાસ દેવીદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૧૪ | ,, | ૪૨ | રા૦ પુરષોત્તમ રણછોડ | ઉમેટા | ૧—૪—૦ |
| ૧૧૫ | ,, | ૨૮૩ | મીસ લીલાવતી સાકરલાલ દેશાઈ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૧૧૬ | ,, | ૫૬૧ | રા૦ ગોવરધનદાસ પુરષોત્તમ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૧૧૭ | ,, | ૩૯૯ | શા૦ કરશનદાસ ભગવાનદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૧૮ | ,, | ૧૧૧ | સૌ૦ મણિલક્ષ્મી હીમતલાલ ગણેશજી | ,, | ૧—૪—૦ |
| ૧૧૯ | ,, | ૪૦૩ | હિરલક્ષ્મી ઇચ્છારામ | ,, | ૧—૪—૦ |
| ૧૨૦ | ,, | ૨૯૮ | રા૦ મનસુખરામ કે. મ્હેતા | ,, | ૧—૪—૦ |
| ૧૨૧ | ,, | ૩૭ | ઠક્કર દામોદર હેમરાજભાઈ | ,, | ૧—૪—૦ |
| ૧૨૨ | ,, | ૧૦૯ | રા૦ મુરારજી નરોત્તમદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૨૩ | ,, | ૨૯૬ | રા૦ છગનભાઇ નાથાભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૨૪ | ,, | ૧૯૫ | ગો૦રૂઘનાથદાસ દામોદરદાસ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૨૫ | ,, | ૫૧૫ | વોરા અબદુલ હુસેન મુસાજી | કરાંચી | ૧—૪—૦ |
| ૧૨૬ | ,, | ૧૪૨ | રા૦ મુળશંકર વિશ્વનાથ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૨૭ | ,, | ૬૪ | રા૦ હરિદાસ લાલજી | કરાંચી | ૧—૪—૦ |
| ૧૨૮ | ,, | ૩૨૮ | રા૦ રૂપચંદ ગોરધનદાસ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૨૯ | ,, | ૧૯૭ | રા૦ ઝીણાભાઇ મુળજીભાઇ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૩૦ | ,, | ૧૦૮ | રા૦ લાલજી હરજીવનદાસ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૩૧ | ,, | ૪૯૨ | રા૦કરમચંદ નેણસી | કરાંચી | ૧—૪—૦ |
| ૧૩૨ | ,, | ૨૦૯ | રા૦ હરસુખરાય ઇચ્છારામ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૩૩ | ,, | ૪૯૩ | રા૦ વલ્લભદાસ જસનજી | કરાંચી | ૧—૪—૦ |
| ૧૩૪ | ,, | ૫૪૬ | રા૦ હરિપ્રસાદ ઉત્તમરામ | ધરાસણા | ૧—૪—૦ |
| ૧૩૫ | ,, | ૭૦ | શા૦ એ૦ ડી૦ ધરમસી | કંજગામ | ૧—૪—૦ |
| ૧૩૬ | ,, | ૩૪૭ | રા૦ વૈદરાજ નૃસિંહપ્રસાદ | અમરેલી | ૧—૪—૦ |
| ૧૩૭ | ,, | ૨૫૭ | ઓનરરી સેક્રેટરી ઠાસરા લાયબ્રેરી | ઠાસરા | ૧—૪—૦ |
| ૧૩૮ | ,, | ૫૧૮ | ઠાકર દામોદર લીલાધર | મુંબાઇ | ૧—૪—૦ |



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૯ | ,, | ૨૬૩ | સૌ૦ ઝવેરબાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૪૦ | ,, | ૨૬૨ | રા૦ શરચંદ મોતીચંદ | ,, | ૧—૪—૦ |
| ૧૪૧ | ,, | ૨૫૦ | રા૦ મણીલાલ ડાહ્યાભાઇ | ,, | ૧—૪—૦ |
| ૧૪૨ | ,, | ૫૫૬ | રા૦ વિઠલદાસ નારાયણદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૪૩ | ,, | ૧૭૨ | રા૦ હિરાલાલ રણછોડદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૪૪ | ,, | ૬૦૨ | મીસીસ કાશીગવરી ગજ્જર | ,, | ૧—૪—૦ |
| ૪૫ | ,, | ૪૮૮ | રા૦ લીલાધર સુન્દરજી | ,, | ૧—૪—૦ |
| ૧૪૬ | ,, | ૫૮૦ | મીસીસ ગવરીબહેન બાપુભાઈ | ,, | ૧—૪—૦ |
| ૧૪૭ | ,, | ૪૯૮ | રા૦ રમણિકલાલ નરસીલાલ | ,, | ૧—૪—૦ |
| ૧૪૮ | ,, | ૬૦૦ | રા૦ શાકરલાલ હરીલાલ | ,, | ૧—૪—૦ |
| ૧૪૯ | ,, | ૫૧૪ | રા૦ ઠક્કર તુળસીદાસ કુંવરજી | ,, | ૧—૪—૦ |
| ૧૫૦ | ,, | ૫૧૧ | રા૦ પરશોત્તમ ગોપાળદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૫૧ | ,, | ૫૩૬ | રા૦ ભવાનીદાસ નારણદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૫૨ | ,, | ૫૮૭ | રા૦ મોતીલાલ ગંગાદાસ | ,, | ૧—૪—૦ |
| ૧૫૩ | ,, | ૪૯૪ | ડૉ૦ આર. જે વેદાન્ત | ,, | ૧—૪—૦ |
| ૧૫૪ | ,, | ૫૧૩ | ઠાકર શીવજી પુંજા | ,, | ૧—૪—૦ |
| ૧૫૫ | ,, | ૫૫૯ | રા૦ મુકુન્દરાય પ્રતાપરાય | ,, | ૧—૪—૦ |
| ૧૫૬ | ,, | ૫૨ | રા૦ નગીનદાસ હરિલાલ | ,, | ૧—૪—૦ |
| ૧૫૭ | ,, | ૨૯૫ | રા૦ નરોત્તમદાસ ભાણજી | સાંતાક્રુ | ૧—૪—૦ |
| ૧૫૮ | ,, | ૫૦૬ | રા૦ સરદારસીંગ સુરસંગ | ટંકારી બંદર | ૦—૪—૦ |
| ૧૫૯ | ,, | ૩૨ | રા૦ હરિશંકર કૃષ્ણારામ | ગોધરા | ૧—૪—૦ |
| ૧૬૦ | ,, | ૪૬૩ | મીસીસ વીરમતી મગનલાલ | ભરૂચ | ૧—૪—૦ |
| ૧૬૧ | ,, | ૫૦૫ | રા૦ બળવંતરાય નરભેરામ | ભરૂચ | ૧—૪—૦ |
| ૧૬૨ | ,, | ૩૩૭ | સૌ તારાગવરી | નડીયાદ | ૧—૪—૦ |
| ૧૬૩ | ,, | ૩૩૯ | રા૦ ગણપતરામ હર્ફ છોટાભાઇ | નડીયાદ | ૧—૪—૦ |
| ૧૬૪ | ,, | ૨૩૪ | રા૦ પરતાપરાય પરમાનંદદાસ | જામનગર | ૧—૪—૦ |
| ૧૬૫ | ,, | ૧ | રા૦ વકીલ ચતુરદાસ | જામનગર | ૧—૪—૦ |
| ૧૬૬ | ,, | ૬૦૬ | રા૦ હરિલાલ મા ભટ્ટ | જુનાગઢ | ૧—૪—૦ |
| ૧૬૭ | ,, | ૩૩૪ | રા૦ છગનલાલ હરિલાલ | જુનાગઢ | ૧—૪—૦ |
| ૧૬૮ | ,, | ૪૫૮ | રા૦ ગોપાળજી સુંદરજી | તલાજા | ૧—૪—૦ |
| ૧૬૯ | ,, | ૬૦૫ | અ. સૌ. કમળાગૌરી | ખેડા | ૧—૪—૦ |
| ૧૭૦ | ,, | ૧૬૩ | રા૦ સા. ભાઉરાવ રણછોડરાય | ગોધરા | ૧—૪—૦ |
| ૧૭૧ | ,, | ૨૭૨ | રા૦ માધવલાલ ઝવેરીલાલ | ઉમરેઠ | ૧—૪—૦ |
| ૧૭૨ | ,, | ૬૫ | રા૦ મુળચંદ ઘેલાભાઇ | કરાંચી | ૧—૪—૦ |
| ૧૭૩ | ,, | ૪૧૯ | રા૦લક્ષ્મીદાસ ભીખાભાઇ | પારડી | ૧—૪—૦ |
| ૧૭૪ | ,, | ૫૫૨ | રા૦ હિમ્મતરામ ગવરીશંકર | કલકતા | ૧—૪—૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭૫ | ,, | ૩૧ | રા૦ કૃષ્ણદાસ જેઠાભાઈ | કલકત્તા | ૧—૪–૦ |
| ૧૭૬ | ,, | ૩૫૦ | રા૦ વ્રીજલાલ મુળજીભાઈ | કલકત્તા | ૧—૪–૦ |
| ૧૭૭ | ,, | ૫૪૫ | દેશાઈ માધવલાલ સંતોકરાય | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૭૮ | ,, | ૫૨૨ | વહોરા યશવંતરાય વજેશંકર | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૭૯ | ,, | ૫૬૦ | રા૦ મોહનલાલ પુંજાભાઈ | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૮૦ | ,, | ૫૯૦ | મીસીસ ઇચ્છાગવરી | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૮૧ | ,, | ૫૭૭ | રા૦ નાગેન્દ્રલાલ | પાલેજ | ૧—૪–૦ |
| ૧૮૨ | ,, | ૫૩૫ | શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈ. પુ. સે | પાટણ | ૧—૪–૦ |
| ૧૮૩ | ,, | ૧૮૦ | રા૦ ચંદ્રશંકર ગીરજાશંકર | પ્રાંતીજ | ૧—૪–૦ |
| ૧૮૪ | ,, | ૧૭ | રા૦ રામપ્રસાદ નૃસિંહપ્રસાદ | જુનાગઢ | ૧—૪–૦ |
| ૧૮૫ | ,, | ૮૯ | અ. સૌ. પ્રભાવતી | ગોંડલ | ૧—૪–૦ |
| ૧૮૬ | ,, | ૬૯ | રા૦ બાળકૃષ્ણ જદુરામ | જેતપુર | ૧—૪–૦ |
| ૧૮૭ | ,, | ૪૭૬ | ઠાકોરશ્રી હીમતસાંગજી | ગાજણા | ૧—૪–૦ |
| ૧૮૮ | ,, | ૨૭ | રા૦ અંબાશંકર મોહનજી | વઢવાણ | ૧—૪–૦ |
| ૧૮૯ | ,, | ૫૬૩ | રા૦ મકનજી જુઠાભાઈ | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૯૦ | ,, | ૧૩૦ | સૌ. ગુણવન્તલક્ષ્મી | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૯૧ | ,, | ૫૨૩ | રા૦ દેશાઈ ઇચ્છાશંકર | મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૯૨ | ,, | ૯૫ | ડાકટર મનંતરાય મદનરાય | સુરત | ૧—૪–૦ |
| ૧૯૩ | ,, | ૫૫૭ | રા૦ જયસુખલાલ કૃષ્ણલાલ | સુરત | ૧—૪–૦ |
| ૧૯૪ | ,, | ૫૪૯ | રા૦ મુળજી દુર્લભજી | માટુંગા. મુંબાઈ | ૧—૪–૦ |
| ૧૯૫ | ,, | ૧૮૮ | રા૦ ગુલાબચંદ આનંદજી | ભાવનગર | ૧—૪–૦ |
| ૧૯૬ | ,, | ૪૩૩ | રા૦ અનન્તરાય શાકરલાલ | ભાવનગર | ૧—૪–૦ |
| ૧૯૭ | ,, | ૪૨૭ | પ્રો. મણિશંકર રતનજી | ભાવનગર | ૧—૪–૦ |
| ૧૯૮ | ,, | ૨૮ | રા૦ અમરતલાલ ઓધવજી | ભાવનગર | ૧—૪–૦ |
| ૧૯૯ | ,, | ૧૮૭ | રા૦ મોતીચંદ ગીરધર બી. એ. | ભાવનગર | ૧—૪–૦ |
| ૨૦૦ | ,, | ૨૭૧ | રા૦ મોહનલાલ છગનલાલ | ધોલેરા | ૧—૪–૦ |
| ૨૦૧ | નં. | ૧૮૬ | મે. સર ભગવતસિંહજી લાયબ્રેરીના સે. | ગોંડળ | ૧—૪—૦ |
| ૨૦૨ | ,, | ૧૧૨ | રા. સાકરલાલ મોતીલાલ | ગોંડળ | ૧—૪—૦ |
| ૨૦૩ | ,, | ૨૨૮ | રા. લક્ષ્મીદાસ દેવચંદ | મુંબાઈ | ૧—૪—૦ |
| ૨૦૪ | ,, | ૩૦ | રા. માવજી વલ્લભદાસ | પાચોરા | ૧—૪—૦ |
| ૨૦૫ | ,, | ૩૩૪ | મે. ઢોલરાના જાડેજા શિવસિંહજી | એલરા | ૧—૪—૦ |
| ૨૦૬ | ,, | ૩૪૯ | રા. વરજરાય સંતોકરાય | ખેડા | ૧—૪—૦ |
| ૨૦૭ | ,, | ૪૦૦ | રા. મનજી વાઘજી | જેતલસર | ૧—૪—૦ |
| ૨૦૮ | ,, | ૫૩૩ | રા. રમણિકલાલ ઉદેરિધ | જેતપુર | ૧—૪—૦ |
| ૨૦૯ | , | ૪૯૬ | રા. જસરાજ હીરાચંદ | ક્રાચીન | ૧—૪—૦ |
| ૨૧૦ | ,, | ૩૬૦ | રા. પુરસોત્તમ ગોવિન્દદાસ | ડઢાણ | ૧—૪—૦ |



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૧ | ,, | ૫૨૯ | સૌ. પંડીતા સુમતિ ધીમતરાય | સુરત | ૧—૪—૦ |
| ૨૧૨ | ,, | ૫૩૨ | રા. આનંદરાવ હરિવલવદ સ | નાગપુર સીટી | ૧—૪—૦ |
| ૨૧૩ | ,, | ૪૬૫ | રા. મોહનલાલ પાર્વતિશંકર | સુરત | ૧—૪—૦ |
| ૨૧૪ | ,, | ૩૮ | સૌ. બચુબાઈ હરિદાસ | માટુંગા | ૧—૪—૦ |
| ૨૧૫ | ,, | ૫૬૯ | રા. વાઘજીભાઈ હીમાભાઈ | મહુવા | ૧—૪—૦ |
| ૨૧૬ | ,, | ૪૨૯ | રા. સેવકલાલ રતનલાલ | માતર | ૧—૪—૦ |
| ૨૧૭ | ,, | ૫૭૯ | રા. શેઠ કરશનદાસ બાલગોવિંદ | માટુંગા | ૧—૪—૦ |
| ૨૧૮ | ,, | ૧૩૯ | રા. જીવણલાલ હરિશંકર દવે | અમૃતસર | ૧—૪—૦ |
| ૨૧૯ | ,, | ૪૪૧ | રા. મોહનલાલ નાગજી | ધોરાજી | ૧—૪—૦ |
| ૨૨૦ | ,, | ૨૫૫ | રા. ત્રીકમલાલ કબાભાઈ | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૨૧ | ,, | ૪૪૩ | શા ફકીરચંદ કેવળદાસ | બારેજા | ૧—૪—૦ |
| ૨૨૨ | ,, | ૨૨૪ | રા. લાભશંકર લક્ષ્મીશંકર | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૩ | ,, | ૪૩૪ | રા માધવરાય જેઠાભાઈ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૪ | ,, | ૧૦૫ | પ્રો. નાનાલાલ દલપતરામ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૫ | ,, | ૧૮૨ | પ્રો. બળવંતરાય કલ્યાણરાય | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૬ | ,, | ૪૩૭ | રા. બળવંતરાય હરિશંકર | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૭ | ,, | ૨૩૦ | રા. ભાનુસુખ નિર્ગુણરામ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૮ | ,, | ૫૩૭ | રા. રેવાશંકર અનુપચંદ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૨૯ | ,, | ૩૧૫ | રા. રતિલાલ મગનલાલ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૩૦ | ,, | ૫૨૭ | રા. લક્ષ્મીલાલ કાનજી | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૩૧ | ,, | ૫૭૫ | મીસીસ રૂક્ષમણી રણછોડદાસ | મોરબી | ૧—૪—૦ |
| ૨૩૨ | ,, | ૫૦૬ | સંઘવી રવિચંદ વખતચંદ | મોરબી | ૧—૪—૦ |
| ૨૩૩ | ,, | ૮૪ | રા. ઇચ્છાશંકર દુર્ગાશંકર | બગસરા | ૧—૪—૦ |
| ૨૩૪ | ,, | ૫૧૦ | મે. બી. એ. એન્ડી સાહેબ | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૩૫ | ,, | ૨૬૯ | રા. બદાણી ગુલાબચંદ ભગવાન | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૩૬ | ,, | ૪૦૫ | રા. લાભશંકર લક્ષ્મીશંકર | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૩૭ | ,, | ૫૮૫ | મે. સુરાગજી આણંદજી | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૩૮ | ,, | ૪૮૧ | રા. જસવંતલાલ સાકરલાલ | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૩૯ | ,, | ૪૯૯ | રા. જયવત્સલાલ ગંગાદાસ | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૪૦ | ,, | ૫૫૮ | રા. કાલીદાસ લાલભાઈ | સુરત | ૧—૪—૦ |
| ૨૪૧ | ,, | ૨૧૨ | રા. નરસીલાલ ધમનલાલ | નગરઠઠ્ઠા | ૧—૪—૦ |
| ૨૪૨ | ,, | ૫૮૬ | રા. નયનસુખલાલ હરિલાલ | શાંતાક્રુઝ | ૧—૪—૦ |
| ૨૪૩ | ,, | ૩૮૧ | શા. અંબાલાલ મોતીલાલ | ધોલેરા | ૧—૪—૦ |
| ૨૪૪* | ,, | ૫૪૦ | રા. મુકુન્દરાય વિ. હરસુખરામ | નડીયાદ | ૧—૪—૦ |
| ૨૪૫ | ,, | ૩૬૧ | મીસીસ જી. કે. ઉપાધ્યાય | ધોરાજી | ૧—૪—, |
| ૨૪૬ | ,, | ૩૯૭ | રા. જટાશંકર ઘેલાભાઈ | ભાયાવદર | ૧—૪—૦ |

* ૨૪૪ આ ગ્રાહકનું લવાજમ પાંચમા વર્ષ પેટે જમે કરવામાં આવ્યું છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪૭ | ,, | ૪૭૩ | જૈન કન્યાશાળા લાયબ્રેરી | કોડાય-કચ્છ | ૧—૪—૦ |
| ૨૪૮ | ,, | ૩૯૦ | રા. બા. પ્રહલાદજી સેવકરામ | દહેગામ | ૧—૪—૦ |
| ૨૪૯ | ,, | ૧૬૨ | મીસીસ કૃષ્ણ ગૈરી | લુણાવાડા | ૧—૪—૦ |
| ૨૫૦ | ,, | ૩૮૪ | રા. પટવારી પોપટલાલભાઈ | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૫૧ | ,, | ૪૧૩ | રા. સુન્દરલાલ કેવળરામ | માંગરોળ | ૧—૪—૦ |
| ૨૫૨ | ,, | ૪૩૬ | આચાર્ય યશવંતરાય | માંગરોળ | ૧—૪—૦ |
| ૨૫૩ | ,, | ૫૭૦ | બ્હેન ચંદન અમરચંદ | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૫૪ | ,, | ૩૪૧ | અ. સૌ. સરવતી | ભાવનગર | ૧—૪—૦ |
| ૨૫૫ | ,, | ૨૪૪ | રા. વિઠ્ઠલભાઇ સાંગળદાસ | વઢવાણ | ૧—૪—૦ |
| ૨૫૬ | ,, | ૫૪૪ | રા. નાગરદાસ છગનલાલ | વઢવાણ | ૧—૪—૦ |
| ૨૫૭ | ,, | ૩૬ | રતનબાઇ લાલજી વિરજી | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૫૮ | ,, | ૩૯૬ | શેઠ હેમચંદ અમરચંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૫૯ | ,, | ૪૬૭ | રા. ઠાકરશી દયાળ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૬૦ | ,, | ૧૧ | રા. યશવંતરાય નથુરામ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૬૧ | ,, | ૫૯૭ | રા. ભગવાનદાસ એન મરચન્ટ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૬૨ | ,, | ૭૩૮ | રા. માધવદાસ મોરારજી | મુંબાઈ | ૧—૪—૦ |
| ૨૬૩ | ,, | ૭૩૯ | શા. ભગવાનદાસ મુળચંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૬૪ | ,, | ૩૭૯ | સૌ. જયકુંવરબાઇ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૬૫ | ,, | ૨૯૯ | રા. સા. માણેકલાલ સાકરલાલ | વડોદરા | ૧—૪—૦ |
| ૨૬૬ | ,, | ૩૧૧ | રા. છગનલાલ ઠાકોરલાલ | વડોદરા | ૧—૪—૦ |
| ૨૬૭ | ,, | ૪૬૨ | રા. એમ. ડી. દીવાનજી | વડોદરા | ૧—૪—૦ |
| ૨૬૮ | ,, | ૮૭ | સૌ. દિવાળીબા | વડોદરા | ૧—૪—૦ |
| ૨૬૯ | ,, | ૨૯૭ | રા. બા. સારાભાઈ બહેચલભાઇ | વડોદરા | ૧—૪—૦ |
| ૨૭૦ | ,, | ૯૯ | રા. દ્વારકાનાથ બી. રેડકર | રાજકોટ | ૧—૪—૦ |
| ૨૭૧ | ,, | ૫૦૩ | શા. કલ્યાણજી જીવણદાસ | પોરબંદર | ૧—૪—૦ |
| ૨૭૨ | ,, | ૫૩૧ | રા. રામપ્રસાદ જયકૃષ્ણ | પાલનપુર | ૧—૪—૦ |
| ૨૭૩ | ,, | ૪૮૭ | રા. ભોગિલાલ રાજારામ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૭૪ | ,, | ૩૫૩ | રા. માધવદાસ પ્રેમજી | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૭૫ | ,, | ૫૭૪ | રા. મોહનલાલ ગણપતરામ | જાફરાબાદ | ૧—૪—૦ |
| ૨૭૬ | ,, | ૪૭૯ | શા. વિઠ્ઠલજી જેઠાભાઇ | મુંબાઈ | ૧—૪—૦ |
| ૨૭૭ | ,, | ૪૭૫ | બાઇ રાધાબાઇ | મોરબી | ૧—૪—૦ |
| ૨૭૮ | ,, | ૫૫૦ | રા. ભીમસેન ભવાનીદાસ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૭૯ | ,, | ૪૭૪ | રા. લક્ષ્મીદાસ મુલજી | કરાંચી | ૧—૪—૦ |
| ૨૮૦ | ,, | ૧૮૯ | રા. પુરસોત્તમદાસ મુળચંદ | ગોંડળ | ૧—૪—૦ |
| ૨૮૧ | ,, | ૪૫૭ | રા. જાદવજી હંસરાજ | ભુજ | ૧—૪—૦ |
| ૨૮૨ | ,, | ૪૧ | અ. સૌ. મમીબાઇ | ભુજ | ૧—૪—૦ |



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮૩ | ,, | ૧૩ | મીસીસ મોરારજી વલ્લભદાસ | માંડવી | ૧—૪—૦ |
| ૨૮૪ | ,, | ૧૪૯ | રા. રવજી ધરમસી | માંડવી | ૧—૪—૦ |
| ૨૮૫ | ,, | ૫૮૯ | રા. નાનાલાલ દેવશંકર | મુદ્રા | ૧—૪—૦ |
| ૨૮૬ | ,, | ૩૫૭ | જાની હરિશંકર પ્રભુજી | મુદ્રા | ૧—૪—૦ |
| ૨૮૭ | ,, | ૩૦૮ | રા. સૂર્યરામ સોમેશ્વર | લુણાવાડા | ૧—૪—૦ |
| ૨૮૮ | ,, | ૫૦૪ | સૌ. બાઇશ્રી માંચુબાઇ | વડીયા | ૧—૪—૦ |
| ૨૮૯ | ,, | ૧૦૭ | રા. હિરાલાલ વસન્તલાલ | સાબરમતી | ૧—૪—૦ |
| ૨૯૦ | ,, | ૪૨૧ | મણીબહેન પ્રભશંકર | સિદ્ધપુર | ૧—૪—૦ |
| ૨૯૧ | ,, | ૫૭૬ | મહેતા કીશનદાસ મોરારજી | મુદ્રા | ૧—૪—૦ |
| ૨૯૨ | ,, | ૧૨૩ | રા. કેશવલાલ જે. ધોલકિયા | રામપુર | ૧—૪—૦ |
| ૨૯૩ | ,, | ૪૯૦ | રા. પૂર્ણાનંદ મહાનંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૯૪ | ,, | ૩૧૩ | રા. મેઘજી વિસનજી | માંડવી | ૧—૪—૦ |
| ૨૯૫ | ,, | ૫૬૪ | ન્યુ સોપ મેન્યુ૦ કંપની | મુંબાઇ | ૧—૪—૦ |
| ૨૯૬ | ,, | ૨૩૧ | રા. મનસુખરામ પ્રાણજીવન | બીલખા | ૧—૪—૦ |
| ૨૯૭ | ,, | ૩૩૬ | અ. સૌ. સવિતાગવરી | વાગરા | ૧—૪—૦ |
| ૨૯૮ | ,, | ૧૭૩ | સૌ. દુર્ગાબાઇ લલ્લુભાઈ | સુયરામપુર | ૧—૪—૦ |
| ૨૯૯ | ,, | ૧૫૫ | રા. માણેકધર ગીરજાધર | ભટિન્ડા | ૧—૪—૦ |
| ૩૦૦ | ,, | ૫૭૨ | રા. ખંડુભાઇ ભીમજીભાઇ | પરેલ | ૧—૪—૦ |
| ૩૦૧ | ,, | ૫૪૧ | રા. શિવરામ હરજી | સુમરીરોહા | ૧—૪—૦ |
| ૩૦૨ | ,, | ૨૮૨ | રા. નટવરલાલ વિ. કનૈયાલાલ | લખપતદર | ૧—૪—૦ |
| ૩૦૩ | ,, | ૧૪૮ | તારાલક્ષ્મી વિ. રૂપશંકર | વડોદરા | ૧—૪—૦ |
| ૩૦૪ | ,, | ૬૦૪ | રા. અચરતલાલ પુ. જેલર | સાબરમતી | ૧—૪—૦ |
| ૩૦૫ | ,, | ૪૨૫ | સૌ. વસન્તબા | જુનાગઢ | ૧—૪—૦ |
| ૩૦૬ | ,, | ૨૩૫ | શેઠ વહાલજી વિસનજી | માંડવી | ૧—૪—૦ |
| ૩૦૭ | ,, | ૪૩૦ | વામનરાય સોમનારાયણ | વડોદરા | ૧—૪—૦ |
| ૩૦૮ | ,, | ૫૨૬ | શરીફ સાલે મહમદ | વેરાવળ | ૧—૪—૦ |
| ૩૦૯ | ,, | ૪૫૧ | રા. હરિદાસ માધવજી | વેરાવળ | ૧—૪—૦ |
| ૩૧૦ | ,, | ૩૬૯ | રા. બબુભાઇ લક્ષ્મીશંકર | વસાવડ | ૧—૪—૦ |
| ૩૧૧ | ,, | ૪૧૨ | શ્રી જૈનોદય બુદ્ધિસાગર સ. સે. | સાણંદ | ૧—૪—૦ |
| ૩૧૨ | ,, | ૯૨ | ગણપતરામ ઉત્તમરામ | અમદાવાદ | ૧—૪—૦ |
| ૩૧૩ | ,, | ૧૯૩ | અ. સૌ. જયાલક્ષ્મી ચુનીલાલ | વેરાવળ | ૧—૪—૦ |
| ૩૧૪ | ,, | | રા. કેવળરામ દલપતરામ | બારાઘોડા | ૧—૪—૦ |
| ૩૧૫ | ,, | | ડાકટર લક્ષ્મીપ્રસાદ ગીરધરલાલ | ખેડા | ૧—૪—૦ |
| ૩૧૬ | ,, | ૫૯૩ | વીરબલ એચ મહેતા | વડોદરા | ૧—૪—૦ |
| ૩૧૭ | ,, | ૭૧ | રા. ભાણજી ગુલાબચંદ | ભાવનગર | ૧—૪—૦ |
| ૩૧૮ | ,, | ૪૮૭ | રા. ગુલાબરાય જીવણરામ | સદગુડવાવડી | ૧—૪—૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧૯ | ,, | ૪૭૦ | રા. જદુલાલ માધવલાલ | લીંબડી | ૧—૪—૦ |
| ૩૨૦ | ,, | ૨૧૭ | દેશાઇ ગુલાબભાઇ મોહનભાઇ. | મુંબાઇ | ૧—૪—૦ |
| ૩૨૧ | ,, | ૭૪૦ | રા. અંબાશંકર ઉત્તમરામ | ભરૂચ | ૧—૪—૦ |
| ૩૨૨ | ,, | ૫૩૯ | રા. પ્રેમજી વીરજી | સીલી | ૧—૪—૦ |
| ૩૨૩ | ,, | ૪૭૧ | રા. જેવંત હરખચંદ | રંગુન | ૧—૪—૦ |
| ૩૨૪ | ,, | ૬૦૮ | રા. હંસરાજ નાનજી | રંગુન | ૧—૪—૦ |
| ૩૨૫ | ,, | ૪૪૬ | કે એલ, બાબરાવાલા | રંગુન | ૧—૪—૦ |
| ૩૨૬ | ,, | ૪૯૧ | ખાનમહમદ પીરભાઇ | રંગુન | ૧—૪—૦ |
| ૩૨૭ | ,, | ૩૪૨ | જાની જેશંકર નથુરામ | વીસનગર | ૧—૪—૦ |
| ૩૨૮ | ,, | ૭૪૨ | રા. જેશંકર બાપુજી | વાગરા | ૧—૪—૦ |
| ૩૨૯ | ,, | ૩૮૩ | બાઇ પ્રેમાબાઇ પી. કમાણી | કારંજા | ૧—૪—૦ |
| ૩૩૦ | ,, | ૭૪૨ | અ. સૌ. સુરજગવરી | બારડોલી | ૧—૪—૦ |
| ૩૩૧ | ,, | ૭૪૩ | રા. વૈદ્યરાજ કેશવલાલ | પાલીતાણા | ૧—૪—૦ |
| ૩૩૨ | ,, | ૭૪૪ | સૌ. ચંચળ | વલસાડ | ૧—૪—૦ |

# જાહેર ખબર.

## પાર્વતી કુંવર સ્મારક સ્ત્રીકામનું પ્રદર્શન.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હસ્તકના પાર્વતીકુંવર સ્મારક ફંડ તરફથી સ્ત્રીઓના હાથનાં કરેલાં નીચે બતાવેલાં કામનું પ્રદર્શન અમદાવાદમાં આ વર્ષના સપ્ટેમ્બર માસમાં ભરવાની યોજના ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ કરી છે:—

( ૧ ) શીવણ કામ. ( ૨ ) ભરત કામ. ( ૩ ) ગુંથણ કામ.
( ૪ ) ચિત્ર કામ. ( ૫ ) રેખા કામ. ( ૬ ) ફોટોગ્રાફી વગેરે કારીગરીનું કામ.

૨. આ પ્રદર્શનમાં મુંબાઇની ગુજરાતી હિંદુ સ્ત્રીઓ તથા ( કાઠીઆવાડ કચ્છ વગેરે સાથે ) ગુજરાતની સર્વ ધર્મની દેશી સ્ત્રીઓને હાથે તૈયાર થયેલા કામના નમુના રજુ થઇ શકશે. નમુના રજુ કરવા બદલ સ્ટોલ ( માંડવા ) ફી બીલકુલ લેવામાં આવશે નહિ.

૩. ઉત્તમ નમુના બદલ ઇનામો અને પ્રમાણપત્રો આપવામાં આવશે.

૪. તા. ૧૫ મી ઓગસ્ટ સને ૧૯૦૭ સુધીમાં નમુના લેવામાં આવશે. વધુ માહિતી માટે નીચે સહી કરનારને લખીને પુછાવવું.

અમદાવાદ, તા. ૧ ફેબ્રુવારી ૧૯૦૭.
ઠે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફીસ.

**કૃષ્ણરાવ ભોળાનાથ દીવેટીઆ,**
**રમણભાઈ મહીપતરામ નીલકંઠ.**
પ્રદર્શન સબ-કમીટીના સેક્રેટરીઓ.

---


# સુન્દરી સુબોધ.


આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ **ગોવર્ધનરામભાઇના** શબ્દોમાં કહીએ તો “સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને “સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી “અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા “શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની “કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;” પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. “ સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... “સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.


**વર્ષ ૪ થું ] ઈ. સ. ૧૯૦૭ માર્ચ—ફાલ્ગુન વિ. સં. ૧૯૬૩. [ અંક ૭ મો.**


## ज्ञानसुगन्ध.

सर्व इन्द्रियो करतां जीभने घणांक एटली छुटी राखे छे के तेथी जे अनर्थ थया छे ते बीजा बधाना करता अतुल छे. लोक एम जाणे छे के वाणी मात्रमां शी हानि छे? बे घडी वाणीविनोद करवामां शुं जाय छे? वाणीविनोदनी कोइ ना कहेतुं नथी, पण सर्वत्र एटली वात बहुज जाळववानी छे के जेम आपणा आचारथी तेम आपणी वाणीथी कोइने कांइ हानि थवी जोइए नहि. कोइनुं मन पण आपणी गमतथी दुभाय एम थवुं जोइए नहि. पांच सात स्त्री के पुरुष भेगां मळे, अने तेमांना कोइ एकनी मश्केरी करीने ज मझा माने ए रीत घणीज धिक्कारवा जेवी छे. टपाटपी करवी के कोइ समय वाणी मात्रथी तकरार के वादे चढवुं ए पण एटलुंज हानिकारक छे. तरवारना घा रुझाय छे, पण वाणीना घा रुझाता नथी, ने एक वाणी मात्रथी करेलो टोळ वखते अनेकगणो हानिकारक नीवडे छे. काम जेटलीज वात करवानी टेव पाडवी, अने कोइ समये पण कोइनुं दिल निरर्थक दुभाय एवी वाणी नज बोलवी.

**मणिलाल न. कृत “बालविलास.”**

# કાવ્યકુંજ.

## વીરની વિદાય.

મ્હારા કેસરભીના કન્થ હો !
સિધાવો જી રણવાટ. ટેક.

આભ ઘૂજે, ધરણી ધમધમે, રાજ !
ઘેરા ઘોરે શંખનાદઃ
દુંદુભિ બોલે મહારાજનાં, હો !
સામન્તના વીરવાદઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

આંગણ રણધ્વજ રોપીઓ હો !
કુંજર ડોલે દ્વારઃ
બંદીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝારઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

પુર પડે, દેશ ડૂલતા હો !
ડગમગતી મ્હેલાતઃ
કીર્તી કેરી કારમી, રાજ !
એક અખંડિત ભાતઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

નાથ ! ચ્હડો રણઘોડલે રે,
હું ઘેર રહી ગૂંથીશ
બખ્તર વજ્રની સાંકળી હો !
ભર રણમાં પાઠવીશ
મ્હારા કેસરભીના કન્થ હો !

સંગ લેશો તો સાજ સજું હો !
માથે ધરૂં રણમ્હોડઃ
ખડ્ગને માંડવ ખેલવાં,



મ્હારે રણલીલાના કોડઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

આવતાં ઝીલીશ બાણને હો !
ઢાલે વાળીશ ઘાવઃ
ઢાલ ફુટે મ્હારા ઉરમાં, રાજ !
ઝીલીશ દુશ્મનદાવઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

એક વાટ રણવાસની રે,
બીજી સિંહાસનવાટઃ
ત્રીજી વાટ શોણિતની સરિતે,
હો ! શૂરના સ્નાનનો ઘાટઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

જયકલગીએ વળજો, પ્રીતમ !
ભીંજશું ફાગે ચારઃ
નહિં તો વીરને આશ્રમ મળશું,
હો ! સુરગંગાને તીરઃ
મ્હારા ! કેસરભીના કન્થ હો !

રાજમુગટ ! રણરાજવી ! હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાધો રણે, મહાવીર !
મ્હારા કેસરભીના કન્થ હો !

પ્રેમભક્તિ.

---

# રમણીમણિમાલા.

## તોડાની મહારાણી શ્રીમતી તારાબાઇ.

( ગયા અંકથી ચાલુ. )

તારાબાઈની આ પ્રતિજ્ઞા થોડા વખતમાં સર્વ રજપૂત મંડળોમાં ફેલાઈ ગઈ. કેટલાએક તેને ધન્યવાદ આપતા હતા અને કેટલાક તેને મૂર્ખ ગણતા હતા. કોઈ કોઈ રાજકુમારો તો આ પ્રતિજ્ઞા છતાં પણ તેને ભોળાવવાનો અને છેતરવાનો પ્રયત્ન કરતા હતા. એક વખતે મહારાજા રાયમલનો કુંવર જયમલ મહારાણા સૂરસેન પાસે આવ્યો અને કહ્યું કે હું તારાબાઇની પ્રતિજ્ઞા સંપૂર્ણ કરી આપીશ માટે આપની પુત્રી સાથે મારૂં લગ્ન કરો. સૂરસેને તારાબાઇને બોલાવીને આ વાત તેણીને કહી. જયમલ રંગે દેખાવડો, સુશોભિત, શરીરે કદાવર, અને બ્હારના દેખાવથી ખરેખર રજપૂત કુમાર હોય તેમ ભાસતો હતો, પરન્તુ તે ઘણો દુર્ગુણી અને વ્યસની હતો. જયમલ બિજ્જોર આવ્યો તેના બીજા દિવસના સાયંકાળમાં તે અને તારાબાઇ બિજનોરના કિલ્લાની બીજી બાજુએ ફરતાં હતાં, અને રજપૂત રાજ્યોની દુર્દશા ઉપર વાત કરતાં જતાં હતાં. સાયંકાળ વીતી જવા આવ્યો જોઇને રજપૂત બાલિકાએ ઘર તરફ પ્રયાણ કરવાનું શરૂ કર્યું. જયમલે કહ્યું "જરાક આઘે આ નદીના તટ ઉપર બેસીને વાતો કરીએ." "ના, અંધારૂં થવા આવ્યું છે તેથી પિતાજી ફિકર કરશે" એમ કહીને તારાબાઈ ચલી. જયમલે એકાએક તેનો હસ્ત ગ્રહીને પોતાની પાસે છેક નજીક સ્નેહાશ્રય આપવા ખેંચી. પુરૂષના હસ્તસ્પર્શથી અવિવાહિત બાળાના સર્વાંગમાં રોમે રોમે ક્રોધાગ્નિ વ્યાપી ગયો. અને પોતાની કેડ ઉપર લટકતી તરવાર મયાનમાંથી કાઢીને "દુરાચારી! એવચની! લે આ ત્હારા કાપટયનાં ફળનો સ્વાદ ચાખ્ય" એમ કહી એક જ ઝાટકેથી તેનું શીર ઉડાવી દીધું અને પછી અત્યંત વિહ્વલ બનીને દોડતી દોડતી ઘેર આવીને મહારાણાને સર્વ હકિકત નિવેદન કરી. "શાબાશ છે બેટા ? ક્ષત્રીયાણીને યોગ્ય કાર્ય તેં કર્યું છે. સ્વદેહને વટલાવવા કોઈ પણ મનુષ્ય આવે તો આપણે તેના જુલમમાંથી બચવા માટે આપણું રક્ષણ કરવું એ સ્વાભાવિક જ છે." એમ કહીને મહારાજા સૂરસેન વિરમ્યા.

જયમલના મૃત્યુના સમાચાર મહારાજા રાયમલે સાંભળ્યા ત્યારે પુત્રના મૃત્યુથી દુ:ખી થવાને બદલે તેમને હર્ષ થયો. "ખચિત એવા નિમકહરામનું મૃત્યુ યોગ્ય જ રીતે થયેલ છે, અને મારે પેટ તે પથરો જ અવતર્યો હતો તેમ હું માનું છું." જયમલનો એક ભાઇ પૃથ્વીરાજ જે ઘણો જ બાહાદૂર અને શૂરવીર રજપૂત કુમાર હતો તેણે જયમલનું મૃત્યુ અને તારાબાઇની પ્રતિજ્ઞા સાંભળી ત્યારે તેના હૃદયમાં તારાબાઇ ઉપર અપૂર્વ સ્નેહ પરોક્ષ ભાવે ઉત્પન્ન થયો; અને થોડાક દિવસ પછી તેણે પોતાના પિતા રાયમલજીને તારાબાઇની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને તેની સાથે લગ્ન કરવાનો આશય બતાવ્યો. આ વાત દૂતદ્વારા રાયમલજીએ સૂરસેનને કહી સંભળાવી. સૂરસેનનો સ્નેહ પૃથ્વીરાજ ઉપર પ્રથમથી જ હતો અને તે તેના બધા ગુણોથી વાકેફગાર હતો, તેથી તેણે તેનું માગું પુત્રીની સંમતિ લઇને કબુલ રાખ્યું; પરન્તુ તે સાથે કહેવરાવ્યું કે જ્યારે ટોડાનું રાજ્ય પૃથ્વીરાજ જીતશે અને એક પણ મુસલમાન



ટોડામાં રહેશે નહિ ત્યારે જ તમારા પૃથ્વીરાજ સાથે લગ્ન કરવાની મારી તારાબાઇની ઇચ્છા છે, તે પહેલાં નથી જ.

શૂરવીર પૃથ્વીરાજે સૂરસેનની આજ્ઞા શિરસાવંદન કરી. અને તે દિવસથી અસંખ્ય દળ એકઠું કરવા લાગ્યો. લડાઇમાં કેવી રીતે દાવપેચ રમવા તે સઘળા તે બરાબર જાણતો હતો અને તેથી મુસલમાનોના તાબુત-તાજીયા-મોહોરમના દીવસો પાસે આવેલા હોવાથી તેણે સૂરસેનને કહેવરાવ્યું કે હવે વખત પાસે આવ્યો છે માટે હું લડાઇની તૈયારી કરૂં છું અને તાબુતના દિવસે જ ટોડા ઉપર હલ્લો કરીશ. આ કહેણ સાંભળીને તારાબાઇએ પણ તેની સાથે જવાને માટે પિતાને વિનંતિ કરી. સૂરસેને ખુશીથી તે સ્વીકારી અને પોતે પણ પોતાનું લશ્કર લઇને પૃથ્વીરાજને મળ્યો.

મોહોરમના દિવસો ચાલતા હતા, તાજીઆ બનાવીને મુસલમાનો આમતેમ ઢોલને સરણાઇ વગાડતા તથા "હાઈ દોશ" "હુસેન" વિગેરે શબ્દો આવેશથી બોલતા હતા. પૃથ્વીરાજે પોતાનું સૈન્ય કિલ્લાથી થોડેક છેટે રાખ્યું, અને તારાબાઇ જે પુરૂષના જ પોશાકમાં હતી તેને સાથે લઇને કિલ્લામાં પેઠો. સાથે બે ચાર રજપૂત સરદારો પણ લીધેલા હતા. કિલ્લામાં પેસીને ટોડાનો મુસલમાન હાકેમ જ્યાં ઉભો હતો તેની પાસે તેઓ ગયા, અને એક જ ઝડકાથી પૃથ્વીરાજે તેને કતલ કરી નાંખ્યો. તાજીયા તાજીયાને ઠેકાણે રહ્યા અને આખા શેહેરમાં હોહાકાર વર્તાઈ ગયો, લોકો આમથી તેમ ચારે બાજુએ ન્હાસવા મંડયા. પૃથ્વીરાજે પોતાના લશ્કરને શેહેરમાં પેસવાની સંજ્ઞા કરી કે તરત જ લડાઇ શરૂ થઇ અને હજારો મુસલમાનોનો ઘાણ નીકળી ગયો, અને ઘણાખરા તો જીવ લઇને જેમ જેમ લાગ પડયો તેમ ન્હાસવા લાગ્યા. ટોડાના રાજ્યના કિલ્લા ઉપર પૃથ્વીરાજે મહારાણા સૂરસેનનો વાવટો તેજ રાત્રીએ તેજ તારાબાઇના હાથથી ચઢાવરાવ્યો. અને "મહારાણા સૂરસેનનો જય થાઓ" એમ મોઢેથી બોલ્યો જે સર્વ લોકોએ હર્ષની ગર્જના સહિત વધાવી લીધો.

તરત જ થોડાક દિવસ થઈ શુભ અવસર જોઇને મહારાણા સૂરસેને તારાબાઈનું લગ્ન પૃથ્વીરાજ સાથે કર્યું અને તે દિવસ પછી તારાબાઈના મુખ ઉપરની ગ્લાની ક્યાંય દૂર થઈ ગઈ તે હજુ સુધી જણાયું નથી.

અલાઉદ્દીન આ સમાચાર સાંભળીને ઘણો જ ક્રોધાવિષ્ટ થઇ ગયો. તુરત જ તેણે એક હજાર સુનંદા સ્વારોને ટોડાનું રાજ્ય જીતવા મોકલ્યા. પૃથ્વીરાજ જાણતો હતો કે ફરીથી લઢાઈ અવશ્ય થવાની છે જ, તેથી તેણે પોતાના રાજ્યમાંથી બીજાં ઘણાં માણસો બોલાવીને પોતાનું લશ્કર સારી રીતે વધાર્યું હતું. અલાઉદ્દીનનું લશ્કર આવી પહોંચ્યું તે પહેલાં તેને સન્માન આપવાની તૈયારી તેણે ક્યારની કરી રાખેલી હતી. આ લડાઇમાં તારાબાઇએ ઘણું જ શૌર્ય બતાવીને ઘણા મુસલમાનોને મારી નાંખ્યા. રજપૂત સરદારો ઘણા શૂરવીર અને સંખ્યામાં પણ બહુ ઓછા નહિ હોવાથી તેમણે મુસલમાનોને હરાવીને હાંકી કાઢયા. તે દિવસથી ટોડાનું રાજ્ય મહારાણા સૂરસેન નિર્વિઘ્ને ચલાવવા મંડયા અને મહારાજાની ઇચ્છા વિરૂદ્ધ, પૃથ્વીરાજ તારાબાઇને લઇને પોતાની રાજ્યધાની કોમલમેરમાં જઈ રાજ્ય ચલાવવા લાગ્યો.

પૃથ્વીરાજની એક બ્હેનનું લગ્ન શિરોહી દરબારની સાથે થયેલું હતું. તેણે પૃથ્વીરાજને પોતાને મળવા માટે બોલાવવાથી તારાબાઇને કહીને તે શિરોહી ગયો. ભાઇ બ્હેન

ઘણે દિવસે એકઠાં મળવાથી બ્હેનની આંખમાંથી અશ્રુનો પ્રવાહ ચાલવા મંડયો. પછી બ્હેને પોતાના પતિ અફીણ અને દારૂના અત્યંત વ્યસની બની ગયા છે અને રાજ્ય કારભારમાં બિલકુલ લક્ષ આપતા નથી, એવી ફરિયાદ ભાઇ પાસે કરી. પૃથ્વીરાજે પહેલાં દિવાન અને સેનાપતિદ્વારા બધી હકિકતથી વાકેફ થઈ, બ્હેન કહે છે તે સત્ય છે કે અસત્ય છે તેની ખાતરી કરીને પછી શિરોહી દરબારને ઘણા સખત શબ્દ કહ્યા "તમે જાણો છો, રાજા થવાથી તમારા શિર ઉપર કેટલો બધો જુમ્મો રહેલો છે? રાજા થયા એટલે ખાઇ પીને અમન ચમનમાં વખત ગુમાવવાનો નથી. પણ પ્રજાનું કેમ ભલું થાય, વસ્તીની આબાદાની કેમ વધે, તેમનાં સંકટો કેવી રીતે નાશ પામે તે સર્વને માટે તમારે હમેશાં તપાસ કરીને વિચાર કરવાનો છે. તમારા દરબારમાં કેટલાક માણસો સારા છે પણ ઘણા હરામખોરો છે. તેઓ પ્રજા ઉપર જૂલમ કરીને પ્રજાની પાસેથી પૈસા ઓકાવે છે, અને ગરીબડી રાંકડી પ્રજાને વિના કારણ પીડા આપે છે. આ બધું તમે કંઈ પણ જાણતા નથી. તમારા ખુશામતિઆઓ તમને અમલમાં ચકચૂર રાખે છે તેથી તમને રાત દિવસનું પણ ભાન રહેતું નથી માટે હવે સાવચેત થઇને રાજકારભાર બરાબર ચલાવજો."

શિરોહીના દરબારે પોતાના સાળાના આ વચનો તેના શૂરવીરપણાની છાપથી ભય ભીત થઇને મુંગે મોંઢે નીચું નિહાળીને સાંભળ્યા. તે શરમાઇ ગયો અને તે વખતથી સારી રીતે રાજકારભારમાં ધ્યાન આપવાનું વચન આપ્યું. બીજે દિવસે પૃથ્વીરાજ કોમલમેર જવા નીકળ્યો, ત્યારે એક હજુરીઆએ આવીને કહ્યું "માહારાજાએ આપને માટે અમારી શિરોહિની મીઠાઈ ખાસ તાજી કરાવીને મોકલી છે." પૃથ્વીરાજ "બહુ સારૂ" કહીને ચાલ્યો. કોમલમેરથી થોડુંક છેટું રહ્યું ત્યારે તેને ક્ષુધા લાગવાથી પેલી મીઠાઈ ખાધી. પણ તુરતજ મીઠાઇ ખાધા પછી તેનું માથું ભમવા લાગ્યું અને તેને ઉલટી ઉપર ઉલટીઓ થવા મંડી. "ઝેર, ઝેર" એમ એકદમ તે મોટેથી બોલી ઉઠયો અને તેના અનુયાયીઓને તારાબાઇને ત્વરાથી ત્યાં બોલાવી લાવવા હુકમ કર્યો. પણ અફસોસ! બન્ને આંખો ભેટી શકી નહિ.

"શું મહારાણા? કેમ સુઈ ગયા છે? ઉભા થાઓ" પૃથ્વીરાજની આવી સ્થિતિ જોઈ તારાબાઇ સજળ નેત્રોથી બોલી. સતીનાં વચન પ્રભુએ સત્ય કર્યાં. પૃથ્વીરાજ આળસ મરડી ઉભો થયો. પરન્તુ ઉભો થયો કે તેવો જ નિસ્તેજ બનીને પૃથ્વી ઉપર પડયો. "પણ મારી સામું તો જુઓ, મ્હારા વ્હાલા!" બીજી વખત પ્રભુએ સાહાય્ય કરી. પૃથ્વીરાજે આંખ્યો ઉઘાડી. તારાબાઈ બોલી "ત્યારે વ્હાલા! એ સત્ય જ હતું?" પૃથ્વીરાજે માત્ર ડોકું ધૂણાવીને આંખ્યો મીચી દીધી. તુરત જ "ઓ વ્હાલા! ત્યારે હું પણ તમારી સાથે જ આ આવી" એમ મોટેથી બોલીને મૂર્ચ્છા ખાઇને ભૂમિ ઉપર તે પડી, ને વૈદ્યોના ઘણા ઉપચાર થયા છતાં તે પાછી ઉઠી જ નહિ.

દંપતીનાં બન્ને શબને એક જ ચિતા ઉપર એક જ વખતે અગ્નિસંસ્કાર થયો હતો. આ જ ખરો સત્ય સ્નેહ—દિવ્ય સ્નેહ છે. બીજા બધા સ્નેહો તેની પાસે ગૌણ અને સ્વાર્થી અને વ્યવહારિક જ છે.

पंडित कृष्ण. (बन्धुसमाज.)
(कलकत्ता.)

---



G5061

# વિવિધ વિહાર.

## પત્નીનું રાત્રીભાષણ.

### ભાષણ ૨ જું.

(પાને ૬૩ થી આગળ ચાલુ.)

નવિન તરેહની બુટાદાર પંદર પંદર રૂપીઆની જીણી રેશમી સાડીઓ ગામમાં વેચાવા આવેલી તે જોઈ લેવાનું મન અ. સૌ. જીવ્હાકુંવરને થયું; અને એક સાડી જાંગડ રાખી. પણ રા. પોચાલાલને તે બતાવતાં ત્હેમણે પોતાનો અણગમો બતલાવેલો તેથી ત્હેમને સાંભળવા પડેલા શબ્દો.

"ત્હમે શેની હા કહો? મ્હારી ખાત્રી જ હતી જે ત્હમે ના કહેવાના. ત્હમારા હોઠ "અગાડીજ નકાર વાસ કરી રહ્યો છે. કંઈ માંગ્યું કે ના પહેલી જ.

'મ્હારામાં વધારે પૈસા ખર્ચાય છે? અહા! શી વાત કરો છો? હું ખરચું તે સોના 'મહોરો, ને ત્હમારૂં ખર્ચ ઉપલકથી આવે છે કેમ? ત્હમે સભાના સભાસદ થયા, ત્યાં 'પૈસા ઉડાવવા માંડયા, મોઝશોખમાં ગૂલતાન થયા, તે પૈસા ત્હમને હૈયે નજ વાગે; પણ 'આ સાડી તો મ્હારી ને તે આંખમાં આવેજ તો.

'પુરૂષો કેટલા સ્વાર્થી હોય છે? રૂપીઆ પર રૂપીઆ સભામાં ઉડાવાય, અને તે 'પણ ખાઇને પાછળ ખોદે ત્હેને માટે, અને ઘરમાં સ્ત્રી એક બે પૈસાનું કાપડું કે લુગડું 'માગે કે આ ફુલ્યાં નાસકોરાં. ત્હમારે બધું જોઇએ ને મ્હારે? વાહ, વાહ! ને આહ, 'આહ! વૈતરૂં કરી અડધી થઈ જઉં ત્હેના બદલામાં લૂંડીને માટે એટલું ઓછું છે? 'બહુ તો ઝોંસા.

'શું ત્હમે ઝોંસા નથી કરતા? નથી કરતા તો શું થયું? ડોળા એવા હુરકાવો છો 'જે બોલ્યા કરતાંએ ભુંડું. એક નજીવી ચીજ માગી એટલે પતી ગયું. આંખના બારે 'ખૂણામાં ડોળો ફરી આવવાનો, ને નાસકોરાનો થવાનો દરવાજો. એ તો ઠીક છે જે હું 'બીજી સ્ત્રીઓ માફક ફનાફાતીઆ નથી કરતી. તે દહાડે ત્હમારા પરોણાઓને બત્રીસ 'વાણીઓ જમાડવામાં કેમ ખોબલો રૂપીઆ ખર્ચાયા? તે તો ત્હમારા દોસ્તદારો, પણ 'મ્હારામાં ખરચતાં તો મન હડેજને! હું તે કોણ? એક લૂંડી. મ્હારો તે ત્હમારી કમા'ઇના પૈસા પર હક? શું જીણું કપડું ફાટી જશે ત્હેને માટે ના કહો છો? ત્હમારા આ 'બંગાળી ધોતજોટા ફાટી નથી જતા? ત્હમારે વર્ષે દહાડે બે ધોતીઆં ફાટે તે હા, 'અને મ્હારે આવી બે સાડીઓ જોઇએ તે ના. ત્હમે ક્યારથી આવા એકલપેટા થયા? 'આ ત્હમને નથી છાજતું. આવી સાડીઓ હું ક્યાં વધારે માંગું છું? બીજી ત્હમારે મન પસંદ લેજો લ્યો. મ્હને બે સાડીઓ આત્રા અપાવો.

'બે એ ક્યાં પતે છે એમ કહો છો? હું ત્હમારો ઢોંગ સમજી. આ નસકોરાં બોલ્યાં 'પાછાં. એમ ઉંઘવા દેનાર નથી. લઇશ તો ખરી, ત્યારે હા કહોને. ત્હમે બજારથી લાવશો, કેમ? ઉડાવો એમ વાતમાં. મ્હારી અક્કલ ગામ નથી ગઈ. જીવ જાય તો એ ત્હમારી

‘પાસે પઈ માગું નહિ, અને નાહક ખર્ચ ન કરાવું, પણ આ તો સ્હેજ કહું તેઃ એ
‘નનો વાળ્યો.

‘શું હું દરરોજ ખર્ચ કરાવું છું? આઠે દસે કંઇને કંઇ લેતી જ રહું છું? આ ત્હ-
‘મારા હોઠ ફફડ્યા. શું ત્હમે નથી બોલ્યા? સાચું તો બોલો જુઓને જીવકોર કેવાં લુગડાં
‘પહેરી બ્હાર નીકળે છે? જુઓ પેલી લાડુબા, કેવી ત્હેના ધણીએ ત્હેની કોટ શણગારી
‘છે? ત્હમારાથી અડધું એ નથી કમાતો તો એ! ત્હમે ત્હમારે પૈસા વેરફો, પણ મ્હારી
‘ત્હમારે શી દરકાર? હું ભીખારડી જેવી ફરૂં, મ્હારાં છોકરાં જૂનાં કપડાં પહેરે, ને પોતે
‘રહેલાણી જીવ હાથમાં લાકડી ઝાલી આ ચાલ્યા બ્હાર બુટ ચમચમાવતા, ઝીણાં બંગાળી
‘ધોતીઆં પહેરી, કોટ કડકડતો પહેરી, માથે સરસ પાઘ મેલી! મનમાં કાંઇ લાગે છે?
‘સ્વાર્થને કંઈ હદ છે?

‘મ્હારી પેટીઓ ભરેલી છે એમ કહો છો? પણ તે તો પહોરનાં ને. જૂનાં કપડાં
‘પહેરતાંને પહેરાવતાં હું તો લાજી મરૂં છું. મ્હારે કયાં ભારે કપડાં લેવા છે? બીજું આ-
‘વતે મહીને લેજો. પણ ત્હમારે મ્હોંડેથી હા ક્યાં ભણો છો! આમ કરો છો ત્યારે કાન
‘હાથનું શું કરશો? જૂઓ આ માનકોરના વરે ભૂજથી બંગડીઓને હાર મંગાવ્યા, પણ
‘મ્હને કોણ અપાવે? અમારો તો મરો. મ્હારે ઘરેણાં ઘણાં છે? તે બહાનું નજીવું છે.
‘નવો ઘાટ જોઇ બળ્યું મને ના થાય? તે પછી સવડે કરાવજો. પણ હું ભૂલી. શું નકટી
‘થઇને માંગતી હઈશ? એ સાડીઓમાં જીવ ભરાયો તો વળી હાર ને બંગડી! મ્હારૂં તો
‘ત્હમને ભારેજ પડવાનું. પોતાનું બધું સારૂં, મ્હારૂં ખરાબ.

‘હું ભારે પડતી હોઉં તો કહાડી મૂકો. પછી જૂઓ ત્હમારા લુગડાંની દશા, ત્હમારી
‘ચીજોની દશા, ત્હમારા ઘરની દશા. હું સાત સાંધે તો તેર તૂટે તોએ ઘર ચલાવું છું તે
‘ત્હમારે રહેલ કરવા નહિ પણ બધા ઢંકાય ને સારા દેખાય ત્હેમાં. ત્હમારે ત્હેની ના તે
‘પોતાનું પત્યું કે મધમાખી માફક પૂડો મધે ભરવો. બતાવો ને બેન્કની ચોપડી ખોટું
‘કહેતી હઉં તો. જૂઓ પાછી આંખો અર્ધી મીચી. એમ નહિ ઉંઘાય. હું સાડીઓ લઈશ
‘જ. ત્યારે હા કહોને. મ્હોંએથી ભલાશ લેવાય છે? પાછું ડોકું હલાવ્યું? ના કહેવા તે-
‘આર. શેની........................”

ભાષણ આગળ ચાલત પણ એટલામાં બ્હાર તાર વાળાએ બુમ મારી, અને તે તાર અગત્યનો હતો તેથી એ ઘડી કામમાં રોકાયા, એટલામાં અ. સૌ જીબ્હાકુંવર નિદ્રાવશ થઇ ગયાં.

તા. ક.—રા. પોચાલાલની નોંધપોથી જોતાં માલુમ પડે છે જે બીજે દીવસે ત્હેમના બ્હાર ગયા બાદ એ સાડીઓ ઉપરાંત ૭૫) રૂ ના કોર, અને છોકરાંઓને માટે પંદરેકનાં કપડાં સૌ. જીબ્હાકુંવરે લઇ લીધાં હતાં.

બિહારી.

---



## એક વિયોગિની.

( નારાચ. )

“પિયુ” “પિયુ” જપંતી એક યૌવના વિયોગિની,
ઝુરંતી રાત દિન, સંગના સમાણી ત્યાગતી,
કરંતી વાસ એકલી સદા સ્વેકલિ મધ્યમાં,
ધરંતી ધ્યાન નાથનું, લગાડી ચિત્ત બ્રહ્મમાં. ૧

તજું હું શું?–ઘરેણું, વસ્ત્ર, અન્ન, નિંદ્ર,–શું તજું?
ઝુરૂં હું અન્ય કાજ શું?—બળંતું ચિત્તડું, ઝુરૂં;
નકામી કાય કષ્ટિને, વિયોગલેખ શું ટળે!
સ્મરૂં હું બ્રહ્મને, “પતિની રક્ષ સર્વદા કરે!” ૨

વિદેશમાં સ્મૃતિ ન કિંકરીની સ્વામી લાવશો;
કુટુંબી, સ્નેહિ. માતૃભુમિ, સર્વને વિસારશો;
વિચાર હાલ ફક્ત “કાય, કાર્ય” એજનો કરો;
ભવિષ્ય સર્વ આજ વર્તમાનથી સરે જુઓ. ૩

કરીમ મહમદ માસ્તર

---

## ‘નાજુક અને અશક્ત છોકરાં.’

આ લેખ જો કે સ્ત્રિ સંબંધી નથી તોપણ બચ્ચાંની સંભાળ તેમના ઉપર ફરજીયાત રીતે પડતી હોવાથી તેમના ઉપયોગનો ગણી શકાય એમ જાણી સ્ત્રિવર્ગનું ખાસ કરીને ધ્યાન દોરવા રજા લઉં છુ.

આધુનિક કાળમાં સંતતિ ઉછેરવામાં જેવું લક્ષ આપવું જોઇએ તેવું અપાતું નથી. તેમને યોગ્ય રીતે ઉછેરી મોટાં કરવાની તથા આ ભવસાગરમાંથી નાવ રૂપી મદદ વગર તરી પાર ઉતરવા શક્તિવાન બનાવવાની ફરજ તેમનાં માબાપ શિર છે. વિશેષે કરીને બાળક પોતાની માતા પાસે ઘણો કાળ ગાળતાં હોવાથી માતાઓએ પોતાનાં સંતાન કેવી રીતે શરિરે મજબુત, કૌવતવાન અને ઉત્સાહિ રહે તે તરફ લક્ષ આપવાની જરૂર છે. જે સ્ત્રિ-ઓને છોકરાં હોય અથવા તો સંતતિ થવાની ઉમેદ હોય તેઓને સઘળી રાજ્યદ્વારી તથા સંસારીક બાબતોમાં પુરતું લક્ષ આપવું ઘટે છે, કારણ કે નાનું બાળક એ પુખ્ત ઉંમરે પોંચેલા માણસનું અલ્પ સ્વરૂપ છે; અને તે પોતાના માતપિતાને તેમાં મુખ્યત્વે કરીને પોતાની [illegible]ને ડહાપણ રૂપ માને છે. તેટલા માટે દરેક બાબતમાં સત્ય વિચાર રૂપી બિજ

રોપવાનું કામ સ્ત્રિનું છે. આ બિજ એવાં હોવાં જોઇએ કે તેનો ફણગો ફુટી ઝાડ થઈ ફળ આપે. આપણી ઉમ્મરના પહેલા દસ વર્ષની અંદર આપણા કુમળા મગજની અંદર જે છાપ પડે છે તે ખસેડવી ઘણી મુસ્કેલ પડે છે કારણ તે કોઈ અદ્ભુત શક્તિથી ચોંટી રહે છે. આ દસકો સ્ત્રિ માટેની એક ઉમદા તક છે, તેટલા માટે સ્ત્રિઓએ પ્રયાસ કરવો જોઇએ અને બની શકે તેટલું જ્ઞાન તથા ડહાપણ, દુનિયાંદારી તથા માનસિક કર્મમાંથી, કુદરતની રચનામાંથી તથા ચોપડિદ્વારા સંપાદન કરવું જોઇએ કે જેથી કરીને તેઓને મળેલી સારી તકનો સદુપયોગ, પોતાના પુત્ર પુત્રિને યોગ્ય શિક્ષણ આપવામાં તથા તેમની શારિરીક સ્થિતિનું અવરનવર અવલોકન કરવામાં, કરી શકાય. અને પોતાના ભલા ઉપરાંત દુનિયાના ભલા તરફનું પગલું ભરવાની શરૂઆત થાય. બાળકને આ જીંદગિનો વિટંબણાથી ભરપુર ડુંગર ચઢી પાર ઉતરવા શક્તિવાન બનાવેથી સ્ત્રિઓએ પ્રમાણિકપણું તથા સત્યતાની હદ લંબાવવા તરફ પોતાની ફરજ અદા કરેલી ગણાશે.

તનની તન્દુરસ્તી સાથે મનની પણ તન્દુરસ્તિ જાળવવાની જરૂર છે. ઘણાં બચ્ચાંઓ શરીરે અત્યંત નાજુક માલુમ પડે છે પણ જુવાનીના જોશમાં આવતાં પુષ્ટ બાંધાનાં અને તન્દુરસ્ત થાય છે. આની અંદર બે વિભાગ હોય છે. એકની અંદર છોકરાં મુળથી રોગીષ્ટ હોય છે અગર તો તેવી જાતનું વળણ દેખાડી આપતાં હોય છે. બીજાની અંદર ઉપરથી દેખાવમાં રોગીષ્ટ હોય અને તેને લીધે નબળિ સ્થિતિ ભોગવતાં હોય છે. આ બન્નેને એક બિજાથી પારખવું અગત્યનું છે. બિજા વિભાગવાળાં છોકરાં કે જેઓ જ્ઞાનતંતુની નબળાઈ ભોગવતાં હોય પણ તેમાં કોઈપણ જાતનો રોગ ન હોય ને તદન લથડી ગયેલા જેવાં હોય કે જેથી તેમના માબાપના દિલની અંદર અહરનિશ તેમને માટે ફિકર રહ્યાં કરતી હોય તે ઉપર વિવેચન કરીશ.

આવાં બાળકને ઓળખી કાઢવાને નિચેનાં ચિન્હ ઉપયોગી થઈ પડશે—તેઓને ઉંઘ નિરાંતે આવતી નથી, ઉંઘી ગયાં હોય તો ઉંઘમાંથી ઉઠાડતાં મુસ્કેલ પડે છે, રાત્રે બકયા કરે છે, દાંત કચડયા કરે છે, સવારમાં ઉઠે ત્યારે થાકેલા જેવાં લાગે છે, સવારમાં ખોરાક માટે ક્ષુધા મંદ હોય છે, કેટલીક વખત અકરાંતીયાની માફક ખાય છે પણ વજનમાં તો દિન પરદિન ઘટતાં જાય છે. સુકી ખાંસી વખતો વખત આવ્યાં કરે છે. જ્યારે આ પ્રમાણેની સ્થિતિ વજનના ઘટાડા સાથે જોવામાં આવે છે ત્યારે ક્ષય લાગુ પડયાની બિક લાગે છે પણ તેમના ફેફસાંની અંદર કાંઈ રોગ હોતો નથી. પિશાબ ચોખ્ખો પણ થોડો ઉતરે છે. 'યુરીયા' નામનો પદાર્થ પિશાબની અંદર ઘણો મળી આવે છે.

આવાં બાળકોમાં ઘણાં બુદ્ધીનાં તેજ હોય છે અને સ્વભાવે માયાળુ હોય છે પણ ચિડીયાં અને તુરતમાં મિજાજ ખોઈ નાંખે તેવાં હોય છે. આવાં બચ્ચાંમાં વારંવાર માથું દુઃખવાની ફરિયાદ સાંભળવામાં આવે છે.

જ્ઞાનતંતુની નબળાઇવાળા એક નમુનેદાર બાળકમાં મસ્તક તથા શરિરના બીજા અવયવો સારી રીતે બનેલા હોય છે પણ ત્વચા પાતળી અને ચહેરો ફિક્કો હોય છે. તેઓ ઉંચા પણ નાજુક બાંધાવાળા હોય છે અને વજનમાં સાધારણ રીતે કમતી હોય છે. જ્યારે બચ્ચાંને ઉભાં રાખવામાં આવે ત્યારે શરિરનું સમતોલપણું જળવાઈ શકતું નથી, અને મસ્તક એક



બાજુ ઢળી જાય છે, પગ આડાતેડા રહે છે અને ખભા પણ ઢંગધડાવગરના રહે છે. આંખોના ડોળા જેમ તેમ ફર્યા કરે છે, અને તેના ઉપર અંકુશ રાખી શકાતો નથી. જ્યારે બન્ને હાથ હથેળી ઉંધી રાખી આગળ લંબાવવામાં આવે છે ત્યારે હાથ કાંડા આગળથી નિચે નમી જાય છે, અને આંગળીયો પાછળ વળી જાય છે. ડાબો હાથ જમણાં કરતાં લગાર વધારે નમતો રહે છે. આંગળીયો કંપે છે અને જાણે કંપવા થયો હોય નહિં તેવું પ્રત્યક્ષ દેખાઇ આવે છે.

આંખની નીચે જરા યેથર માલુમ પડે છે, જે થાક લાગેલો જણાવી આપે છે.

ઉપાય—આવાં બચ્ચાંને સારૂં યોગ્ય કપડાંની સંભાળ રાખવી જોઇએ અને એવો અને એટલો ખોરાક આપવો જોઇએ કે તે સારી રીતે પચાવી શકે, તે ખોરાકની અંદર પુષ્ટી-કારક વસ્તુનો મોટો ભાગ હોવો જોઇએ. તેમને વારંવાર ખોરાક લેવાને આગ્રહ કરવો પડે છે. ચીડીયું ( neuratic ) બાળક હોય તો ખોરાક લે છે કે નહિં તેની પણ સંભાળ રાખવી. ચિકાશવાળા પદાર્થો વજનમાં વૃદ્ધિ કરે છે. જો બાળકને ઉંઘ આવતાં ઘણો વખત લાગતો હોય અગર સવારે વહેલું જાગતું હોય તો પથારી આગળ ખોરાક તૈયાર રાખી મુકવો અને જરૂર પડે આપવો. કમતી ઉંઘવાળાં તથા વહેલાં જાગનાર બાળકને ખુલતી હવાવાળા તથા ચક નાંખી અંધારૂં કરેલા ઓરડામાં ઉંઘાડવાં. અને તેને માટે વહેલાં તથા નિયમીત રીતે સુવાડવાની લાંબો વખત સુધી પદ્ધતિ પાડવી જોઇએ. દહાડે વપરાતા ઓરડામાં ઉજાસ પુરતો હોવો જોઇએ. આવી બાબતો ઉપર મોટાં શહેરમાં ખાસ ધ્યાન રાખવાનું છે, કારણ કે ઘણી ગીચોગીચ વસ્તિને લીધે મકાનમાં સંકડાશ તથા હવા અજવાળા માટે પુરતી જગ્યા હોતી નથી. આવાં નબળાં બાળકોને ગામડાંની હવા સારી માફક આવે છે. અને 'બોર્ડીંગ સ્કુલ' ( છોકરાંઓ રહે, ખાય, પીએ અને શિખે તેવી નિશાળ ) કે જ્યાં બધું નિયમીત રીતે પાળવામાં આવતું હોય તેવી જગ્યા ઉપયોગી થઇ પડે છે. આ બધી બાબતોની અંદર ઘર તથા માબાપની વર્તણુક ( character ) ઉપર ઘણો આધાર રાખે છે. નબળા બાંધાના બાળકોની અંદર શહેરની જીંદગી તથા દિવસની નિશાળથી થતા ફાયદાથી તેમના મગજને પુષ્ટી મળવી જોઇએ.

બચ્ચાંને કેળવવામાં તેમને થાક ન લાગે તેની સંભાળ રાખવાની જરૂર છે. થાકનાં શરૂઆતનાં ચિન્હથી માતા, આયા અગર શિક્ષક માહીતગાર હોવાં જોઇએ. તે ચિન્હ નીચે મુજબ છે—ચહેરા ઉપરનું નુર ઉડવા માંડે છે, હોઠ તથા ચહેરો ફીક્કો પડવા માંડે છે; આંખની નીચે યેથર માલુમ પડે છે. થાકેલું બાળક મસ્તક અગર હાથ ટટ્ટાર રાખવાને અશક્ત નિવડે છે. અને અવયવોની અનિયમીત હીલચાલ જોવામાં આવે છે. બચ્ચું સાત વરસનું થાય ત્યાં લગી અને ઘણી વખત લાંબા વખત સુધી પણ આંગળી આંખ તથા બીજા નાના અવયવોનું સ્વાભાવિક રીતે વર્તન થવું એ તન્દુરસ્ત મગજનું ચિન્હ છે.

મગજનાં કેન્દ્રબિન્દુ ( Brain centres )માં સ્વાભાવિક વર્તન થવું ( spontaneity of action ) એ મુળ તત્વ છે કે જેના ઉપર આપોઆપ થતી હીલચાલ ( Co-ordinated action ) નું જોડાણ કરી શકાય. અને આજ કાનુન મગજની કેળવણીમાં કામે લગાડવો જોઇએ. કેમ કે બાળકનો જન્મ થતાં હાથ અને આંખની આપોઆપ

હીલચાલ શરૂ થાય છે. પાંચ માસનું બચ્ચું થાય છે ત્યારે નજર માંડે છે. આપોઆપ થતી હીલચાલ બંધ થાય છે અને હાથ તથા આંગળી સાથોસાથ કામ કરી શકે છે.

જ્યારે બચ્ચુ સમજણું થાય છે ત્યારે 'કીન્ડર ગાર્ટન' ની પદ્ધતિ મુજબ નજરને કેળવવી જોઇએ, નહિં કે તેને શાંત પણે રહેવા દઈ તેવીને તેવીજ રાખવી. તે એ રીતે કે બાળકને એક ચિજ સામું જોવા કહેવું અને માથું નહિં હલાવતાં જેમ ચિજ ખસતી જાય તેમ નજર તે તરફ દોરવતાં શિખવવું. જે બચ્ચાંને કાંઈ પણ શિખવવામાં ન આવ્યું હોય તે મોટી ઉમ્મરે વાંચન વખતે ભૂલ કરતાં જોવામાં આવે છે. આવા ઉમ્મરે પુગેલા સ્ત્રી પુરૂષોની અવલોકન કરવાની શક્તિ બહુજ મંદ હોય છે. જ્યારે શિક્ષકના હુકમ અનુસાર અગર તેના બતાવ્યા મુજબ હાથને ખભાથી તેની સપાટી બરોબર લાંબો કરવામાં આવે ત્યારે તે પ્રમાણે કુદરતી રીતે બરોબર રહેવો જોઇએ અને કાંડુ હાથ અને આંગળાં એ બધાં એકજ લાઇનમાં રહેવાં જોઇએ. શરિરનું સમતોલપણું (equilibrium) મેળવવાને મગજનું સમતોલપણું તથા સારી મગજ શક્તિની યોગ્યતાની જરૂર છે.

નાજુક બાળકની બુદ્ધિને સંભાળપૂર્વક નિયમીત રીતે કેળવવી જોઇએ. નાજુક બચ્ચાંને કેળવ્યા વગરનાં તથા અભણ રાખવાં એ ઘણુંજ ભુલભરેલું છે. આવી ભુલના પરિણામ રૂપે આંચકીનું દર્દ (Hysteria) લાંબા દીવસની જુની નબળાઈ (chronic weakness) માથાંનો દુઃખાવો, જ્ઞાન તન્તુની નબળાઈ આણ્યા વગર સહન કરવાની અશક્તિ, અને બીજાં મરજો બહુજ હાનીકારક પરિણામ લાવે છે. વળી બુદ્ધિની સારી કેળવણી મનનો ગુંચવાડો તથા મગજનો ઘસારો દૂર કરે છે.

ઘણાં છોકરાં મુખપાઠના શિક્ષણ બાદ થાકનાં ચિન્હ પ્રદર્શિત કરે છે અને લેખીત અભ્યાસથી જોડણી બરાબર શિખી શકતાં નથી. તેઓને સિદ્ધાંતસમજુતીથી સારૂં જ્ઞાન મળી શકે છે અને વાંચનને જોડણી પાટી અગર પાટીયા ઉપર લખી સમજાવ્યાથી અગર તે પ્રમાણે લખી ગયાથી શિખી શકે છે એટલે કે તેઓના જ્ઞાનતંતુ ઉપર અંકુશ કર્ણેન્દ્રિય-દ્વારાએ આણવાને બદલે નેત્રદ્વારાએ આણી શકે છે. આવાં છોકરાંમાં બુદ્ધિની કેળવણી તથા બીજાં છોકરાંથી થતી અસરની જરૂર છે. જેઓ બચ્ચાંની હમેશાં તપાસ કરે છે તેઓને તેઓની ભીન્ન ભીન્ન મગજ શક્તિનું પ્રસિદ્ધ જ્ઞાન થાય છે અને તેઓનાં સારાં તેમજ ખરાબ ચિન્હની નોંધ કરી લે છે. અને જે જોવું હોય તેના ઉપરથી એકાદ બાળકને કેળવવા અને તેની ખરી આબરૂ બંધાવવા ઉપયોગી સુચના ગ્રહણ કરી લે છે.

જે બચ્ચાં કેળવ્યા વગરનાં હોય અને પોતાનો વખત નકામો ગુમાવતાં હોય તેઓનામાં સારી મગજશક્તિ આવતી નથી. પ્રયોગો (observation) એમ બતાવી આપે છે કે કેટલાંક છોકરાં ઉપર બોલીને દાબ રાખવા કરતાં ફક્ત નજરથીજ સારો અંકુશ રાખી શકાય છે. આવાં નજરથી દાબમાં રહેનારાંને સારી કેળવણી આપવાને ઇસારાની જ જરૂર છે. આ રિતની કેળવણીનો ઉપયોગ બહેરાં માટેની શાળામાં કરવામાં આવે છે. શિક્ષણ ક્રમે ક્રમે આપવું જોઇએ, જેથી કરીને મગજની તન્દુરસ્તી તથા પોષણ સચવાય છે તથા સુધરે છે. લખતાં વાંચતાં કે દાખલા ગણતાં શિખતાં પહેલાં બરાબર જોઈ શકવાનું શિખવાને નજર કેળવવાની જરૂર છે. આ બાબતમાં ભૂલ થવાનું એટલે કે એકને બદલે બીજું વાંચી જવાનું



અગર તો કાંઇનું કાંઈ લખી જવાનું મુખ્ય કારણ નજર ઉપર બરાબર અંકુશ ન હોવાને લીધે અને તેની અનિયમીત હીલચાલ થવાને લીધે છે. નેત્રની કવાયત આવી ભુલો અટકાવે છે. આ ભૂલો મગજશક્તિની નથી.

સ્નાયુની શક્તિ કેળવવા માટે ચઢતા ઉતરતા વજન અને કદના કડકા સ્પર્શથી તપાસતાં શિખવવું, ત્યાર પછી વજન અને માપ ઓળખાવવાં. તેઓની સરખામણી પ્રમાણ અને વર્ણન આપવું. રંગનું જ્ઞાન જુદુંજ આપવું જોઇએ. તેઓનાં નામ ઓળખાવવાં અને તેની સાથોસાથ રંગ પણ બતાવવો.

કોઈ પણ જાતની સમજ એક વખતે એક આપવામાં આવી હોય તો તે વધારે ઉપયોગી થઈ પડે છે. વધારે બતાવ્યાથી બધું ભુલી જાય છે. તેટલા માટે એકજ ચીજ વિષે પુરતી સમજ પાડયાથી મગજની અંદર તેની છાપ વધારે કાયમ થાય છે. ત્યાર બાદ તેનું જ્ઞાન મગજની અંદર વધારે ઠસાવવા સારૂં તેને તેવીજ જાતની બીજી ચીજો સાથે મુકી સરખામણી કરવાનો અભ્યાસપાઠ આપવો જોઇએ. વજનને વજન સાથે, માપને માપ સાથે અને રંગને રંગ સાથે સરખાવતાં શીખવવું અને પારખતાં શીખવવું. અને જ્યારે તેનાં મૂળ ધોરણ ધ્યાનમાં આવી જાય ત્યારે તેના ઉપરથી ખરૂં અનુમાન બાંધી શકાય. શિક્ષણમાં આ રીતની સંભાળ શીવાય શિષ્યના મગજની અંદર ગુંચવાડો ઉત્પન્ન કરે છે અને છેવટે થાકને લાવે છે. શિષ્યના મગજની અંદર શબ્દો એ અવાજથી થએલ અસર છે અગર જ્યારે લખવામાં આવ્યા હોય ત્યારે નજરથી થએલ અસર છે. તેનો અર્થ જેમ જેમ બચ્ચાંને અનુભવ મળતો જાય છે તેમ તેમ સમજાય છે. જેમ શિક્ષણ આગળ વધતું જાય છે તેમ કેટલાક સુચના રૂપી શબ્દથી બચ્ચાંના મગજને દોરવવાની તક આપવી જોઇએ. તે શું શિખી ગયો તે બોલી જવાનો તેને પ્રશ્ન કરવામાં આવે ત્યારે તેને શું પુછવામાં આવ્યું છે તે તેણે સમજતાં શીખવું જોઇએ. આંકડા ઉમેરવા અગર બાદ કરવા અથવા વધારે ગુંચવણીવાળું —મોગરો અને જુઇના ફુલ વચ્ચે સરખામણી કરવી અથવા એક ચોખુણને બીજા ચોખુણ સાથે સરખાવતાં શીખવવું જોઇએ. આ બાબત વિષેનું શરૂઆતનું શિક્ષણ આગળ ઉપર અઘરૂં જ્ઞાન મેળવવાને તેની મગજશક્તિને તૈયાર કરી મૂકે છે. એ એક સુખદાયી બાબત છે કે ઘણાં છોકરાં કુદરતી રીતે બુદ્ધિમાં તેજ હોય છે અને તેથી કરીને કાંઇપણ જ્ઞાન આપવામાં આવે તો તે એકદમ સમજી શકે છે અને યાદ રાખી શકે છે. પણ મગજશક્તિ ખીલવવાને જો અગાઉથી યોગ્ય ઉપાય લઇ ક્રમ ગોઠવવામાં આવે તો તેઓ જ્ઞાનમાં વધારે ઝડપથી આગળ વધે અને જે કામ કરે તે ચોકસ થાય અને વળી તેઓને વધારે આનંદ આપનાર થઇ પડે. આથી થાક અને ગેરસમજ ઓછા નડવા સંભવ છે. માટે શિક્ષણની અંદર ઢબ અને ક્રમની જરૂર છે; તેથી કાર્ય બહુજ સહેલ થઈ પડે છે અને મગજશક્તિની ત્વરામાં વધારો કરે છે, અને મગજનો ગુંચવાડો અટકાવે છે કે જે મગજના તન્દુરસ્તપણા સાથે દુશ્મનદાવો ધરાવે છે.

એન. જી. શાહ.

# વાર્તાલહરી.

## બે બેહેનો.

( કમળાગૌરી સાસરેથી પીયર આવ્યે એક મહીનો વીતી ગયો છે. )

**શાન્તાગૌરી**—( કમળાને ) બ્હેન ? પહેલાં તો ત્હારા કાગળો આવતા ને માતુશ્રીને પિતાશ્રી ખુશી ખબર આપતા; પણ છેલા મહીનામાં તો ત્હારો કાગળ બીલકુલ મળે નહીં; એટલે માતુશ્રીને ચિન્તા થઇ ને ત્હને મળવા ( ખબર કાઢવા ) ન્હાના ભાઇને મોકલ્યો. ભાઇ ત્યાં ન આવ્યો હોત કે કદાચ ત્હારા માત્ર સમાચાર અન્તરે અન્તરે મળતા રાખ્યા હોત તો અમને અહીં બેઠાં ત્હારી ત્યાંની અવસ્થાની શી ખબર પડત? ઠીક થયું તે ભાઇને સૂઝયું કે ત્હને અહીં સાથેજ લેતા અવાયું. તું હજુ અમને જૂદાં ગણે છે ને બધી વાત કહેતી નથી. કીધા વગર શી ખબર પડે? ત્હને એવું તે શું દુઃખ પડયું છે જે મન-માંને મનમાંજ મુંઝાયા કરે છે. કદાચ માને કહેતાં શરમ આવે પણ બહેનને કહેવામાં શું હરકત છે? હું કાંઇ ત્હારાથી બહુ મોટી પણ નથી કે શરમ રાખવાની જરૂર પડે. તેમ છતાં હુંજ ત્હને ચાહીને પૂછુંછું.—

**શાન્તાએ** જોયું કે કમળાની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં છે; તેથી કમળાનો હાથ સાહીને મેડે તેડી ગઇ. કમળાના પેટમાં પણ હવે ડુમો ચડી આવ્યો હતો.

**શાન્તા**—કમળા? ત્હને શરમ આવે છે, કાં તો ત્હને મ્હારાપર અવિશ્વાસ આવે છે. હું ત્હારિ પાસેથી પરાણે વાત કઢાવવા માગતી નથી. તું મને ગમે તેવી ધારે તો પણ હું ત્હારે માટે કંઇક લાગણી ધરાવું છું એ તો તું સ્હજ જોઇ શકતી હોશે.–સાંભળ–ત્હારો ચ્હેરો કહી આપે છે કે ત્હારા જેટલું દુઃખ બીજાને નહીં હોય, ત્હને સર્વત્ર દુઃખ જ આવ્યું છે. બ્હેન? મને લાગે છે કે હું આજ આટલી બધી વાતોળ થઈ ગઇ છું તે મારા હમેશના નીયમથી ઉલટું જણાવાથી મ્હારા પર ત્હને શંકા આવેજ તેથી તું વમાસણમાં પડીછું. પણ ત્હને ખબર પડશે કે હું ત્હારિ બ્હેન ત્હારી જેવીજ સ્થીતિની છું. ત્હારૂં હું કંઈ જાણતી નથી પણ કંઇકિ અનુમાનથી કહી શકું તેથી તે સંપૂર્ણ સત્ય માની લઇને તું મારાપર ગુસ્સે ના થતી. હાલ તું મ્હારા નામનો ઉલટો અર્થ કરજે. જો હું મ્હારિ કેટલીક ખાનગી વાત ત્હને કહુંછું. ત્હારિ મ્હારા પ્રત્યેની શરમ ટાળવા તથા ત્હારો મ્હારા તરફનો સંશય દૂર કરવા–ત્હારિ વિશ્વાસપાત્ર થવા મ્હારિ ત્હારા તરફની થતી લાગણીને લીધે આ ખાનગી વાત કહુંછું. સાંભળેલી વાતથી પણ ત્હને મ્હારા પ્રત્યે શરમ કે અવિ-શ્વાસ રહે તો તું ત્હારી વાત મ્હને ન કહેવાને સંપૂર્ણ મુખત્યાર છો.

મ્હારા બ્હેનપણાનો સંબંધ હું ત્હારિ સાથે આ વાત કરીને સહીપણામાં ફેરવવા માગુંછું, એ ત્હને સાંભળ્યા પછી ખાત્રી થશે.

બ્હેન, મ્હારિ એકદમ ( રાંધળી સાથે ) પુષ્કળ વાતથી ત્હને કંઇ કંઇ થશે પણ મ્હારૂં હ્રદય ત્હારા કરતાં ઓર કંઇકિ વધારે નબળું છે. ઉભરો કાઢ્યા શિવાય તો શાન્ત



થવાતું નથી. યાદ રાખજે કે કોઇને પણ એક સ્હજ ઈસારો પણ નહીં કરેલી એવી સ-ઘળી વાત છૂટે પેટે ત્હને આજજ કહી દઉંછું. ખુદ મ્હારા પતિને પણ નથી કહી શકી તે સઘળી આજે ત્હને કહુંછું. તે વાત મ્હારે કોઈને કહેવીજ હતી, તે બીજા કોઇને નહીં પણ ફક્ત યોગ્ય માણસનેજ. ઘણા વખતથી તે વાત ત્હને જ કહેવા લાગ જોતી હતી. બ્હેન શીવાય બીજું લાયક મને કોઈ હજુ સુધી મળ્યું નથી. કદાચ મ્હારા પતિ હોય પણ ત્હેઓને ન કહેવાનાં કારણ હતાં. માને કહેતાં તો મને પણ શરમ આવે. તે શરમ આજ મ્હારિ ન્હાની બ્હેન ( તું )ને કહેતાં નથી આવતી. ન આવે એ વ્યાજબી છે એમ તું પછીથી જોઇ શકશે. મ્હારી આ વાત કહેવાને મ્હને એક ખાત્રીલાયક સહી જોઇતી હતી. મ્હેં ઘણો પ્રયાસ કર્યો–કરી જોયો પણ મ્હને તે સાસરામાં મારી સરખી ઉમ્મરની મળી નહીં. એક મોટી નણંદ લાયક છે પણ તેમનેયતે કેટલાક ખાસ સંજોગોને લીધે હું પૂર્ણ મન ખોલીને કહી શકતી નહીં–નથી. આનું કારણ એક તો પ્રથમ શરમ જ છે. ત્હને કહેવામાં હું નાનમ કે શરમ સમજતી નથી; કારણ કે તું મ્હારિ સમાન લાગ-ણીવાળી બુદ્ધિની ( ને સ્થીતિની ) છો ( એ વિશેષ છે. ) હું અનુમાન પરથી જોઉંછું કે ત્હારૂં ને મ્હારૂં એકજ સ્થીતિનું દુખ સમાન છે. તું મ્હને સલાહ આપશે. હું ત્હને આ-પીશ. મ્હારા શ્વસુર પક્ષની દ્રવ્ય સ્થીતિ ત્હારા કરતાં નીરાળી છે પણ તે આપણને અન્ત-રાય કરી શકશે નહીં; જો કે તે બાબતમાં હું ત્હારૂં દીલ કેવું છે તે સમજતી નથી. ગ-રીબાઇને લીધે તું શંકા ધરાવે તેવી મ્હારામાં જરાયે તોછડાઈ નથીજ. મ્હને ઘણુંખરૂં તો સુખ જ છે, દુખમાં એક મોટું દુખ તે 'પતિ દુખી છે' તે છે. તેમાંયે તે સાસુના પરલોક-ગમન પછી તો મ્હારા પતિને માથે અસહ્ય બોજો આવી પડયો છે. મ્હારે વાત કરવાનો વિશ્રામસ્થાન પુજ્ય સાસુજી સ્વસુરગૃહમાં માતાજીની ગરજ સારે એવાં હતાં. તું જોશે કે હવે હું કોને મારૂં હ્રદય ખોલી બતાવું. પતિ બિચારા ગૃહના બોજામાંથી છૂટા થાય ત્યારે મ્હારિ વાત કહું કેની? તેઓ તો જો કે મ્હને ઘણુંએ પૂછે; પણ હું હમણાં કંઇ લાગ જોતી નથી. ઘરમાં થોડા માણસને જાજો ભારછે. ત્રણ ભાઇ, એક વડિલ ( સસરા ) ત્રણ વહુઓ, ને બે નણંદમાં એક વિધવા ( મોટી નણંદ ), બે બાળક વચલી વહુના. વડિલ અશક્ત થઇ ગયા છે તેથી તથા તેઓ મનના દુખી દેખાય છે એટલે તેઓ કામ ન કરે તેમજ તેમને કામમાંથી મુક્ત કરવાનો સર્વનો આશય. વિધવા બ્હેન-નણંદને કોઈ કંઇ કહેતું જ નથી, ને એ ઠીકજ છે. મ્હારિ મોટી દેરાણી છોકરાંવાળી એટલે એ પણ જંજા-ળવાળી. નાની દેરાણીને ચીંધીએ તો તે સાસુનું ઓછું આણે. નાના ભાઇ ભણે છે. મોટા ભાઇ—દેર હજુ કશા નિશ્ચયપર આવ્યા નથી. સૌથી મોટા—મ્હારા પતિને કામ ઉપાડ્યા શિવાય છૂટકો ખરો? ઘરમાં કોણ? હું સુડી વચ્ચે સોપારી જેવી, હા કહેતાં હાથ ને ના કહેતાં નાક કપાય; તેમ એક જણને તો ખોટું લાગે જ ( મારા કામકાજથી ).

બ્હેન, તું જાણે છે કે પિતાએ મ્હને અણછૂટકે આ ( ગરિબ ) ઘેરમાં બહુવાર રાહ જોયા પછી હું ઉમરલાયક થઇ એટલે મોટી ઉમરે વરાવી છે. પિતા શ્રીમન્તાઈ શોધતા હતા તે ન મળી એટલે અહીં મારા સંબંધીની જે ફીકર તેમને છે તે હવે જૂદી છે. મ્હારૂં સુખ શ્રીમન્તાઇતા અભાવે કંઇ દૂર ન્હાસી ગયું નથી. ગમે તેમ પણ પીતાએ મ્હારો ફીકરમંદ ચ્હેરો જોયો એટલે મારી ન્હાની બહેન ( તું )ને શ્રીમન્તને ઘેર આપી.

આમ કરવામાં પિતાની મુખ્ય નેમ સ્વપુત્રીને ( ત્હને ) સુખી કરવાની હતી, ને છે; હજુ જો કે તેમ છતાં પિતાજી જાણુતા નથી કે ત્હારૂં સુખ દુખ શેમાં—શેને લીધે છે. ધારવામાં આવ્યું તેવું સુખ ત્હને પણ મળ્યું. આ પરથી યાદ રાખવાનું માત્ર એ કે સર્વને સર્વત્ર સંપૂર્ણ સુખ કદી મળતું નથી. સ્વસુખ અપ્રાપ્ત થાય તેમાં જાત શિવાય બીજા કોઇને દોષ દેવાનો નથી. આપણાં માબાપ પણ પ્રથમ ગરિબ જ હતાં. વખત જતે સ્થીતિ ઉચ્ચત્તર થતી ગઈ. સ્થીતિફેરને લીધે મ્હારા શ્વસુરપક્ષને અહીં સમ્બન્ધે ભીન્નભાવ રહ્યો. સ્વાભાવિક છે કે પીયરની શ્રીમન્તાઇ સાસરામાં નકામી છે. આ સ્થીતિફેરથી મ્હારા પતિ પણ મ્હારૂં સંપૂર્ણ સ્વરૂપ નીરખી શક્યા નહીં. તું તો જાણે છે કે હું કંઇ શ્રીમન્તાઇમાં ઉછરી નથી. કદાચ તું ઉછરી છો તેથી તારા પરથી તેઓ મારા વિષે અનુમાન બાંધે તો ના કહેવાય નહીં. એઓ મ્હારા સુખની, મ્હારી હાજતની, દરકાર રાખે છે તેનાથી ઓછી પોતાની રાખે છે. તેઓના વાક્યોચ્ચારથી આ જણાઇ આવે છે, જ્યારે મ્હારો ગરિબ શ્વસુરપક્ષ મ્હારા પીયરની મ્હારિ શ્રીમન્તાઇને લીધે મ્હારા તરફ તિરસ્કારની દૃષ્ટીએ જુએ છે. બ્હેન, આ દુખની અનુભવહીનને માલમ પડતી નથી. એઓ કહે છે કે હું ત્હને ત્હારૂં ઇચ્છયું સુખ આ જન્મમાં તો આપી શકવાનો નથી. એમના આ વચન, હું મ્હારા સ્વાર્થી સુખની અભિલાષી છું એમ દર્શાવી આપે છે. વળી તેઓ કહે છે 'મ્હારા ગરિબ ઘરમાં ત્હારૂં કુમળું શરિર ઘસાઈ જશે, હું મ્હારા પિતાની શરમ છાંડી શકતો નથી એટલે સ્વતંત્ર કમાઇના અભાવે પૈસા બે પૈસાની ખાવાની ચીજ કે માથુ હોળાવાની કાંગશી હું કઈ રીતે ત્હારે સારૂ લાવું ? ત્હારી આશાઓ હાલ તો બધી સ્વપ્નવત્ છે. મિષ્ટાન, સુંદર વસ્ત્ર ને કીમતિ અલંકારની ત્હને સહજ ઇચ્છા થાય; પણ અહીંની મ્હારિ ગરિબ સ્થીતિ તો ત્હારા પીયરના વસ્ત્રાલંકારનો ઉપયોગ કરવાની પણ ના કહે છે.' એમના આ શબ્દો મ્હારૂં કાળજુ વીંધી નાંખે છે. હું એમને મ્હારા વિચાર ને મ્હારિ બુદ્ધિ જણાવવા જઉં છું પણ તેમ કરતાં તેઓ મ્હને સંપૂર્ણ સાચી માનતા નથી. વધારે બોલવા જતાં હું બીહું છું કે રખેને તેઓ મ્હને બહુ માન આપે; હું તેમને કહું છું કે 'આપના ધારવામાં ભૂલ છે, શ્રીમન્ત પિતાની પુત્રી કદી શ્રીમન્ત કહેવાય જ નહીં; તેમ જ મ્હારા જન્મથી મ્હારા પિતા શ્રીમન્ત હતા પણ નહીં. પિતાની શ્રીમન્તાઇને લીધે હું ગરિબાઇમાં રહેતાં શીખવાનું ભૂલી નથી. માનો ન માનો પણ હું તો જન્મથી ગરિબ જ ને ઉદ્યોગી છું. કામ કરતાં ને આળસુ નહી રહેતાં મ્હને મ્હારી માયે શીખવ્યું છે. મ્હારા પિતાની રહેણી કરણી પણ અન્તરથી તો ગરિબ જ છે; કારણ અમો મૂળે તો ગરિબ જ હતાં. હું કામ કરી શકું છું. કામ કામને શીખવે છે. જુઓ મ્હારૂ શરિર કસાયલુ છે. તમો મ્હારા પિતાના વિચારનો પડછાયો માત્ર તપાસીને મ્હારે વિષે અંદેશો લાવો છો એ મ્હને નુકસાન કર્ત્તા છે. મ્હેં ઝાણાં વસ્ત્ર કદી પહેર્યાં નથી, છતાં મ્હારા પિતાએ મ્હને તે આપ્યાં છે તે એટલા માટે કે મ્હને સાસરામાં ઉંચા વસ્ત્રોના અભાવે તેમના આ વસ્ત્રો મ્હારી ઇચ્છા-હોંશ તૃપ્ત કરે. તેમ ધારવામાં પિતાની ભૂલ છે એમ પણ હું હાલ તરત તો કહી શકતી નથી. દરેક પુત્રીના પિતા એમ ધારે જ, કે સાસરામાં ન મળે તેવાં સ્વશક્તિ પ્રમાણે ઉંચા સાધનો પણ પિતાએ આપવાં. કન્યા પણ આવી આશા શ્રીમન્ત ( પિતા કે સસરા ) તરફથી રાખે જ. પણ મ્હારો સ્વભાવ પિતાજી સંપૂર્ણ ક્યાંથી જાણે ? બાળજીવનની સહવાસી મ્હારિ માતા મ્હારા વિચારો જાણે છે. પણ તેથી મ્હારી માતા પોતે પણ મ્હારા પિતા વિરૂદ્ધ થતી નથી, એમ ધારીને



કે પોતાની ( મ્હારિ માતાની ) બુદ્ધિ સ્વપતિ ( મ્હારા પિતા ) કરતાં ઓછી જ હોય—છે. માતા, પિતાની મરજી અનુસારે ચાલી તો હું પિતાના વસ્ત્રદાનનું કેમ ઉલ્લંઘન કરૂં ? મને લાગ્યું કે આ વસ્ત્રો હવે મ્હારા ગરિબ સાસરામાં લાયક નથી. શ્રીમન્ત પિતાની પુત્રીએ ગરિબ સાસરામાં ગરિબ જ દેખાવું જોઇએ; પણ વસ્ત્રઅલંકાર ના અંગીકાર કરવા જતાં પિતાનું ને તેમ થવાથી માતાનું મન દુભાશે એમ ધારી મ્હેં તે લીધા તો ખરા જ. પણ તેથી આપ એમ ન ધારતા કે હું તે અહીં વાપરવા જ લાવી છું. હું જાણું છું કે આ વસ્ત્રો હું અહીં વાપરૂં તો મ્હારો તોલ અહીં કેવો થાય. મ્હોટી થઈ ત્યારથી જ હું સમજવા શીખી છું કે ગરિબ રહેતાં શીખવું બહુ જરૂરી તેમ જ ઘણું કષ્ટપ્રાયઃ છે. પણ હજુ પણ મ્હારિ સખીઓને પૂછવાથી જણાશે કે બાલ્યાવસ્થામાં માતાજી મ્હને કેવાં વસ્ત્રો પહેરાવતાં ને હું તે કેવા હોંશથી પ્હેરતી ને તે પરથી મ્હારિ ગરિબાઇનું મ્હને કેવું અભિમાન હતું. શ્રીમન્ત લોકો દરરોજ મિષ્ટાન્ન જમતા હશે અને સાધારણ લોકો અઠવાડિયે પખવાડિયે ગળ્યું ખાતા હશે. તો પણ ગરિબ લોકો વાર તેહેવારે પણ આવું મિષ્ટાન્ન ખાવા ચુકતાં નથી, એમ ગણીને કે ઇષ્ટમિષ્ટ ખાધાથી જીવ્યું સફળ થાય. છતાં પણ મ્હારા પિયરમાં તો આ સર્વથી એક ઘણોજ વિચિત્ર ધારો છે. તે એકે દર અઠવાડિયે એક વખત તો જરૂર ઘણો જ સાદો, ઓછો, ને હલકત ખોરાક અમો લઇએ છીયે, જેથી લોકો ધારે છે કે જાણે અમો શ્રીમન્તોની અદેખાઇ જ કરતા ન હોઇએ. અથવા કંજુસ તો છીએ જ. આ ધારો ખાસ મ્હારા પિતાનો માનીતો હુકમ છે, જો કે હું હવે જ સમજતી થઈ છું કે તે મ્હારે ઘણો ઉપયોગી થઈ પડશે. તમો ધારો છો એવું મ્હારૂં પીયર શ્રીમન્ત છે જ નહીં, ને હોય તો પણ મ્હારે તે કશા કામનું નથી. પીયરમાં ઘણાં જ આછાં ને ઓછાં અલંકાર વપરાય છે. વસ્ત્રાલંકારથી શણગરાયલાં જાંગલા જાંગલી કે ઢીંગલા ઢીંગલી જેવાં ઢંગધડ વગરનાં મનુષ્યો મ્હારાં માતા કદી પસંદ કરતાં નથી. આ પરથી આપ સહજ જોઈ શકશો કે હું કેવા કુટુમ્બના સહવાસમાં ને કુળમાં ઉછરી છું. આપ મ્હારિ ચિન્તા કરો છો, પણ હું આપની કશી ચિન્તા કરતી નથી. હું કેવી બેવફા છું ! હું વિચારૂં છું કે આપ મ્હારિ ફીકરથી ફીકરમંદ છો એ જાણી હું આપને માટે નફીકરી થઈ શકતી નથી. બીજા ( આપ )ની ફીકર ચિન્તા ઓછી કરવાનું હું શીખી નથી તો પણ હું મ્હારિ ચિન્તા બીજા ( મુખ્યપણે આપ ) ન કરે એમ તો કરી શકીશ ખરૂં. મ્હારિ ફરજ પ્રમાણે મ્હને આપની ચિન્તામાં ભાગ આપો, મ્હારાં ( આપનાં ) કુટુમ્બીઓ ભલે મ્હારા (સ્વભાવ) વિષે શંકામાં રહે પણ આપ કદી તેમ કરશો નહિ. મ્હેં મ્હારા ઘરમાં પીયરમાં જોયું છે ને તેથી હું શીખી છું કે પુરૂષને ઘણી ચિન્તા હોય છે તે ચિન્તા ઓછી કરવાનું મુખ્ય સાધન સદ્દગુણી વહુ છે. પડોશના ઘણા કુટુબોમાં સ્ત્રીઓ સ્વપતિને અતિશય બોજા રૂપ થઈ પડે છે. એકે દિવસ આજ્ઞા કર્યાં શિવાય જતો નથી. દુધ શાક ઉપરાન્ત આજે ઘઉં કાલે દાળ તો પરમદિ ચોખા એમ અનાજ, વળી એક દી ધોબી તો બીજે સોની, તો ત્રીજે દી કાપડીઓ મે દરજી તો કાંઇક ઘી તેલ, ત્યારે વળતે દિ મશાલો, બળતણ; એમ અનેક વસ્તુઓની આજ્ઞાના બોજાથી પતિને કદી ઉંચા આવવાનું થતું નથી. કમાણી થોડી ને ખરચ ઝાઝો એવી ચિન્તાથી આખરે પતિ દબાઈ જાય છે. સ્ત્રીનું આ કર્તવ્ય નથી. પતિ તે કમાવા જાય કે ઘરની નોકરી કરે ! કમાવાની, ઘરની, સંતાનની, સ્ત્રીની, તથા આબરૂની ફીકર પતિને, ત્યારે પત્નીને સંધી આપવા

શીવાય બીજી કશી ફીકર નહીં! વ્હાલા આ મ્હારૂં શીક્ષણ નથી.. હું ગરિબ પતિની પત્ની છું, પણ સૌભાગ્યવતિ છું ત્યાં સુધી હું ગરિબ જ નથી. નીતિને રસ્તે મ્હને ગરિબાઇ સમજાતી નથી. શ્રીમન્ત હોય તે કામ નહિ કરતા હોય; પણ હું તો તેવી શ્રીમન્તાઇ (આળસ) ને જ ગરિબાઈ ગણું છું—ધીકારૂં છું. આપ ધારતા હશો કે આ બધું બોલવાનું છે, કરવાનું –થવાનું નથી, અથવા તો હું–આપણે શ્રીમન્ત હોત તો કામ ન કરત ને આળસુ રહેત.–આ ધારવું સ્હેલું ને કેટલેક અંશે સત્ય પણ હોય પરન્તુ તેથી મ્હારા આ વખતના વિચાર તેવે વખતે જૂદા પડત નહી. આ વખત આવ્યો છે તો ભલે. મ્હારિ કસોટી તો થવા દ્યો? વ્હાલા! હું માન ખાટવા આ નથી બોલતી. મ્હને અભિમાન પણ નથી. શેનું અભિમાન હોય? વિદ્યાનું, સદ્‌વિદ્યા-વિચારનું અભિમાન હોતું જ નથી; પણ મને એક અભિમાન છે. મ્હારા સુગુણશાળી પતિપ્રભુનું અભિમાન, કે જેવું સર્વ સ્ત્રીઓને હોવું જોઇએ. મ્હારા પતિ પાસે છતાં મ્હને કદી બીજાું અભિમાન ચડવુંજ ન જોઇએ. આપ મ્હારા ગુરૂપદે એટલે હું આપ પાસે અભિમાની શબ્દો બોલી નથી, ગમે તેમ પણ હું આપની શીષ્યા છું. આપની મરજી–ઇચ્છાનુંસાર હું વર્તવા બંધાયેલી છું. જે નવું શીક્ષણ આપશો તે ગ્રહણ કરવા મ્હારી ફરજ છે. વ્હાલા? હું મ્હારો ધર્મ સમજું છું. શિવાય બીજો વધારે સ્પષ્ટ રીતે આપ મને સમજાવશો, સમજવા મદદ કરશો. સ્ત્રીને પતિ છતાં કદી કશું દુખ હોતું નથી.’

આવા આવા અર્થનાં વાક્યો ભીન્ન ભીન્ન રીતે મ્હેં ઘણીવાર કહ્યા હશે—છે. પણ ત્હારા બનેવી છૂપી રીતે કોઈ બાબતમાં મુંઝાય છે. તેમની ઉમ્મર કાંઈ બહુ મ્હોટી કહેવાય નહીં. પુજ્ય માતુશ્રી વગર તેઓની સ્થિતિ ઉત્તરોત્તર ખરાબ થતી જાય છે. મ્હારાં સાસુજીના અન્તકાળ પછી તેમનો ચ્હેરો શુષ્ક ને ખીન્ન થતો જતો દેખાય છે, જાણે કે દીર્ઘ કાળના ગમ્ભીર વિચારવમળમાં પડ્યા હોયની, બ્હેન? આ ગમ્ભીર બીના છે. પતિની ગુપ્ત ચિન્તા હું ફક્ત જોઉં છું પણ સમજી શકતી નથી. તેઓ આ વાત કહેવાને કોઈ લાયક માણસ (વૈદ્ય) ને શોધી શકતા નથી. ત્હારા બ્હનેવી માને છે કે જ્યાં સુધી લાયક ન મળે ત્યાં સુધી પોતાને કશી ચિન્તા હોય એવું કોઇને જણાવવુંજ નહીં. ખરૂં છે, પણ હું આ વખતે તેમનો વિશ્વાસઘાત કરૂં છું. જે ચિન્તાળુ દેખાવ તેઓ છુપો રાખવા માગે છે તે હું ત્હને આમ આજે દર્શાવી આપું છું. બ્હેન? હું પણ તેમના આ દર્શનથી મુંઝાઉં છું. તેથીજ આજે ત્હારિ આગળ ફક્ત મ્હારૂં પેટ ખાલી કરૂં છું. આ વાત કહેવાને મ્હને બ્હેન જેવી સખી બીજી કયાંઈ શોધ્યા મળી નહીં. ત્હારિ ચાલાક બુદ્ધિથી તું મ્હને કંઈ સલાહ આપશે એમ હું માનું છું.

ગુપ્ત ચિન્તા વિષે જ્યારે હું ત્હેમને પુછતી ત્યારે તેઓ મ્હને આટલો ફક્ત ખુલાસો કરતા—‘ સૌ થઈ રહેશે. તું સમજે નહીં. હજુ તું નાની છું, તું ત્હારૂં કામ કર. હમણાં ત્હારે બીજાની ફીકર કરવાની જરૂર નથી. મ્હારિ ફિકર એજ કે તું સમજું થા. મ્હારા કરતાં વડિલ, વૃદ્ધ, તથા બાળબચ્ચાં ને મેહેમાનની સગવડ વધારે સાચવજે. મ્હને ફીકર શી હોય? આપણી ગરિબાઈ હજુ કાંઈ એટલી બધી નથી ને મ્હારે બહુ જ ચિન્તા કરવી પડે. મ્હારિ જાતફીકર રાખનાર મ્હારે તું સદ્‌ગુણી વહુ છે એટલે બસ!’ બ્હેન મ્હારા આ વખાણથી હું ભોંઠી પડી જતી ને વધારે પૂછવાનું મોકુફ રાખતી.



મ્હોટી બ્હેનના આ ગુપ્ત હૃદયખુલાસાથી તથા નિષ્કપટ હેતાળુ વચનામૃતથી, શરમનો પડદો રાખ્યા વગર કહેલા વૃત્તાંતથી, ન્હાની બ્હેનને સત્ય સખીભાવ પ્રકટ થયો. શરમાતી શરમાતી પણ શરમને તોડતી તોડતી કમળા પોતાનું હૃદયપટ ખોલવા લાગી.

“મ્હોટી બ્હેન? કંઇક મ્હને શરમ લાગે છે, કંઇક હું અભીમાની છું, કંઇક મદમાતી છું, તો પણ હું સખી આગળ ગરજાઉ છું. હું આપને સલાહ આપવાને યોગ્ય નથી પણ માગવાને લાયક છું. ત્હમે જ્યારે ખુલ્લા દિલથી વાત કરી તો હું પણ બીજે ક્યાં લાયક સખી શોધી શકીશ? હું માનતી હતી કે બ્હેન કરતાં સખીનું હેત ચ્હડે; બ્હેન પાસે આવી વાત થાય નહીં ને શરમ તો છોડાય જ નહીં.

“સખી સખીનું ને બ્હેન બ્હેનનું કામ કરે. પણ આજે મ્હારી એ ભૂલ ભાગી છે. બ્હેન બ્હેનનું તથા સખીનું બન્ને કામ કરી શકે છે એ મ્હેં આજે પ્રત્યક્ષ અનુભવ્યું છે. આજથી આપ મ્હારાં સત્ય ગુરૂ તથા પુજ્ય માતા થયાં છો. માતા કરે તેટલું આપે આજે ફક્ત થોડીક વાતના એક કલાકમાં મ્હારૂં દિલ જીતી લીધું છે. આજથી હું આપની શિષ્યાસખી—ન્હાનીસખી–તરિકે રહીશ. માતાના તોલ મ્હારિ મ્હોટી બ્હેન? હું આપને આ રીતે ફુલાડાં ચડાવવા કે બહુ માન કરવા–અતિશયોક્તિ કરવા માગતી નથી. જે વ્યાજબી છે તે જ હું બોલી છું. આપના હૃદયકમળે મ્હને અલ્પ સમયમાં જ અમૂલ્ય બોધ આપ્યો છે. હું મ્હારિ ભૂલ જોતી ગઈ છું, અહા! હું આજના જેટલી કોઈ કદી પણ સુખી થઈ હોવું એમ યાદ આવતું નથી. બ્હેન? મ્હારિ બેશરમ વાતથી મ્હને ઠપકો ના દેતાં કે જે ત્હમને કહેવાની હવે મ્હને જરૂર પડે છે; જો કે હું પ્રથમ પણ બેશરમ તો હતી જ; પણ અંધારૂપીછોડે ઢંકાયલી હતી. આજથી ઉઘાડી છું પણ મર્યાદાશીલ છું. મ્હારિ ભૂલોથી મ્હારાપર રોષે ન ભરાતાં પણ મ્હારા પર દયા કરજો. હું અલ્પજ્ઞ છું એ હું આજે જોઈ શકી.

“મોટી બ્હેન? મ્હારૂં શ્વસુર શ્રીમન્ત પદે છે એ ખરૂં, પણ મ્હને એ શ્રીમન્તાઇનું સુખ કદી મળ્યું નથી. માતાપિતા તથા સાસુસસરાથી પુષ્કળ અન્નવસ્ત્રો અને કીમતી અલંકારો છૂટથી આપવામાં આવ્યા છે ને હજુ આપવામાં આવે છે, પણ મેં તે કદી પુરતા સંતોષથી વાપર્યા નથી. છતી શ્રીમન્તાઇએ મ્હારા પતિ મને તે વાપરવાની ના કહે છે. પોતે આપી શકતા નથી પણ બીજાનું આપેલું મને ભોગવવાએ દેતા નથી. મ્હારિ તેમને અરજ છે કે ‘તો બીજાઓ આપે છે તેમને ના કહો કે મ્હને આપે નહિ.’ આવું છતાં પણ વળી તેઓ કહે છે કે હમેશાં ધોબીનાં ધોયેલાં કે સ્વચ્છ ને અખંડ (ઝીણું કે ફાટેલ નહીં પણ સાંધેલાં ખરાં એવાં) વસ્ત્રો પહેરવાં. આ કેમ બને? ઘરમાં ને બ્હાર સાદાં સાધારણ લોકો પહેરે છે તેવાં જ વસ્ત્રો પહેરવાં. વાર–તહેવારે કોઇવાર રજા આપે, તો પણ પેલી મજલીનની સાડી કે કસબી ગાજ અથવા તો જામદાનીનો જાળીદાર સાડલો પહેરવાની તો હમેશની મનાઈ. અરેરે! વડિલોએ હોંશથી અપાવ્યાં તે વસ્ત્રો જ્યારે આમ પટારામાં જ પડ્યાં રહેશે ત્યારે તે સડી જશે. બધા લોકો પહેરે તે નાગાં નહીં ને હું એક પહેરૂં તેમાં બેશરમ થઇ જવાની! રૂપાની કુંચીઓના ઝુમખા, પગમાં બેડી અને અંબોડામાં ચાક કે ચીપીઆ પહેરીએ ત્યારે કહેશે કે ‘આ શો વેષ ધર્યો?’ આ અલંકારો પહેરીએ ત્યારે તે ઉપર વસ્ત્રો તો ઝીણાં જ પહેરવાં જોઇએ, નહી તો પહેર્યાનું માતમ શું? અમસ્થા રેબીન મુકેલા રેશમી કમખા શું શોભા આપે? ને બ્હેન (જાડા કપડાના) પરસેવાથી ભારે કપડાં ખરાબ ન થાય?

"હવે એ તો રહ્યું. બહાર એ ઘડી પડોશીઓમાં બેસવા જવાની પણ બંધી. કહેશે કે ઘરમાં બેસી રહો. ઘર ભ્હાર આથડવાનું બૈરાંને શું? પોતે મિત્રો સાથે ગામ બ્હાર બબ્બે કલાક આથડે તે ગમે ત્યારે ઘેર આવે. વાતો કહે ત્યારે કહેશે કે અગાઉનો જમાનો ગયો; હવે તો સ્ત્રીઓને છૂટ મળવી જોઇએ. પણ જ્યારે મ્હારિ વાત આવે ત્યારે ખશી જાય. ઘેર આવીનેયેતે એ ઘડી મ્હારિ સાથે વાત કરવાની અવકાશ નહિ કે મરજી નહિ; સાળુ દુખસુખની વાત કરવા બહાર કે દેવમંદિરે પણ રજા શિવાય ન જવાય. ત્યારે શું એમ બાંધ્યે કણબીએ ગામ વસે ખરૂં કે? દર પળ વિપળ મ્હારા અવગુણો જ મ્હને ગાઈ સંભળાવે. પણ મ્હારૂં સાંભળે નહિ. જરાક નવરી દેખે કે કામ ચીંધે ને ચીડાય. કામમાં પણ મ્હારી ભૂલો જ કાઢે, ત્યારે શીખીને તે કોણ અવતર્યું હોય? અરે બ્હેન? પતિ તરફથી તો જરાએ આશા નહીં. રહેવાનું તે જાણે નર્યા સાધુ જેવું. કંઈ જરાય મગાય નહીં. એ તે ઠીક છે કે હજુ માબાપ ને સાસુસસરા હીમખીમ બેઠા છે તે. નીકર આ શંઘ કાશીએ શી રીતે જશે? બ્હેન? તેમનામાં એક ગુણ સારો છે તે એ કે મ્હારૂં કહેવું—મ્હારિ દરેક ફર્યાદ પણ પ્રથમ સાંભળી તો લે છે, પણ જવાબની આશા કદી નહીં. કોઈ દિ મ્હોં હસતું તો નહિજ. આમાં મ્હને શું સુખ હોય? જવાબ ન આપે તેમને હમેશાં ફોગટનું લવારો કરી કીધા કરવું એમાં આપણું પ્રયોજનતે તે શું? એમનું એક કામ ન થાય કે જરાક ફેરફાર થાય તો દિવસના દિવસ સુધી બોલવું જ બંધ. અરે બ્હેન? આવું મ્હારૂં સુખ ને આ મ્હારિ મનની મુંઝવણ છે. લોકો કહેશે બાઈ શ્રીમન્ત છે, એને તે શું દુખ ચિન્તા હશે? પણ તેમને ઘરના ભવાડાની કાંઈ ખબર છે? ઘેર ઘેર માંટીના ચુલા છે પણ અમારા જેવું તો ક્યાંય નહીં હોય?

"અરે બ્હેન! હજુ મ્હારો આટલેથી છૂટકો થતો નથી. સ્ત્રીઓના રોગની વાતનું દુખ ત્હારાથી ક્યાં અજાણ્યું હશે? મ્હને આ........અહીં થયું છે, આજ ચાર પાંચ મહીના થવા આવ્યા. મ્હેં તો એમને કહ્યું નહીં; પણ પરમેશ્વર આવ્યે એમણે જ એક દી પૂછ્યું. પૂછ્યું ઈ પૂછ્યું પણ પછી ઠેકાણું મળે નહિં. કહે, હવે આ વાત કહોને કહેવાય? પીયરમાં કે સાસરામાં કોઇને કહેવાય એવી છે? કીધા વગર કોણ જાણે કે શું હશે? જાણે તે જ્યારે કાંઈ કરી શકે નહીં ત્યારે સ્ત્રીઓ શું કરે? મહીના અગાઉ તેમણે દવા લાવી આપવી શરૂ કરી, પણ પીટયા દાક્તરે માંય મોકાણ વાળી તે દવા દુધ વગર ના પીવાય. હવે દુધ ક્યાંથી લાવવું? ઘર તો શ્રીમન્ત પણ દુધ સ્ત્રીઓને તે હોય? બ્હેન દુધ તો પીયરમાં જ રહ્યું. ભલે ઘીના ડબા ખુલ્લા હોય પણ દુધ તો હમેશાં જોઇએ, તે હમેશાં ક્યાંથી મળે? તે પણ પંદરેક દિ તો તેમણે લાવી આપ્યું, પણ પાછા હતા તેના તે દિ. દુધ લાવી આપતા જાય ને કહેતા જાય કે આ પાપ કરવું પડે છે, ચોરી કરવી ને છાનું લાવવું. એ તે ક્યાં સુધી નભશે? પછી તો હું અકળામણમાં આવી કહેતી કે 'ત્યારે શીદને પરણ્યા? નહોતી પ્રથમ ખબર કે બાયડી અમથી ન આવે? વેચાય સહુ ત્યારે આવે વહુ, ઘર શું અમથાં મંડાતાં હશે? એવી એવી ચોરીઓ ગણવા બેસશો તો પાર ક્યાં આવશે? અને આમ છુપાં કામ તે થતાં હશે? મરદ થવું રહેલ નથી. બાયડીની દવા કરવામાં શરમ આણો છો, તો જીવશો શેં? હજી તો કાંઇ કરવું પડ્યું નથી.' આનો ઉત્તર શું આપે? બ્હેન! હવે હાલ જે તાજું દુખ છે તે તો આ દરદનું છે, તે હવે તો નથી ખમાતું. વધી પડશે તો મ્હને કોઈ સંઘરશે પણ નહીં!" બોલતાં બોલતાં કમળાની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. શાન્તાએ આ તકનો લાભ લીધો.



"બ્હેન કમળા! આ સાંભળતાં તો મ્હને ઘણું લાગી આવે છે. આલી વાતો કરવાનું સ્થાન જે એક પતિ જ છે તે પણ જ્યારે વિરૂદ્ધ વર્તે ત્યારે પછી કોને દોષ દેવો? આપણાં નશીબ જ એવાં. ગમે તેમ થયું; પણ હવે તે યાદ કરવામાં સાર નથી. તને ગમે તો હું કંઇક ઉપાયો દેખાડું. આપણા જ લાભ માટે, તે જરા આકરા હોય તો પણ નભાવી લેવા શિવાય રસ્તો નથી. મારા કરતાં ત્હને વિશેષ પડ્યું છે એ હું સમજું છું; પણ હવેથી આપણી રહેણીનો રસ્તો જ બદલવાની જરૂર છે. તેથી લાભ થશે. ત્હને ખબર છે? સ્વાર્થ માટે ઘણીવાર મ્હોટા મ્હોટા મહાત્માઓ પણ હાજી હા અને ખુશામત કરે છે; તો પછી આપણ સ્ત્રીજાત તે કોણ માત્ર? આપણે હવે પતિના દોષ જોવા છોડી દેવા. આપણે પોતાના ગુણ ગાવાનું બંધ કરવું. પતિને ખુશ રાખવાનું કામ જોકે પ્રથમ મુસ્કીલ લાગશે તો પણ તેને વશ કરવા માટે તે કરવાની જરૂર છે. ઘણી ખરી બાબતોમાં પતિનું—તેમની ઇચ્છાઓનું અનુકરણ કરવાથી જ આપણું આ કાર્ય સરળ થઇ પડશે. પતિને ગુરૂ ગણીને માન આપવાથી આપણે તેને લાયક થઇ શકીશું. આપણો મહાન્ નીતિધર્મ ધરી રાખવાથી આપણું ચક્ર નિયમિત ફર્યે જશે. પ્રભુની પ્રાર્થના માટે દેવદેવીઓની માનતા બાધા ને તિર્થોની મોલાકાત કરતાં ઘેરના સાક્ષાત્ ગંગાસ્વરૂપ પતિ—પ્રભુની પ્રાર્થના સહજ ને સંપૂર્ણ રીતે આ લોકમાં જ ફળદાયિ થાય છે એમ લોકો કહે છે તે આપણે અનુભવી જોવું તો ખરૂં? હું ધારૂં છું કે પ્રયાસથી શું નહીં થાય? આપણે પતિફરજ કરતાં પત્નિફરજના અભ્યાસની આવશ્યકતા વિશેષ છે. બીજાંનો રસ્તો જોવા કરતાં આપણે આપણો રસ્તો સીધો ને સરળ તપાસીને આગળ ચાલવું શ્રેષ્ટ છે.

"જ્યારે આપણે માફી માગતાં શીખીશું ને થતી ભૂલો યાદ રાખીને ચીવટથી દૂર કરવા યત્નશીલ થઇશું. ત્યારે અણસમજુના દોષ તરફ દૃષ્ટિ અને અજ્ઞાનીને શિક્ષા—ઠપકો આપવાનું કાર્ય તેઓ સ્વમેળે જ બંધ કરી દેશે. સ્ત્રીજાત મૂળે જ અબળા કહેવાય છે તો આપણે ગરિબાઇમાં શાને શરમાવું જોઇએ. સંતોષી થવાની વિશેષ જરૂર છે તે એટલા માટે કે આપણે કુદ્રતથી જ પરવશ થવા—રહેવા સૃજાયેલ છીયે. પતિને શિક્ષા વચન કહેવાનું કામ આપણું નથી. હિંદુલગ્ન માબાપની ઇચ્છાને અધિન હોય છે. આપણાં કરતાં પુરૂષોને માથે વિશેષ ભાર છે એ સહજ દેખાઈ આવે છે; દરેક સમયે ને દરેક કાર્યક્રમમાં આપણી તરફ તેમની દૃષ્ટી હોય જ છે. તેઓ પોતાની ફરજ આપણા કરતાં વહેલા શીખે છે. આપણે તેમને અનુપયોગી થઈ પડવા છતાં તેઓ આપણને ચ્હાય છે, તેઓ આપણું શ્રેય ઇચ્છે છે ને રાત્ર દિવસ હરઘડી આપણી ચિન્તા રાખે છે, કારણ તેઓ સમજે છે કે તેમાં જ તેઓનું સુખ છે. સ્ત્રીઓનું માન પુરૂષો અમુક હદમાં રાખેજ છે; છતાં સ્ત્રીઓ જ અસંતોષી છે તેથી જ તેઓ અધુરા ઘડાની પેઠે ગાજી ઉઠે છે. તેઓની ઘડીભરની નવરાશમાં પણ આપણે તેઓને શું સુખ આપીયે છીયે તે જ વિચારવાનું કામ આપણું છે, જે આપણે તદ્દન બાજુએ મુક્યું છે. આપણે પુરો બદલો પણ આપતા નથી, ઉલટા તેઓ વરાળ કાઢવાનું સ્થાન અન્યત્ર શોધતા જણાય છે. આ તેઓનું સુખ? આપણે તેઓની સમાન ને સ્વતંત્ર થવા ચાહીએ છીએ ને તે માટે ફાંફા મારીયે છીયે, પણ તેમાં જ આપણું અજ્ઞાન જણાઇ આવે છે. આપણા રોગ તો પતિને કે વૈદ્યને પણ સાધ્ય હોય છે જ્યારે તેઓની માનસીક વ્યાધિઓ તો હમેશાં જ અસાધ્ય હોય છે. આપણે તે દૂર કરી શકીએ ખરાં પણ સ્વાર્થમાં

જ મચેલાં એટલે સુઝે જ ક્યાંથી ? તેઓ આપણા સુખાર્થે સ્વજીવન વેચે છે. આપણે માટે સ્વશકત્યાનુસાર અન્નવસ્ત્રાભુષણ ઉપાર્જન કરે છે. બદલામાં આપણે તેમનો થાક પણ નથી ઉતારતા. આપણને સુવર્ણ મ્હોરો ગમે ને તે માટે તેઓ અયુક્ત કર્મ પણ અલબત્ત આપણને સંતોષવા અર્થે જ કરે છે. અહીં આ લોકમાં સુખ આપણે ભોગવીએ છીયે, પર લોકમાં દુઃખ-પરિણામ તેઓ ભોગવશે; છતાં આપણે સંતુષ્ટ નથી થતાં. સુલક્ષણા સ્ત્રીનાં આ કર્તવ્ય નથી. ગરિબ સ્ત્રીઓ શ્રીમન્ત કરતાં સહજ સંતોષી હોય છે. ત્હને ત્હારા પતિ કશી જુએ છે. તું નાપાસ થાય છે તેથી તેઓ ચિન્તાજ્વરમાં બળી ઉઠે છે. તેઓ ભવિષ્યના વિચારમાં તને જવાબ દેતા નથી. સ્ત્રીઓ સુખી નથી થઈ શકતી તેમાં ભૂલ સ્ત્રી જ્ઞાન (અજ્ઞાન) ની જ છે. હવેથી પતિના અવગુણ તરફ નહીં જોતાં પતિના ગુણગાન જ કરજે. જે ભજીશ તે મળશે-આવશે. વાવ્યું લણવાની આશા રાખવી. અવગુણ ભજવાથી દુર્જનની સોબત જેટલું જ, બલ્કે તેથી પણ વિશેષ નુકસાન જ છે. પ્રભુના કીર્તનમાં પ્રભુના દોષ નથી હોતા પણ ગુણનાં કીર્તિ-વર્ણન હોય છે. ત્હેં કોઈ દિ પતિના સમયખર્ચનો તપાસ કીધો છે ? પતિ (ના કાર્ય) ની ફીકર કરી છે ? પતિનો વ્યાધિ તપાસ્યો છે ? પતિનું સુખ વિચાર્યું છે ? પતિનું કુશળ પૂછ્યું ? સ્ત્રીઓ પતિને શું આવકાર આપે છે ?—કાંઈ લાવ્યા ? અનાજ આણ્યું ? ઘી થઈ રહ્યું છે. આજે શાક જરા બગડી ગયું છે. હું દાઝી તેથી આજે મ્હારાથી થશે નહીં. તાવ આવ્યો તેથી મ્હેં રાંધ્યું નથી; સવારનું બધું એમનું એમ પડયું છે. આજે ચલવી લ્યો. મ્હારે ત્યાં ગયા વગર ચાલે એમ નથી. મ્હારી દવાનું તથા કલ્લાનું શું કર્યું ? ના એમ નહીં ચાલે. વિ.—આ આપણા આવકારદાયક શબ્દો. તેઓ ગમે તેટલું ઓછું લાવે કે કમાય પણ આપણે કંઈ કોઈ દિ પણ ઓછે ચલવી શક્યાં કે ચલાવવા યત્ન કર્યો યાદ આવે છે ? શેનો યાદ આવે ? પરદુખ સમજવાનું શિક્ષણ સ્વમેળે જ લેવાનું છે. પતિનો ભાર ધારે તો પત્નિ એક કોમળ વચનમાં જ અરધો ઓછો કરી નાંખે. ધાર્યું છે કે કર્યું છે કોઈ દિ આવું ? આપણે હમેશાં બોલ્યા જ કરતાં શીખ્યાં છીયે કે પતિ અમને ચહાતા નથી, અમને સુખ આપતા નથી. વિ. પણ વિચાર જ કર્યો છે કે આપણને તૃપ્તિ-સંતોષ ધરવો જ ક્યાં છે ? આપણે એક રાજ્ય જોઇએ ને રાણીપદ જોઇયે, પણ તે નશીબ વિના, લાયકાત વિના, ક્યાંથી મળે ? વિચારો તો આપણું ઘર તે એક રાજ્ય જ છે. એક ગૃહયંત્રણા પણ આપણાથી સુખરૂપ નથી ચાલતી તો પછી મ્હોટા રાજ્યનું સુખ આપણને દુખ રૂપ થવાનું, અભિમાન ને અસંતોષજ કુટુમ્બમાં ફુંકવાનું, એ પણ ચોક્કસ છે. ફર્યાદ કરવાનો સમય જ ન આવવા દેવો, પછી આપણે ન્યાય અન્યાય પરત્વે બોલવાનું જ નહીં રહે. આપણે હમેશાં આપણી ભૂલો જ તપાસવી, પરગુણાનુવાદી થવું. સર્વગુણસંપન્ન માનવી કોઈ હોતું નથી એ મીથ્યાવાદ પોતાની બાબતમાં દલીલ તરિકે લાવવા, ને બીજામાં ગુણારોપણ કરતી સમયે તે ન્યાયને બાજુ મુકવો એ વ્યાજબી તેમ જ પોતાને કે પરને લાભકારક પણ નથી. ઔષધ હમેશાં કડવાં જ હોય છે પણ તે કડવાશ જ ગુણકારી નીવડે છે, ગુરૂ શીક્ષા પ્રથમ તેવી જ લાગે છે પણ સ્વહિત અર્થે તે સ્વિકારવામાં જ આવે છે. સ્ત્રીઓને વિશેષ વાચાળપણું નુકસાન જ કરે છે. દુખની વાતો કર્યા કરવાથી દુખ ઓછું થતું નથી પણ વધારે થવાનો સંભવ ખરો. તેમના સુખને પ્રસિદ્ધ કરવાથી તે પણ કાંઈ વધતું નથી, વખતે તેમાં વિક્ષેપ પડવાની બીક ખરી. મતલબ કે અજીરણ કે અપચો થાય તો જમવા કરતાં ભુખ્યા રહેવું બહેતર. તેમ



જ અણગમતું સંભળાય કે થાય ત્યારે મુંગા રહેવું તે ઉત્તમ ઔષધ રૂપ છે. પરને કહ્યા કરવાથી શું સાર ? ઉલટી લોકો (દ્વીપક્ષી હોવાથી) હાંસી કરે. બ્હેન ? ત્હારા પતિને ત્હારિ જ એક ચિન્તા નહીં હોય. આપણે જાણીએ કે સ્ત્રીજાત જ દુખી છે; નહીં, પુરૂષો, છતા પુરૂષાર્થે, પરવશ રહ્યા હોય છે. તેમને તો માતાપિતા, લોક આબરૂ, પત્નિ, સંતાન, વિ. અનેક સત્તા અડચણરૂપ છે. આપણે તો એક પતિને અધિન દશામાં જ છીયે. હાલ આટલું બસ થશે. મારાથી કાંઈ યદાતદા બોલાયું હોય તો ક્ષમા કરજે."

ઉત્તરમાં કમળાએ આભાર માન્યો; કડવું ઔષધ પીવાનો અનુભવ તો કરી જોવો એમ નીશ્ચય કીધો.

પખવાડીઆ પછી કમળા સાસરે ગઈ. દર અઠવાડીયે એકાદ બે પત્ર નીયમીત રીતે લખે છે. માતાને કુશળ સમાચાર અને બ્હેનને સુખરૂપ સંસારની વધાઇઓ આવવા માંડી. શાન્તાએ પણ પતિની ફીકરચિન્તામાં ઘટાડો કર્યો છે. સંસારમાં સ્વર્ગ તે આ શિવાય બીજું શું હશે ?

**અમૃતલાલ ઓધવજી.**

---

# વર્તમાનરંગ.

**ભોપાલનાં નામદાર બેગમ સાહેબનું કેળવણી તરફ લક્ષઃ**—હિંદુસ્થાનનાં દેશી રાજ્યોમાં ભોપાલનું મુસલમાની રાજ્ય એક એવી વિચિત્રતા ધરાવે છે કે તેના રાજ્યકર્તા સ્ત્રી જ હોય છે, અને રાજ્યગાદીનો વારસો માતાથી પુત્રીને ઉતરે છે. હાલનાં નામદાર બેગમ સાહેબે પોતાના રાજ્યની એક શાળામાંના વિદ્યાર્થીઓને ઈનામ આપવાના મેળાવડામાં પોતે જ હાજર રહી પ્રમુખપદેથી ભાષણ આપતાં જે વિચાર જણાવ્યા હતા તે પુરૂષ રાજ્ય કર્તાઓને પણ મનન તથા અનુકરણ કરવા યોગ્ય હતા. તેમના પ્હેલાંનાં બેગમ સાહેબ-તેમનાં માતુશ્રી-પણ પોતાની પ્રજાની કેળવણી માટે ઘણાં આતુર હતાં અને તેમણે રાજ્યના સરદારો તથા જાગીરદારો પોતાનાં બાલકોને શિક્ષણ આપવા દોરાય એવી એક યોજના કરી હતી, પરંતુ તે પુરતી રીતે સફળ ન થઈ શકવાથી નિરાશ થઈ તેમને તે ત્યજી દેવી પડી હતી. હાલનાં બેગમ સાહેબે તે સંબંધી વિશેષ દઢતા આ ભાષણમાં દર્શાવી હતીઃ "તેમ છતાં મ્હારી પ્રજાની કેળવણીના કાર્યથી મ્હારૂં મન પાછું ખેંચી લેવાનું હું કાંઈ પણ કારણ જોતી નથી, કારણ કે હું માનું છે કે મ્હારી પ્રજાની સમૃદ્ધિનો આધાર માત્ર કેળવણી ઉપર જ છે." હિંદીઓનું કેળવણી તરફનું સામાન્ય રીતે સર્વસ્થળે જોવામાં આવતું દુર્લક્ષ તેમણે યોગ્ય જ શબ્દોમાં વર્ણવ્યું હતું. "હિંદ હજી અજ્ઞાનની ગુફામાં જ પડયું છે, અને માતાપિતા કેળવણીની પૂરતી અગત્યતા સમજતાં લાગતાં નથી. જે ધન બાળકોના શિક્ષણ પાછળ વધારે સારી રીતે ખર્ચાઈ શકાય તે અન્ય રીતે ગુમાવાય છે, અને નિરૂપયોગી ઇચ્છાઓ તૃપ્ત કરવા માટે અતિ ભારે દેવાં કરવામાં આવે છે......અજ્ઞાન માતાઓના અતિશય વ્હાલ અને લાડે કંઈક બાલકોને ખરાબ કર્યાં છે, અને અનેક મૂલ્યવાન જીંદગીઓ વ્યર્થ કરી નાંખી છે...ગૃહસ્થો, ત્હમે મ્હારા વિષે એટલું સમજી રાખો એમ હું ઇચ્છું છું, કે તેવી અચતુર-મૂર્ખ માતાઓની પેઠે હું મ્હારી પ્રજાની કેળવણી કદી પણ અટકો પડવા દઇશ નહીં, પરંતુ એક માયાળુ માતાની માફક તેમને ઉંચા પ્રકારનું જ્ઞાન આપવાનાં સર્વ બનતાં સાધનો પુરાં પાડવાને સાવચેતી રહીશ, અને તેમ

છતાં મ્હારી પ્રજા જો તે સાધનો અને સગવડોનો લાભ લેતી નથી એમ મ્હને જણાશે તો મ્હને, તે જ માયાળુ માતાની પેઠે જ, તેમને પાંશરાં કરવાના સખત ઉપાયો લેવાની ફરજ પડશે. મ્હને ખાતરી છે કે મ્હારી પ્રજા રૂપ પુત્રો-બાલકોના પિતાઓ-પોતાની રાજમાતાને અનુસરશે, અને કેળવણીના કાર્યને આગળ વધારી તેને ઉત્તેજન આપવામાં પોતાનાથી બનતા ભારેમાં ભારે પ્રયત્ન કરશે."

આ વાસ્તવિક, ગંભીર અને માતૃહૃદયનું દર્શન કરાવતા સ્નેહાલ તેમ જ આજ્ઞાકારી શબ્દો પ્રત્યેક માતપિતાએ અને વિશેષે કરી આપણા રાજ્યકર્તાઓએ ઘણા બોધદાયક લેખવા જોઇએ, અને જ્યારે આવાં બોધરત્નો રાજ્ય કાર્યભાર ચલાવતાં સ્વદેશી મહિષી-રાણી-સ્ત્રીજાતિ-ના મુખમાંથી સાંભળીએ છીએ ત્યારે ભારતની પૂર્વ દિશાને આચ્છાદિત કરી રહેલી અનેક કાળી વાદળીઓના એક બાકોરામાંથી પ્રકાશની રેખા દોરતું ઉદયસૂર્યનું એક તેજસ્વી સુવર્ણમય કિરણ દેખી અમારા હૃદયને અત્યંત આનન્દ થાય છે, અને હિંદી રાજાઓની સર્વ રાણીઓ એવી જ વિદ્યાવિલાસી થાય એવી પ્રભુની કૃપાવૃષ્ટિની અભિલાષા રાખીએ છીએ.

પાન્થ, બન્ધુસમાજ.

---

# સમયતરંગ.

અમદાવાદમાં મળેલી પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ (મેળાવડા) માં સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ ચીમનભાઈ લાલભાઇએ પોતાના ભાષણમાં સ્ત્રીકેળવણીનો વિષય ચર્ચ્યો હતો, અને મહિલાપરિષદ્ જેવા સમારંભ ફતેહમંદ થાય તેને માટે સ્ત્રીઓએ કેળવણીની યોગ્યતા મેળવવી આવશ્યક જણાવી હતી. તે કોન્ફરન્સના પ્રમુખ રાય સિતાબચંદ નાહર બાહદુરે પણ આ જ વિષય ઉપર પોતાના ઉદ્‌ગારો કહાડયા હતા. તેમણે જણાવ્યું હતું કે કોઇ પણ કોમની સંસારસુધારણાનું કાર્ય સફળ કરવા માટે સભાઓ ભાષણો આદિ સર્વ ઉપાયો કરતાં સ્ત્રીકેળવણી જ ઉત્તમ માર્ગ છે. સ્ત્રીસંસારસુધારણાના સંબંધમાં તેમણે બાળલગ્ન, કુટવાનો રીવાજ, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, વધુસ્ત્રીલગ્ન ઇત્યાદિ હાનીકારક રીવાજો દૂર કરવા ભલામણ કરી હતી. કોન્ફરન્સમાં પણ તે સંબંધી ઠરાવો થયા હતા.

બંગાળામાં અન્ય કોમોનું દૃષ્ટાન્ત લઇ ત્યાંના મારવાડીઓ પણ સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવા તૈયાર થયા છે. ત્યાં એક 'સાવિત્રી પાઠશાળા' સ્થપાઇ છે, અને તેમાં કન્યાઓને સંસ્કૃતનું જ્ઞાન સારૂં અપાય છે.

મુંબાઈની જુદી જુદી કન્યાશાળાઓની બાળકીઓમાં અંગબળની કસરતનો શોખ ખીલવનારી એક મંડળી ઉભી થઇ છે, અને તેણે ૧૯૦૫-૦૬ ના વર્ષનો પોતાના કાર્યનો રીપોર્ટ હાલમાં બ્હાર પાડયો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે તે મંડળીના કાર્યમાં મુંબાઈની ૧૩ કન્યાશાળાઓ જોડાઈ છે. તેને હસ્તક ટેનીસ, બેડમીંગટન, દોરડી સાથે કુદવાની, મગદળની જોડી ફેરવવાની તથા તરવાની કસરતો કરાવવામાં આવે છે, અને આ સર્વ રમતોમાં હરીફાઇ કરી ઉત્તમ નીવડનાર કન્યાઓને તે મંડળી તરફથી ઈનામો પણ અપાય છે.

થોડાક સમય ઉપર મુંબાઇ શેહેરમાં હિંદુ વિધવાશ્રમની સ્થાપના કરવા સંબંધી વિચાર કરવા રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય બારીસ્ટરના પ્રમુખપણા નીચે એક સભા ભરાઈ હતી.

---

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. " સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ એપ્રીલ—ચૈત્ર વિ. સં. ૧૯૬૩. [અંક ૮ મો.

## ज्ञानसुगन्ध.

**पतिपत्नीनो दिव्य रथ—**

व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !
चंदा तारलियाना तेज समो चमकार !
अमीं शां अजवाळां ठारे अन्तरनी आंखडी.
चौदे रत्नतणो शो भीडभंजन भंडार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

आवो प्रियतम ! ए रथमां अंतर पधरावीये;
मनहर महिमावान महा ए जगमोझार,
ऋषि मुनि संत जनोनी निर्मळ उरज्योति दीपे;
तेमां आवो, फरिये करतां आत्मविहार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

× × × × ×

घू घू घोर गरजता गंभीर जगसिंधुतटे
अमृत स्मित झरतां खीले कुसुमो सुकुमार,
तेनो नित्य वसन्त सुगंध रसे भरवा उरे,
हृदयो गुंथी चालो जइए, प्राणाधार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

× × × × ×

कंटक मार्ग कठोर विकट छे एह प्रयाणनो,
अनिलो घूमे ने आकाश वहे अंधार;
तेमां साचवजो, प्राणेश्वर ! पार उतारजो,
दिव्य, सुरम्य अमूलख रथ ए सर्व प्रकार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

चालो, व्हाला ! धीरा, वीरा, मुख मलकावता !
उंडा उंडा छे हृदयोना अमीउच्चार !
हैयां हेत झरंती आंखलडी आ आपणी
मधुरां अजवाळां करशे कंइ ठारोठार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

× × × × ×

आवो, प्रियतम ! मंगल घडी छे सुखसौभाग्यनी;
आकाशे छे शा नवरंग सज्या शणगार !
एवा रंग विशे शो विलसे छे रथ आपणो !
प्रभुना मंगल आशिष वरसे छे शतधार !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

हसतो, रडतो रुडलो रथ ए, प्राण ! चलावशुं,
झग झग जगमां एनो झळकावी झळकार.—
धीरी, वीरी तम वांसलडी, प्राण ! वगाडजो;
हुंय पण पूरीश साथे गान तणा ललकार; !
व्हालम ! रुपाळो रढियाळो रथ शो आपणो !

**खबरदार**

---



# કાવ્યકુંજ.

## નિમન્ત્રણ.

પધારો નિમન્ત્રણ પ્રેમે કરૂં; વધાવી નવલશ્રી હૃદય ભરૂં.
ઇચ્છું વાચક ઉર મહિં, નવલશ્રીઓ ઉભરાય;
સફલ થતાં આ યત્ન કૈં, નવલ જ્યોતિ પ્રકટાય.
લહેરો આનન્દ તણી રેલજો; કંઇ સુખ અદ્ભૂત મ્હાલવજો.
ધૂન મચાવો આ શ્રીઓ, વાચકહૃદયની માંહ્ય;
"ઉચ્ચ જીવનને ઉચ્ચતા, સકલ સ્થલે ફેલાય."
બની મસ્ત એ ધૂનમાં સર્વકો; હૃદયભાવ અર્થે પ્રયત્નો કરો;
પછી દુઃખી સંસારને, કરી સ્વર્ગ-સુખ સ્થાન;
ઇચ્છા તૃપ્ત થતાં બધી, ગાઓ પ્રેમગીતગાન.
શુભેચ્છા સહૂએ ફલીભૂત હો! નિમન્ત્રી ત્હમોને મ્હને હર્ષ હો!!

નૂતનશ્રી.

---

## શાન્ત સુરમ્ય રાત્રિ.

૧

શાન્ત સુરમ્ય શોભી રહી રે બ્હેન
રાત્રિ સ્વપ્રીતમ સંગમાં;
સંગમાં રસીલી રૂડાં રંગમાં રે બ્હેન
રાત્રિ સ્વપ્રીતમ સંગમાં.
—શાન્ત—

૨

સ્નેહીત ઘેલી શ્યામા હર્ષથી રે બ્હેન
મન્દ મન્દ શ્યામા સરે શર્મમાં;
રૂપેરી એ સાળુ ભુરા અંગમાં રે બ્હેન
રાત્રિ સ્વપ્રીતમ સંગમાં.
—શાન્ત—

૩

તારલાના ફુલ કેરા ગુચ્છથી રે બ્હેન
સામસામાં વ્હાલ ફેંકે હર્ષમાં;
મલકે મલકાવીને ઉમંગમાં રે બ્હેન
રાત્રિ સ્વપ્રીતમ સંગમાં.

—શાન્ત—

૪

ઝબકે શી સાળુ પ્રતિબિમ્બથી રે બ્હેન
ફુલ કેરા ખેલથી એ હાસ્યમાં;
વ્હેતી સરિત ગાતી ગાનને રે બ્હેન
"રહેજો સૌભાગ્ય આ સદૈવ"

—શાન્ત—

બાલશ્રી.

---

# વાર્તાલહરી.

## ગુણીયલ.

---

૧.

વસંત પંચમીની એક રમણીય સાંઝે મનમાં મલકાતી બે સખીઓ સાસરે જતાં રસ્તામાં ભેગી થઇ અને એકને ઝડપથી ચાલતી જોઇને બીજીએ પુછ્યું "અલી કૈલાસ! કૈલાસ! આજ કંઇ જાણે ખાસ ધામધુમ હોય તેમ દોડાદોડ કેમ કરી મુકી છે?" બીજી બોલી "કંઇ નહીં, ગુણીયલ બ્હેન! મ્હારે સાસરે જઇ પોંચવાનો સમય થઇ ગયો છે તેથી જરા ઉતાવળે પગલે ચાલું છઉં."

"પણ, કૈલાસ, હું પણ મ્હારે સાસરેજ જાઉં છઉં સ્તો! પણ છેક હાંફી જવાય અને થાકી જવાય એટલી બધી ઝડપ તે શું કરતી હશે?"

"ગુણીયલ બ્હેન, મને મ્હારા પતિના ઠપકાની બહુ બ્હીક રહે છે. અંધારૂં થાય તે પહેલાં તો મ્હારે પોચવું જોઇયે. તમારે તો ઠીક છે કે પ્રીતમલાલ સ્વામી પામ્યાં છો. તે ખરેખરા અને નહીંજ માફ થાય એવા અપરાધ વિના અમસ્થાં જ કંઇ તમને સતાવે એમ નથી; તેથી ધીમે ચાલવું તમને પાલવે એમ છે."

"નહીં, નહીં, કૈલાસ, રમણલાલ સ્વામી પામવામાં મ્હારાં કરતાં તું કંઇ ઓછી ભાગ્યશાળી નથી. મ્હારા અને મ્હારા પતિના વિચારો એવા છે કે એમના સર્વે મિત્રોમાં



સૌથી શ્રેષ્ઠ રમણલાલજ છે; છતાં તું અસંતોષી જણાય છે એ ત્હારા જેવી પતિવ્રતા સન્નારીને છાજતું નથી."

"ગુણીયલ બ્હેન, તમે કહો છો તે બધું એ ખરૂં છે, મ્હારા પતિ મને અતિપ્રિય છે, ઇશ્વર તુલ્ય છે, સર્વાંશે માન્ય છે. પણ એટલુંજ કે એમનો સ્વભાવ પ્રીતમલાલના જેવો શાંત અને કદરદાન નથી અને નાહક સતાવવાનો શોખ છે, તેથીજ મ્હારે દોડાદોડ કરવી પડે છે."

"એ મને કહ્યું તો ઠીક થયું. કૈલાસ, તું મને ઘણી વાહાલી છે. તું નિર્દોષ અને શાણી સુશીલ છે છતાં પણ રમણભાઇના વર્તનમાં જો કંઇક પણ ખામી અવલોકન કરત મને જણાશે તો થોડાજ સમયમાં ઇશ્વરકૃપાએ તું તે ખામી દૂર થયલી અનુભવશે, તું સુખી અને ભાગ્યશાળી નીવડશે, રમણભાઇની વ્હાલી અને માનીતી થઇ રહેશે અને પતિના સંપુર્ણ સન્માન અને વિશ્વાસને તું યોગ્ય છે એવીજ વૃત્તિ રમણભાઇની ઈશ્વિરા કૃપાએ થઇ જશે. પણ કૈલાસ, જો, જો, ત્હારા સાસરા તરફ વળવાનો રસ્તો તે આવી પોંચ્યો."

"હા, ગુણીયલ બ્હેન, વાતમાં ને વાતમાં રસ્તો તો સ્હેજમાં કપાઇ ગયો ને! ચાલો, ત્યારે હું હવે અહીંથી વળી જઇશ. વારૂં પણ તમને કહેવું પડે તેમ તો નથી જ, પણ મ્હારૂં મન રહેતું નથી. ગુણીયલ બ્હેન, બકરૂં કાઢતાં ઉંટ ન પેસે અને બળતામાં ઘી ન હોમાય તેની સંભાળ જરૂર રાખશો હોં."

"કંઇ ફીકર નહીં. કૈલાસ, રમણલાલ વઢે તો મ્હારૂં નામ આપજે. સૌ સારાં વાનાં થશે. એમ તો રમણલાલ સમજુ છે એટલે નવનું તેર થવા ન પામે. વારૂં કૈલાસ, આવજે હો." "વારૂ, અને તમે પણ આવતાં રહેજો હો."

એ પ્રમાણે બંને સખીઓ છુટી પડી અને પોતપોતાને સાસરે ગઇ. કૈલાસને રમણે ધમકાવી ત્યારે "ગુણીયલ બ્હેને જરા રોકી હતી" એમ કહ્યું. પણ "ગુણીયલને તો દમ વગરનો પતિ મળેલો છે એટલે મોડી રાત્રે પણ એતો ભટકે." એમ કહીને કૈલાસને થોડીક વધુ સતાવી. કૈલાસસુંદરીનો પતિ રમણલાલ અને ગુણીયલગવરીનો પતિ પ્રીતમલાલ બાળસ્નેહીઓ હતા. બન્ને વચ્ચે એવી ગાઢી પ્રીતી હતી કે એક પણ દીવસના વિયોગનો અપવાસ ક્વચિતજ કરવો પડતો. રમણલાલ બાહોશ અને પ્રમાણિક વકીલ હતો. પૈસેટકે સુખી હતો. પ્રીતમલાલ ઠરેલ અને વિદ્વાન ડાક્તર હતો. અને વળી પતિ તરીકેની સંપુર્ણ લાયકાત ધરાવનાર ગુણીજન હતો. રમણલાલ સદ્દગુણી અને શરમાળ હતો. તેથી એ પ્રીતમલાલ શીવાય તેના અન્ય કુંટુંબીજનો સાથે ખપજોગોજ વ્યવહાર રાખતો અને ગુણીયલ સાથે તો સમુળકોજ નહીં. પ્રીતમલાલ અતિશય મળતાવડો, મધુરવચની, પણ સમજુ હતો તેથી રમણલાલના કુટુંબીજનો સાથે તો શું પણ કૈલાસ સાથે પણ વાતચીતનો નિર્દોષ પ્રસંગ અનેક વેળાએ પાડતો. પરંતુ પ્રીતમલાલની અને કૈલાસની ચાલચલગતનું નમુનેદાર પવિત્રપણું એટલું તો સુપ્રસિદ્ધ હતું કે તેઓ નિર્દોષ અને નિર્ભય રહી શકતાં. વળી ગુણીયલ અને કૈલાસ પતિવ્રતા સુંદરીઓ હતી. પ્રીતમલાલને પત્નીની કદર હોવાથી કેળવાયલી ગુણીયલ સુખી થઇ હતી. રમણ-

લાલ કૈલાસના ગુણોથી બેકદર અને બેદરકાર હતો, સ્ત્રીને મૂર્ખ અને અધમ ગણતો અને ગુલામડી સમજીને વારંવાર હાલતાં ને ચાલતાં વગર વાંકે પણ દમ ભીડાવતો, સતાવતો અને કોઈ વખતે તો ગાળો દઇને મારવા પણ ચુકતો નહીં. પ્રેમની મધુરી શાંત નજરે કૈલાસને કદી નીહાળતો નહીં. તેથી પ્રીતમ-ગુણીયલનો સંસાર ઘી-સાકરના કંસાર જેવો નીવડ્યો, ત્યારે કૈલાસ-રમણનો સંસાર દીવેલ અને એળીયાના કંસાર જેવો થયો. એકનો સંસાર મધુરો અને અનુકરણીય થયો ત્યારે બીજાનો આસુરી અને સંતાપજનક નીવડ્યો.

વાર્તાની શરૂઆતમાં આપણે જોઇ તે સર્વ બીના ગુણીયલે તેજ રાત્રીએ પ્રીતમલાલને કહી. પછી બોલી. "મ્હારા પ્રીતમ ! આપ જેવા કદરદાન અને શાણા પતિ પામીને મ્હારા સુખનો તો પાર રહ્યોજ નથી. પરંતુ મ્હારી પ્રિય સખી કેલાસના કથળેલા આસુરી સંસારને સુખી બનાવવામાં આપ મને જોઇતી મદદ કરો તો કેવું પુન્યનું કાર્ય થાય?"

પ્રીતમ૦-"મ્હારી વ્હાલી ગુણીયલ ! મારે કેવી મદદ કરવી તે મને જણાવીશ ?"

ગુણીયલ-"સાંભળો. આપે રમણલાલને વારંવાર કહ્યાજ કરવું કે 'ત્હારે પાલવે પડીને કૈલાસ જરાયે સુખી થઈ નથી. જોની! મ્હારી ગુણીયલ કેટલી બધી સુખી છે!' એવું એવું સાંભળી સાંભળીને એના મનમાં ખીજવાટ પેદા થશે. અને કઈ બાબતમાં કૈલાસ કરતાં હું વળી વધારે સુખી થઇ એ જાણવાની એને ઇચ્છા થઇ આવશે. એટલે દરજજે વાત આવે ત્યારે એમને આપણે ત્યાં મુલાકાતે બોલાવવા. આટલું આપ કરશો તો પછી બાકીનું કાર્ય ફતેહમંદ ઉતારવાની ઇશ્વરકૃપાએ હું હોંસ ધરાઉં છઉં."

ગુણીયલની યુક્તી સચોટ લાગવાથી પ્રીતમલાલે એ મુજબ કાર્ય શરૂ કર્યું. આખરે દોઢ એ મહીને રમણલાલે પ્રીતમલાલને ખીજવાઈ જઇને કહ્યું. "જ્યારે કૈલાસને તું દુઃખી અને તારી ગુણીયલને સુખી માને છે તો મ્હારે જરા જાણવું તો જોઇયે કે ગુણીયલને તે વળી તારા તરફનું કેટલુંક સુખ વહી જાય છે!"

પ્રીતમ૦-"રમણ, તે તો મ્હારી સુખી ગુણીયલને તું પુછી જુએ ત્યારે જણાય કે એમ ને એમજ? છે મરજી પુછવાની?"

રમણલાલ શરમાળ હોવાથી જો કે કદી પણ ગુણીયલ સાથે વાતચીત કરતો નહોતો તોપણ પોતાને નિર્દોષ ઠેરવવાની એની વૃત્તિ થઈ આવી અને કૈલાસ કરતાં ગુણીયલ વધારે સુખી હોવાની બીના જુઠી પાડવાને ખાતર ગુણીયલની મુલાકાત લેવાની ઇચ્છા પ્રીતમલાલને જણાવી એટલે પ્રીતમલાલે બીજે દીવસે સાંઝે પાંચ વાગે સ્ટેશન પાસેના પોતાના નવીન બંગલામાં એને જરૂર આવવા જણાવ્યું.

પ્રીતમલાલે ગુણીયલને સર્વે સમાચાર જણાવ્યા. ને કોઈ મહાન્ રાજવંશી પરોણાને છાજે એવો આવકાર રમણલાલને આપવાને માટે સુશોભિત રચના પોતાને બંગલે કરી. ગાલીચા, આયના, ટેબલ, ખુરશી, કેબીનેટ, વીજળીની લાઇટ ફ્લાવરપોટ પોતાની ગુણીયલની તથા અન્ય મુખ્ય સતીઓની છબીયો ચિત્રો વગેરે અનેક રમણીક લાગે તેવી ચીજોની રચના કરી. સમય થયે દંપતી રમણલાલની રાહ જોવા મંડયાં.

આણી તરફ રમણલાલનો ગુસ્સો આખી રાત રહ્યો અને બીજે દીવસે પાંચ વાગવાનો વખત થવાથી બડબડતાં ને બડબડતાંજ પ્રીતમલાલને બંગલે જવાની તૈયારી કરવા



માંડી. બ્હીતાં બ્હીતાં પણ કૈલાસે તેને પૂછ્યું, "મ્હારો કંઇ ગુન્હો થયો છે વ્હાલા! આજે કેમ કંઇ આપ અતિશય ગુસ્સે જણાઓ છો? ક્યાં જવાની તૈયારી કરો છો વારૂ? મને કહેવાને અડચણ ન હોય તો જરા કૃપા કરીને—" કૈલાસ વાક્ય પુરૂં કરે તે અગાઉજ રમણલાલ છછણી ઉઠયા "ભસ્તામાં જાઉં છઉં ! તને સાફ ના કહેલી કે મારી વાતમાં વચમાં ડાઉ ડાઉ નહીં કરવું, છતાં એ તારી ટેવ હજી ગઇ નહીં કે?" આવું સુંદર ભાષણ સાંભળીને કૈલાસ તો ત્યાં ઉભી રહેવાજ ન પામી. અને કપાળે હાથ દઇને બેસવા વખત આવ્યો.

રમણલાલને પ્રીતમલાલે સ્નેહયુક્ત રીતીએ આવકાર આપીને બંગલામાં ફેરવ્યો, સર્વે ચીજો બતાવી અને પોતાની સામેની ખુરશીપર વિનયપૂર્વક બેસાડયો. આડીઅવળી વાત ચીત ચાલી. એટલે ગુણીયલ આવીને એક બાજુમાંની ખુરસીપર બેઠી. સુંદર રચના દીલોજાનીભર્યો આવકાર અને ગુણીયલનું તેજ-ઢબ-અને પતિ સાથેની અતિશય બનતી રાસ જોઇને ચકીત થઈ ગયો. છતાં એ, એના, મનનો ધૂંધવાતો ખીજવાટ તો તેટલોને તેટલોજ હજી રહ્યો.

સુત્રધાર તરીકે પ્રીતમલાલ બોલ્યાઃ "રમણ! તારે જે પુછવું હોય તે બેલાશક ગુણીયલને પૂછી જો ભાઈ, ગુણીયલ આપણાથી કંઇ દૂર નથી."

કોણ બોલે? કોઇ બોલ્યું નહીં. બન્નેનાં મ્હોં સીવાઈ ગયાં. કોણ જાણે શાથી-પણ નહીં રમણની જીભ ઉપડે કે નહીં ગુણીયલની. પ્રીતમલાલે ફરી ફરીને બન્નેને વીનવ્યાં, આખરે હીંમત કરીને રમણ બોલ્યો, "ગુણીયલ ભાભી! મ્હારે તમને પૂછવાનું ફક્ત એટલુંજ કે તમે તે વળી કેવાંક કંઇ સુખી છો તે જણાવશો અને કૈલાસને કઈ વાતનું મ્હારે ત્યાં દુઃખ છે તે પણ સાથે સાથે જણાવો. હું પણ જોઉં તો ખરો કે પ્રીતમલાલની બડી બડી બાતોનો ટેક કયાં સુધી ટકી રહે છે તે!"

એટલે ગુણીયલે પોતાના ચીફપાર્ટની (ખાસ વેશની) પ્રસ્તાવના કરતાં કહ્યું કે "રમણભાઇ! તમારો ક્રોધ તમારે વશ નહીં એટલે મને તો બ્હીક લાગે છે તેથી પ્રથમ તો આપને બે હાથ જોડીને વીનંતી કરૂં છઉં કે મ્હારા કહેવાથી આપ જરા સરખો એ ગુસ્સો ના કરો. અને મ્હારાથી ઓછું વત્તું બોલાઇ જાય તો અજ્ઞાન અબળા ગણી ક્ષમા કરવા કૃપા કરો. એટલું જો આપને માન્ય હોય તો પછી આપના મહાન્ પ્રશ્નનો પ્રત્યુત્તર યથાશક્તી આપવાને મને કશી બીજી હરકત નથી." ગુણીયલના વિવેકયુક્ત વચનો સૂણીને પ્રસન્ન વદને રમણ બોલ્યો. "મ્હારા મનને હું શાંત રાખીશ. ક્રોધ નહીં કરૂં. તમારે જે જવાબ આપવો હોય તે નિર્ભયપણે આપશો." એટલે ગુણીયલે કહ્યુંઃ "રમણભાઇ! આપને પાલવે પડીને કૈલાસને કાંઇ પણ સુખ નહીં એ ખેદજનક વાત છે. જે જે સુખો તમારે ત્યાં છે તે સર્વે એકડા વિનાના મીંડા સમાન નિરર્થક છે. અસંખ્ય તારાઓનો ભેગો પ્રકાશ પણ એક ચંદ્ર વિના કશાએ લેખામાં નથી. કેમ ખરૂં કહું છઉંની રમણભાઈ?" રમણ જરા તપીને બોલ્યો "તમારા કહેવાનો ભાવાર્થ હું સમજી શકતો નથી. 'એકડો' અને 'ચંદ્ર' એવી કઇ ચીજોની મ્હારે ત્યાં ન્યુનતા છે તે તો જણાવો.? મ્હારે ત્યાં ગાડી ઘોડા છે.

પણ કૈલાસને તેની સેહેલ કરવાનું મનજ ના થાય તેમાં હું શું કરૂં? વારૂ, બાગબગીચા, ફુવારા–સુંદર સુશોભીત દીવાનખાનાં–ખાવાનું પીવાનું–ફરવાનું હરવાનું–મ્હાલવાનું તાગડધીન્ના કરવાનું–શેઠાણી તરીકે રાજ ચલાવવાનું-પૈસા ટકા–એવાં એવાં તો અસંખ્ય સુખનાં સાધનો મ્હારે ત્યાં છે. પણ એ મૂર્ખ મૂઢ રંડા જાણે આજેજ બાપ મરી ગયો હોય તેમ રડતીસુરત બનીને કુંજરાયા કરે ને ગંધાયા કરે ને માથે હાથ મુકીને રડયા કરે તેમાં મારો શો વાંક? વળી ઘરેણાંગાંઠા કપડાંલત્તા તો જાણે ઉભરાઈ જાય છે પણ એ અભાગણીની બુદ્ધિજ ચોરાઇ ગયલી ત્યાં બીજા કોઈ શું કરે? ખવડાવીએ સોનાનો કોળીઓ પણ રાખવી તો લવારની ધારપરજ. એમ નહીં કરીયે કેની તો આજની રંડાઓ માંટીને બજારમાં વેચીને ચણા ખાય નહીં કે? અને દાબમાં ન રાખીયે તો કાલે ઉઠીને તો એ વીસનખીઓ ધણીને માથે છાણાં થાપે નહીં કે? કહેવત છે કે "બુધે નાર પાધરી." કેમ ભાભી ખરૂં છે ને?" રમણુલાલ બોલી રહ્યા કે રામો પાનસોપારી ને પાણી લઇ આવ્યો, એટલે વાત અટકી-પાંચ મીનીટનો પડદો પડયો. એક અંક ખલાસ! સૌ પાનસોપારી ખાય છે. રમણુ સમજે છે કે વકીલાત ખૂબ લડાવીને જીત મેળવાઈ ચૂકી. પ્રીતમલાલ તો ધારેજ છે કે ગુણીયલ એવી વકીલાતથી ડરી જાય તેમ નથી. ગંભીર ચેહેરો રમણુને છેતરવાને હવે પછી સપાટો લગાવવા[illegible] તૈયારીજ ફક્ત સૂચવે છે.

પાનસોપારી ખવાઇ રહ્યાં-પડદો ખૂલ્યો! વાંચનાર! ગુણીયલ જગદંબા મહાન્ તેજસ્વી કાળીકા દેવી હોય તેવું પ્રચંડવદન અને નેત્ર કરીને વચનબાણુનો વરસાદ છોડવાની શીરૂઆત હવે કરે છે તે તરફ જો!

ગુણીયલઃ–"રમણુભાઈ! વકીલ સાહેબ! વકીલાત તો ખૂબ ચલાવી! કોરટમાં આવીજ વકીલાતની ધમપછાડ ભૂલે ચૂકે કરશો ના! ન્યાયાધીશો હૈયાફુટા નથી કે આપની વાગ્જાળમાં લપટાઈ જાય! ભાઈ સાહેબ! માફ કરશો. પણ હવે તો ધીરજ રહેતી નથી. નહીં કહેવાનું પણ કદાચ કહેવાઇ જાય તો એટલુંજ વીનવું છઉં કે મને માફ કરશો. મ્હારાથી કહ્યા વગર હવે રહેવાય તેમ નથીજ કે પતિવ્રતા અને વેશ્યા, ઘોડું અને ગધેડું, સ્વર્ગ અને નર્ક, સારૂં અને નરસુ એનો ભેદ પારખવાની તમારી અપૂર્વ શક્તિ પ્રકાશી ચૂકી! મ્હારી કૈલાસના વકીલ સાહેબ! ફરી ફરીને કહું છઉં કે મને માફ કરશો, કારણ કે સત્ય જણાવી દઉં છઉં કે તમે તમારૂં પોત ગૂમાવી બેઠા છો ને ઉંચી કેલવણીને લાંછન લગાડયું છે!"

રમણુ તો આંખો ફાડીને જોઈજ રહ્યો હતો કે આ કેટલી બધી સ્વતંત્રતા! કેટલું બધું અપમાન!

પ્રીતમલાલ પોતાની પત્નીની સત્ય વચન અને સત્કાર્ય પ્રતિ હીંમત બાહોશી અને હાવકાઇ જોઈ અંતરથી ધન્યવાદ આપતો ને મૂછમાંજ હસતો જોઈ રહ્યો કે હવે પછી ગુણીયલ શું કહે છે.

ગુણીયલે હજૂએ વધુ દ્રઢતાથી આગલ ચલાવ્યું:—

"રમણુભાઇ! જૂઓની! તમારે ત્યાં ઈશ્વરનાં આપેલાં સુખ વૈભવનાં સાધનો ઘણાંએ



છે. પણ મુખ્યમાં મુખ્ય વસ્તુનો કેવળ અભાવજ છે. એ મુખ્ય ચીજ કઈ હશે વારૂ? પતિની નિર્મળ અગાધ–અખૂટ–પવિત્ર–વ્હાલસોઇ પ્રેમદૃષ્ટિ–અમીદૃષ્ટિ–કૃપાદૃષ્ટિ. કહો વારૂં જોઉં, કે આવું આવું તમારે ત્યાં છે કે? એ નહીં હોય તો બીજાં બધાં સાધનોરૂપી મુઆ મુડદાને શું કરે?

"તરૂણ, વિદ્યાવાન્, ધનવાન્, કુળવાન્, ગુણવાન્ પતિને પાલવે પડયા છતાંએ કૈલાસ જેટલી ઉન્નત કૈલાસના ભાગ્યમાં આવું દુઃખ! પોતાનું દુઃખ રડવાનું હારજ બંધ! પતિના પ્રેમજળ વિના નિર્ભાગી ગળું સૂકાતુંજ રહેવા સરજાયું છે શું? 'ઓ નળ, ઓ નળ' ઉચ્ચારતી દમયંતીની માફક પતિના પ્રેમદીપકની દિવ્ય જ્યોત્સ્નાથી સદાએ શું એ કમનસીબજ રહેશે? એવી દયાજનક સ્થિતિમાં સબડતી નિષ્કલંકી કૈલાસ તરફ એકવાર, ફક્ત એકવાર તો, પ્રેમદૃષ્ટિ વાળો? તમારા સુખને માટે અહોનિશ તત્પર રહેતી, પોતાની કાયા–સુખ–સ્વાર્થ સર્વેનું બળીદાન આપતી, અને આપના અનેક અપકાર ઉપર ઉપકારજ કરવામાં કર્તવ્ય કર્મ સમજનારી નિરાધાર કૈલાસને જશપર જૂતીયાં તે કયાં સૂધી આપ્યા કરશો! એક પણ વખત તમે કૈલાસને 'મ્હારી વાહાલી કૈલાસ!" કહીને સંતોષી છે કે? અંતરના ઉમળકાથી ઉત્તેજીત થઇને હૃદયદાન જેવી અમુલ્ય બક્ષીસ આપી છે ખરી કે? તમારી પ્રીતિ, કૃપા, અને સન્માનનું પાત્ર તેને ગણી છે કે? તે રડતીના અશ્રુપ્રવાહનો વેગ કદી અટકાવ્યો છે કે? તેને હૈયાસરસી ચાંપીને સ્નેહયુક્ત દીલાસો કદીએ આપ્યો છે કે? તેને ધીમે સાદે નમ્રતાથી વ્હાલથી કદીએ બોલાવી છે કે? તેનું અંતઃકરણ કેવા કેવા અમુલ્ય રત્નોથી ભરપુર છે અને કેટલા કેટલા કોહીનૂર હીરારૂપી સદ્ગુણો–સદ્વિચારો–સદ્વર્તનથી ઝળકી રહ્યું છે તેનો વિચાર-તેની પરીક્ષા કરવા જેટલો શ્રમ કદી લીધો છે કે? એની અંતર–ખાણમાંનાં રત્નો તમને, તમારા કુળને, તમારા દેશને પણ, દીપાવે અને તારે એવાં શક્તિવાન છે તેને પામવાની સદ્બુદ્ધિ તમને કદીએ સૂઝી છે કે? એના દિવ્ય પવિત્ર પ્રેમના મધુર સુવાસથી તમારૂં મગજ તર કરવાનું સદ્ભાગ્ય તમને પ્રાપ્ત થયું છે કે? એનું દુઃખ નિવારણ કરવું એ તમારી ફરજ છે એમ ભાસ થયો છે કે? અરે! રમણભાઈ! હું તે શું શું કહું? કેટલું કેટલું કહું! ચતુરને તે કેમ કરીને ચેતાવું! બસ, બસ, રમણભાઇ, આવા એકડા ને ચંદ્રની ગેરહાજરી હોય ત્યાં તો સુખના તમારા તમામ સાધનો તો શું પણ ઇંદ્રના સ્વર્ગીય વૈભવો પણ પતિપ્રેમ વિના તૃણ સમાન છે; ખાબોચીયાના કીડા સમાન, પતિવ્રતાને તો તે લાગે છે. પતિના પ્રેમજળ વિના ટળવળતી કૈલાસની તૃષા ઝાંઝવાનાં ખોટાં જળ જેવા શુષ્ક વૈભવોથી છીપે ખરી કે? પતિપ્રેમને સ્થાને બીજા કશાંની નીમણુક કરવાથી ગાડું ગબડે એમ હોય તો સ્રીઓ કુંવારી કેમ ન રહે! રમણુલાલ, બાળહત્યા, ગૌહત્યા, અને સ્રીહત્યા કરતાં પણ અતિઘોર સ્નેહહત્યાના મહાન્ પાપથી પરમાત્મા કોપાયમાન થશે ત્યારે તમને પસ્તાવો થશે. પણ હજૂ પણ ચેતીને ન ચાલશો તો રાંડયા પછીનું ડાહાપણ નિરર્થક જશે. મહારા પતિના સત્સંગથી આપને અનેક શ્રેષ્ઠ પંક્તિના મનુષ્યજીવનનું તથા સદ્ગ્રંથોના ગુહ્યાર્થનું જ્ઞાન થયું છે, તેનો સદ્ઉપયોગ કરવાને બદલે તેનાપર પાણી ફેરવવાની વૃત્તિ તમારી કેમ થઇ ગઈ છે? ગુણીયલ પરત્વે અગાધ પ્રેમ કરનાર વિદ્યાચતુર શું બાયલો કે મૂર્ખ હતો?

દિવ્ય પ્રેમમૂર્ત્તિ સતીશીરોમણી કુમુદસુંદરીના અમુલ્ય પ્રેમની હત્યા થવાથી કરેલું સરસ્વતીચંદ્રનું અતિ કઠોર પ્રાયશ્ચિત આપના ધ્યાનમાંથી કેમ ખસી ગયું? શ્રીરામચંદ્રજીએ સતી સીતાજીની અને શ્રીકૃષ્ણ પરમાત્માએ સતી દ્રૌપદીની વ્હારે ધાવાને બદલે તમારી પેઠેમ બેદરકારી જણાવી હોતતો તેમનાં નામ સરખાંએ જનસમાજ આજ યાદ કરતે ખરો કે? તમારા જેવા એ નિરઅપરાધી રંક તારૂણીના હૃદયના ઘા હવે તો રૂઝાવો? ઇશ્વર આપને સદ્બુદ્ધિ આપે અને આવી પવિત્ર કૈલાસનાં આવાં દુઃખનો જલદી અંત લાવે!

"મ્હારી સર્વે કલ્પાંત અને આજીજી ઉપર આપ બારીકીથી ધ્યાન પોંચાડશો અને મારા કઠોર પણ સત્ય ઉદ્ગારોનું મનન કરશો, તેનો સત્વર સદ્ઉપયોગ કરવાનું કર્તવ્ય હાથ ધરશો તો તમારૂં અને કૈલાસનું જીવન એટલું તો તમો ઉન્નત કરી શકશો કે મનુષ્યો તો શું પણ દેવતાઓ પણ તમારા અપૂર્વ સુખની અપેક્ષા કરશે, પ્રસંશા કરશે, ધન્યવાદ આપશે. ઐહીક તેમજ પારલૌકિક સર્વે સુખોના ભાગ્યશાળી ભોક્તા આપ થઇ શકશો. રમણભાઈ! અતિકઠોર વચન પ્રહારથી આપને કનડવામાં મર્યાદાની હદ ઓલંગી હું ઘણી દૂર ગઇ છું તેથી આપની ગુન્હેગાર બની છઉં. આપ જે શિક્ષા ફરમાવશો તે મ્હારે માન્ય રાખવી એ મ્હારો ધર્મ છે!"

ઉપલા વચનઅમૃતના ફુંવારામાંથી ઉડતાં ગુણીયલના અક્ષરે અક્ષરરૂપી જળબીંદુઓ રમણની હૃદયભૂમીમાં રેલમછેલ થઇ રહ્યા પછી રમણના સૂતેલા સંસ્કારોનો કેવો દિવ્ય પ્રકાશ થયો અને કેવી ચમત્કારી રીતે જાગૃત થયાં તે તરફ હે વાંચનાર! જરા જરા નજર ફેરવીને જો તો ખરો! શું જણાય છે? ગુણીયલ સમક્ષ પોતાની મસ્તકકળી નમાવીને રમણ દંડવત્ પ્રણામ કરતો જમીનપર પડયો છે. ધારવા કરતાં પણ વધારે અસર થવાથી ગુણીયલના પગ રમણની અશ્રુધારાથી ભીંજાઇ ગયાં છે. ગુણીયલ એક તરફથી રમણને ઉઠવા વીનવે છે ત્યારે પ્રીતમલાલ તેને ઉંચકીને ઉભો કરવા પ્રયત્ન કરી રહ્યો છે. થોડીકવારે હૃદયભાર ઓછો થવા પછી રમણ ઉઠયો. પણ શું બોલવું તે સૂઝયું નહીં. કંઠ રૂંધાઇ ગયો. ઘણું ઘણું બોલવું હતું પણ કશું એ બોલાયું નહીં. આખરે ફકત આટલાજ શબ્દો બોલી શકયો. "અહાહા! ગુણીયલ! તમે તો ખરેખરજ ગુણીયલ તે ગુણીયલજ છો! મારૂં પતિત જીવન તમેજ ઉન્નત કર્યું. તમારો એટલો બધો તો મહાન્ ઉપકાર થયો છે કે જેનો યત્કિંચિત પણ બદલો આપવાને હું મહા પ્રયત્ન કરૂં તોપણ તે નિર્માલ્યજ છે. પરમ કૃપાળુ પરમાત્મા તમો દંપતીને સર્વાંશે સુખી કરો—દીર્ઘાયુષી કરો—અને મ્હારા જેવા અનેક નિર્ભાગી પાપીઓને તારવાનું અગાધ સામર્થ્ય તમને બક્ષો. એ શીવાય વધુ હાલ હું કંઇ કહી શકતો નથી."

ગુણીયલ૦—"સુજ્ઞ રમણભાઇ! આટલે બધે દરજ્જે શરમાઇ જવા જેવું કશું કારણ નથી. મેં ફકત મ્હારા કર્તવ્ય ઉપરાંત વિશેષ કાંઇ કર્યું નથી. અને જે કાંઇ કર્યું છે તેનું સર્વાંશે સંપૂર્ણ માન આપના આ મિત્રનેજ ઘટે છે. કારણકે મારાં મન–બુદ્ધિ–હૃદય–વિચાર દિવ્ય આર્ય રીતિનીતિને અનુસરીને કેળવવામાં જે અગાધ પરિશ્રમ એઓ લેતા આવ્યા છે તેનુંજ આ શુભ પરિણામ છે.



"આપને આ સમયે આરામની ખાસ જરૂર છે. આપ જરા પેલી અગાસીમાંની આરામ ખુરસીપર નીરાંતે આરામ લો." એટલું કહીને પોતાના પતિ પ્રત્યે કહ્યું "વ્હાલા નાથ! પાનસોપારી પાણી રમણભાઇને આપીએ તે અગાઉ અત્યુત્તમ મસાલાનું દુધ એમના આગળ ધરવા મારી ઇચ્છા છે તેને સંમતી આપશો? શી આજ્ઞા છે તે દર્શાવશો?"

પ્રીતમલાલ—"રમણભાઇને સુખ થાય અને યોગ્ય સન્માન થાય એવું જે જે કંઇ જરૂરનું હોય તે તે સર્વ કરવાની તજવીજ કરો."

ગુણીયલ પ્રીતમલાલ અને રમણ ત્રણે જણાંઓએ આનંદમાં વાતો કરતાં કરતાં દુધ ફળ મેવો પાનસોપારી વગેરે લીધાં અને "અહાહા! ગુણીયલ! ખરેખરજ તમે તો ગુણીયલ તે ગુણીયલજ છો!" એટલું કહીને રમણ કૈલાસ પાસે જવાને સત્વર ચાલી નીકલ્યો. ઘેર જઇ દરવાજાપરની ચાંપ દાબી કે કૈલાસને કાને વીજળીક નાદ સંભળાયો કે તુરત કૈલાસ ચમકી સમજી ગઇ કે પિયુજી પધાર્યા. પણ રખેને ધમકાવશે કે ફટકાવશે એવી બ્હીકથી હાંફતી કાંફતી અને ધ્રુજતી ધ્રુજતી નીચે આવીને તુરત દ્વાર ખોલ્યું કે તુરત અંદરથી પાછું રમણે બંધ કર્યું. અને ઉમરા આગલ ત્યાંજ કૈલાસને દંડવત્ પ્રણામ કરતાં કરતાં બોલ્યો, "કૈલાસ! મ્હારી વાહાલી કૈલાસ! મારી પ્રેમની દેવી કૈલાસ! આજ સુધીના મ્હારા સર્વે અપરાધ ક્ષમા કરવા તને વિનંતી કરૂં છઊં—" એમ કહીને વધુ બોલતા અગાઉ કૈલાસે તેને ઉઠાડયો અને પોતાના હાથ પોહોળા કર્યા કે તુરત તેમાં રમણે જીંદગીમાં પહેલીજ વખત કૈલાસને અતિ ઘણા ઉંડા અંતરના ઉમળકાથી ગાઢ હૃદયદાન દીધાં. અને દીવાનખાનામાં જઇને પ્રીતમલાલને ત્યાં થયલી તમામ બીના જણાવી. પછી દંપતીએ પ્રેમપૂર્વક વાળું કર્યું. ત્યાર પછી ઘણાજ ઉમંગભેર અને મલકાતા મને નવીન આનંદ અનુભવતાં ભાગ્યશાળી દંપતી નિદ્રાવશ થયાં. પરંતુ નિદ્રામાં પણ રમણને તો એકજ ધુન લાગી રહી હોય તેમ લવતોજ રહ્યો કે—

"અહાહા! ગુણીયલ! ખરેખરજ તું ગુણીયલ તે ગુણીયલજ છે."

નિર્ભય–તનુ.

---

## સ્વીકાર.

સુધાહાસિની, લુહાણામિત્ર, તરૂણીતરંગ, વિશ્વવિલાસ,

---

# વિવિધ વિહાર.

## સતિનું હૃદયમંદિર.

"શુદ્ધ પ્રેમ-સ્વામીભક્તિ-દયા-સંતોષ-વિનય-વિવેક-સહનશીલતા એ સતીના ધર્મોછે."

નગીનદાસ. જી. મોદી.

* * * *

પતિની મતિ પ્રમાણે ગતિ કરનાર, સ્નિગ્ધા, પ્રિયવાદિની, સ્ત્રીને આ સંસારમાં અનહદ માન મળે છે. સ્ત્રી-ગૃહિણી એ ગૃહનું કિંમતી રત્ન છે. પ્રકૃતિથી દૃશ્યો આનંદપ્રદ પ્રતીત થાય છે, તેમ સંસારની શીતલ છાયા રૂપ સતી-સ્ત્રી છે, તેનાથીજ સંસાર સુખપ્રદ ભાસે છે. સ્ત્રી એ પ્રીતિનું પાત્ર છે. તેનામાં એક એવી અદ્‌ભુત શક્તિ છે કે તે વ્યક્તિમાત્રને પોતાના પ્રતિ આકર્ષે છે.

સીતા, તારામતી, અહલ્યા, દ્રૌપદી, સાવિત્રી, સીમન્તિની આદિ મહાન સતીઓ શાથી અદ્યાપિ પર્યંત તેમની ઉજ્વલ કીર્તિની અપ્રતિમ છાપ પ્રાણિ માત્રના હૃદયમાં નિશ્ચયાત્મક ભાવે બેસારી ગઈ છે? સાંપ્રતકાલના મહાન પુરૂષો, તેમજ મૂર્ખ મનુષ્યો તેમને શાથી માનની દૃષ્ટિથી નિહાળે છે? કેટલાક વિદ્યાત્મક પુરૂષો વારંવાર તેમનાં જીવનચરિત્રોને શાથી પ્રશસ્ય પ્રભામાં મૂકે છે? સંગીતરસાત્મકો શાથી તેમનાં જયમંગલ ગાનો પુનઃ પુનઃ ગાય છે? આટલું બધું માન તેમના મરણોત્તર કાલે જે આપવામાં આવે છે તેમાં કાંઈક ગૂઢ રહસ્ય હોવું જ જોઇએ. તેમના જીવનકાલથી અદ્યાપિ પર્યંત યશોગાનનું ભાન ત્યજવામાં આવ્યું જ નથી. જે પ્રકાશિત પ્રભાથી તેમનો ભાનુ પ્રકાશતો હતો તેમાં અદ્યાપિ કાંઈ ન્યૂનતા દેખાતીજ નથી.

આર્યાવર્ત્તની પૂર્વ સ્થિતિ પર દૃષ્ટિ કરતાં આપણે ઘણાં પ્રશસ્ય જીવનચરિત્રો નિહાળીયે છીયે. તેમની અગાધ વિદ્યા, અનહદ જ્ઞાન, અનુપમ કલાશક્તિ, અકથ્ય અનુભવ આદિ તરફ વિચાર કરતાં તેમનામાં જે સામર્થ્ય હતું તે હાલ ક્યાં છે? પૂર્વકાલના આર્યો અધ્યાત્મ જ્ઞાનિઓ—સ્વાત્માનુભવિઓ હતા, દ્રવ્યવાન હતા, કલાવાન હતા, સર્વ પ્રકારે સુખી હતા. હાલ તો જ્યાં ત્યાં સુખ માટે ફાંફાંજ મારવામાં આવે છે. સુખી થવાના અનેક ઉપાયો કરવા છતાં સુખ તેમનાથી કરોડો ગાઉ નાસતું દેખાય છે? પૂર્વકાલમાં આર્યાવર્ત્તને સુવર્ણભૂમિ નામની સંજ્ઞા આપવામાં આવી હતી, પરંતુ વર્તમાન કાલમાં તો અનેક આપત્તિઓથી તે પાયમાલ થઈ ગઈ છે...વારૂ!...ત્યારે તે સમયના પુરૂષોનો પ્રાદુર્ભાવ (જન્મ) કેવી સ્ત્રીઓથી થયો હતો? તમારે કહ્યા વગર ચાલશે નહિજ કે તે—સામર્થ્યા, સાધ્વી, શીલવતી, પતિપરાયણ—સતીઓના જ પુત્રો હતા. અને તેવી પ્રશસ્ય સ્ત્રીઓના પુત્રો ઉજ્વલ કીર્તિવંત થાય તેમાં સંશય શો?

ગાર્ગીએ વ્યાકરણમાં કેવું જ્ઞાન સંપાદન કર્યું હતું? તારામતીએ પતિના નિશ્ચયને દૃઢ રીતે કેવો પાર ઉતાર્યો હતો! પદ્માએ પતિની યુવાવસ્થા કેવિ રીતે પ્રાપ્ત કરી હતી! સાવિત્રી પતિને યમરાજા પાસેથી પ્રાપ્ત કરી કેવું માન જાળવી રહી! આવાં દૃષ્ટાંતોમાં સંશય વિપર્યય



બનવા જેવું કાંઈજ નથી. તેઓ પાસે પતિવ્રતપણાનું એવું અજ્જય શસ્ત્ર હતું કે સતીત્વને પાલવામાં તેમને કાંઈ આપત્તિ આવી પડે નહિ. દૃઢતા અને ઉમંગનો તેમણે દીર્ઘકાલથી અભ્યાસ કર્યો હતો. અને આ સર્વ કાર્યદક્ષતાનું જ પરિણામ હતું.

હવે આ અનુપમ કીર્તિવંત સ્ત્રીઓના હૃદય તરફ વળીયે, તો તેમનાં હૃદયો શુદ્ધ સંસ્કારોયુક્ત જ હતાં. વાંચકબન્ધુ! મારી સાથે તમે આવો, હું તમને આ પ્રખ્યાત સ્ત્રીઓનાં હૃદય બતલાવું; સંક્ષિપ્તમાં આપણે ઉભય તેમની હૃદયગુહામાં ઉતરીયે.

પ્રથમ તો તેમનાં હૃદય તરફ વળતાં, પ્રકાશનો શાન્ત પ્રભાવ તેમની ક્ષિતિજ પર પ્રસરી રહેલો હતો. આ પ્રકાશ તે બીજો કોઈ નહિ પણ તેમના ઉચ્ચ ગુણોનું વાતાવરણ જ હતું. શુદ્ધ સંસ્કારો યુક્ત વાતાવરણ પણ તેવી જ સત્તાનું હોય છે. ત્યાંથી આગળ વધતાં બે યોદ્ધાઓ તેમની રક્ષકસત્તાઓ રૂપ હતા; તે બે દ્રઢઆગ્રહ વા નિશ્ચયાત્મક ભાવ અને પુરૂષાર્થ. આ શક્તિઓ તેમના કોઇમાં કાંઇક પ્રમાદનો અંકુર ફૂટે તો તેને દાબી દેતી, અને ઉમંગથી કોઇમાં આગળ વધવા પ્રબોધતી. ત્યાંથી આગળ વધતાં દૈવિ સત્તા વિભૂષિત અનેક પ્રાણિઓ દૃષ્ટિએ પડતાં હતાં. આ પ્રાણિઓ તે સત્ય-વિવેક-ક્ષમા-દયા-આર્જવ-નીતિ શીલવંતપણું, સ્નેહ, સહનશીલતા, દાન, ધર્મ, નિષ્કપટ મૃદુ વાણિ રૂપ હતાં. આ પ્રાણિઓ હૃદયની આસપાસના પ્રકાશમાં જ ફરતાં હતાં, અને વારંવાર તેમના પ્રભાવને વિસ્તારતાં હતાં. આ બધાંને દૃષ્ટિગોચર કર્યા પછી પ્રયાણમાર્ગમાં આગળ વધીએ તો ઉચ્ચ સિંહાસન પર પુરૂષાર્થથી દેખાય એવી, દેખાતી પ્રતિમા પણ વાચાવાળી એક આકૃતિ હતી. આ આકૃતિ એજ તેમનું જીવન હતું; તેમનું ઓજસ આ આકૃતિમાંથી જ મળતું. આ આકૃતિ તે બીજી કોઈ નહિ, પણ તેમના પરમપ્રિય, પૂજનીય પતિની પ્રતિમા જ હતી.

પતિ શિવાય અન્યને તેઓ હૃદયમાં પ્રવેશવા દેતાં નહિ. પતિ એ જેમ તેમની ચાલાક પાલક સત્તા હોય એમ લાગતું હતું.

'પતિ તો ધનને ધામ છે, પતિપ્રાણ—વિશ્રામ.'

આ સૂત્ર જાણે તેમની રક્ષક ઢાલ રૂપ ન હોય એમ જણાતું હતું. અન્ય મનુષ્યોને તેઓ ભ્રાતૃસ્નેહથી વિલોકતાં. તેમનો સ્નેહ એવો નહોતો કે આ મારૂં સંબંધિ છે અને આ દુશ્મન છે; પરંતુ પ્રાણિમાત્ર પ્રતિ તેમનો ઉચ્ચ ભાવ હતો. અને આ ભાવમાં તેઓ સમય વ્યતિત કરતાં, પતિને પરમેશ્વર રૂપ માનતાં, અને પતિમાં સર્વાર્પણી થતાં.

વ્હાલા વાંચનાર!

કહો ત્યારે આવા ગુણોવાળાં હૃદયમંદિરોનાં દર્શન કરવામાં શું પાપ છે? તે મંદિરો પૂજનીય છે! દેવનાં પવિત્ર ભુવનો છે, અને આર્ય ભાનુને પ્રબળ વેગે પ્રકાશાવનાર તેમની સત્તા છે. ઈષ્ટ! મારી આર્ય બ્હેનોનાં હૃદયમંદિરોને એવાં કરો, એમ અનન્ય ભાવે યાચના છે. પરમાત્મા આર્ય મહિલાઓને સન્માર્ગ પ્રતિ વાળી આર્યના ભાનુને પ્રકાશિત કરો...અસ્તુ.

**ચિદ્વિલાસી—ધમીજ.**
શ્રી દેશાઈ બન્ધુમંડલ.

—:*:—

## કન્યાશાળા.

"True culture ought to strengthen the faculty of Thinking and to provide the material upon which that noble faculty may operate."

P. G. Hamerton's Intellectual Life.

"સ્ત્રી એ પુરૂષનું અર્ધાંઙગ છે; જ્યાં સૂધી સ્ત્રી કેળવાયેલી નથી ત્યાં સૂધી સંસાર રસમય બનવાનો નથી" આ વિચારોનું ઉદ્‌ઘાટન સ્થળે સ્થળે થાય છે. સ્ત્રીકેળવણી જરૂરની નથી એવું કહેનારા અને માનનારાની સંખ્યા હવે ગણીગાંઠી જ રહી છે. સ્ત્રીકેળવણી માટે કોઇ સ્હામું નથી. જે ભેદ છે, જે તકરાર છે તે માત્ર કેળવણીની પદ્ધતિમાં છે. કઈ પદ્ધતિ ઉત્તમ છે તે વિચારવાનું આ સ્થળ નથી-આ સમય નથી. પુત્ર વા પુત્રીને કેળવણીનાં બે સ્થાન છે. એક ગૃહ અને બીજું નિશાળ. ગૃહકેળવણી સંબંધે આપણા જેવી બીજી પ્રજા ભાગ્યે જ બેદરકાર હશે. પુત્ર વા પુત્રી નિશાળે બરાબર જાય છે એટલી જ તપાસ કરી એટલે આપણે કેળવણી માટે ઘણા ખંતી છીએ એમ મનાતું આવ્યું છે. પુત્રનો સવાલ બાજુપર રાખી કન્યા જે સ્થળે શિક્ષણ લે છે ત્હેનું જ દિગ્દર્શન અત્યારે કરીશું.

ઇંગ્રેજી રાજ્ય અને જ્ઞાનના પ્રભાવે આપણા વિચારો વિકાસ પામતા ગયા છે અને એને લીધે સ્થળે સ્થળે કન્યાશાળાઓ સ્થાપવી એ રાજ્યનું તેમ જ કેળવાયેલા વર્ગનું કર્તવ્ય મનાયું છે. જ્યારે શહેરોમાં એક કરતાં અનેક કન્યાશાળાઓ નજરે પડે છે ત્યારે ગામડાઓમાં સવડ હોય ત્યાં એકેક કન્યાશાળા સ્થાપવામાં આવી છે. છોકરાઓ માટેની શાળાઓ માફક કન્યાશાળામાં કોઈ પણ તરેહની ફી ( પૈસા ) લેવામાં આવતી નથી એટલું જ નહિ પણ એથી ઉલટું કન્યાશાળામાં નિયમિત રીતે હાજર રહેનાર કન્યાને સ્કોલરશીપ વિગેરે મળે છે. છોકરાઓને અભ્યાસમાં સખ્તાઇ વાપરવામાં આવે છે, ત્યારે કન્યાઓને જેટલી બને તેટલી સરળતા કરી આપવામાં આવે છે. આટલા ઉપોદ્‌ઘાત પછી ગામડાઓ તથા શહેરની કન્યાશાળાની આધુનિક સ્થિતિ તપાસીયે.

ગામડામાં કન્યાશાળામાં એક મહેતીજી અને એકાદ બે બીજા સ્ત્રી અગર પુરૂષ શિક્ષક હોય છે. અક્કેક શિક્ષકને ઓછામાં ઓછા બે વર્ગો સોંપવામાં આવ્યા હોય છે. શિક્ષકો જાતે બ્રાહ્મણ અગર બીજી કોઇક હલકી કોમના હોય છે. ટુંક પગારમાં કુટુમ્બનું ભરણપોષણ ન થાય તે સ્વાભાવિક છે અને આમ હોવાથી પુરૂષશિક્ષક કથાવાર્તા વાંચી કે બ્રહ્મભોજન લઈ, અને સ્ત્રીશિક્ષક બ્રાહ્મણ ન હોય તો અમલદાર અગર શેઠીયા વર્ગને ત્યાં પરચુરણ કામો કરી નિર્વાહ કરે છે. મ્યુનીસીપાલીટી હોય ત્યાં મ્યુનીસીપાલીટી તરફથી નિમાયેલી કમીટી, અને બીજી જગાએ અમલદાર વર્ગ કન્યાશાળાની દેખરેખ રાખે છે. અમલદાર વર્ગ મૂળ તો કેળવણી ઉત્તમ શી રીતે થાય એનો માત્ર પરમાર્થ વૃત્તિએ પણ વિચાર કરતો ન હોવાથી ઉત્સાહિત હોતો નથી, ત્હેમાં પોતાના કાર્યમાં રોકાયેલા હોવાથી ત્હેમને ફુરસદ પણ મળતી નથી. ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો કમીટીમાં હોય તો ત્હેમાંના ઘણા ખરા કન્યાઓને કેળવણી આ-

* અર્થ-વિચારશક્તિને મજબૂત કરી તે શક્તિનો ઉપયોગ થાય એવાં સાધનો પૂરાં પાડી આપે તો જ ખરી કેળવણી કહેવાય.



પવાથી લાભાલાભ સ્હમજતા જ નથી. દેખરેખ રાખનારી કમીટી માત્ર સરકારનું સોંપેલું કાર્ય પુરૂ કરવા મહિનામાં એક દિવસ કન્યાશાળાની મુલાકાત લે છે અને નિશાળ બરાબર ચાલે છે, સંખ્યા આટલી હાજર હતી, ડેડસ્ટોકની ચીજો બરાબર છે એવો શેરો કરી પોતાનું કાર્ય થયું માને છે. કેટલીક વખત મહેતીજીઓ કમીટીના સભાસદોનાં પત્ની પાસે જતી આવતી હોય તો શેરા સારા થવાના જ. કન્યાશાળાનું મકાન ઘણું ખરૂ શોભાયમાન હોય છે. ગામડાઓમાં મુત્સદ્દી વર્ગ કરતાં ધંધાર્થી લોક વિશેષ રહેતા હોવાથી નિશાળનો વખત ગામડાને અનુકુલ રાખવામાં આવે છે. ઘણું ખરૂં એક તેડાગર હોય છે જે નિશાળમાં ભણતી છોકરીઓને દરરોજ બોલાવવા જાય છે. આવી રીતે દસ વાગ્યાનો વખત હોય તો અગીઆર સાડા અગીઆર વાગે વર્ગનું કામ શરૂ થાય છે. શિક્ષકો અગર મહેતીજીને જમવાનું અગર બીજું કાર્ય હોય તો આથી પણ મોડું થાય. પછી ઉપર કહેવામાં આવ્યું છે તેમ એક શિક્ષકને બે વર્ગ સોંપવામાં આવ્યા હોય એટલે શિક્ષણ કેવું અપાતું હશે ત્હેનો વિચાર કરવો. મૂળ તો સામાન્ય રીતે ટ્રેઇન્ડ ( કેળવાયેલા ) શિક્ષકો હોતા નથી અને પગાર ટુંકો એટલે નિશાળમાં બે ચાર કલાક ગાળવા એ જ ઉદ્દેશ હોય છે. સ્હેજ ભણેલા શિક્ષકો પેપરો, માસિકો, પુસ્તકો નિશાળમાં જ વાંચે છે. કન્યાશાળાની ભીંત ઉપર જોશો તો કીન્ડરગાર્ટન પ્રમાણે રંગબેરંગી ચિત્રો, આકૃતિઓ, ટાઇમટેબલ વિગેરે નજરે પડશે પરન્તુ એ શા ઉદ્દેશને માટે છે-એ શું છે એમ કન્યાઓને પૂછશો તો ત્હેનો સંતોષકારક ઉત્તર ભાગ્યે જ મળશે. આ લેખકે ગામડાની કન્યાશાળા તપાસી છે અને એનો અનુભવ એવો છે. શિક્ષણ સંબંધી મન અગર બુદ્ધિ કેળવવાને બદલે વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષા શીરીતે પસાર કરે અને વધારે સંખ્યા પસાર કરી પ્રમોશન શી રીતે મળે એ જ હેતુ શિક્ષકોનો હોય છે. ગુજરાતી વાંચનમાળામાં કેટલાક એવા પાઠ છે કે જે કન્યાઓ બરાબર સ્હમજે તો ત્હેમને ભવિષ્યમાં લાભદાયી થઈ પડે; પરન્તુ ઘેરથી અર્થ ગોખા લાવી બીજે દીવસે શિક્ષકને ઉત્તર આપવા એ શિવાય કન્યાઓ બીજું કાંઈ સ્હમજતી નથી. ગાવાની શક્તિ અને હુન્નર જે કન્યાઓમાં ખાસ ખિલાવવાની જરૂર છે તે તરફ તો બહુ જ દુર્લક્ષ આપવામાં આવે છે. શિક્ષકોને જ કવિતા શું-રાગ શું-કવિતામાં શું રહસ્ય છે તેનું ભાન ન હોય તો પછી કન્યાઓ તો શું સ્હમજે ? જે કન્યાઓ ભવિષ્યની પ્રજાની માતા થવાની છે, જેના ઉપર દેશના ઉદયનો મૂખ્ય આધાર છે તે કન્યાઓને નિયમિતતા, સ્વચ્છતા, ઇશ્વિરશ્રદ્ધા, દયા, નીતિ, અનુકંપા આદિ સદ્‌ગુણો ઠસાવવાને કાંઈ પણ પ્રયાસ થતો નથી. શાળાની ભીંતે 'ટાઇમટેબલ' ચ્હોડેલું હોય છે પણ તે માત્ર શોભાનું જ. ગામડામાં સામાન્ય રીતે ગરીબ વર્ગ વિશેષ રહેતો હોવાથી સદ્‌ભાગ્યે શહેરના ફેશનબંધ લુગડાં ગામડામાં દાખલ થયાં નથી. કન્યાઓ ચણીયા, કબજા, ઓરણી અને બોચલા પહેરે છે. એ કપડાં એવાં મેલાં હોય છે કે કેટલીક વેળા આપણને સુગ ચ્હડે. બાલક કન્યાઓને આ કપડાં નિયમિત રીતે ધોઇને સ્વચ્છ રાખવા કહેવામાં આવતું હોય તો એ કન્યાઓના મનમાં સ્વચ્છતાના સંસ્કાર બેસે અને એને પરિણામે ભવિષ્યમાં પોતાનાં ગૃહ સ્વચ્છ રાખતાં શિખે. ધાર્મિક જ્ઞાન માટે તો શહેર અને ગામડાં બન્નેમાં દુર્લક્ષ રાખવામાં આવે છે. ગોરો અને એવી રજાઓમાં ગામડાની કન્યાઓ નદી, તળાવ કે એવે સ્થળે ફટાણાં ગાતી, કુટતી નજરે પડે છે. ગૌરીપુજન જેવા ઉત્તમ દિવસોમાં આ કરવું યોગ્ય નથી, એટલું જ નહિ પણ નીતિ વિરૂદ્ધ છે એમ કન્યાશાળામાં

ભાગ્યે જ કહેવામાં આવે છે. રોવા કૂટવાની ઘેલછા સ્ત્રીશિક્ષકોમાં જ હોય પછી કન્યાઓમાં એ ભાવ ઉત્પન્ન થાય એમાં નવાઈ શી! કન્યાશાળાનાં ધોરણમાં ભરત-શિવણ કામ છે પણ તેના ઉપર પુરતું લક્ષ અપાતું નથી. એકાદ સ્ત્રીશિક્ષક હોય અને બાકીના પુરૂષ શિક્ષક હોય એટલે ભરત-શિવણ શિખવવાનું સ્ત્રીશિક્ષકને માથે પડે છે. એક સ્ત્રી આખી નિશાળમાં પહોંચી વળે એ મુશ્કેલ તો નહિ પણ કઠિન છે અને એની સાથે એટલી ખંત હોતી નથી. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર, કલેક્ટર, કે મામલતદાર ગામમાં આવે તે સમયે શાળાઓમાં ઇનામનો સમારંભ કરવામાં આવે છે અને તે વખતે શાળાને ધજાપતાકાથી સુશોભિત કરી, ગમે તેના ભરત-શિવણ કામના નમૂના મૂકવામાં આવે છે. કન્યાઓ પાસે એકાદ બે તૈયાર કરાવેલાં ગીત ગવડાવવામાં આવે છે અને તે ગીતોમાં ઉત્તમ ભાવને બદલે "ભલે પધાર્યા આજ, સાહેબો ભલે પધાર્યા આજ" એવાં અમલદારોનાં યશોગાન શિવાય કાંઇ હોતું નથી. અમલદાર વર્ગ પોતાના પ્રવાસના પ્રસંગે કન્યાશાળામાં કેવી રીતે કેળવણી આપવામાં આવે છે, ત્હેમાં શો ફેરફાર કરવાની આવશ્યકતા છે, કન્યાઓનાં મન અને બુદ્ધિ વિકાસ પામે છે કે કેમ તે તપાસતા હોય તો વધારે સારૂં પરિણામ આવે. આમાં હમેશાં મહેતીજીઓનોજ દોષ હોતો નથી, કારણ કેટલેક સ્થળે મહેતીજી કેળવાયેલી હોયને ખંતથી કામ કરતી હોય તો પણ ત્હેનું શિક્ષણ ઉત્તેજનના અભાવે **अरण्यरुदितम्** થાય છે.

જ્યારે ગામડાની કન્યાશાળામાં "નરી સરળતા" કાંઈક "મલિનતા" અને અનિયમિતતા દૃષ્ટિગોચર થાય છે ત્યારે શહેરની કન્યાશાળામાં બહારનો આડંબર એવો હોય છે કે અજાણ્યો પ્રેક્ષક અંજાઈ જાય. શહેરમાં ન્હાની તેમજ મ્હોટી વયની કન્યાઓ અભ્યાસ અર્થે આવે છે અને ત્હેમાં ગરીબ, તવંગર તેમજ સામાન્ય વર્ગની પણ હોય છે. શહેરમાં ઈંગ્રેજી કેલવણીનો પ્રચાર વિશેષ હોય, નવી નવી ફેશનોનાં મનુષ્યો દૃષ્ટિગોચર થાય એની અસર જનસમૂહ ઉપર થવાની. આને લીધે ઉચ્ચ વર્ગની કન્યાઓ તરેહતરેહનાં ઘાટદાર કપડાં પહેરે છે. દેખાદેખીની અસર કન્યાઓ ઉપર થાય છે અને સામાન્ય સ્થિતિ અને નિચા દરજ્જાની કોમવાળી કન્યાઓ ફેશનબંધ લુગડાં પહેરવા લલચાય છે અને આનું પરિણામ એ આવે છે કે એમના માબાપો ઉપર ખર્ચનો બોજો વધારે પડે છે. આ ઉપરાંત કેળવાયેલા વર્ગની પુત્રીઓ ઉતરતી કોમની પુત્રીઓના પરિચયમાં આવે છે અને કેટલાક હલકા આચાર વિચાર તેમના મગજમાં ઠસે છે. આ વિચાર કેટલાકને વિચિત્ર લાગશે પરન્તુ જેણે પૂર્વ અને પશ્ચિમના લોકોની રહેણી કરણીનો વિચાર કર્યો છે તેમને સત્ય લાગ્યા વિના નહિ રહે. પૂર્વ દેશોમાં જ્ઞાતિ નથી પણ વર્ગ છે એટલે એક વર્ગનો મનુષ્ય એથી ઊંચા વા નિચા વર્ગમાં જઇ શકે છે ત્યારે એથી ઉલટું આપણે ત્યાં વર્ગને બદલે કોમ છે. ઘાંચી, કણબી, મુસલમાનની કન્યાઓ ભણે તેમાં લાભ છે પણ જ્યાં સૂધી ઘાંચી, કણબી, મુસલમાન, નાગર એવો તફાવત રહેવાનો ત્યાં સૂધી દરેક કોમના આચાર વિચાર જૂદા રહેવાના. અને જ્યાં સૂધી એ ભિન્નતા છે ત્યાં સુધી ઘાંચીની કન્યા નાગર, ક્ષત્રીનું અનુકરણ કરે એ અયોગ્ય લેખાવાનુંજ અને નાગર કન્યા ઘાંચીનું અનુકરણ કરે તો તે હલકું લેખાવાનુંજ. શહેરોની કન્યાશાળામાં આ ભિન્નતા ન રહેવાથી કોઇક કોમને ખેંચાવું પડે છે તો કોઈ કોમને ઉતરવું પડે છે. જ્યારે ગામડાની શાળામાં નિયમિતતા સ્વચ્છતા ઓછી હોય છે ત્યારે શહેરમાં નિયમિતતા, સ્વચ્છતા વિશેષ નજરે પડે છે. કેટલીક વખત જો કે બહારની સ્વચ્છતા સાથે



અન્તરની સ્વચ્છતા ભાગ્યેજ નજરે પડે છે. મ્હારા મિત્ર અને મુંબાઇની મ્યુનીસીપલ સ્કુલ્સના ઇન્સ્પેક્ટર રા. હિમતલાલ અંજારીયાની સાથે મુંબાઇની એકાદ બે કન્યાશાળાની મુલાકાત લેવાનો પ્રસંગ મળ્યો હતો. ચર્નીરોડ ઉપર આવેલી એક પારસી કન્યાશાળા જોતાં મને બહુજ આનંદ થયો. ત્યાંની કન્યાઓમાં જે વિનીતતા, મર્યાદા, સ્વચ્છતા, નિયમિતતા જોઇ તેવી મેં બીજે નથી જોઇ. દરેક કન્યા ધીરેથી, શાન્તિથી, વિવેકથી ઉત્તર આપતી અને તેની સાથે પારસીઓ જેટલે દરજ્જે ગુજરાતી સમજી શકે તેટલે દરજ્જે સમજતી હોય એમ લાગ્યું હતું. આ શાળામાં શિક્ષણ, ભરતકામ, ગાયન વિગેરે ઉત્તમ હતું, તેનું કારણ એજ કે એજ કોમની કેળવાયેલી પારસણો ખંતથી શિક્ષણ આપે છે. શહેરોની અન્ય કન્યાશાળામાં, મુખ્યત્વે કરી હિંદુ શાળામાં, ઘોંઘાટ, અવિવેક, અનિયમિતતા હોય છે. આનું કારણ ગૃહશિક્ષણ તરફ અભાવ છે. પારસીઓમાં ગૃહકેળવણી કેટલીક રીતે અપાય છે, ત્યારે આપણામાં તે હોતું નથી. પારસીઓ દોષરહિત છે એમ નહિ, પણ તેમનામાં વિનીતતા, સુઘડતા વિગેરે જે સદ્‌ગુણો છે તેની સ્તુતિ કરવી અને અનુકરણ કરવું તે અયોગ્ય નથી. મુંબાઇની ઉપર કથિત પારસી કન્યાશાળામાં દરેક કોમની કન્યાને આવવાની છુટ છે, છતાં મ્હારે સખેદ કહેવું જોઈએ કે મુંબાઇનુ હિંદુ મંડળ પોતાની કન્યાઓને ત્યાં મોકલતાં કોણ જાણે કેમ સંકોચાય છે.

શહેરની ઘણી કન્યાશાળામાં ગામડાની માફક પુરૂષ શિક્ષક હોય છે અને કન્યાઓની આન્તર્વૃત્તિ કેળવી તેમને ભવિષ્યની આર્ય માતાઓ બનાવવાને બદલે બહારનો દેખાવ સારો કરવાને બહુ પ્રયાસ થાય છે. ભરતકામ, શિવણકામ કરાવવામાં આવે છે પણ શિવણ કામ તેમજ ભરતકામમાં ઈંગ્રેજી ફેશન દાખલ કરાવવાને બદલે પોતાના જીવનમાં સ્થિતિ, કોમ અનુસાર ઉપયોગી થઈ પડે એવું કામ શિખવવામાં આવે તો વધારે લાભ થાય. દોરાના રૂમાલ ભરતાં આવડે, ઉનનાં ઉત્તમ મોજાં, ગળપટા આવડે પણ બાલકો તેમજ પોતાને માટે કબજા વિગેરે શીવતાં, સાંધતાં ન આવડે એ કેવું શિક્ષણ? ઇતિહાસની મોટી લડાઇઓ, ગણિતના અઘરા દાખલા શિખવવામાં આવે છે પણ સીતા, દમયન્તી, અહલ્યા, ફ્લોરેન્સ નાઇટીંગેલ જેવી સન્નારીના અનુકરણીય જીવન વિશે અને ઘરગથું હિસાબ રાખવા વિશે કાંઈપણ જ્ઞાન આપવામાં નથી આવતું.

હાલની કન્યાશાળાઓમાં નીચે દર્શાવેલા તેમજ અન્ય થવા યોગ્ય સુધારા કરવામાં આવે તો સ્ત્રીકેળવણી માથે આવતો કેટલોક અપવાદ દૂર થાય ખરો.

૧ જેમ બને તેમ પુરૂષ શિક્ષક અને પુરૂષ ઇન્સ્પેક્ટરોને બદલે સ્ત્રીશિક્ષકો અને સ્ત્રીઈન્સ્પેક્ટરો રાખવા.

૨ બની શકેતો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય, શુદ્ર એમ વર્ણવાર કન્યાશાળા સ્થાપવી, અને એજ વર્ણની ઉચ્ચ કેળવાયલી સ્ત્રીઓને શિક્ષક તરીકે રાખવી, જેથી આચારવિચારની ભિન્નતા ન થાય.

૩ ગમે તેવા શિક્ષકો રાખવાને બદલે "ઉચ્ચ વિચાર અને સરળજીવન" વાળા શિક્ષકોનેજ રાખવા.

૪ પગારની રકમ એટલી હોવી જોઇએ કે જીવનવ્યવહાર ચલાવવાની લોલુપતા ન રહે અને સોંપેલા કાર્યમાં મન પરોવવા સશકત રહે.

૫ છોકરા છોકરીઓને માટે એકજ વાંચનમાળાને બદલે કન્યાઓને માટે બીજી

વાંચનમાળા થવી જોઇએ. રા હરગોવીંદદાસ કાંટાવાળાએ કન્યાશાળા માટે જૂદી વાંચનમાળા તૈયાર કરી છે તે જોવાની ભલામણ કરીયે છીએ.

૬ સ્થિતિ અને કોમ અનુસાર જ ભરત, શિવણ આદિ કળાઓનું શિક્ષણ દાખલ કરવું.

૭ આરોગ્યવિદ્યા, ઘરગથુ રસાયણશાસ્ત્રનું જ્ઞાન આપવું.

૮ પાકશાસ્ત્રનું વ્યવહારી જ્ઞાન આપવું.

૯ ધોરણાનુસાર પુત્રી તરીકે, વધૂ તરીકે, પત્ની તરીકે, માતા તરીકેની ફરજનું ભાન કરાવવું.

૧૦ મનુષ્ય અને ઇશ્વરનો સંબંધ–અને ઇશ્વર પ્રત્યેની ફરજોનું જ્ઞાન આપવું.

૧૧ દેશના ઉદયમાં સ્ત્રી કેટલું કરી શકે તે સમજાવવું,

૧૨ વિચાર કરવાની શકિત ખિલવી, તેમનું મનોબળ, નૈતિકબળ જાગૃત કરવું.

૧૩ કોમને યોગ્ય ધર્મપુસ્તકોનું શિક્ષણ આપવું.

૧૪ જગતના મહાન્ રાજકિય, ધાર્મીક, સામાજીક સ્ત્રીપુરૂષોનાં જીવનનો અભ્યાસ કરાવવો.

૧૫ જ્ઞાતિભેદના હલકા વિચારો દૂર કરાવી સર્વે એકજ માતૃભૂમીનાં છોકરાં છીએ એવી ભાવના ઉત્પન્ન કરાવી ભ્રાતૃભાવ ઉર્દ્ધવાવવો.

જેઓએ દેશના ઉદય અર્થે જ પોતાનું જીવન ગાળ્યું છે એવા મહાત્માઓની સૂચનાઓ અને ઉપર કથિત સૂચનામાં જે યોગ્ય લાગે તે લઇ કન્યાશાળામાં અપાતી કેળવણીમાં ફેરફાર કરવામાં આવશે તો ખાત્રી છે કે આયાવર્ત પોતાની પૂર્ણ જાહોજલાલીએ પહોંચશે અને જાપાનની માફક પ્રજાત્વ ઉત્પન્ન થતાં વિલંબ નહિ થાય. આટલું જ દિગ્દર્શન કરી હાલતો અત્રેજ વિરમીશું.

ભોગીન્દ્રરાવ ર. દીવેટીયા. (સુબન્ધુ.)

# રમણીમણિમાલા.

## *માતાજી તપસ્વિની.

ભારતવર્ષના સાધુઓને સુધારવાના સવાલ તરફ આજકાલ દેશહિતૈષીજનોનું ધ્યાન ઘણું ખેંચાયું છે. સંયુકત પ્રાન્તના લાલા વૈજનાથ તથા પંજાબના ઉત્સાહી યુવક મીસ્તર ટહલરામ ત્હેમને ઉચ્ચ શિક્ષા અપાવવાના સંબંધમાં ભારે ચર્ચા ચલાવી રહ્યા છે. હરેક આદમી કબુલ કરશે કે ભારતવર્ષમાં સાધુઓની સંખ્યા એટલી વિશાળ છે કે જો તેઓ સારી રીતે કેળવાઇ ઉચ્ચ સંસ્કારવાળા થાય અને પોતાનો ધર્મ યથાર્થ સમજીને પરોપકાર કરવાનું કાર્ય કરે તો ભારતવર્ષની ઉન્નતિનો માર્ગ ઘણોજ સુલભ થઈ શકે. પરંતુ ત્હેમનો મ્હોટો ભાગ કેવી દુર્દશામાં છે! કેવા અધમ આચારોમાં તેઓ પોતાનો જીવનકાળ વ્યતીત કરે છે તે કોઇથી અજાણ્યું નથી. આવા સંયોગોમાં એ વર્ગની એક વ્યક્તિ સારા જનહિતના કાર્યમાં પોતાનું જીવન વ્યતીત કરે, તો તે નિઃસંદેહ પ્રશંસાને પાત્રજ છે. અને તેમાં એ એ વ્યકિત જો અબળા જાતિની–સ્ત્રી હોય તો પછી આપણું ત્હેને માટેનું માન સહસ્ત્રગણું થયા વગર રહેતું નથી. આજ હમે હમારી વાચક ભગિનીઓ સન્મુખ એક એવી પરોપકારી સાધ્વી સ્ત્રીનું ટુંક વૃતાંત મુકવા માગીએ છીએ કે જેણે આર્ય મહીલાઓને કેળવણીના સુમાર્ગમાં લઇ જવાને કેટલાક વર્ષોથી ભગીરથ પ્રયત્નો આરંભ્યા છે. આ સ્ત્રી બંગાળમાં **'માતાજી તપસ્વિની'**ના નામથી ઓળખાય છે. આપણા દેશના સંસારત્યાગી મનુષ્યોમાં સાધારણ રીતે પોતાની પૂર્વાસ્થા હાલ પ્રગટ નહિ કરવાનો પ્રથા છે. તે મુજબ માતાજી તપસ્વિની પણ પોતાનું પૂર્વચરિત સ્પષ્ટ રીતે કોઇને કહેતાં નથી એટલે ત્હેમનું વિસ્તૃત જીવનવૃંતાત લખવું દુઃસાધ્ય છે. ત્હેમના ભક્તજન આગળ વાર્તાલાપમાં અથવા ઉપદેશ પ્રસંગોમાં અનાયાસે જે વાત નીકળી જાય તેજ વાચકોને ત્હેમનો યત્કિંચિત પરિચય આપવાનાં સાધન છે.

* આ લેખ અમારા તરફ લખાઇને આવ્યો ત્યારે આ સાધ્વી હયાત હતાં, પરંતુ અમે સખેદ જણાવવા રજા લઇએ છીએ કે તે પછી એપ્રીલ માસની ૨૦ તારીખે તે દેવલોક પામ્યાં છે.



બાબુ શ્રી હેમેન્દ્રનાથ દત્ત નામના એક બંગાળી ગૃહસ્થે ત્હેમનાં દર્શનનો લાભ લેઇ મેળવેલા વૃતાંતને આધારે પ્રસ્તુત લેખ લખવામાં આવે છે.

માતાજીનો જન્મકાળ જાણવામાં આવ્યો નથી પણ ત્હેમની છબીના દર્શન કરવાનું સદ્‌ભાગ્ય હમને પણ પ્રાપ્ત થયું છે જે જોતાં તે પ્રૌઢ ઉમરનાં સ્ત્રી જણાઇ આવે છે. ત્હેમની મુખાકૃતિ અતિશય સુંદર અને પ્રભાવશાલી છે. ત્હેમનો વર્ણ તથા ચહેરો સ્પષ્ટ કહી આપે છે કે પૂર્વાવસ્થામાં તેઓ કોઈ ઉચ્ચ જ્ઞાતિનાં હશે. સાંભળવા પ્રમાણે દક્ષિણાત્ય દ્રાવિડ દેશમાં મહારાષ્ટ્ર બ્રાહ્મણ કુળમાં ત્હેમનો જન્મ થયો હતો. ત્હેમના પિતા અવસ્થાએ પહોંચેલા ગૃહસ્થ હતા. ત્હેમનાં મોસાળપક્ષના સંબંધીઓ ધનવાન જમીનદાર હતા, બાલ્યાવસ્થામાં ' માતાજી તપસ્વિની ' ને સંસ્કૃત તથા માતૃભાષાનું ઉચ્ચ શિક્ષણ આપવામાં આવ્યું હતું. થોડાજ સમયમાં ત્હેમને સંસારપ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તપશ્ચર્યા અર્થે પિતૃગૃહનો ત્યાગ કરીને નૈમિષારણ્ય તરફ ગમન કર્યું. ઇ. સ. ૧૮૫૭ના સીપાઈઓના બળવા વખતે તેઓ નૈમિષારણ્યમાં વાસ કરતાં હતા. તે વખતમાં ઉત્તર હિંદુસ્તાનના અનેક મ્હોટા મ્હોટા અંગ્રેજ અમલદારો માતાજીના સંસર્ગમાં આવેલા છે. અને તેઓ ત્હેમની અપૂર્વ પ્રતિભા અને શક્તિ જોઇને વિસ્મય પામ્યા છે. તેઓ ત્હેમનું ઘણું સન્માન કરે છે. અને ત્હેમની સ્ત્રીઓ પણ માતાજીનાં દર્શનાર્થે ઘણી વખત આવતી.

નૈમિષ્યારણ્યમાં થઇને ગંગાસ્તાન કરી માતાજી બંગ દેશમાં પધાર્યાં. પરલોકવાસી ' મહારાણી સ્વર્ણમયી 'ના સ્વામી જે સમયે કાસિમ બાજારની જમીનદારીના ઉત્તરાધિકારી થયા તે વખતે માતાજી ત્હેમના આમંત્રણથી ત્યાંજ હતાં. વર્ધમાનનાં રાણી વસન્ત કુમારી સાથે રાજા દક્ષિણારંજનનો વિવાહ થયો તે વખતે પણ તેઓ હાજર હતાં. આ ઉપરથી ત્હેમની પ્રતિષ્ઠાનો કાંઇક ખ્યાલ આવી શકે છે. વળી હાઇકોર્ટના બંગાળી જજ સ્વર્ગસ્થ શંભુનાથ પંડત અને સ્વર્ગસ્થ દ્વારકાનાથ મિત્ર એ બન્ને માતાજીની અત્યંત ભકિત કરતા હતા.

બંગાળામાં થઇને માતાજી 'પશુપતિનાથ' ના દર્શને નેપાલ ગયાં. ત્હાં ત્હેમણે ઘણા વર્ષો સુધી વાસ કર્યો. નેપાલના રાજા અને મુખ્ય અધિકારીઓ માતાજી ઉપર ગંભીર શ્રદ્ધા રાખતા હતા. નેપાલમાં ત્હેમણે ગંગાદેવીનું એક મંદિર સ્થાપન કર્યું છે જે આજે વધીને નેપાલનું એક વિખ્યાત દેવમંદિર બની ગયું છે. નેપાલમાં હજારો રૂપીઆ ખર્ચીને ત્હેમણે ચારે વેદ સુર્વણાક્ષરે લખાવી રાખ્યા છે.

લગભગ ૧૭ વર્ષ થયાં માતાજી તપસ્વિની બંગ દેશમાં બીજીવાર પધાર્યા છે. હિંદુ ધર્મમાં હેમની ઘણીજ નિષ્ઠા છે. પણ બંગદેશમાં પ્રચલિત હિંદુ ધર્મ ઉપર હેમની શ્રદ્ધા નથી. આ દેશમાંથી ધર્મબંધન શિથિલ પડતા જાય છે એ વાત ઉપર તેઓ ઘણો શોક પ્રગટ કરે છે. આ દેશની સ્ત્રીજાતિની શોચનીય અવસ્થા જોઇને તો ખરેખર હેમનું કોમળ હૃદય ભેદાઈ જાય છે. અને તેથી હેમની સ્થિતિ સુધારવાને માટે હેમણે વ્યાવહારિક ઉપાય યોજ્યા છે. સ્ત્રીજાતિની અવસ્થા ઉન્નત બનાવવા માટે હેમણે તેર વર્ષ થયાં 'માહકાલી પાઠશાળા' સ્થાપન કરી છે. આજકાલ આ 'મહાકાલી પાઠશાળા' વિરાટ સ્વરૂપમાં પરિણુત થઈ છે. કલકત્તા, હાઉરા, બહરામપુર, કાશી, રાવલપીંડી, વિગેરે દસબાર સ્થાનમાં આ પાઠશાળાની શાખાઓ સ્થાપન કરવામાં આવી છે. હજારો બાલિકાઓ આ પાઠશાળામાં શિક્ષણ લેઈ પોતાના ભાવી જીવનને ઉન્નત બનાવે છે. કેવું પુણ્યનું કામ !! એક અબળાની આવી કાર્ય ચલાવવાની શક્તિ જોઈ કોણ વિસ્મય નહિ પામે ?! સાધારણ જનસમાજની સહાયતાથીજ આ બધી પાઠશાળાઓનો વહીવટ ચાલે છે. પરંતુ આવક ખર્ચના સરવૈયા જોતાં માલુમ પડે છે કે ખુદ માતાજીએ આ વિદ્યાલયોને માટે પોતાની ગાંઠેથી હજારો રૂપીઆ આપ્યા છે. એક સન્યાસિની આટલું ધન ક્યહાંથી લાવે છે એ કોઇને ખબર પડતી નથી. હેમનું માનવું છે કે તપસ્વિનીઓને સત્કાર્ય માટે અર્થનો અભાવ રહેતો નથી. વિચાર કરવાથી આ એમના કથનમાં કાંઇક સત્ય સમાયલું જણાશે. આપણા ભારતવાસી બંધુઓમાં દાનશીલતાનો ગુણ અદ્યાપિ પર્યંત મોજુદ છે. અને જો તે દાનનો સત્પાત્રે ઉપયોગ કરવાને અર્થે આપણા વિરક્ત સાધુજનો પરિશ્રમ કરે તો સાંસારિક ગૃહસ્થો કરતાં તેઓ વધારે સફળતા પ્રાપ્ત કરી શકે એ સંભવિત છે. આવી રીતની પાઠશાળાઓ સ્થાપી સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવા માટે બંગાળીઓ હેમના ચિરકાળના ઋણી છે.

માતાજી બાળબ્રહ્મચારિણી છે, ચિરકૌમારવૃત્તધારિણી છે એકવાર હેમણે આખા ભારતવર્ષની પ્રદક્ષિણા કરી છે. સાહસ, કર્મોત્સાહ, પરિશ્રમ, ચિંતાશીલતા, અને તપશ્ચર્યા એ બધા ગુણો ધરાવે એવા, આ મનસ્વી તપસ્વિની હિંદુ અબળાની બરોબરી કરી શકે એવા, પુરૂષો પણ વિરલાજ હશે. આદમીઓના મ્હોટા કોલાહલવાળા મેળાઓમાં તેમજ વિન્ધ્યા હિમાલયાદિ નિર્જન કન્દરોમાં તે એકલાંજ ભ્રમણ કરે છે. હમારી આજકાલની નાજુક અને નાજુકતામાં મ્હોટાઇ સમજનારી બ્હેનો સાંભળીને વિસ્મય પામશે કે આ સન્યાસિની ઘોડેસવાર થવામાં ઘણીજ કુશળ છે. ઉત્કૃષ્ટ અંગ્રેજ ઘોડેસ્વારોની સાથે ઘોડો દોડાવવાની સરતોમાં તેઓ જીત મેળવે છે. એક તરફ આ બધા પુરૂષોચિત ગુણ છે તો બીજી તરફ રમણીઓને છાજતી લલિત કળાઓમાં પણ તેઓ વિશેષ પારદર્શી છે. વેદવેદાન્ત અને વ્યાકરણાદિ શાસ્ત્રોમાં હેમનુ અગાધ પાંડિત્ય કહેવાય છે. ચિત્રકળામાં હેમની ઘણી નિપુણતા છે. હેમના પોતાના હાથની આલેખેલી ચિત્રાવલી, અને તેમાં એ ખાસ કરીને પર્વતના દૃશ્યના ચિત્રો, જોનારને મુગ્ધ કરી નાંખે છે.

મુંબાઇનાં સાધ્વી જાનકીબાઈ અને આ તપસ્વિની જેવાં રમણીરત્નો ભારતવર્ષ ઘણાં ઉત્પન્ન કરે એજ પ્રભુપ્રાર્થના સહિત હમે આ ટુંક વૃત્તાંતને સમાપ્ત કરીએ છીએ.

અનિલ.



# આનંદાશ્રમ.

## જોષી.

ગમે તેમ કહો પણ ઋતુમાં ફેરફાર થઇ ગયો છે. આપણા રાજ્યકર્ત્તાના મુલકમાં જેમ વરસાદ ફાવે ત્યારે વરસે છે, તેમ હવે આપણા આર્યાવર્તમાં થયું. શિયાળો ઉતર્યો કે લાગલું ચોમાસું બેસે છે ઉન્હાળો બિચારો "પ્રીવીલેજ" (હકની) રજા ભોગવવા ચાલ્યો જાય છે. એ પ્રમાણે વરસફળમાં પણ થયું છે. આગળના વખતમાં કહો કે ન કહો પણ ગ્રહની સત્તા મનુષ્યો ઉપર ઘણી હતી. અને તે વખતમાં અમારૂ જોર પણ ઘણું હતું. આજકાલ જેમ ઘડીએપલકે દાક્તરને બોલાવવામાં આવે છે, તેમ તે વારામાં અમને બોલાવતા. સ્હેજ તાવ આવ્યો કે અમને બોલાવે ને વરસફળ જોવરાવે. "આ મંગળની તમને દશા બેઠી છે તે પાંચમ સુધી ચાલશે. માટે અમુક દાન કરાવો તો તાવ ઉતરશે" આવું આવું વરસફળ જોઇને અમે કહેતા કે, ભાઇને કહુ, તાવ ઉતરી જતો.

લગ્ન કરતી વખતે ગ્રહ મેળવવાનો રીવાજ છે. આ એવે વખતે અમારી બારપાદશાહી ચાલતી. અમે ધારતા તે લગ્ન થવા દેતા, તે ન ધારતા તે ન થવા દેતા. એટલે એમ કે અમારા હાથમાં હતું. શું કરીએ? રત્ન જેવી કન્યા હોય, કે સુમનોહર વર હોય, પણ જ્યાં ગ્રહ ન મળે ત્યાં શું કરીએ? અથવા ગ્રહ મેળવવાને માટે કવા જોઇએ જપ, તે કરનાર જોષી– એટલે મારા જેવા વિદ્વાન જોષી—ન મળે, અથવા તો યજમાન પાસે દ્રવ્ય ન મળે, કે દ્રવ્ય હોય તો શ્રદ્ધા ન મળે એટલે પછી ઉપાય શો?

બાકી સત્ય કહું છું કે જેવું ગણિતશાસ્ત્ર છે, તેવું જ્યોતિષશાસ્ત્ર છે. અમુક ગ્રહનું અમુક ફળ મળે છે. મનુષ્ય જન્મ્યું ત્યારથી તે મૃત્યુ પામે ત્યાં સુધી ગ્રહના પંજા તળે છે, અને જો તે ગ્રહની કૃપા મેળવવી હોય તો, અમારી સેવા કરવી અવશ્ય છે. આજકાલના મ્હોટા મ્હોટા વિદ્વાનો કહેશે કે આકાશમાં ફરતા તારા, તેની માણસ ઉપર શી અસર? અને માણસ ઉપર અસર હોય તો જોષી લોકની શી સત્તા કે તે ફેરવી શકે? મારો એટલોજ જવાબ છે કે હાથી જેવું પ્રાણી, તેને જંગલમાંથી મનુષ્યો પકડી લાવી અંકુશ માત્રથી વશ કરે છે, તો ગ્રહનું બીચારાનુ શું ગજું? આ...ને ઉત્તર દિશા ભણી મુખ રાખી પ્રાણાયામ કરી જ્યાં...ને શુદ્ધભાવથી જપ કરીએ ત્યાં પછી ગ્રહનું ગજું કે ન માને? પણ હમણાં હમણાં તમારે કહો ન કહો, પણ ગ્રહની ગણત્રી ખોટી પડે છે. કાંતો એમાં ઘડી પળનો દોષ કહાડો, કે ગણનારનો દોષ કહાડો. આ હમણાં ગયા મહા મહિનામાં બલાખીરામ શુકલની દિકરીના વિવાહ ધામધુમથી કર્યા. ગ્રહ બન્ને વરકન્યાના ઉત્તમ હતા. પણ છ મહીના ન થયા, તે બિચારી કન્યા વિધવા થઇ. આપણે કાળા શાહી જેવા થઇ ગયા. મ્હેણાં મારનારે મ્હેણું માર્યું કે જોષીજી, તમારા જ્યોતિષમાં ધુળ પડી. અખંડ સૌભાગ્યની વાત તો ઘેર ગઇ, પણ છએ મહીના ન ભોગવ્યું. મેં તો ગ્રહને આધારે કહ્યું તેમાં દોષ કોનો? બાકી મારામાં ભવિષ્ય કહેવાની તો જાતજાતની શક્તિ છે. તમારા સુન્દર હસ્તાક્ષર જોડે જો રૂપીઆની ટીકટ મોકલી આપો તો હું તમરૂં વરસફળ બનાવી શકું છું. તમે ગમે તે ફુલનું નામ લખો તો હું તે ઉપરથી પણ તમારૂં ભવિષ્ય વરતી શકું છું. પણ પ્રભુ જાણે, હમણાં હમણાંનું બધું ખોટું પડે છે. હવે તો વરસફળ પણ ઓછાં બને છે.

પ્રથમ તો બસેં વરસફળ બનાવતા, તો ઘરમાં બસેં રૂપીઆ ને બાર માસ ચાલે એટલો દાણો આવતો. પણ હવે આપણું ટટું નભતું નથી. હું રોફ તો ઘણો મારવા જાઉં છું. સફેત લુગડાં, ઘંટીના પડ જેવી તેડી ધોળી પાઘડી, બગલાની પાંખ જેવું ધોતીયું પહેરૂં છું. આંખે ચશ્મા ઘાલું છું. પાઘડીમાં જ્યાં મારગ હોય છે ત્યાં ચૈત્રી પંચાંગ, અષાડી પંચાંગ, સુડી, સોપારી વિગેરે રાખું છું. પણ શુક્રવાર વળતો નથી. આનું કારણ ખોળતાં ખોળતાં એમ માલુમ પડયું કે જ્યાં સુધી બઇરીઓ અમે જે કહીએ તે માને એવી ભલી હતી ત્યાં સુધી જ્યોતિષ તથા કથાવાર્તાથી એમનાં મન પ્રસન્ન કરી, દાનની શ્રદ્ધા ઉત્પન્ન કરી, મારા જેવા જોષી, પુરાણી, નિર્વાહ કરતા. હવે તો સ્ત્રીઓ ભણવા માંડી. ને તેની જોડે અમારી કમાણીને ગ્રહણ થયું. હજી અડધું ગ્રહણ થયું છે, ત્યાં સુધી વારૂ ઠીક છે. પણ જ્યારે ખગ્રાસ ગ્રહણ થશે, ત્યારે મહામુસ્કિલીની વાત છે. ભલા ભગવન્! કોણ જાણે શાએ આ જુની આંખે નવા તમાસા નશીબમાં જોવાના લખ્યા હશે. ગમે એમ હોય, હું તો સત્ય કહું છું કે જ્યોતિષશાસ્ત્ર ખોટું નથી. વળી કેટલાક વિદ્વાનો કહે છે કે જ્યોતિષશાસ્ત્ર આપણા દેશમાં ગ્રીસમાંથી આવ્યું. માટે જેમ હાલ તમામ પરદેશી ચીજનો "બાયકૉટ" કરવાનો પવન વાયો છે, તેમજ જો બધા લોકો જ્યોતિષશાસ્ત્રને 'બાયકોટ' કરી દેશે તો તો જોઇ લ્યો બદાની મઝા. ભલાભગવાન્! તું કરે તે ખરૂં. !!!

સુમિત્ર.

---

# વર્તમાનરંગ.

**સુરતમાં મળેલી સાંસારિક કોન્ફરન્સ**—ગયા માર્ચ માસની તા. ૩૧ મીએ સુરતમાં મુંબાઇ ઇલાકાની પ્રાંતિક સાંસારિક સમાજ રા. બા. હરગોવિન્દદાસ દ્વારિકાંદાસ કાંટાવાળાના પ્રમુખપદ નીચે મળી હતી. પ્રમુખ તરીકેના પોતાના આરંભક ભાષણમાં સ્ત્રીસંસારને લગતા વિષયોમાં સ્ત્રીકેળવણી-તે કેવા પ્રકારે અપાવી જોઇએ, તેનો ઉદ્દેશ શો હોવો જોઇએ-બાળલગ્ન, વિધવાવિવાહ, તથા જુદી જુદી ન્યાતો વચ્ચે લગ્નસંબંધ એ બાબતો પરત્વે કેટલુંક સારૂં વિવેચન કર્યું હતું. કેટલાક અનુકૂળ સંજોગો હોવા છતાં આપણા ઇલાકામાં સ્ત્રીકેળવણીનો પ્રચાર વસ્તીના પ્રમાણમાં ઘણો ઓછો હોવા સંબંધી રા. બા હરગોવિંદદાસે યોગ્ય ખેદ દર્શાવ્યા છતાં તેનાં કારણોની શોધમાં તેઓ ઉતર્યા નહોતા. શિક્ષત તેમજ અશિક્ષિત જનસમૂહમાં સ્ત્રીકેળવણી તરફનો અભાવ આટલે બધે અંશે દૂર થયા છતાં તેના વિસ્તાર તથા ઉચ્ચતામાં વૃદ્ધિ ન થવાનું કારણ અમે માનીએ છીએ કે આપણા સંસારપ્રયાણને અનુકૂળ થવાને માટે સ્ત્રીકેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ એ વિષે માતપિતામાં-વિચારકોમાં પણ—ઘણો મતભેદ છેઃ અને કેળવણી આપવાનાં અદ્યાપિ પર્યંત જેજે સાધનો યોજાયેલાં છે તે ઉદ્દિષ્ટ માર્ગે લઈ જાય એવાં નથી, તથા હજી સુધી પ્રસિદ્ધ થયેલાં શિક્ષણનાં ફળ હિંદુ સંસારને ઘણાં ઉપયુક્ત હોવાને બદલે તેને અનિષ્ટ દિશા તરફ દોરી જાય એવા વલણવાળાં નીવડે છે એવી આશંકા ઘણાક લોકોમાં પ્રસરી રહેલી છે. આથી સુધારકોનું તથા વિદ્યાવિલાસી જનોનું હાલ પ્રથમ કર્તવ્ય એ છે કે તેમણે આ આશંકાની યોગ્યાયોગ્યતા તપાસી



તેમાં ઘટતો ફેરફાર કરવો તથા કરાવવો. વિધવાવિવાહ સંબંધી લોકમત ઘણો વિરૂદ્ધ છે એમ કબૂલ કરી પ્રમુખ સાહેબે શાસ્ત્ર તરીકે સ્વીકારાતા ગ્રંથોમાં પણ પુનર્વિવાહનાં દૃષ્ટાન્તોનો ઉલ્લેખ કર્યો હતો. હાલના જમાનાના અન્ય સુધારકોના મત સાથે મળતા થઇ રા. બા. હરગોવિંદદાસે પણ, સંસારસુધારાનો બચાવ કરતાં, જણાવ્યું હતું કે પુનર્વિવાહ એ લગ્નસંસ્થાનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે એમ નહી, તેમ દરેક વિધવાએ પુનર્લગ્ન કરવું આવશ્યક છે એમ પણ નથી. જે વિધવા ઇશ્વરેચ્છાને અધિન વર્તી, મનુષ્ય-જીવનનો ધાર્મિક આશય સમજી, પોતાનું અવશેષ આયુષ્ય પતિસ્મરણમાં, કુટુમ્બના ઉપયોગમાં કે લોકોપકારમાં ધાર્મિક વૃત્તિથી ગાળવા ઇચ્છા રાખે, તે ભલે અલગ્નિત રહે. પુનર્વિવાહ સર્વને માટે શ્રેષ્ટ માર્ગજ છે એમ નહિ; પરંતુ કષ્ટમય, પરાધિન કે અનીતિમાન જીવન કરતાં તે શ્રેયસ્કર છે એમ સુધારકો જણાવે છે, અને તેવા પ્રસંગોમાં તેવો શ્રેયસ્કર માર્ગ લેતાં અટકાવનાર સામાજીક બન્ધનો શિથિલ કરવા તેઓ લોકોને આગ્રહ કરે છે. વિરૂદ્ધ પક્ષે, શાસ્ત્રનિષેધનો વિચાર બાજુ ઉપર મુકતાં પણ, લોકોનો એક વર્ગ, જનસમાજનું દૃષ્ટિબિન્દુ શ્રેયસ્તરના કરતાં શ્રેષ્ટ માર્ગ તરફજ હોવું જોઇએ એમ ધારી, પુનર્લગ્નને વખોડે છે; અને બીજો કેટલોક ભાગ ફરજીયાત વૈધવ્યની દુષ્ટતા સમજે છે અને નિન્દે પણ છે, તથા સૂચવવામાં આવતા માર્ગના લાભની કદર પણ જાણે છે, છતાં તેને વ્યવહારમાં મૂકતાં જનસમાજના મૂળ સ્વરૂપને ફેરવી નાખનાર જે અનેક ગંભિર અને બારિક પરિણામો નીપજવાનો ભય રહે છે તેને તેઓ અનિષ્ટ માને છે. અને તેથી તેઓ આ નવા ઉપદેશને સંમત થતા નથી. સુધારકો જ્યારે તેવાં કોઈ પરિણામોની ગણના ન કરતાં, સંપૂર્ણ અને સર્વત્ર લાભ જ માની લઇને, "યાહોમ કરીને" તે માર્ગમાં પડે છે અને અન્યને પડવા બોધ કરે છે, ત્યારે આ વર્ગ તેવાં પરિણામો સરખામણીમાં નાપસંદ કરી ચાલતી સ્થિતિજ સ્વીકારી લેછે. રા. બા. હરગોવિંદદાસે ત્રીજો વિષય જુદી જુદી ન્યાતો વચ્ચે લગ્નવ્યવહાર વિસ્તારવાનો ચર્ચ્યો હતો. બેશક ભોજનવ્યવહાર રાખનારી ન્યાતો જો લગ્નવ્યવહાર પણ રાખે તો તેથી બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, અનેક પુરૂષોનું અવિવાહિતપણું ઈ. અનાચારો પણ ઘણે અંશે ઘટી જવાનો સંભવ રહે છે.

**સુરતમાં મળેલી મહિલાપરિષદ્**—રાજકીય સમાજ જેમ પ્રદર્શન ઇત્યાદિરૂપે પોતાની શાખા વિસ્તારતી જાય છે, તેમ સંસારસુધારાસમાજની પણ મહિલાપરિષદ્ રૂપે એક શાખા સ્ફૂરી આવી છે, અને અન્ય સ્થળોની પેઠે સુરતમાં પણ ગયા સમારંભોને પ્રસંગે તેવી એક મુંબાઈ ઇલાકાની સન્નારીઓની પરિષદ્ સુરતમાં મળી હતી. તેમાં આશરે ૨૫૦ સ્ત્રીઓએ હાજરી આપી હતી. તેમાં પ્રમુખસ્થાન લેતાં સ્વર્ગસ્થ ન્યાયમૂર્ત્તિ રાનડેનાં પત્ની શ્રીમતી રમાબાઇએ ઘણા ઉંચા પ્રકારના વિચારો દર્શાવ્યા હતા. પરિષદ્નો હેતુ જણાવતાં તેમણે કહ્યું હતું કે "ઘરમાં કુટુમ્બ સબંધી જેમ આપણી-સ્ત્રીઓની—ફરજ હોય છે, તેમ દેશ સંબંધી પણ ફરજ હોય છે. તેથા ઘર તેમજ દેશ બંને સંબંધી આપણા મનમાં વિચાર જાગ્રત રહેવા અને લાગણી વધારવા સારૂં મુંબાઇમાં ૧૯૦૪ માં 'ભારતમહિલાપરિષદ'ની સ્થાપના કરવામાં આવી હતી. જુદા જુદા પ્રદેશની સ્ત્રીઓએ ભેગાં થવાથી પરસ્પરની પ્રેમભાવનામાં વૃદ્ધિ થાય, એટલુંજ નહી પણ

તેઓ પોતાની ફરજ બજાવવામાં એકબીજાને સહાય થાય એ આવી પરિષદ્‌નો મૂળ હેતુ છે." હાલની સ્ત્રીકેળવણીની અપૂર્ણતા તથા ન્યૂનતા વિષે તેમણે ચર્ચા કરી હતી કે "કન્યાઓને હાલમાં જે પ્રકારની કેળવણી અપાય છે, તેનો સંસારમાં જોઇએ તેવો ઉપયોગ થતો નથી. તેમજ પરણેલી છોકરીઓને પણ કેળવણીનો લાભ લેવાની સગવડ મળતી નથી." તેમના જેવાં પુખ્ત, વિચારશીલ, અનુભવી અને સ્ત્રીજીવનદશાનો ઉદ્દિષ્ટ માર્ગ પુરૂષો કરતાં વિશેષ યોગ્ય રીતે સમજનાર સન્નારીના આવા સ્પષ્ટ અભિપ્રાય જાણ્યા પછી સુધારકો તેમજ સત્તાધારીઓએ હવે સ્ત્રીકેળવણીનું સ્વરૂપ તથા પદ્ધતિ બદલવાની ખરી અગત્યતા છે. શ્રીમતી રમાબાઇએ પોતે સ્ત્રીઓના સામાન્યજ્ઞાન માટેના અભ્યાસક્રમનો કાંઇક ચીતાર આપ્યો હતો. "પ્રાથમિક ચાર ધોરણ સુધી હાલનો અભ્યાસક્રમ કાયમ રાખી આગળનો ભાગ સંસારઉપયોગી વિષયોનો રાખવો, એટલે ઇંગ્રેજી ભાષા જ્ઞાન, શીવણ, ભરત, ચિત્રકામ, સંગીત, દેશના ઇતિહાસ તથા ભૂગોળ, તથા નવરાશ મળે સંસ્કૃતનું જ્ઞાન—એટલું શીખવાય તો મધ્યમ પ્રકારના લોકોને ઘણો લાભ થશે." સ્વદેશી હીલચાલને તેમણે ઘણા ઉમંગ ભર્યા શબ્દોમાં વખાણી હતી. "હાલમાં સ્વદેશી હીલચાલનો ઉત્સાહ દેશમાં જણાય છે એ જોઇ આપણે વધારે આનન્દી થવાનું છે; કારણ કે એ હીલચાલથી દેશનાં ધન સંપત્તિ કારીગરી અને સ્વાવલંબનની વૃદ્ધિ થવાની આશા રહે છે. પુરૂષો ખંતથી આ કામ તરફ પોતાની ફરજ બરાબર સમજવા લાગ્યા છે. આવી વેળાએ સ્ત્રીઓએ પણ પોતાની ફરજ બજાવવી ઘટે છે, દક્ષિણી સ્ત્રીઓ સ્વદેશી બનાવટનાં કપડાં વાપરે છે અને મારી નમ્ર વિનંતિ છે કે ગુજર્જર પ્રાન્તની સ્ત્રીઓ પણ બની શકતા સુધી સ્વદેશી કંપડાંને પહેલી પસંદગી આપશે." વિદ્વાન સ્વદેશપ્રેમી સન્નારીના મુખમાંથી નીકળતા આવા સદ્‌વિચારો અન્ય ભગિનીઓને ઘણીજ ઉંડી અસર કરવાનો સંભવ છે, અને તેટલે અંશે સ્ત્રી વર્ગની ઉન્નતિ માટે, દેશના ઉદય માટે, આવા સ્ત્રીસમારંભો વખતોવખત અને સ્થળે સ્થળે થવાની અતિ આવસ્યકતા છે.

અન્ય સન્નારીઓએ પણ આ પરિષદ્‌માં સારા ઉપાયોગો વિષયો ઉપર વિચારો દર્શાવ્યા હતા, પરંતુ સ્થળ સંકોચને લીધે અત્રે તેમનું વિવેચન ન કરતાં ફક્ત નામાવલીજ કાર્ય સરશે.—(૧) આરોગ્યવિદ્યા અને આરોગ્યતા; એ વિષયનું જ્ઞાન દેશી સ્ત્રીવર્ગમાં વધારવા સારૂ શું યોજના કરવી જોઇએ. (૨) બાળકો; તેમને કેમ ઉછેરવાં. (૩) દેશી નારીઓથી કયાં કયાં પરોપકારનાં કાર્યો કરી શકાય. (૪) ક્રીશ્ચિયન મીશનો, તેમણે દેશી નારીઓની કેળવણી માટે શું શું કર્યું છે. (૫) નારીઓ દેશની પ્રજાઓની માતાઓ છે એ તત્વ દેશી નારીઓના મગજમાં કેમ જાગ્રત કરવું. (૬) સ્ત્રીવર્ગની પરાધીનતા; એનો નર અને નારી વર્ગ ગેરલાભ લેતા હોવાથી નિપજતાં પરિણામ. (૭) બાળલગ્નના પ્રચારથી સ્ત્રીવર્ગ ઉપર શી અસર થાય છે. (૮) વિધવાશ્રમ વિધવાની સ્થિતિ સુધારનાર સાધન (૯) સ્ત્રીકેળવણીની ઉન્નતિ, અને યોગ્ય સ્ત્રીશિક્ષકો કેવી રીતે મેળવી શકાય. (૧૦) ગુજરાતમાં મરણનો શોક પાળવાના જુદા જુદા રીવાજથી થતાં માઠાં પરિણામ, અને તેમાં કેવી રીતે સુધારો થઈ શકે. (૧૧) જ્ઞાતિભોજનનો પ્રચાર કાયમ રહેવો જોઇએ?

પાન્થ, બન્ધુસમાજ.

Registered No. B. 436.

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો
"સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને
"સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણુમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી
"અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા
"શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની
"કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી...
"સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ મે—વૈશાખ વિ. સં. ૧૯૬૩. [અંક ૯ મો.

## ज्ञानसुगन्ध.

**यात्रा**—दूरना प्रांतोमांथी आवता पुरुषो अने स्त्रीओ, रोगी अने अपंग मनुष्यो, भिक्षुको अने वेरागीओ तथा संन्यासीओ, ए सर्व आ चोतरफ विख्याति पामेला धामनी जात्रा करवा महीनाओथी निकळेला—थाकेला ए तरफ जाय छे. मरतां पहेलां एकवार ए यात्रा करवी ए तेमना श्रद्धाळु जीवनना अभिलाष होय छे. मध्यकाळनी श्रद्धा हजी हिंदुस्तानमां नष्ट थइ नथी. युरोपना मध्यकालना साधुओ लखी गया छे ते क्रियाओ तथा रुढिओ हाल पण आ अद्भूत भूमिमां प्रचलित छे. मुसाफरी, स्थानफेर, नवी जगाओ जोवी तथा नवा देखावो जोवा ए सर्व वर्त्तमान युरोपमां ऐहिक विषयो थई गया छे, अने हिंदुस्तानमां हजीए धार्मिकता तथा पुण्यकारी कर्तव्य तरीके मनाय छे. पुरीनी जात्राए जनारा जात्राळु जेवाज आश्चर्य जनक तथा तेवीज रीतनी मुसाफरी करनार पहेलाना वखतमां युरोपना केन्टरबरीना जात्राळुओ हता. तेमज पूर्व तरफना यात्रा करनार, पश्चिमना लुर्डना श्रद्धावान् जात्राळु जेवाज भक्तिमान छे अने कदापि तेमना करतां वधारे विश्वास राखनार अने उत्कंठित हशे.

सुधाहासिनी.

# કાવ્યકુંજ.

## લગ્નમંગલ.

૧

(શાર્દૂલ.) જન્મી આંખ ઉઘાડતાં લલિત આ લીલા નિહાળી રહ્યાં,
માતાના મૃદુ અંકમાં પડી રહી હાથે પગે ઉછળ્યાં;
રોવાને હસવાની એ રમતમાં માબાપને રીઝવ્યાં,
સેવાના તમને સદા સુખ થજો કલ્યાણકારી બધાં. ૧

૨

(શીખરિણી.) પિતાની છાયામાં પ્રિય જનનીના પાલવ મહીં-
રમ્યાં ને રાચ્યાં છો થનનગન નાચી ઝુલી રહી;
મજા, એવી માણી લહરીપર કુંજે સુઈ જતાં-
લળ્યાં જે છાજો તે, વરવધુ ! સદા સ્વપ્નસુખડાં. ૨

૩

(માલિની.) જનની જનક આંખે ચૌદ બ્રહ્માંડ જેવાં !
નવલ યુગલ બન્ને સાધજો પાંખ-સેવા;
રમત ગમત સાથે જ્ઞાનનો સ્વાદ લેવા-
સ્વજન-શીખ લઇને પાડજો ખૂબ હેવા. ૩

૪

(શાર્દૂલ.) તું છે બ્રહ્મકુમારઃ વામન સમુ વૈરાટનું રૂપ તું,
તું કન્યાં ! મધુરી ધુરા જીવનનીઃ આશા અનેરી જ તુંઃ
વિદ્યા મોહનમાળ કંઠ ધરીને સંસારના સાગરે-
મુગ્ધા ! જાવ તરૂણ આત્મ બળથી લક્ષ્મી વધાવ્વા અરે. ૪

૫

(વસંતતિલકા.) 'લક્ષ્મીતણા કમળના ભ્રમરો' સમાં છો,
લેજો પરાગ મીઠડું મધ સર્વ ત્યાં તો;
એ આપશે ઉરની ઓર અનંત તૃપ્તિ,
ને લાગશે જીવન આ કંઈ સ્વર્ગસૃષ્ટિ. ૫



૬

(શીખરિણી.) અહોહો ! આજે તો ઘુઘવી ઘુઘવી હર્ષ ઉછળે-
અમારા હૈયામાં મધુર સુરનાં ગીત ગજવે;
વિભુની લીલાનાં પ્રિય જીવ સમાં બાળકઃ તમે-
પળો પંથે ભેળાં શુભ જુગલ ! આ મંગલ સમે. ૬

૭

(શાર્દૂલ.) જ્યાં કલ્લોલ મચે મજા ઉડી રહે ચોપાસ આનન્દમાં,
લીલા લ્હેર ખીલી રહે અજબ જ્યાં કર્તવ્યની ધૂનમાં;
સેવા હેત ભરી કરે ઉમળકે સૌ એક બીજાં જહીં,
તે સંસાર મહીં સિધાવઃ નવલાં ! થાજો સુખીઃ દંપતી ! ૭

૮

(શાર્દૂલ.) સંસારે સુખના વિદાય કરતાં આનન્દને આ સમે,
દેવી જ્યોતિ સમાં તમે વરવધુ ! આવો વધાવું હવે;
ત્હારા મંગલસૂત્ર કંકણ તથા સૌભાગ્યનો ચન્દ્રમા,
કન્યારત્ન ! વસંત એ ત્રિપુટીનો છાજો તમોને સદા ! ૮

લલિત

---

## સ્વદેશદાઝ.

'Breathes there a man with soul so dead'

(ભાષાન્તર.)

(રોળાવૃત.)

છે શું કોઈ માનવી, જીવનો અચેત એવો,
જેને નથી જાગિયા કદી યે મનમાં ભાવો,
જેણે કદી એહવું અન્તરે કહ્યું નથી કે,
આ મ્હારી ખુદ, મ્હારી, મ્હારી આ મ્હારી ભૂમિ છે?
ભમી ભમી પરભોમ કિનારે પ્રવાસી જ્યારે,
નિજ પગલાં નિજ ભોમ ભણી તે વળતી વાળે,
જરા, કદી એ ઘેર જવાને અમુલખ અવસર,
છે શું કોઈ એહવો દાઝયું નવ જેનું અન્તર ?
જો એવો કો હોય, જાવ ને નિરખો ત્હેને,
કદી ય એવા કાજ બિરદ કવિનાં નહિ ગાજે.

હો મ્હોટા ઈલકાબ, નામ હો મહાન એનું,
પરિપૂરણ કામના, ભલે હો અઢળક નાણું;
એ ઈલકાબો છતાં, છતાં સત્તા ને પૈસો,
એ પામર નીચ જન્તુ, જગત બધું નિજમાં જોતો.
આ જીવન માંહિ તો સુકીર્તિ સઘળી ખોશે,
પડી મૃત્યુમુખ નામનિશાન સમેતો જાશે;
જે માટીનો હતો તે જ હીણી માટીમાં,
વણકીર્તિ, વણશોક, ગવાયા વિના ગીતોમાં.

**પ્રેમભક્તિ.**

## સુન્દરીસુબોધ.

( ગરબો, રાગ—મુલ્તાની; તાલ—હીંચનો. )

સર્વ શાસ્ત્રનું મથન આ, સુન્દરી હૃદયે રાખ;
પ્રેમ ધર્મ છે પતિપ્રભૂ, વેદ પુરે છે શાખ.
આવો પ્રિયતમ પ્રભૂજી પધરાવો, આવો ગોરી મંગલ ગાઓ;
હરિભજનની ધૂમ મચાવો, આવો ગોરી મંગલ ગાઓ.

પૂર્વ પુણ્યબળથી મળ્યા, સદેહ પતિ ભગવાન;
તો સખીં શાને પૂજવા? જીવહીણ પાષાણ.
રહી ભોગમાં જોગ જગાવો, આવો ગોરી મંગલ ગાઓ;
હરિભજનની ધૂમ મચાવો, આવો ગોરી મંગલ ગાઓ.

દ્વૈત છોડી, અદ્વૈત બની, લગ્ને કરી કુળ એક;
આત્માર્પણ પતિ ચરણમાં કરી થા પતિમય છેક.
ભૂલી આપપણું પર થાઓ, આવો ગોરી મંગલ ગાઓ;
હરિ ભજનની ધૂમ મચાવો, આવો ગોરી મંગલ ગાઓ.

આપ ગયું, પર ના રહ્યું; મુક્તિ લભ્ય ફળ જેહ;
પતિમય થઈ પતિરૂપ બની, દેહી છતાં વિદેહ.
એવી દેહી વિદેહી કહાવો, અલખ લખમાં થાઓ;
સતી નારીતણા ગુણ ગાઓ, સાહેલી લ્યો વિજય લ્હાવો.

**હરિહર પુરુષોત્તમ—માધવપુર.**



# રમણીમણિમાલા.

## પ્રાચીન આર્ય સ્ત્રી સરસ્વતી ને ગાર્ગી, અને અર્વાચીન સ્ત્રી જયા.

( સ્ત્રી લેખ. )

સોનું ગમે તેટલું હોય તથાપિ તેને વિશુદ્ધ કરી સુંદર આભૂષણોમાં લવાય છે, ત્યારે તેનું ખરૂં મૂલ્ય ગણાય છે. તેમજ મનુષ્યરૂપ રત્ન ગમે તેવું હોય તથાપિ તેના અંતરમાં રહેલા ગુણોને વિશુદ્ધ કરી આભરણોમાં લવાય છે ત્યારે તેની કિંમત એટલી વધે છે કે તે સૈકાના સૈકા ચાલ્યા જાય તોપણ લાખો લોકો મળીને તે આપી શકતા નથી.

જે સ્ત્રીરત્નોના ચરિત્રોનું આર્ય મહિલાઓ આજે હજારો વર્ષ થયાં પોતાના હૃદય-મંદિરમાં નિરંતર પ્રાતઃકાળે ધ્યાન ધરે છે, જેઓનાં પવિત્ર નામનો જાપ કરે છે, અને જેઓનાં સુંદર ચિત્રો મનની આંખ આગળ લાવી દર્શન કરે છે તે સ્ત્રીરત્નોમાંથી માત્ર અહીં ત્રણ સ્ત્રીયોનાં ચરિત્રો વિષે આપણે કંઇક વાત કરશું અને તેમાંથી આપણે શું શીખી શકીએ તેનો વિચાર કરશું.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે આર્ય ભૂમિને શોભાવનારી અનેક સ્ત્રીરત્નોના ચરિત્રોમાંથી આપણે અનુકરણ કરવા જેવું કંઈ નથી. ઘણું છે, તથાપિ એકજ દિવસમાં અને એકજ કલાકમાં આપણા વ્યવહારમાં બધા વિષે કહી શકાય નહિ. માટે હાલ તો આટલેથીજ સંતોષ માનશો.

સદ્દગુણો વિષે શાસ્ત્રોની અંદર ઘણું લખ્યું છે અને તે આપણા વાંચવામાં પણ આવે છે, વિદ્વાનોના ભાષણોમાં પણ આપણે સાંભળીએ છીએ, તથાપિ તે સદ્દગુણો જ્યાં સુધી કોઇના આચારમાં આવ્યા નથી ત્યાં સુધી આપણને તે સદ્દગુણનો માર્ગ દુર્લભ થઇ પડે છે. તથાપિ આપણા સ્ત્રીવર્ગમાંથી કોઈ પણ ધૈર્ય ધરી તેને આચારમાં મુકે છે કે આપણને તેને માર્ગે વળવું સહેલ થઈ પડે છે.

**જયા.**

કાશી નગરમાં નંદરાજ નામે એક યુવાન અને ધનવાન પુરૂષ રહેતો હતો. એમના સદ્દભાગ્યે એમને સ્ત્રી પણ પતિપરાયણ પ્રાપ્ત થઈ હતી. સ્ત્રીના સૌંદર્યને પણ શોભાવનાર સદ્દગુણની માળા, એ હમેશાં પોતાના તન મનમાં રાખતી હતી. અને તે પ્રસંગ આવ્યે તેના પતિને પણ તેનો પ્રભાવ જણાયો હતો.

પતિનો આજ્ઞા એજ પ્રભુની આજ્ઞા હતી, પતિને સુખ એજ તેનું સ્વર્ગ હતું, માટે વિશેષ અત્રે ન કહેતાં આપણે આગળ વાત ચલાવીએ.

આ જોડું સુખમાં મગ્ન હતું. દિવસો સુખને જોતાં જોતાં આગળ ચાલ્યા જતા હતા, તેની તેમને ખબર પણ પડતી નહિ. બાહ્ય સુખની છાયા વ્યાપારમાં ખોટ જવાથી બદલાઈ. વ્યાપાર રૂપી વહાણને ખોટ રૂપી ગાબડું પડવાથી સંસારસંપત્તિ ચાલી ગઈ, તે મુંગે મોહોડે નંદરાજે સહન કર્યું. ઘણોક કાળ સુધી પોતાના મનમાંજ આ કષ્ટ રહેવા દીધું. ખોટ આવી હતી, અને સંપત્તિ જવાની હતી છતાં ઘણો વખત સુધી પોતાની વહાલી સ્ત્રીને તે કહી

શક્યો નહિ. નહિ કહેવાનું કારણ આ સુપતિ નંદને એજ હતું કે આ કષ્ટ એ કોમળ સ્ત્રી કેમ સહન કરી શકશે ? આવાં સુખમાં હમેશાં રહેલી, તેનાથી ગરીબાઈના દુઃખો કેમ ખમાશે ? આમ હોવાથી તેણે પોતાનું દુઃખ પોતાની સ્ત્રીને જણાવ્યું નહિ; પરંતુ જેમનું તન મન અને અંતઃકરણ પતિપરાયણ છે, એવી સુસ્ત્રીથી તે શું છાનું રહી શકે ? કહ્યું છે કે મુખ એ મનની આરસી અને હૃદયની અનુક્રમણિકા છે. બળથી છૂપાવેલાં દુઃખને પણ આ પતિવ્રતા સ્ત્રી પતિમુખ જોતાં કળી ગઇ. અનેક પ્રકારે શાંતિ આપવા તેણે પ્રયત્ન કર્યા, પરંતુ તે નિષ્ફળ નિવડયા, એટલુંજ નહિં પણ પતિના દિલમાં તેના ઉપર દયા વિશેષ જોશથી વધી; અને જ્યારે સઘળું એ જાણશે ત્યારે તે કેટલી દુઃખી થશે એ વિચાર વિશેષ દુઃખ આપવા લાગ્યો. પતિને દુઃખ છે એમ જણાયું, પરંતુ તે કયું એ ન જણાવાથી ઉપાય પણ ઉલટા કામ કરવા લાગ્યા.

એક વખતે નંદરાજે પોતાના મિત્રની સૂચનાથી પોતાની સ્ત્રીને આ વાત જણાવવા ઇચ્છા ન હોવા છતાં હીંમત ધરી.

વાત ન જણાવવી આમાં નંદરાજની ભુલ છે. સ્ત્રી હમેશાં પતિના સુખદુઃખની ભાગિયેણ નથી, પરંતુ પૂર્ણપણે તેને સુખે સુખી ને દુઃખે દુઃખી છે. ઇશ્વરી ઘટના સ્ત્રીપુરૂષના સંબંધમાં બારીક નજરે જોતાં એવી છે કે સુખદુઃખ એ એક કોઇ અચિંત્ય વસ્તુના બે છેડા છે. જ્યારે એક વ્યક્તિમાં–એટલે સ્ત્રી કે પુરૂષમાં દુઃખ દેખાય છે ત્યારે બીજી વ્યક્તિમાં દુઃખ સહન કરવાનું બળ હોય છે એટલુંજ નહિ પણ કોઇ જુદીજ જાતના સુખનો આવેગ દેખાઇ આવે છે. આમ હોવાથી નંદે જ્યારે પોતાનું દુઃખ જાહેર કર્યું ત્યારે તેની સ્ત્રીએ હસી, હિંમતથી એવો જવાબ આપ્યો કે અહં એમાં તે શું ? આપ પોતે મને સ્વર્ગરૂપ છો. અને સ્વર્ગમાં જેમ દુઃખનો છાંટો નથી, તેમ આપ જ્યાં રહો ત્યાં દુઃખનો છાંટો નથી એટલુંજ નહિ પણ સુખ સુખ જ મને તો છે. આ વાત જયાએ કેવી રીતે પાર પાડી તે આપણે નીચે લખેલી હકીકતથી જાણીશું.

પ્રથમ તો તેણે મીઠા શબ્દોથી પતિને ધીરજ આપી ઓછું ન આવે તેની સંભાળ રાખી. બંગલા, વાડી, ઘર, ગાડીઘોડા, દાગીના તથા કિમતી કપડાં વગેરે તમામ વસ્તુઓ વેચી નાખવા આગ્રહ કર્યો, અને તે સઘળું ભેગું થતાં પતિને દેખાડી આપ્યું કે આમાંથી, આપણું કરજ સઘળું ફીટી જતાં પણ કંઇક નાણું બચશે, અને તેમાંથી આપણે નવું ઘર અને નવી વસ્તુ વસાવીશું. આ પ્રમાણે બોલતાં ને કરતાં તેણે પોતાનું મન, તન અને મુખ એવું દેખાડયું કે પતિને, તેને માટે જે ભય લાગતું હતું, તે ઉડી ગયું એટલુંજ નહિ પણ જયાએ દાખવેલી હિંમતવડે તેનામાં હિંમત જાગૃત થઇ.

પોતાના નગરની પાસેના એક નાના પણ સુંદર ગામડામાં, એક નાનું સરખું ઘર લીધું, તેમાં જરૂરીઆત સરસામાન ગોઠવ્યો અને ઘરની આસપાસ નાની સરખી પોતાને હાથે વાડી બનાવી. પતિ જ્યારે ઘેર આવે ત્યારે સાદુ પણ ઉત્તમ રીતીએ પકાવેલું ભોજન આનંદે જમાડી જમતી. જમી રહ્યા પછી ઉત્તમ કાવ્યોમાંથી, થોડું ગાઇ પતિનું મન રંજન કરતી. કોઇ વખતે ઉત્તરરામચરિતના કાવ્યો નંદ પણ વાંચતા હતા. આમ નિર્દોષ વિનોદમાં પતિ-પત્નીના દિવસો, મહિના અને વર્ષો ચાલવા લાગ્યા.



આવામાં નંદના મિત્રનું મળવું થયું. તેણે પૂછ્યું ભાઇ હવે કેમ છે ? નંદે જરા હસી ઉત્તર આપ્યો કે "અરે મારા જેવા કોઈ સુખીઓ નહિ હોય. આ દુનિયામાં મારાપર ગમે એટલા સંકટો કદાચ તુટી પડે તથાપિ હું દુઃખી છું એવું હવે મને સંસારમાં તો નહિ લાગે, પરંતુ સ્વપ્નામાં પણ લાગે એવું નથી. મારા જેવા ઘરના સુખી માણસો જો હોય, એટલે કે જયા જેવી સુપત્ની જગતમાં હોય, તો સંસાર જે દુઃખમય ગણાય છે અને લોકો સંસારથી કંટાળી—છોડી સ્વર્ગે જવા મથે છે, તે ન કરતાં સંસારમાંજ સંતોષ અને શાંતિથી રહી સ્વર્ગને સંસારમાં લાવી મૂકે." ખરે આવાં પ્રેમાળ કુટુંબને અહીંજ સ્વર્ગ છે અને એવા સ્વર્ગના સુખો મન તનને નિયમમાં રાખી જે સ્ત્રીપુરૂષો ભોગવે છે તેના પર ઇશ્વર પણ નિરંતર પ્રસન્ન રહે છે. આવાં અનુકુળ દંપતિયો જગતમાં કોઇ કોઇ ઝળકી રહે છે એ જોઇ મને તો વિચાર આવે છે કે શું પરમાત્મા પોતેજ, પોતાના પ્રતિનિધિઓ તરીકે અવતાર નહિ લેતા હોય ! રામસીતા રૂપે—હરિશ્ચંદ્રતારા રૂપે—નળદમયંતી રૂપે—રતુધ્વજમદાલસા રૂપે—મજનુનલયલારૂપે—રોમિયોજ્યુલીયટ રૂપે—સત્યવાનસાવિત્રી રૂપે, ચાંપરાજસોના રૂપે, પોતેજ દર્શન આપવા આપણાં સંસારી સ્ત્રીપુરૂષોને દૃષ્ટાંત રૂપે દેખાતા જણાય છે. વળી મને તો વિચાર કરતાં એમ લાગે છે કે જગતમાં સઘળાં સ્ત્રીપુરૂષો પ્રભુનાજ અવતાર રૂપે છે, તે પોતેજ નાના રૂપે-સ્ત્રીપુરૂષ રૂપે આખા જગતમાં દર્શન આપે છે. પરંતુ ઉપર લખેલાં સતી જનોનાં દૃષ્ટાંતો લઇ જે બ્હેનો ક્રિયામાં મૂકે છે તેમને એવો અનુભવ થાય છે કે અમે કંઇ કરતા નથી, પરંતુ પરમાત્મા પોતેજ અમારામાં રહી, આ સંસારને પણ સ્વર્ગમય બનાવી દે છે.

જયાના ચરિત્ર ઉપરથી આ સંસારમાં જોઇએ તો પૈસો હોય યા ન હોય, ઘર બંગલા હોય યા ન હોય, રાચરચિલાં હોય યા ન હોય, તથાપિ જો જયા જેવી સ્ત્રી હોય તો તે પોતેજ નહિ, પણ સ્ત્રીપુરૂષ બંને સુખી સુખી ને સુખીજ છે.

જો નંદને ઉપર જણાવ્યા પ્રથાણે બાગબંગલા વિગેરેમાંજ સુખ હોય તો તે બધું ચાલી ગયા પછી નંદની જીંદગી દુઃખમાંજ જવી જોઇએ, પરંતુ તેમ ન હતું—

કહ્યું છે કે—

ઘર તે ઘર નથી, પણ પુરૂષને સ્ત્રી એજ ઘર, બાગ, બગીચા છે એટલુંજ નહિ પરંતુ સ્ત્રી અલંકાર—શોભા છે. પુરૂષ એ આત્મા છે, અને એ આત્માની શોભા તે સ્ત્રી છે. માટે આવી સંસારકલ્યાણ પત્ની થવાને જયાના ચરિત્રપરથી પાઠ લેવો જોઇએ છે. અને આવી સ્ત્રી સંસાર-અસાર પત્ની નથી પણ કલ્યાણપત્ની, પતિને ઉપાધિ રૂપ નહિ પરંતુ સંસારમાં મુક્તિ રૂપ છે.

બીજું—સરસ્વતીના ચરિત્ર ઉપરથી આપણે શું શીખવું જોઇએ ?

**સરસ્વતી.**

સરસ્વતી ખરેખર સરસ્વતીજ હતાં. મંડનમિશ્ર જેવા સમર્થ વિદ્વાન આચાર્યનાં તે ધર્મપત્ની હતાં. જેમ મંડનમિશ્ર ભારતવર્ષના વિદ્વાન મંડળમાં વિજયી હતા, તેમ તેમની ધર્મપત્નીવડે પણ તેઓ વિખ્યાતિ પામ્યા હતા. સરસ્વતી એ જાણે આપોઆપ બ્રહ્માની પુત્રી સરસ્વતીજ ન હોય તેવાં સકળવિદ્યાસંપન્ન હતાં.

મંડનમિશ્ર એ હાલના કહેવાતા આચાર્યની પેઠે પોતાની ધર્મપત્નીની વિદ્યાની ઇર્ષ્યા કરનારા ન હતા, પણ પોતાની સ્ત્રીની વિદ્યાને અને તેના સદ્‌ગુણને ચાહતા અને ઉત્તેજન આપતા. સરસ્વતી, પોતાના પતિને પરમાત્મરૂપ ગણી પતિપરાયણજ હતી. એક વખત શ્રીમત શંકરાચાર્ય જેવા મહા સમર્થ બ્રહ્મજ્ઞાની સાથે વાદમાં મંડનમિશ્ર પરાજય પામ્યા, તે વખતે સરસ્વતીએ કહ્યું કે સબર કરો, વિવાહિતા પુરૂષજ પુરૂષ રૂપ ગણાય છે, અને તેઓ મારી સાથે વિવાહિત થઇ ધર્મથી એકરૂપ હોવાથી જ્યાં સુધી તમે મને વાદવિવાદમાં જીતો નહિ ત્યાં સુધી મંડનમિશ્ર હાર્યા ગણાય નહિ. સ્ત્રીજાતે શાસ્ત્રાર્થ જેવા કઠિણ વિષયમાં મહાત્મન શંકરાચાર્યની સાથે વાદવિવાદમાં ઉતરવું એ કાંઇ ઓછી વાત છે!

જયા જેમ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહી, પતિને દુઃખની વેળાએ સુખી કરી પોતે સુખી થઇ, તેમ આ સરસ્વતી પતિના વિજયમાં વિજયી અને પરાજયમાં દુઃખી એમ નહિ પણ પોતાના પતિને વિજયની સાંકળ સાથે જોડી રાખવા, શંકરાચાર્ય જેવા સાથે વિવાદમાં—શાસ્ત્રાર્થમાં ઉતર્યા! એ કંઇ થોડી વાત? ધન્ય છે એવાં વિદ્યા પત્નિને કે જે પતિ પરાયણ હોઇ પતિ સાથે એકરૂપતા પામે! મારાં વિદુષી બ્હેનો પણ પોતાના વિદ્વાન પતિ સાથે સરસ્વતિની પેઠે વિદ્યામાં પણ એકરૂપતા રાખતાં હોય તો તેઓ કેવાં સુખી હોય! પતિ સાથે કેવાં કલ્યાણ સાધી શકે! કેવાં આનંદે રહે! વિદ્યાનંદ જેવો અપૂર્વ આનંદ બીજો ક્યાં છે? વિદ્યારૂપી વિજળીના પ્રકાશમાં, ચંદ્ર જેવો પ્રકાશ સર્વત્ર દૃશ્યમાન થઇ આનંદ રૂપતા આપે છે અને તે આ સંસારને એક ઇંદ્રની પુરી જેવો લાગે છે.

હવે આપણે ગાર્ગીમાતાના બોધક ચરિત્રપરથી શું શીખીએ?

**ગાર્ગી.**

ઉપર આપણે બે ચરિત્રો જોયાં તેમાંનું પહેલું ચરિત્ર જયાનું જોયું. આ ચરિત્ર ગૃહસંસારને કલ્યાણકારી છે. બીજું સરસ્વતીનું એ સદ્‌વિદ્યામાં રહેલું જે સુખ આનંદ તેને આપનાર છે. પરતુ આ લોક પરલોકમાં ઉભયનું કલ્યાણ સાધનાર એવું કાંઈ પણ જો ચરિત્ર હોય તો તે માતા ગાર્ગીનું છે.

વળી જયાના બોધક ચરિત્રમાં આપણે જોયું કે સંસારમાં પૈસા સંબંધી ગમે તેવા દુઃખના ડુંગરોમાં માણસ છુંદાઈ મરતું હોય તથાપિ જેને જયાના જેવી પતિપરાયણ એટલે પોતાના સ્વાર્થને બાજુ મૂકી પતિનું હિત તેજ પોતાનું હિત સમજનાર સ્ત્રી હોય તે પુરૂષ એવા દુઃખના ડુંગરોને પણ પોતાની પત્નીના ધૈર્યથી જાગૃત થયેલી હિમતરૂપી વજ્રવડે ચુરેચુરા કરી નાખી સુખને પ્રાપ્ત કરી શકે છે, અને તે પણ એટલે સુધી કે ગૃહસંસારને સ્વર્ગના સરખું તે સમજે. આ ગુણ આપણે જયામાં પૂર્ણપણે જોયો અને તેનાથી થતા લાભ પણ જોયા.

તેમજ વિદુષી સરસ્વતીના ચરિત્ર ઉપરથી આપણે સમજી શકશું કે જે વિદ્વાન પતિને સરસ્વતી જેવી પંડિતા સ્ત્રી પ્રાપ્ત થઈ હોય, તેને શાસ્ત્ર સંબંધી કે તેના વાદવિવાદ સંબંધી ગમે તેવાં સંકટો કદાચ આવી પડ્યાં હોય તો પણ એવી પંડિતા પત્નીની સહાયથી સંકટો દૂર કરી શકે છે એટલું જ નહિ પરંતુ તે તેવાંઓને વૈકુંઠનું ધામ હોય તેવું લાગે છે.

નિર્ધનતાનું દુઃખ પૂર્ણ જ્ઞાનીના સમાગમમાં આવતાં, પોતાને જણાઈ આવતાં, પોતાના અપૂર્ણ જ્ઞાનનું દુઃખ, એ ઉપરાંત ત્રીજું દુઃખ તે મનુષ્ય માત્રને મરણ સંબંધી છે. સર્વ દુઃખોમાં મરણદુઃખ એ મોટામાં મોટું ગણાય છે. એવાં કઠણ દુઃખને પણ મટાડવાનો શો ઉપાય છે, તેની શોધમાં માતા ગાર્ગી લાગે છે અને ઘણા પ્રયત્ન પછી તેમને જણાયલું છે



છે કે શરીરના મરણને ભૂલથી પોતાનું મરણ સમજાઈ જવાય છે–શરીરના ફેરફારને પોતાનો ફેરફાર સમજાઈ જવાય છે. કપડાંનો ફેરફાર થતાં કંઈ શરીરનો ફેરફાર થતો નથી, તેમ શરીર બદલાતાં પોતામાં ફેરફાર થતો નથી. આમ મરણને શરીરનો ફેરફાર સમજ્યા પછી પોતે કોણ તેનું સ્વરૂપ સમજાવા લાગે છે.

આત્મજ્ઞાન થતાં જ ચિત્તસરોવરમાં પોતાનું પ્રતિબિંબ એવું પડે છે કે હું બ્રહ્મરૂપ છું, હું અમર છું, હું જ્ઞાનરૂપ છું, ઇત્યાદિ અનંત અને અપાર શક્તિઓ એ પોતે જ છે એમ સ્પષ્ટ થાય છે, પ્રત્યક્ષ થાય છે, સાક્ષાત્કાર થાય છે.

સાડાત્રણ હાથના શરીરને જે ગાર્ગીમાતા આપણી પેઠે હું ગણતાં હતાં તે હવે આત્માને હું ગણવા લાગ્યાં, અને તેમ થતાં જ આ શરીરમાં પણ એટલું બળ દેખાયું કે આખા વિરાટ સ્વરૂપનો જય કરી શકે. (પરંતુ આ વાત એટલી ગંભીર પણ રમણિય તેમને જણાઈ છે કે જેનું વર્ણન આવાં બીજા બે એક ભાષણોમાં પણ પૂર્ણ ન થાય, માટે તે સંબંધી કોઈ બીજી વખતે વાત કરશું.)

બ્રહ્મજ્ઞાન સંપાદન કરવાને આત્મજ્ઞાન એ દ્વાર છે. બ્રહ્મદર્શન કરવાને આત્મા એ ચક્ષુ છે. બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાને આત્મસાક્ષાત્કાર થવો એ દર્પણ છે. કારણ કે બ્રહ્મજ્ઞાન બ્રહ્મદર્શન કે બ્રહ્મસાક્ષાત્કાર એ નિર્મળ આત્મામાં જ થાય છે. ગમે તેટલું શાસ્ત્ર સંબંધી જ્ઞાન હોય, ગમે તેટલી સંસાર સંબંધી કે કળા સંબંધી વિદ્યાઓ પ્રાપ્ત કરી હોય, ગમે તેવાં ચક્રવાર્ત્તના રાજ્યોનાં સુખો આપણા હસ્તમાં જ ફરતાં હોય, તથાપિ ગાર્ગીમાતા એમ સમજવા લાગ્યાં કે જ્યાં સુધી હું કોણ તેની મને ખબર ન હોય ત્યાં સુધી આ સુખો પણ દુઃખ રૂપ થઈ પડે છે. અને જે હું કોણ એવું યથાર્થ જ્ઞાન થયું હોય તે આત્મજ્ઞાન વડે સુખ તે પરમ સુખરૂપ થાય છે, અને દુ;ખ તે પણ સુખરૂપે બની જાય છે. હું કોણ એવા આત્મજ્ઞાન વડે જનક વિદેહીની પેઠે આ જગતના રાજ્યો સાથે બ્રહ્મરાજ્ય પ્રાપ્ત થવાથી સર્વત્ર આનન્દ આનન્દ ને આનન્દ જ વ્યાપી રહે છે.

વળી ગાર્ગીના બોધક ચરિત્રપરથી માલમ પડે છે કે યાજ્ઞવલ્ક્યસંહિતા જેમાં યોગશાસ્ત્રનું બહુ જ સરળ રીતે જ્ઞાન આપ્યું છે, તે આખી સંહિતા યાજ્ઞવલ્કયે ને ગાર્ગીમાતાએ કરેલા પ્રશ્નો અને તેના ઉત્તર રૂપે છે.

એક વેળાએ જનક વિદેહીએ દેશોદેશથી અધ્યાત્મ જ્ઞાનીઓને પોતાના રાજ્યમંદિરમાં બોલાવ્યા, તેમાં ગાર્ગીમાતાને પણ આમંત્રણ કરવામાં આવ્યું હતું.

સકળ જ્ઞાનના રાશિરૂપ વેદમાં પણ ગાર્ગીમાતા બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપતાં જણાય છે. ગાર્ગીમાતાને બ્રહ્મજ્ઞાન થયા પછી, જે જે પ્રભુપ્રેરણાથી આત્માનુભવ થયા છે તેનું મનોવેધક વર્ણન વેદમાં મોજુદ છે. આજકાલ કેટલાએક બ્રહ્મદેવો સ્ત્રીને વેદનો અધિકાર નથી એમ કહે છે, તથાપિ આપણે એટલું તો હાલ પણ સમજીએ છીએ કે પરમ કૃપાળુ ઇશ્વરને પોતાના પુત્ર પુત્રીઓ પર સમાન પ્રેમ છે. ગાર્ગી જેવી સ્ત્રીને બ્રહ્મજ્ઞાનનો અધિકાર આપી, વેદમાં પણ ઇશ્વર પોતે જ તેમનું નામ ઋષિઓની સાથે ગણાવે છે. વેદ એ ઇશ્વર પ્રેરીત છે, એમ આપણ સર્વ આર્ય પ્રજા માનીએ છીએ અને એ ઇશ્વરપ્રેરણા જેમ ઋષિઓના અંતઃકરણમાં થઈ તેમ ગાર્ગીમાતાના પવિત્ર અંતઃકરણમાં પણ જ્યારે થઈ ત્યારે સ્ત્રીઓને

વેદાધિકાર નથી એમ કહેવું એ કેવું લાગે છે! મને તો એમ લાગે છે કે ઇશ્વર પુરૂષ હો કે સ્ત્રી હો તેમાં ભેદ ગણતો નથી, તેમ જ ભૂતકાળ અને વર્ત્તમાન કાળમાં પણ ભેદ ગણાતો નથી. અને જેમ ગાર્ગીમાતાને બ્રહ્મજ્ઞાન થયું અને વેદરૂપ પ્રાસાદમાં વિરાજ્યાં, તેમ આપણે પણ હું કોણ એ જાણવાની જિજ્ઞાસા રાખીએ અને અંતઃકરણ પવિત્ર રાખીએ તો આપણે પણ તેમની પેઠે હાલ પણ અધિકારી થઈ શકીએ એમ મને તો સ્પષ્ટ દેખાય છે.

ગાર્ગીમાતાએ જણાવ્યું છે કે ગમે તો ચાર વેદનું, છ શાસ્ત્રરૂપ અંગનું, વ્યાકરણ, કોશ વગેરે ઉપાંગનું, જ્ઞાન હોય, ગમે તો કાવ્યનું, અલંકારનું કે તર્કનું રહસ્ય સમજાતું હોય, તથાપિ તે બધાં જ્ઞાન એકડા વગરનાં મિંડાં છે. પરંતુ આ સંસારમાં જન્મી હું કોણ એવું આત્મજ્ઞાન યથાર્થ પ્રાપ્ત કર્યું હોય તો તે બધાં આત્મજ્ઞાનરૂપી એકડાપર ચડેલાં મીંડાં છે.

**ઉપસંહાર.**

જયાનું ચરિત્ર સંસારને સ્વર્ગરૂપ દેખાડે છે, એમ આપણે જોયું. ગમે તેવી સ્થિતિ હોય તો પણ સ્ત્રી સંસારને સ્વર્ગરૂપ બનાવી શકે છે. જયા જેવી સ્ત્રી હોય અને નંદ જેવા પતિ હોય તો ખરેખર સંસાર એ સ્વર્ગજ છે.

સરસ્વતીનું ચરિત્ર વિદ્વાન્ અને વિદુષી પતિપત્નીના આરિસા રૂપ છે, અને એ આરિસામાં જોતાં જો ઘરમાં ઉભય વિદ્યાપરાયણ હોય તો સ્વર્ગથી પણ વિશેષ એવો વૈકુંઠ ધામ જેવો સંસાર થઈ રહે છે. પરંતુ ગાર્ગીમાતા જેવી આત્મવેત્તા કે બ્રહ્મવેત્તા સ્ત્રી હોય તો સંસાર એ એવા મહા આનન્દનું સ્થાન જણાય છે કે જાણે આ તે સંસાર કે મોક્ષ નગરનું રાજ્ય.

બાઇઓ અને બ્હેનો, ભૂતકાળના મહાન્ આકાશમાં તારાની પેઠે ઝગઝગતાં એવાં બેહન જયા, ચંદ્રની પેઠે દીપતાં વડીલ બેહેન સરસ્વતી અને સૂર્યની પેઠે પ્રકાશતાં માતા ગાર્ગીનાં આપણે દર્શન જ કર્યા કરશું કે તેમના ચરિત્રદર્શનથી પાવન થઈ, જાગૃત થઈ હોશ રાખી ઉત્સાહ વધારી, તેમનાં બહેન તરીકે–નાની બહેન તરીકે અને પુત્રી તરીકે થઇ તેમના પગલે ચાલી તેઓના આનંદમાં વધારો કરીશું?

પરમકૃપાળુ પરમેશ્વરે સર્વને સમાન આત્મા, સમાન બળ, સમાન બુદ્ધિ ને સમાન પ્રકાશ આપ્યાં છે, અને તે આવાં સુચરિત્રો રૂપી દર્પણ આપણી પાસે ધરી આપણામાં તેવા જ ગુણો જે ગુપ્ત અને સુપ્ત રહ્યા છે તેને પ્રગટ અને જાગૃત કરે છે. છતાં પણ, દર્પણમાં જોયાં છતાં પણ, આપણો મનનો મેલ આપણે ન ટાળીએ તો તેમાં દર્પણનો વાંક નથી, પણ આપણો પોતાનો જ છે. માટે જયા જેવું ધૈર્ય રાખી, સરસ્વતી જેવી બુદ્ધિ રાખી, અને ગાર્ગી જેવું આત્મજ્ઞાન ધરી તન, મન અને અંતઃકરણને તેમની પેઠે પવિત્ર કરીએ તો આપણે પણ તેઓના જેવા હાલ પણ થઇ શકીએ એવું મને તો લાગે છે. આ આર્યભૂમિમાં જન્મ્યાનું સાફલ્ય તો ત્યારે જ જણાય કે માત્ર પૂર્વે થઈ ગયેલાંના વખાણ નહિં પરંતુ તેમના ઉપકાર પૂર્વક આપણે પણ તેઓના જેવા થવું એ છે, અને પરમકૃપાળુ ઇશ્વરના ચરણમાં પણ એ પ્રાર્થના છે કે આ કાળે એવાં સ્ત્રીરત્નો જગતમાં વિશેષ હો.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

**મણીબાઇ.**

જે. પી. ક. મુંબઈ.

———:o:———



# વિવિધ વિહાર.

## સ્ત્રીકેળવણીની ઉન્નતિ.

### સુરત મહિલાપરિષદ્ માટે લખેલો નિબંધ.

**( સ્ત્રી લેખ. )**

સૃષ્ટિરચનામાં સ્ત્રીજાતી અને પુરૂષજાતી એવા બે વિભાગ સામાન્ય છે. વૃક્ષ પશુ-પક્ષી અને મનુષ્યજાતી સર્વમાં નર અને નારી એવા વિભાગ છે. બન્ને જાતીના સમ્મીલનથી જ સૃષ્ટિક્રમ ચાલે છે. જો એમાંથી એક વ્યક્તિ પોતાના કર્ત્તવ્યમાં પછાત હોય તો સૃષ્ટિયંત્ર બરોબર ચાલી શકે નહિં. તે માટે દરેક વ્યક્તિને જે જે કર્ત્તવ્ય કરવાનાં છે તે યથાર્થ કરવાં આવશ્યક છે.

પ્રકૃતિની રચના જ એવા પ્રકારની છે કે મનુષ્ય જો અનુભવ અને કેળવણી વિનાનો હોય તો અવળે માર્ગે દોરાઈ જાય. આ સંસારયાત્રામાં કેળવણી એ જ મનુષ્યનો દીપ છે. સુકાન વિનાનું વહાણ જેમ ગમે તે રસ્તે ચઢી જાય છે તે પ્રમાણે કેળવણી વગરના મનુષ્ય ગમે તેમ આડે રસ્તે ચઢી જાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે કેળવણી તો આવશ્યક છે.

પુરૂષને તો ગમે તેવીએ કેળવણી કેટલાંક વર્ષ થયાં આપણા દેશમાં મળે છે. પરંતુ સ્ત્રીઓ, જેમને કેળવણીની ઘણી વધારે આવશ્યકતા છે, તેમને તો જરા પણ મળતી નથી. દીલગીરીની વાત તો એ છે કે અસલના વખતમાં જ્યારે આપણો ભરતખંડ શ્રેષ્ઠ પદવી ધરાવતો હતો; સુજ્ઞ અને સાધ્વી સ્ત્રીઓ દેશને અલંકૃત કરતી હતી ત્યારે આજ એજ દેશ સ્ત્રીકેળવણીની બાબતમાં છેક પછાત છે. પ્રાચીન કાળમાં સ્ત્રીઓ વિદ્યાકળામાં પુરૂષની હરીફાઇ કરતી. ઇતિહાસ તેમ જ પ્રાચીન પુરાણો ઉપરથી માલમ પડે છે કે આપણા દેશમાં સ્ત્રી કવિઓ હતી તેમ જ સ્ત્રીઓ કળાકૌશલ્યમાં પણ આગળ વધતી હતી. અને વળી કેટલીક તો અનેક દેશ ઉપર સ્વસત્તાથી રાજ્ય ચલાવતી, અને રણક્ષેત્રમાં જય મેળવતી. જે દેશમાં અસલ ઘણી કેળવાએલી સ્ત્રીઓ હતી ત્યાં આજે સ્ત્રીકેળવણીનો વિનાશ માલુમ પડે છે. અને યુરોપમાં જ્યાં અસલના વખતમાં પુરૂષ તેમ જ સ્ત્રીઓને મુદ્દલ કેળવણી આપવામાં આવતી નહોતી, તે દેશ આજ કેળવણી તથા સુધારામાં પ્રથમ પંક્તિ ધરાવે છે. હવે સુશિક્ષિત સ્ત્રીઓનું કામ જ એ છે કે આપણા દેશને અસલના વખતની માફક શ્રેષ્ઠ પદે ચઢાવવો અને તેટલા માટે સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવો. સ્ત્રીના આચરણ અને વૃત્તિ ઉપર તો સર્વ મનુષ્યના આચરણ અને વૃત્તિનો આધાર રહેલો છે. બાળકના શિક્ષણનાં જે પહેલાં દશ વર્ષ તે અમુલ્ય વખતે તો સર્વ શિક્ષણ માતા પાસેથી જ મળે છે. મનુષ્યના સ્વભાવના બંધારણનો આધાર તે જ વખતની કેળવણી ઉપર છે. જો સ્ત્રીઓના આચરણ અને વૃત્તિ નિર્મળ નહિં હોય તો પુરૂષનાં આચરણ નીતિમય થવાનાં નથી. કોઇ પણ પ્રજાની નીતિનો આધાર તેની સ્ત્રીજાતીની સ્થિતિ ઉપર છે.

આ ઉપરથી સર્વ કોઈ કબુલ કરશે કે પુરૂષ કરતાં પણ સ્ત્રીઓને કેળવવાની વધારે અગત્ય છે. સર્વ કોઈ આ મત મોંએથી તો કબુલ કરે છે. પરંતુ દીલગીરીની વાત તો એ

છે કે જો કે પુરૂષો આ વાત કબુલ કરે છે, અશિક્ષિત સ્ત્રીઓથી પોતાનો ગૃહસંસાર દુખી થએલો જુવે છે, છતાં પોતાના ઘરમાં જ કેળવણીનો પ્રચાર કરતા નથી.

થોડું ઘણું ગુજરાતી કે વખતે બે ત્રણ ચોપડીઓ ઇંગ્રેજી વાંચતાં કે કદાપિ ઇંગ્રેજીમાં સહેજસાજ વાતચિત કરતાં આવડી તેને લોકો આજકાલ કેળવણી કહેવા લાગ્યાં છે; પરંતુ આટલા અલ્પ જ્ઞાનથી તો ઉલટાં માઠાં પરિણામ થતાં જોવામાં આવે છે. ઉછરતી વયની છોકરીઓને આટલું અલ્પ જ્ઞાન આપીને નિશાળેથી ઉઠાડી લેવાય છે. બાળા જાણે છે કે હું કાંઇ ભણી તેથી નાહક ગર્વે ભરાય છે. તેનામાં કાંઇ જ ગંભીરતા હોતી નથી. નથી એને ગૃહકાર્યમાં કાંઈ કુશળતા કે નથી એને અન્ય વિષયમાં પ્રવિણુતા. એના કરતાં વ્યવહારના અનુભવ વાળી વગર કેળવાએલી સ્ત્રીની સ્થિતિ બેહેતર છે. આટલા ઉપરથી મારૂં કહેવું એમ નથી કે કેળવણી ના આપવી. પરંતુ કેળવણી સંગીન આપવી. સામાન્ય નિશાળોની કેળવણીની સાથે નીતિની કેળવણી આપવી. નીતિની કેળવણીનો પાયો જો મજબુત હશે તો સર્વ પરિણામ સારાં થશે.

હવે આપણે જાણીએ છીએ કે પુરૂષો તો આજે ચાળીસ પચાસ વર્ષ થયાં સ્ત્રીકેળવણી માટે બોલ્યા કરે છે. પરંતુ તેનું કાંઈ સંતોષકારક પરિણામ આવેલું માલુમ પડતું નથી. માટે હવે ઉપાય માત્ર એક રહ્યો છે. આપણી ઉન્નતિ કરવાનો આપણે પોતે જ પ્રયત્ન કરવો. સ્ત્રીઓ જેવી રીતે એકએકનો સ્વભાવ સમજી શકે છે તેવો કોઈ સમજી શકતું નથી. માટે આપણે જ એક બીજાને પોતાની ભગિની સમાન ગણીને એકત્ર થઇને સ્ત્રીઉન્નતિ માટે એવી યોજના કરવી જોઇએ કે જેથી આપણી પોતાની, આપણા છોકરાંની, અને અંતે આપણા દેશની ઉન્નતિ થાય. સર્વ ઠેકાણે સર્વ ગૃહમાં માતા સુશિક્ષિત હશે તો કેટલો આનંદ અને પરમ સુખ દૃષ્ટિગોચર થશે! દેશમાંથી કુસંપ, અદેખાઇ અને બીજા અનેક દુષ્ટ વિકાર નાશ પામશે, અને સર્વત્ર નીતિ અને સદ્‌વર્તનનો પ્રસાર થશે.

હવે આવું સુપરિણામ લાવવાને માટે આપણે શા ઉપાય યોજવા જોઇએ તેનો વિચાર કરીએ. બાળકપણમાં શાળાઓમાં જે કેળવણી અપાય છે તેથી કાંઈ કેળવણી પરિપૂર્ણ મળી કહેવાય નહિં. છોકરી પંદરેક વર્ષની થઈ એટલે એની નિશાળની કેળવણી પૂરી થાય છે. પરંતુ ખરો વિચાર કરીશું તો માલુમ પડશે કે દુનીઆમાં સ્ત્રીને જે જવાબદારીનાં કર્ત્તવ્ય કરવાં પડે છે તે વિષયનો ખરો ખ્યાલ તો તે ઉમર પછી જ આવે છે. તો તે કર્ત્તવ્ય સંપૂર્ણ રીતે બજાવવાને તેને તે જ વખતે તે બાબતનું સંગીન જ્ઞાન મળવાની જરૂર છે. તેને માટે એવી યોજના કરવી આવશ્યક છે કે શહેરમાં ઠેકાણે ઠેકાણે દિવસના વખતની શાળાઓ રાખવી. તેમાં માત્ર બે એક કલાકનો અભ્યાસ ક્રમ રાખવો. સ્ત્રીઓને એ વખત તો નવરાશનો જ હોય છે. તો ગૃહકાર્યમાંથી પરવારીને તે વખતે સ્ત્રીઓએ એકઠાં થઇને એ શાળા ચલાવવી. તેમાં જ્ઞાન તથા ધર્મનાં સમજી શકાય તેવાં પુસ્તક વાંચવાં, વંચાવવાં, તેની ઉપર વિવેચન કરવું અને સારાસાર ગ્રહણ કરવો. એ વર્ગમાં એવા વિષય વંચાવવા જોઇએ કે જેથી સ્ત્રીઓને વ્યવહારિક જ્ઞાન મળે તેમ જ બુદ્ધિ ખીલે. આરોગ્યતા, સ્વચ્છતા, માંદાની માવજત, બાળકને ઉછેરવાની પદ્ધતિ, અર્થશાસ્ત્ર, એટલા વિષયો ઉપરાંત દેશવિદેશમાં લોકોની સ્થિતિ કેવી છે ઇત્યાદિ જાણવાને ન્યુઝપેપરો વાંચવાં. આટલા જ્ઞાનથી સ્ત્રીઓ પોતાને અને પોતાના પતિ તથા છોકરાંને સુખી કરશે. તે ઉપરાંત જનસમૂહને પણ ઉપયોગી થવાની અગત્ય છે.



ગૃહસ્થાશ્રમી સ્ત્રી પોતાના ઘરમાં રહીને પણ અનેક પરોપકારનાં કાર્ય કરી શકે. પોતાના આડોશીપાડોશીને સદ્‌બોધ દેવો, તેમને વિપત્તિ વખતે તન, મન અને બને તો ધનથી મદદ કરવી, શહેરમાં અનાથાશ્રમ હોય તેને મુલાકાતો આપીને તેને સુધારવા પ્રયત્ન કરવો, બાળકની શાળાઓ તપાસવી, અનાથને બને તો દ્રવ્યદાન કરવું એ વગેરે અનેક રીતે મદદ કરી શકે. તે ઉપરાંત દરેક સ્થળે પોતાની હાજરીથી પુરૂષ વર્ગમાં પણ નીતિ અને સદ્‌વર્તનનો પ્રસાર કરીને જનસમૂહને સુધારી શકે.

આ પ્રકારનાં જનહિતનાં કાર્ય ગૃહસ્થાશ્રમી સ્ત્રી કરે. વિધવા સ્ત્રીઓ હરેક રીતે દેશ-સેવા બજાવી શકે. સાધારણ કેળવણી લઇને પછી નર્સીંગ, સુવાવડનું કામ, સ્ત્રી–દાકટરનું કામ શીખીને દુઃખથી પીડાતા લોકોનાં દુઃખ ટાળીને તેમના અનેક આશીર્વાદ લઈ શકે અને પોતાના આત્માનું પણ હિત કરી શકે.

આ રીતે કેળવાએલી સ્ત્રી અનેક રીતે પોતાને પોતાના કુટુંબને તેમજ પોતાના દેશને ઉપયોગી થાય.

સૌ. શારદા.

———:o:———

# વાર્તાલહરી.

## જ્યાં સ્નેહ ત્યાંજ ઇશ્વર.

અમદાવાદમાં સ્ટેશન તરફ જતાં પાંચકુવા નજદીક એક બેઠા ઘાટના મકાનમાં મલજી નામનો દરજી રહેતો હતો; એના ઘરનો એક ભાગ રસ્તા ઉપર પડવાથી સંચો ચલાવતાં ચલાવતાં રસ્તા ઉપર પસાર થતા લોકો જોઇ શકતો અને વખતો વખત કોઇ સારા માણસને " ભાઇસાહેબ " " મહેરબાન " કહી સલામ કરતો. દુકાન ન્હાની હતી. એની શિવાઇ અને વખતસર આપવાની ટેવથી ખાડીયા, રાયપુરના પ્રતિષ્ટિત માણસો ઉપરાંત સાહેબ લોકો વિગેરે પણ એની પાસેજ કપડાં શિવડાવવા આવતા. શેઠ શાહુકારને બગીમાં જતા દેખી ગ્રાહકોને " આ શેઠે પહેરેલો કોટ,–ખમીસ મ્હેં શીવેલો " એમ કહેતો અને આનંદ માનતો. આ લત્તામાં ઘણા વર્ષથી રહેતો હોવાથી શહેરના ઘણા ભાગમાં તે જાણીતો થયો હતો. યૂવાવસ્થામાં સારી કમાણી અને ધંધાને લીધે ઇશ્વરનું નામ વિસરી ગયો હતો; પરન્તુ જેમ તેમ વૃદ્ધાવસ્થા આવતી ગઇ તેમ તેમ પડોશમાં ભજન સાંભળવાની ટેવથી–ઇશ્વર તરફ મન વળતું ગયું. એટલામાં દૈવવશાત્ ત્રણ વર્ષનો છોકરો મુકી ત્હેની સ્ત્રી દેવલોક પામી. જેમ તેમ કરતાં છોકરો મ્હોટો થયો અને વૃદ્ધાવસ્થામાં પિતાને મદદ કરવા લાગ્યો. એટલામાં રાત્રે એક ગ્રાહકને તૈયાર જોડા આપતાં હેઠળ પડેલા ગ્લાસલેટના દિવાને ધોતીયાનો છેડો લાગ્યો અને છોકરો દાઝયો. દાકતરોની ઘણીયે મદદ લીધી પણ સખ્ત દાઝવાથી આરામ ન થયો અને પિતાને વૃદ્ધાવસ્થામાં રઝળતો મૂકી ચાલ્યો ગયો.

મલજી શાન્ત સ્વભાવનો, પ્રમાણિક અને ઇશ્વરથી ડરીને ચાલનાર હતો, છતાં વૃદ્ધાવસ્થામાં પડેલા આ ઘાથી એનું હૃદય ખિન્ન થયુ, અને નિરાશાને પરિણામે ઇશ્વરને ઠપકો

આપવા લાગ્યો, મૃત્યુ માગવા લાગ્યો અને મૃત્યુને મોકલનાર પ્રભુને ગાળો દેવા માંડી. એ દિવસથી મલજીએ દેવદર્શને જવાનું બંધ કર્યું. એક દિવસ મલજીનો ઓળખીતો બ્રાહ્મણ લીંબડીથી મળવા આવ્યો અને એની સાથે વાતચિત કરતાં મલજીએ જણાવ્યું કે–

" કાકા–હું મૃત્યુ શિવાય બીજું માગતો નથી. મ્હને હવે કોઇ તરફની આશા નથી. "

" એવું ગાંડુ ગાંડુ બોલીશ નહિ, ઇશ્વરની શી ઇચ્છા હશે તે આપણી ક્ષુદ્ર બુદ્ધિથી સ્હમજી શકાય એમ નથી. ત્હારા છોકરાએ મરવું જોઇએ અને ત્હારે જીવવું એવી ઇશ્વરની મરજી હશે. ત્હારા છોકરાને માટે દિલગીર થવાને બદલે ત્હારા પોતાના સુખના અભાવને માટે તું વિશેષ દિલગીર હોય એમ લાગે છે. "

" મ્હારા પોતાના સુખ અર્થે ન જીવું તો કોને માટે જીવું? "

" ઇશ્વરે આપણને સજીવ કર્યા છે માટે ત્હેને માટેજ આપણે જીવવું–અને જ્યારે એમ સ્હમજીશ ત્યારેજ જીવનનાં દુઃખોની અસર નહિ થાય. "

" ઇશ્વરને માટે કેવી રીતે જીવવું? "

" એ માટે કથાશાસ્ત્ર શ્રવણ કર. શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને આપેલો બોધ યાદ લાવ અને તરતજ સ્હમજાશે. "

આ દિવસથી સ્વામિનારાયણના મંદિરમાં થતી કથા સ્નેહપૂર્વક સાંભળવા લાગ્યો. શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને મનઃશાન્તિ થવા માંડી. જે મલજી પ્રત્યેક રાત્રીયે નિશ્વાસ નાંખતો, ઇશ્વરને ઠપકો આપતો અને પથારીમાં આળોટયા કરતો, તેજ મલજી સ્હવારે સ્નાન કરી એકાગ્ર ચિત્તથી માળા લઇ પ્રભુનું ધ્યાન ધરતો અને " ઇશ્વર જે કરે છે તે સારા માટે " એમ માની શાન્ત ચિત્તે નિદ્રા લેતો થયો.

મલજીના જીવન વ્યવહારમાં પણ ફેરફાર થયા; પ્રથમ કામથી પરવારી દુકાનની સ્હામે આવેલી દારૂની દુકાનમાં જઇ નિશો કરી–બોલાબોલી કરી ધાંધળ મચાવી ઘેર આવતો તે હાલ નિર્મળ પાણી અને દુધ શિવાય કાંઇ પીતો નહિ અને કાર્યથી પરવારી હરિકથામાં જતો.

મલજી કથામાંથી ઘેર આવ્યો; વાળુ કરી ઓટલા ઉપર બેઠો બેઠો માળા ફેરવ્યા કરતો હતો અને કથાનું મનન કરતો હતો.

" ક્ષમા એ ઉત્તમ ભૂષણ છે, દયા રાખવી એ ઇશ્વરી પ્રીતિનું સાધન છે અને દાન એ મહત્ પૂણ્ય છે " એ એ દિવસની કથાનો સાર હતો. માલાની ધૂનમાં અને વિચારની શ્રેણીમાં મલજી અર્ધ નિદ્રિત સ્થિતિમાં પડયો. " મલજી, મલજી, હું કાલ ત્હારા ઘર પાસે આવીશ, જાગ્રત રહેજે. " આવા શબ્દના ભણકારા વાગ્યા. આંખ્યો ઉઘાડી જૂવે છે તો કાંઇ નહિ; પરન્તુ એ ભણકારા હજી વાગતાજ હતા.

બીજે દિવસે સ્હવારે ઉઠી નિત્યકર્મ કરી ચુલા ઉપર ગરમ પાણી મૂકી પોતાનું કામ કરવા લાગ્યો. કામ કરતાં કરતાં પણ મલજીનું મન પેલા શબ્દોમાંજ હતું અને સંચા ઉપર બેઠાં બેઠાં રોજના કરતાં દશ ગણી વધારે વખત રસ્તા ઉપર નજર નાંખતો હતો.

પોષ માસ ચાલતો હતો, કકડતી ઠંડી પડતી હતી, સ્હવારનો વખત હતો, વાઘરીઓ ટાઢમાં ધ્રુજતા સંડકો છાંટતા હતા. પાસે આવેલા દરવાજા પાસે પોલીસ અને મ્યુનીસીપા-



લીટીના સિપાઇઓ દેવતા સળગાવી આગળ પાછળ બેસી હોકા પીતા તડાકા મારતા હતા. મલજીએ પોતાનું કામ કરતાં બ્હાર જોયુ તોં એક વૃદ્ધ માણસ ત્યાં ફરતો હતો. આ જોઇ શ્રીકૃષ્ણ પરમાત્મા–વાર્તામાં સાંભળીયે છીએ તેમ–વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇ ગઇ રાત્રીનુ અર્ધ નિદ્રિત અવસ્થાનું સ્વપ્ન ખરૂં પાડવા આવ્યો એમ ધાર્યું. ધારીને જોયું તો પાણી છાંટનાર વૃદ્ધ વાઘરી હતો. " અરે દૈવ–મ્હારી આંખ્યો પણ જવા આવી " એમ નિશ્વાસ નાંખી જાગ્રત થઇ ફરીને ધંધે લાગ્યો.

મલજીએ થોડીવાર પછી જોયું તો તે વાઘરી એના ઘર પાસે બેભાનાવસ્થામાં પડયો હતો. ટાઢે શરીર જકડાઇ ગયુ હતું, પાણીની ડોળ એક બાજુ પડી હતી અને નળમાંથી પાણી વહ્યા જતું હતું.

### आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पण्डितः ।

'સર્વ પ્રાણી માત્રને પોતાના જેવાંજ ગણે છે તેજ પણ્ડિત છે' એ વિચાર ઉત્પન્ન થયો અને " પાણી ઉકળે છે તો [illegible] મરી વિગેરે નાંખી ઉકાળો કરી આ માણસને પાઉં " એવો વિચાર થતાંજ નિચે ઉતરી સારવાર કરી વાઘરીને ઘરની અંદર બેસાડયો. સઘડી સળગાવી ગરમાવો કર્યો અને પ્રેમપૂર્વક ઉકાળો આપી ચેતનમય કર્યો. એક પ્યાલો બસ નથી એમ માની બીજો પ્યાલો આપ્યો અને પેલો વાઘરી થોડીવારે ટટાર થયો. વાતમાં ને વાતમાં મલજીએ રાત્રીએ આવેલા સ્વપ્નાની–શબ્દના ભણકારાની–ઇશ્વરની–વિદુરની ભાજી, સુદામાનાં તાંદુલ, શબરીના બોરની વાતો કહી. વૃદ્ધ વાઘરી જેણે આ કશું કદાપિ સાંભળ્યું નહોતું તે તો પ્રભુકથાથી માત્ર ઇશ્વર પ્રીત્યર્થે દયા લાવનાર મલજીની વર્તણુકથી દિઙ્ગ્મૂઢ થયો–ગળગળો થયો. અન્તે રજા માગી રસ્તે પડયો.

મલજી પાછો કામે લાગ્યો–વાઘરીને મદદ કરી માટે સંતુષ્ટ થયો અને રાત્રીનું સ્વપ્ન ફળિભૂત થશે કે કેમ એ વિચારે પ્રત્યેક પળે શ્રીકૃષ્ણ પરમાત્મા અમૂક રૂપે આવશે એમ આશા રાખતો વખતોવખત બ્હાર ડોકીયાં કરતો હતો.

× × × ×

બે ભૈયાઓ લશ્કરી પોશાકમાં સ્ટેશન તરફથી ગામમાં ગયા; એક રબરટાઇરની ગાડીમાં પારસી બાનુ સ્ટેશન તરફ ગયાં; બે યુવાનો તડાકા મારતા પાસેની ચાની હોટેલમાં પેઠા. થોડીક વાર પછી ઝીણા ફાટી ગયેલા લુગડાવાળી અને કેડમાં રોતું છોકરૂં છે એવી એક આધેડ સ્ત્રી ધીરે ધીરે ચાલતી ત્યાં આવી ઉભી. ન્હાના બાલકને ટાઢથી બચાવવા ફાટેલા લુગડાનો છેડો વખતો વખત ઓઢાઢતી; ભૂખથી પીડિત બાલકને ધવરાવવા ફાંફા મારતી પરન્તુ ખોરાક વિના દુધ ક્યાંથી આવે? ને દુધ ન આવે તો બાલકની ભૂખ ક્યાંથી મટે! તેમ જ ભૂખ ન મટે ત્યાં સૂધી છાનું પણ શાનું રહે? મલજીને દયા આવી. તે સ્ત્રીને બુમ પાડી ઘરમાં આવવા કહ્યું. બુમ સાંભળી ગરીબ બીચારી સ્ત્રી ગભરાઈ, પરન્તુ મલજીના વય શબ્દ અને કોમળ અંતઃકરણ જોઈ અંદર દાખલ થઈ.

" બ્હેન! આ પાટ ઉપર બેસ, થાક ખા અને બાલકને ધવરાવ. "

" ભાઈ! ત્રણ ત્રણ દિવસનો અપવાસ છે તો પછી શી રીતે ધવરાવું. "

મલજી તરત ઉઠયો. ઘરમાંથી બાજરીના બે રોટલા, અથાણું, મીઠું લાવ્યો અને પેલી

સ્ત્રીને સુખેથી ખાવા કહ્યું. બ્હાર જઈ અછેર દુધ લાવી તે બાલકને પીવરાવ્યું. પેલી સ્ત્રી પાસેથી બાલક લઈ લીધુ અને "મ્હારે પણ છોકરો હતો" એટલું કહી બાલકને ચપટીથી, ઓઠોને આંગળી અડકાડી, મ્હોમાં આંગળી આપી, રમાડવા લાગ્યો. નિર્દોષ બાલક આ રમતથી રોતો રહી ગયો અને સ્હેજ હસવા લાગ્યો. આ સ્થિતિ જોઈ ત્હેની માતાને શું થયું હશે તે કહેવા કરતાં તે સ્થિતિ અનુભવનારી વિશેશ સ્હમજી શ્કકશે. બાલકને રમતમાં જોઇ માતા આનંદ પામી અને બે રોટલા ખાઈ પાણી પી શાન્ત થઈ. તે કોણ હતી તે પ્રશ્નના ઉત્તરમાં ત્હેને નીચે પ્રમાણે જણાવ્યું.

"હું જાતે બ્રાહ્મણ છું. મ્હારો ધણી મુમ્બાઇના એક શેઠીયાની સાથે રસોઈ કરવા આફ્રિકા ગયો છે અને બાર મહિના થવા આવ્યા કાંઇ ખરખબર આવ્યા નથી. આટલો બાલક છે. ઘરનું સર્વસ્વ વેચી અત્યાર સૂધી નભાવ્યું, હવે મ્હારી પાસે પાઈ નથી. દાઈ તરીકે રહેવા બહુ ફાંફાં માર્યાં પરન્તુ સ્ત્રી જાતીને કેટલી મુશીબતો વેઠવી પડે છે એ તમે જાણો છો. ધણી વિનાની સ્ત્રીને માથે હજાર આળ આવે. નોકરી મળે છે ત્યાં માણસો સારા નથી હોતાં ને નહી તો મળતી નથી. મ્હારી એક સગીએ રસોઇની નોકરી ખોળી છે પણ ત્હેને હજી મહિનાની વાર છે. ઇશ્વર મૃત્યુ આપે તો સારૂં. ફક્ત આ બાલકને માટે જીવ બળે છે."

"શું ત્હારી પાસે કાંઈ કપડાં નથી."

"ક્યાંથી હોય! ગઈ કાલે જ શુકરવારમાં ફાટલું ધોતીયું વેચી આના દુધના પૈસા પેદા કર્યા."

મલજી ઉઠયો અને જુના લુગડાંની પેટીમાંથી એક ન્હાનો કબજો કાઢી આપ્યો.

"ભાઇ! ઇશ્વર ત્હમારૂં કલ્યાણ કરો! ઇશ્વરે જ ત્હમારા ઘર પાસે આવવા સૂઝાડયું, નહિ તો આ બાલક ટાઢથી ક્યારનુંએ મરી ગયું હોત. પરમેશ્વર ત્હમારા દીલમાં વસ્યો હશે જ."

"હા, ઇશ્વરે મ્હારા દિલમાં વાસ કર્યો છે. હું બ્હાર નકામાં ડોકીયા નહોતો કરતો." આટલું કહી સ્વપ્નની વાત કહી.

"ભાઇ! એમ બને એમાં નવાઈ નથી. ઇશ્વર ગમે તે રૂપમાં આવવા સમર્થ છે. ભાઇ હવે હું જાઉં છું."

મલજીએ બે આનાના પૈસા આગ્રહ કરી પેલી સ્ત્રીને આપ્યા અને માતાપુત્ર રવાના થયાં.

\+ \+ \+ \+

તે સ્ત્રીના ગયા પછી મલજી જમ્યો અને પાછો કામે લાગ્યો. આમ છતાં ત્હેની નજર રસ્તા ઉપર હતી. એટલામાં "લ્યો રે જામફળ" કરતી એક સ્ત્રી આવી. માથા ઉપર જામફળનો ટોપલો હતો અને ખભા ઉપર લાકડાના ન્હાના પાંચ સાત કકડા હતા. એક, ખભા ઉપર ભાર વધારે લાગવાથી ખભો બદલવાની ઇચ્છાએ ટોપલો હેઠળ મૂકયો અને કકડા એક ખભેથી બીજે ખભે નાંખ્યા. આ દરમિયાન એક અટકચાળા છોકરાએ એક જામફળ ઉપાડી દોડવા માંડયું. જેવો દોડવા જાય છે કે તરત જ લાકડાં હેઠળ નાંખી પેલી સ્ત્રી છોકરા પાછળ દોડી ને હાથ પકડી જામફળ લઈ ધમકાવવા લાગી. એ છોકરા અને તે સ્ત્રી વચ્ચે બોલાબોલી ગાળાગાળી ચાલી. લોક ભેગું થયું. મલજી નીચે આવી તે સ્ત્રીને કહેવા લાગ્યો.

"જવા દે! ત્હારૂં જામફળ આવ્યું છે. હોય નાનું બાલક છે."



"એમ શેના જવા દે! મફતનું આવતું હશે? એમ તો ટેવ પડે. પોલીસને બોલાવવા દે."

"પોલીસને બોલાવી શું કરીશ? હવે નહિ કરે." આટલું કહી છોકરાને સ્હેજ ધમકાવ્યો અને હવે નહિ લઉં એમ કહેવરાવ્યું.

"એટલું કહે કેમ જવા દઉં? એમ માફ શેના કરે? એવાને તો પુરતી સજા થવી જોઇએ."

"તું એક બાલકને જવા દેતી નથી તો આપણે દરરોજ હજારો ગુના કરીયે છીએ તેને ઇશ્વર કેમ માફી આપશે?"

"હા એ બધું ખરૂં. પણ એમ તો છોકરાં બગડી જાય."

"એમ છોકરાં ન બગડે તે જોવાનું આપણા જેવા મોટાનું કામ છે."

"તમે કહો છો તે બરાબર છે. મ્હારે સાત છોકરાં હતાં ત્હેમાંથી હાલ એક છોકરી જીવતી છે. બધાં છોકરાં સંભારૂં છું ત્યારે છાતી ભરાઈ આવે છે. ખરેખર મ્હને છોકરાં બહુ વ્હાલાં લાગે છે."

"ત્યારે આ નાના છોકરાના ઉપર હાથ ઉગામતાં એ વિચાર ક્યાં ગયો હતો?"

પેલી સ્ત્રીથી કાંઈ જ બોલાયું નહી અને ટોપલો માથે મૂકી ચાલતી થઈ.

\+ \+ \+ \+

મલજી ઘરમાં આવ્યો અને કામે લાગ્યો. સંધ્યાકાળે ફાનસમાં દીવા થયા તે વેળા ઉઠયો અને બત્તી સળગાવી. થોડુંક શિવવાનું બાકી હતું તે પુરૂ કરી રોટલા ખાઈ કે.કો પી હાથમાં માળા લઈ ચંદ્રમાના અજવાળામાં પથારી પાથરી સૂતો. સૂતાં સૂતાં મન શાન્ત થયું. ગઇ કાલનું સ્વપ્નું અને આજનો ઇતિહાસ સ્મરણપથમાં આવ્યો. અર્ધ નિદ્રિત સ્થિતિમાં પડયો. સ્વપ્નામાં "મલજી, મલજી, મ્હને ઓળખે છે?" એ શબ્દ કાને પડયા.

"કોણ છે."

"હું"

વૃદ્ધ વાઘરીની આકૃતિ દેખાઈ, થોડીકવાર ઉભી અને ચાલી ગઈ. બીજી જ પળે બાલકની સાથે એક સ્ત્રી દેખાઈ. સ્ત્રીનું મ્હો હસતું હતું; બાલકની શ્વેત દંતકળીયો દેખાતી હતી.

જામફળવાળી સ્ત્રી અને છોકરો દેખાયાં. અદ્રશ્યે થયાં. આ ચિત્રથી મલજીનું હૃદય આનંદ અનુભવવા લાગ્યું અને એક ચિત્રપટ ઉપર નીચેના અક્ષરો વાંચ્યા.

"ન્યાત જાતની તફાવત રાખ્યા વિના, કોઇ પણ તરેહના ઐહિક સુખની આશા રાખ્યા વિના કેવળ મ્હારે જ માટે મ્હારા ઉપરની પ્રીતિ ખાતર ક્ષુધિતને અન્ન આપી, પીડિતને આશ્રય આપી સંતોષ્યા ... ત્ર મ્હને જ સંતોષ્યા બરાબર છે. મ્હને મેળવવાનો એજ ઉત્તમ રસ્તો છે." ... ી તે

"જ્યાં સ્નેહ ...ાર્ક...દાકજ હું છું."

...વરત ખુ... યોજક

જાત તાં અ... ભોગીન્દ્રરાવ રતનલાલ દ્વિવેટીઆ.

...તવિ... (સુબન્ધુ).

---

# બાલોદ્યાન.

## માતાઓને ચેતવણી.

આપણી પ્રજા શૌર્ય તથા હિંમતથી હીન તથા નિસ્તેજ થતી જાય છે તેનાં ઘણાં કારણો છે, જેવાં કે બાળલગ્ન, અયોગ્ય કેળવણી, લશ્કરી કેળવણી અને હથીયારોના ઉપયોગનો અભાવ વિગેરે. પરંતુ આ કારણોમાંથી કેટલાંક આપણી સત્તાથી બહાર છે અને તેથી બાળકની છેક બાલ્યાવસ્થામાં પડતા સંસ્કારો જેની અસર બાળકના કુમળા મગજપર ઘણી ઉંડી થાય છે અને જેનાથી બાળકને બહાદુર અથવા બાયલા, સ્વાશ્રયી અથવા પરાધિન સ્વભાવનું કરવું અતિ સુલભ છે, તે સંસ્કારો સુધારવાનું કામ જો માતાઓ મનપર લે તો ઘણો લાભ થાય. ઘણાં કુટુંબોમાં જોઇશું તો શરીરમાં માબાપો ન જાણે તેવી થયેલી અવ્યવસ્થાને લીધે કે કોઈ બીજા કારણને લીધે જ્યારે બાળક રડે છે ત્યારે અજ્ઞાન માતાઓ અને ચાકરો બાળકને ભય અથવા ધમકી આપી છાનું રાખવા પ્રયત્ન કરે છે. પરંતુ તેની બાળકના મગજપર કેવી ખરાબ અસર થાય છે તેની તેઓને થોડી જ ખબર હોય છે. કેટલીક વખત આનંદ ખાતર અને કેટલીક વખત ધમકી તરીકે "હાઉ", "ભૂત", "બાવો", "વાઘ" વિગેરેના બેદરકારીથી બાળકના મગજપર પાડેલાં ભયનાં ચિત્રો તેમને જીંદગીભર બાયલા, રોગી, અને નિસ્તેજ કરી મુકે છે. મોટી ઉમરે પણ તેમનામાં અંધારી જગામાં ભૂત અને ચોરના સંસ્કારો તરી આવે છે અને મરજી વિરૂદ્ધ ભય ઉપજાવે છે. ભયની અસર બાળકપર કેટલી થાય છે તે નીચેના દાખલાથી જણાશેઃ—

થોડાંક વર્ષપર એક શ્રીમંત ઘરના બાળકને આયાને સોંપી તેનાં માબાપ બ્હાર કાંઈ
કામસર ગયાં. વર્ષ દોઢ વર્ષનું તે બાળક તેથી રડવા લાગ્યું અને ઘણું કરતાં છાનું રહે નહિ.
તે આયા ઘણી વાતોડી હતી અને શેઠ શેઠાણી બહાર ગયાથી બીજા ઘરના ચાકરો વાતો
કરતા હતા ત્યાં તે આયાને જવાનું ઘણું મન થયું તેથી તેણે તે બાળકને ઘોડીયામાં સુવાડી
તેની આંખો સામે એક કાગળમાં એક મ્હોટું વિકાળ ચિત્ર કાઢી લટકાવ્યું. તેથી તે બા-
ળક તરત જ રડતું બંધ રહી ગયું અને તે આયા ખુશી થતી નીચે દોડી ગઈ. અડધોએક
કલાક થયો એટલે શેઠ શેઠાણીને પાછાં આવતાં જોઇ તે આયા બાળકને લેવા ઉપર દોડી
પરંતુ ત્યાં જતાં તે આભીજ બની ગઈ. બાળકના મુખપરથી ગુલાબી ઉડી જઈ તે તદ્દન
ફીક્કો પડી ગયો હતો, આનંદને બદલે તેનાપર અતિશય ભય જણાતો હતો, આંખો બંધ
હોવાને બદલે ફટારેલી હતી. બુમ પાડી બાળકને બોલાવતાં પણ તેણે સાંભળ્યું નહિ, હ-
લાવતાં શબવત્ લાગ્યું. આયાના ભયનો પાર રહ્યો નહિ અને તેનાથી ચીસ પાડી જવાઈ.
બધાં દોડી આવ્યાં અને દાક્તરને બોલાવ્યો. તપાસતાં તે તદ્દન [illegible]ાસ અને ભયમાં મરણ
પામેલું જણાયું. બીજાં ઘરનાં માણસો ઘભરાટમાં હતાં તે વખતે [illegible] આયાએ તે ભયંકર
ચિત્રને એક ખુણામાં કોઇ ન જાણે તેમ નાંખી દીધું હતું તેથી [illegible]તર તથા પોલીસને મ-
રણનું ખરૂં કારણ શોધતાં ઘણી મુશ્કેલી પડી. આખરે તે આયાને [illegible]મ ધમકાવતાં સત્ય વાત
જણાઇ આવી. માટે માતાઓ ! બાળકોને અંધારા ઓરડામાં પુર[illegible]ને બ્હીવરાવતાં ચેતો!

શ્રી[illegible] પ્રસાદ.

———:o:———



# સ્વાગત મંદિર.

**વિધવાઃ** * —આ નામનું ન્હાનકડું કાવ્ય અમને અવલોકન અર્થે મળ્યું છે. આ કાવ્યના (૧) સમ્ભારણું, (૨) વ્હાલાનો વિયોગ, (૩) છેલ્લો નિશ્ચય એવા ત્રણ વિભાગ કર્યા છે. સમ્ભારણું વાંચતાં ભવભૂતિના ઉત્તરરામમાં રામે સીતાના વિયોગ સમયે કરેલા ઉદ્ગારનું કાંક ભાન થાય છે; ત્હેની સાથે ભાષા સંસ્કારી અને એટલી સરળ છે કે વાંચનારના હૃદયમાં અસર થયા વિના રહેતી નથી. પતિના જતાં હિંદુ કુટુમ્બમાં અને જનસમાજમાં વિધવાની શી સ્થિતિ છે તે નીચેની બે લીટીઓથી યથાસ્થિત સ્હમજાશે.

ઓયે ગયું; હા ! સૌ ગયું; બધુંયે ગયું પતિના જતાં.

* * * * *

બદઓ હવે મ્હારે બધે હા ! જગતમાં સુણવી રહી.

પતિના ગુજરી ગયા [illegible] પતિની મૂર્તિ હૃદયમાં રમી રહે છે ત્હેનું ચિત્ર અને રા. નરસિંહરાવની કુસુમમાળામાં "ત્હારી છબી નથી" એ કાવ્યમાં નાયક નાયિકાને સમ્બોધી બોલે છે તે ચિત્રમાં કેટલું સરખાપણું છે તે જૂવો.

"જ્યહાં જાઉં ત્યાંહી મુજ નયન સ્હામે ઉભી હસે."—કુસુમમાળા.

"જ્યાં જ્યાં નયન મ્હારાં વળે ત્યાં ત્યાં છબી સ્હામી હસે."—**વિધવા.**

"પ્રિયેરે તે તે કયમ વિસરાય"—વિગેરે રામ બોલે છે તેમ અત્રે નાયિકા પોતાના પતિના સહવાસમાં અનુભવેલા પ્રસંગોનું સ્મરણ કરે છે. પતિ અથવા પત્નીમાંથી એક શરીરે અસ્વસ્થ હોય ત્યારે એક બીજાની પાસે જઇ શકતાં નથી અને અન્તર્વૃત્તિ દુભાયા કરે છે તેનું ચિત્ર

"નાથ બહુ માંદા થતાં સૌયે સગાં વેરી બન્યાં,
પ્રાણેશ દિધ નવ ભેટવા આવે સમય જૂદાં કર્યાં;
શો આપણો સંસાર છે આવે સમય પણ પતિ હા,
નહિ સ્વજન પાસે જઇ શકે કદી અવર જનના દેખતાં."

આ લીટીઓથી સ્હમજાય છે. વિધવા થયા પછી કેવી રીતે જીવન ગાળવું એ પ્રશ્ન લેખકે એવી ખૂબીથી ચર્ચ્યો છે કે સર્વ કોઇને મનનીય છે. ગતપતિને જે પ્રિય હતું ત્હેમાં જ જીવન વ્યતિત કરી

"પ્રિય સ્વામિને શાન્તિ મળે એવું અનેરૂં આદરૂં,
ત્યારેય આ અવશેષ જીવન જગતમાં જીવ્યું ભલું."

એમ માની "જે હૃદયને લાગ્યું ખરૂં તે તે પ્રમાણે ચાલવું" એવો નિશ્ચય કરે છે.

"સહુ માનીએ તો સુખ છે."

"નહિ પારકી પીડા કદિયે કોઇથી પરખાય છે,
સૌ અવરનું દુઃખકથન બહુ સ્હેલાઇથી લેવાય છે,
નિજ જાતપર આવી પડે ત્યારેય તે સ્હમજાય છે."

* કર્તા—વસન્તવિનોદી. મૂલ્ય ૦-૪-૦.

"રડતાં હૃદયને રીબવું એ જગતનો રીવાજ છે."
"કુથલીનું વલણ તેને અછત નહિ ભીષમાં મળે."
"શુભ કાર્ય ક્યમ કંઇ નહિ જડે ઇચ્છા અચળ જો હૃદયમાં,
ધીર મનનશીલા મનુષ્યને શુભ કાર્યની નહિ ન્યૂનતા."

વિગેરે સર્વમાન્ય સૂત્રોથી કાવ્ય ભરપૂર છે. પુસ્તકનું રૂપ આકર્ષક છે. આ લેખકના અન્ય કાવ્યો આ માસિકમાં વખતોવખત આવવાથી એની શૈલીથી, એના ઉચ્ચ વિચારથી વાચકવર્ગ પરિચિત છે.

---

# પત્રપુષ્પાંજલિ.

## મ્હને મળેલો પત્ર.

રા. રા. "સુંદરીસુબોધ" ના તંત્રી જોગ,

સાહેબ,

આજે રવીવારનો દીવસ હતો. "સુંદરીસુબોધ" ના આદર્શ રૂપ વાક્યો હું આનંદ-પ્રફુલ્લિત હૃદયે વાંચતો હતો. જ્ઞાનસુગંધના કાવ્ય તરફ દૃષ્ટિ વળી, ત્યાં તો કોણ જાણે કયા કારણે ઘરની સ્ત્રીઓમાં કલહ થયો.

કારણ તો કોણ જાણે કેવું હશે, પણ પરિણામનું રૂપ અતી ઉગ્ર હતું. અન્યોન્ય તરફ થતી ગાળોની વૃષ્ટી સાંભળી મ્હને તો કંઈ કંઈ તર્કો થવા લાગ્યા. બોલવામાં એટલો જુસ્સો હતો કે તે સમયે કોન્ગ્રેસના જુસ્સાદાર બોલનાર બાબુ પાલ ત્યાં હાજર હોય તો તે પણ અચંબો પામ્યા વિના ન રહે. હીંમત અને શૌર્યની તો ન પુછો વાત. આ શબ્દકલહથી અંતે હું તો કંટાળી ગયો. "સુંદરીસુબોધ" ને કોરે મુકી, ચાલતો થયો. દેશના પ્રાચીન ગૌરવ અને અર્વાચીન સ્થિતિના અંતરનો વિચાર કરતો, નિશ્વાસ નાખતો, દરિયા કિનારે એક બેંચપર આવી બેઠો.

હજારો પુસ્તકો વાંચવાથી, અનેક વર્ષો તો શું પણ જીવન પર્યંત નિશાળો અને વિશ્વ વિદ્યાલયોમાં અભ્યાસ કરવાથી પ્રાપ્ત ન થઇ શકે તે શિક્ષણ માતાના પ્રેમમય મૃદુ શબ્દોમાંથી મળી શકે. પણ તે માતાઓ શું આવી? શું આવી જ માતાઓ પુત્ર પુત્રીઓને પુરૂષ કે સ્ત્રી રત્નો કરી શકે? શું ભારતવર્ષ આવીજ માતાઓને પ્રતાપે હોમરૂલ કે સેલ્ફ ગવર્ન્મેન્ટ,–સ્વરાજ્ય કરવા યોગ્ય પુરૂષો ઉત્પન્ન કરી શકશે? ઈંગ્લાંડ, જાપાન, અમેરિકા આદિ દેશોની ઉન્નતિ તે દેશની સ્ત્રીઓનેજ પ્રતાપે છે અને આ દેશની અવનતિ દેશની સ્ત્રીઓને જ આભારી છે. પાશ્ચાત્ય દેશોની સ્ત્રીઓના સદ્દગુણો યદિ આ દેશની સ્ત્રીઓમાં આવે ત્યારે જ આ દેશની ઉન્નતિનો સંભવ રહે. અંગ્રેજી ભાષાના શિક્ષણથી તો સભાઓ ભરી ઠરાવો પસાર કરવાની, લાંબા લાંબા વ્યાખ્યાનો કરવાની, ફેશનમાં ફુલી અધીક ધન ખર્ચ કરવાની, સમાન હક માગવાની શક્તિ આવી. ઈંગ્રેજોના સદ્દગુણોથી દુર્ગુણો અધિક અંશે પ્રવેશ્યા. તો ભાવિ શું?



આ વિચારના પ્રવાહમાં હું ખેંચાયો. મ્હારી આંખ જરા મીંચાઇ ગઇ. પુનઃ ઉઘડી ત્યારે પાસે એક પરબીડીયું જોયું. જીજ્ઞાસાથી તરત જ ઉપાડી લઇ ફોડ્યું. એક કાગળ સુંદર અક્ષરે લખેલો મ્હારી દૃષ્ટિએ પડ્યો. તે કાગળમાં આ પ્રમાણે લખ્યું હતું.

"ઓ ભારતપુત્ર! તું ત્હારા દેશનું શ્રેય ઇચ્છતો હોય તો માતાઓને સુધાર. પુરૂષનું હૃદય વ્યવહારમાં પડવાથી, સ્વાભાવિક રીતે અધીક કઠણ હોય છે; જ્યારે સ્ત્રીનું હૃદય સ્વભાવે જ કોમળ, શીઘ્ર ગ્રાહક હોય છે. મુસલમાનોના સમયમાં અને સુધારાના કાળમાં તમારા ધર્મની રક્ષા કરનાર એ દેવીઓના હૃદયની શ્રદ્ધા જ હતી. એ શ્રદ્ધા જો શુદ્ધ-તર્ક સાથે–હોય તો સ્ત્રી જગદ્ સમસ્તને નીતિ શીખવવા શક્તિવાન છે.

"શારીરવિદ્યાનું જ્ઞાન, વૈદકશાસ્ત્રનું (અંગ, ઉપાંગ, વિકાસક્રમ, શ્વાસોશ્વાસના નિયમ, ખોરાકના નિયમ, ગૃહસ્વચ્છતા અને આરોગ્યના નિયમનું) જ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરવું જોઇએ. મનનો વિકાસ કરવા, મનને નૂતન વિષયોમાં ભ્રમણ કરાવવા, જ્ઞાનમાર્ગમાં આગળ વધી આત્માને નવા ભાવો સુઝાવવા તેણે સામાન્ય જ્ઞાનવિષયોનો અભ્યાસ કરવો. જીવ્હાની લાવણ્યતા માટે તેણે મૃદુ બોલવા અભ્યાસ કરવો. બાળકોને શરીરમાં બળવાન, બુદ્ધિવાન, નીતિવાન બનાવવામાં શિક્ષણના એટલા ઉંચા વિષયોનો સમાવેશ થાય છે, કે તેના અભ્યાસમાં સ્ત્રી-શિક્ષણનો મ્હોટો ભાગ રોકાવો જોઇએ.

"ઉક્ત શિક્ષણ પદ્ધતિથી જ હિંદુ સ્ત્રીઓ પુનઃ આર્યત્વ ને પ્રાપ્ત કરશે.

"પાશ્ચાત્ય સ્ત્રીને "પર" કરતાં "સ્વ"નો વધારે વિચાર હોય છે. આર્યાને "સ્વ" કરતાં "પર"નો વધારે વિચાર હોય છે. સમસ્ત ઘરના મનુષ્યોને જમાડી તે જમે છે. અતિથિ આવે ને અન્ન ન હોય તો ભુખ્યા રહેવું પણ તે ધર્મ્ય સમજે છે. પાશ્ચાત્ય સ્ત્રી સ્વામીને માત્ર સ્વાર્થસંબંધી ગણે છે અને સ્વાર્થ ટળતાં કે અન્ય કંઇ વાંધો આવતાં તે તલાક પણ આપી દે છે, જ્યારે લગ્નની ગ્રંથિને અભેદ્ય સમજનારી પતિને પરમેશ્વર માનનારી આર્યાને માટે "તલાક" શબ્દ પણ કેટલો કર્ણકટુ છે? આટલાથી જ સમજ કે અર્વાચીન સ્ત્રીપુરૂષને અપાતી સમાન કેળવણી ભારત દેશના ઉદયમાં સાધનભુત થવા ઘણી રીતે અયોગ્ય છે. શું તું ધારે છે કે આર્યત્વ પુનઃ પ્રાપ્ત કરવા એ શિક્ષણ ઉપયોગી થશે?

"પ્રાચીન આર્યો વિદ્યાનું ખરૂં રહસ્ય સમજતા અને તેથી જ તેમનામાં સાવિત્રી, તારામતી, સીતા, દ્રૌપદિ, ગાર્ગી, સરસ્વતી સમાન નારીરત્નો અને હરીશ્ચન્દ્ર, રામ, કૃષ્ણ, અર્જુન, યુદ્ધિષ્ટિર, બુદ્ધ સમાન પુરૂષરત્નો ઉત્પન્ન થયા છે. આજે ત્હારા દેશમાં લખીબાઈ કુથલી કરનારી, કંકુબાઈ ભોળી–ગાંડુ બોલનારી, દુઃખીબાઈ દુઃખ રડનારી, સુંદરબેન પોતાના સૌંદર્યમાં જ આનંદ માનનારી, મળશે. પુરૂષોમાં પણ આળસશંકરો, વ્યર્થશંકરો, સીસાદત્તો, કે મુર્ખદાસો જ હશે.

"આ સઉનું કારણ સ્પષ્ટ છે.

"તું કદાચ પ્રશ્ન કરે કે પ્રાચીન અર્વાચીન સ્ત્રીઓના આ સ્થિતિભેદનું કારણ શું? એનો ઉતર પણ સહજ છે.

"મહાભારતના યુદ્ધ પછી કે બુદ્ધ ધર્મના ઉદય પછી કે પૃથુરાજના પતન પછી, આર્યો વિદ્યાનો પ્રકાશ ધીમે ધીમે ગુમાવવા લાગ્યા. સુર્ય અસ્ત થતાં અંધકાર સર્વ પાસથી આ-

વવા માંડે, તેમ અવિદ્યા, વ્હેમ, અંધશ્રદ્ધા ત્હારા દેશમાં આવ્યાં. શ્રદ્ધાભક્ત સ્ત્રીઓએ તેમનો સત્કાર કર્યો. સત્શાસ્ત્રો જુનાં થતાં ડોશીશાસ્ત્રો ( રૈઢિક શાસ્ત્રો ) ઉદય પામ્યાં. સ્ત્રીઓ તેની અભ્યાસિની થઈ. વિદ્યા ગઇ. વિદ્યા ભણવી સ્ત્રીઓ માટે અધર્મ્ય ગણાવા લાગી. આળસુ બેસી રહી કુથલી કરવી એ તેમનો વિદ્યાવિલાસ, શબ્દકલહ એ તેમની વક્તૃત્વ શક્તિ, રોવું, કુટવું એ સંગીત, અને ઘરમાં ચોરીચારીમાં તેમના ધર્મકર્મનો સમાવેશ થયો. સલાહકારોમાં વ્યર્થશંકર વેદીઆ, જળશંકર જ્યોતિષી, અને તડાકશંકર પુરાણી રહ્યા.

"એ સેલ્ફ ગવર્નમેન્ટ અને હોમ રૂલ લેવાનાં સ્વપ્નાં જોનારા ભારતપુત્ર ! ત્હારૂં ઘર તો જો. શું ત્હારા ઘરમાં તું આવું નથી જોતો? ભાવિ સ્પપ્ન ન જોતાં વર્તમાન સંસાર પ્રત્યક્ષ કર.

## માતાને સુધારો, માતાને સુધારો.

"પ્રાચીન આર્ય પદ્ધતિ પર શિક્ષાનો પ્રસાર કરો. બાળલગ્ન, કન્યાવિક્રય અટકાવો.

"પાશ્ચાત્ય દેશોમાં અનેક સ્ત્રીઓ, દેશસેવા કે અન્ય કંઇ પરમાર્થાર્થે, પોતાનું સમસ્ત જીવન અર્પે છે. ત્હારા દેશની સ્ત્રીઓના સંજોગો જોતાં એમ બનવું તદ્દન અશક્ય છે, તથાપિ એ તો છે કે સ્ત્રીઓના બળવિકાસ માટે તેમના મનોવિચાર, આચાર, રૂચિ આદિ સમજવાની પ્રથમ આવશ્યકતા છે. અને એ પણ છે કે સ્ત્રીઓના હૃદયભાવો પુરૂષ કરતાં સ્વજાતીય સ્ત્રી વધારે સારી રીતે સમજી શકે એમ છે. દરેક વિકાસ પામતા દેશના ઇતિહાસને જોતાં એ જ પ્રતીતિ થશે.

"ત્હારા દેશમાં એમ બની શકે કે નહીં એમાં શંકાછે, તો પણ વિદ્વાન પ્રૌઢા વિધવાઓ અગર જો પોતાની દેશભગિનીઓને કેળવવા પોતાના જીવનનો ભોગ આપે તો ઉન્નતિ ક્રમ શીઘ્ર થાય. માત્ર વિધવાઓ નહિ પણ સધવાઓએ જો યથાશક્તિ યથાઅવકાશ, પાસે રહેનારી અશિક્ષિત બ્હેનોને મદદ કરે તો ભારત દેશને સારો લાભ થાય.

" ભારતવાસી ! ત્યારે જ–તે ઉદય સમયે જ ભારતપુત્રી આર્યા પોતાના પતિ અને પુત્રોને કહેશે કે

*'સરસ્વતી તમે બહુ આરાધી ને આરાધ્યો યુદ્ધપતિ,

× × × × ×

'બુદ્ધિઅભ્ર તમ મનમાં ગાજે તો તેને વરસાવોને."–બસ, મ્હારે આટલું જ કહેવું હતું. નામ જાણવાની કંઇ જરૂર નથી."

તંત્રી સાહેબ !

પત્ર લખનાર ગમે તે હોય, તે સત્ય હોય કે અસત્ય, પણ પત્રના વિચારો મનનીય હોવાથી, ઉક્ત ઉતારો આપને મોકલ્યો છે. આશા છે કે આપના સુપ્રસિદ્ધ સ્ત્રીઉપયોગી માસિકમાં આ ઉતારાને સ્થાન આપી સેવકને આભારી કરશો.

લિ. સેવક,
કરાંચી તા. ૫–૫–૦૭. } વિનોદપ્રસાદ.

—–o—–

* સ્વર્ગસ્થ સાક્ષરશ્રી ગોવર્ધનભાઈ કૃત "સ્નેહમુદ્રા." પૃ: ૨૨.



# વર્તમાનરંગ.

**માતાજી તપસ્વિનીનો સ્વર્ગવાસ**—અમારા એક મિત્ર તરફથી લખાઇ આવેલા, અને ગયા અંકમાં જ પ્રસિદ્ધ થયેલા એક લેખ ઉપરથી આ વિદુષી સાધ્વીના જીવનવૃત્તાન્તથી અમારા વાચકો જાણિતા થયા જ હશે. એ પ્રખ્યાત અને પરોપકારિણી તપસ્વિનીએ ગયા એપ્રીલમાં પવિત્ર કાશીક્ષેત્રમાં જ દેહત્યાગ કરી આ સંસાર સાથેનો સંબંધ પૂર્ણ કર્યાના દુઃખદ સમાચારની નોંધ પણ અમારે તે જ અંકમાં ખિન્ન હૃદયે લેવી પડી હતી. આ પતિત આર્યાવર્તનો ઉદ્ધાર કરવાને જે સમયે અનેક મનુષ્યરત્નોની ખાસ આવશ્યકતા છે તે સમયે તેવાં ઉદ્ધારકો એક પછી એક ખરતાં જ જાય છે, એ નિઃસંશય હિંદનું નિર્ભાગ્ય જ સૂચવે છે. આ માતાજી તપસ્વિનીએ યાવજ્જીવન કુમારીવ્રત પાળી બ્રહ્મચર્યનું જ સર્વદા સેવન કર્યું હતું, અને મૃત્યુ પર્યંત દેશોન્નતિમાં જ પોતાનું આયુષ્ય અર્પણ કરી, **परोपकाराय सतां विभूतयः** એ નીતિસૂત્રને પોતાના જીવનકાર્યથી તાદૃશ્ય કરી બતાવ્યું હતું. અનેક સ્થળે તેમણે દેશાટન કરી અન્તે બંગાળાને પોતાના નિવાસસ્થાનથી ભાગ્યશાળી બનાવ્યું હતું. દેશોન્નતિ, વિશેષે કરીને ધર્મોન્નતિ, માટે તેમણે પ્રથમ કેટલાક પ્રયાસો કર્યા પછી તે એવા નિર્ણય ઉપર આવ્યાં હતાં કે હિંદના સર્વ પ્રકારના અનિષ્ટનું મૂળ કારણ સ્ત્રીઅવનતિનું છે, અને જ્યાં સુધી તેમનો ઉદ્ધાર થશે નહીં ત્યાં સુધી દૃશનો સાર્વજનિક ઉદ્ધાર થવો ઘણો કઠિન છે. આવા ઉદ્દેશથી, તેમ જ પોતે ધર્મપરાયણ સ્ત્રી તરીકે તે કાર્ય યથેષ્ટ રીતે કરી શકશે એવા આત્મવિશ્વાસથી, સ્ત્રીસંસારસુધારણાનું મહત્ કાર્ય એમણે આરંભ્યું હતું, અને અનેક વિઘ્નોને ઉલ્લંઘી દૃઢ આગ્રહથી, સતત ઉદ્યમથી તેને સફળ બનાવ્યું હતું. સર્વ ઉન્નતિનો પાયો વિદ્યાસંપાદનરૂપે જ રોપાય છે એ વાત લક્ષમાં રાખી તેમણે "મહાકાળી કન્યાશાળા"ની સ્થાપના કરી હતી. આ પાઠશાળામાં સ્વર્ગવાસી તપસ્વિની પોતે કન્યાઓને યોગ્ય શિક્ષણ આપતાં, તેમના વર્તન ઉપર ઉદાત્તતાની છાપ પાડતાં, અને તેની સાથે આર્ય ધર્મના સંસ્કારો પણ તેમના હૃદયમાં રોપતાં. તેમના આ પ્રયાસને પ્રતાપે બંગાળાની હજારો હિંદુ બાલિકાઓ ગૃહધર્મ અને સંસારનાં કર્તવ્યો સમજી નમુનાદાર સન્નારીઓ નીવડવા ભાગ્યશાળી થઈ છે, અને આ ઉત્તમ ફળનાં દૃષ્ટાન્તથી તેમની પાઠશાળાની પ્રતિષ્ઠા એટલી બધી છે કે સેંકડો બાલિકાઓ હજી પણ ત્યાં તે સ્થળે ધર્મ તથા શાસ્ત્રનો અભ્યાસ પ્રાપ્ત કરે છે. સાધારણ રીતે બંગાળીઓના સંસ્કૃત ઉચ્ચાર ઘણા અશુદ્ધ હોય છે, પરંતુ આ તપસ્વિનીના હાથે શિક્ષણ પામનાર બાલાઓ સંસ્કૃત ઉચ્ચાર ઘણા જ શુદ્ધ અને સુન્દર કરતાં શીખી છે. સ્વર્ગવાસી સાધ્વી આ પાઠશાશાળાના કાર્યમાં તન મન અને ધનનું અર્પણ કરી સંપૂર્ણ ઉત્સાહથી ભાગ લેતાં હતાં. વૃદ્ધાવસ્થા છતાં ધર્મના પ્રત્યેક નિયમ ઉત્સાહ તથા નિશ્ચયપૂર્વક પાળતાં હતાં. પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી નવ વાગતા સુધી સંધ્યાવંદન કરી શાસ્ત્રાધ્યયન કરતાં, એટલું જ નહીં, પરંતુ પોતે શ્રીમંત કુલમાં ઉત્પન્ન થયા છતાં હમેશ સાદું તથા સરળ જ જીવન ગાળતાં. અભિમાન કે મ્હોટાઈનું તો તેમના સમાગમમાં આવનારને દર્શન જ થતું નહીં. કલકત્તામાં તેમણે સ્ત્રીશિક્ષાનો ઘણો જ વિશુદ્ધ અને ઉચ્ચ પ્રચાર કર્યો છે. અન્ય કન્યાશાળાઓમાં

એવાં ઉત્તમ તત્ત્વો ભાગ્યે જ દૃષ્ટિએ પડે છે. આવાં એક પરોપકારિણી સ્ત્રીરત્નના વિદેહ થવાથી દેશને નિઃસંશય અતિશય હાનિ થઇ છે; છતાં અમે આશા રાખીએ છીએ કે માતાજીનાં શિષ્યાઓ તથા ભક્તો આ વિદ્યાલયના કાર્યમાં ન્યૂનતા નહીં આવવા દે. તેમનું જીવન આપણા દેશના ઉદ્ધારકોને—ખાસ કરી સ્ત્રીઓને ઘણે ઘણે અંશે અનુકરણીય છે. પ્રભુ તેમના પુણ્યાત્માને અખંડ શાન્તિ આપો એવી પ્રાર્થના છે.

પાન્થ, બન્ધુસમાજ.

---

# સમયતરંગ

મુંબાઇના જાણીતા વેપારી શેઠ વસનજી ત્રીકમજીનાં પુત્રી બ્હેન લીલબાઇએ મૃત્યુ વખતે પોતાની મીલકતમાંથી રૂ. ૧૦ હજારની રકમ એવી રીતે દાનમાં આપવા પોતાના પિતાને ઇચ્છા દર્શાવી હતી કે તેમાંથી કોઇ પણ કારણથી અનાથ સ્થિતિમાં આવી પડેલાં મનુષ્યો તથા કુટુમ્બોને આશ્રય આપવો.

ભરૂચમાં નવી સ્થપાયેલી "શ્રી મંગળાગૌરી ચુનીલાલ સેટલવાડ સ્ત્રી-લાયબ્રેરી"ની એક સભા મીસીસ ઇશ્વરી મોતીલાલના પ્રમુખપદે મળી હતી, તેમાં લગભગ ૧૦૦ સ્ત્રીઓની સમક્ષ મીસીસ મંગળાગૌરીએ "કેટલાક હીંદી સાંસારિક રીવાજો કહાડી નાંખવાની જરૂર" એ વિષય ઉપર સુન્દર ભાષણ આપ્યું હતું.

મુંબાઇના પારસી લેખક મંડળની એક સભામાં મીસ મેહેરબાઇ ધનજીભાઇ વાડીયાએ "ગુજરાતી વાંચનમાળા"ના વિષય ઉપર એક નિબંધ વાંચ્યો હતો.

મુંબાઇના કચ્છી લોહાણા જ્ઞાતિના સ્વર્ગવાસી નથુભાઇ ગોવીંદજીની વિધવા બાઇ પ્રેમાબાઇએ પોતાના વસીયતનામાં નીચેનાં પુન્યનાં કામો કરવાનું ફરમાવ્યું છેઃ પોતાની જ્ઞાતિના કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવી, સ્વજ્ઞાતિની કન્યાઓ તથા સ્ત્રીઓને વાસ્તે એક ધર્મોપદેશક પાઠશાળા સ્થાપવી, કાશીમાં ભણતા વિદ્યાર્થીઓ માટે એક અન્નક્ષેત્ર સ્થાપવું, ચારે વેદની ૧૦૮ પારાયણો કરાવવી, સ્વ૦ ગટુલાલજીની સંસ્કૃત પાઠશાળામાં, નાશીક પંચવટી પુસ્તકાલયમાં, પીપલ્સ ફ્રીરીડીંગરૂમ, ભુલેશ્વર લાયબ્રેરી, હિંદુ સ્મશાનભૂમિ પુસ્તકાલય ઈ૦ માં પુસ્તકો વગેરેની મદદ કરવી, મુંબાઇના અનાથાશ્રમમાં આશ્રય આપવો, તથા હરદ્વાર પાસે અને બદ્રીકાશ્રમમાં ધર્મશાળાઓ બંધાવવી.

મુંબાઇની દશા સોરઠીયા જ્ઞાતિએ જ્ઞાતિની રજા શિવાય એક સ્ત્રી હયાત છતાં બીજી ન કરવાનો ઠરાવ કર્યો છે.

સુરતમાં જૈન બાળાઓ તથા સાધ્વીજીઓ માટે ત્યાંના ઝવેરી રાવસાહેબ હીરાચંદ મોતીચંદે પોતાનાં પત્નીબાઇ જેકોરનાં નામથી એક જ્ઞાનઉદ્યોગશાળા સ્થાપવા માટે રૂ. ૨૦૦૦૦ આપ્યા છે.

---

લવાજમ તથા સર્વ બાબતના પત્રવ્યવહારનું ઠેકાણું.
રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયા બી. એ.
વ્યવસ્થાપક સુન્દરીસુબોધ—અમદાવાદ.

## વિધવા

(કાવ્ય)

લેખકઃ—વસન્તવિનોદી.

મૂલ્ય આના ચાર.

સુન્દરીસુબોધના ગ્રાહકને ટપાલ સાથે ત્રણ આને મળશે.

મળવાનું ઠેકાણું. } પ્રજાબંધુ ઓફિસ ખાડીયા—અમદાવાદ
મેસર્સ. એન. એમ. ત્રિપાઠી અને કંપની કાલબાદેવી રોડ—મુંબાઈ.

## વહુને શિખામણ.

( બીજી આવૃત્તિ, કિંમત રૂ. ૧ )

સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક, પહેલી આવૃત્તિની ૧૫૦૦ પ્રત ખપી જવાથી બીજી આવૃત્તિ બ્હાર પડી છે.

મળવાનું ઠેકાણું—રવિશંકર ગણેશજી અંજારિયા, ચીફ મેડિકલ ઓફીસર, માંગરોળ.(કાઠીયાવાડ)
તથા "સુન્દરીસુબોધ" ઓફીસ, અમદાવાદ

'સુન્દરીસુબોધ' ના ગ્રાહકોને રૂ. ૦-૧૨-૦ ટ. ખ. જુદું.

## કાવ્યમાધુર્ય.

આધુનિક લેખકોનાં ઉત્તમ કાવ્યોનો સંગ્રહ.

સંગ્રહ કરનાર—હિમ્મતલાલ ગણેશજી અંજારિયા એમ. એ.

કિમ્મત કાચું પુઠું એક રૂપીઓ
પાકું પુઠું દોઢ રૂપીઓ } ટપાલ ખર્ચ જુદું.

સોલ એજન્ટસ એન. એમ. ત્રિપાઠી કંપની મુંબાઇ.

સુન્દરીસુબોધ ઓફિસ—અમદાવાદ.

ભેચર મેઘજી બુકસેલર—રાજકોટ.

આ ઉપરાંત ગુજરાત કાઠિયાવાડના પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી પણ મળી શકશે.

---

ધી અમદાવાદ યુનાયટેડ પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડ.

છપાય છે.

કિ. ૦—૬—૦
ટ. ખ. જુદું.

# ગીતમાળા.

સુંદરીસુબોધના નવા
ગ્રાહકોને ૦—૪—૦

(આવૃત્તિ બીજી)

સુંદરીસુબોધના ગ્રાહકોને બીજા વર્ષ પેટે ભેટ અપાયલા આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી હાલ હેની બીજી આવૃત્તિ છપાય છે. આ પુસ્તક જેમાં આધુનિક વિદ્વાન્ લેખકોના ઉત્તમ ગરબાનો સંગ્રહ કરવામાં આવ્યો છે તે સરકારી તેમજ ગાયકવાડી કેળવણી ખાતા તરફથી ઈનામ તથા લાયબ્રેરી માટે મંજુર કરવામાં આવ્યુ છે. આ પુસ્તકનો બહોળો ફેલાવો થયેલો તેમજ થવાનો હોવથી ઉપયોગી જાહેરખબર આપનારને આ ઉત્તમ સ્થાન છે; તેથી જાહેરખબર પ્રસિદ્ધ કરાવનારાઓને અમને ભાવ વિગેરે માટે વેળાસર લખી મોકલવા વિનતિ છે.

બ્યવસ્થાપક, સુંદરીસુબોધ.
સુંદરીસુબોધ ઓફીસ.
રાયપુર, અમદાવાદ.

## "પ્રીન્સેસ હૅર ઑઇલ."

એક આનાની ટીકેટ મોકલનારને (૨૦) વીસ સુંદર ચીત્રોવાળાં પોસ્ટ કાર્ડ મોકલવામાં આવશે. (મફત.)

અડધા આનાની ટીકેટ મળ્યા પછી એક ફેન્સી શીટ કેલેન્ડર મફત મોકલવામાં આવશે.




ઉપલા નાંમવાળુ તેલ બીજા સરવે તેલો કરતાં બહુજ ઉચી જાતનુ છે. તે એટલું તો મેહકાટ મારે છે કે તેના આગળ અત્તર પણ કશા હીસાબમાં નથી. તેનુ જેવું નામ છે તેવાજ ગુણો તેમાં સમાયલા છે. તે મગજ ઠંડુ કરે છે, વાળને વધારે છે, તથા ચળકતા સુશોભીત ને કાળા કરે છે, યાદદાસ્તીને વધારે છે, માથાંનાં પળીઆં, ઉન્દ્રી, ચુમડાં, ચાઠાં વિગેરેને નિર્મુળ કરે છે, આંખોનુ તેજ વધારે છે, તથા મગજ એટલું તો તર રાખે છે કે જજ્જો, બારીસ્ટરો, વકીલો, વેપારીઓ મહેતાજીઓ, નીશાળીઆઓ તથા જેઓને મગજ સંગાથે કામ લેવનું છે તેઓને એક આશીરવાદરૂપ છે. સઘળા લાભ લઇ શકે માટે તેની કીંમત જુજ રાખી છે. એક વખત અજમાવી ખાત્રી કરી લ્યો.

શીશી ૧ નો રૂ. ૧, પેકીંગ પોસ્ટેજ આના ૫ જુદું.
શીશી ૩ ના રૂ. ૨॥, પેકીંગ પોસ્ટેજ આના ૧૧ જુદું.

૬૪, હાઇ રોડ, કોલપોક, મદ્રાસ.
**ટી. એ. પોન્નુ એન્ડ કંપની.**

Registered No. B. 436.

# સુન્દરીસુબોધ.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । मनु.
(પ્રસન્ન દેવતા રહે, જ્યાં પામે સન્માન સુન્દરી.)

સર્વાંગે સ્ત્રીઓ માટે પ્રકટ થતુ માસિક.

પુસ્તક ૪
અંક ૧૦

પ્રકાશક,
બન્ધુસમાજ.

ઈ. સ. ૧૯૦૭: જુન.
વિ. સ. ૧૯૬૩: જયેષ્ઠ.

વિષયસૂચન

| વિષયવિભાગ. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| જ્ઞાનસુગન્ધ. | | ૨૧૭ |
| કાવ્યકુંજ. | | |
| માછીને. | રા. વસન્ત વિનોદી. | ૨૧૮ |
| વાર્તાલહરી. | | |
| સુશીલા. | બ્હેન A. | ૨૧૯ |
| આનન્દાશ્રમ. | | |
| ભણેલો રસોઇઓ | રા. સુમિત્ર. | ૨૨૭ |
| વિવિધવિહાર. | | |
| પત્નીનું રાત્રીભાષણ. | રા. ભિખારી. | ૨૩૧ |
| રમણીમણિમાળા. | | |
| કુન્તી. | પ્રો. બળવંતરાય ક. ઠાકોર. | ૨૩૩ |

વાર્ષિક લવાજમ રૂ. ૧—૪—૦ પોસ્ટેજ સુદ્ધાંત.

# સુન્દરીસુબોધના ગ્રાહકોને મળતા ખાસ લાભ.

**અપહૃતકુસુદઃ**—કર્તા પ્ર. ક. ધ્રુવ—એક રસમય વાર્તા: કિંમત રૂ. ૧) **ગ્રાહકોને આના** આઠ. પોસ્ટેજ જૂદું.

**વિધવા**—લેખક **વસન્તવિનોદી**; મૂલ્ય આના ચાર. **ગ્રાહકોને બે આને.** પોસ્ટેજ જૂદું.

**શોકશમન**—આ માસિકનો કોઇ ગ્રાહક જે નવા ગ્રાહકનું લવાજમ મોકલી આપશે તેને **"શોકશમન"** (કર્તા હરજીવન ત્રિભોવન) નું પુસ્તક **વિના મૂલ્યે** પોસ્ટેજ ૦—૧—૦ મોકલવાથી મળશે.

**યોગિની**—સુન્દરીસુબોધની **પહેલા વર્ષની ભેટ**—કિંમત આના ૦—૧૨—૦. નવા ગ્રાહકોને ૦—૬—૦. ટપાલ ખર્ચ. ૦—૧—૦

**કપિંજલા—ત્રીજા વર્ષની ભેટ**-કીંમત આના ૦—૬—૦ નવા ગ્રાહકને ૦—૪—૦ ટ. ખ ૦—૧—૦

**વહુને શીખામણ**—કર્તા રવિશંકર અંજારીયા, કિ. રૂ ૧ ગ્રાહકોને ૦—૧૨—૦ ટ. ખ. જુદું.

## સુન્દરીસુબોધની પાછલી ફાઈલો.

**પહેલા વર્ષની તુટક ફાઇલ.** ૦—૪—૦ ટ. ખ. ૦—૧—૦

**બીજા વર્ષની આખી બાંધેલી પુસ્તકના રૂપમાં ફાઇલ** ૦—૯—૦ ટ. ખ. ૦—૩—૦

**ત્રીજા વર્ષની તુટક ફાઇલ.** ૦—૮—૦ ટ. ખ. ૦—૨—૦

દરેક અંકમાં ઘણું ખરૂં સંપૂર્ણ લેખો આવતા હોવાથી ગમે તે અંક વાંચવાથી રસ ઓછો થતો નથી.

---

## લવાજમની પ્હોંચ.

### ત્રીજા વર્ષ પેટે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૫૮ | „ | ૯ | રા. પુરશોત્તમ નાથુરામ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૪૫૯ | „ | ૬ | રા. ઉજમસી માણેકચંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૪૬૦ | „ | ૪૦૪ | રા. વાડીલાલ નરોત્તમદાસ | અમદાવાદ. | ૧—૪—૦ |

### ચોથા વર્ષ પેટે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૬૮ | „ | ૪૦૭ | રા. છોટાલાલ મોહનલાલ આચાર્ય | ધોલેરા | ૧—૪—૦ |
| ૩૬૯ | „ | ૮૧૮ | રા. મગનલાલ ડાહ્યાભાઇ | લીંબડી | ૧—૪—૦ |
| ૩૭૦ | „ | ૮૧૯ | રા. મનસુખલાલ આત્મારામ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૩૭૧ | „ | ૮૨૦ | રા. ધીરજલાલ છબીલદાસ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૩૭૨ | „ | ૮૨૧ | રા. લલુભાઇ ખડુભાઇ | હનમાન ભાગડા | ૧—૪—૦ |
| ૩૭૩ | „ | ૧૩૭ | સૌ. કનક બ્હેન | પાલીતાણા | ૧—૪—૦ |
| ૩૭૪ | „ | ૯ | રા. પુરસોત્તમ નાથુરામ | મુંબાઈ | ૧—૪—૦ |
| ૩૭૫ | „ | ૬ | રા. ઉજમસી માણેકચંદ | મુંબાઇ | ૧—૪—૦ |
| ૩૭૬ | „ | ૪૦૪ | રા. વાડીલાલ નરોત્તમદાસ | અમદાવાદ | ૧—૪—૦ |

સુન્દરીસુબોધના નવમા અંકના પૃષ્ટ ૧૯૫ માં સ્વદેશદાઝ નામના કાવ્યમાં ચોથી લીટીમાં **"મ્હારી આ મ્હારી ભૂમિ છે"** તેને બદલે **"મ્હારી આ માતૃ ભૂમિ છે."** એમ વાંચવું:—

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત–સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉંન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફ્લતા છે. " સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશકય છે.

વર્ષ ૪ થું ] ઈ. સ. ૧૯૦૭ જુન—જયેષ્ઠ વિ. સં. ૧૯૬૩. [ અંક ૧૦ મો.

## ज्ञानसुगन्ध.

### संकट समये स्त्री.

गभरावी नाखे तेवा अवनत दशानां असह्य संकट स्त्रीओ केटला धैर्यथी सहन करे छे तेना घणा प्रसंग म्हारा जोवामां आव्या छे. जे संकटोथी पुरुष निराश थाय छे, बेहाल बने छे तेथी स्त्रीनी सर्व आन्तर् शक्तिओ बहार आवी तेनु वर्तन एटलु निर्भीक तथा उन्नत जणाई आवे छे के कोइ कोइ वखत तेने दिव्य वर्तन पण कही शकाय............ जेम, एकाद मजबुत वृक्षने लांबा वखतथी पोताना सुशोभित अंगे वळगी रहेली तथा तेने आश्रये रही सूर्यप्रकाशनां सुख मेळवती कोइ कोमळ सुन्दर वेल, ज्यारे कोइ वखत वीजळी ते वृक्षने चीरी नाखे छे त्यारे पोताना नाजुक अंगथी लाड करती वळगी रहे छे, वृक्षनी भागीत्रुटी शाखाओने जूदी पडवा देती नथी तेम, मनुष्यना सम्बन्धमां ईश्वरे एवी सरस रचना करी छे के स्त्री जे पुरुषना सुखना दिवसमां मात्र परतन्त्र तेम अलंकार मात्र होय एम जोवामां आवे छे ते पुरुषना उपर आपत्ति आवी पडे त्यारे तेना वांकाचूका स्वभावने अनुकूळ थई जई, निराशाथी नमी जता तेना मस्तकने व्हालथी टेकवी राखी, तेना शोकार्त हृदयने शान्त करी तेने एक टेको तथा दिलासो आपनार थई पडे छे.

रा. डाह्याभाई लक्ष्मणदास कृत

सुवासिनी.

---

JUL 23 1907

# કાવ્યકુંજ.

## માછીને.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાહ. )

માછીડા કયમ મારે કોમળ પ્રાણીને,
એ પણ શૂં ના જગતપતિપરિવાર જો;
એને પણ છે કોમળ કાયા તૂં સમી,
વળી મીઠો છે મોહભર્યો સંસાર જો;
　　માછીડા કયમ મારે પ્રભુના બાળને.

કૃપા કરી બળદાન દીધું પ્રભુએ ત્હને,
તે શૂં દેવા નિર્બળ જીવને માર જો;
મોંઘેરો શૂં માનવનો અવતાર તે,-
વિફરી દેવો કરતાં કડવાં કાર્ય જો;
　　માછીડા કયમ મારે નિર્બળ પ્રાણને.

સ્નેહસખી ચન્દા જો! ઉન્નત વ્યોમમાં,
હસતી વાદળીઓ શું રમતી રાસ જો;
પ્રભુગુણગાયક, ભડ અન્તર, જળ રાજવી,
શીખવે ઊંચે સૂરે પ્રેમી પાઠ જો.
　　માછીડા કંઇ શીખને. પ્રેમી ગાનને.

દયા વિનાનું જીવતર તે શા કામનું,
નીરસૂકાં જયમ ઉંડાં વ્યર્થ તળાવ જો;
બળતા વાયુ શીતળતા નહીં જ્યાં ઝીલે,
તપતાં હૈયાં જ્યાં નવ લે રસલ્હાવ જો.
　　માછીડા કયમ મારે કોમળ પ્રાણને.



મરણ પછીથી મળવા પ્રભુઘરમાંડવા,
અમર કુસુમના ધરવા કણ્ઠે હાર જો;
ફેરા ફરી ફરી મર્ત્ય જગે નવ પામવા;
ધર્મદયામાં ગુંથવા સૌ વ્યવહાર જો.
　　માછીડા કયમ મારે પ્રભુના બાળને.

વસન્તવિનોદી.

—:o:—

JUL 23 1907

# વાર્તાલહરી.

## સુશીલા.

( સ્ત્રીલેખ. )

*"ત્હારાં જેવાં રત્નો આ અધમ સ્થિતિમાં આવી પડેલા આર્યાવર્તમાં સ્થળે સ્થળે ઘેરેઘેર ઉત્પન્ન થાય, અને એવાં રત્નોની સંભાળ લે, એવા વીર પુરૂષોથી આ ભૂમી પાછી ભરાઈ રહે" એ મહેચ્છા.

સુશીલે! સુશીલે!! આ શું આવ્યું? કેટલી ઊંઘ?" ઓગસ્ટની ૧૪ મી તારીખે નાગાસાકીના સુન્દર બારામાં "દુમસ્ક" સ્ટીમર આવી પહોંચી. કેબીનમાં બારેક વર્ષની હિંદુ કુમારિકા નિદ્રામાં સૂતી હતી. તેના છુટી ગયેલા લાંબા વાળ મોરની કળાની માફક ગરદનની આસપાસ છવરાઈ ગયા હતા, અને દરિયાની સપાટીપર થઇને આવતી ધીમી લ્હેરોને પોતાના સુગન્ધથી સુવાસિત કરતા હતા. નિદ્રામાં તે મધુરૂં સ્વપ્નું જોતી હતી. એટલામાં બાવીશેક વર્ષનો યુવાન ધમધમાટ કરતો કેબીનમાં આવ્યો અને સુતેલી કુમારિકાનો હાથ પકડી બોલી ઉઠયો "સુશીલે! સુશીલે!! આ શું આવ્યું? કેટલી ઉંઘ?" સુશીલા ઝબકીને જાગી પણ પરિચિત જનને જોઈ શાંત થઈ અને આંખ ચોળતી જ બોલી ઉઠી "શું આવ્યું?" યુવાન તેનો હાથ પકડી તુતકપર લઈ ગયો. સુશીલા જોઇને હર્ષ પામી. તેણે શું જોયું? તેણે જોયું કે સ્ટીમરે નાગાસાકીના સુન્દર બારામાં લંગર કર્યું હતું, સંધ્યાનો સમય હતો, ખડકોની હારની હારથી બારૂં શોભતું હતું ને લીલી વનસ્પતિથી છવરાઈ ગયું હતું. આજે નાગાસાકીના વતનીઓનો "બોનમસ્તુરી"—મરણ પામેલાંને મળવાનો તહેવાર—હોવાથી નજીક નજીકનાં કબરસ્તાનો રોશનીના પ્રકાશથી ઝાકઝમાળ થઈ ગયાં હતાં. લાકડાંના ઘરોના જુદા જુદા મહોલ્લા અને મજલામાંથી ક્વચિત ક્વચિત દીવાઓનો પ્રકાશ નજર આવતો

---

અર્થઃ—જગતપતિપરિવાર=પ્રભુનાં સંતાનો. તુંસમી=ત્હારા જેવી. વિફરી દેવો=ગુમાવી દેવો. સ્નેહસખી=હાળ સખી. ઉન્નત વ્યોમમાં=ઉંચા આકાશમાં. વાદળીઓ શું=વાદળીઓ સાથે. પ્રભુગુણગાયક=પ્રભુનો મહિમા જણાવનાર (જળ). ભડ અન્તર=પોતાના ઉંડા અંતર્ભાગમાં, રાજવી=ચળકાવીને. નીરસૂકાં=પાણી વિના સુકાઈ ગયેલાં. લ્હાવ=લ્હાવો. મેળવવા. મર્ત્ય=નાશવંત.

* સુન્દર અને વિદ્યાનંદ.

હતો. સર્વ પેસંજરો ( ઉતારૂઓ ) ઉતરવાને તૈયાર થઈ ગયાં. કોઈ સ્વદેશમાં ઉતરવાથી હર્ષમાં હતાં, ત્યારે કોઈ પરદેશમાં પગ મૂકતાં દીલગીર થતાં હતાં. કોઈ સગાં સ્નેહીઓને મળવાની આશામાં હતાં ત્યારે કોઈ તેઓના વિયોગથી નિરાશામાં હતાં. સર્વની સાથે ચંદ્રરાય, સુશીલા, તેનો વૃધ રસોયો અને મિસ. ક્રો પણ ઉતર્યાં અને નજીકની હોટલમાં ઉતારો લીધો.

સુશીલાનો પિતા એક સરકારી નોકર હતો. તેને રમણલાલ અને ન્હાનાલાલ બે પુત્ર હતા. ન્હાનાલાલ પછી પંદર વર્ષે સુશીલાનો જન્મ થયો હતો. રમણે એમ૦ ડી૦ ની ડીગ્રી મેળવી અને ન્હાનાલાલ બારીસ્ટર થયો એટલે તેના પિતાએ પેન્શન લીધું. સમયના પ્રમાણમાં આ કુટુંબ વિદ્વતા ભરેલું ગણાતું. આવાં સારાં કુટુંબમાં સુશીલાને બાલ્યાવસ્થાથી જ પ્રસંશાપાત્ર શિક્ષણ અપાવા લાગ્યું. સુશીલાનું સગપણ તેના પિતાના મિત્રના પુત્ર સાથે કરવામાં આવ્યું હતું અને તેના પતિનું નામ ચંદ્રરાય હતું. ચંદ્ર બોલવામાં વાચાળ, ભણવામાં ચાલાક અને આનંદી તેમ જ કાંઈક લહેરી પ્રકૃતિનો હતો. સગપણ પછી ટુંક મુદતમાં જ ચંદ્રનો પિતા ગુજરી ગયો અને તેની સર્વસંભાળ માતાને શીર આવી પડી. ચંદ્રની માતાના અત્યાગ્રહથી અને લાયક ઉમરે વળાવવાની તેની કબુલાતથી તેમ જ મિત્રપત્નીને નારાજ ન કરવાના હેતુથી શ્વસુર ગુજરી ગયા પછી વર્ષે દશ વર્ષની વયે સુશીલાનાં લગ્ન થયાં. લગ્ન પછી ત્રણ માસની મુદતે ચંદ્રની માતા પણ ગુજરી ગઈ અને વીસેક વર્ષની નાની વયમાં ચંદ્ર મોટી મીલકતનો વારસ થયો. ઈંટરની પરિક્ષાંમાં તે નાપાસ થયો અને અભ્યાસપરથી તેનું મન ઉઠ્યું. તેનો પિતા એક જબરો વેપારી હોવાથી કુદરતી રીતે જ ચંદ્રનું મન અને વલણ વેપાર તરફ હતું; તેમ જ પુત્રનો નાનપણથી જ તે તરફનો શોખ જોઈ તથા પતિઆજ્ઞા યાદ લાવી પોતાની હૈયાતીમાં ચંદ્રની માતા વખતોવખત વેપારના ફાયદા વગેરે જણાવી પુત્રનો ઉત્સાહ વધારતી અને અનુમોદન આપતી.

લગ્ન થઈ ગયેલાં હોવાથી હિંદુ રિવાજ અનુસાર તહેવાર વગેરે પ્રસંગે સુશીલા વખતો વખત સાસરે આવતી. પરિચયને લઈને ચંદ્ર તરફ સુશીલાનો પ્રેમ ઉત્પન્ન થયો; પણ તે પ્રેમ હજી બાલક ભાવનો જ હતો. ચંદ્ર સાથે વાતચીત કરવી તેને ગમતી. ચંદ્ર પાસે તે ઘણી વખત આલબમ ( છબીઓ રાખવાની ચોપડી ) માંહેની છબીઓ નિહાળતી અને વખતે બાલકને મળતી જ અજ્ઞાનતાના વિચિત્ર સવાલો પૂછતી.

દીવાળીના તહેવારને દિવસે સવારે આઠ નવને શુમારે ચંદ્ર રસ્તાપર પડતી દીવાનખાનાની બારીમાં ખુરશી નાંખી બેઠો હતો. બારી સરિયામ રસ્તાપર પડતી હતી. માણસો ઉમંગભેર આવજા કરતાં હતાં. સ્ત્રીઓ શોભીતાં વસ્ત્રાલંકાર ધારણ કરી કોઈ દેવદર્શને નીકળી હતી, કોઈ કોઈ પુત્રી જમાઈને નોતરવા જતી હતી. આ સર્વ જોવામાં ચંદ્ર ગુલતાન થઈ ગયો હતો. એવામાં સુશીલાએ પછવાડેથી આવી પગના અંગુઠાપર ઊંચી થઈ ચંદ્રની આંખપર હાથ ઢાંક્યા. ચંદ્ર હાથ અને બંગડી ઓળખીને હસી પડ્યોને બોલ્યો—"ઓહો આજ તો કાંઈ અત્યારમાં જ પગલાં થયાં?" સુશીલા પોતાના બાલભાવમાં જ મસ્ત હતી. ટેબલપર પડેલી બુકમાંથી ચીત્રો કાઢી તેમાંથી તરેહવાર બાલકને મળતા સવાલ પૂછવા લાગી. (નાપાસ) ચંદ્ર એકીને એકી જ નજરે તેનાં સામું જોઈ રહ્યો. આટલા દિવસ સુશીલાની નિર્દોષ બાલ્યાવસ્થામાં તેને અમુક જાતની ગમત પડતી અને રમુજ પેદા થતી, પણ કોણ



જાણે શાથી આજે તેની તે જ બાલ્યાવસ્થાનો તેને કંટાળો આવ્યો, અને મનમાંજ બોલી ઉઠ્યો કે "બસ હજી પાંચ વર્ષ સૂધી આવી છબીઓ જ બતાવ્યા કરવી!" સુશીલા શેત્રંજ રમવા હઠ કરવા લાગી પણ ચંદ્રની મશીઆઈ બ્હેન આવવાથી સુશીલા અંદરના ભાગમાં ગઈ. ચંદ્ર એકલો પડ્યો અને વિચારે ચડ્યો—"સાળું વાંચીને મરી ગયા તો પણ ફેઈલ (નાપાસ)! ગુજરાતી કરતાં પ્રમાણમાં પારસી વધારે પસાર થાય છે, પણ થાય તેમાં શી નવાઈ? પરિક્ષક અધીકારી પારસી. પક્ષપાત થાય છે કે કેમ? એ તો કોણ જાણે. પણ ઘણાને શંકા થાય છે ખરી. હવે ઇંગ્લીશ ભાષા સારી આવડી. વધારે અભ્યાસની શી જરૂર છે? હવે તો દેશાટણ કરી વેપારી લાઈન જોઈન કરવી ( ધંધામાં ભળવું ). પણ પહેલું ક્યાં જવું? વિલાયત નહિ. ત્યાં ઘણા જઈ આવ્યા. રશીઆ? તેમાં શું જોવાનું જ છે? તુર્કસ્તાન? એતો જંગલી દેશ. હા! ટુંક મુદતમાં જ જાહોજલાલીમાં આવેલા જાપાનમાં જઈ વેપારમાં માહીતગાર થવું." તેણે પોતાનો વિચાર દ્રઢ કર્યો અને વિશેષમાં સુશીલાને સાથે લઈ જવાનું નક્કી કર્યું.

સુશીલાના પીયરપક્ષને સમજાવી સુશીલાને સાથે લઈ જાપાન જવા ઉપડ્યો, અને જેને આપણે નાગાસાકીના બારામાં ઉતરતાં જોયાં તે ચંદ્ર અને સુશીલા જ હતાં. મુંબઈથી સ્ટીમર રસ્તે જતાં પીનાંગબેટ માંહેથી તેની સાથે એક યુરોપીઅન સ્ત્રી ચડી. તેનું નામ મિસ ક્રો હતું. તેને પૂછતાં જાહેર કર્યું કે તે એક કુમારિકા છે, અને દેશ જોવા માટે નીકળી છે, તથા થોડા દીવસ જાપાનમાં રોકાનાર છે. તેની સોબતથી ગમ્મતમાં જ મુસાફરી પૂરી થઈ. તુરતને માટે મિસ ક્રો પણ ચંદ્રસુશીલાની સાથે જ રહી.

ચંદ્રને જાપાનમાં આવ્યાંને બે વર્ષ થઈ ગયાં હતાં. હજી પણ મિસ ક્રો તેની સાથે જ રહેતી. ધીમે ધીમે મિસ ક્રો સાથે ચંદ્રને પરિચય વધતો ગયો. ફરવા જતી વખતે અવનવાં બ્હાનાથી ચંદ્ર સુશીલાને ઘણી વખત ઘેર રાખતો અને તે તથા મિસ ક્રો ફરવા જતાં. મિસ ક્રોની ઓરડીમાં ચંદ્ર કલાકોના કલાક પસાર કરતો, પણ સુશીલાએ વગર રજાએ ત્યાં જવું એ વિવેક વિરૂદ્ધ ગણાતું. હવે તો નોકર ચાકરોમાં વાત ચર્ચાવા માંડી. સુશીલાની ઉમર ચૌદ વર્ષની થઈ હતી. હવે તે બધું સમજતી. પતિની વાત કરનાર નોકરોને તેણે એકથી વધારે વાર તુચ્છકારી કાઢ્યા, પણ પછી તો સુશીલાને શંકા થવા લાગી, અને તે શંકા સાચી ઠરવાનાં મજબુત કારણો મલવા લાગ્યાં. સુશીલા ચેતી પણ વખત ચાલ્યો ગયો; એક મુગ્ધાથી બની શકે એટલા સર્વ ઉપાય તેણે પતિને સુધારવાના કર્યા, પણ તે સર્વ વ્યર્થ જ ગયા. સૌંદર્યમાં જો રંગનેજ પ્રધાનપણું ન આપવામાં આવે તો સુશીલા કરતાં મિસ ક્રો કોઈ રીતે ચડી શકે જ નહિ. સુશીલાનો સર્વ દેખાવ સાદો અને પવિત્ર હતો. તેના સૌંદર્યમાં તેનું સહજપણું વધારો કરતું હતું અને તેના ખુબસુરત ચહેરામાં મનોહર માર્દવ અને માધૂર્ય વસી રહેલું હતું. મિસ ક્રોનું સૌંદર્ય કૃત્રિમતાથી દુષિત થયેલું હતું; અને સહજ સાદાઈથી સ્ત્રીની મોહની મુખ્યત્વે પ્રબલતા પ્રાપ્ત કરે છે, તેનો તેમાં તોટો હતો. ચંદ્ર બુદ્ધિવાન હતો, પણ હાલ સુશીલાની બાબતમાં સહૃદયતાના માર્દવ વિના તેની બુદ્ધિ શુષ્ક જણાતી હતી. સુશીલાની કોમળતાનો વિચાર તેને આવી શકતો નહિ. સુશીલા હવે બધું સમજતી અને એકાંતમાં પોતાનાં નયન નીચાં ઢાળી દઈ ઝુરતી. કેટલીક

વખત શોકમાં જ બોલી ઉઠતી કે " પતિ સાથેની નિર્દોષ રમતગમતની સોનાની પળ વહી ગઇ, ચ્હાલી ગઇ, તેને જતાં વાર લાગી નહિ, અને મેં તેની કીમત જાણી નહિ. " તેના મુગ્ધ ચહેરા પર ઉદાસીનતાનો પટ પડયો રહેતો. ચંદ્રને સુશીલા સાથે વાત કરવાનો સમય પણ હવે ન્હોતો મળતો. સુશીલાની તેને દરકાર ન હતી. જાપાનીસ મિત્રો પાસે તે સુશીલાને આયા તરીકે ઓળખાવતો. તેઓ આયાના સૌંદર્ય તરફ આશ્ચર્ય પુર્વક જોતા, અને ત્રીરાશીની રીતિએ હિંદુ અબળાઓનો ખુબસુરતી માટે તે હવાઈ કલ્પના બાંધતા. આયા સુશીલાપર પણ દીન પ્રતિદીન કામનો બોજો વધતો ચાલ્યો. ફરવા જતી વખત મિસ ક્રોનાં કપડાં હાજર કરવાં, હાથ પગ કે મોં ધોતી વખત સાબુની પેટી ને નેપકીન (ન્હાનો રૂમાલ) લઈ ઊભું રહેવું, અને મિસ ક્રો ના ઉંચી એડીના બુટ સાફ કરવા, એ સર્વ કામ આયા સુશીલાનું જ હતું.

આ અજાણ્યા મુલકમાં સુશીલાની દયા જાણનાર તેની એક વિધવા પાડોશણ હતી. તે વખતોવખત હિંમત આપતી ને કહતી કે, " દેશમાં જશો એટલે આમાંથી છૂટશો. " પણ તેમાં એ નિરાશ થવાનો સમય આવી લાગ્યો. દેશમાં જવાની તૈયારી થવા લાગી અને ચંદ્રનાં કપડાં સાથે મિસ ક્રોનાં કપડાં બંધાવા લાગ્યાં. વિદાય થતી વખતે તેની પાડોશણ બોલી " બ્હેન ધૈર્ય રાખજે, અને તેને પરિણામે તું સંપુર્ણ સુખી થઇશ જ. પણ તે સુખની મધ્યે ક્ષણભર સાત્વિક અનુકુળ વેદના રૂપે આપણા વિયોગને લઇને થયેલા ખેદને થવા દેજે અને તારા જેવી સાલસ પુત્રીના વિયોગથી મારૂં દુઃખ અને તારો સ્નેહ જણાઈ આવે એવા મિશ્ર નિશ્વાસ સાથે દુઃખી ' એનેટી ' ને યાદ કરજે. " ' એનેટી ' અને સુશીલા માતા પુત્રીને સંબંધે રહ્યાં હતાં એટલે આ વિયોગ તે બન્નેને વધારે લાગ્યો.

જાપાન દેશની ઉચ્ચતર સ્થિતિ થવાનાં કારણો સુશીલાએ શોધ્યાં તો તેમાં શીલ્પકળા, આરોગ્ય, શક્તિ, હીંમત, કુટુંબનો જંપસંપ, પ્રજાની સ્વતંત્રતા, જરૂરીઆત ચીજોનો પુરતો જથ્થો અને તેનાં દેશમાં કારખાનાંઓ, ઉદ્યોગની ટેવ, આળસનો ધીક્કાર, કાયદાને તાબે રહેવું, સદ્ગુણની સ્પર્દ્ધા, માતાપિતાની પૂર્ણ ભક્તિ અને સ્વધર્મમાં દ્રઢ આસ્થા—એ જોયાં. અને તે સર્વ હીંદનો ઉદય થવામાં મદદ રૂપ થાય એમ ઇચ્છવા લાગી.

સર્વ સ્ટીમર પર ચડયાં. આયાને કેબીનમાં જગ્યા મલી નહિ. જાપાન દૂર જવા લાગ્યું. મિસ ક્રો પૂર્ણ વિજયાનંદમાં હતી. ચંદ્રરાયમાં આવેશી અને લહેરી અવર્ણીય ભાવ મિશ્ર થયો હતો. તે સર્વ જોઈ સુશીલાએ ઉદાસીન ભાવથી પ્રેમભક્તિ સુચક નિશ્વાસ પૂર્વક આકાશ સામું નિહાળ્યું અને તેના ચહેરા પર પવિત્રતાનો મધુર પ્રકાશ પ્રકાશી નીકળ્યો.

સર્વ વડોદરે આવ્યાં. "ચંદ્ર મડમ લાવ્યો" એ વાત પવનની માફક ગામમાં પ્રસરી રહી. સુશીલાના પીયરપક્ષને ખબર પડતાં મોટી ભાભી અને ન્હાનાલાલને મોકલ્યાં. ચંદ્ર અને મિસ ક્રો દીવાનખાનામાં હતાં. સુશીલા મિસ ક્રોનાં બુટ સાફ કરતી હતી. ન્હાનાલાલને જોઇ ચંદ્ર ઉઠયો ને બીજા હોલમાં ગયો. સાળાએ બનેવીને ઘણો સમજાવ્યો. સાળો બારીષ્ટર હતો ત્યારે સામો કરોડાધીપતિ હતો. તેને સર્વ ઉડાવનારા જવાબ દેવાથી બ્હેનને મલ્યા વગર જ ભાઈ દીલગીરીથી ચાલ્યો ગયો. સુશીલાને પીયરથી એક વાગે ગાડી તેડવા આવી, પણ ચાર વાગે મિસ ક્રોને ફરવા જવાનું હઈ તેને રજા મલી શકી નહી. ગાડી પાછી ગઈ ને ફરીથી ચાર



વાગે આવી. રજા મલવાથી સુશીલા ગઈ. માદીકરીની નજર એક થતાં પણ પરાણે રોકી રાખેલાં આંસુનો પ્રવાહ ચાલ્યો. હમેશાં પોતાના કરતાં પોતાનાં બચ્ચાઓનું દુઃખ વાત્સલ્યથી ભરપુર હૃદયનાં માવિત્રોને અતિ વધારે લાગે છે. નરસિંહ મહેતા જેવા વૈરાગ્યવાન અને સાધુપિતાને સ્વજ્ઞાતિ તરફથી કડવી મશ્કરી અને અપમાનથી કાંઈ ન લાગ્યું, પણ પુત્રીને ઓશીયાળી જોઈ ઘણું લાગ્યું અને—

" દુરથી આવી દીઠી દીકરી, મહેતાએ સમર્યા શ્રીહરી. "

કુદરતી રીતે જ પુત્રીને જોઈ મામેરાંની ચીંતાનું દુઃખ જણાયું; ત્યારે સંસારીઓની શી વિસાત ? માતાના ખોળામાં સુશીલા પુષ્કળ રોઈ. બીજાં દુઃખના પ્રમાણમાં સ્ત્રીજાતિમાં શોક્યનું દુઃખ મોટું ગણાય છે શામળભટ કહે છે કે—" સૌ દુઃખ સંસારમાં શોક્ય સમાન કશું નથી. "

માતા અને ભાઈભોજાઇએ ઘણા પ્રશ્ન પૂછ્યા, પણ સુશીલાથી એક પ્રત્યુતર પણ આપી શકાયો નહિ. ઉત્તર આપવા તે યત્ન કરતી, પણ અશ્રુથી તેનો કંઠ રોકાઈ જતો. સમય પૂરો થવાથી સુશીલા ઘેર જવા તૈયાર થઈ. સર્વનો મત સુશીલાને ત્યાં ન જવા દેતાં અત્રે રાખવાનો થયો, પણ સુશીલા સર્વને સમજાવી પોતાને ઘેર ગઈ.

આમને આમ પંદરેક દીવસ પસાર થઈ ગયા. ભાઇબંધો અને સગાં સંબંધી ચંદ્રને સમજાવવા આવવા લાગ્યાં, પણ કોઇનું ન માનવાથી તેના તરફ સર્વ તીરસ્કારથી જોવા લાગ્યા. આ સર્વથી કંટાળીને મિસ ક્રોને લઈ ચંદ્ર મુંબઈ જવા તૈયાર થયો. જવા અગાઉ એક દિવસે સુશીલા પીયર મળવા ગઈ. સર્વ સુશીલાની જ વાતમાં રોકાયાં હતાં; તેમાં દુઃખની મૂર્તિ સુશીલાને જોઈ તેની મા બોલી ઉઠયાં " અરે મેં શું પાપ કર્યું હશે કે મારી સતી ને ગાય જેવી દીકરીનું દુઃખ જોવા વારો આવ્યો ?" સુશીલા બોલી "બા, આખો દિવસ કલ્પાંત કરવાથી શું વળશે ?" સુશીલાના પીયરપક્ષે ચંદ્રનું મુંબઈનું પ્રયાણ સાંભળ્યું હતું. સુશીલાને ત્યાં ન જ મોકલવી એવું સર્વેએ નક્કી કર્યું હતું અને બ્હેનને સમજાવવાનું બન્ને ભાઇએ શીર લીધું હતું. પ્રસંગ નીકળતાં રમણે વાત છેડી—"બ્હેન, હશે, થયું તે થયું, પણ હવે મુંબઇ જવાનું તમે માંડી વાળો એટલે થયું.

ભાભી—"હા બાઈ, અમારા તરફ તમારી કૃપા માનીશું."

સુશીલા—"મારાથી તેમ બનવું અશક્ય છે. અહીં રહેવાથી મારૂં કર્તવ્ય પુરૂં થયેલું તમે માની શકો છો ? અહીં રહેવાથી મારો ધર્મ સચવાયો તેમ તમે કહી શકશો ?"

ન્હાનાલાલ—"ધર્મ ! ! કેવી સમજ ! સામા માણસે પોતાનું પ્રોમીસ (વચન) તોડયું છે, ધર્મ છોડયો છે, તો બીજું તે પાળવા બંધાયેલ નથી. તમને દુઃખી કરવાનો તેણે યત્ન, અરે ઇરાદાપૂર્વક યત્ન કર્યો છે તેથી કાયદો તમને તમારા ધર્મથી મુક્ત કરે છે." બારીસ્ટરે કાયદાને પકડયો.

સુશીલા—"પશ્ચિમ દેશમાંથી આવેલો સરકારી કાયદો મુક્ત કરતો હોય તો કોણ જાણે, પણ શાસ્ત્રનો, માતાની અમુલ્ય શીખામણોનો અને આર્ય અબળાની આબરૂનો કાયદો મને મુક્ત કરતો હોય એમ મારાથી માની શકાતું જ નથી."

ભાભી—"બ્હેન, ત્યાં ગયા પછી સુખી થવાની આશા રાખતાં હો તો ભૂલ થાય છે."

સુશીલા—"ત્યાં ગયા પછી સૂખી થવાય કે દુ:ખી? એ સવાલ જ નથી."

ન્હાનાલાલ—"ત્યારે શું તમે એમ માનો છો કે અહીં રહેવાથી તમને કોઇ જાતની અડચણ પડશે? તમે નક્કી માનજો કે મોટા ભાઈ અને મારી સાથે તમે અમારો ત્રીજો ભાઈ જ છો અને હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે આ ઘરમાંથી જે કાંઈ તમને જોઇએ તે અમારે ન જોઇએ. અરે તે અમારે શીવનિર્માલ્ય છે."

સુશીલા—"વ્હાલા બન્ધુ! તમારી ઉદારતાની મને ખાત્રી છે. અહીં રહેવાથી મને અડચણ પડશે કે કેમ? એ શંકાને મારા હૃદયમાં સ્થાન જ મળ્યું નથી. કારણ જવાનો મારો દ્રઢ નિશ્ચય છે."

રમણ—"બ્હેન માણસો કહેશે કે પીયરપક્ષ સબળ છતાં એકની એક પુત્રીને દુ:ખમાંથી છોડાવી શકતાં નથા. એ શબ્દ શું આબરૂવાન અને સંપત્તિવાન કુટુંબને હીણપત લગાડનારા નથી?"

સુશીલા—"ત્યારે સીધા રસ્તાને ભૂલી જઈ આડે રસ્તે ઉતરી ગયેલ પતિને તેની તેજ સ્થિતિમાં અથડાવા દઇ માવિત્રપક્ષના વૈભવમાં આનંદ ભોગવવો, તે આર્ય બાળાને હીનપત લગાડનારૂં નથી? પીયરપક્ષ નિર્બળ હોય અને શ્વસુર પક્ષનાં દુ:ખો સહન કરે એ તો **વૃદ્ધા નારી પતિવ્રતા** જેવું, પણ પીયરપક્ષમાં સર્વ સગવડ છતાં શ્વસુરગૃહનાં દુ:ખો સહન કરે એને જ હું તો ઉત્તમ માનું." જાણે એક જબરો વકતા વિદ્વાનોની સભામાં પોતાની કુદરતી વકર્તૃત્વશક્તિનો સઘળો ભંડાર ખોલી નાખતો હોય નહિ? એવી છટા તેના બોલવામાં જણાવા લાગી. રમણ મનમાં જ બોલી ઉઠયો કે—"આપણા-નિર્ધન ગણાતા ભારતમાં કાંઇ પણ બાકી રહ્યું હોય તો આર્ય બાલિકાઓની ઉદારતા, સ્નેહ, દયા, સહૃદયતા અને પતિભક્તિ શિવાય કાંઇ પણ નહિ."

ન્હાનાલાલે ફરીથી કોશીષ કરી—"પણ બ્હેન, તું જાણતાં છતાં કેમ ભૂલ ખાય છે કે ઇંગ્લાંડમાં આવા કિસ્સાને અંતે અમીર ઉમરાવના કુળની લેડીઓ (સ્ત્રીઓ) કોર્ટ સુધી પગલું ભરતાં પણ અચકાતી નથી?"

સુશીલા—હું માનું છું કે તેમ બનતું હશે પણ એ તો સ્વઇચ્છાએ અને સ્વતંત્રતાએ વર્તનારી, અનેક જનનાં મનહરણ કરનારી, પશ્ચીમ દેશની અપસરાઓને જ શોભે; નહિ કે પતિમંદીરને જ સર્વ સૂખનું ધામ માનનાર આર્ય દેવાંગનાઓને માટે તે હોય. સમગ્ર સમૃદ્ધિથી ભરપુર અને વૈભવવાળા પીયરપક્ષમાં રહેવા કરતાં દાસી તરીકે પણ પતિમંદીરે રહેવાનું હું વધારે પસંદ કરૂં છું. વળી તેઓમાં ગમે તેવી ખામી હોય તો પણ એક વફાદાર આર્ય પત્ની તરીકે મારે તેમને ચ્હાવા જ જોઇએ અને પુજ્ય ભાવથી વર્તવું જ જોઇએ. એ મારી ફરજ છે. અને એ પવિત્ર ફરજ યથાયોગ્ય રીતે બજાવવાની મને હીમત આપો." દુ:ખ અને ફરજની મિશ્ર લાગણીમાં વડીલોની હાજરી વિસરાઇ ગઇ અને અજાણતાં જ હૃદયાન્તર્ભાગની કોમળ લાગણીનું ઉંચા આશયોથી ભરપુર અસરકર્તા ચિત્ર ખડું કરવા લાગી. તેના નિર્મળ પવિત્ર વિચારોનો મૃદુ પ્રકાશ તેના મુખપર ઝળકવા લાગ્યો. તેણે વાતચીતમાં જ જણાવી આપ્યું કે તે ધાર્મિક માતાની પુત્રી અને આર્યાવર્તનાં એક રત્નને લાયક જ હતી. આ સર્વ વાતચીત તેની માતા અને પિતા એક ધ્યાનથી સાંભળતાં હતાં.



તેનો પિતા ગંભીર ને થોડાબોલો હતો; પણ સુશીલાના વાક્યના છેલ્લા અક્ષર પછી તુરત જ બોલી ઉઠયો કે, "કમનશીબ પુત્રી!! પરમાત્માએ તને સુખની અનુકુળતા ઘણી ઓછી બક્ષી છે, તો પણ ડહાપણ અને સુનીતિના ભંડારથી તને નશીબવાન બનાવી છે. આટલું કહેવું પણ તારા મનમાં ન વસ્યું તે તારી ઉંચી પતિભક્તિ અને પતિપ્રેમ સાબીત કરે છે. બ્હેન, પરમાત્મા તારી કસોટી કરે છે, પણ સહનશક્તિ વધારી તારી પતિભક્તિમાં તું દ્રઢ રહેજે. જે માણસ દુ:ખ સહન કરી શકતું નથી, તેના હૃદયમાં કાંઈ મહત્વ હોતું નથી. આ કસોટીમાં પણ તારાં શ્રેયને માટે જ જેનો ઉમદા હેતુ હશે, તે પરમાત્માને તારી પતિભક્તિ અને સદ્‌ગુણથી તું પ્રિતિપાત્ર થા એવી મારી અંતઃકરણની આશીષ છે." માતાએ કહ્યું "સુશીલા! સુશીલા!! તારાં દ્રષ્ટાંતથી શિક્ષા લઈ ક્ષુદ્ર અબળા પણ આ ભવસાગર તરી જશે. તને છેલ્લું કહેવાનું એ જ કે તારા પતિ તરફ અચળ પૂજ્યભાવથી વર્તી તેનો પ્રેમ પાછો મેળવજે, અને કૃપાળુ ઇશ્વર તને સહાય કરશે જ એમ મારૂં અંતઃકરણ સાક્ષી પૂરે છે." છેલ્લે સર્વને સમજાવી સુશીલા ઘેર ગઈ. ઝરૂખામાં તેને ચંદ્ર મલ્યો. તે રસ્તાપર જોતાં જ બોલ્યો "પીયર ન રહેવું હોય તો અહીં રહેવું. સાથે આવવા જરૂર નથી." સુશીલા કોમળ ને મધુર તોપણ હૃદયભેદક ને સબળ અવાજે બોલી "સ્વામી!! મારા પર દયા કરો. ઘણાં માણસો અને દેવોની સમક્ષ મારી જાત આપને અર્પણ થયેલી છે; તો તેને આપની સેવામાં જ રાખો. હું આપના ઘરમાં દાસી તરીકે રહીશ અને આપના ઘરમાં હલકું ગણાતું કામ કરવામાં પણ વિલંબ કરીશ નહિ. આપનાં હૃદયને મારા તરફ વજ્ર થવા દેશો નહિ, અને મારાં જેવાં નિર્ભાગીને આપની દયાનો નકાર વાસશો નહિ. છતાં પણ સાથે આવવાની મને સખ્ત મનાઇ કરશો તો મારાં નવાણું ટુંકા ભાગ્યમાં સામું મળી જશે; અને છેલ્લો આશ્રય હું પીયર ન જતાં સ્મશાનમાં જ શોધીશ કે જ્યાં આગળ મારો અવસ્ય સ્વીકાર થશે." પોતાના આસ્તીક દેવની પાસે પોતાના એકના એક પુત્રના જીવની ખાતર અરજ કરનારી માતા જેવી દીનતા અને પૂજ્યભાવની છાપ સુશીલાના મુખપર સ્પષ્ટ જણાવા લાગી. બોલતી બોલતી શોક અને નિરાશાથી ફીક્કી પડી ગઇ. ચંદ્રનું મન કાંઇક શુભ સંસ્કારવાળું માલૂમ પડયું અને સુશીલાની અતિ દીન પ્રાર્થનાએ તેના હૃદયમાં સેહેજ દયા પ્રકટ કરી, અને સાથે આવવા રજા મલી. તે દયા સાથે મિસ ક્રોની ખાસ રજા મળેલી હતી. કારણ અઠવાડીઆં પહેલાં સુશીલાને પીયર મોકલવા માટે સખ્તાઇ કરવામાં આવી હતી, અને સુશીલા એક રાત્રી અને એક દીવસ પતિના જ બારણામાં ઉભી રહી; દરમ્યાન ત્રણ આયા બદલાંઇ ગઇ પણ સુશીલા જેવી ગરીબ અને કહ્યાગરી આયા તેને મળી ન્હોતી. આજ સુધી સુશીલાને કાંઇક આશા હતી, પણ આજથી તે સર્વ આશા નિરાશામાં જ લીન થઇ ગઇ. આજથી તેણે પોતાની સર્વ નૂતન આશાને પતિભક્તિના યજ્ઞમાં હોમી દીધી, બાળી દીધી, જલાવી દીધી, ધખધખવા દીધી અને ભસ્મભૂત થવા દીધી. યુવાનીની સર્વ ઇચ્છાઓનો—પ્રબળ ઇચ્છાઓનો તેણે એક તપસ્વીની માફક સંપૂર્ણ નિગ્રહ કર્યો.

મુંબઇ ગયા પછી પંદરેક દીવસે રમણની વહુને નણંદનો પત્ર મલ્યો. તેમાં લખ્યું હતું કે "મારા પતિ મિસ ક્રોના "લવ" (પ્રેમ)માં વધારે વધારે ફસાતા જાય છે. તેના આગ્રહથી આવતે રવિવારે ખ્રીસ્તી થઇ ત્યાર પછીને રવિવારે જાહેર લગ્ન કરનાર છે. પતિની અર્ધાંગના

હઇ મારે પણ એ જ ધર્મ અવલંબન કરવો જ પડશે. અરેરે! વ્હાલાં ભાભુ!! શું એક થાળી અને એક પંગતમાં છેલ્લાં જ જમ્યાં? બનતો પ્રયાસ ચાલુ રાખ્યો છે, પણ હવે સમય ઘણો થોડો રહ્યો વગેરે." પણ કોણ જાણે શાથી ચંદ્ર અને મિસ ક્રો વચ્ચે કાંઇક ઉંચા મન થયાં જણાતાં હતાં. નોકરો માંહોમાંહે વાત કરતા કે–"બાબુ સાહેબે મેમ સાહેબની રજા વિના આયા માટે કપડાં લીધાં તેમાંથી થયું" ત્યારે કેટલાક કહેતા કે "પેલો લશ્કરી અમલદાર મેમ સાહેબ પાસે બહુ આવે છે તેમાંથી થયું." એટલામાં એક અકસ્માત બન્યો. શનીવારને પરોડીએ મીસ ક્રો પગે ચાલીને ફરવા ગઇ, તે રાત્રીના અગીઆર થતાં પણ ઘેર આવી નહિ. ઘરમાં તપાસ કરતાં પાંચેક હજારનો માલ ગયેલો જણાયો. પેલો લશ્કરી અમલદાર પણ ગામમાં જણાયો નહિ. ઘણો તપાસ કર્યો પણ કાંઇ પતો લાગ્યો જ નહિ. ચંદ્ર ઘણું ખીજાયો ને પસ્તાયો. એ દિવસ બહાર પણ નીકળ્યો નહિ. ઘર અરે સૂવાના હોલ બહાર પગ દેવાની પણ હીમત ચાલી નહિ. બીજા દિવસની રાત્રીના દસનો સમય હતો. છેટે છેટેથી ગરબાના અને હારમોનીઅમના સુર આવતા હતા. તે મિસ ક્રોના જ વિચાર કરતો હતો એટલામાં પાડોશના બંગલામાંથી સૂર આવવા લાગ્યો—

"અલિ ભૂલી ભાન તું શાને ભમે છે,
"ચંપો તજી શું ગુલાબ ગમે છે— ભૂલી ભાન.
"ગુલાબમાં કાંટા છે તે પાંખો તારી ફાટી જશે,
"પછી તું પૂરો પસ્તાશે રાચીશું રહે છે." ભૂલી ભાન.

ભ્રમરને ઉદ્દેશીને ગવાયલું ગાયન ફરી ફરી ગવાવા લાગ્યું, અને ફરી ફરી સંભળાવા લાગ્યું. ગાયનના અર્થ સાથે તેની સત્યતા સમજાઇ. બળતામાં ઘી હોમાયું. છાતી સૂધી શાલ ઓઢી પલંગ પર સૂતો, અને પસ્તાવો વધતો ગયો. વિચારમાં જ સુશીલા અને ક્રોનો મુકાબલો કરવા લાગ્યો. કલિના ગયા પછી જેમ નલરાજાના શુભ સંસ્કારો ફરીને જાગ્રત થયા હતા, તેમ મિસ ક્રો રૂપી કલિના ગયા પછી ચંદ્રના શુભ સંસ્કારો ફરીને જાગ્રત થયા. સુશીલા તરફ શુદ્ધ સ્નેહની લાગણી પેદા થઇ, પણ પોતાનું નિંદિત ને અન્યાય ભર્યું કૃત્ય અને સાથે સુશીલાનું ડહાપણ, પોતાના તરફથી તેને અપાયલો અન્યાય વગેરે યાદ આવવાથી દિંગ્મુઢ બની ગયો. તેને શું કહેવું? કેમ બોલાવાય! વગેરે વિચારવા લાગ્યો. એટલામાં સુશીલાની ઝીણી અને ધીમી ઝાંઝરની ઘુઘરી વાગતી સંભળાઇ, ને ઝમકારો નજીક આવવા લાગ્યો. લજાતાં લજાતાં પણ સુશીલાએ અભિસારિકાપણું ધારણ કર્યું, અને પતિને મનાવા આવતી હતી. ચંદ્રે જાણી જોઇને ઓઢેલી શાલ માથા સૂધી ખેંચી લીધી, અને જાગતી સ્થિતિમાં જ કુતૂહલથી સુઇ જ રહ્યો. સુશીલા આવી, બારણાનો પડદો ખસેડયો, પણ બારણામાં જ ઉભી રહી. બધું શાંત હતું. ક્વચિત ગરબાનો તૂટક અવાજ સંભળાતો હતો. પાછી ફરી બારણા બહાર નજર ફેરવી. અંદર આવો કૉફીનો પ્યાલો ટેબલ પર રાખ્યો. બારણું બંધ કર્યું. ચંદ્રના પલંગ નજીક આવી ઉભી. શાલ ખેંચવા હાથ લંબાવ્યો, પાછો ખેંચી લીધો. આ એકથી વધારે વખત થયું. કુતૂહલ જોનારાએ જોયા જ કર્યું. છેલ્લે સઘળી હીમત એકઠી કરી સુશીલાએ શાલ ખેંચી. ચંદ્રે પૂછ્યું—"કેમ?" સુશીલા કંપવા લાગી, લજાવા લાગી, નીચું જોઇને જ બોલી "આપને માટે કૉફી લાવી છું." ચંદ્ર ઉઠયો, હીંડોળે બેશી કૉફી પીધી. તે મિસ ક્રોને ભૂલી જ ગયો. સર્વ જગત્ સુશીલામય જ જણાવા લાગ્યું. સુશીલાના સૌંદર્યમાં તેના



અક્ષત યૌવનનો પ્રભાવ દીપવા ને પ્રકાશવા લાગ્યો. ચંદ્રે એકી નજરે તેનાં સામું જોયું, તેની એકી નજર સુશીલા ન સહન કરી શકતી હોય, તેમ ચમકી અને ભૂમી તરફ જ જોઇ રહી. તેના ગાલ પર શરમના શેરડા પડયા. ગરબાનો તૂટક સૂર આવવા લાગ્યો—

" ચાંદલીઆ ચાલીશ નહિ અતિશે ઉતાવળો,
" વાણું વાયાની કરજે ઝાઝી વાર જો,
" ઘણે દહાડે ગીરધારી ઘેર પધારીઆ."

ગરબાની સાથે ચંદ્રની રસિક મનોવૃત્તિ પણ પણ ખીલવા લાગી. ચંદ્ર અને સુશીલા સર્વ દુઃખ વિસરી ગયાં.

× × × ×

ચંદ્રે મુંબઇમાં જબરી ફરનીચરની દુકાન નાખી, મીલ લીધી અને જબરા વેપારી તરીકે પંકાવા લાગ્યો. ચંદ્ર જેમ જેમ સુશીલાના સદ્ગુણ ને પ્રેમ નિહાળતો ગયો તેમ તેમ તેને અપાયલા અન્યાયથી પસ્તાવા લાગ્યો. જ્યારે જ્યારે તે વાત ચંદ્રને યાદ આવતી ત્યારે ત્યારે તેના મોં પર લજ્જાના શેરડા પડતા, અને જીંદગીના પોતાના તે ભાગને પોતાના સદ્ગુણને કલંક લગાડનાર અને કીર્તિને ઝાંખી પાડનાર માનતો. વડોદરાના મિત્રો સાથે તે "આર્ય બાળાના પવિત્ર પ્રેમ" બાબત પત્રદ્વારા ચર્ચા ચલાવતો, અને તે સંબંધે માસિકો અને પેપરોમાં લેખ આપતો. તેના મિત્રો કોઇ કોઇ વખત તેના પ્રેમ માટે મશ્કરી કરતા. ચંદ્ર તે માટે પસ્તાતો અને પોતાનો દોષ કબુલ કરતો. તે માનતા કે મિત્ર કે શત્રુ સર્વ કોઇ પાસે જે માણસ સાફ દીલથી પોતાનો ગુન્હો કબુલ કરે છે, તે માણસ ભવિષ્યમાં કદી પણ તેવો ગુન્હો કરશે નહિ તેની મજબુત સાબીતી આપે છે. સુશીલાનાં સીમતનાં મુહૂર્ત લેવાયાં હતાં. જાપાનીસ પાડોશણને ઘણા આગ્રહથી તેડાવી હતી. તે કલકત્તાને રસ્તે આવનાર હતી. સીમંત પર સુશીલા ને ચંદ્ર વડોદરે જવા નીકળ્યાં. ગાડી પૂર જોસમાં ચાલી જતી. પતિ ઉત્સંગમાં (ખોળામાં) શીર મૂકી સુશીલા ગાડી માંહેથી પુનમનો ચંદ્ર નીહાળી પતિ સામું જોયું; નેત્રપલ્લવીમાં જ વાત થઇ ગઇ. સુશીલાની આંખ નિદ્રાએ ઘેરાણી અને સ્હેજ નિદ્રા આવી ગઇ. પણ વડોદરા સ્ટેશન આવી જવાથી ચંદ્ર ધીમેથી બોલ્યો "સુશીલે સુશીલે!! આ શું આવ્યું? કેટલી ઊંઘ?" પતિ સ્પર્શે સીમંતીની જાગી, અને વડોદરા સ્ટેશન પર સર્વ સ્નેહીઓ જોયાં.

લી. બ્હેન. A.

—:o:—

# આનન્દાશ્રમ.

## ભણેલો રસોઇઓ.

લોટનરામ નામના એક શખ્સે નિશ્ચય કર્યો કે આપણે આપણા ઇંગ્લિશ અભ્યાસ ઉપરાંત પાકશાસ્ત્રનો અભ્યાસ કરવો. અને રસોઇમાં સ્ત્રીઓની ઉત્તમતાને હરાવી પાડવી. પોતે માંડ માંડ ઇંગ્રેજી સાતમા ધોરણ સુધી પહોચ્યા હતા. એટલે કે ક્લાસમાં લગભગ છેલ્લો નંબર રાખતા. અને પરીક્ષા વખતે સીક પડી જતા. અને પછી વગરંગ લગાડી ક્લાસ

ચ્હડતા. ખાનગી નીશાળ રહી, એટલે હેડમાસ્તરને માત્ર શીની દરકાર હતી, જો કે લોટનરામને કલાસ ચ્હડાવતાં હેડમાસ્તરનું મન પણ દુખાતું. ટગુમગુ રગશિયું ગાલ્લું અંગ્રેજી સાતમા ધોરણ સુધી પહોચ્યું. અને એ ધોરણમાં કેમીસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) માં જરા રસ પડયો. હાઇડ્રોજનનો દીવો બાળી પાઇપ વગાડવા વાળો પ્રયોગ મોટા ભાઇને બહુ ગમ્યો. ને પોતાને ઘેર બધાં સગાં સંબંધીને બોલાવી એ પ્રયોગ કરવા માંડયો. પણ કંઇક ખામીને લીધે કાચની નળીમાંથી એવો ભડાકો થયો કે પંદરેક જણ ઘાયેલ થયાં, ને દશેક જણના શરીરમાં કાચ પેસી ગયા તે છએ મહીને ખાટલેથી ઉઠયા. ત્યારથી પ્રયોગને નામે લોટનરામભાઈ શેહે ખાઈ ગયા. છતાં એમનું મગજ હુનરીને હુનરી રહ્યું. પરીક્ષા વખતે બેસવાને માસ્તરે ફારમ ન આપ્યું, તે માસ્તર જોડે યુદ્ધ કરી લોટનરામ નીશાળમાંથી નીકળ્યા. લાગલું રૂ. ૧૨ ભરી ખાનગી ફારમ ભર્યું. પરીક્ષામાં બેસી આવ્યા. રજીસ્ટ્રારની છટા, ને પરીક્ષકો અને સુપરવાઇઝરો શી રીતે ફરે છે, વિગેરે જોઈ પરીક્ષામાંથી ઘેર આવતા. લખ્યું હોય તેને શીકર ને! બધા જાણતા કે લોટનરામ પાસ થશે. પરીણામ જણાયો તો લોટનરામ ન પાસ પડયા!" "અડધા માર્ક માટે અંગ્રેજીમાં નપાસ પડયા," તે પોતાના મિત્રના આગળ રોપ મારવા માંડયા. મિત્ર બિચારો સ્હમજુ હતો તેણે ધીરજ આપી સાન્ત્વન કર્યાં. આ પ્રમાણે બેએકવાર નપાસ પડયા એટલે ભણવાનો વિચાર માંડી વાળ્યો. જાતે આળસુ હોવાથી કામપર જરા પણ લક્ષ નહતું. નોકરી કોઈ દિશામાં મળવાની નક્કી નહતી. છેવટે એમ ઠરાવ ઉપર આવ્યા કે રસોઇનો ધંધો કરવો. "ભલે બીજા લોકો રસોઇને વખોડે, આપણે તો એને વખાણીએ છીએ. કોઇક સારા શ્રીમાનને ઘેર રહીશું. એમનાં છોકરાંને ભણાવીશું ને રસોઈ કરીશું. આજકાલ ભલભલા બી. એ. પાસ થયેલાને બાર કે પંદર રૂપીઆ મળતાં મુસ્કેલ પડે છે તો આપણે તો ભોજન ખરચ જતાં પાંચ દશ કુટી પાડીશું." આમ નિશ્ચય કરી પોતે રસોઇના ધંધાધારી તરીખે બ્હાર પડયા, અને મુંબઇના કોઇક શ્રીમાન ગૃહસ્થને ત્યાં રહ્યાઃ—

"કેમ લોટનરામજી, રસોઈ તો સારી બનાવો છોને! અમારે જરા રસોઈ તમતમાટ જોઇએ છે. શેઠાણી જરા "કનઝંટીવ" (ક્ષય રોગવાળા) છે એથી એમને હાથે મરચાં મશાલો બરાબર પડતો નથી. ને તમે તો પ્રવીણ છો, એટલે વાંધો નહીં આવે." શ્રીમાન લોકોને રસોઇયાની પણ ખુશામત કરવી પડે છે. કારણ સ્ત્રીઓ તો એમના ઠાઠમાઠ આડે ઉંચી આવે નહીં. બધો રસોઇનો તંત્ર રસોઇઆ અને કોઠારીના હાથમાં—રસોઇઓ જેવી રસોઈ બનાવે તેવી ખાવી પડે. શ્રીમાન લોકને ઘેર જો રસોઇઓ ન હોય તો એમની લક્ષ્મીને લાંછન લાગે. ભલેને રસોઇયા ગમે તેટલો પગાર લે ને ગમે તેટલું ઘી તેલ બગાડે, ને ધૂળ જેવી રસોઈ કરે પણ રસોઇયા વગર ચાલે? આવા સંજોગ હોવાથી લોટનરામ રસોઈ કરવા રહ્યા. પહેલે દહાડે ગોળનો કંસાર બનાવવાની વરધી મળી—"મહારાજ!" નોકર બોલ્યો, "શેઠજીએ હુકમ દીધેલો કે કંહાર કરી નાંખજો—" "અલ્યા રામા, કંસાર ગોળનો કે ખાંડનો?" "એ ગોરનો બાપજી." રામાએ જવાબ દીધો. મહારાજે તો કસાર એવો મજેનો કર્યો કે જાણે અળશીનું પોટીસ. બધાએ ભાંણામાં એમનો કંસાર રહેવા દીધો ને ભાત માગ્યો. મહારાજ સ્હમજ્યા તો ખરા કે કાચું કપાયું, ને પુછ્યું. "કેમ સાહેબ! કસાર નાઇસ[1] નથી

૧ સરસ.



થયો?" શેઠ તો રસોઇયા સ્હામું જોઇ રહ્યા ને બોલ્યા "ઇંગ્લીશ ભણ્યા લાગો છો ને શું" લોટનરામ હસ્યા—"જીહા મેટ્રીક્યુલેશન સુધી." "શું કહો છો!" જમતે જમતે છીંકણીનો તડાકો મારતાં શેઠાણી બોલ્યાં. "ત્યારે તો અમારાં ધનભાગ્ય, ભાઈ મેટ્રીક્યુશન સુધી ભણેલા તમે મળ્યા. મારા કીકા કીકીને તમે ભણાવશો કે?" મેલું ધાંચી જેવું પંચીયું પહેરેલા અને કપાળમાંથી ટપક ટપક પરસેવાનાં બિન્દુ ખેરવતા હાથમાં દાળની ડોઈ લઇને લોટનરામ બહાર આવ્યા, ને ખુશીથી હા પાડી. તે દહાડો તો પુરો થયો. બીજે દહાડે તો દાળ ભાત રોટલી ને શાક બનાવવા હુકમ થયો. દાળમાં પુષ્કળ મરચાં નાંખ્યાં. ભાત ઘેંશ જેવો ઢીલો રાખ્યો. શાક દુધી બટાટાનું ઉભું રાખ્યું. ને રોટલી તાણી તુટે નહીં ને વ્હાડી વછુટે નહીં એવી ચવ્વડ બનાવી. કહો ભાઈ, હવે ખાવું શું? શેઠે તો રોટલીના કકડા કરવા પ્રયત્ન કર્યો પણ કટકા થાય શેના? આખી રોટલી લઇને દાળમાં બોળી ખાધી. રોટલીમાં કરગર આવવાથી કચડ કચડ થવા માંડયુ. લગાર આંખ રાતી કરી બોલ્યા "સાંભળ્યું! આ લોટ કોણ દળે છે?" શેઠાણી બોલ્યાં—"એ તો આપણા રામાની મા." "એને જરા વરદી આપજો કે કરગર બહુ પડે છે. મહારાજ, જરા કણેક કેળવી હત તો આવી ચવ્વડ રોટલી ન થાત," એમણે લોટનરામ ભણી નજર કરી. લોટનરામ બોલ્યા "નો સર! આ ઘઉંની જાત જુદી છે—એની અંદર જોઇએ એટલી 'સ્ટાર્ચ' (ઘઉંનો સત્વ) નથી." શેઠાણી તો સડગ થઈ ગયાં કે લોટનરામ શું બોલે છે. ને જોરથી પહેલીવાર દાળનો સબડકો માર્યો. માર્યા ભેગાં ઉભાં થઇ ગયાં. કારણ મરચાંથી એમનું મ્હોં બળ્યું હતું. "હત તારૂં કાળું થાય રામા!" નોકર ભણી નજર કરી બોલી. "આટલાં બધાં મરચાં તે દાળમાં હોય?" "તે હું શું કરૂં બા શાબ," રામો ગભરાતો બોલ્યો. "મહારાજે મીં આપ્યા તેનાથી બમણાં મરચ્યાં ઝોસ્યાં." મહારાજ શાન્તિથી બોલ્યા! "શેઠાણી સાહેબ! મરચાં એજ રસોઇનો સ્વાદ છે. મરચાંમાંથી જ જરા શરદી ઉડે છે. સાચું પુછો તો આ અસાર સંસારમાં મરચાં વગર છેજ શું બીજું?" શેઠ હસી પડયા. "ખરી વાત છે ભટજી, તમારા તત્ત્વજ્ઞાનથી અમને આનંદ થાય છે. કાલથી રસોઈ જરા ધ્યાનથી કરજો." રસોઇઓ બોલ્યો "થેંક્યુ સર! આપ જેવા કદરદાન સરદાર મળ્યા છે, તો મારા ગુણની બુજ કરો છો. હું કાંઇ સાધારણ રસોઇઆ જેવો નથી. હું તો આપ જેવા ખાનદાનને ઘેરજ નોકરી કરૂં છું કે જ્યાં મારા ગુણની બુજ થાય." ત્રીજે દિવસે પુરી કરવાનો હુકમ થયો. પુરીની પણ એ દશા. કઢાઇમાં પુષ્કળ ઘી મુક્યું ને પુરીઓ તળવા મુકી, પણ ફુલે કે ફાટે! જમવા વખત બધા બેઠા ને પુરી કોઇને પસંદ ન પડી. રસોઇઆએ વાત ચલાવી.

"સાહેબ, મને સાયન્સનો શોખ છે. મી. ગજ્જરની લેબોરેટરી જોવા જવાનો વિચાર છે." શેઠાણી ગભરાયાં કે આને રસોઇ તો આવડતી નથી ને વાતો લાખ લાખ રૂપીઆની કરે છે. શેઠ બોલ્યાઃ "એ ખરૂં પણ મને મી. ગજ્જર જોડે ઓળખાણ નથી. અને મારાથી શી રીતે બતાવાય!" "એમ કે, સાહેબ, નેવ્હર માઈન્ડ, હું જાતે જ મળીશ એઓ સાહેબને. પણ આપણા દેશમાં સાયન્સ શીખવાની ખાસ જરૂર છે. સ્ત્રીઓ રસોઇ કરે છે ખરી પણ રસોઇ કીયા પ્રીન્સીપલને આધારે થાય છે, તે સ્હમજી શકતી નથી. મારો વિચાર જો આપની ઇચ્છા હોય તો સ્ત્રીસમાજ એકઠી કરી, રસોઇ વિષે ભાષણ આપવાનો છે."

શેઠાણી મનમાં બબડયાં "ભાઇને રોટલી તો આવડતી છે નહીં, દાળમાં મશાલાનું

ઠેકાણું નથી, ને રસોઇ ઉપર ભાષણ આપવાનો છે! ભાષણ તૈયાર કરશે, તે પહેલાં એને રૂખ્સત આપીશું. મેર્યું! આનાથી હાથ બાળ્યા સારા." શેઠ મુંગે મ્હોંએ દાળ ભાત ખાધે જતા હતા, ને કઢીના સબડકા ઘણે લાંબે સુધી સંભળાતા. લોટનરામ બોલ્યાઃ—"કેમ સાહેબ, આપ તો સ્ત્રીકેળવણીના હિમાયતી છો. અને એવાં ભાષણોની જરૂર છે એ આપને યોગ્ય નથી જણાતું? ડોન્ટ યુ થિંક ઇટ પ્રોપર, સર?" શેઠની મુંછનો વાળ દાળ ભાત ખાતાં કચરાઇ જવાથી, જરા તે ભાગ પંપાળતા હતા તે બોલ્યા—" ઓ યસ, પણ મારો વિચાર એમ છે કે કોઇ સ્ત્રી ભાષણ આપે તો સારૂં. રસોઇ એ સ્ત્રીનો વિષય છે ને એમાં આપણે ન સમજીએ." લોટનરામ બોલ્યા, "નો સર, મે મારો પ્રોફેશન (ધંધો) રસોઇનો લીધો છે ને આજકાલની સ્ત્રીઓને હું રસોઇ ઉપર લેકચરો આપી તેઓની રસોઇ સુધરાવીશ." શેઠની મોટી છોકરી ફીફીનું પાકી આવ્યું. તે બોલી " મહારાજ પ્રથમ તમારી રસોઇ સુધારો, ને પછી બીજાને શીખામણ આપો. " શેઠાણીએ પોતાની ભાટકબોલી છોકરીને વારી, ને રસોઇઆને વાત આગળ ચલાવવા કહ્યું. લોટનરામ જરા ખશીયાણા તો પડી ગયા હતા. પણ ઉત્તેજીત થવાથી બોલ્યા. " આજ કાલ સ્ત્રીકેળવણી સ્ત્રીકેળવણી ચોગરદમ થઇ રહ્યું છે. પણ છોકરીઓ કે બાઇડીઓ રસોઇ બનાવી જાણતી નથી. સ્ત્રીઓનું જેટલું લક્ષ ઘરેણાં ગાંઠા અને લુગડાં ઘેલાઇમાં છે તેટલું રસોઇમાં નથી. તેમની રસોઇ નમાલી થાય છે, નથી મશાલાનું ઠેકાણું, કોઇક ફેરી કોઇક ચીજ ખારી થાય તો કોઇક ફેરી ખાટી થાય, આ બધાના નિવેડાને માટે બધા શિક્ષણ જોડે રસોઇના શિક્ષણની જરૂર છે, અને એવું શિક્ષણ આપવા હું જો સન્નારીઓની મદદ હશે તો શાળા સ્થાપીશ." શેઠજી મ્હો ધોતે ધોતે બોલ્યા "સાબાશ, સાબાશ, લોટનરામજી, આજથી પાકશાસ્ત્રને ઘણો લાભ થશે. આપણે તો આપના જેવી સ્વાદિષ્ટ રસોઇ હમણાંની ખાધી જ નથી." આ પ્રમાણે વાત થયા બાદ લોટનરામ પંદરેક દિવસ શેઠને ત્યાં રહ્યા. ત્યાં રસોઈ તદ્દન નિર્માલ્ય જેવી બનાવતા. અને ઘી તેલનો ઘાણ કહાડતા. તે દરમીયાન સ્ત્રીઓની સંમતિ લઇ પાકશાસ્ત્રના ભાષણનો વિષય પોતે લીધો, ને શેઠાણીએ પ્રમુખ થવાની હા પાડી. જે દિવસ ભાષણ થવાનું હતું તે દિવસે મહારાજ જરા વ્હેલા ઉઠ્યા. તેવો જ રામો આવ્યો ને બોલ્યો—"મહારાજ! શેઠ ને શેઠાણી તો ડુંમસ ગયાં ને કહ્યું સીં કે 'મહારાજને કહેજે કે બીજે કોંઈક નોકરી ખોરી લેજો. અમે તો બીજો વગર ભણેલો રસોઇઓ રાખી લીધો સીં." મહારાજ તો ઝંખવાણા થઈ ગયા. રામાએ મહારાજને પગાર ગણી આપ્યો. ભાષણ ભાષણને ઠેકાણે રહ્યું. પોતે જતા હતા ત્યાં રામાએ કહ્યું કે " શેઠે કીધેલું સેકે રસોઇ વના બીજો ધંધો કરશો તો સુખી થશો. રસોઈ શીખવાને માટીકુસન થવાની જરૂર નથી. એતો જેનાં કામ જે કરે." લોટનરામ માથું ખંજવાળતા રસ્તે પડ્યા.

સુમિત્ર-બન્ધુસમાજ.

---



# વિવિધ વિહાર.

JUL 23 1907

## પત્નીનું રાત્રીભાષણ.

### ભાષણ ૩ જું.

( પાને ૧૫૨ થી આગળ ચાલુ. )

દીવાળીના શૂભ અવસરપર રા. પોચાલાલ પોતાના સર્વે મીત્રોને ત્યાં બજારમાંથી બ્હારોબ્હાર મીઠાઈના ખૂમચા મોકલી દે છે, પણ તે દહાડે જ ત્હેમના મિત્ર રા. જીભાઇનાં પત્ની અ. સૌ. હરીલક્ષ્મી ત્હેમને ઘેર આવે છે, તે વાતમાં ભૂલે ભૂલે તે વાત પણ કરી જાય છે; તેથી ગૂસ્સે થયેલાં અ. સૌ. જીવ્હાકુંવરના નીકળેલા ઉદ્દગારો.

'ખરેખર ત્હમે તો મ્હોટા લક્ષાધીપતિ જ હોવા જોઇએ. વાહ! વાહ! શી બ્હારો—
'બ્હાર મઝા કીધી? કેવા જશના પોટલા બાંધી લીધા? મીઠાઇના ખૂમચા જ મોકલે પત્યુ
'હશે? દીવાળીના દહાડા એટલે દારૂનો ધુમાડો પણ કરાવ્યો હશેજને? આ કંઈ પૈસા
'ખર્ચ થયા છે? મીઠાઇવાળો વર્ષી ગયો હશે કેમ? મ્હારામાં પૈસા ખૂબ ખર્ચ થતા હતા,
'તે દહાડે લુગડાં માગ્યાં તો ના, ઘરેણાંનીએ ના, ને છોકરાંઓનાં લુગડાંઓનીએ ના જ
'કહી, ને આજે કેમ પાંચ પચાસને માથે છીણી મૂકાઇ?

'પૈસા ખર્ચતાં વિચાર કરો છો? આ જૂઓને ત્હમારી મેડીનો દાદરો? ત્હેના દોદલા
'થઇ ગયેલા પાટીઆપર પગ મૂકતાં બધા ધ્રૂજી ઉઠે છે, પણ ત્હેની ત્હમને ફીકર? પગ
'ભાગશે તો અમારા, ત્હેમાં ત્હમારે શું? ઘરમાં હળદર મીઠું લાવ્યા છો તે ખદખદાવીને
'ચોપડવાને માટે જ છે ને કેમ?

'આમ બધે નજર કરશો તો જોશો બધે ત્હમારા ઘરની દશા. બારીઓના કઠેરા તો
'જુઓ કેવા હાલી ગયા છે? સ્હેજમાં નીચે જવાય એમ છે. પણ ત્હમારે ત્હેની શી ફી-
'કર? ત્હમારે તો લોકમાં વાહ વાહ કહેવડાવવી કે ઘર ઠીક કરાવી છોકરાંને બચાવવાં!
'દીવાળીમાં ઘર ધોલાવ્યું? ક્યાંથી ધોળાવાય? જુઓ આ ડાઘા, જૂઓ આ ઘરના વેશ.

'શું હસો છો? ત્હમે નથી હસ્યા? ત્હમારે મન બધી મશ્કરી છે. આ ફીફીની
'આંખો આવી છે ત્હેની દવા કરવી છે, પણ જ્યારે ત્હમે આમ પૈસા ખર્ચો, ત્યારે તે બા-
'પડીની આંખોની દવા ક્યાંથી કરવાના? છો બગડતી ત્હેની આંખો, ત્હેમાં ત્હમારે શું?
'મનહરને ઉદરસનો કંઇ પાર છે? ત્હેને જરાક હવાફેર કરાવવા લઇ જવાનું વદ કહેતા
'હતા, પણ હવે શું? પૈસા ક્યાંથી હશે? આમ મીઠાઇઓના ખૂમચા મોકલીએ કે દવા ક-
'રીએ ને હવાફેર કરાવવા છોકરાંને બહાર લઇ જઇએ? ઉદરસ વધશે ને ક્ષયનું પાસું થશે
'તો તગદીર ત્હેનાં. ત્હમારે શું? પૈસા કંઇ વેરાયેલા છે જે જડે? કે ઝાડે ઉગેલા છે
'જે તોડી લઇએ? આ ચાલ્યા બ્હાર-ન પુછ્યું ન ગાછ્યું ને કોથળીનું મ્હોડું છોડી મેલ્યું.
'પણ હું ભુલી. શેના પૂછો? અમને શો અધીકાર? અમે તો પેટીઆ નોકર! હવે ઘરમાં
'દીવાળી કરવા પૈસા ક્યાંથી લાવશો?

' ત્હમારે કંઇ નહિ જોઇએ કેમ? નહિ જોઇએ, મીઠાઇ નહિ જોઇએ; બીજું કંઇ?
' પણ છોકરાંઓને શું? ત્હમારે નહિ જોઇએ તો ત્હમને નહિ આલીએ. પારકાનાં છોકરાં
' ખાય ને ત્હમારાં તો ઉપરવાડીઆ આવેલા તે છો બા બા કહી મ્હોં સામું જુએ! કં-
' ઇક તો લાજ રાખો?

' આજ તો ત્હમે મ્હને છેક જ ઉતારી પાડી. હું ઉંઘી જઉં? નથી ઉંઘવાની! ના ન-
' હિ જ ઉંઘું. અમે સ્ત્રીઓ બધી ખરાબ છીએ તો રહી. ત્હમારા શાસ્ત્રકારોએ કહ્યું તેમાં
' કેમ? ધન્ય છે ત્હેમને! સામે બારણે જૂઓ. પેલા ગોખલામાં ચકલાં કેવાં બચ્ચાંને છા-
' તીપર રાખે છે? પણ ત્હમારે શું? કોનું ઘર ને કોના છોકરાં?

' ત્હમે છોકરાંઓને માટે લાવવાના હતા? અરે લાવ્યા. હું ન જાણુતી હઉં ત્યારે ને?
' ત્હમારો કોઇ ભુવો ત્હમારાપર મ્હેરબાન થયો હશે ને ત્હમને બોલાવશે એટલે થયું. બી-
' જાંની શી ફીકર? ભુવો નહિ? સત્તરવાર ભુવો. લ્યો ના કહો છો ત્યારે નહિ. ફૂંકીફોલી
' ખાનાર ઉંદર, થયું?

' અત્યાર સૂધી હું એમ જાણુતી હતી જે સ્ત્રી ધણીના સુખદુ:ખની ભાગીયેણ છે,
' પણ આતો ત્હમે શીરછત્ર એટલે દુ:ખ અમારા ભાગમાં મેલ્યું, ને સુખમાં, આહ! આહ!
' બોલતી બંધ થઉં? ના તેમ નથી કરવાની. બોલીશ, મનનો બધો ઉભરો કહાડીશ. ત્હમે
' શું નહિ સાંભળો? ત્હમને કોણ ઉંગવા દે છે? ત્હમે બધું ઉડાવી દો, ને ત્હમને હું કહું
' ત્યારે કડવી લાગું છું. બધા કેમ વર્ષી નથી જતા? કદાચ મણ લઇ કણ આપે ખરા.
' અરે ત્હેમને ડહાપણ વાપર્યું, તે જીત્યા, ત્હમે હાર્યા.

' બહુ થોડા પૈસા ખર્ચ્યા છે? ત્હમે તે થોડા ખર્ચ્યા? ત્હમે તો ઘોતાળશા. ફૂલણુજી
' ફૂર્યા કરજો, અને પછીથી જોઇશું કોણ અડા દેશે તે."

ઝોકાપર ચ્હડેલા પોચાલાલ ઉંઘી ગયા ને પાછલા વાક્યોમાંથી ઘોતાળશા, અડા, એવા ભાગાતૂટા શબ્દો સાંભળ્યા.

"....................મ્હેં મ્હારી વ્હાલી સ્ત્રીની શુભ શીખામણ (!) સાંભળી ત્યારબાદ ઉંઘમાં મ્હને સ્વપ્નપર સ્વપ્ન આવવા માંડ્યાં. મ્હારો ભાગેલો દાદરો, મ્હોટા કીકાને પગે ચોપડવામાં આવતી હલદર, મ્હારી બારીએથી પડી ગયેલી મ્હારા પડોશીની દીકરી સવિતાની સારવારમાં રોકાએલા દાક્તરો, આંખે પાટા બાંધીને પડેલી કીકી, મરણપથારીએ પડેલી મ-નહર, ખરાબખસ્ત થઈ ગયેલી ભીંતો, ખૂણેખોચરેથી ખોલી ખાઇ જનારા ઉંદરોની હાર, ને મ્હારી આસપાસ 'બાપા મ્હને બાઉં' 'બાપા મ્હને ભમ' કહેતા વીંટાઇ વળેલાં મ્હારાં ન્હાનાં છોકરાં, એ બધું મ્હેં તે સ્વપ્નોમાં જોયું. વચ્ચે વચ્ચે મ્હારી સૂકોમળ (!) સ્ત્રી મન-હરના ખાટલા પાસે બેશી પોતાના નેત્રકમળમાંથી આંસુ ખેરવતી હતી, અને મ્હારા સામું કરડી નજરે જોતી હતી......................"—રા. પોચાલાલની નોંધપોથીમાંથી ત્હેમની વ-ગરરજાએ કરેલો ઉતારો.

**બિહારી.**

---



JUL 23 1907

# રમણીમણિમાલા.

## કુન્તી.

### ૧. કર્ણનો જન્મ.

( શ્રી મહાભારત—આદિ પર્વ, અધ્યાય ૧૧૧. )

**વસુદેવજી**ના પિતા **શૂરસેન**ને **પૃથા** નામે પુત્રી હતી. તેને એણે આગળથી આપેલાં વચન પ્રમાણે પોતાની ફોઇનો પુત્ર **કુન્તીભોજ** અપુત્ર હતો તેને આપી. એટલે એ કુન્તી-ભોજની પુત્રી થૈ. કુન્તીભોજને ત્યાં એને અતિથિઓની સરભરા કરવાનું કામ સોંપવામાં આવ્યું. તે એ બહુ જ સંભાળથી કરવા લાગી. આથી ઘણા અતિથિઓ અને બ્રાહ્મણો એના ઉપર પ્રસન્ન થયા. તેમાં ક્રોધી **દુર્વાસા** ઋષિ તો એના આતિથ્યથી એવા ખુશખુશ થૈ ગયા કે તેમણે એનું ભવિષ્ય જોયું, અને તેમાં એને પુત્રો મળવાની મુસ્કેલી છે એમ જણાતાં તેમણે એને એક મંત્ર આપ્યો અને કહ્યું: "ત્હને ગમે તે દેવની આ મંત્ર વડે "આરાધના કરજે એટલે ત્હને પુત્ર થયા વગર ન્હૈં ર્‌હે." કુન્તી બાલક હતી. જોઉં તો ખરી **શું** થાય છે એટલા જ વિચારથી તેણીએ **સૂર્ય**ની આરાધના કરી. તુરત **સૂર્ય**દેવ પ્ર-ત્યક્ષ થયા. એમને જોતાં કુન્તી સમજી કે મ્હારી છોકરવાદીમાં મ્હેં આ ભૂલ કરી. અને પોતાની ભૂલ કબૂલ કરી તેણે **સૂર્ય**ની માફી માગી. સૂર્ય ક્‌હે, "હે મધુરી છોકરી, આ મંત્રથી ત્હેં મ્હારી આરાધના કરી, તો હવે તેનો હેતુ પૂર્ણ કર. ના ક્‌હેશ તો ત્હને પાપ બેસશે." કુન્તી ક્‌હે, "હું કુમારિકા છું અને મ્હારા કુટુમ્બીઓ મ્હને ધિક્કારશે." પણ સૂર્યે તેને સમઝાવી કે મ્હારા સંબન્ધથી ત્હને પાપ નથી, અને હું ત્હને ત્હારું કુમારિકાપણું પાછું આપીશ." આ પ્રમાણે કર્ણનો જન્મ થયો. કુન્તીને પસ્તાવો થયો, અને એ પુત્રને કોઇ ન જાણે એમ તેણીએ નદીમાં વ્હેતો મૂકી દીધો. તે **રાધા**ના પતિ **અધિરથ** સાર-થીને જડ્યો અને તેણે એને ઉછેર્યો.

### ૨. કુન્તી અને પાણ્ડુ.

( શ્રી મ૦ આદિ૦ અધ્યાય ૧૧૨-૪. )

પછી કુન્તીભોજે કુન્તી માટે સ્વયંવર કર્યો ત્યાં રાજાઓની સભામાં **પાણ્ડુ** બીજા ઇંદ્ર જેવો દીપી રહ્યો હતો, તેને કુન્તીએ વરમાલા પ્હેરાવી. એનાં લગ્ન થયાં અને કુન્તી પાણ્ડુની સાથે **હસ્તિનાપુર** આવી. પછી **ભીષ્મે** **પાણ્ડુ**ને **માદ્રી** પરણાવી. આ બે રાણીઓ સાથે ત્રીશ દિવસ ભોગવિલાસમાં ગાળીને **પાણ્ડુ** દિગ્વિજય કરવા નીકળ્યો. એણે કુરુઓની

કીર્ત્તિ પાછી ઉજ્જવલ કરી; અને અનેક રાજાઓને જીતીને તથા અઢળક દ્રવ્ય સંપાદન કરીને તે પાછો આવ્યો. આ દ્રવ્યમાંથી ધૃતરાષ્ટ્રે પાંચ મ્હોટા યજ્ઞો કર્યા. પછી **પાણ્ડુ** કુન્તી અને **માદ્રી**ની સાથે **હિ**માલયની દક્ષિણે આવેલાં અરણ્યોમાં વિહાર કરવા ગયો અને બધો કાલ શિકારમાં ગાળવા લાગ્યો.

## ૩. પાણ્ડવોનો જન્મ.

( શ્રી મ૦ આદિ૦ અધ્યાય ૧૧૮–૨૧. )

ત્યાં એને શાપ થયો કે “ કામોદય થતાં ત્હારું અને ત્હારી પત્નીનું મૃત્યુ થજો.” આથી **પાણ્ડુ** તેની સ્ત્રીઓ સાથે વાનપ્રસ્થ થયો. પરંતુ એને શોક થવા લાગ્યો. એણે વિચાર કર્યો કે “ મ્હારું દેવોનું ઋણ મ્હેં યજ્ઞાદિથી વાળ્યુ છે, મ્હારું રાજ્યનું ઋણ મ્હેં દિગ્વિજયાદિથી વાળ્યું છે, મ્હારું ઋષિઓનું ઋણ મ્હેં સ્વાધ્યાયાદિથી જ્ઞાન મેળવીને વાળ્યું છે તથા મ્હારા હવેના જીવનમાં એ વધારે સારી રીતે વાળવાનો પ્રયાસ જ મ્હારું મુખ્ય લક્ષ્ય છે. પણ મ્હારું પિતૃઓનું ઋણ સંતતિ ઉત્પન્ન કરીને વાળવાનું તે આ શાપને લીધે હવે શી રીતે વાળું ? અને એ ન વાળી શકું તો મ્હારી સદ્દગતિ પણ શી રીતે થવાની ?” હવે તે સમયે નિયોગમાં પાપ ગણાતું ન હતું. **પાણ્ડુ** અને તેના ભાઇઓ પણ નિયોગથી જ ઉત્પન્ન થયેલા હતા. એટલે એણે કુન્તીને કહ્યું કે “ નિયોગવડે પુત્રો મેળવો. ” કુન્તીને એ પ્રમાણે કરવામાં પાપ જણાયું ત્યારે **પાણ્ડુ**એ તેણીને સમઝ પાડી કે એમાં દોષ નથી.

( શ્રી મ૦ આદિ૦ અધ્યાય ૧૨૨–૯. )

ત્યારે કુન્તીએ **પાણ્ડુ**ને પોતાને દુર્વાસા ઋષિ પાસેથી મળેલા મંત્રની વાત કૂહે. અને એ મંત્રનો ઉપયોગ કરવા પોતાના પતિની આજ્ઞા માગી “ પ્રથમ કયા દેવનું આરાધન કરું ? ” એ પ્રશ્ન પૂછ્યો. **પાણ્ડુ** કૂહે, “ ધર્મદેવની આરાધના કરો. ત્રણે લોકમાં એ જ પુણ્યમૂર્ત્તિ છે. એના પ્રસાદથી જે પુત્ર મળશે તે કર્મ વચન અને મન વડે પણ અધર્મથી સર્વથા શુદ્ધ રૂહેવાનો, અને આખું જગત એને ધર્મમય જોવાનું. ” ધર્મે કુન્તીને દર્શન દીધાં અને યુધિષ્ઠિરનો જન્મ થયો. પછી **પાણ્ડુ**એ કુન્તીને કહ્યું, “ક્ષત્રિયો બલમાં બધી વર્ણોમાં જ્યેષ્ઠ છેઃ બલજ્યેષ્ઠ પુત્ર મેળવો.” કુન્તીએ **વાયુ**નું આરાધન કર્યું અને તેનાથી **ભીમ** થયો. પછી **પાણ્ડુ**એ વિચાર કર્યોઃ “ આ દુનિયા દૈવ અને પુરુષકાર એ બેના ઉપર ચાલે છે. દૈવ તો કાલક્રમે અનુકૂલ આવી મળે. પુરુષકારની મૂર્ત્તિરૂપ પુત્ર મેળવવા માટે સુરેશ્વર ઈન્દ્રને પ્રસન્ન કરવો જોઇએ. ” એટલે એણે એક વર્ષ પર્યંત ઇંદ્રનું ઉગ્ર તપ કર્યું અને કુન્તીએ પણ એ સમય વ્રતમાં ગાળ્યો. ઈંદ્ર પ્રસન્ન થયો એટલે કુન્તીએ મંત્રવડે તેનું આરાધન કર્યું, અને આ પ્રમાણે **અર્જુન** થયો. તે જેવો નીતિમાન તેવો જ ક્રિયાવાન અને ક્ષત્રિયતેજના સાક્ષાત અવતાર જેવો થયો.

પછી **માદ્રી**એ **પાણ્ડુ**ને કહ્યુંઃ “ આપ કુન્તીને કૂહો અને એ માને તો મ્હને યે પુત્ર થાય અને આપને યે લાભ થાય. ” કુન્તીએ માન્યું અને **માદ્રી**એ તે મંત્રવડે બે અશ્વિનદેવોનું આરાધન કર્યું, એટલે તેને **નકુલ** અને **સહદેવ** પ્રાપ્ત થયા.



પછી કેટલેક વખતે **પાણ્ડુ**નું એને શાપ થયો હતો તે પ્રમાણે મૃત્યુ થયું. કુન્તીએ તેની સાથે સતી થવા ઇચ્છા કરી. પણ **માદ્રી**એ કહ્યું, “ ત્હમે મ્હારા પુત્રોને પણ ત્હમારા જેવા જ ગણીને ઉછેરી શકશો, કેમકે ત્હમે ઉદાર દિલનાં છો. મ્હારાથી એમ ન્હેં થાય. વળી શાપથી અકાલ મૃત્યુ પામેલા પતિ યમદ્વારમાં મ્હારી જ રાહ જોતા હશે.” એટલે **માદ્રી પાણ્ડુ**ની સાથે સતી થૈ અને કુન્તી તથા **પાણ્ડવો**ને અરણ્યમાંના ઋષિઓ **હસ્તિ**નાપુર લૈ આવ્યા. ત્યાં **ભીષ્મ** ધૃતરાષ્ટ્ર અને **વિદુરે** તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો.

## ૪. કુરૂક્ષેત્રના યુદ્ધના આરંભ સુધી.

**પાણ્ડવો કૌરવો**ની સાથે **દ્રોણાચાર્ય** પાસે ભણવા માંડયા અને જેમ જેમ મ્હોટા થતા ગયા તેમ તેમ તેમનાં બલ તેજ અને ખ્યાતિ વધતાં ગયાં. દુર્યોધનનાં ઇર્ષ્યા અને દ્વેષ પણ દિવસે દિવસે વધતાં ગયાં. પરંતુ શ્રી **મહાભારત**નો એ સુપ્રસિદ્ધ ઇતિહાસ અહીં ઉતારવાની જરૂર નથી. **દ્રૌપદી**ના સ્વયંવરમાં **અર્જુ**ને **દ્રૌપદી**ને મેળવી અને પછી તે પાંચે **પાણ્ડવો**ની ધર્મપત્ની થૈ -હે, તેની વિગત પણ અહીં જરૂરની નથી. યુધિષ્ઠિર દ્યૂતમાં બીજીવાર હાર્યો અને **પાણ્ડવો** તથા **દ્રૌપદી**ને વનમાં જવાનું ઠર્યું ત્યારે તેઓ કુન્તીની રજા લેવા આવ્યાં ત્યારે કુન્તી છેક ગળગળી થૈ ગૈ. (**સભાપર્વ**–અધ્યાય ૭૯.) દ્રૌપદી કુન્તીને પગે લાગી રજા માગે છે ત્યારે તો કુન્તી કૈંક દૃઢતા રાખીને કૂહે છે કે, “ બેટા, ચિંતા નહીં. તું ત્હારા પતિધર્મ પાળનારી સતી છે. ત્હારે લીધે ત્હારા બાપનું અને અમારું બંને કુલ ઉજળાં છે. હોય, બેટા, ભાવિ મિથ્યા નથી. પણ ત્હારા સદ્દગુણોથી સારા દિવસ જોવાનો વખત જરૂર આવશે. જા, મ્હારો ત્હને આશીર્વાદ છે. ” પણ પછી પાણ્ડવોએ રજા માગી ત્યારે તે પોતાનો શોક દબાવી શકી નહીં. તે કહેવા લાગી, “ ત્હમારી રૂહેણીકરણી તો એવી ઉદાત્ત અને વિશુદ્ધ છે કે આ ત્હમારે માથે વાદળ આવ્યું છે તે મ્હારાં જ પાપને લીધે હોવું જોઇએ. હું આવું જાણતી હોત તો **પાણ્ડુ**રાજાની સાથે સતી જ થાત. **માદ્રી** એ મહાત્મા સાથે સૂજોડે ગૈ તે સુખી થૈ ગૈ. અરેરે, મ્હારાં જીવતરને ધિક્કાર છે! વિધાતા મ્હને મોત આપતાં કેમ ભૂલી જતો હશે! હે કૃષ્ણ, હે **દ્વા**રિકેશ, હે **શં**કર્ષણના અનુજ, તું ક્યાં છે? તું મ્હને અને મ્હારાં બાલકોને આ શું વીતાડે છે? લોકો કૂહે છે કે તું ભક્તોનો ત્રાતા છે, તો તેમાં આજે આમ કેમ ફેર પડે છે? અરેરે, **પાણ્ડુ**, ત્હમે ક્યાં હશો ! ત્હમે ત્હમારાં સંતાનોની આ દશા કેમ જોઇ શકો છો ! ” **પાણ્ડવો**એ અને **વિદુરે** એનું જેમ તેમ કરીને સાંત્વન કર્યું અને **વિદુર** એને પોતાને ત્યાં લૈ ગયો. **પાણ્ડવો** વનમાં રહ્યા તે બધો જ વખત એ **વિદુર**ને ત્યાં રહી.

એ દુઃખનાં વર્ષ પૂરાં થયાં. **પાણ્ડવો** છતા થયા અને મિત્રો, સહાયો, **તથા** સૈન્યસામગ્રી એકઠાં કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યા. ત્યાં યુધિષ્ઠિરે દુર્યોધન પાસે **શ્રી**કૃષ્ણને વિષ્ટિએ મોકલ્યા, કે દુર્યોધન પોતાની મેળે સમઝીને અર્ધું રાજ્ય આપે તો યુદ્ધ કરવું ન પડે, અને ન સમઝે તો પણ યુદ્ધ કર્યાનો દોષ પોતાને માથે ન પડે. **શ્રી**કૃષ્ણ **હસ્તિનાપુર** આવતાં પ્રથમ **વિદુર**ને ત્યાં કુન્તીને મળવા ગયા. ( ઉદ્યોગપર્વ અધ્યાય ૮૯. ) ત્યારે પણ કુન્તીને રોજ આવ્યું અને તે કૂહેવા લાગી કે, “ આટલા લાંબા વખત સુધી જેનું મ્હોં ન દેખીએ

અને જેના ખરખબર મળે નહીં તેની ઉત્તરક્રિયા પણ કરવામાં આવે છે. અરેરે, મ્હારાં સંતાનોને મન હું મરી ગૈ અને મ્હારે મન એ મરી ગયાં."

**શ્રી**કૃષ્ણ વિષ્ટિમાં નિષ્ફળ થતાં પાછા **વિદુર**ને ત્યાં આવ્યા અને સભાની બધી હકીકત **કુન્તી**ને અથેતિ કહેવા લાગ્યા. તેમણે કહ્યું, "ઋષિઓએ, મ્હેં, **ભીષ્મે**, અને સૌએ દુર્યોધનને બહુ બહુ સમઝાવ્યો. પણ એ તો કહેઃ (અધ્યાય ૧૨૬) 'મ્હેં તે શો દોષ કર્યો છે જે સૌ મ્હારો વાંક કહાડો છો. એઓ ખુશીથી દ્યૂત રમ્યા અને હાર્યા. તે વખતે જીતેલું સર્વ મ્હેં પાછું આપ્યું. બીજી વાર રમ્યા અને હાર્યા, તેમાં મ્હારો શો દોષ? અને એમ શું કોઇ ડરાવે કે બરાડા પાડે એટલે ડરી જૈએ? **પાણ્ડવો** અમારા કરતાં નબળા છે એ હું સારી પેઠે જાણું છું. પરંતુ ધારો કે એ જીત્યા અને અમે રણભૂમિમાં પડ્યા તો યે **શું**? સામે મ્હોંએ લડતાં મરે તે ક્ષત્રિયની તો સદ્‌ગતિ જ થવાથી. ત્યારે એમાં વિચારવાનું કે ખંચાવાનું શું છે? ક્ષત્રિયો માટે **માતંગમુનિએ** ધર્મ બોધેલો જ છે કે ક્ષત્રિયે સદા સર્વત્ર ટટ્ટાર રહેવું, કદાપિ નમવું નહીં: સાંધાની ગાંઠો તુટે તો ભલે, પણ ક્ષત્રિય-વાંસ વળવાનો કદાપિ ન્હૈં. **પાણ્ડવો**ને મ્હારા પિતાજીએ જે રાજ્યનો ભાગ આગળ આપ્યો હતો, તે તો એમની ભૂલ થૈ હતી. તે વખતે હું બાળક હતો. હવે તો મ્હારી સાથે કામ છે અને હું એ એમને પાછો આપવા દેવાનો નથી. **ધૃતરાષ્ટ્ર** રાજા બેઠા છે ત્યાં સુધી અમે અને એ બંનેની ફરજ છે કે સૌએ એમની આણ તળે શસ્ત્રાસ્ત્ર બંધ રાખીને સલાહસંપમાં રહેવું. આ ધર્મ અને આ ન્યાય. **પાણ્ડવો**ને એ માન્ય ન હોય તો ભલે એમનાથી થાય તે કરી લે. હું બેઠો છું ત્યાં સુધી તો સોયની અણી મૂકી શકાય એટલી ભોંય પણ મેળવવાની આશા **પાણ્ડવો**એ ન કરવી?'"

**શ્રી**કૃષ્ણે **કુન્તી**ને આ સર્વ કહ્યું અને સાથે એ પણ કહ્યું કે "એકલા દુર્યોધનને કેદ કરી **પાણ્ડવો** સાથે સંધિ કરવાની મ્હેં સલાહ આપી તે વ્યર્થ ગૈ અને ઉલટો દુર્યોધને મ્હને જ કેદ કરવાનો મનસૂબો કર્યો." **શ્રી**કૃષ્ણ કહે "(અધ્યાય ૧૩૨-૭.) હવે હું પાછો **પાણ્ડવો** પાસે જાઉં છું અને પૂછવા આવ્યો છું કે તમારે ત્હમારા પુત્રોને કૈં કહાવવું છે?"

**ધૃતિદેવીનો** કે સાક્ષાત **ધરિત્રીનો** અવતાર **કુન્તી** આ સર્વ સાંભળી રહી અને પછી બોલી: "**યુધિષ્ઠિર**ને જૈને મ્હારા તરફથી કહેજો કે 'ત્હારામાંથી ધર્મ ઘટતો જાય છે. તું વેદ ધર્મને જાણે છે ખરો પણ તેના શબ્દોને જ અધીન રહે છે. એ શબ્દોના અર્થનો બોધ ત્હને થયેલો જણાતો નથી. ધર્મનું તાત્પર્ય તું જાણતો જ નથી. એ તાત્પર્ય મ્હારે ત્હને જણાવવાનું કે ક્ષત્રિયોને **સ્વયંભૂએ** પોતાના બાહુમાંથી ઉત્પન્ન કર્યા છે અને ક્ષત્રિઓએ બાહુબલના ઉપયોગ વડે જીવવાનું છે. ક્ષત્રિયોનો ધર્મ પ્રજાપાલનનો અને પરાક્રમો ખેડવાનો છે. આ વિષે મ્હને એક જૂનું ઉદાહરણ યાદ આવે છે તે કહું છું. **વૈશ્રવણ** રાજર્ષિએ **મુચુકુન્દ** રાજાને આખી પૃથ્વી આપવા માંડેલી ત્યારે તેણે તે ન્હોતી લીધી અને કહ્યું હતું કે હું તો મ્હારા બાહુબલ વડે જ રાજ્ય મેળવીશ.'



"**મ્હારા યુધિષ્ઠિર**ને કહેજો કે તેણે તેના પિતા અને પિતામહને પગલે ચાલવું અને રાજાના ધર્મનું પાલન કરવું. એનું હાલનું વર્તન ખરા રાજર્ષિનું વર્તન નથી. એણે પોતાની પિતૃવ્ય સંપત્તિ સામ દામ ભેદ કે દંડ કે નય કે બલ કે ગમે તે પ્રકારે પાછી મેળવવી. મ્હેં એ મ્હારા પુત્રોને જન્મ આપ્યો અને હું આ અહીં અનાથ જેવી પરાયું અન્ન ખાઇને દોહ્યલા દિવસ ગાળું છું તેમાં એમનો ઉદ્ધાર નથી.

"વળી હું ત્હમને **વિદુલા** રાણી અને તેના પુત્ર **સંજય**નું અતિ પ્રાચીન પ્રસિદ્ધ આખ્યાન કહું છું તે ત્હમે મ્હારા પુત્રોને મ્હારા વતી સંભળાવજો. **સંજય**ને **સૈન્ધવો**ના રાજાએ હરાવ્યો અને તે રાજ્ય ખોઈ છેક નિરાશ થૈ ગયો ત્યારે **વિદુલા** રાણીએ તેને કેવો ઠપકો દીધો હતો તે સાંભળો.

"**વિદુલા** કહે, 'ત્હને જોઇને મ્હારી આંખ જરાયે ઠરતી નથી. ત્હને જોઇને આંખ તો ત્હારા વેરીઓની જ ઠરે છે. તું મ્હારો પુત્ર ન હોય. તું ત્હારા પિતાનો પુત્ર ન હોય. ત્હને તે કોણે પેદા કર્યો? ત્હારા મ્હોં ઉપર નૂર ક્યાં છે? ત્હારા લોહીમાં તાપ ક્યાં છે? તું નિરાશામાં જ દહાડા ગાળે છે. ત્હારાં પોતાનાં હિતની ખાતર તો તું માણસાઇમાં આવ! ન્હાની નદીઓ જરામાં ભરાઈ જાય છે. ઉંદરડા જરામાં ધરાઈ જાય છે. હિચકારાઓ ગમે તે સ્થિતિમાં મન વાળે છે. એવા જીવતર કરતાં તો મરવું બહેતર, ખરા નર પોતાને જે કૈં મહા કર્ત્તવ્ય પ્રાપ્ત થાય છે તેની પાછળ ઉમંગથી મંડ્યા રહે છે. જીવને વ્હાલો કરતા નથી. પડતાં પણ તેઓ મલ્લ જેવા સામાને તેની સાથળને ચૂડ ભેરવીને પોતાની સાથે લેતા પડે છે. જાતવાન ઘોડાઓ પણ ખરે વખતે પોતાનું પાણી જણાવે છે. હે **સંજય**, ત્હારે લીધે ત્હારાં કુલની પણ આબરૂ જાય છે, ત્હારા પૂર્વજોને માથે પણ કલંક બેસે છે. તું તો મ્હારે પેટે સાક્ષાત કલિ અવતર્યો. કોઈ માને ત્હારા જેવા પુત્ર ન થશો. રાજ્ય ન હોય, પરિજન ન હોય, પોતાનું કૈં જ ન હોય, ભિક્ષા વડે પેટ ભરવું, અને પોતાનું બલ અને પોતાની શક્તિ પણ અજમાવાય નહીં, એવું જીવન આપણને ન ઘટે. બ્રાહ્મણો અને આપણા શુભેચ્છકો તો આપણા આશ્રિત જોઇએ; જે પ્રમાણે પ્રાણી માત્ર મેઘરાજાના આશ્રિત છે, અથવા તો જે પ્રમાણે દેવો ઇંદ્રરાજાના આશ્રિત છે તે પ્રમાણે, ફલવાળાં ઝાડનુંયે જીવન સાર્થક છે કે પંખીઓ તેના વડે નભે છે. ત્હારા કરતાં તો આપણી પ્રજાયે સારી છે કે તે **સિંધુ**રાજાની આણથી સંતુષ્ટ નથી અને તેની સામે ઉઠવાને સારો લાગ મળવાની જ વાટ જુવે છે. તો હે **સંજય**, તું તો રાજ્યનો હક્કદાર છે અને ક્ષત્રિય છે. ત્હારે બીજાની રૈયત થૈ રહેવું ન ઘટે. ક્ષત્રિય તે વળી કોઇને નમે! એને નમાવવા જાઓ તો એ તુટી જાય તે ભલે પણ નમવાનો કદાપિ ન્હૈં. અને એને વળી બ્હીક કેવી? જય વિષે શંકા કેવી? દુશ્મન સામે થવામાં સંકલ્પવિકલ્પ કેવા? એના મનમાં તો દુશ્મન હોય ત્યાં સુધી હું ન્હૈં કે એ ન્હૈં એ શિવાય બીજી વાત જ હોય ન્હૈં.'

"**વિદુલા** રાણીનાં આવાં વાગ્બાણથી તેના પુત્રનું હૃદય અંતે ભેદાયું. તે દૃઢતાથી

પ્રયત્ન કરવા લાગ્યો અને થોડા વખતમાં દુશ્મનોનો નાશ કરીને ગયેલી ગાદી પાછી મેળવી શક્યો. "

કુન્તી કહે, " હે કૃષ્ણ, આ સર્વ મ્હારા પુત્રોને કહેજો. જેમ તેઓ વધારે ઉશ્કેરાય તેવી રીતે કહેજો. ઘુત વખતે સતી **પાંચાલી**નાં જે અસહ્ય અપમાનો કરવામાં આવેલાં તે પણ એમને ફરી સંભળાવજો અને કહેજો કે એવાં અપમાનોની ક્ષમા ન હોય. રાજ્ય ગયું, ઘૂતમાં છેતરાયા, વનવાસ વેઠયો, એ સર્વ કરતાં એ અપમાનો મ્હને વધારે સાલે છે અને એમને યે સાલતાં હોવાં જોઇએ. "

કુન્તીએ **પાણ્ડવો**ને આ પ્રમાણે સખ્તમાં સખ્ત વેણ કહાવીને તેમને તેમના ધર્મમાં પ્રેરવા માટે પોતાનાથી બનતું કર્યું તો ખરૂં, પરંતુ તે પછી માતાના હૃદયમાં પુત્રોની સલામતી વિષે ફિકર પેઠી, એટલે તેનો પણ યથાશક્તિ ઉપાય કરવા તે કર્ણ પાસે ગૈ. ( અધ્યાય ૧૪૪-૫. ) અને કર્ણને તેણે કહ્યું,

" તું મ્હારો અને **સૂર્ય**નો પુત્ર છે. અને તું મ્હારો પુત્ર એટલે ધર્મશાસ્ત્ર પ્રમાણે તું મ્હારા પતિ **પાણ્ડુ**નો પુત્ર ગણાય તથા યુધિષ્ઠિરથી મ્હોટો એટલે **પાણ્ડવો**માં જ્યેષ્ઠ ગણાય. પુત્રે માતાપિતાની આજ્ઞા માનવી જોઇએ. તો હું ત્હને આજ્ઞા કરૂં છે કે ત્હારે યુધિષ્ઠિરને મળવું, અને હું ત્હારા જન્મની ખરી હકીકત પ્રકટ કરીશ એટલે તું રાજા અને યુધિષ્ઠિર ત્હારો યુવરાજ થશે અને દ્રૌપદી પણ ત્હને પોતાના છઠ્ઠા સ્વામી તરીકે સ્વીકારશે. વળી **અર્જુન** અને તું એક પક્ષમાં સાથે જોડાશો તો દુનિયામાં કૈ ચીજ છે જે ત્હમે ન મેળવી શકો? માટે ત્હારો ઉત્તમ લાભ અને ત્હારો શ્રેષ્ઠ ધર્મ આ મ્હારી વાત સ્વીકારવામાં છે. "

કર્ણ સર્વ સાંભળી રહ્યો. **સૂર્યે** પણ અંતરિક્ષમાંથી કુન્તીની વાતની સત્યતા વિષે સાક્ષી પૂરી. પરંતુ તેણે પોતાનો ધર્મ બારીકાઇથી વિચારી જોઇને કુન્તીને જવાબ દીધોઃ " તું મ્હારી જનેતા છે તે ભલે, પણ તું મ્હારી માતા શેની? ત્હેં મ્હને જાણીને જ ત્યજી દીધો. મ્હારું આયુષ્ય તે પળે જ પૂરૂં થાત પણ **રાધા** અને **અધિરથે** મ્હને ઉગાર્યો, પાળ્યો, પોષ્યો, મ્હોટો કર્યો, પરણાવ્યો. આજ સુધી હું ત્હારો પુત્ર છું એમ ત્હને ક્યારે યે સાંભર્યું છે? અને આજ આટલે વર્ષે અણીને વખતે હવે જે તું કહેવા આવી છે તે મ્હારા લાભની વાત છે તેની ના ન્હેં પણ મ્હારી હાનિની પણ છે તે જરા જો. આજે હું **પાર્થ**ને જૈને મળું તો દુનિયા શું ધારશે? કે કર્ણ **અર્જુન**થી આખરે બીધો. અને તે શું કહેશે? કે ક્ષત્રિય તો ખરો અને વળી આવો પ્રતાપી તો પણ સારથીનું દુધ અને સારથીઓમાં ઉછર્યો એટલે ખરે વખતે ફરી ગયો. એ પ્રમાણે મ્હારી આખી જાતની અને મ્હારા પિતૃઓની ગેરઆબરૂ થશે. વળી હું દુર્યોધનને ત્યજ્યા વગર તો **અર્જુન**ને મળી શકું ન્હેં અને દુર્યોધને તો આજ સુધી મ્હને રાજ્ય આપીને પોતાનો મ્હોટામાં મ્હોટો વીર સમજીને અને અનેકાનેક ઉપકારો કરીને મ્હને બાંધી લીધો છે તેનો કૃતઘ્ની કેમ થાઉં? આ વખતે હું એમને ત્યજું તો દુર્યોધન



અને કૌરવો શું ધારે? કે અમે તો દૂધ પાઇને સાપ ઉછર્યો. તું મ્હારી જનેતા છે તો હું ત્હને છેતરી શકતો નથી અને સ્પષ્ટ કહું છું કે દુર્યોધનની પ્રીતિવશ છું અને **પાણ્ડવો** સામે યથાશક્તિ લડીશ. પરંતુ જા હું ત્હને આટલું વચન આપુ છું તેથી સંતોષ માન. **અર્જુન** શિવાય એકે **પાણ્ડવ**નો હું જીવ ન્હેં લઉં. એટલે **અર્જુન** મ્હને મારશે તો પાંચ **પાણ્ડવો** ત્હારા પુત્રો રહેશે અને જો કદાચ **અર્જુન**ને હું મારી શકીશ તો હું અને ચાર **પાણ્ડવો** એમ પાંચ ત્હારા પુત્રો રહેશે. " કુન્તી આટલાથી મન વાળી તેને આશીર્વાદ દૈ ચાલી ગૈ. કૃત્યોના પરિણામ રૂપ બનાવો બાણમાંથી છૂટેલા તીરની માફક બનવા શરૂ થૈ ચૂકે પછી તેનો પ્રતીકાર અશક્ય છે. અથવા તો આટલે સુધી ન જાગ્યા તો પછી એ બનાવોનો માર સ્હૈ જવો અને ભવિષ્યને માટે ગાંઠ વાળવી એ જ ખરો પ્રતીકાર છે.

## ૫. યુદ્ધ પછી.

કુરુક્ષેત્રનું ધર્મયુદ્ધ પૂરૂં થતું. કર્ણ અને કૌરવો મુવા. અસંખ્ય પ્રાણીઓનો ઘાણ વળી ગયો. પછી **પાણ્ડવો** કૌરવો વગેરેની ઉત્તરક્રિયા કરવા લાગ્યા. ( **સ્ત્રી**પર્વ અધ્યાય ૨૭ ) ત્યારે કુન્તીથી ન રહેવાયું અને યુધિષ્ઠિરને કહ્યું " કર્ણ મ્હારો કાનીન પુત્ર ત્હમારો મ્હોટો ભાઈ થાય. એની પણ ઉત્તરક્રિયા કરજો." યુધિષ્ઠિર તો સાંભળીને આભો જ બની ગયો અને પોતાની માને ઠપકો દેવા લાગ્યો. " આ હકીકત મ્હને વેળાસર કેમ ન જણાવી? હું એમને મ્હારા ગુરૂ ગણી સદા એમની આજ્ઞામાં રહેત. આ યુદ્ધ થવા જ ન પામત. આ બધો કેર વર્ત્યો તેનું પાપ કોને માથે!" કુન્તી શો જવાબ આપે? યુધિષ્ઠિરનો આક્ષેપ ખરો હતો કે ખોટો? **પાણ્ડુ**ને શાપ થયો તે સમયે કુન્તીએ હાથ જોડીને એમને કહ્યું હોત કે " આપ અપુત્ર નથી. મ્હને આ પ્રમાણે મંત્રલાભ થયો, તે વખતે નાદાનીમાં મ્હેં તેનો ઉપયોગ કરી જોતાં મ્હને એક પુત્ર થયેલો છે. પણ તે જન્મ્યો તેવો લજ્જામાં લેવાઈ જૈને મ્હેં તેને નદીમાં વ્હેતો મૂકી દીધો છે. ચાલો તેની તપાસ કરીએ. જો એ જીવતો જડે તો એ આપનો પુત્ર. સૂર્ય જેવો એનો પિતા છે એટલે એ સોવસા તો જીવતો જ હશે." પરંતુ તે વખતે કુન્તીની જીભ ઉપડી ન્હેં. અને પછી તો જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એને પોતાનું ગુહ્ય પ્રકટ કરવું વધારે વધારે મુસ્કિલ થતું ગયું. એક વાત ગુપ્ત રાખ્યાની કુપરિણામપરંપરા ધીમે ધીમે વધતી જતી આવી ત્રાસદાયક નીપજશે એમ તો એના મનમાં ક્યાંથી જ આવી શકે! **विधिरेव तानि घटयति यानि पुमान्नैव चिन्तयति.** માણસમાં ત્રિકાલજ્ઞતા ન આવે ત્યાં સુધી તેને હાથે આ પ્રમાણે સિંહાવલોકમાં જે પાપપરંપરા થતી જણાય તેની તુલના ઉદારતા અને ક્ષમાબુદ્ધિથી જ કરવી ઘટે છે. અને છેવટે પણ કુન્તીએ પોતે કર્ણની માતા હોવાની વાત પ્રસિદ્ધ કરી એ તેણીની ધર્મબુદ્ધિ જ બતાવે છે.

યુધિષ્ઠિર રાજા થયો. તેણે સંપત્તિ મેળવી અને અશ્વમેધ કર્યો. પછી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વાનપ્રસ્થ થવા નીકળ્યાં તેમની સાથે કુન્તીએ પણ જવાનો નિશ્ચય કર્યો. ( **આ-**

શ્રમવાસિકપર્વ. અધ્યાય ૧૭ ) પાણ્ડવોએ એને બહુ સમઝાવી અને મ્હેણું માર્યું કે "આમ અમને ત્યજીને જવું જ હતું તો વિદુલાનું આખ્યાન કહાવીને અમને યુદ્ધ માટે ઉશ્કેર્યાં શું કરવા?" બધાનો એણે શાંતિ અને દૃઢતાથી જવાબ દીધો. કુન્તી કહે, "મ્હેં ત્હમને ઉશ્કેર્યાં તે ત્હમારા પોતાના આ દુનિયાને બીજી દુનિયાનાં હિતની ખાતર. મ્હારા પોતાના સ્વાર્થને માટે બિલકુલ ન્હૈં. પાણ્ડુ રાજાનું રાજ્ય હતું ત્યારે રાણી તરીકેના સર્વ ભોગવૈભવ ભોગવી ભોગવીને હું તો ધરાયેલી હતી. ત્હમારાં રાજ્યમાં ફરીથી ભોગવૈભવ ભોગવવાની તૃષ્ણા મ્હને હતી ન્હૈં. અને ત્હમને કૃતકૃત્ય જોઇને હવે હું તપ કરીને ત્હમારા પિતા જે ધામમાં સુખમાં છે ત્યાં જેમ બને તેમ જલદી પ્હોંચવા ઇચ્છું છું."

આ પ્રમાણે કુન્તી માતાનું આખ્યાન છે. તે મ્હેં ટુંકામાં પણ બનતાં સુધી મૂલ પ્રમાણે જ ઉતાર્યું છે. એમાંથી ધર્મનો અને નીતિનો બોધ વિચારવા જૈએ તો ઘણો છે પણ તેમ કરતાં લંબાણ થૈ જાય. અને વળી બોધ તો વાંચનાર સાંભળનારને જે વખતે જેટલો ઠસી જાય તેટલો જ તેને માટે તે વખતે ખરો છે, પરંતુ વાર્તારસના અધિકારી તો સર્વ છે એટલે અહીં જ અટકું છું. માતા થવા સરજેલી સર્વ સ્ત્રીઓએ કુન્તીના વૃત્તાંતનું વારંવાર મનન કરવું એટલી નમ્ર ભલામણ મ્હારા તરફથી કરવા રજા લઉં છું.

બળવંતરાય ક. ઠાકોર.

---

# સુન્દરી સુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો
"સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને
"સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી
"અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા
"શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની
"કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉંન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે:—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી...
"સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશકય છે.

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ જુલાઇ—અષાઢ વિ. સં. ૧૯૬૩. [અંક ૧૧ મો.

## ज्ञानसुगन्ध.

### जीवन-

( वंशस्थ )

समुद्र संसारतणो अगाध ज्यां,
मनुष्य कल्लोल जतां उंचां निचां;
जीवीत केरी अवाधि टुंकी छतां,
महान मानी निज धर्म भूलतां.
विचारतां देह दिसे अधन्य आ,
उपेक्षी आत्मा सविशेष रक्षता;
दिसन्तु कौमार विनोदपूर्ण, ने,
उपाधिआधि पडता ज यौवने.
विवाहसौख्यो तणी चांद्रिका विशे,
क्रीडन्त भाग्ये जन को विशुद्ध जे;

गणन्त को कंटक रंग लग्नने,
असंख्य व्हेमां सुख को जनो गणे.
गृहे मळे ना मन शान्ति अल्प ने,
प्रवासमां दुःख, गणी न विचरे;
विनष्ट आनंद थतो ज विग्रहे,
विशेष संधि महि दुःख उद्भवे.

मळन्त सौख्यो नहि दीर्घ आयुथी,
करन्त आक्रन्द शुं मृत्युथी व्हीनी,
करी सुकृत्यो नीतिपंथने ग्रहे,
जीवीतसाफल्य, विबुध ए गणे.

सुबन्धु.

———:o:———

# કાવ્યકુંજ.

## સ્નેહનાં સદાવ્રત.

( અંતકાળે સગુ નહીં કોઈનું રેઃ એ રાહ. )

વ્હાલાં! ચાલોજી ચાલો, બસ કરીયે પ્રાણદાન;
ચાલો બાંધીયે સદાવ્રત સ્નેહનાં રે:—

દીન આંખમાં ઉતારી દૈવી ગંગાના પ્રાણ;
વ્હાલાં! વિલસીએ સનાતન સહચારમાં રે.—
માન ધરતી ધરેજ જ્યાં અન્નકૂટના નિધાન;
પ્રાણ પ્રેરે પ્રભુ ત્યાં દાન દેહનાં રે.—
વ્હાલાં! આપણે તો દેવના આદેશનાં વિધાન;
પ્રાણ તો ધરે પ્રકાશ આત્મદાનમાં રે.—
આવા દેવના દરબારમાં સૈયારાં સન્માન;
ધન્ય જન્મ! કાય જાય જો કલ્યાણમાં રે.

લલિત.

——o——



## અસાડીલા રાજ.

( મ્હારૂં ગોકુળ જોવાને આવરે મથુરાના વાસીઃ એ રાહ પ્રમાણે. )

આવ્યા આવ્યા અસાડીલા રાજ, હીંચે મ્હારાં હઇડાં.— સખિ!
લાવ્યા એના સૌભાગ્યભર્યા સાજ, હીંચે મ્હારાં હઈડાં.— સખિ!

———

પુણ્ય પવનની શાંત હીંચોળે હીલે બ્રહ્માંડ એ હિંડોળે રે,
ઝબુકે ઝળક ત્યાં અંજન અંજાય કંઈ ગાજે ઘેરૂં ઘનઘોર.
હીંચે મ્હારાં હઈડાંઃ સખિ!—

છેડયા પડછંદ જાગ્યા
પુરાતન પ્રાણ જાગ્યા

એકાકાર ઓઘ ઢળી વળે જડપાજ, હીંચે મ્હારાં હઇડાંઃ સખિ!—

———

ઝબકી જાગ્યું મ્હારૂં જીવન ઘેરાતું ઉલટયાં રસાતળ ઊંડાં રે.
રેલે ચ્હડયો મ્હારા દીલનો મ્હેરામણ રેલે છળોછળ છોળ;
હીંચે મ્હારાં હઈડાંઃ સખિ!—

ન્હાની શી નાર હું તો
ડોલી ડોલાઉં હું તો

રસગુણથી રસે રસરાજઃ હીંચે મ્હારાં હઈડાંઃ સખિ!—

———

હળવી હથેળીયે રસસાગર સમાવું રસગુણ ઝીલી ઝુલાવું રે;
નાચું નચાવું તેમ હળુ હળુ હેરેઃ મને એકલી જાણીને હસાવેઃ
હીંચે મ્હારાં હઇડાંઃ સખિ!—

હસાવી હસું ન હું તો
કહોને બીજું શું કરૂં તો

એવી હરવી હારી ગઇ લાજઃ હીંચે મ્હારાં હઇડાંઃ સખિ!—
આવ્યા આવ્યા અસાડીલા રાજઃ હીંચે મ્હારાં હઇડાંઃ સખિ!—

લલિત.

———

# વાર્તાલહરી.

## સરસ્વતી.

### ( સ્ત્રીલેખ. )

સ્હવારમાં સાતેક વાગ્યાને સુમારે મુમ્બાઈના ગ્રાન્ટરોડ સ્ટેશને ધસારા બંધ મેઈલ આવીને ઉભી. અષાઢ મહીનો હતો, એટલે વાદળાં ને વરસાદ શરૂ થયાં હતાં. સુર્યનારાયણ નિત્ય કર્મમાંથી પરવારી અશ્વારૂઢ થઈ પોતાનો અમલ ચલાવવાની તૈયારી કરતા, પરંતુ વાદળાં એક પછી એક આવી તેઓને ઢાંકી દેતા હતા. ટ્રેઈન ઉભી ને પોરટરો 'ગ્રાન્ટરોડ' 'ગ્રાન્ટ-રોડ' કરી બુમ પાડવા મંડયા. ટ્રેઈનનું ઉભું રહેવું, પોરટરોના ઘાંટા ને સ્ટેશનના ખળભળાટથી ઉતારૂઓ જાગી આંખ્યો ચોળતા હાથમાં પોટકાં લઈ એક પછી એક ઉતર્યા. આ ટ્રેઈનમાં બાવીશેક વર્ષનો યુવાન અમદાવાદથી બેઠો હતો ને તે પણ અહીં ગ્રાન્ટરોડના સ્ટેશને ઉતર્યો. એણે એના મિત્રને કાગળ લખ્યો હતો પરંતુ એ સ્ટેશન ઉપર આવ્યો નહોતો, એથી એ મજુર કરી સામાન લેવડાવી બ્હાર આવ્યો, અને વીક્ટોરીઆમાં મુકાવી ભુલેશ્વર તરફ હંકરાવી. આ યુવાન ઈન્ટર કલાસમાં હતો અને ત્હેનું નામ શીવપ્રસાદ હતું. શીવપ્રસાદના બાપે સારી હોદ્દાની નોકરી કરી ઠીક પૈસો એકઠો કર્યો હતો. હાલ તેઓ વૃદ્ધ હોવાથી પેનસીન પર હતા. એમનું નામ મણીશંકર હતું. મણીશંકર ઘણા શાંન્ત ને માયાળુ હતા. ત્હેમનાં પત્ની ભાગીરથી તેવાં નહોતાં. તેઓ તો એમનાથી ઉલટાજ સ્વભાવનાં હતાં. ભાગીરથી ઘણાં આકળાં ને મીજાજી હતાં. પોતાનું ધાર્યું ન થાય તો ઘણાં જ ચીડાતાં. મણીશંકર હોદ્દા ઉપર હતા એટલે માણસોની છુટ હતી, તેથી ભાગીરથીને હુકમ કરવાની ટેવ પડી હતી. પેનશીન લીધા પછી પણ એક બ્રાહ્મણ રસોઇને માટે રાખ્યો હતો ને બે ચાકર રાખ્યા હતા, એટલે હુકમ કરવાની થોડી ઘણી ટેવ તો કાયમજ રહી હતી. એમને એક છોકરો ને એક છોકરી હતી. મણીશંકરના ઉચ્ચ વિચાર ને ઉદારતા વિગેરે સદ્‌ગુણ શીવપ્રસાદમાં આવ્યા હતા, અને નર્મદા એની માના જેવી રીસાળ મીજાજી ને છરવીંગી હતી. શીવપ્રસાદનું લગ્ન સાધારણ સ્થિતિના ગૌરીશંકરની પુત્રી સાથે થયું હતું. એનું નામ સરસ્વતી હતું. સરસ્વતીને ત્રણ બ્હેનો ને એક ભાઇ હતો. સરસ્વતી શાંન્ત ને ભોળી હતી. એની ઉમ્મર સોળ વર્ષની હતી. સાસરે આવ્યા પછી, શરમાળ હતી તેમાં વિશેશ શરમાળ થઈ. સાસુનો કરબ એટલો બધો હતો કે ત્હેને સ્હવારે છ વાગે મેડીએથી ઉતરવું પડતું. ભાગીરથીનો આકળો સ્વભાવ હતો પણ તે સહન કરતી. જેમ બને તેમ સાસુ નણંદ ખુશી રહે એમ પ્રયત્ન કરતી. શીવપ્રસાદ સાથે પણ નમ્રતા ને સ્નેહથી વર્તતી. શીવપ્રસાદ ભાગ્યેજ સરસ્વતી ઉપર ચીડાતો. કારણ તે જાણતો હતો કે ભાગીરથી બહુ સકતાઈ વાપરે છે. ભાગીરથી બે બોલ વહુને કહેતી હોય તે વખત નર્મદા બ્હેન ટાપસી પુરવાને તૈયારજ. સરસ્વતી પ્હેલી પંદર દીવસ રહી ગઈ ત્યારે તો સાસુનણંદ આગતાસ્વાગતા સારી કરતાં, પણ પછી તો કહેવત પ્રમાણે " પ્હેલાં વહુ ખાતી નથી ને પછી વહુ ધરાતી નથી " તેમ બીજી વખત આવી એટલે સાસુનણંદે રોફ ચલાવવા માંડયો. આખા દિવસમાં એક કલાક પણ સરસ્વતીને શીવપ્રસાદ પાસે જવા દેતી નહિ. પણ એ બધું સરસ્વતી સહન કરતી. એ જાણતી કે આખો દિવસ મુંઝાયલી રાત્રે



ઉપર જઇશ ત્યારે સ્નેહથી શીવપ્રસાદ મ્હારી સાથે વાત કરશે. ને એથીજ સરસ્વતી ભાગીરથી કે નર્મદા લડે વડે ગમે તેમ કરે તો પણ એક અક્ષર શીવપ્રસાદને કહેતી નહિ. પણ શીવપ્રસાદ છાની રીતે તપાસ કરતો. દિવસે દિવસે ભાગીરથીએ સરસ્વતી ઉપર બહુજ ચીડાવા માંડયું, ને હવે તો નજીવી બાબતમાં પણ કંકાસ કરતી. શીવપ્રસાદને ને સરસ્વતીને બનતું તે ખમાતું નહિ. નર્મદાનો વર પ્હેલાં તો ઠીક હતો, પણ પછીથી ખરાબ સોબતને લીધે બગડયો. તે એટલે સુધી કે રોજ નીશો કરતો ને નીશાની ધુનમાં નર્મદાને ખુબ મારતો. આથી ભાગીરથીથી છોકરાવહુનું સુખ ને બન્નેને બને છે એ ખમાયું નહિ, અને એથીજ બંને પતિપત્નીને તકરાર થાય એવું ઈચ્છતી. આ બધું સરસ્વતી જાણતી, પણ એણે કહ્યું ન્હોતું. પણ શીવપ્રસાદ બધું જાણતો. આથી કંટાળીને અમદાવાદથી શીવપ્રસાદ મુમ્બાઈ અભ્યાસને માટે ગયો. વીકટોરીઆમાં બેસી શીવપ્રસાદ એના મીત્ર ગીરજાશંકરને ત્યાં ગયો. ગીરજાશંકર પણ અભ્યાસને માટેજ રહેતો હતો. એને મા બાપ બ્હેન કે કોઈ નહોતું, એટલે એણે વહુને મુંમ્બાઈમાં જ રાખી હતી. એની વહુનું નામ ગંગા હતું. ગંગાને પણ પીયેરમાં કોઈ નહોતું, એટલે એ ગીરજાશંકર પાસેજ રહેતી હતી, એટલે લગ્ન પછી પતિપત્ની એક પણ દિવસ એક બીજાથી જુદાં રહ્યાં નહોતાં. જેઓ સદ્‌ગુણી ને સ્નેહાળ હૃદયનાં હોય તે સાથે રહેવાથી રેશમની દોરીની ગાંઠ્ય પડયા પછી ખેંચીએ તેમ મજબુત થાય ને ગમે તેટલો પ્રયત્ન કર્યા છતાં છુટે જ નહિ તેમ પ્રેમી દંપતીનાં હૃદય પણ જુદાં નજ થાય. અને જેઓનાં અંતઃકરણ એક બીજાને વ્હાતાં ન હોય એ તો એમજ જાણે કે કયારે એક બીજાથી દુર થઇએ. ગંગાને કોઈ પણ દિવસ તકરાર થતી નહિ. શીવપ્રસાદને ઘરમાં આવતો જોઈ દાળ વીણતી હતી ત્યાંથી ઉઠીને ગીરજાશંકરને શીવપ્રસાદ આવ્યાના ખબર કહેવા ગઈ, ને પછી રસોડામાં જઈ ચ્હા તૈયાર કરીને લાવી.

દાતણ કરી શીવપ્રસાદે ચ્હા પીવા માંડયો. ચ્હા પીતાં પીતાં શીવપ્રસાદ ને ગીરજાશંકર વાતોએ ચડયા, ને ગંગા રસોડામાં રસોઈ કરવા ગઈ.

ગીરજાશંકર–શીવપ્રસાદ, આમ ત્હારે એકદમ આવવાનું કારણ શું ? સરસ્વતી ભાભીથી રીસાયો તો નથી ને ?

શીવપ્રસાદ–નારે ભાઈ, એનાથી શું કામ રીસાઉં. એ તો બીચારી ભલી છે. ઘરમાં બા એના ઉપર આખો દિવસ ચીડાય છે, પણ મને એક અક્ષરે એ કહેતી નહોતી.

ગીરજાશંકર–ત્યારે ત્હારે આમ એકદમ આવવાનું કારણ શું ? કેમ તું આટલો બધો દીલગીર રહે છે ?

શીવપ્રસાદ—આવવાનું કારણ એટલુંજ કે બા રોજ એના ઉપર ચીડાય છે ને એનો વાંક મ્હારી પાસે કાડયા કરે છે ને ઘરમાં આખો દિવસ કકળાટ કર્યા કરે છે. અને એથી મ્હારાથી વંચાતું ન્હોતું, ને એથીજ હું અહીં આવ્યો.

ગીરજાશંકર–ભાઈ ત્હમે તો અહીં આવ્યા પણ બીચારી ભાભીની શી દશા ?

શીવપ્રસાદ—એજ મને ચિન્તા થાય છે. પણ થોડા દિવસ એ ચિન્તા દુર કરીશ તોજ એને સુખી કરવાની આશા છે.

ગીરજાશંકર—ભાઈ આપણી નાતમાં છોકરો પરણાવતી વખત હોંશ હોય છે, કે ક્યારે મ્હારો છોકરો પરણે ને વહુ ઘેર આવે. એવા એવા વિચારથી છોકરાનું ન્હાની ઉમ્મરમાં ગમે તેવે ઠેકાણે ન્હાની મ્હોટી કે સારી ખોટી કન્યાનો વિચાર કર્યા વગર લગ્ન કરે છે. ત્હેમાં જે વધારે રૂપીયા આપે તે ઘરની કન્યા તો સારીજ હોય એમ માની લે છે. પરંતુ તે થોડા વખતને માટેજ. કન્યા સાસરે આવ્યા પછી થોડો વખત તો બને. પણ કન્યા મટી વહુ થાય ને એનામાં સ્હમજણ આવે એટલે સાસુવહુની લડવાડ ચાલે. તેમ કરતાં જો છોકરાં થયાં હોય તો પાડ, નહિ તો બીજી લાવીશ એમ બીવરાવે, અને બીજી લાવે એમાં પણ નવાઈ નહિ. આપણી નાત બહુજ ખરાબ છે. આપણા જેવડા યુવાનોએ મળીને નક્કી કરવું જોઇએ કે ગમે તેમ થાય પણ એક ઉપર બીજી ન લાવવી. એક છોકરી હોય ને પૈસો જરા ઠીક હોય તે તો ગમે તેમ કરી છોકરીના સાસરીઆંને મનાવે, પણ બે ચાર છોકરીઓ હોય તે શું કરે?

આ પ્રમાણે બન્ને મિત્રો વાતો કરતા હતા. એટલામાં બંગડીનો રણકાર સંભળાયો ને શીવપ્રસાદે પાછું વાળીને જોયું.

શીવપ્રસાદ—ઓહો, ભાભી, ક્યારનાં અહીં ઉભાં છો? અમને તો ખબરે ન પડી!

ગંગા—ક્યાંથી પડે ભાઈ! સરસ્વતી બ્હેનના વિચારમાં હશો તે! હું તો ક્યારની આવી છું, ને વાત સાંભળું છું. લ્યો ચાલો રસોઈ તૈયાર થઈ ગઈ છે, ને પાણી ન્હાવાનું કાઢ્યું છે.

ગીરજાશંકર—લ્યો ચાલો ત્યારે ન્હાઇએ. એમ કહી લુગડાં ઉતારી ન્હાવા ગયો. ન્હાયા પછી બન્ને મિત્રો સાથે બેશી જમ્યા, જમી પાનસોપારી ખાઈ શીવપ્રસાદ ને ગીરજાશંકર કોલેજમાં ગયા. થોડા દિવસ પછી શીવપ્રસાદે ગીરજાશંકરની ઓરડી પાસેજ એક ઓરડી રાખી. સુતો બેસતો ને વાંચતો ત્યાં, ને જમતો ગીરજાશંકરને ઘેર. વખત પાણીના રેલાની માફક જવા માંડ્યો. પરીક્ષા પાસે આવી. ગીરજાશંકરે ને શીવપ્રસાદે ખુબ ધ્યાનથી વાંચવું શરૂ કર્યું. પરીક્ષા આવી તેવી પુરી થઇ. પાસ થઇશું કે કેમ એજ વિચારમાં ગીરજાશંકર ને શીવપ્રસાદ હતા. થોડા દિવસ ગયા ને એક શનીવારની સ્હાંજે ખબર પડી કે બન્ને મિત્રો પાસ થઈ સેકન્ડ કલાસમાં આવ્યા. આ ખુશ ખબરથી ગીરજાશંકરે ટીપાર્ટી આપી ને થોડા દિવસ પછી શીવપ્રસાદે અમદાવાદ જવાનો વિચાર કર્યો.

× × × ×

મણીશંકરના ઘરની મેડીએ એક યુવતી વિચારમાં ને વિચારમાં આમ તેમ પથારીમાં આળોટતી હતી. આ યુવતી સરસ્વતી હતી. શીવપ્રસાદ ગયા પછી તો ભાગીરથીએ ખુબ જુલમ કરવા માંડ્યો હતો. તે એટલે સુધી કે ઘરની બ્હાર પગ મુકવાનો નહિ. શીવપ્રસાદ મુમ્બાઇથી કાગળ લખતો તે ભાગીરથી સરસ્વતીને હાથ જવા દેતી નહિ. સરસ્વતી કામ કરતી તો તે પણ ભાગીરથીને પસંદ પડતું નહિ. નર્મદાનો વર ખરાબ સોબતને લીધે દિવસે દિવસે બગડતો ગયો. નર્મદાને હમેશાં મારતો, નોકરી મુકી દીધી હતી, એટલે ખાવાને માટે પૈસાની તંગી પડી. એથી દરરોજ નર્મદા પાસે પલ્લુ માગતો. આથી કંટાળીને નર્મદા પીયેર



રહેવા આવી હતી. ત્યાં પણ આવી આવીને કનડતો. આથી ભાગીરથીને એમ થયું કે મ્હારી દીકરી દુઃખી ને શીવપ્રસાદ કેમ વહુનું કહ્યું કરે છે? ગમે એટલું ભાગીરથી સરસ્વતીને કનડતી પણ એક અક્ષર પણ સરસ્વતી શીવપ્રસાદને લખતી નહિ.

એક દિવસ સ્હાંજે ભાગીરથી ચોકમાં બેઠી હતી. એટલામાં મણીશંકર આવીને પાસે પડેલી આરામ ખુરશી ઉપર બેઠા. થોડીવાર પછી ભાગીરથીએ મુદ્દાની વાત શરૂ કરી.

ભાગીરથી—મને તો આ વહુને કંઈ સારો દિવસ આવે એમ લાગતું નથી. એકનો એક છોકરો, પણ એના તરફથી ટાઢક નહિ. હોય છે એને તો ખાસું હોય છે.

મણીશંકર—એનો અસંતોષ ન રાખવો. આપડા નશીબમાં સુખ ભોગવવાનું હશે તો વ્હેલું મોડું મળશે.

ભાગીરથી—મ્હારી મરજી તો કાશીની છોકરી સરીતા સાથે ચોકઠું બેસારવાની છે. ઉમ્મરે ખાસ્સી તેર વરસની છે.

મણીશંકર—એ શું બોલી? હું એમ થવા દેવાનો નથી. હું જીવીશ ત્યાં સુધી સરસ્વતીને દુઃખી કરવાનો નથી. કેમ જાણ્યું કે એથી છોકરાંને તું રમાડીશ?

ભાગીરથી—ત્હમારે કંઈ છે? ત્હમારી મરજી સાચવે એટલે વહુ શી વાત! પણ એ તો જે છે તે છે. કંઈ ઓછી નથી.

મણીશંકર—હું કહું છું તે નહિ કે મ્હારા છતાં નહિ થવા દઉં? હું ન હઉં ત્યારે ત્હમને ફાવે એમ કરજો. નજીવી બાબતને માટે છોકરાંનું બ્હાનું કહાડી બીજી લાવવી છે! શરમ છે શરમ! ખબડદાર જો હવે મ્હારે મ્હોયે એ સંબંધી વાત કરી તો. નર્મદા ઉપર બીજી આવે તો ત્હને કેવું લાગે? હજી સરસ્વતીની ઉમ્મર કેટલી થઈ છે કે આટલી બધી ઉતાવળ કરે છે?—એટલું કહી ખુરશી ઉપરથી પગ પછાડો ઉઠયા ને લુઘડાં પહેરી બ્હાર ગયા. ભાગીરથી બબડતી પરસાળમાં જઈ કામે લાગી. એટલામાં નર્મદા સાસરેથી આવી. ને બે જણ એ ની એ વાત કરવા બેઠાં. દીવા વખત થઈ પણ બન્નેની વાત ખુટી નહિ. આખર વખત થઈ જવાથી નર્મદા પાછી સાસરે ગઈ ને ભાગીરથી પરસાળમાં પડેલી ગાદી ઉપર સુઈ ગઈ. જમવાની વખત થઈ એટલે ભાગીરથીને સરસ્વતી તેડવા ગઈ ને ઘણો આગ્રહ કર્યો પણ જમવા ઉઠી નહિં.

એટલે સરસ્વતીએ રસોડામાં જઇને ચ્હા કર્યો ને પ્યાલો તૈયાર કરી ભાગીરથી પાસે લાવી. ભાગીરથીને ચ્હા પીવાનું કહ્યું, પણ માન્યું નહિ.

સરસ્વતી—બા, આટલો ચ્હા પી જાઓ ને! સ્હવારે એવું શું ખાધું છે કે અત્યારે ભુખ નથી? આટલો ચ્હા પી જાઓ.

ભાગીરથી—મ્હારે તો કંઈ ચ્હા બા નથી પીવો. મ્હારા મ્હોં આગળ ન લાવશો. કોણે ચ્હા કરવાનું કહ્યુંતું? મ્હારે શા ઉપર ચ્હાનો પ્યાલો પીવોતો?—એમ કરી છરમાં ને છરમાં પ્યાલો ખશેડી દીધો તેવો જ પ્યાલો ઉંધો પડ્યો તે સરસ્વતીના પગ ઉપર ચ્હા ચ્હા થયો, ને દાઝી તે નફાનું. તરત પ્યાલો લઈ જઈ ત્યાંથી સાફ કરી નાંખ્યું, ને ઉપર મ્હેડીએ જઈ

બારણું વાશી પથારીમાં સુઈ ગઈ ને સુતે સુતે ખુબ રોઈ. સ્હાંજે ભાગીરથી ને મણીશંકર વચ્ચે થતી વાતચીત સરસ્વતીએ સાંભળી હતી.

બીજા દિવસે સ્હવારમાં વ્હેલી ઉઠી કામથી પરવારી બપોરે સાસુની રજા લઈ કાશીને ઘેર ગઈ. તે વખત કાશી ઘરમાંથી કચરો કાઢતી હતી. કોઈ દિવસ નહિ ને આજ સરસ્વતી એને ઘેર આવી એથી એને નવાઇ લાગી. બન્ને પરસાળમાં ગયાં ને ત્યાં સાદડી ઉપર બેઠાં. પ્હેલાં તો બીજી વાતો કરી પણ પછી સરસ્વતીએ વાત ઉપાડી ને સરીતા માટે માગુ કર્યું. એથી કાશી તો વિસ્મય પામી કે સરીતાને પોતાના ઉપર બીજી કરવા માગું કરે છે! એ નવાઇની વાત. ફરી ફરીને કાશીએ પુછ્યું કે ક્હોને માટે ત્યારે એનો એ જ જવાબ એણે આપ્યો. "હું ખાત્રીથી કહું છું કે હું એટલા જ માટે આવી છું. ને ત્હમે મ્હારાં સાસુને મળજો ને નક્કી કરજો. લગ્ન પણ મહા મહિનામાં જ કરજો. ને ત્હમે ખાત્રી રાખજો કે એ દુઃખી નહિ થાય. લ્યો હવે ઉઠાશ. સ્હાંજ પડી ગઇ." એમ કહી ઉઠી. કાશીબા ઓટલા સુધી મુકવા ગયાં. એટલે સરીતા બેઠી બેઠી એના ભાઇની ટોપી ભરતી હતી. જતી વખત કેતી ગઇ કે મ્હારી સાસુને કેશો નહિ કે હું આવી હતી. ઘેર જઇ લુઘડાં બદલી રસોઇની તઇયારી કરવા મંડી. આ બધી વાત એણે શીવપ્રસાદથી છાની રાખી હતી. એ જાણુતી હતી કે જો શીવપ્રસાદ આ વાત જાણે તો અટકાવે ને નક્કી થયા પછી નહિ બોલાય. કારણ વીવાહ નક્કી થયા પછી જો કોઇ તોડે તો દંડ લે. એટલું જ નહિ પણ બીજી રીતે પણ હેરાન કરે. એટલે નક્કી થશે તો પછી શીવપ્રસાદથી નહિ બોલાય. એમ ધારીને જ આ વાત છાની રાખી. બપોરે બધાં પરવારી સુતાં. ચારેક વાગ્યા એટલે કાશીબા આવ્યાં. એમને આવતાં જોઇને ભાગીરથીને નવાઇ લાગી. કોઇ દિવસ નહિ ને આજ આ ક્યાંથી! કાલે વાત કરી હતી તે કોઇએ સાંભળી કે શું! કંઇ કારણ વગર આજ આ અહીં ક્યાંથી? એમ એક પછી એક વિચાર કરતી સામી તેડવા ગઇ.

ભાગીરથી—ઘણે દહાડે આવ્યાં. મ્હારો શીવપ્રસાદ પરણ્યો ત્યારે આવ્યાં હતાં, તે આજે આવ્યાં.

કાશીબા—હા ભાગીરથી બ્હેન, રોજ આવવાનો વિચાર કરૂં પણ કામમાંથી નવરી જ નથી પડતી. કાલ્ય જઇશ, એમ રોજે ધારૂં પણ અવાય જ નહિ. દાડો તો જણાતો નથી. હમણાં તો રોવા કુટવાનું ચાલે છે. પેલા નંદશંકરના છોકરાનું આ ત્રીજનું જનોઇ હતું, પણ પેલો છોકરો મરી ગયો એટલે સુતક પડ્યું તે જનોઇ બંધ રહ્યું છે.

ભાગીરથી—ત્યારે ત્હમારી સરીતાને ક્યાં દેશો? એનું કંઇ નક્કી કર્યું કે નહિ? લગન કરવા જેવડી તો થઈ છે.

કાશીબા—લ્યો ખરૂં પુછાવો તો હું એટલા જ માટે આવી છું. મ્હારો વિચાર તો ત્હમારા શીવપ્રસાદ સાથે છે. વહુને હજી દાડો ચડ્યો નહિ, તે ક્યાં સુધી વાટય જોશો? આપડે એને ન્હાનપણમાં તો બ્હેનપણાં જેવું હતું. વ્હાલમાં વ્હાલ વધારીશું. હું તો નક્કી કરીને જ આવી છું. ત્હમારાથી ના નહિ જ કહેવાય, ત્હમે ને મણીશંકરભાઇ બન્ને મળીને હા પાડો એટલે કાલે વીવાહનું કેવરાવું. વાત તો આખી ન્યાતમાં થઇ ગઇ છે. હવે તો ત્હમારૂં ને અમારૂં બેનું ખરાબ દેખાશે. ક્યાં ગયા મણીશંકરભાઇ, બોલાવો એમને.—મણી-



શંકર બ્હારથી આવતા હતા. તેમણે ખડકીમાંથી થતી વાતચીત સાંભળી હતી. "નક્કી કર્યું ને ના નહિ જ પડાય, આખી ન્યાતમાં વાત થઇ છે" એ સાંભળી મનમાં તો દીલગીર બહુ થયા, પણ ઉપરથી દીલગીરી ન જણાવતાં પરસાળમાં આવીને બેઠા. પ્હેલાં કોઇ કંઇ બોલ્યું નહિ પણ પછી ભાગીરથીથી ન રેવાયું એટલે એ બોલી.

ભાગીરથી—જુવો, આ કાશીબા માગુ કરવા આવ્યાં છે.

કાશીબા—ત્હમારો જ વાંધો છે. બીજું કોઇ ના પાડે એવું નથી. આપડે નક્કી કરીને શીવપ્રસાદને લખીશું એટલે એનાથી ના પડાશે નહિ. માટે ત્હમે ચોખ્ખું કહો એટલે નક્કી કરીને જાઉં, ને વીવાહનું ને લગ્નનું કહો ત્યારે કેવડાવું.

આ બધું સાંભળી મણીશંકર વિચારમાં જ પડી ગયો. હવે ના શી રીતે કહેવી. આણે તો નક્કી જ કરી દીધું. ના કહીએ છીએ તો નાક વઢાય છે. ન્યાતનો પટેલ થઇને જ આમ કરૂં તે સારૂં નહિ. બીજી તરફ મ્હારા મનથી વીરૂધ થાય છે. અશે, હવે જે થાય તે ખરૂં હા પાડ્યા વગર છુટકો જ નથી. એમ ધારી પોતે જરા માન ખાઇ બોલ્યા.

મણીશંકર—હા ભલે, મ્હારે વાંધો નથી. પણ હજી સરસ્વતી કેવડી છે? ત્હેને મ્હારે આમ કરવું એ ઠીક નથી લાગતું. પણ ત્હમે નક્કી કર્યું, ન્યાતમાં વાત પ્રસરી, તો હવે મ્હારાથી ના નહિ પડાય. લગન ક્યારનું છે તે જોવરાવી કેવરાવજો.

કાશીબા—લગ્ન તો જોવરાવીશું, પણ શીવપ્રસાદને આવવું ક્યારે ફાવશે?

મણીશંકર—એ તો જુઓ એમ. એ. માં હમણાં જ પાસ થયો ને ત્યાં ને ત્યાં સવાસોની જગ્યા મળી છે. એટલે હમણાં આવવાનો નહિ. પણ આવા પ્રસંગને માટે તેડાવીશું.

કાશીબા—લ્યો ત્યારે નક્કી થયું. હવે હું જઇશ ને એક બે દિવસમાં લગ્ન જોવરાવી કેવરાવીશ.

ભાગીરથી—ના એમ જવાય નહિ, પાન ખાતાં જાઓ. હવે તો વેવાણ થયાં.

કાશીબા—વેવાણ તેમાં જ મ્હારાથી ન ખવાય. છોકરીની મા થઇ એટલે. લ્યો ત્હમારો આગ્રહ છે તો બેઠી.

ભાગીરથીએ પાન કરીને બધાંને વ્હેંચ્યાં. કાશીબા ઉઠીને ઘેર ગયાં. આ બધી વાત થતી હતી તે વખતે સરસ્વતી બ્હારીએ ઉભી રહીને સાંભળતી હતી.

એક તરફથી ખુશી થઇ ત્યારે બીજી તરફથી દીલગીર થઇ. દીલગીરી દાબી દઇ ખુશી બતાવતી હતી. કંઇ બન્યું જ નથી ને જાણુતી જ નથી એવી જ રીતે વર્તતી હતી. એક બે દિવસ રહીને કાશીબાએ સારો દિવસ જોઇને વીવાહનું કેવરાવ્યું. વીવાહ નક્કી થયો એ આખી ન્યાતે જાણ્યું. સરસ્વતીના પીયેરના ગામમાં પણ ખબર પડી. એના ભાઇનો કાગળ તેડાવ્યાનો આવ્યો, પણ સરસ્વતીએ હમણાં આવવા માટે ના લખી. મણીશંકરે વીવાહ કર્યાનો કાગળ શીવપ્રસાદને લખ્યો. તે જ દિવસે સરસ્વતીએ પણ શીવપ્રસાદને કાગળ લખ્યો હતો. પણ તેમાં તો ખુશી ખબર ને શીવપ્રસાદના શરીરના ખબર લખ્યા હતા ને પોતે ખુશીમાં છે એટલું જ લખ્યું હતું. આ બન્ને કાગળો શીવપ્રસાદને મળ્યા તે વખત એ ઇંગ્રેજી નોવેલ

વાંચતો હતો. વાંચતે વાંચતે સરસ્વતીને મુમ્બાઈ બોલાવવાનો વિચાર થયો. શીવપ્રસાદ બી. એ. માં પાસ થયા પછી થોડા દિવસ અમદાવાદ આવ્યો હતો. પછી પાછો મુમ્બાઇ એમ. એના અભ્યાસ માટે ગયો. એમ. એ. માં પાસ થયો ને હાલ બે મહિનાથી એણે નોકરી લીધી હતી. હવે પોતે સ્વતંત્ર જીંદગી ભોગવવા તથા સરસ્વતીને સુખી કરવા ઉત્સુક હતો અને એટલા માટે થોડા દાડામાં એને મુમ્બાઈ તેડાવવાનો વિચાર હતો. એણે નક્કી કર્યુંતું કે કાં તો કાગળ લખીને તેડાવું ને એમ નહિ મોકલે તો જાતે જઇને તેડી લાવીશ. એ જ વિચાર કરતો હતો એટલામાં ટપાલવાળો આવીને એક બે કાગળ ને ન્યુસપેપર એટલું આપી ગયો. કાગળ ઉપર શરણામાના અક્ષર ઓળખ્યા. પ્હેલો સરસ્વતીનો કાગળ ફોડયો એમાં ખુશી ખબર લખેલા જાણી ખુશી થયો. પછી તરત મણીશંકરવાળો કાગળ ફોડયો વાંચ્યો ને એકદમ ક્રોધથી લાલચોળ થઈ ગયો. આજ તેરશ થઇ ને વદ પાંચમનું તો લગ્ન છે. નક્કી થયું. હવે મ્હારાથી ના કેમ કહેવાશે નકકી થતા સુધી મને કોઇએ ખબર કરી નહિ. ન્યાતનો રીવાજ ને બંધ બહુ ખરાબ છે. વીવાહ કર્યા પછી તોડાય નહિ. દંડ આપવો પડે તેમ છતાં બાપા ન્યાતના પટેલ એટલે એમ કરવા જ ન દે. હવે શો ઉપાય? હા પાડયા વીના છુટકો જ નથી. "

" એના કાગળમાં પણ કંઇ નથી. ગીરજાશંકરને ત્યાં જઈ એને પુછું; એ શી સલાહ આપે છે એ તો જોઇએ? એમ વિચાર કરી લુઘડાં પહેરી ગીરજાશંકરને ઘેર ગયો. ત્યાં જઈ ખુબ રોયો.

ગીરજાશંકર—ભાઇ તું આમ રૂવે છે ત્હેનું કારણ તો કહીશ? આટલું બધું શું છે?

શીવપ્રસાદ—ખરેખર, ભાઇ મ્હારા ભણતર ઉપર ધુળ નંખાવી. લે, આ કાગળ વાંચ, એમ કહી કાગળ ગીરજાશંકર તરફ ફેંકયા.

ગીરજાશંકરે કાગળ વાંચ્યોને જ એકદમ વિસ્મય પામ્યો કે આ શું. ત્હને પુછયા વગર આવું સાહસ પગલું કેમ ભર્યું? તેમ છતાં હવે તું અમદાવાદ જઇને ના કહી દે.

શીવપ્રસાદ—ભાઇ એમ થાય એવું નથી, હું સ્વતંત્ર નથી. વીવાહ થયા પછી તોડીએ તો એક તો ન્યાતને દંડ આપવો પડે ને બીજું ન્યાતના પટેલ એટલે એમ કરવા જ ન દે. એટલે હવે મ્હારાથી ના પડાય એમ નથી.

ગીરજાશંકર—એ બધું તો ખરૂં પણ બીચારી સરસ્વતીભાભીની શી દશા? એણે કંઇ નથી લખ્યું!

શીવપ્રસાદ—એણે તો કંઇ લખ્યું નથી. એ જ મને નવાઇ લાગે છે.

ગીરજાશંકર—ત્યારે તું આજને આજ અમદાવાદ જા ને એની તપાસ કર, એ બીચારીની શી દશા? એને બીલકુલ ગભરાવા દઇશ નહિ. જા હવે આજે. તું અત્યારે અહીં જ જમજે. બન્ને જમવા બેઠા. જમી રહ્યા પછી બન્ને વાતો કરી છુટા પડયા. સ્હાંજે શીવપ્રસાદ જવાને નીકળ્યો.

* * * * * * *



SMT. HANSA MEHTA LIBRARY M. S. University of Baroda

ઘેર જઇ જુવે છે તો ઘરમાં લગ્નની તૈયારી થતી હતી. સરસ્વતીને મળવા ગયો. પણ સરસ્વતી સ્હવારનો વખત એટલે કામમાં ગુંથાયલી હતી.

બપોરે જમી પરવાર્યા બાદ સરસ્વતી ઓરડીમાં જઇને સુતી હતી ત્યાં શીવપ્રસાદ ગયો. શીવપ્રસાદને જોઇને સરસ્વતીની આંખમાંથી આંસુ પડયાં. ઘણુંએ દબાવવા ગઇ પણ ખાળ્યાં રહ્યાં નહિ.

G-5061

શીવપ્રસાદે એને ઘણું પુછ્યું, પણ એનો એકે જવાબ દીધો નહિ. આખર શીવપ્રસાદે સોગન ઉપર સોગન ખવરાવ્યા ત્યારે એણે ખરી વાત કહી. આ બધી વાત એણે ન લખી માટે એને ઘણો ઠપકો આપ્યો. સ્હાંજ પડી એટલે શીવપ્રસાદ બ્હાર ગયો.

લગ્નનો દિવસ આવ્યો, વેવાઇને જમાડયા, મીઢળ છુટયું. શીવપ્રસાદે છ મહિનાની રજા લીધી હતી એટલે હમણાં ત્યાં જ રહેવાનો હતો. લગ્ન થયું પણ શીવપ્રસાદનું મન તો દિલગીર જ રહેતું. બીજી વખત લગન થયું ને વર મ્હોટો તેમ છોકરીને સાધારણ ઉમ્મર હતી એટલે ભાગીરથી સરીતાને મુમ્બાઇ મોકલવાને એકે પગે થઇ રહ્યાં હતાં. સરીતાની માને ગમે તેમ સ્હમજાવી એણે સરીતાને મુમ્બાઇ મોકલવાનું ઠરાવ્યું.

મુમ્બાઇ જવાને આઠ દિવસ અગાડી સરીતાને આવતી જતી કરી. શીવપ્રસાદનો વિચાર એક વખત સરસ્વતીને મુમ્બાઇ લઇ જવાનો હતો, પણ તેમાં ભાગીરથી વચ્ચે પડી. ને સરીતાને મોકલવાનું નક્કી કર્યું.

શીવપ્રસાદે સરસ્વતીને સાથે આવવાને કહ્યું, પણ એણે તો ચોખ્ખી ના જ પાડી ને એટલું જ કહ્યું કે અહીં બાની ને બાપાજીની શેવા કરીશ. સરીતાને મુમ્બાઇ લઇ જાઓ. એના પીએરથી પણ તેડાવવાના કાગળો આવ્યા ત્યાં પણ ના લખી. શીવપ્રસાદ સરીતાને લઇને મુમ્બાઇ ગયો. સરસ્વતી પાસે રહી. સ્હવારે વ્હેલી ઉઠી ભાગીરથીને માટે પુજા વિગેરેનો સામન કરી રસોઇ કરતી. બપોરે પરવારી નવરાશના વખતમાં ભારત રામાયણ વિગેરે પુસ્તક વાંચી સંભળાવતી. સાંજે પાછી રસોઇની તૈયારી કરતી. ભાગીરથી તો આખો દિવસ બેસી જ રહેતી. ઘરનું બધું કામ સરસ્વતી એકલી કરતી. રસોઇઆને પણ કાઢ્યો હતો. સાસુ સસરાની બરોબર મરજી સાચવતી. આથી બન્ને જણનો ભાવ દિવસે દિવસે સરસ્વતી ઉપર વધતો ગયો. ને હવે એમ થયું કે જરા વિચારીને કામ કર્યું હત તો ઠીક હતું. શીવપ્રસાદને કાગળ લખતાં તેમાં પણ સરસ્વતીનાં વખાણ લખતાં.

શીવપ્રસાદને સરીતાથી સંતોષ મળતો. પણ સરસ્વતી તે સરસ્વતી. એની તોલે સરીતા ન આવે એમ એના મનથી થતું. પણ બ્હાર બતાવતો નહિં.

શીવપ્રસાદ માબાપથી છાનાં સરસ્વતીને રૂપીયા મોકલતો. સરીતાને મુમ્બાઇનું પાણી પ્હેલાં તો ઠીક લાગ્યું. પણ પછીથી શાળ્યું નહિ. એને બેચાર મહિના થયા હતા ને તાવ આવવા માંડયો. એટલે બહુ નરમ થઇ ગઇ. આથી શીવપ્રસાદે સરીતાને અમદાવાદ મોકલી દીધી. ત્યાં ગયા પછી તાવ વધારે આવવા માંડયો. પીયેર રહેતી એટલે સરસ્વતી રોજ સરીતાની ખબર કાડવા એને ઘેર જતી. સરીતાને પુરા દિવસ થયા ને છોકરી આવી. છોકરી

આવ્યા પછી તાવનું જોર વધ્યું ને મટવાની આશા રહી નહિ. શીવપ્રસાદને મુમ્બાઇથી તેડાવ્યો. શીવપ્રસાદને આવે બે ત્રણ દિવસ થયાને દોઢ મહીનાની છોકરી મુકી સરીતા મૃત્યુ પામી. આથી સરસ્વતીને એક બ્હેનના જેટલું સરીતાને માટે લાગ્યું. તેણે બાલકને પોતાની પાસે રાખ્યું. સરસ્વતી ઉપર સાસુ સસરાની મ્હેરબાની દિવસે દિવસે વધતી ગઇ. ન્યાતના લોકોએ શીવપ્રસાદનું ફરી લગ્ન કરવાને ઘણું કહ્યું પણ આ ફેરી ભાગીરથીએ ના પાડી. સરીતાની ક્રીયા થયા પછી શીવપ્રસાદ ને સરસ્વતી કાન્તીને લઇ મુમ્બાઇ ગયાં. દિવસે દિવસે કાન્તી મ્હોટી થતી ગઇ. રમતીઆળ ને હસમુખી હતી એટલે એને બધાં રમાડતાં. થોડા થોડા દિવસમાં સરસ્વતીને સીમંત છે એમ ભાગીરથીને ખબર પડયા. આથી ભાગીરથીની ખુશીનો પાર રહ્યો નહિ. સરસ્વતી પીયેર સુવાવડ સુવા ગઇ. સાથે કાન્તીને પણ લઇ ગઇ. ત્યાં કાન્તી બધાંની સાથે હળી ગઇ. નવ મહીના પુરા થયા ને સરસ્વતીને છોકરો આવ્યો. પ્હેલેથી સુવાવડ સચવાઇ એટલે સરસ્વતીનું શરીર સારૂં રહ્યું. છોકરો જોવાને ઉત્સુક દાદાદાદીએ સરસ્વતીને અમદાવાદ તેડાવી. બન્ને ન્હાનાં બાળકો જોઇ ભાગીરથીનો હરખ તો માયો નહિ. દીવાળીની રજા પડી, એટલે શીવપ્રસાદ સરસ્વતાને તેડવા આવ્યો. સરસ્વતી કાન્તી તથા ન્હાના સુર્યશંકરને લઇ બધાં મુમ્બાઇ ગયાં. બન્ને ન્હાનાં બાળકોને જોઇ દંપતી આનંદ પામતાં. પણ તેમાં સરીતા સાંભરતી એટલે દીલગીર થતાં હતાં.

સૌ. પ્રમિલા.

—o—

# રમણીમણિમાલા.

## શ્રીમતી મહાદેવી.

### દહેરાદુનની કન્યાપાઠશાળાની અધિષ્ઠાત્રી.

**શ્રીમતી મહાદેવી**, બંગાળાના લોઅર પ્રોવીન્સીસના નામે ઓળખાતા પ્રાંતના રાજ્યમાં સરકારી માજી ભાષાન્તરકાર, તથા પૂર્વ દેશની ભાષાઓના પ્રવીણ અભ્યાસક, રાય સોહનલાલનાં બીજાં પુત્રી થાય છે. તેમનો જન્મ ૧૮૭૮ માં થયો હતો. તેમને સર્વ કેળવણી ગૃહમાંજ અપાયેલી હતી. પિતાની સહાયતાથી અને ભાઇઓની સાથે સાથે અભ્યાસ કરતાં, તે ૧૮૮૯ માં–૧૧ વર્ષની વયે–કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સની ( આપણી મેટ્રીક્યુલેશનના જેવી ) પરીક્ષામાં બેઠાં, પણ નિષ્ફળ નીવડયાં હતાં.

તેમનું લગ્ન બાળવયે થયેલું હોવાથી આ વખતે તે પોતાના પતિ બાબુ જ્યોતિસ્વરૂપ સાહેબ, જેમણે આવામાંજ દહેરાદુનમાં વકીલાતનો ધંધો આરંભ્યો હતો, તેમને ત્યાં રહેવા ગયાં. ગૃહકાર્યમાં રોકાયેલાં રહેવા છતાં પણ તે પોતાનો–ખાસ કરીને ઇંગ્રેજી અને સંસ્કૃતનો—અભ્યાસ વધાર્યે ગયાં, અને આગળ જતાં તેમણે તે ભાષાઓના, વિશેષે કરીને સંસ્કૃત ભાષાના, જ્ઞાનમાં ઘણી પ્રવીણતા અને વિખ્યાતિ મેળવી. પતિગૃહે આવ્યા પછી ફરીથી એમણે



એન્ટ્રન્સમાં બેસવાની અરજી કરી, પણ કલકત્તાની યુનિવર્સિટીએ કેટલાંક કારણથી તેમને પરવાનગી આપી નહીં; તે પછી તેમણે તે લોભ ત્યાગી દીધો. ત્યાર પછી, પ્રથમથીજ તેમની સર્વ વૃત્તિ સાહિત્ય તરફ વળેલી હોવાથી તેમણે 'બરાહમાસ' નામનું એક કાવ્ય માતૃભાષા–હિન્દી–માં લખી જાતિભાઇઓને ગ્રંથકર્ત્રી તરીકે પ્રથમ દર્શન દીધું. આ પ્રયત્નમાં તે વિજયી થયાં, અને તેમનું કાવ્ય પ્રખ્યાત તથા પ્રશંસાપાત્ર થયું છે.

**શ્રીમતી મહાદેવીના** પિતા, જે તેના દેહરાદુનમાં પતિગૃહે આવ્યાને થોડોક સમય થયા પછી પેન્શન લઈ ત્યાંજ આવીને રહ્યા હતા તે, તથા તેમના ભાઇઓ અને પતિ—સર્વે દેશની કેળવણીના કાર્યમાં ઘણો ઉમંગ ધરાવતા હતા; અને **મહાદેવીએ** પણ તેમના નિરંતર સહવાસને લીધે તેમના વિચાર ગૃહણ કર્યા હતા. હિન્દુ પત્નીઓ અને માતાઓની કેળવણીના દોષ અને અલ્પ જ્ઞાનના વિષયે તે પરસ્પર હમેશાં વાતચિત કરતાં હતાં. " જે હાથ પારણું હિંદોળે છે તેજ હાથ દુનિયા ઉપર રાજ્ય ચલાવે છે " એ કહેણીમાં રહેલું સત્ય **શ્રીમતી મહાદેવી** સ્વીકારવા લાગ્યાં હતાં, અને તેની અસર એ થઇ કે તેમને સ્ત્રીકેળવણી માટે પોતેજ કાંઇક ઉચ્ચ પ્રયત્ન કરવા પ્રબળ ઇચ્છા થઈ આવી, અને તે ઇચ્છાના પરિણામ રૂપે પોતાજ ગામમાં એક " કન્યાપાઠશાળા " ની, ૧૯૦૨ ના સપ્ટેમ્બર માસમાં, તેમને હસ્તક સ્થાપના થઈ. અન્ય સંસ્થાઓની પેઠે આનો આરંભ પણ અલ્પ—માત્ર છ કન્યાઓ, અને તે પણ વિશેષે કરીને કુટુંબનીથીજ–થયો હતો. હાલ તે શાળામાં ૮૦ કન્યાઓ અભ્યાસ કરે છે, અને તેમાંની ૨૧ તો શાળા સાથે રાખેલા વિદ્યાર્થીભવન ( બોર્ડીંગ હાઉસ ) માં રાત્રીદિવસ રહે છે. તે શાળા સ્થપાયે દોઢ વર્ષ તો થયું નહોતું એટલામાં શાળાઓ તપાસનાર સરકારી અમલદારે તેને તપાસી અભિપ્રાય આપ્યો હતો કે " આ પાઠશાળા સરકારી નિશાળોને પણ હિંદમાં સ્ત્રીકેળવણીનો યોગ્ય માર્ગ દર્શાવે એવી અસાધારણ અને રસિક અજમાયશ રૂપ છે. " **બંગાળા** અને **મદ્રાસની** અન્ય સુશિક્ષિત સન્નારીઓ આ સંસ્થાની અધિષ્ઠાત્રી **શ્રીમતી મહાદેવીની** સાથે વિદ્યાદાનના કાર્યમાં ભળી છે, અને તેમના વિદ્યાર્થીભવનમાં **હિન્દના** જુદા જુદા ભાગોમાંથી વિદ્યાર્થીઓ આવી વસેલાં છે.

હિંદી કુટુંબમાં માતા જો સુશિક્ષિત અને જ્ઞાની હોય, તો તેને યોગે સન્તાનોમાં સુધારો થઈ તેઓ જનસમાજના વધારે સારા અંગભૂત નીવડયા વિના રહેજ નહીં. અને તેમ થવાને માટે આવી, સરકારી તેમજ ખાનગી, સંસ્થાઓ આખા **હિન્દમાં** પથરાયેલી હોય, તો હવેના અર્ધા સૈકાની અંદરજ **હિંદી** ગૃહોમાં ઘણો સારો સુધારો થાય. ત્યારેજ પરદા અને અન્ય વ્હેમો દૂર થાય, અને **હિંદી** બાલિકાઓ અંગ્રેજોના કુટુમ્બોમાં, અને અંગ્રેજ બાલિકાઓ હિંદી ગૃહોમાં, ભળેલી જોવામાં આવે; અને લાંબા કાળ સુધી ચાલેલા સારા રાજ્યકાર્યભારના કરતાં, આ રીતે ઉદ્ભવેલો બે જાતો વચ્ચેનો પરસ્પર સામાજીક વ્યવહાર જ રાજ્યકર્તા અને પ્રજાને વિચારો, ઉમેદો અને પ્રવૃત્તિઓમાં વધારે અંશે એક મતના બનાવી શકે. દેહરાદુનની આ પાઠશાળા **હિન્દી** સ્ત્રીઓના, અને તે માર્ગે **હિન્દી** પ્રજાના, એક અવનવા–સુખ, પ્રવૃત્તિ અને સ્વતંત્રતાથી ભરેલા–જીવનપ્રભાતનાં દર્શન કરાવે છે. આપણે ઇચ્છીશું કે **શ્રીમતી મહાદેવી** પોતાની કલ્યાણકારી શક્તિના બળે સ્વદેશજનોનું શ્રેય કરે; અને તેમ કરતાં, " સન્નારીનો જીવનમાર્ગ પુષ્પોથી આચ્છાદિત થયેલો છે, પરંતુ તે પુષ્પો તેના ચાલી

ગયા પછી સુવાસ પ્રસારે છે" એ રસ્કિનના શબ્દો સ્મરણમાં રાખી સ્વદેશજનની ઉન્નતિના કાર્યમાં આ લોક તરફથી બદલાની અપેક્ષા રાખે નહીં.

**શ્રીમતી મહાદેવી**ના ધાર્મિક વિચારો સંપૂર્ણ રીતે વૈદિક સિદ્ધાન્ત પ્રમાણે છે. તેમના મતનું મધ્યબિન્દુ, ધર્મ અથવા જાતિના ભિન્નભાવ વિના મનુષ્યમાત્રની સેવા કરવી, એ છે. પોતે રચેલા 'બરાહમાસ' કાવ્યમાં તેમણે મનુષ્યજીવનનું સ્વરૂપ વેદાન્તવાદને અનુસાર દર્શાવ્યું છે. તેમનો ધર્મપંથ અદ્વૈતવાદનો છે.

આ વિદુષી બાઇને હિન્દુ સ્ત્રીઓનાં શરીર તેમજ મનને ઢાંકી રાખતા પરદા ખસેડી નાંખી તેમને જ્ઞાન-તેજનો લાભ આપવાની મ્હોટી આકાંક્ષા છે. અને ઈશ્વરકૃપાએ તેમને તે માટે યોગ્ય સાધનો પણ પૂરાં પાડયાં છે. પત્નીને માટે અભિમાન ધરાવનાર પ્રેમી પતિ, સમીપ રહી સર્વદા સલાહ આપનાર વિદ્વાન પિતા, અને મન ઉપર લીધેલા કાર્યને આગળ વધારવામાં સદા તત્પર રહે એવું પતિનું દ્રવ્ય-આવી મનોવાંચ્છિત સગવડોથી પ્રફુલ્લિત થઈ **શ્રીમતી મહાદેવી** પોતાના ગૃહમન્દિરમાં તેમજ સ્વસ્થાપિત પાઠશાળામાં એક સાધ્વીના જેવું ઉત્કૃષ્ટ જીવન ગાળે છે.

સરકારે, હિંદી સ્ત્રીઓની આ અગ્રણી સન્નારીની યોગ્યતા સ્વીકારી તેમને "કયસરે હિન્દ" ના રૂપાના ચાંદથી વિભૂષિત કર્યાં છે; અને ગયા વર્ષના માર્ચ માસમાં હિંદમાં પધારેલાં નામદાર **પ્રિન્સેસ ઓફ વેલ્સે** તેમના ગુણ તથા ખ્યાતિ સાંભળી તેમની પાઠશાળાની મુલાકાત લીધી હતી.

**હિન્દુસ્થાન રિવ્યુ**, મે, ૧૯૦૭.

અનુવાદક, **પાન્થ**.

---

# આનન્દાશ્રમ.

## દુનિયાંદારીના દેખાવ.

૧.

### પહેલવાન મુસાફર.

(મનહર.)

સાગર ઓળંગી કીધી સફરો અનેકવાર,
વાવાઝોડાં-તોફાનનો ડર નહિં લાવીયો:
ડુંગરનાં શિખર મહાન મુશકેલ અને
વેરાન રણો વિશાળ ફરવામાં ફાવીયો:



લડાઈ મેદાને, ચોરે ચૌટે, નાત જાત બધે,
હુંશિયારી-હિમ્મતથી ખરો વખણાવીયો;
પણ **પહેલવાન** હજુ ઘરવાળી પોતાનીની
પાસે કદિ ધ્રૂજ્યા વિના ઘર નહિં આવીયો.

૨.

### શાણી સન્નારી.

કોમળ વદન અને કમળ નયન નકી,
મીઠી મીઠી વાણિ રૂડાં હાસ્યમાંહિ બોલતી;
ચંપક વરણી અને ઝાંઝર ચરણ થકી,
મધુર અવાજ પદેપદ જાય તોલતી;

વસ્ત્ર અલંકારનો અંબાર; લોક પાસ, **શાણી**
'**પ્રાણનાથ!**' વદી **પતિ** સાથ વાત જોડતી.
એજ આ **સન્નારી**: ગાજી ઘેર ઘણી રીસ આણી,
'**પીટયા!**' કહી સાંબેલાથી **પતિશિર** ફોડતી.

૩.

### વીર લડવૈયો.

ધીરજ અનેરી ધરી, તૈયારી ઘણેરી કરી,
છાતી કસકશી, કેડબંધણુંય બાંધીયું;
હૈયે હુંશિયાર થઈ, બાંય બેય ઉંચી લઈ,
જીંદગી બચાવા મહાઘોર કામ સાધીયું:

આંખ ઘણી ઘેરી બની, દિવસ દીસે રજનિ,
ચિત્તડું ચમકી-છકી ફૂદવાને મંડિયું;
ગણી ન ફ્રુજારી ભારી, કમકમી દબાવી સારી,
વીરા **લડવૈયે**, અહા! પી લીધું **એરંડિયું**.

**તમાશગીર.**

---

# વિવિધ વિહાર.

## ગુજરાતી સાહિત્યની અપૂર્ણતા.

### સ્ત્રીવાંચક માટે શું છે ?

આપણું સાહિત્ય હજુ ખીલે છે એટલે સ્વભાવિક અપુર્ણતા તો હોવી જોઇએ. આવી સામાન્ય અપુર્ણતામાં એક ખાસ અપુર્ણતા દેખાઈ આવે છે. નવલકથાઓ, નાટકો, કાવ્યો ઈત્યાદિ છે, અને નવાં નીકળતાં જાય છે. પણ સ્હેજ સવાલ ઉઠે છે કે કલ્પના પ્રદેશની અસ્થિર હવામાં ફરવા કરતાં બનેલી બીનાના સ્થિર જમીનતળ ઉપર ફરવું કેટલું સ્હેલું પડે? જીવનવૃત્તાંત તરફ શા માટે અવગણુના થવી જોઇએ ? ! કલ્પિત પાત્રો કરતાં ઐતિહાસિક પાત્રો શું ઓછી અસર કરે ? ! !

પુરૂષ વાંચકને પોતાની મનોવૃત્તિઓ શાંત કરવાનાં ઘણાં સાધન છે. હાલનો વાંચક માત્ર ગુજરાતી થર્ડ ગ્રેડ શીખેલો હોતો નથી પણ અંગ્રેજીનોયે પવન થેડો ઘણો લાગેલો હોય છે. ગ્રેજ્યુએટ ન હોય તો કોલેજ સુધી તો ગએલો હોય છે જ. ટુંકામાં સાહિત્યની અપુર્ણતા પુરૂષ વર્ગને છે તેટલી લાગતી નથી. પણ આપણે સ્ત્રીવર્ગનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી સઘળી મુશ્કેલીઓ તરી આવે છે. મુળ તો સાહિત્યની અપુર્ણતા અને તેમાં છે તેટલુંયે એવું ગુંચાએલું કે તેને નથી એમ માની લેવું પડે છે. દાખલા તરીકે "સરસ્વતીચંદ્ર" અને "લીલાવતીની જીવન કળા." લીલાવતી, શૈલી તરીકે, એક ડાયરીને વધારે મળતી આવે તેમ છે; અંગ્રેજી વાંચેલું હોય તો નવિનતા દૂર થાય છે અને સમજી શકાય છે. એકલું ગુજરાતીનુંજ જ્ઞાન ધરાવનારને તે સમજાતું હશે? વળી, સરસ્વતીચંદ્રની પણ શૈલી, જો કે બીજાજ પ્રકારની છે તોપણ નવી છે અને અભ્યાસ વિના સમજાય તેમ નથી. તેમાંયે એવા વિષયો અંદર આવે છે કે સંસ્કૃત ગ્રેજ્યુએટ ઘડી ગોથાં ખાય ! "ગુણસુંદરીનો ગૃહસંસાર" સુંદરીઓ માટે છે પણ કુસુદની શાંત્તિ અને કુસુમનું સ્વચ્છંદીપણું ઘડી ગુંચવશે નહિ ? ખરો મર્મ સમજાશે? 'હા' કહેનારને ભલામણ છે કે ઘરમાં પરિક્ષા લેવી (!)

ત્યારે સ્ત્રીઓએ શું વાંચવું ? સ્ત્રીઓને કેળવો, પણ, શા વતી? પુરૂષનો સંસાર સ્ત્રીઓના સંસારથી જુદો છે. બન્નેના વિષયો જુદા છે. એકને માટે લાયક ગણાતાં પુસ્તકો બીજાને માટે નુકશાનકર્તા નહિ પણ અસ્થાને તો ગણાશેજ; જેમ કે રાજ્યકિય પુસ્તકો.

વિષયની મુશ્કેલી સાથે શૈલીની મુશ્કેલી ઉમેરાય છેઃ આજ કાલ કંઈક નવિન પવન વાય છે. "જોંહાનસન" ફરી જાગ્યો છે. વિષય અને ભાષા, પાત્ર અને ભાષા, એમની યોગ્યતા એ આધુનિક લેખક વિસરી જાય છે. કાદમ્બરી જેવા કલાસીકલ ( વિશિષ્ટ ) ગ્રંથ માટે એક પેરેગ્રાફનું એક વાક્ય એ સંભવિત છે; તેના વાંચકો તે સમજી શકશે. પણ મ્હોટાનું અનુકરણ સઉ કરે, એમ ન્હાના લેખકોએ તેવી લેખનપદ્ધતિ અંગીકાર કરે છે, શક્તિ પ્રમાણે (!) વાપરે છે. પુસ્તકો બાજુએ મુકીએ અને સાધારણ માસિક લેઇએ; જેમકે, "સુન્દરીસુબોધ" (દૃષ્ટાંત આ જ પ્હેલું જડે છે તેની ક્ષમા ઇચ્છું છું). નિપ્પક્ષપાત આંખે જોતાં તેનેયે નિર્દોષ ગણાશે નહિ. ન્હાનકડી વાતોમાંયે મ્હોટી ભાષા ! "શાન્તા" અને "કમળા", "કુમુદ—કુસુમ" થીએ અટપટું બોલે ! ! ગુજરાતી વાંચતાં એકાદ સંસ્કૃત ડીક્ષનેરી સાથે જોઇએ. આ તે શૈલી! કાયદો શો ! **સુન્દરીઓ**ને વાંચવા કેવી ભાષા જોઇએ ? નહિં કે "પારસી—ગુજરાતી" દાખલ કરો; પણ કંઇક સ્હેલું લખતા જાવ. નીસરણીનાં બધાંયે પગથીઆં ઉડાવી દેઈ એકદમ ઉપર કુદકો ન મારો. ધીરે ધીરે ચઢો. તમે ત્રણ પગથીઆં સાથે લ્યો પણ ન્હાનું બાળક એક પગથીયું ચઢતાં તમારી મદદ માગશે. તે મદદ તમારે આપવી પડશે. ઉપર જઈ પાછા આવવા કરતાં, નીચેથીજ ધીરે ધીરે ઉપર જાવ.

ઉપરની મુશ્કેલીઓ ખાસ કરીને આ પ્રમાણે ઉઠે છેઃ—કન્યાશાળામાં લખતાં વાંચતાં શીખે છે. એથી વધારે શિક્ષણ થોડાં ઘણાં કુટુંબમાં અપાતું હશે; પણ એ ગૃહશિક્ષણ છે, શાળાનું શિક્ષણ નથી. વળી ઘણે ભાગે તો લખતાં વાંચતાં જેટલું પણ શિક્ષણ હોતું નથી. કન્યા મટી સ્ત્રી થાય ત્યારે સ્ત્રી મટી ફરી કન્યા થવાનો સમય આવે છે! મ્હોટી ઉમરની શિષ્યા યુવક પતિ—શિક્ષક પાસે "મા, બા, ભૂ પા" શીખતાં શરમાય છે—તોયે શીખે છે. ખરી અગવડ હવે પછીજ નડે છે. "બાળપોથી" પુરી થઇ; ભાગ્યું તુટ્યું લખતાં વાંચતાં આવડ્યું; શું કરવું? "રાતી, કાળી, ધોળી ગાય" ગોઠે નહિ; "અવનિપરથી નભ ચઢ્યું વારિ" સમજાય નહિ. પતિ પોતાના ધંધામાં નવરો ન હોય કે લીટીએ લીટી અને અક્ષરે અક્ષર સમજાવે. વળી, એવા સમજાવવામાં ફાયદોયે શું? રસ પણ શો પડે? કવિતાની ખુબી બીજો કોઇ સમજાવે તેને બદલે આપણે પોતેજ સમજી જઇએ છીએ ત્યારે મઝા કંઈ ઓરજ આવે છે. અનુભવ્યે સમજાશે.

ત્યારે ૧૭ વરસની સ્ત્રીએ ૭ વરસની બાળકી થવું ?—થવાશે ? તેણે શું વાંચવું ? આ લ્હેખના વાંચકમાંથી કોઇ ગૃહસ્થ સ્ત્રીવાંચક માટે **સ્હેલાં** પુસ્તકોની એકાદ ટીપ બનાવશે તો ઘણી ઉપયોગી થઈ પડશે. નવાં પુસ્તક લખાય ત્યાં સુધી જુનાંએ ચલાવીએ.

એલ્ફીન્સ્ટન હાઇસ્કુલ, મુંબાઈ.

**કરીમ મહમદ માસ્તર બી. એ.**

———:o:———

# બાલોદ્યાન.

## માતાની બાળકપર અસર.

સ્ત્રીઓજ કુટુમ્બમન્દિરની ગૃહદેવીઓ છે. ત્હેમના ઉપરજ બાળકોની કેળવણીનો આધાર છે. માતા થવાની હોંસ સર્વ સ્ત્રીઓને હોય છે. છોકરાં માટે સ્ત્રીઓ એટલી બધી ઉત્કંઠા રાખે છે, તો પછી તેને ઉછેરવા સમ્બન્ધી પણ દરકાર રાખવી જોઇએ, પણ તેમ ન રાખતાં બાળકની માતા થતાં જે ભારે જવાબદારી તેઓને માથે આવી પડે છે તે તેઓ ભુલી જાય છે. તરૂણીઓએ સંસારમાં જોડાયા પછી જે જે ફરજો બજાવવાની છે તે ઘણી જોખમી છે. બાળકને જન્મ આપ્યા પછી માતા થયાનું માન મળે છે; આ સુખ તમને કેટલું બધું પ્રિય લાગશે ? હવે તે સાથે ફરજ પણ વધે છે. માતાના ધાવણ શિવાય બીજી કોઈ પણ સ્ત્રીનું ધાવણ બાળકને ફાયદામંદ છે જ નહિ. અને માતાના ધાવણથી તેમનું જેટલું પોષણ થાય તેટલું બીજી સ્ત્રીના ધાવણથી થતું નથી.

The Golden Rule for the Baby:—

"Feed the baby with the mother's milk."

"The mother's milk is the natural food and the best."

"બાળકને માતાના દૂધથીજ પોષણ આપો" "માતાનું દૂધ કુદરતી ખોરાક છે અને સર્વથી ઉત્તમ ખોરાક છે."

ટુંકામાં માતાનું સ્તનપાન કરવાવાળું બાળક માતાના જ ગુણવાળું થાય છે, અને તે૦ ધાવણ સૃષ્ટિકર્ત્તાએ તેને માટે યોગ્ય બનાવેલું છે, તો દુરાચારી સ્ત્રીનું ધાવણ તેવા ગુણ બાળકમાં ઉત્પન્ન કરે તેમાં નવાઈ શું? સુખચેન ભોગવવાને અથવા શરીર સારૂં રાખવાની ફેશન ખાતર પણ પરાઈ સ્ત્રીનું ધાવણ કામે લગાડવું તે પણ અનર્થ છે. બાળકના હકમાં ઘણી જ હાનિ છે.

કુદરતની અવકૃપાથી બાળકને માતાનું પયપાન કરવાનું ન બને તોજ પોષણના બીજા ઉપાયો કામે લગાડવા જોઇએ. એક સુન્દર, તનદુરસ્ત, નાનકડાં અને હસમુખાં બાળકની માતા પોતાનાં બાળકને હાથમાં રમતું જોઈ કેટલી હરખાય છે?

તેમની (બચ્ચાંઓની) આવી સુન્દરતા અને કાલાઘેલા શબ્દો તરફ પ્રેમાળ માતા ઘેલીઘેલી થઈ જાય છે. અને નાનાં બાળકની માતા સર્વોત્તમ સંતોષ પામે છે. માતાએ પોતાની ગફલતથી, ગેરવર્તણુંકથી, ખોટાં લાડથી, તેમની જીંદગી દુ:ખકારક ન નિવડે તેમ ખાસ લક્ષ આપવું જોઇએ, તેમ પોતાના બાળકની તનદુરસ્તી અને કેળવણી ઉપર દુર્લક્ષ રાખવું તે ખોટું છે.

કોઈ એમ કહેશે કે જેની માતા અભણ અને આવડતવગરની હોય તેની પુત્રી શું ઉત્તમ ગૃહિણી ન નિવડી શકે? આનો ઉત્તર એજ કે પુત્રીમાં પોતાની બુદ્ધિનો પ્રભાવ વિશેષ હોય તેથી બની શકે તે વાત ખરી, પણ તેમાં પણ તેવી પુત્રીઓ અભણ માતાને હાથે ઉછરેલી હોવા છતાં જેટલી નિપુણ નિવડે છે તેના કરતાં તેજ પુત્રી ભણેલ, ચતુર માતાના હાથે ઉછરેલી હોય તો તેથી પણ વધારે નિપુણ થાય એમાં કાંઇ શક નથી. સામાન્ય પ્રકારના બાળકોના સમ્બંધમાં તો માતાના જેવો બીજો કોઈ પ્રાથમિક અસરકારક શિક્ષક નથી.

"ખચીત રસમ કુમળી વયથી લાગુ પડી હોય તે સંપૂર્ણ રસમ છે, તેને આપણે કેળવણી કહીએ છીએ, અને તેની અસર ધ્યાનમાં લેતાં બીજું કાંઈજ નહિ પણ ન્હાનપણથી લાગુ થતી રસમ છે"

લોર્ડ બેકન.

માતા તરીકે હૃદયની જે જે કોમળતા, સ્નેહવશતા, સ્વાર્પણ, નમ્રતા વિગેરે ગુણો છે તે સ્ત્રીઓમાં ઉત્તેજીત હોવા જોઇએ.

"One Good mother is worth a hundred school-masters."

G. Hurbert.

"એક ભલી મા સો શિક્ષક બરોબર છે" આ કહેવું તદ્દન ખરૂં છે, કારણ કે બાળકની પહેલી નિશાળ ઘર છે અને સ્વાભાવિક નિયમ છે કે બાળકનાં કૃત્ય અને ચાલચલણ પર બાપના કરતાં માની વધારે અસર થાય છે. તેથીજ માનો સારો દાખલો ઘરમાં એટલો બધો અગત્યનો છે. ઘર એ વિનયની ખરેખરી નિશાળ છે અને તેમાં સ્ત્રી હમેશાં સારામાં સારી અનુભવી શીખવનાર છે. જેવી મા હોય તેવાં છોકરાં નિવડે છે. કારણ કે છોકરાં ઘણો વખત મા પાસે રહે છે; અર્થાત જેવી માની વર્તણુંક તેવું છોકરાં શીખે છે. માતામાં



જેવાં ઉત્તમ જ્ઞાન તથા ગુણ હોય તેવાં ઉછરતી પ્રજામાં પણ આવે છે. જો પોતાનાં છોકરાંને માતા સાચું બોલવાવાળાં, બીજાંનો ખાર ન કરે તેવાં, દયાળુ, ન્યાયી અને માયાળુ કરવા ચહાતી હોય તો તેણે પોતાનું વર્ત્તન ઉંચામાં ઉંચા પ્રકારનું પ્રથમ જ રાખવું જોઇએ. કેમ કે મોટેરાં કહે તે બાળકો કરે તેના કરતાં જે તેઓ કરતાં હોય તે હોંસથી કરવા તેઓ શીખે છે. બધી બાબતોનું ડહાપણ પોતાના બાળકોને આપવું તે માતાનું કામ છે. છોકરાંને સત્યના ફાયદાની, જુઠના ગેરફાયદાની, ધર્મ પર આસ્થા રાખવાની, વિવેકી થવાની, મુરબ્બીઓને માન આપવાની સમજ આપવાની સુકેળવાયેલી માતા કાળજી રાખે છે. અને તેમાં શાન્ત સ્વભાવની જ જરૂર છે.

કોમળ અંતઃકરણનાં છોકરાં ઉપર બળાત્કાર, હુકમ, સત્તા એમાંનું કશું વાપરવું ન જોઇએ. આથી ઉલટાં તેને ઈનામ આપવાની લાલચોથી ફોસલાવી ફટાવી કામ લેવું જોઇએ. બાળક કોઈ બાબત સમજવાની બતાવે છે તો તે વખતે ઘણી માતાઓ વઢે છે, રીસ કરે છે, પણ તેને સમજતું કરવા માટે તે વખતે તેના દરેક પ્રશ્નોનો સમજે તેમ ધીમેથી તથા પ્રેમથી ખુલાસો કરવો જોઇએ; યોગ્ય દૃષ્ટાંતો બચ્ચાંના અંતઃકરણમાં ઉંડી અસર કરે છે. વળી ઘણી સ્ત્રીઓ ઘરમાંની કોઈ ગુસ્સે થાય તો રીસ છોકરાં ઉપર કાઢે છે પણ સમજુ સ્ત્રીઓ તેમ કરતી નથી, કેમ કે તેમાં નિર્દોષ બાળકનો શું દોષ તે વિચાર કરવો ઘટે છે.

જેને ઘેર જેવો વિવેક તેવું તેનું કુળ ઉંચું નીચું સણજવું. કેટલીક માતાઓ છોકરાંને મોઢે ચડાવે છે. ઘરમાં પણ મા, બાપ, ભાઈ, બ્હેન વિગેરેની સામે બોલે, રીસાયા કરે. અને બહારથી કોઈ આવે તેમની સાથે પણ તેમ વર્ત્તે છે, પણ આમાં માતાનોજ વાંક છે કે તેને છૂટ આપે છે. કહ્યું છે કે,

"ઘણિ મમતાથી છોકરાં, વ્હેલાં બગડી જાય;
કરવી મમતા એવિ કે, સદાચારિ સહુ થાય."

માટે માતાએ છોકરાંને આજ્ઞાને આધિન રહેવાની ટેવ પાડી, મર્યાદાથી વર્ત્તતાં શીખવવું જોઇએ. એક તરફ માતા બાળકને સત્ય બોલવાની આજ્ઞા કરે છે, બીજી તરફ પોતાની અસત્ય વર્ત્તણુંકના નમૂના બાળકની સમક્ષ મુકે છે. આવી અજ્ઞાન માતાઓ જ છોકરાંને બગાડે છે. જો કે તેઓ જાણી જોઇને તેમ ન કરે પણ તેઓની અજ્ઞાનતાની બાળકના કોમળ મન ઉપર મજબૂત અસર થાય છે; માટે સારાં આચરણો અને સદ્બોધ વડે બચપણથી બાળકોને સદાચારનો ઉપદેશ આપવાની જરૂર છે. અને સારી કેળવણી લીધેલી સમજુ માતાઓ તેજ પ્રમાણે વર્ત્તવા ધારે તો ખુશીથી તેમ કરી શકે.

"માતપિતા અભ્યાસ કરાવે છે, ત્યારે બાળક ગુણવાન થાય છે, જન્મ માત્રથીજ કોઈ પણ્ડિત થતાં નથી."

વિષ્ણુશર્મા.

"દિવસ નિર્મળો કે મલિનતા વાળો થવાનો વર્ત્તારો પાડનાર જેમ અરૂણોદય છે તેમજ મનુષ્યના ઉત્તમ-અધમપણાનો ભાસ પાડનારૂં બાળપણ છે."

મિલ્ટન.

છોકરાંનાં શરીર સ્વચ્છ રાખવાં જોઇએ, કે જેથી ખસ, ગુમડાં વિગેરે ચામડીનાં દરદો થવાની ધાસ્તી રહે નહિ. કેળવણી લીધેલી માતા સ્વચ્છતાથી રહેવાના ફાયદા જાણતી હોવાથી તેનો લાભ પોતાનાં છોકરાંને આપે છે. અને તેમને પણ સ્વચ્છ રહેવામાં જ લાભ છે તેમ

પ્રેમથી શીખવે છે. બાળકોની તનદુરસ્તી બગાડે તેવાં ખાનપાનથી દૂર રાખવાં જોઇએ કે જેથી નિરોગી રહે. અને જેમ બને તેમ ખુલ્લી સારી હવા અને અજવાળામાં નિર્દોષ રમત રમવા દેવી જોઇએ. તેમને કસરત એવી આપવી જોઇએ કે ખુશી રહે અને શરીર કસાતું થાય. તેમ કેવળ બાલ્યાવસ્થામાં અભ્યાસનો બોજો રમત ગમતથી મન ખીલવવાના વખતમાં નહિ મુકવો જોઇએ અને તેમને સારા અને સંપૂર્ણ ખોરાકથી પોષણ આપવું જોઇએ.

માતાએ વહેમી વિચારો બાળકના મનમાં કદી ઠસાવવા નહિ કેમ કે તે વહેમી થઇ જાય છે. વહેમની વાતો તેમની પાસે નજ કરવી તે સમજુ માતાનું કામ છે. પોતાનાં છોકરાંને નોકરચાકરના સહવાસમાં લાંબો વખત રાખવાથી તે બગડે છે. નોકરો ઉપર માતા જેટલી જવાબદારી કે સ્વાર્થ નથી તેથી તેઓ બેદરકાર રહે છે માટે બને ત્યાં સુધી માતાએ પોતાનાં બાળકોને પોતા પાસેજ રાખવાં, કે જેથી, બગડવા ન પામતાં જનેતા તરફજ પ્રીતિ વાળાં થાય છે. સોબત સારી આપવી જોઇએ. નાનાં બાળકોને મૂર્ખ માતાઓ ઘરેણાં પહેરાવી રખડતાં મૂકે છે. આથી ઘરેણાં ખોવાય એટલુંજ નહી પરન્તુ તેથી બાળકો ઉપર રહેતું જોખમ કેટલું ભય ભરેલું વખતે બને છે તે ખ્યાલ કરવો જોઇએ. અંગ્રેજ અને પારસી લોકોનાં છોકરાં વગર ઘરેણે કેવાં સ્વચ્છ, સુઘડ અને દેખાવડાં લાગે છે? સ્વચ્છતા એજ શોભા છે.

એન. કે. વૈષ્ણવ.

———:૦:———

# વિદ્યાકળા.

## ઝુલ ગુંથવાની રીત.

(સ્ત્રીલેખ.)

(ગુંથવામાં જોઇતો સામાન:—લોખંડનો ચોથા નંબરનો સોયો જેને આંકડી અથવા અંકોડી કેહે છે તે તથા ગમે તે રંગનો નંબર ૨૦ નો દોરો.)

પાંચ સાંકળી ગુંથવી અને પેહેલી સાંકળીમાં સોયો ખોસીને આંટા વગરનો ટાંકો ગુંથવો.

આંટા વગરનો ટાંકો ગુંથવાની રીત. સોયો સાંકળીમાં ખોસવો અને સોયાપર આંટો લઇને સોયો આંટા સાથે સાંકળીમાંથી બહાર ખેંચવો એટલે સોયાપર બે ટાંકા થશે. પછી સોયાપર આંટો લઇને બંને આંટામાંથી સાથે સોયો ખેંચવો એટલે સોયાપર એક ટાંકો રેહેશે.

ત્રણ સાંકળી ગુંથો અને પાંચ સાંકળીની જે કુંડાળી પડી છે તેમાં સોયો ખોસીને આંટાવાળો ટાંકો ગુંથો. આંટાવાળો ટાંકો ગૂંથવાની રીત. સોયાપર આંટો લેવો અને સોયો સાંકળીમાં ખોસીને પાછો સોયાપર આંટો લેવો અને આંટા સાથે સોયો સાંકળીમાંથી બહાર ખેંચવો એટલે સોયાપર ત્રણ ટાંકા થશે. પછી સોયાપર આંટો લઇને સોયાપરના ત્રણ ટાંકામાંના બે ટાંકામાંથી સોયો ખેંચવો, પાછો સોયાપર આંટો લેવો. અને સોયાપરના બંને આંટામાંથી પાછો સોયો ખેંચવો એટલે એક ટાંકો રેહેશે. અને બે સાંકળી ગુંથો. બે આંટાવાળા ટાંકાતે જ કુંડાળીમાં ગુંથો. ત્રણ સાંકળી ગુંથીને ફેરવવું અને વચ્ચે જે બે



સાંકળીની કડી પડે છે તેમાં સોયો ખોસીને બે આંટાવાળા ટાંકા ગુંથવા. બે સાંકળી ગુંથવી અને તેજ કડીમાં બે આંટાવાળા ટાંકા ગુંથવા, ત્રણ સાંકળી ગુંથીને ફેરવવું. અને બે સાંકળીની કડી પડે છે તેમાં બે આંટાવાળા ટાંકા ગુંથવા. બે સાંકળી ગુંથવી અને તેજ કડીમાં બે આંટાવાળા ટાંકા ગુંથવા; છ સાંકળી ગુંથવી, અને કીનારીની બાજુએ જે ચાર સાંકળીની કડી પડી છે, તેમાં આંટા વગરનો ટાંકો ગુંથવો. ત્રણ સાંકળી ગુંથવી અને પાંચ સાંકળીને જે પેહેલાં કડી કરી છે તેમાં આંટા વગરનો ટાંકો ગુંથવો. એક સાંકળી ગુંથવી, અને જે છ સાંકળીની કડી પડી છે, તેમાં એક આંટાવાળો ટાંકો ગુંથવો. એક સાંકળી ગુંથવી અને તેજ કડીમાં એક આંટાવાળો ટાંકો ગુંથવો. એક સાંકળી ગુંથવી અને તેજ કડીમાં બીજી છ વાર આંટાવાળા ટાંકા અને સાંકળી એમ ગુંથવું. એટલે એકંદર આઠ ટાંકા થશે. ત્રણ સાંકળી ગુંથીને ફેરવવું અને બે આંટાવાળા ટાંકાની વચ્ચે જે એક સાંકળી ગુંથવી તેજ કડીમાં એક આંટાવાળો ટાંકો ગુંથવો. એક સાંકળી ગુંથવી અને તેજ કડીમાં બીજી છ વાર આંટાવાળા ટાંકા અને સાંકળી એમ ગુંથવું. એટલે એકંદર આઠ ટાંકા થશે. ત્રણ સાંકળી ગુંથીને ફેરવવું અને બે આંટાવાળા ટાંકાની વચ્ચે જે એક સાંકળી ગુંથી છે તેમાં એક આંટા વગરનો ટાંકો ગુંથવો. એક સાંકળી ગુથવી અને નીચેની એક સાંકળી છોડી દઇને બીજી સાંકળીમાં એક આંટા વગરનો ટાંકો ગુંથવો; એક સાંકળી ગુંથવી. એવી રીતે આખી હાર ગુંથી જવી. ચાર સાંકળી ગુંથીને ફેરવો અને બે આંટા વગરના ટાંકા વચ્ચે જે સાંકળી છે તેમાં એક આંટા વગરનો ટાંકો ગુંથો. ત્રણ સાંકળી ગુંથો; અને તેની પાસેની સાંકળી મુકી દઇને બીજી સાંકળીમાં આંટા વગરનો ટાંકો ગુંથો; ત્રણ સાંકળી ગુંથો તેની પાંસેનો એક ટાંકો રેહેવા દઇને તેની પાસેના બીજા ટાંકામાં એક આંટા વગરનો ટાંકો ગુંથવો. ત્રણ સાંકળી ગુંથો. એમ આખી હાર ગુંથવી. એક સાંકળી ગુંથો અને આંટાવાળા બબે ટાંકાની વચ્ચે જે બે સાંકળીની કડી છે તેમાં બે આંટાવાળા ટાંકા ગુંથવા. બે સાંકળી ગુંથવી અને તેજ કડીમાં બે આંટાવાળા ટાંકા ગુંથવા. ત્રણ સાંકળી ગુંથવી અને ફેરવવું અને કીનારી જેટલી લાંબી કરવી હોય તેટલી ઉપર પ્રમાણે ગુંથી જવી અને જો બીછાના સાથે ગુંથવી હોય તો બીછાનું પુરૂં થયા પછી બીછાનાની કોર સાથે સફાઇથી મેળવી લેવી.

સૌ. બુદ્ધિદા.

———:૦:———

# સ્વાગત મંદિર.

**વિશ્વવિલાસ***– પ્રથમ ભાગ કર્મકાંડ. લેખકનો ઉદ્દેશ જગતમાં ચાલતા સર્વ કાર્યનો સંબંધ ઇશ્વર સાથે છે. એમ સાબીત કરી ઇશ્વિરનું અસ્તિત્વ અને ગહનતા દર્શાવવાનો છે. મનુષ્ય પોતે જન્મી માત્ર પોતાને જ માટે જીવે છે એમ નહિ પણ અન્યને માટે પણ ત્હેને કેટલીક ફરજ બજાવવાની છે તે સિદ્ધાન્ત દરેક જાતના ધંધાનું વર્ણન આપી બતાવ્યું છે.

* કર્તા અમૃતલાલ જટાશંકર બુચ. રાજકોટ મૂલ્ય ૦—૧૨—૦.

દાખલા તરીકે "કુંભાર પોતા માટે તેમજ બીજાઓ માટે ઘડે છે. વળી પોતે એવા કામનો કર્તા હોવા છતાં પોતે કરેલ અગર બીજાએ કરેલ ઠામ વાસણ વિગેરેનો તે ભોક્તા હોય છે જ." દરેક ધંધા લઈ છેવટે કુંભારને બદલે તે ધંધાર્થી લઇ લેખક તે ધંધાનું વર્ણન કરે છે. દરેક ધંધા લીધા શિવાય એકાદ બેના દાખલા આપ્યા હત તો નકામું લંબાણ ન થાત. આ ઉપરાંત લેખકે જાનવર અને મનુષ્યનો સંબંધ, નિર્જીવ વસ્તુઓ અને સાહિત્ય, ઇતિહાસ વિગેરે લઇ અન્તે દેહના પ્રકાર, ઇશ્વિરશક્તિ વિગેરેનું સારૂ વિવેચન કર્યું છે. પુસ્તકની શરૂઆતમાં લેખકે પોતાની કુટુંબકથા આપી છે. સરળ ભાષા અને વિચારમાં ઇશ્વરત્વ સ્હમજાવવા લેખકે સારો પ્રયાસ કર્યો છે અને ઉત્તેજનને પાત્ર છે.

**વિશ્વવિલાસ**—દ્વિતિય ભાગ–ધર્મકાંડ. પ્રથમ વિભાગ કરતાં આ વિભાગ વધારે સારો થયો છે. આ વિભાગમાં ધર્મના મુળતત્વો, જૂદા જૂદા અવતારની કથાઓ, સંધ્યા પૂજાની શી આવસ્યકતા છે, તે ઉપરાંત કર્મ જ્ઞાન યોગ બિગેરેનું એવું વર્ણન આપ્યું છે કે ધર્મશાસ્ત્રના ગહન પુસ્તકો ન વાંચ્યા હોય તેને પણ એ સર્વની કાંઇ ઝાંખી થાય. જે સમયે ધર્મની અંધાધૂની જેવું છે તેવે સમયે આ પુસ્તક વાંચવા લાયક છે. એટલું જ નહિ પણ બાલકોને આપણી ધર્મકથાનું જ્ઞાન સરળતાથી અને સ્હેલાઇથી સ્હમજાઈ શકાય એમ આપવાનું આ સાધન થઇ પડે એમ છે.

---

## સ્વીકાર.

કમળાલક્ષ્મી નાટક, ફુરસદ, સત્યવિજય, **અયોધ્યા અને અંગ્રેજ**, **આત્મ**દીપિકા, ગૃહલક્ષ્મી.

---

# વર્તમાનરંગ.

**સ્ત્રીકેલવણી અને સર ગુરૂદાસ બેનરજી**—કલકત્તાની પ્યારીચરણ કન્યાશાળાના ઇનામના સમારંભ સમયે સર ગુરૂદાસ બેનરજીએ સ્ત્રીકેલવણી ઉપર વ્યાખ્યાન આપતાં જે નવિન વિચારો દર્શાવ્યા છે તે મનનીય છે. સ્ત્રીકેલવણીની કેટલી આવશ્યકતા છે, આપણા શાસ્ત્રોમાંથી સ્ત્રીઓ કેટલી કેળવાયેલી હતી ત્હેનાં દૃષ્ટાંન્તો અપાયાં છે અને અપાય છે એટલે સ્ત્રીઓને બીનકેળવાયેલી રાખવી એ અયોગ્ય મનાતું આવ્યું છે. નવો પ્રશ્ન એ ઉભો થયો છે કે સ્ત્રીઓને માત્ર ગૃહકેલવણી આપી અન્ય કેળવણીની જરા પણ આવશ્યકતા નથી. આ સંબન્ધમાં સર ગુરૂદાસ બેનરજી કહે છે કે "જે મિતાક્ષરા હિંદુસ્તાનના કાયદામાં હિંદુઓના વારસાના કેસોમાં પ્રમાણ રૂપ લેખાય છે તે મિતાક્ષરા કરવાનું માન આર્ય સ્ત્રીને છે." 'મિતાક્ષરા' જેવાં પુસ્તક લખનાર પોતાના પતિને, પુત્રોને વિસારી દેતી હોય–ગૃહવ્યવસ્થા ઉપર લક્ષ ન આપતી હોય એમ માનવું એ ભૂલ ભરેલું છે. બાલ્યાવસ્થામાં -પત્નીઅવસ્થામાં આવ્યા પહેલાં—માતપિતા વિદ્યાદાન દેવા પુરતું લક્ષ આપે, અને એ જ્ઞાનના પ્રભાવે યોગ્ય પતિના સહવાસમાં ગૃહવ્યવસ્થાથી પરવારી પોતાનું જીવન સામાજીક, ધાર્મિક, રાજકિય અથવા સાહિત્યસેવામાં ગાળે તો એમાં કાંઇ જ



અસંભવિત નથી. આપણા કેટલાક ધર્મગુરૂઓનું માનવું છે કે સ્ત્રીઓએ વેદોચ્ચાર કરવો નહિ—વેદશાસ્ત્ર વિગેરેનું અધ્યયન ન કરવું અને કરવાથી સંતાન પ્રાપ્તી થતી નથી. આ કેટલે દરજ્જે સત્ય છે તેનું નિરાકરણ વિદ્વાનોને કરવાનું છે. પરન્તુ દેવહુતી નામની આર્ય સ્ત્રીએ ધર્મશાસ્ત્રનું એટલું અધ્યયન કર્યું હતું કે એણે પોતે રાજપુત્રી હોવા છતાં ઋષિ સાથે લગ્ન કર્યું હતું. આ દેવહુતીના પુત્ર કપિલ મુનીનું નામ કોણે શ્રવણ નહિ કર્યું હોય? આ કપિલ મુનીએ સાંખ્યશાસ્ત્રનું પ્રતિપાદન કર્યું હતું. આ મુનીમાં ઉચ્ચ ધાર્મિક વૃત્તિઓના સંસ્કાર દેવહુતીએ જ પાડયા હતા. આવા દૃષ્ટાન્તો મળતાં છતાં સ્ત્રીકેળવણી પ્રત્યે અભાવ દર્શાવવો એ માત્ર હઠ શિવાય બીજું શું?

**ન્હાના અપરાધીને કેમ સૂધારવા ?**—બાર વર્ષની નીચેની વયના બાલકો ચોરી, ખુન વિગેરે કરે તો આપણે ત્યાં "રેફર્મેટરી સ્કુલ્સ" એટલે નીતિસૂધારક નિશાળોમાં મોકલવામાં આવે છે. આ નિશાળમાં દરેક કોમના અને ન્હાના મ્હોટા દરેક ગુન્હા કરનારને ભેગા રાખી કંઈ ઉદ્યોગ શિખવવામાં આવે છે. આ બાલકો કાંઈ હુન્નર શિખે છે એ વાત ખરી, પરન્તુ નીતિ સિદ્ધાન્તો એવી રીતે એમના મગજમાં ઠસાવવા જોઇએ કે ભવિષ્યમાં એવા ગુન્હા–એવા અપરાધ કરતા અટકે. ઇંગ્લાન્ડમાં બર્મીંગહામ પરગણામાં "છોકરાંની કોર્ટ" સ્થાપવામાં આવી છે અને ત્યાં જડજો પોલીસ અમલદારો સ્નેહી માતપિતાની માફક દરેક અપરાધીને બોલાવી એકાન્તમાં દુષ્ટ પદ્ધતિ ત્યજી દેવા એવી રીતે સ્હમજાવે છે કે એક વર્ષના રિપોર્ટ ઉપરથી જણાય છે કે સાતસો ન્હાના અપરાધીઓમાંથી માત્ર ત્રણ બાલકો જ ફરીને પકડાયા છે. ત્યાં નથી જરૂર પડતી ફટકાની કે નથી જરૂર રેફર્મેટરી નિશાળની. બાલકોમાં સત્ય, પ્રમાણિકતા પ્રત્યે અભિરૂચી ઉત્પન્ન કરાવવામાં આવે છે. મીસ **ડગડેલ** નામની સ્ત્રી પોતાનો ઘણોખરો વખત આ બાલકોને સુધારવા ગાળે છે. ધન્ય છે એ સ્ત્રીને! બાલકોમાં જે દોષો આવતા હોય તે દોષો માબાપની બેદરકારીનું જ પરિણામ છે. બાલ્યાવસ્થામાં છાનું ખાવાનું ચોરી લાવે, કોઇની વસ્તુ ઉપાડી લે, અગર જુઠું બોલે તેજ વખત પોતાની ફરજ બજાવવામાં આવે તો માઠાં પરિણામ ન આવે. એક લેખક લખે છે કે

The father prepares for time; the mother, for eternity; happy the children who had the wise teaching of both.

"પિતાની અસર થોડા સમય રહે છે, માતાની અસર ચિરસ્થાયી હોય છે; જે બાલકો બન્નેની શીખામણ માનતા હશે તે ખરેખર સુખા હશે."

આજ સ્નેહથી આપણા દેશના અપરાધી બાલકોને સુધારવા માતપિતા તરફથી પ્રયત્ન થાય અને તે સાથે બર્મીંગહામ જેવી છોકરાંને માટે કોર્ટ થાય તો નીતિનું તત્વ વધારે મજબુત થાય.

## સામયિક સ્ત્રીસાહિત્ય.

બદલામાં મળેલાં કેટલાંક પત્રોમાંથી વાંચવા લાયક લેખો.

**સુદર્શન**–અંક ૫–૬. મરણનો અનુભવ. સેન્ટ લુઈના મેડીકલ અને સર્જીકલ જર્નલના તંત્રી ડો. વીલસન પોતે તાવથી ગુજરી ગયા પછી, એટલે દાકતરે શારીરિક ત-

પાસ કરતાં મૃત્યુ થયેલું જાહેર કર્યા પછી, કેટલીક વારે સજીવન થયા હતા. જીવાત્માનો શરીર સાથે સંબંધ તૂટતો અનુભવ્યો હતો. સુક્ષ્મ શરીરે સર્વ નિહાળ્યું હતું. રસ્તામાં ત્રણ ખડકો માર્ગ અવરોધી રહ્યાથી સમય ન થયો હોવાથી પાછું આવવું પડયું. ધાર્મિક વૃત્તિવાળાને આ વિશય વાંચવા જેવો છે.

**ફુરસદ**—અંક ૬ ઠો. **ચુંટી કાઢેલું ચવચવ.** આ શિરોલેખ નીચે જાણીતા નાટકકારો પોતાના નાટકો કેમ લખે છે? અને "જળવાયેલા જીગરો" એ બે લેખો જ્ઞાન સાથે ગમ્મત ઉપજાવે એવા છે.

**બુદ્ધિપ્રકાશ**—અંક ૬ ઠો. **બ્રહ્મચર્યની** કવિતા વાંચવા લાયક છે.

આજ કાલનાં બાળક બકરા સાથે રમતાં પૂર્ણ ડરે,
આર્ય વીરના શીશુઓ ત્યારે ખેલ સિંહની સાથે કરે;
× × ×
યોગ્ય સમય કાં નવ આચરવું, બ્રહ્મચર્ય બળ દેનારૂં,

આની બીજી લીટી વાંચી દુસ્યન્તના પુત્ર ભરતને સિંહશિશુ સાથે રમતો કોને નહિ સાંભરે? આ વિશય સ્ત્રીઓએ ખાસ સહમજવાનો છે કારણ વ્હેલો પરણાવી વહુના સુખનો લ્હાવો લેવાનું ત્હેમને ઘણું મન થાય છે.

**કેળવણી**—અંક ૯. હાલનું ઇજીપ્ત. આ વિશય વાંચવાથી ઇજીપ્ત ઇગ્રેજોના હાથમાં કેવી રીતે આવ્યું, ત્યાંની અને આ દેશની પ્રજાની સ્થિતિ કેટલે અંશે સમાન છે તે જણાશે. અને સ્ત્રીઓએ ખાસ જાણવાની જરૂર છે, કારણ સ્વદેશપ્રીતિ ઉત્પન્ન કરાવવી હોય તો પ્રથમ માતામાં સ્વદેશપ્રીતિ થવી જોઇએ.

**સ્ત્રીબોધ**—અંક ૫. **સુલ્તાન રજીયા.**

**વૈદકલ્પતરૂ**—અંક ૫. **જેના શરીરમાં દોષ તેના કૃત્યોમાં પણ દોષ.**

**વસન્ત**—ચૈત્ર. સા. શ્રી **ગોવર્ધનરામભાઈના** સ્મરણાર્થે બ્હાર પડેલો આ અંક અવસ્ય વાંચવાની ભલામણ છે.

**ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીઆ. બી. એ.**
**(સુબન્ધુ-બન્ધુસમાજ.)**

---

# સમયતરંગ

રાવળપીંડીમાં એક ખત્રીનો પુત્ર પ્લેગમાં મરણ પથારીએ પડયો હતો તે સમયે ત્હેની નવપરિણીત પત્ની ગદ્ગદ્ કંઠે પૂછવા લાગી "સ્વામિનાથ! આપ સંસારમાંથી એકાએક ચાલ્યા જાઓ છો પણ મ્હને કોને સોંપી જાવ છો?" પતિએ કહ્યું "પ્રિયે! ત્હારી ઇચ્છા હોય તો તું પણ આવ." આ ઉપરથી તે સ્ત્રી એકાન્ત ખોળી ફાંસો ખાઇ મરણ પામી. અને આ પ્રેમાળ દંપતીની લાશો સાથે નિકળી એક ચિતાએ બળી.

સાહિત્યપ્રિય રા. મનસુખરામ સૂર્યરામ ત્રીપાઠી ગુજરી ગયા છે.

---

# સુન્દરીસુબોધ.

આપણા સુવિખ્યાત નવલકથાકાર સાક્ષરકવિ ગોવર્ધનરામભાઇના શબ્દોમાં કહીએ તો "સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને "સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય ને તે મુકતતાથી "અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેષોમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા "શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાલક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની "કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે;" પતિભક્તિ પરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદયતરંગ ભેળવી દઈ મનુષ્યજીવનને દિવ્યતામય કરી નાંખે અને અન્તે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્ય સુન્દરીઓના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજા વિના રાજ્ય નથી... "સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશકય છે."

વર્ષ ૪ થું] ઈ. સ. ૧૯૦૭ ઑગષ્ટ—શ્રાવણ વિ. સં. ૧૯૬૩. [અંક ૧૨ મો.

## ज्ञानसुगन्ध.

**संसारना ल्हावा**—आपणी सामान्य स्त्रीओनी वासनाओ—अन्नपानमां, वस्त्रालंकारमां, कुटुम्बजन पासेथी मळता मानमां अने लाडमां, ज्ञातिजनमां अने स्वग्राममां के स्वनगरमां उज्जवळ जणाववामां, अने लग्नादिक समारंभोने काळे हरवा फरवाना अने जोवा जोवडाववाना वगेरे " ल्हावा " लेवामां,—समाप्त थाय छे, ए सर्व अने बीजा भोगादिकमां नीतिमती स्त्रीओ पण स्वामिना वैभव प्रमाणे न्हानी अथवा विशाळ मर्यादाओमां प्रवर्ती तृप्त थाय छे. आवा प्रसंगोमां, अने सर्व साधनो पासे होवा छतां पण भोगमां मर्यादा पाळवी ए एक जातनुं तप छे. भोगनी ल्हेमां पडी आवुं तप न करनारी स्त्रीओ कुटुम्बनी संभाळ लइ शकती नथी आदि कारणोने उद्देशीने कण्व मुनिए शकुन्तलाने " भोगेष्वनुत्सेकिनी " थवानो उपदेश करेलो छे.........ल्हावो लेनारी स्त्री पोताना तात्कालिक अने क्षणिक उत्सव करतां वधारे वातनो विचार करती नथी; आथी ए उत्सवना निमित्तभूत पुत्रपुत्रादिकने कपाळे भविष्यमां सुख थशे के दुःख थशे ए विचार तेना हृदयमां उदय पामतो नथी, अने

एक पासथी वहुआरुने सुखी करवानो पोताने माथे धर्म आरंभाय छे एवुं भान आणवाने सटे ए वहुवारु म्हारी सेवा करे एवी वासना आरंभाय छे, अने बीजी पासथी पोतानी पुत्री तेनी सासुनी सेवा करतां शीखे एवुं तेने शिक्षण आपवाने सटे ए पुत्रीने माथे ए सासुनो भार पडे नहिं एवी वासनानो आरंभ अनुभवे छे. ल्हावो लेवाभां पोताना क्षणिक उत्सव उपरांत आवी वासनाओ तृप्त थवानुं भान पण उदय पामे छे.

**गो. मा. कृत लीलावतीजीवनकला.**

———:०:———

# કાવ્યકુંજ.

## " કરૂં છું હું સ્મરણ ત્હારૂં. "

ગઝલ.

મીઠી ! મનમોહિની ! ત્હારૂં, સ્મરણ મધુરું ન વિસરાયે,
હૃદય મ્હારૂં દિવસરજની, પ્રીતિ ત્હારાથી ઉભરાયે;

( સાખી ) તુજ મુજમાં અંતર રહ્યું, યોજન કંઇક હજાર,
કાન્તા ! મુજ પ્રીતિ નયનથી, તું નહિ દૂર લગાર;

જગત કેરા વિલાસોમાં; વિવિધ કોલાહલે કલેશે,
અગમ્યાન્તર ઉલ્લંઘીને, પ્રીતિ ત્હારી હૃદય ભેદે:

( સાખી ) ચન્દ્ર સહસ્ત્ર સ્મિતો વડે, રમે રસાર્થી વિલાસ,
હસે હસાવે, અવનીને, સ્થલસ્થલ ભરે પ્રકાશ;

રસિક સુરમ્ય રજની આ, વિલોકું ત્યાં નજર આવે,
અતુલ તુજ ચન્દ્રમુખ હસતું, લીલા તે સર્વ વિસરાવે.

( સાખી ) સુન્દર મધુર સુકંઠથી, દ્રવતાં વિવિધ સુગાન,
શ્રવણ પડે, હીલે નહિ, હૃદયતાર, ક્ષણવાર;

મધુર તુજ સંગીતે, સ્મિતમાં, વસ્યું છે આ હૃદય મ્હારૂં,
નહિ દૂર તું, નથી વિસર્યો, કરૂં છું હું સ્મરણ ત્હારૂં.

ડાહ્યાભાઇ.

---



# વાર્તાલહરી.

## શ્વેતકુમારી.

શ્રાવણ માસની એક સ્હાંજે પુરૂષોત્તમરાયજીના મંદીર આગળ પુરૂષ અને સ્ત્રીવર્ગની મોટી ભીડ થઇ હતી. હિંદોળાના દિવસ ચાલતા હતા. આકાશ વાદળથી છવાઇ ગયું હતું, વરસાદ ઝરમર ઝરમર વરસી રહ્યો હતો તોપણ અસંખ્ય મનુષ્યો દર્શન કરવા ત્યાં ધસ્યાં આવતાં હતાં. રસ્તામાં કીચડ બહુ જામ્યો હતો. ઘુંટણપુર કીચડમાં ચાલીને પણ ભાવિક ભક્તો " જે, જે," ના ધ્વનિ સાથે ત્યાં આવતા હતા; અને દર્શન ખુલવાને વાર હોવાથી જેને જ્યાં માર્ગ મળતો, ત્યાં તે બેસતાં, અગર ઉભાં રહેતાં. ઘણાખરા દર્શન કરવા આવનારા મનુષ્યો ઉઘાડે પગે જ આવતા. જોડા ન પહેરવાનાં બે કારણ હતાં. એક તો કાદવમાં જોડા પહેરવાથી તે બગડવાની ધાસ્તી અને બીજું મંદીર બહાર જોડા કહાડી, દર્શન કરવા અંદર જતાં, ઠાકોરજી ઉપર મન રહેવાને બદલે જોડા ભણી લક્ષ ન જાય તે. દર્શનને વાર હોવાથી મનુષ્યોની ભીડ ખુબ જામી હતી. રસ્તે જતા આવતા લોકની ઓટલે બેઠેલા મનુષ્યો મશ્કરી કરતા. કોઇક બિચારા પાટલુનવાળાનાં બુટ મોજાં કાદવમય થવા ઉપરાંત, પાટલુન પણ બગડતું તો તેની મજાક કરતા, હાંસી કરતા. તેથી પાટલુનવાળા ચ્હીડાઇ સ્હામી ટોળ કરતા કે " હં સેઠીયા, જોડા ન પહેરસો હાં કે, જોડા ફાટવાના છે, કાંઇ પગ ફાટવાના નથી. માથે આવી સારી પાઘડી પહેરો છો, કડકડતાં અસ્ત્રીબંધ કેડીયાં પહેરો છો, અને કેડે દુપટ્ટા બાંધો છો, પણ જોડા નથી પહેરતા તે યાદ રાખજો કે પહેલા તાવથી પટકાશો, ને દાક્તરનાં બાલ ભરશો તેની કીંમત જોડાથી વધશે. સ્હમજ્યા કે, ભઇશાબ ? "

આ સ્થળે શ્વેતકુમારી પોતાની માતા અનસૂયા તથા નાની બ્હેન નંદિની સાથે બેઠી હતી. આજ ફુલના બાગમાં પુષ્પના હિંડોળે ભગવાન ઝુલવાના હતા. તેથી સ્હાંજે છ વાગે દર્શન ખુલવાને બદલે, રાતના આઠ વાગે ખુલવાનાં હતાં. એથી આટલી બધી ભીડ થઇ હતી. શ્વેતકુમારીની ઉંમર પંદર વર્ષની હતી. તે ઘણી સુંદર હતી. અને ખુબસુરતી ખીલાવે એવા વસ્ત્રાલંકાર એણે ધારણ કર્યા હતા. તેથી તે સૌકોઇનું દૃષ્ટિબિંદુ થઇ પડી હતી. સ્ત્રીઓ તેની તરફ ઇર્ષ્યાની નજરથી જોતી. પુરૂષો એના તરફ જોઇ જ રહેતા. **नवामिन्दुकलां लोकः केनभावेन पश्यति** (નવી ચંદ્રકલાને પુરૂષો કીયા ભાવથી જુએ ? ) કોઇક એની સુંદરતા નીહાળતાજ બેસી રહ્યા હતા. તો કોઇ તેણીની તરફ બહુ જ બેદરકારીથી જોતા. નિયમિત દર્શન છ વાગે થતાં હોવાથી તે આવી હતી. પણ આજ વાર હોવાથી એણે એની માતાની રજા ઘેર જવા માગી, પણ માતૃપ્રેમ ને સ્વાભાવિક લાગણીથી તેની માતાએ આગ્રહપૂર્વક તેને બેસાડી. " બ્હેન, આ તો બાર મહીનાનું ટાણું છે. આવાં સારાં દર્શન ક્યાં ફરી ફરીને થવાનાં છે ? પુષ્પના હીંડોળે ઝુલતા ભગવાનનાં દર્શન આપણે ક્યાં વારંવાર કરવાનાં છીએ ! " તેણીએ કહ્યું. માતાની ઇચ્છાનુસાર તે બેઠી. થોડીવારમાં આ સ્થળે બે યુવકો આવી પહોચ્યા. ને તેમાંનો એક સુંદરલાલ નામનો હતો. તે શ્વેતકુમારીનો પતિ હતો. તેની ઉંમર પચીશ વર્ષની હતી. તે વેપારી હતો. નાનપણથી પિતાનો પૈસો હતો, તેથી

અને માતપિતાના મૃત્યુથી સ્વતંત્ર હોવાને લીધે, એક નાની દુકાન ઉઘાડી હતી. તેમાં સાધારણ રીતે કમાતો. શરીરે તે સુંદર હતો. કદમાં ઉંચો હતો. એને શરીરનું અભિમાન હતું. ઇશ્વર ઉપર એને શ્રદ્ધા થોડી હતી, બલ્કે તે એ વિષય ઉપર બેદરકાર હતો. દેવમંદીર ઉપર તેને કંટાળો હતો. સ્ત્રીઓના વ્રતનિયમને તે ઢોંગ સ્હમજતો.

તેની જોડે તેનો મિત્ર કાંતિરાય ઉન્નત સંસ્કારવાળો અને કેળવાયલો હતો. તેણે સ્કુલ ફાઇનલની પરીક્ષા પાસ કરી હતી, અને સરકારી નોકરી લઇ લીધી હતી. તેનો વિવાહ નંદિની જોડે થયો હતો. લગ્ન થયું નહતું. શ્વેતકુમારીને સુંદરલાલે ઘણીવાર આવા મંદિરોમાં જવા ના કહી હતી. પણ તે પોતાની માતાના આગ્રહથી વારંવાર ત્યાં જતી. શ્વેતકુમારીને સુંદરલાલ ઘણા જ પ્રેમથી ચ્હાતો. અને એના વગર ઘડી પણ એનાથી રહી શકાતું નહીં. ઘડીક જો એ વ્હેલી મોડી ઘેર આવે તો માણસો ઉપર માણસો તેડવા મોકલતો. આજ પણ એણે એને ઘેર તજવીજ કરાવેલી, પણ ખબર કહાડતાં માલુમ પડયું કે તે દર્શન કરવા ગઈ છે, તેથી જાતે જ મિત્રની સાથે ખબર કહાડવા આવી પહોંચ્યો. દૂરથી ઓટલા ઉપર બેઠેલી એને જોઈ, ને એનો મિજાજ હાથમાં ન રહ્યો. એની તો ઇચ્છા એમ જ થઈ કે બસ મંદીર આગળથી જ ચોટલો પકડીને ઘેર ઘસડી જવી, પણ કાંતિલાલની સલાહથી તે મૌન રહ્યો. શ્વેતકુમારીનો જેટલો ભાવ ઠાકોરજી ઉપર હતો, તેટલો પતિપર ન હતો.

આઠ વાગે દર્શન ઉઘડયાં. ઠાકોરજીને એક કૃત્રિમ બાગમાં ફુલના હિંડોળા ઉપર બેસાડ્યા હતા. બાગમાં, મયૂર કોકિલા વિગેરે યાંત્રિક પક્ષીઓ ગોઠવી દીધાં હતાં, અને ચાવી ફેરવવાની સાથે, મયૂર નૃત્ય કરતા, કોકિલાઓ બોલતી, અને અન્ય પક્ષીઓમાંથી પણ મધુર સ્વર નીકળતા. પચરંગી ફુવારો ઉડી રહ્યો હતો. ગવૈયાના બે છોકરાઓ ફાંકડા બની સારંગી દંગની સાથે સુંદર રાગ આલાપી રહ્યા હતા. આવાં સુંદર દર્શન કરવા પુષ્કળ લોક ભેગા થયા હતા. ભીડનો શુમાર ન હતો. સ્ત્રી અને પુરૂષ એક બીજાને અથડાતાં, ટીચાતાં ધક્કાના ગમળે ચ્હડી, જે પ્રભુની ઝાંખી થઇ તેથી સંતોષ ન માનતાં. અધુરામાં પુરૂં ભીડનો સમૂહ ઠાકોરજી વાળા બાગમાં ઘુસે નહીં તે અટકાવવા ચાર ઝાપટીઆ દર્શનાતુર ભકતોને ઝાપટો લગાવ્યે જતા હતા. કોકનાં છોકરાં ચગદાયાં, કંઇકની કંઠી તુટી, કંઇકની વાળી તુટી, કંઇકનાં ખીસાં કતરાયાં! તો પણ ભીડ ઓછી થઇ નહીં. આવી ભીડમાં શ્વેતકુમારી પણ પોતાની માતાની સાથે દર્શન કરવા પડી. અને તેનું સંરક્ષણ કરવાના ઇરાદાથી સુંદરલાલ ને કાંતિલાલ પણ ટોપીઓ હાથમાં લઇને ભીડમાં પડયા. શ્વેતકુમારીને એક જણનો એવો ધક્કો વાગ્યો કે ભોંયપર પડી ગઇ, અને કાંતિલાલે તે ધક્કો મારનાર શખ્સને ડોકી પકડીને ભોંય પટકયો. મંદીરમાં ન્હાસંન્હાસા થઇ. ઝાપટીઆઓએ ઝાપટને જોરે ભીડ ઓછી કરી નાંખી આ વખતે શ્વેતકુમારીને બહુ વાગ્યું હતું. તે લગભગ બેભાન અવસ્થામાં હતી. દર્શન દર્શનને ઠેકાણે રહ્યાં, સુંદરલાલ તેને ગાડીમાં ઘાલી પોતાને ઘેર લાવ્યો. ને પાછળ રોતી કકળતી તેની મા અને બેન ગયાં. કાંતિલાલ મંદિરના મુખ્યાજીને મળવા રહ્યો હતો, તેમને તેણે કહ્યું "જુઓ મહારાજ, તમે તમારા ધર્મના મુખત્યાર છો. અમારે તમારી અગર કોઇ ધર્મની નિંદા કરવાનું કારણ નથી. પણ તમે દર્શનમાં બે ભાગ રાખો. સ્ત્રીઓને દર્શન કરવાનું સ્થળ પુરૂષોના સ્થળોથી અલગ રાખો. અમે જાણીએ છીએ કે શ્રી વલ્લભ પંથમાં શુદ્ધાદ્વૈત માર્ગ છે.



પણ તમે જ વિચારો કે એવા મનોબળવાળાં સ્ત્રીપુરૂષો નથી. તમારો દર્શન કરાવવાનો હેતુ ઉન્નત છે. દર્શન કરવા આવનારની શ્રદ્ધા પૂર્ણ છે, એમાં કોઇનો પણ અનીતિનો હેતુ નથી. પણ સ્હેજ જો વિવેકબુદ્ધિ વાપરી, આ સ્પર્શાસ્પર્શનો દોષ દૂર કરો તો તમે તમારી ફરજ બજાવ્યા ઉપરાંત આર્ય સન્નારીઓના ધર્મનું, શીયળનું રક્ષણ કર્યું ગણાશે. મનુષ્યપ્રકૃતિ સરખી નથી હોતી. દર્શન કરવા આવનારમાં દરેકની ભાવના શુદ્ધ નથી હોતી. અને એટલા માટે જ દર્શનના ક્રમમાં ફેરફાર કરો." મુખ્યાજી તો સાંભળી રહ્યા, અને ભાગાતુટા અક્ષરમાં જવાબ આપ્યો. તેનાથી સંતોષ પામ્યા વગર કાંતિલાલ ઘેર ગયો. શ્વેતકુમારીને એક પર્યંક ઉપર સુવાડી હતી. તેના કપાળમાં મ્હોટો ઘા પડયો હતો, તેના ઉપર દવા લગાવી પાટો બાંધ્યો હતો. તાવ ચ્હડવા માંડયો હતો. સુંદરલાલે વિદ્વાન દાક્તરને બોલાવી સલાહ લીધી હતી. તે આખી રાત શ્વેતકુમારીને તાવ ખુબ રહ્યો. બીજે દિવસે પણ ન ઉતર્યો—દાક્તરોને ધાસ્તી લાગી કે વખતે આમાંથી તેણીનું મરણ થાય. સુંદરલાલે ઘણાંક મૃત્યુ જોયાં હતાં, પણ પોતાના પ્રિયજનનો મંદવાડ કદી પણ નીહાળ્યો નહતો. દિન પરદિન શ્વેતકુમારીની તબીયત બગડતી ચાલી. તેની પાસે અનસૂયા ને નંદિની બેસી રહેતાં, દવા, કાંજી વિગેરે પાતાં. કાંતિલાલ પણ મિત્રપત્નીની ખબર જોવા આવતો. સુંદરલાલને પોતાની પ્રિયતમાની આ દશા જોઇ બહુ લાગ્યું. જીવનમાં તેણે પહેલીવાર અંતઃકરણથી પ્રાર્થના કરી. "પરમેશ્વર, મારા અપરાધ ક્ષમા કર્ય. મારી પ્રિયમાં પ્રિય વસ્તુને તું ઉપાડી ન લે. આ સંસારની બાજી તારા હાથમાં છે, એ વારંવાર મને બોધ મળતાં છતાં, મારી આંખ ઉઘડતી નહીં. પ્રભુ, જો મારી પ્રિયતમાને આરામ થશે તો હું કદી પણ તારી અવગણના નહીં કરૂં." આ પ્રમાણે નાસ્તિક સુંદરલાલે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી. બીજે દીવસે કંઇક શ્વેતકુમારીને જરા આરામ જણાયો. ને ધીરે ધીરે મહીનામાં તે સાજી થઇ. આ બનાવથી સુંદરલાલની પ્રભુ પ્રત્યે ભાવના બહુજ વધી. એણે શ્વેતકુમારીને આરામ થયા પછી ઘેર બ્રાહ્મણ જમાડયા, ને નિવેદ્ય કર્યું. તે દિવસથી સુંદરલાલની નાસ્તિકતા તદ્દન જતી રહી. શ્વેતકુમારીને કપાળમાં ઘાની નીશાની રહી ગઇ. તેમ તેના શરીરમાં શક્તિ આવતાં છ માસ થયા. પોતાના પતિને આસ્તિક બનેલો જોઇ એના હર્ષનો પાર ન રહ્યો. મંદીરે દર્શન દેવાનું નામ તે કદી દેતી નહીં. એણે ઘેર ઠાકોરજી પધરાવ્યા હતા. ઠાકોરજીની રોજ સેવા તે કરતી. અને સુંદરલાલ ઉત્સાહથી એમાં ભાગ લેતો.

× × × ×

ઉપલા વૃત્તાંતને પાંચ વર્ષ વીતી ગયાં હતાં. કાંતિલાલનું લગ્ન નન્દિની જોડે થયું હતુ. નંદિની પતિને જ પોતાનો દેવ ગણતી. અને રોજ પૂજા કર્યા વગર અન્ન ન ખાતી. જ્યારે પતિ ગામ જતો, ત્યારે પતિની છબીની પૂજા કરી માત્ર ફળાહાર ખાતી. પતિની ગેરહાજરીનો સમય તે શોકમાં ગુજારતી. પતિ એજ પોતાના પ્રાણ ગણતી. કોઇ પણ જાતનો બાહ્યડોળ એ ન કરતી. એને બધાં નાસ્તિક ગણતાં. એની બ્હેન શ્વેતકુમારી પણ પ્રભુભક્તિ કરવા ઉપદેશ કરતી. તેને તે સ્મિત કરીને કહેતી. " બ્હેન હું નાસ્તિક નથી. હું મારા પ્રભુની નિત્ય સેવા કરૂં છું,–" જે વાત શ્વેતકુમારીના મનમાં ઉતરતી નહીં. એક દિવસ કાંતિલાલ તથા નન્દિની સાથે સુંદરલાલને ઘેર આવ્યાં. તે બંને સાથે જ ફરતાં. સ્હવારે અગર સ્હાંજે, જ્યારે ફરવા જવાની અનુકુળતા હોય ત્યારે સાથેજ ફરતાં.

" કેમ બ્હેન,, બારણે ફરવા આવવું છે કે ? " નંદિનીએ કહ્યું.

" ના, બ્હેન " ઉત્તર મળ્યો.

કાંતિલાલે પુછ્યું—" બ્હેન, દર્શન કરવા આવવું છે ? "

શ્વેતકુમારી—" ભાઇ, મશ્કેરી જવા દ્યો. હું તે દીવસની ઘરની બ્હાર દર્શન કરવા નથી જતી. "

કાંતિલાલ—" બ્હેન ! અમે જે મંદિરમાં દર્શન કરવા જઇએ છીએ, તે મંદીરમાં જરા પણ ભીડ નથી. બલ્કે એકાંત છે. તે દીવસના હીંડોળા કરતાં પણ ત્યાં સુંદર રચના છે."

કાંતિલાલના આગ્રહથી ચારે જણાં ગયાં. ભક્તરાજ સુંદરલાલ પણ સાથે હતા. કપાળમાં ઉભુ વૈષ્ણવનું ટીલું તાણી દીધું હતું. " તીલક છાપાં શોભીતાં એ મારા ભક્તનો શણગાર" એ ભગવાનના વાક્યને સુંદરલાલે માન આપ્યું હતું. શ્વેતકુમારીએ ઠાકોરજીને બેસાડીને, કંડીયો સાથે લીધો હતો. કારણ આ દંપતીએ ઠાકોરજીને ધરાવ્યા વગર અન્ન અગર જળ ન પીવું એવો નિયમ લીધો હતો. આનંદાલાપ કરતાં ચારે જણાં નદી કિનારે આવી પહોચ્યાં. પડખે સુંદર બાગ હતો. તેમાં ફુવારો ઉડી રહ્યો હતો. પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. અહીં એકાંત હતું. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. આકાશમાં રંગબેરંગી વાદળાં છવાઇ રહ્યાં હતાં અને સૂર્યનાં અસ્ત થતાં કિરણો વાદળમાં પડવાથી ચળકતા સુવર્ણમય કીનારી થઇ રહી હતી, ત્યાં આગળ આ ચારે જણ બેઠાં. શ્વેતકુમારીએ પુછ્યું, " અહીંથી તે મંદીર કેટલું દૂર છે?"

નન્દિની—" આ સ્થળ જ તે મંદિર છે. તે દિવસે મંદિરમાં જે કૃત્રિમ શોભા કરી હતી, તે શોભા કુદરતી અહીં છે. ત્યાં ઠાકોરજીની મૂર્તિને બેસાડવામાં આવી હતી, અહીં નિરાકાર રૂપે પરમાત્મા સઘળે બીરાજે છે. અહીં શાંતિ પ્રસરી રહી છે. અહીં સર્વ સ્થળે દર્શન થાય છે. જ્યાં નજર કરીશ ત્યાં પરમાત્માની લીલા નજરે દેખાશે. પ્હણે પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં છે. મંદ મંદ પવન આપણા મગજને શાંત કરે છે. ભમરાઓના મંજુલ ગાયન આગળ, ગવૈયાનાં પણ ગાયન રદ છે. અહીં સર્વત્ર સ્વતંત્રતા છે. અહીં પ્રભુના દર્શન આગળ કોઇનો પણ અંતરાય નથી. અહીં ઝાપટીઆની ઝાપટ વાગવાની નથી. અહીં આડો પડદો આવવાનો નથી. જેમ જેમ સ્હાંજ પડશે, તેમ તેમ મારા પ્રભુની સર્વવ્યાપકતા નજરે પડશે. આકાશમાં ઉગતો અક્કેક તારો એક્કેકું બ્રહ્માંડ છે. એવા અગણીત તારાનાં દર્શનની સાથે તેના બનાવનારની સર્વ સત્તાનો ખ્યાલ થશે. આકાશમાં જ્યારે ચંદ્ર પ્રકાશમાન થશે, અને પૃથ્વી રૂપેરી ચાદર ઓઢી લેશે તે વખતે તેના સરજનહારનાં દર્શન તાદસ્ય થશે; બ્હેન, મારા ઇશ્વરનું મંદિર ચુના માટીનું ઘર નથી પણ કુદરત છે." શ્વેતકુમારી તો સાંભળી જ રહી. નાની સરખી, ને નાજુક નંદિનીના આવા ઉન્નત વિચાર જોઇ તે છકજ થઇ ગઇ. સુંદરલાલ પણ સજળ નેત્રે સાંભળતો હતો. થોડીવાર પછી પાછી નંદિની બોલી.—" બ્હેન, તને પ્રભુનું મંદીર બતાવ્યું. હવે કીયા દેવની હું પૂજા કરૂં છું તે દેવ બતાવું. તે દેવ અત્યારે મારી સાથે જ છે, મારી પાસે જ છે. " તેણે પોતાના પતિને બતાવ્યો. " આ મારા દેવ, મારા પ્રાણ, મારા પ્રભુ, મારા **પ્રાણનાથ** છે. એની જ પૂજા હું કરૂં છું. એને જ પ્રસન્ન રાખવા હું યત્ન કરૂં છું. એના હસવા જોડે હું હસું છું, રોવા જોડે રોઉં છું. એ મારાથી



જરા પણ દૂર રહે છે, તો હું ઝુરૂં છું. એની ગેરહાજરીમાં હું અપવાસ કરૂં છું. તમારા બધાને અપવાસ કરવાનો દિવસ એકાદશી છે. મારો અપવાસનો દિવસ જ્યારે મારા પતિ ગામ જાય છે તે જ છે. આ મારા હૃદયની વાત છે. એ પોતે પણ જાણતા નથી. બ્હેન, મારા પ્રભુ મારા પતિ છે. અને હું એની વગર મૂલ્યની દાસી છું. " આટલું બોલી તે પૂર્ણ ભક્તિભાવથી પતિને પગે લાગી

સુંદરલાલની આંખમાંથી આનંદનાં અશ્રુ ખળખળ વહ્યા જતાં હતાં. શ્વેતકુમારી ઘણી જ પ્રસન્ન થઈ ગઈ હતી. તેણે પોતાની બ્હેનને પકડીને છાતી સરસી દાબી–બ્હેન, બ્હેન, આજ આ પ્રભુના મંદિરમાં ત્હેં મને એવો ઉત્તમ બોધ આપ્યો છે કે જે બોધ હું મારા ઘરમાં બેસી રહી હત તો દિવસોના દિવસ વીતત પણ શીખત નહીં. તું જો કે મારાથી નાની છે, પણ મારી ગુરૂ નીવડી. હું રાત દિવસ પ્રભુની સેવા કરૂં છું, પણ મારા મનમાં પણ નોતું આવ્યું કે પતિ એ મારા પ્રભુ છે. એ જ્ઞાનનો પ્રકાશ તેં આપ્યો, અથવા તો મારા મનોહર, સુંદર, લાલજી ભગવાને તારી દ્વારા મને સૂચવ્યો. આજથી હું બ્હેન, પ્રતિજ્ઞા લઉં છું કે મારા પતિ એજ મારા પ્રભુ છે. એમની જ સેવા હું કરીશ, એમની જ પ્રીતિ હું સંપાદન કરીશ. એમને જ હું મારૂં સર્વસ્વ ગણીશ. મારા લાલજી મહારાજ આજથી હું એમને જ સોંપીશ. એમની પૂજા હવેથી એ કરશે. હું તો મારા નાથની જ પૂજા કરીશ. "

સુંદરલાલ ગળગળો થઈ ગયો હતો. તે બોલ્યો " વ્હાલી, વ્હાલી, મારા મિત્ર કાંતિલાલ અને તારી બ્હેન નંદિનીએ આપણને ઉત્તમ બોધ આપ્યો છે. એમનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. "

આ દંપતીયુગલ આનંદની પરિસીમાએ પહોચ્યું હતું.

**સુમિત્ર.**

———:o:———

# રમણીમણિમાલા.

## ભારતનાં સ્ત્રીરત્નો.

### કરૂણદેવી.

કરૂણદેવી અરીન્તના મહિલ સરદારની પુત્રી હતી. તે અતિ રૂપવતી હતા એટલું જ નહીં પણ અતિ ગુણવતી અને સર્વ કલામાં નિપુણ હતી. ઉપરોક્ત કારણને લીધે જો કે ત્હેનો પિતા કોઇ મહાન્નરેશ ન હતો તો પણ મન્દોર સ્વામિએ ત્હેની પાસે ત્હેની પુત્રી ના પાણીગ્રહણની માગણી કરી. યથાવિધ વિવાહ જાહેર કરવામાં આવ્યો, અને લગ્નતિથિ પણ નિર્માણ થઈ. આટલું છતાં પણ વિધિએ કાંઈ અન્ય જ નિર્મ્યું હતું જે મનુષ્યજાતિ કળી શકવાને અસમર્થ હતી.

અરીન્તમાં લગ્નની સઘળી તૈયારીઓ થવા લાગી. આ સમયે અરીન્તેશના દરબારમાં એક અતિથિ આવ્યો. આ મનુષ્ય એક પહાડી પ્રદેશનો સરદાર હતો. ત્હેનું નામ સદુ હતું.

સદુ અસ્ખલિત ધૈર્યવાન અને સુવિક્રાન્ત યોદ્ધા હતો. દેશની અંદર ત્હેની હાક વાગતી હતી. અને પોતાની લૂંટ દેશના મ્હોટા વિસ્તારમાં ચલાવતો હતો. અરીન્ત સ્વામિએ સદુના પરાક્રમ વિષે ઘણું સાંભળ્યું હતું પણ ત્હેનાં દર્શન કરવાને તે ભાગ્યશાલી થયો નહતો. તેથી કરીને એક સમયે જ્યારે તે પોતાની મહાન પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલા વિગ્રહમાંથી નિવૃત્ત થઇને સ્વદેશ તરફ પ્રયાણ કરતો હતો તે સમયે અરીન્તાધિપે પોતાનું આતિથ્ય સ્વિકારવા આમંત્રણ કર્યું. આમન્ત્રણને સન્માન આપી સદુ અરીન્તમાં એક અઠવાડીયું રહ્યો.

ભાગ્યવશાત્ આ યુવાન યોદ્ધા કરૂણની દૃષ્ટિ ગોચર થયો. અને પોતાના કદાવર બાંધાથી અને ક્ષાત્રિય કીર્તિથી ત્હેનું અંન્તઃકરણ હરી લીધું. કરૂણ આ વીર પુરૂષનાં અદ્ભૂત પરાક્રમોનો ઇતિહાસ સાંભળી ત્હેના ઉપર મોહિત થઈ ગઈ. આ ત્હેની ત્હેના ઉપરની અનિર્વૃત્ત પ્રીતિ ત્હેના કુટુમ્બની વિપત્તિ અને દુર્ભાગ્યનું કારણભૂત થઈ.

આ સમયે ત્હેનો વિવાહ થયેલો હતો અને તેથી કરીને સદુ ઉપરની ત્હેની પ્રીતિએ ત્હેને પરલોકવાસ કરાવ્યો.

કરૂણદેવીએ પોતાની સ્થીતિ પોતાની સહચરીઓને કહી અને તે દ્વારા પોતાની ઇચ્છા માતુશ્રીને જણાવી. આ વાત અરીન્તાધિપના જાણ્યામાં આવી. અરૂણ નરેશ બ્રહ્મસંકટમાં આવી પડયો. મન્દોર મહારાજા સાથે થયેલું વાગ્દાન શી રિતિથી તોડવું તે એક મહાન વિચારની વાત થઈ પડી. જો તે ભાગવામાં આવે તો ત્હેનું અપમાન થાય અને અંતે ત્હેની સાથે વિગ્રહ થઈ હજારો મનુષ્યનો વધ થાય. ત્હેને એક સ્વચ્છન્દી છોકરીના મનસ્વી સ્વભાવની વેદી ઉપર પોતા સ્વદેશને હોમી રૂધિરાબ્ધિમાં નિમગ્ન કરવાનું યોગ્ય લાગ્યું નહીં. આખરે ત્હેણે એવો નિશ્ચય કર્યો કે કરૂણે કાં તો મંદોરમહારાજ્ઞી થવું અથવા તો અવિવાહિતા રહેવું.

અરીન્તનરાધિપનો આ સંકલ્પ ત્હેની રાણી પાસે ટકી શકયો નહીં. આ જગત્‌ની અંદર એવો કયો પુરૂષ છે કે તે આવી બાબતમાં પોતાની પ્રિયતમાથી વિરૂદ્ધ આચરણ કરે ? આ વિષયમાં સૃષ્ટિક્રમ પ્રમાણે સ્ત્રીમંડળ વિજયી થયું. અરીન્ત સરદાર ત્હેમની વૃત્તિને આધીન થયો. કારણ કે અરીન્તમહિષીનું કહેવું એવું હતું કે લગ્નની અંદર પુત્રીના સુખના વિચારને પ્રધાનપદ આપવાનું છે. તદનુસાર સદુના વિવાહનું નક્કી કરવાને અરીન્તથી એક દૂત મોકલવામાં આવ્યો. વિવાહ કબુલ રાખવામાં આવ્યો અને અલ્પ સમય પછી અરીન્તકુમારીનાં લગ્ન સદુ સાથે મ્હોટી ધામધુમથી થયાં.

અરીન્તાધિપના આ કૃત્યથી મંદોર મહારાજા અતિ માનભંગ થયો. લગ્ન અટકાવવાને તો તે અસમર્થજ હતો પણ તેથી કરીને ઉપસ્થિત થયેલા અપમાનનું વૈર લેવાનો ત્હેણે દૃઢ નિશ્ચય કર્યો. સત્વર ત્હેણે ચાર હજાર માણસ એકઠાં કર્યાં અને જે રસ્તે થઇને સદુ ત્હેની નવવિવાહિતા સાથે જવાનો હતો ત્યાં જઈ ત્હેણે છાવણી નાંખી.

કેટલોક કાળ અરીન્તમાં રહ્યા પછી જાને વરવધુ સહિત કોઈપણ પ્રકારના ભય અથવા આપત્તિની શંકા રાખ્યા શિવાય આનન્દમાં નિમગ્ન થઈ પ્રયાણ કર્યું. પણ થોડેક દૂર ગયા કે તરત જ ત્હેમને માલમ પડયું કે ત્હેમનો રસ્તો ભગ્નાશ અને દુઃખિત થયેલા પ્રણયિથી રોકાયલો છે. અને તેથી કરીને જો દેશ જવાની ઇચ્છા હોય તો ત્હેમણે ત્હેની સાથે યુદ્ધ કરવું જ જોઇએ.



મન્દોરનરેશ કાંઈ બાયલો નહતો. ત્હેણે પોતાના મ્હોટા સૈન્યથી આ મુઠીભર મનુષ્યો પર હુમલો કરી પોતાનું કાર્ય સાધવા ઇચ્છયું નહીં. ત્હેણે તેના પ્રતિસ્પર્દ્ધિને દ્વંદ્વયુદ્ધ કરવા આમંત્રણ કર્યું. દ્વંદ્વ યુદ્ધના નિયમ પ્રમાણે કેટલાંક દ્વંદ્વો વચ્ચે યુદ્ધ થયાં. બન્ને સરદારો પોતાના યોદ્ધાનાં દ્વંદ્વ નિહાળતા હતા અને ત્હેમના ચાતુર્ય અને શૂરાતનનાં યોગ્ય વખાણ કરતા હતા.

આખરે બહાદુર સદુએ પોતે દ્વંદ્વમાં ઉતરવાની તૈયારી કરી. મન્દોરનરેશ પણ યુદ્ધ કરવાને અત્યુત્સુક હતો. સદુ ત્હેની પ્રિય પત્નિને મળ્યો અને છેવટનું આલિંગન આપ્યું. ત્હેણે ત્હેની કમરે તરવાર બાંધી અને કહ્યું “ વ્હાલા હું તમારૂં દ્વંદ્વ જોવાને ભાગ્યશાળી થઈશ. અને જો કદાપિ દૈવેચ્છાએ તમારૂં પરલોકગમન થશે તો હું સતિ થઇશ.” જો કે ત્હેને વારંવાર દ્વંદ્વમાં ઉતરવાને ત્વરા કરવા વિનતિ કરવામાં આવતી હતી અને જો કે અરીન્ત પુત્રી ત્હેને શૌર્ય ભરેલાં વચનથી ઉત્તેજીત કરતી હતી પણ હજી સુધી તે ત્હેના આલિંગનમાંથી વિરક્ત થઇ ન હતી. આખરે સદુ ત્હેના અતિ રકત આલિંગનમાંથી છૂટયો અને મંદોરના સરદારની સ્હામો ગયો.

બન્ને સરદારો મળ્યા. આ સમયે બન્નેના મનમાં પ્રથમ ઘા કરવાની ઉત્કટ ઇચ્છા હતી. અંતે સદુ પ્રથમ ઘા કરવામાં વિજયી થયો અને ત્હેમણે મન્દોરસ્વામિની ગરદન ઉપર ઘા કર્યો. મન્દોરનરેશે પણ તેજ સમયે તેના ઘાતનો પ્રત્યાઘાત કર્યો. કરૂણદેવીએ પોતાના સ્વામિના મસ્તક ઉપર પડતો ઘા જોયો. બન્ને યોદ્ધાઓ પૃથ્વી ઉપર પડયા. મંદોરાધિપ મુર્છિત થયો અને સદુ પોતાનાં કૃત્યોનો જવાબ આપવા આ ક્ષણભંગુર દુનિયાનો ત્યાગ કરી જગન્નિયન્તાની હજુરમાં હાજર થયો.

સદુના પરલોકગમનથી ત્હેના સૈન્યમાં ક્ષોભ પ્રવર્ત્યો. પણ કરૂણકુમારીની આંખમાંથી એક બિન્દુસ્ત્રાવ પણ ન થયો. ત્હેણે ત્હેના પતિના સૈન્યની સરદારી લીધી. અને ત્હેના સ્વામિની તરવારનું ગ્રહણ કરી અન્ય કોઇ વચ્ચે પડી શકે તે પ્હેલાં પોતાનો વામ બાહુ ધડથી દૂર કર્યો. ત્યારબાદ ત્હેના સેવકોને તે અવયવ ત્હેના શ્વસુર પાસે લઇ જવાની આજ્ઞા કરી અને સંદેશો મોકલ્યો કે “ આપની પુત્રી આવી હતી. તે આપના કુલદીપક પુત્રની વધુ થવાને અયોગ્ય ન હતી. ” ત્યારબાદ ત્હેણે સૈનિકોને જમણો હાથ કાપી નાંખી ત્હેના પિતા પાસે લઇ જવા ફરમાવ્યું; અને ફહેવડાવ્યું કે આપની દુહિતા મિહિલવંશને યોગ્ય મૃત્યુને શરણ થઇ છે. સ્વસૈનિકોને પોતાની આજ્ઞાના પાલનમાં વિમુખ જોઇ ત્હેમના તરફ ફરી અને એક સિંહણની માફક ગાજી ઉઠી. “ શું ત્હમે ત્હમારા સરદારની અવજ્ઞા કરો છો ? ” સૈન્યમાંથી એક મનુષ્ય આગળ આવ્યો અને બોલ્યો “ દેવી, અદ્યાપિ અમે અમારો વિનય ત્યજ્યો નથી. આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું કારણ એટલું જ છે કે આપ અમને અતિ પ્રિય અને માનનીય છો તેથી કરીને આપનું મૃત્યુ જોવાની અમારી ઇચ્છ નથી. પણ ખેર જગતમાં એમ નજ કહેવાવું જોઇએ કે આપનો અમારા સરદાર તરીકેનો અમે અસ્વીકાર કર્યો અને આપની આજ્ઞાનું પરિપાલન ન કર્યું. આપની આજ્ઞાથી અને આપની ઇચ્છાનુસાર હું આપના બાહુને શરિરથી જૂદો કરૂં છું.” કરૂણદેવી મૂર્તિવત્ ઉભી રહી અને તેના હાથ કાપી નાંખવામાં આવ્યા.

ત્યારબાદ અરીન્તકુમારીએ ચિતારોહણની તૈયારી કરી. રણભૂમિમાં જ્યાં ત્હેનો સ્વામિ માર્યો ગયો હતો ત્યાં એક ચિતા તૈયાર કરવામાં આવી અને પછી તે શાન્ત અને ગંભીર મુખમુદ્રાથી બન્ને સૈન્યોના જયઘોષ વચ્ચે ચિતારૂઢ થઇ.

સનાતન.

# વિવિધ વિહાર.

## પત્નીનું રાત્રીભાષણ.

( જુનના અંકના પાને ૨૩૨ થી આગળ ચાલુ. )

### ભાષણ ૪.

રા. પોચાલાલના કનીષ્ઠ બંધુ રત્નપ્રસાદ પોતાને ગામથી આવી ત્હેમને ઘેર રહી નીશા-ળમાં અભ્યાસ કરવા વિચાર રાખે છે ત્હેની ત્હેમનાં પત્નીશ્રીને ખબર પડે છે.

" રત્ન અહીં આવનાર છે એ વાત ખરી ? મ્હારાથી કેમ છાની રાખી હતી ? ત્હમારે ‘ બ્હારો બ્હાર બધાને બોલાવવા, ને મ્હારે વેઠ ભેગી વેઠ. આટલાં છોકરાં ઓછાં હતાં જે ‘ એને બોલાવ્યો ? મ્હારાથી બધાની મરજી સચવાશે નહિ. મ્હારે તો પગ વાળીને બેસવા ‘ જ વારો ન આવે.

‘ તે કેમ આવે છે, ભણવા ? ત્હમારા બાપાજીના ગામમાં નીશાળ છે ત્યાં કેમ નથી ‘ મૂકતા ? શું કહો છો ? નીશાળ ખરાબ છે ? ત્યાં ત્હમે ભણ્યા ને અહીં નોકરીએ આવ્યા ‘ ને તે નહિ ભણી શકે કેમ ?

‘ ત્હમે સમજતા નથી. ત્હેમના દાવપેચ જૂદા હશે. હું બધું સમજી. ત્હમારી કમાઈ ‘ ત્હમારી આગવી થઇ ને બાપાજીની કમાઇ તો બધાની, તેથી ત્યાં રહે તો બીજાનુંએ જાય ને ! ‘ આ તો ત્હમારામાંથી નીકળતું કહાડવું. ત્હમારે ખર્ચ થવાનું છે ? ને મ્હને શું ? મ્હારો ‘ તો મરો. કામમાં કામનો વધારો.

‘ ત્હમને તો કંઇ કહેવાય જ નહિ. સારો દિવસ બહાર રહેવું એટલે થયું. ઘરમાં ‘ બીજાની શી વલે થાય છે ત્હેની ત્હમારે શી ફીકર ? આ ભાઇ આવ્યા. ત્હેમને ફલાણું ‘ જોઇએ ને ઢીંકણું જોઇએ, એ મ્હારાથી નહિ પહોંચાય. હું બધાની બાંધેલી નથી. સૌ ‘ શેઠ થશે તો મ્હારાથી નહિ વેઠાય. ત્હમે ઠીક કર્યું, આ હંમેશનું ઘરણ ઘાલ્યું. એવાં સાલ ‘ ઘાલશો તો ત્હમને ભારે પડશે. એકમાં શું ભારે પડશે કેમ ? ના એક પણ નહિ ને અડધો ‘ પણ નહિ. મ્હારા ઘરમાં નહિ. હું વેઠ નહિ નહિ કરૂં.

‘ ત્હમે આમ કરશો તો આ શરીર ટકનાર નથી. હસવા માંડ્યું ? હસો હસવું હોય ‘ તો. કેમ ન હસો ? ત્હમને શું ? મ્હારી તબીયત લથડતા ચાલે છે, ને દહાડો આવી રહેશે. ‘ શું ત્હમારૂં પહેલાનું હેત ને શું આજનું ? ત્હમારે મ્હારી ક્યાં દરકાર છે ? દરરોજનાં સાલ ‘ ઉભાં કરો. એ તો એ જ. વૈતરૂં કરવા સરજ્યાં છીએ તે કરીશું. ત્હમારા જેવા સારા ‘ કોઇ નહોતા એમ પણ હું જ કહેતી, ને હવે ત્હમારા જેવા.........હું કહેતાં અચકાઉં ‘ છું, પણ ત્હમે મ્હોંમાં આંગળી ઘાલો છો.

‘ ચૂપ રહું ? હું ત્હમને ઉંઘી જવા દઉં ? ના તેમ નહિ બને. મુગી રહું તો માથે ‘ છાણાં થાપો. હવે મ્હારી આંખ ઉઘડી. શું કામ પરણી, એમ કે ? પહેલેથી ખબર નહિ



‘ જે આમ થતું હશે ત્હેમાં. તો શું કરત ? શું કરત શું ? થોડુંક કાંતી પીંજી આ મૃગજળ ‘ સમાન સૂખ મેળવવા કરતાં પરણ્યા વગર જ ચલાવી લેત. ત્હમારે મન હું સુખી છું. ‘ ત્હમે મ્હને ઉંધા પાટા બંધાવવા ઇચ્છો છો. પણ હું જમ પેધવા દઉં ત્યારે ને ?

‘ મુગી કેમ નહિ બેસતી હઉં ? કારણ, મ્હારે મુગા નથી રહેવું, ટપલા નથી ખાવા. ‘ સોરાવા કરતાં કહી જ ન દઉં. ત્હમે તો નવાં નવાં લફરાં ઘાલશો, ને હું કચરાઇશ કેમ ?

‘ ત્હમને ન કહીએ તો ઠીક. આ કહેવા માંડ્યું કે ધમણ ચલાવી. એમ નહિ ઉંઘાય. ‘ મ્હારૂં સાંભળો, પછી ઉંઘો. ત્હમારા ભાઇને ગમે ત્યાં રાખો. હું ત્હમારૂં બહુ મન રાખતી, ‘ ને લોક કહેતા કે શેર થશે તે હવે ખરૂં પડ્યું. આજ મ્હારી આંખ ઉઘડી. મ્હારા મા-‘ બાપની ભૂલ જે મ્હને પરણાવી, બીજી ભૂલ જે ત્હમારી સાથે પરણાવી.

‘ ત્હમારી આટલી ચાકરી કરી ત્હેના બદલામાં આ ઠીક કર્યું. બદલો તો ઠીક આલ્યો. ‘ મ્હારા સૂખમાં ત્હમે થોરીઓ રોપ્યો. શું મ્હારા સૂખનો પ્રથમ બ્હાર ! ગૂલાબસમ કાંટા ‘ તો કાંટાં—પણ છેવટે ગૂલાબ. પણ હવે ? થોર. કાંટા જ કાંટા. હું કહી દઉં છું, ચોખ્ખે ‘ ચોખ્ખું, હું ભઠીયારૂં કૂટવાની નથી. ત્હમારા પૈસા એમ ખર્ચાવી દેવાના નથી.

‘ પાછા હસ્યા ? ત્હમારે મન મશ્કરી હશે. હસો, એમાં શું ? પણ ત્હમારો ભાઇ મ્હારે ‘ ઘેર નહિ. તે નહિ, ને ત્હેનો પડછાયો પણ નહિ, સમજ્યા. એજ છેલ્લો બોલ. ત્હેને ‘ ગમે ત્યાં રાખો. "

રા. પોચાલાલ સાંભળીને છક થઇ ગયા, ને પોતાની સ્ત્રીને બોલતી બંધ રાખવા ખાતર પોતે ઉંઘવાનો ઢોંગ કરી આંખ મીચી સૂઇ રહ્યા. ત્હેમને ઉંઘતા ધારી થાકેલાં જીવ્હાકુંવર નિંદ્રાવશ થાય છે.

### ભાષણ ૫.

અ. સૌ. જીવ્હાકુંવરે પોતાની બ્હેન અ. સૌ. પ્રેમકોર તથા પોતાના ન્હાના ભાઈ ચી. મદનલાલને પોતાને ત્યાં બોલાવીને ચારેક મહિના રાખવા માટે રા. પોચાલાલને કહે છે.

" કેમ બોલતા નથી ? સાંભળો છો કે ? અરે ઉંઘાય છે, બળ્યું. આમ શું કરતા હશો ? ‘ હું ક્યાં દરરોજ ત્હમને ઉંઘવામાં હરકત કરૂં છું ? ત્હમારૂં માથુ દૂખતું મટ્યું ? કાલનો ‘ મ્હારો જીવ તાલવે ચોટયો છે. ત્હમે જ્યારનું માથું દૂખવાનું કહ્યું ત્યારથી ત્હમને તો કંઇ ‘ નહિ. ત્હમે શરીર સાચવતા નથી. મ્હારે રહ્યું ઘરનું કામ. છૈયાં છોકરાંની ત્રેવડમાં રાત ‘ પડી જાય એટલે વળી થાકી પાકી ઉંઘી જવાનું મન થાય, પણ તે કાલની તો ઉંઘી જ ‘ નથી. કહોને આજ ત્હમને કેમ છે ? લાવો જરાક માથે દીવેલ ઘસું ? જરાક નાક ચેવીશ ‘ તો સળેકમ મટશે, ને માથું હલકું થશે.

‘ મ્હારી બ્હેન આપણી સાથે રહેતી હતી ત્યારે ત્હેને ત્હમારા માથાના સણકા મટા-‘ વવા કેવી સરસ દવા બનાવી ત્હમારે માથે ભરી હતી ? શું ત્હેનો સ્વભાવ ? કંઈક થયું ‘ કે તે અડધા જ થઈ જતી. અને ત્હમારા તરફ શી ત્હેની મમતા ? અરે માની જણી ‘ બ્હેન પણ એવડાં ના રાખે. શું નહોતી રાખતી ? આ સાચું બોલ્યા ? ત્હમારે કાજે તે ‘ ઉજાગરો નહોતી કરતી ?

‘ ત્હમને પેલી કચોરી યાદ આવે છે ? તે દીવસના ત્હમારા મ્હોંમાં કડવાશ મારતી ‘ હતી, તેથી ત્હમે બ્હારથી આવો તો જરાક મ્હોં સવાદ થાય એવું ખાવાનું તૈયાર જો- ‘ ઇએ એમ વિચારી તે કોણે બનાવી હશે વારૂ ? એ તો મ્હારી બ્હેને. અને વળી પંડોલી ? ‘ ત્હમે નહોતી ચાખી ? મશ્કરી ઠીક કરતાં આવડી. અરે તે બાપડીને અંગૂઠે ફોલ્લો પડયો, ‘ પણ ત્હમારે માટે બનાવવી ધારી તે બનાવી જ. હું એ કરૂં, પણ આ બધાંની વેઠ કરૂં ‘ કે પંડોલાપંડોલી કરૂં ? ને કરૂં તો એ ત્હેની બરાબરી ના થાય. તે તો તે જ છે. અહા ‘ એટલામાં ત્હમને ઉંઘ આવી ? આમ ન કરો. પાંચ મીનીટ પછી ઉંઘજો.

‘ ત્હમારૂં માથું દૂખતું જાણીને મ્હારી બ્હેન યાદ આવી. જો તે હોય તો પણ ત્હમે ‘ બોલાવો તો આવેને ? અરરર આ ત્હમારી ઉદરસને આ માથું દૂખવું ? એ તો હોયને તો ‘ આમ મટાડી દે. શી ત્હેની માવજત કરવાની રીત ? ને મ્હને વળી મદદ. મ્હારાથી ત્હમારી ‘ પાસે બાર પહોર ને બત્રીસે ઘડી બેશી રહેવાય નહિ. શું કરીએ ? જીવ તો ઘણોએ બળે છે, ‘ પણ જો પ્રેમકોર આવે તો મ્હને મદદ કરે ને ત્હમારી માવજત થાય.

‘ ત્હેના ગૂણ જો યાદ કરવા બેસુંને તો મ્હોટું રામાયણ થાય. શું કહો છો ? ત્યારે ‘ મ્હારામાં તે ગૂણ કેમ નથી ? ત્હમારા જેવું દયા વગરનું કોઇ હશે ? આ મહેણું મારવા ‘ જેવું ? હું તો સ્વર્ગીય સૂખની ખાતર પણ ના મારૂં. દરેક જણ સર્વગૂણસંપન્ન હોય ‘ તો પછી શું ? ભાવીમાં લખ્યા હોય એટલા ગૂણ આવે.

‘ કેટલી વખત ગુંથેલા રૂમાલ ત્હમે ટેબલ ને ખૂરશીઓ ઉપર નાંખવા વિચાર કરેલો ? ‘ ને તે વિચારનો અમલ કેમ થયેલો વારૂ ? શું તે મ્હેં ભરેલા ? ને તે ત્હમારો ગલપટો ‘ ભર્યો, ત્હમારી કાનઢાકી ટોપી ભરી ત્હેણે જ તે ભર્યાં. હું તે આ બાળગોપાળોની શેવા ‘ કરૂં, કે રૂમાલ ભરવા બેસું ? અહીં ત્હેને બોલાવો તો વળી બીજા મનપસંદ રૂમાલો ‘ ભરાવી લઇશું.

‘ અને વળી બીજું. ઘર કેવું શાન્ત રહે ? છોકરાં બધાં માશીની પાછળ ગાંડાતૂર. તે ‘ કહે એટલે ડાહ્યાંડમરાં થઈ બેશી રહે. ને વળી જો મદનને તેડતી આવે તો અધીક સારૂં. ‘ મદનને ત્હમે ક્યાં નથી ઓળખતા ? શું ગૂલાબ છોકરો ? પછી તો ઘરમાં આનંદ આનંદ.

‘ કાલે બોલાવવાનો કાગળ લખશો ને વારૂ ? જાઓ બળ્યું, આંખ શું મીચી રાખી ‘ છે ? શું ઉંઘી ગયા ? જવાબ તો આલો. શું ના કહો છો ? મ્હારૂં આટલુંએ ના સાંભળ્યું ? ‘ ધીક્કાર છે મ્હારા કહેવાને. ” ( રૂવે છે )

રા. પોચાલાલ તો ક્યારનાએ ઉંઘી ગયા હતા.

**બિહારી.**

---



## સુંદરીસુબોધ.

પદ.

સુણ સાહેલી, બોધ વચન આ કહું જે ટૂંકા સારમાં,
દૂ:ખડાં મે’લી, સુખ પામીને રહીએ આ સંસારમાં; ટેક.
સખી, નીતિ થકી નિત્ જે વરતે, પ્રભુપ્રીત ધરી દૂ:ખ દૂર કરે,
આ જગમાં યશ મળેજ મળે. સુણ૦
સખી સદ્‌ગુણ સાચા તે સજવા, દુર્ગુણ ઉરથી તે દૂર તજવા,
નિત્ય સ્વામીને ( પ્રભુજી ) પ્રેમે ભજવા. સુણ૦
અનીતિમાં ના પગલું ભરવું, સઉ ઉપર હેત સદા ધરવું,
પતિ ( પ્રભુ ) ઇચ્છાએ જ અનુસરવું. સુણ૦
રે ! કામ, ક્રોધ, ને દંભ સદા, આ જગમાં જે રહે છે ફરતા,
તે ઉરમાં વાસ કરે ન કદા. સુણ૦
ઉઠીને હરિને, પતિને જ નમી, ગૃહકારજમાં સખી રાખો મતી,
નવ આળસ રાખો અંગ રતિ. સુણ૦
ગૃહકાર્ય થકી પરવારો જદા, શુભ વાંચન ભરવું રાખો તદા,
ઉદ્યોગી થઈ રહેવુંય સદા. સુણ૦
સહવાસ કરો નવ કૂલટાનો, કદિ વેણ મહિ નવ રોષ કરો,
પતિવ્રત તણો નીજ ભાર ધરો. સુણ૦
ઘણું ના હસવું, ઘણું ના વદવું, કદિ સત્ય થકી જરિ ના ડગવું,
પતિ ( પ્રભુ ) સેવામાં ચિત્તને ધરવું. સુણ૦
પતિના હિતમાં પગલું ભરવું, સખી, શિયળને દૃઢ સાચવવું,
પતિપ્રેમ તણું, સદ્‌પાત્ર થવું. સુણ૦
સખી, ઉરે બોધ બધો ગ્રહશો, ગ્રહીને નીજ ધર્મ અદા કરશો,
તો ભવ-સાગર સઘ આ તરશો. સુણ૦

દિલ્હી.

**મંગળેશ્વર.**

---

## મ્હોટું મન.

( કંસરાયને કહેવા દ્યો ક્હાના—એ રાગ. )

બ્હેની, રીતિ પ્રીતિની આદરજો, મ્હોટું મન રાખીને આચરજો, બ્હેની૦
સુખી સૌ જનને તમે કરજો;

દ્વેષી જન દ્વેષ ભલે ધરતાં, ક્લેશી પ્રાણી ક્લેશમાં છો મરતાં,
તમે દ્વેષ ક્લેશ નહીં કરતાં; બ્હેની૦

નથી કાંઈ લેઈ જાવું સાથે, જાવાનું છે સૌને ખાલી હાથે,
તો પછી કંકાસ શા માટે ? બ્હેની૦

સ્નેહી સાથે ઘડીનું રહેવાનું, તેમાં શાને લઢવા ને વઢવાનું ?
ભલાઇનું લ્યોને કરી લ્હાણું; બ્હેની૦

મ્હોટું મન રાખી જો ગમ ખાશો, સુખી સૌને કરીને સુખી થાશો,
મંત્ર છે સુખનો એ સાચો; બ્હેની૦

નાગરવાડ, નડિઆદ. **ચન્દ્રશંકર મણિશંકર પંડયા.**

---

# બાલોદ્યાન.

## કિન્ડરગાર્ટન ( બાળકેળવણીની એક સુન્દર રીત. )

### ૧. તે શું શીખવે છે ?

**સુન્દરીસુબોધ**ના વાચકો કબુલ કરે છે કે દેશના ઉદયનો આધાર દેશની સુન્દરીઓ ઉપર જ છે. હિન્દુ સંસારને સંકુચિત કરનારી અનેકાનેક મુશ્કેલીઓ હોવાથી તેમાં નવા ફેરફાર એકદમ દાખલ થઈ શકતા નથી એ એક રીતે જોતાં જેમ આપણું આપણાપણું સાચવી રાખવામાં લાભ કરનારી હકીકત છે તેમ બીજી રીતે જોતાં આપણાં આપણાપણાને કેળવવા, વિવૃદ્ધ કરવા, ઉદાર કરવા અને ઉન્નત કરવાના પ્રયાસમાં કેટલીક વાર અડચણ કરનાર પણ બની રહે છે. આવી અડચણો સલુકાઇથી અને શાન્તિથી નિવારવાનું કામ દેશની માતાઓ ઉપર જ રહે છે, કારણ બાળકપણથી છોકરાંઓ પર કેવા સંસ્કાર પાડવા એ માતાઓના જ હાથમાં છે.

પણ કમભાગ્યે, આપણામાં બાળકપણની ખરી કિમ્મત હાલમાં સમજાતી નથીઃ પાંચ છ વરસનું છોકરૂં થાય ત્યાં સુધી તો કશું શીખવવાનું કે કેળવવાનું હોતું નથી એવી જ માન્યતા સર્વવ્યાપી છે. સુન્દરીસુબોધનાં સુન્દરી–વાચકો જો આ માન્યતાથી પર થઇ, જીંદગીનાં પ્રારંભનાં વર્ષ આખી જીંદગી કરતાં પણ વધારે ઉપયોગી છે એટલું જ સમજતાં થાય, તો દેશોદ્ધારના કાર્યમાં પ્રગતિ ઘણી વેગવાળી થવાનો સંભવ છે.

માતાઓ જરા પણ વિચારશે તો માલમ પડશે કે છોકરાં બેસતાં, ઉઠતાં, ચાલતાં, બોલતાં એ પ્રારંભનાં પાંચ છ વર્ષોમાં જ શીખે છે. માબાપ કે ભાઇબ્હેનના હસમુખા કે



ક્રોધભર્યા ચહેરાની અસર તે વર્ષોમાં પણ થયા વગર રહેતી નથી. પૃચ્છક વૃત્તિ અને સ્મરણ શક્તિ તે જ વર્ષોમાં ઘણી ઉગ્ર અને તેજદાર હોય છે. જે સંસ્કાર તે વર્ષોમાં પડયા હોય છે તે વય વધતાં વધે છે અને કેળવણી મળતાં કેળવાય છે. ભવિષ્યનાં બીજો તેજ ભૂમિમાં રોપાય છે એમ ખાત્રીથી નક્કી થયું છે. 'આટલું ફીકલું તે શું સમજે' એવી સમજણ ઘણી માતાઓમાં હોય છે અને તેથી ઘણીવાર અજુગતું વર્તન બાળકોની હાજરીમાં કરતાં તેઓ ખંચાતાં નથી. આવી માતાઓને સમજુતી આપવી જોઇએ કે બાળક જ્યારથી શ્વાસ લેતાં શીખે છે ત્યારથી જ કેળવણી મેળવતું જાય છે. સુન્દર દેખાવો જોઈ હસે છે, જબરા, જંગી, અને અપરિચિત અવાજ સાંભળતાં રડે છે, જે કાંઈ નજીકમાં હોય તેને બાઝતાં પકડતાં શીખે છે અને એવી રીતે પ્રભુએ આપેલી સર્વ શક્તિનો હળવે હળવે ઉપયોગ કરવા મંડે છે. કેટલીક બાબતો એવી હોય છે કે તેની અસર છોકરાં પર થઈ કે કેમ એ તરત કળી શકાતું નથી, તોપણ એ તો સિદ્ધ થયું છે કે જે જે બાબતો છોકરાંની ઇન્દ્રિય સાથે અથડાય છે તે બધીની કંઇને કંઇ અસર થાય છે જ અને તેના સંસ્કાર ઉંડા અને ચિરકાળ સુધી ન ખસે તેવા પડી રહે છે.

ત્યારે દરેકે દરેક છોકરૂં જન્મે છે ત્યારથી જ શીખે છે, અને જે કાંઈ શીખે છે તેની સંભાળ રાખવી જરૂરની છે. પહેલાં અઢી ત્રણ વર્ષમાં છોકરાંને કેમ કેળવવાં એ બહુ ચર્ચી શકાયું નથી; અંગ્રેજીમાં પણ તેને માટે તો માત્ર એકજ ચોપડી આ લખનારના જાણવામાં આવી છે. પણ ત્રીજે વર્ષથી છોકરાંઓને કેમ કેળવવાં, છોકરાંઓની રમતપર કેમ અને શા માટે અને કેવું ધ્યાન આપવું, તે વખતની છોકરાંઓની પાંગરતી શક્તિઓને કેવો ખોરાક આપવો અને કેવું વલણ આપવું એ બધું તો બહુ જ બહુ ચર્ચાયું છે. જે પદ્ધતિ આ વિષયનું જ્ઞાન આપે છે તેને **કિન્ડરગાર્ટન** પદ્ધતિ કહે છે. હાલમાં એ પદ્ધતિ લોક સમસ્તમાં કાંઇક અણગમો ઉત્પન્ન કરનાર અને ઢોંગ ધતુરામાં ખપનાર ગણાય છે. તેનું કારણ માત્ર એટલું જ છે કે તે પદ્ધતિનાં ખરા રહસ્યનું જ્ઞાન શિક્ષકવર્ગમાંથી પણ ઘણા થોડા ધરાવે છે. નવાં ધોરણોમાં ગીત અને વાર્તા દાખલ કરેલાં છે પણ તે શા માટે અને કેવી રીતે શીખવવાં એ શિક્ષકો તો શું, પણ પરીક્ષકોમાંથી પણ ઘણા થોડા જાણે છે એમ કહેવાની હિમ્મત ધરી શકાય તેવું છે. ત્યારે એ તે પદ્ધતિ કેવી હશે એ જાણવાની સહજ ઉત્કંઠા થાય તેવું છે. અને બીજા બધા કરતાં માતાઓએ તો તે જાણવી જ જોઇએ એમ લાગવાથી જ આ ઉપક્રમ શરૂ થયો છે.

કિન્ડરગાર્ટન પદ્ધતિ ત્રણથી છ કે સાત વરસ સુધીનાં છોકરાં માટે ખાસ છે એમ કહેવાયાથી સમજી શકાશે કે, આપણા દેશમાં કહેવાતી નિશાળોમાં છ કે સાતથી વહેલાં મૂકવાનો રિવાજ નથી માટે તે પદ્ધતિનું ખરૂં કામ શિક્ષકો પર રહી શકતું નથી, પણ ગૃહશિક્ષક માતા ઉપર જ રહે છે. જો કે શિક્ષકોને તે પદ્ધતિ કામની નથી એમ તો કોઇથી કહી શકાશે જ નહિં—માત્ર પ્રાથમિક શાળાના શિક્ષકોએ જ નહિં, પણ આગળની નિશાળો અને ઠેઠ કોલેજના શિક્ષકોએ પણ તે પદ્ધતિનો ધ્યાનપુરઃસર અભ્યાસ કરવો એ શિક્ષકના ધંધાને બહુ લાભકારી છે.—તોપણ એટલું તો ખાસ ભાર દઇને કહેવું જોઇશે કે શિક્ષકોને તે જેટલી જરૂરની છે તેના કરતાં માતાઓને તો તે હજારગણી ઉપયોગી અને કિમ્મતી છે.

'કિન્ડરગાર્ટન' એ શબ્દનો શબ્દાર્થ તો માત્ર બાળ–બાગ એવો થાય છે. કિન્ડર=બાળક. ગાર્ટન=બગીચો. પણ જે અર્થસૂચક ગાંભીર્ય કિન્ડરગાર્ટનમાં રહેલું છે તે બાળ–બાગ શબ્દમાં રહેલું હોય એમ લાગતું નથી. શબ્દનો ભાવાર્થ, બાળકોને જેમાં છોડવા તરીકે લેખી ઉછેરવામાં આવે છે તેવો બગીચો એવો આપવામાં આવે છે. કેટલાક તેને બાળકોને રમવાનો બગીચો એવી રીતે પણ સમજાવે છે. આપણે તેના ભાવાર્થને સમજી, નામના ભાષાંતરની કડાકુટમાં પડવાનું મૂકી દઇ તેનું સર્વસામાન્ય કિન્ડરગાર્ટન નામ સ્વીકારીશું.

આપણી પ્રાચીન રહેણીના રીતરિવાજ પ્રમાણે બાળકોને ઉંચા જીવન વર્તનની અસર એટલી બધી લાભકારી અને સત્ પરિણામી હતી કે તદ્દન નાનાં બાળકોની કેળવણી સંબંધે વિચાર કરવાનો અવકાશ જ હતો નહિં. પરંતુ પશ્ચિમ તરફના દેશોની રહેણીકરણી જુદી તરેહની હોવાથી બાળકોનાં જીવન કાંઇ પણ ઢંગધડા વગરનાં અને લક્ષ રખાયા વગરનાં જ જતાં, એટલે ત્યાં બાળકેળવણીનો વિષય ઘણા વિચારકોનો વખત રોકતો. તેને પરિણામે ત્યાં બાળકોને ઉછેરવા અને કેળવવા અનેક પ્રયાસો થયા કર્યા છે, કેળવણી ઉપર અનેક પુસ્તકો લખાયાં છે, બાળજીવનના અનેક અભ્યાસી નીકળ્યા છે અને છોકરાંઓની કેળવણી કેવી હોવી જોઇએ અને તે કેમ અપાવી જોઇએ એ સંબંધે બહુ બહુ લખાયું ચર્ચાયું છે. કિન્ડરગાર્ટન તે બધાંનો સાર–નિષ્કર્ષ–કહીએ તો ચાલે. બાળકોને કુદ્રતથી અમુક બક્ષીસો મળી છે. તે બક્ષીસોની સરખી રીતે, પ્રમાણમાં એક સાથે અને સુઘટીત રીતે કેળવણી થતી જાય એ દરેક શિક્ષણનો મુખ્ય હેતુ હોવો જોઇએ. આંખ, નાક, કાન, હાથ, પગ, આ બધાં મગજની સાથે જ કેળવાવાં જોઇએ અને તે બધાંનો ઉપયોગ નીતિની કેળવણીમાં થવો જોઇએ. નાનાં બાળકોને કંઇ કંઇ કામ કર્યા કરવું બહુ જ ગમે છે, આળસુ પડી રહેવાનો તેમનો સ્વભાવ નથી; વળી, એક કામ થોડીવાર કર્યું કે તે છોડી બીજા તરફ તેમનું ચિત્ત દોડે છે, જે સુન્દર અને સુશોભિત હોય તે તેમની નજરમાં એકદમ ગમી જાય છે, જે હલે ચલે છે તેને પણ પોતાની પેઠે જીવ છે અને ભાન છે એવી માન્યતાથી તેઓ ભરેલાં હોય છે તથા જેવું દેખીયે તેવું કરવું એવી પ્રભુદત્ત બુદ્ધિથી અનુકરણ કરવામાં ખબરદાર હોય છેઃ આવા આવા બાળહૃદયના ગુણોનું જ્ઞાન મેળવી, બાળકને સમગ્રપણે કેવી રીતે કેળવણી મળે એ કિન્ડરગાર્ટન પદ્ધતિ શીખવે છે.

બાળકના તરફ કેવું વર્તન રાખવાથી શું પરિણામ આવે છે, તેમની કેટલીકવાર વાદ અને આગ્રહ તરીકે ગણાતી ટેવો ખરી રીતે કેવાં જુદાં સ્વરૂપની હોય છે, તેમનાં હૃદય પર સહજવારમાં કેવી ભારે અસર થાય છે અને બુદ્ધિશાળી બાઇઓ બાળકોને કેવાં ઝપટવારમાં પોતાના તરફ વાળી લે છે વગેરે બાબતો શીખવી અને શીખવવી એ કિન્ડરગાર્ટનનો વિષય બને છે.

મોટા થતાં બાળકો કયા ધંધાને લાયક છે એ જાણી શકાય તેટલા માટે નાનપણથી જ તેમનાં હાથપાદાદિ યોગ્ય રીતે કેળવણી લઇ શકે અને દરેક ધંધાની શરૂવાત કરી જુવે એ બાબતની પણ કિન્ડરગાર્ટન પદ્ધતિ દરકાર કરે છે.

બાળકને જે જે શીખવવું છે તે બધું તેનાં કુદ્રતી વલણને સંતોખતાં સંતોખતાં જ શીખવવું; બાળકો સાથે તો રમત ગમત કરવી, તેમનો પોતાના પર ભાવ ઉત્પન્ન કરવો, તેમનું માન ઉત્પન્ન કરવું; તેમને તેમની રમતમાં જ ભાગ લઇ કાંઇ કાંઇ શીખવતાં જવું;



બાળકો રમે છે તે અમથાં નહિં, પણ કુદ્રતે તેને રમવાની વૃત્તિ આપેલી છે તે સંતોખવા જ. કુદ્રત આળસ અને કાર્ય વગરની સ્થિતિને પસંદ કરતી નથી એટલું જ નહિં, પણ તે આગળ અને આગળ ખીલ્યા જ કરે છે એ સિદ્ધાંત બાળકોમાં પણ લાગુ થતો હોવાથી બાળકો જે કરે છે તે કાંઇ શીખવાને માટે જ કરે છે અને તેથી બાળકોની દરેક રમતને, અને તેમનાં દરેક કાર્યને એવી રીતે દોરવાં અને વાળવાં કે લાભકારક પરિણામ જ આવે, અને તેવી રીતે દોરતાં અને વાળતાં આપણી ઉપયોગી મદદ તેમને મળતી જ રહે કે જેથી હાનિ દૂર રાખી દરેક લાભ આપી શકાય. આવી સંભાળ રાખવી એ કિન્ડરગાર્ટન પદ્ધતિનું કામ છે.

દરેક માતા છોકરાંને સારાં કરવા ઇચ્છે છે, દરેક માતા છોકરાં મોટાં થઇ સારે ધંધે વળગે એ ઇચ્છે છે, દરેક માતા છોકરાંને કુદ્રતી વલણે દોરી તેને વધારે લાભ કેમ થાય એ જોવા ઉત્સુક છે; અને કિન્ડરગાર્ટન પદ્ધતિ આવું બધું શીખવે છે માટે તે પદ્ધતિનું ખરૂં અને પૂરૂં જ્ઞાન દરેક માતાએ મેળવવું જોઇએ એ જરૂરનું થઇ પડે છે. એ પદ્ધતિ શું શીખવે છે એ આજે કહ્યું; કેમ શીખવે છે એ વળી કોઇ બીજે પ્રસંગે કહેવાશે.

હિમ્મતલાલ ગણેશજી અંજારિઆ.

---

## બાલક પિતા.

“ Child is the father of man ”

**બાલક મનુષ્યનો પિતા છે.**

“ પ્રફુલ્લિત ઉદ્યાનના કલ્લોલિત છોડ, દેશહિતતા, કવિત્વતા, મૃદુતા, સાધુતા અને સાહિત્યતાના વિલસિત સંસ્કારોને અંતર–ગર્ભ–પ્રદેશમાં સંકોચી, સમયોચિત અભિસિંચનથી વૃદ્ધિ કરનાર, જગતની અધઃપતન સ્થિતિને પુનરૂજ્જીવન આપી ચેતન લાવનાર, ત્હેના ઉત્કર્ષ માટે સતત્ પ્રયત્ન કરનાર, દૃષ્ટિગોચર થતા કહેવાતા બાલક, અપિ ઉક્ત ગુણોને–સંસ્કારોને હૃદયગર્ભમાં ઝીલી શનૈઃ શનૈઃ અભિવૃદ્ધિ કરી સ્વાત્મ બંધુઓને સ્વાશ્રયી સ્વાદિષ્ટ સુફલ ચખાડનાર પિતા, ત્હને અનેક વાર વંદન છે. ” +++ યદુનંદન.

* * *

પ્રિય સજ્જન ! નાના બિજકમાં વૃક્ષના તમામ અંશો રહેલા છે એ વાર્તા જ્ઞાની તેમજ અજ્ઞાની સ્વિકારે છે. સૃષ્ટિમાં દૃશ્ય થતી વસ્તુઓમાંથી સુવર્ણ, ચાંદી આદિ ધાતુઓ, હિરા માણુક્ય આદિ રત્નો અલ્પ સ્વરૂપમાંથી અનુપમ સ્વરૂપને ધારણ કરે છે. કોલસા મનુષ્યના બાળવામાં સતત્ આવે છે પરંતુ તેની કિંમત હિરા બરોબર હોતી નથી, છતાં પૃથ્વિના ગર્ભ પ્રદેશમાં જ્યારે કોલસાને કુદરતિ ગરમી ( Heat ) આપવામાં આવેલી હોય છે ત્યારે તે અમૂલ્ય થઈ પડે છે. પાંડવોના સમયથી વર્તમાનકાલે નામદાર શહેનશાહ સાતમા એડવર્ડના તાજમાં વિરાજતો હિરો શું છે ? માત્ર કોલસાનું પરિણામ છે. ત્યારે નાનો વસ્તુઓમાં જે સત્ય રહેલું હોય છે તેને સુસંસ્કારથી કેળવવામાં આવે તો તે કેટલી કિંમતી થઈ પડે છે !

ફોનોગ્રાફ જોયા શિવાય ભાગ્યે જ કોઈ મનુષ્ય રહ્યું હોય છે. ફોનોગ્રાફ બનાવનાર એડિસનને કયો સજ્જન ધન્યવાદ આપ્યા શિવાય રહેશે? મીણ માંખ્યોની બનાવટ છે. મીણ એ સામાન્ય વસ્તુ છે; અને દરેક માણસના અનુભવમાં તે આવેલું હોય છે, પરંતુ એડિસને તેના પર સંસ્કાર નાંખી સ્વરને ઉતારવાની અગમ્ય કળાને સ્વાધિન કરી તેના પ્રભાવને સતેજ કર્યો છે. પ્રત્યેક વસ્તુઓને તેના મૂળ સ્વરૂપમાં લાવવા માટે સંસ્કારીત કરવી પડે છે; અને ત્યારેજ તેનામાં જે શક્તિ હોય છે તે ખિલી નીકળે છે. ઉપરના દ્દષ્ટાંત ઉપરથી આપણે એટલું તો સ્વિકારવું પડશે કે અનુપમ શક્તિના પ્રભાવને ગર્ભપ્રદેશમાં ધારણ કરનાર નાની વસ્તુઓ પર સુસંસ્કાર પાડવામાં આવે છે ત્યારે તે અમૂલ્ય થઈ રહે છે.

બાલક દેખીતું ન્હાનું છે, પરંતુ તેનામાં રહેલી શક્તિ મોટી છે. મનુષ્ય માત્ર પ્રથમ બાલક સ્વરૂપે હતાં, અને બાલકનું સ્વરૂપ પણ ભવિષ્યમાં તેમના જેવું જ થવાનું હોય છે. આથી ઉભય અભેદરૂપ છે. રાજર્ષિ ભર્તૃહરિ, મહાત્મા રામ-કૃષ્ણ-ભગિરથ, ભક્તમણિ નરસિંહ-ઉદ્ધવ-પ્રલ્હાદ-વિભિષણ, સતિ સાધ્વીઓ સીતા-તારામતી-સાવિત્રી-સિમંતિની-શાન્તા, જન્મકાલે બાલક જ હતાં. પરંતુ તેમના પર નાંખવામાં આવેલા અદ્વિતિય સંસ્કારોજ તેમના પૂજનિય રૂપમાં પ્રધાનપદ ભોગવે છે.

વિદ્વન્શિરોમણિ ગોખલે-સુરેન્દ્રનાથ-લાલા લજપતરાય-દાદાભાઈ સાંપ્રતકાલે જે સ્વધર્મ-સ્વદેશભક્તિ-સ્વાત્મોદ્ધાર કરે છે તેનું કારણ પુક્ત વય થયા પછી નહિ, કિંતુ બાલ્યાવસ્થામાં રૂઢિત રૂપે નાંખેલા સંસ્કારોનુંજ પરિણામ છે. ગુપ્તશક્તિને તેમણે કેળવી છે. અંતરગર્ભમાં રહેલાં બુદ્ધિ-બળનો તેમણે વિકાસ કર્યો છે.

મનુષ્યસમૂહમાંથી મોટો ભાગ માત્ર વિષયલાલસાથી જ વૈભવાસક્ત બનેલો હોય છે; પરંતુ આ આચરણ વાસ્તવિક રીતે પ્રશંસાપાત્ર ગણાતું નથી. બુદ્ધિને લોઢાની પેટીમાં રાખી મૂકવા માટે આપવામાં આવેલી નથી. માત્ર કાંકરાની માફકજ જેને પૈસા ગણવાના છે, અને જેનો કિંચિત્ પણ ઉપયોગ કરવામાં આવતો નથી, તો પૈસા હોય તેથી પણ શું? અને ના હોય તો તેથી શું અધિક? પ્રત્યેક પ્રયત્નોમાં બુદ્ધિ અને બલનું અદ્વિતિય રૂપ થાય છે ત્યારે જ અભિપ્સિત વસ્તુઓ પ્રત્યક્ષ થાય છે. એકલું બળ કે એકલી બુદ્ધિથી, વધારે મહેનત અને અપૂર્ણ કામ થાય છે. જ્યારે તેનો સંયોગ થાય છે ત્યારે જ તે શ્રેયઃમાર્ગને દર્શાવે છે.

એકલા વિષયસુખોથી મનુષ્યની ઉન્નતિ થતી નથી, પરંતુ અધઃપતન સ્થિતિમાં આવી જાય છે. વર્તમાનકાલની દેખાતી નિર્માલ્ય પ્રજા આનું મુખ્ય કારણ છે. જેનાં માતા પિતા અશક્ત તેનાં પુત્ર પુત્રીઓ ક્યાંથી સશક્ત હોય? અપક્વ-અયોગ્ય બિજકમાંથી સમર્થ અને સાધુ પુરૂષની પ્રાપ્તિ શી રીતે થવી સંભવે?

પ્રિય સજ્જન! આપણાં ધર્મ શાસ્ત્રો કેવા કેવા ગહન અર્થના ગૂઢ સાંકેતિકોમાં રચાયેલાં છે તેનો તમે સ્વપ્ને પણ વિચાર કર્યો છે? ન્યાય નીતિ જ્ઞાનપૂર્વક મહાન સાધુ પુરૂષોથી લખાયેલાં આ શાસ્ત્રો અપ્રતિમ બોધદ્રવ્ય તેના મુમુક્ષુને આપે છે. પુત્ર-સંતાન પ્રગટાવવા



આરોગ્ય શરીર-પુક્ત ઉમર-પ્રફુલ્લિત મન, પ્રત્યેક સ્ત્રી પુરૂષમાં રહેવું જ જોઇયે. આમાંથી જો એકાદનો ભંગ થાય છે તો તેથી અધુરા નિર્માલ્ય વિચારદ્રવ્યવાળાં-અશક્ત, રોગિ, ઔજસ્ બલ વિનાનાં બાલકોનો જન્મ થાય છે અને પછી ભવિષ્યમાં તેની પ્રજા તેનાથી પણ વિશેષ રોગગ્રસ્ત વારસાવાળી થાય છે. માટે તમારે જ તમારાં સંતાનોને મજબુત ને માનસિક શક્તિના વિકાસવાળાં થવા માટે પ્રથમ પ્રયત્ન કરવો જોઇયે.

શું તમારાં સંતાનો તમારા જેવાં-અને તેથી પણ અધિક-શારીરિક માનસિક અને આધ્યાત્મિક બલમાં શ્રેષ્ઠ બને એ જોવું નથી ગમતું? ગમે છે તો શા માટે તમારા શુષ્ક આનંદના સ્વાર્થની ખાતર ભારત વર્ષની પવિત્ર પ્રજાને દોષવાળી બનાવો છો? ઉત્તરદિશાએ ચોર આવતાં દક્ષિણદિશાએ નાશી જનારી પ્રજા બનાવવાથી તમને અને તમારી પવિત્ર ભૂમિને શો લાભ થવાનો? જાગ્રત થઓ. તમારામાં સર્વ છે, અને તમે સર્વ કરવા શક્તિમાન છો. તમે પરમાત્માના પુત્ર છો અને પવિત્ર પિતા પોતાના બાલકમાં સતત્ અમિદ્રવ્ય પોષ્યા કરે છે. તો મિથ્યા ભય ક્લેશ સંતાપ ના કરતાં તેના પવિત્ર ધર્મોને સ્વીકારી તદનુસાર વર્તન કરો.

પ્રિયબંધુ! ભારત વર્ષનું ગૌરવ પૂર્વે કેવું હતું? તેનો ત્હમને સ્વપ્ને પણ ખ્યાલ રહ્યો છે? ભગિરથ-રામ-કૃષ્ણ-વિક્રમ આદિ રાજાઓ—પરમાત્મકૃપા પ્રસાદક ભક્તો, યોગ તત્ત્વવિદ્દ મહાત્મા પુરૂષો, આર્યના ગૌરવરૂપ પવિત્ર સતીઓ અન્ય દેશોમાં ક્યાં હતી? અને કદાપિ હશે તો ધર્મ અર્થ કામ અને મોક્ષમાં જેઓ પરિપૂર્ણ સ્થિતિને પામિ જીવનસાફલ્ય કરી ગયા છે તેવા ને તેટલા પ્રમાણમાં અન્ય દેશોમાં કયા પુરૂષો વિરાજે છે? આપણું ગૌરવ આપણાથી વર્ણાયા કરતાં આ મહાન પુરૂષના વાક્યને આપની સમક્ષ મૂકું છું. અને તેમાં કેટલું સત્ય રહેલું છે તે વાંચનારને જ સોંપું છું.

Soil of Ancient India, cradle of humanity, hail! hail! venerable and efficient nurse! whom centuries of brutal invasions have not yet buried under the dust of oblivion. Hail, fatherland of faith, of love, of poetry and of science! May we hail a revival of the past in our Western future!

M. Louis Iacolliot.

આ શું દર્શાવે છે. પવિત્ર ભૂમિ! પવિત્રભૂમિ! તને વંદન છે, વંદન છે-એમ શા માટે પૂકાર કરે છે. સત્ય-પ્રેમ-કવિતા-અને શાસ્ત્રની પિતૃભૂમિ કહીને વંદન કરવામાં તેના હૃદયમાં કેટલું ગૌરવ સમાયેલું હશે, એનો ખ્યાલ સહજ સમજી શકાય તેવો છે. ભારતવર્ષના ગૌરવ સંબંધિ ઘણું ઘણું આંગ્લ પ્રજા તરફથી કહેવામાં આવ્યું છે.

આ બધું થવાનું કારણ શું? ભારતનાં સંતાનોએ હજુ સુધી તેમની વિજયપતાકાને વિદેશીય પ્રજાના આંતર ચક્ષુમાંથી ગુણના ગૌરવ પ્રતાપે શિથિલ કરી નથી. તેઓનું તત્ત્વજ્ઞાન સાહિત્ય કલા શિક્ષણ-સંગીતપર સત્તા, યુદ્ધાદિમાં પ્રવિણતા-નું જ્ઞાન અપૂર્વ હતું. અને તે સત્તાના પ્રભાવથીજ તેઓ અદ્યાપિ વિજય વાવટાને દઢ રોપી ગયા છે.

ઉપરનું દૃષ્ટાંત આપણને મગરૂર કરે તેવું છે. આપણા પૂર્વજોનું અભિમાન આપણામાં

અદ્વિતીય બલભાન પ્રગટાવે છે. પરંતુ તેથી શિથિલ થઈ વાચસ્ જ્ઞાનિ બનવાથી કાંઈ મળતું નથી. પુરૂષાર્થ શ્રદ્ધા ને નિશ્ચયથી કાર્ય માત્ર જીતી શકાય છે. કહેવાનો વખત ગયો છે. અને કરોડો કહેનારા મળશે. તો પણ આપણું શ્રેયઃ થનાર નથી. આપણે જાતે જ પુરૂષાર્થ કરવો જોઇયે. ત્યારે જ ઉન્નતિભાનુને નિહાળી શકાશે. આર્ય પ્રજા હવે જાગૃત થઈ કર્ત્તવ્યમય જીવન ગાળે તો તેઓનો દેશકાલ પાછો પૂર્વવત્ થઈરહે.

બાલકમાંથી મનુષ્ય-પિતાનો પ્રાદુર્ભાવ સુસંસ્કારોથી થાય તો કેવા ગહન અર્થસૂચક આપણું જીવન થઇ રહે! મહાન પુરૂષો પણ બાલક પરિણામથી થયા હોય છે. અને વૃદ્ધાવસ્થામાં પણ તેઓ બાલક થવાના વિચારો સેવે છે. તો શા માટે પ્રથમથી જ બાલકને સુશિક્ષિત ન કરવું ?

પ્રિય સજ્જન! જે જે મહાન મનુષ્યો આપણે જોઇયે છીયે અને જે જે મહાન પુરૂષો વિષે આપણા સાંભળવામાં આવ્યું છે તે તે પુરૂષો પ્રથમ બાલક જ હતા. બાલકમાંથી જ તેમની એ સ્થિતિ થયેલી છે. તો બાલકોમાં પ્રથમથીજ સુસંસ્કારો સ્થિાપિત કરવા કે ભવિષ્યમાં તેમની માનસિક શક્તિનો વિકાસ થતાં ઉત્તરોત્તર ભારતવર્ષનાં દિપક માફક ઝળકી નીકળે. પરમાત્મા પ્રત્યેક મનુષ્યના હૃદયમાં આ વિચારને સબળ દૃઢાવી, કર્ત્તવ્યમય જીવનના ગહન અર્થને રહસ્યપૂર્વક સમજાવી-પૂર્વ જેવા મહાન પુરૂષો પ્રગટાવવા સમર્થ કરી-બાલકોને પ્રથમથી જ સુસંસ્કારી કરવા તેમનામાં અનુપમ શક્તિને દૃઢાવી તેમની ઉત્તરોત્તર ચઢતી કરો. અસ્તુ.

**ચિદ્વિલાસી—ઘમીજ.**
શ્રી દેશાઈ બન્ધુમંડલ.

---

# પત્રપુષ્પાંજલિ.

## ( સ્ત્રીલેખ. )

મે. સુંદરીસુબોધના તંત્રી સાહેબ? નિચેનો વિનતિ પત્ર આપના પત્રમાં પ્રસિદ્ધ કરી ઉપકૃત કરશો.

હું મ્હારા બન્ધુજનોને વિનંતિ કરૂં છું કે ત્હમો પુરૂષો અમારે-સ્ત્રીઓ માટે શું કરો છો? માત્ર પેપરોમાં-ચોપાનીયામાં-સ્ત્રીકેળવણી વિશે મ્હોટા નિબંધો લખો છો કે બીજું કાંઈ ખરૂં? મ્હારી કેટલીક બ્હેનો વિદ્વાન પતિ-પિતા કે ભાઇઓનું અનુકરણ કરી ફેશનમાં તે ફેશનમાં ફરે છે. કારણ એમાંની ઘણીખરી નથી પુરૂં વાંચી શકતી કે સ્હમજી શકતી; નથી વ્યવહારમાં રહી ગૃહસંસાર ચલાવી શકતી. આ દોષ મ્હારી બ્હેનો કરતાં મ્હારા વિદ્વાન બન્ધુજનોનો છે; કેમ કે તેઓ પુસ્તકશાળા, કલબ, મિત્રમંડળ, સમાજોને વિનોદસ્થાન ગણે છે, નોકરી વ્યાપારમાંથી નવરા થતા નથી, ગૃહ તરફ બેદરકાર. ઘરમાં તો માત્ર ક્ષુધા અને અને નિદ્રાજ તૃપ્ત કરવા આવે છે. ઉચ્ચ જ્ઞાતિમાં સ્ત્રીઓને બહુ કામ હોતું નથી છતાં મ્હારા બન્ધુઓ સ્ત્રીઓ નવરાશની વેળા શું કરે છે તે પૂછવાની પણ તસ્દી લેતા નથી. સમસ્ત નાગર, ક્ષત્રી, શેઠીયાની સ્ત્રીઓને તો રસોઈ સિવાય કાંઈ કામ હોતું જ નથી, સાત આઠ વાગ્યે ઉઠી ચાકરે તૈયાર કરેલો ચાહ પીયે. રસોઈ કરવાની હોય તો જેવી આવડે એવી કરી પતિને જમાડી, સ્નેહ હોય તો વાતો કરી, નહિ તો મ્હોં કસાણું કરી પાનસોપારી આપી માળપર ચ્હડે છે. કામ કરનાર નોકર હોય એટલે બીજી શી પંચાત! જરાક આડા થઈ ન્યુસપેપર વાંચવાં, ફેન્સી કપડાં પહેરી હાથમાં પેટી, પોટકી લઈ સાસરેથી પીયર જવું, બ્હેનપણી પાસે ટેલટપ્પા મારવા અને સાચી જૂઠી કરવી. સુધરેલા ભણેલા કુટુમ્બમાં પણ આનું આજ, પણ સુધરેલી ઢબમાં. બ્હાર સુધારો અને અંદર એવીને એવીજ નિંદાયુક્ત વાતો. હે બન્ધુઓ? આ સર્વનો જુમ્મેદાર કોણ છે? હું કહું છું કે ત્હમે પુરૂષો જ તો. ત્હમે ત્હમારૂં ઘર સૂધારી શકતા નથી, ત્હમારે આધારે પડેલી સ્ત્રીઓને અજ્ઞાત રાખી સ્વાર્થેજ સાધો છો.

માટે-હે ભાઇઓ! ત્હમારે એક સ્ત્રીસમાજ સ્થાપવી જોઇએ. જે સ્થળ સર્વને અનુકુળ પડે તે રાખવું. આ સ્થળે કેળવાયેલી બ્હેનોએ દર અઠવાડીયે મળવું. મળવાનો વખત બપોરના બેથી ચાર રાખવો, પોતપોતાના જ્ઞાનના પ્રમાણમાં વ્યાખ્યાન આપવાં તથા બારથી પંદર વરસની કન્યાઓને ગૃહકેળવણી પતિસેવા વડિલસેવાનો બોધ આપવો. પુરૂષ વર્ગ તેમજ સ્ત્રીવર્ગ ફેનસી કપડાંમાં જે ખરચ કરે છે ત્હેનો થોડો હીસ્સો સ્ત્રીઓને આપવો. મ્હારા વિદ્વાન બન્ધુઓએ પણ ત્હેમને પ્રેમપૂર્વક મદદ આપવી. નોકરી કરતા પૈસા કમાતા ડોકટરો વકીલો-ગ્રેજ્યુએટ માસ્તરોને બીજા રોજનો પા કલાક કાઢી શકે એમ માનુંછું. શું દિવસમાં પા કલાક પોતાની પત્ની, પુત્રી કે બ્હેનને અભ્યાસ કરાવવા શક્તિમાન નહી થાય? હાલમાં મ્હારી ઉછરતી બ્હેનોની દશા એવી થઇ છે કે ધોબીનો કુત્રો ઘરનો નહિ ને ઘાટનોએ નહિ. ત્હેમાં જરા ઉપલીકીયો અભ્યાસ કર્યો કે ન પૂછો વાત એમ ફુલાઈ જાય છે; અને એમાં ગૃહવ્યવસ્થા સચવાતી નથી. મા બ્હેન કાંઈ કહેતાં નથી. તેઓ પણ શું કરે. તેઓ કહે તો 'કચકચીયાં' થાય. સ્વતંત્ર રહેવું, છુટાં ફરવું, ફેનસી, વસ્ત્રઆભુષણ, તોરણ રૂમાલ ભરી ઉદ્યોગ દેખાડવો. ને બાકી સુઇ રહેવું માથું દુખે છે વિગેરે કહેવું. દાક્તર વૈદ સિવાય ચાલે નહિ. સ્ત્રીકેળવવાની પૂર્ણ ઇચ્છા હોય તો ત્હમે ઘરમાં જ્ઞાન આપો, દિવસે વખત ન કામો ન ગાળવા શિખામણ આપો.

તંત્રી સાહેબ! મ્હારામાં જે જ્ઞાન અને અનુભવ છે ત્હેના પ્રમાણમાં લખ્યું છે. તો વિચારમાં ભાષામાં કાંઇ ભૂલ હોય તો ઉદ્દેશ તરફ ધ્યાન રાખી તે ભૂલને માટે ક્ષમા આપશો.

લી. એક જીજ્ઞાસુ
**—અજ્ઞાત.**

---

# વર્તમાનરંગ.

**બ્રહ્મક્ષત્રીય સન્નારીઓએ ભરેલું સ્તુત્ય પગલું:**—એક પત્ની છતાં અન્ય પત્ની કરવાથી લગ્નનો ઉચ્ચ હેતુ નષ્ટ થાય છે એટલુંજ નહિ પણ સંસારની શાન્તિનો ભંગ થવા ઉપરાંત અનેક આધિઉપાધિ ઉત્પન્ન થાય છે. પુત્રેચ્છા એજ હિંદુ સંસારમાં એટલી બલવત્તર હોય છે કે એને માટેજ ફરીને લગ્ન કરવામાં આવે છે. આ ઇચ્છા ફલિભૂત થાય કે ન થાય, પુત્રપ્રાપ્તિથી સ્વર્ગપ્રાપ્તિ થાય કે ન થાય, પરંતુ એજ ઇચ્છાથી એક ઉપરાંત અન્ય લગ્ન કરવામાં આવે તો સ્વર્ગ સુખ તેમજ "નામ રહેશે" એ આશાએ જીવન્ પર્યન્ત કલેશ ઉત્પન્ન થવા સંભવ છે. બ્રહ્મક્ષત્રીય જેવી કેળવાયેલી જ્ઞાતિના પુરૂષવર્ગ તરફથી આ નિમિત્ત કાંઇ પણ પ્રયાસ ન થયો તે જેટલા ખેદની વાત છે તેથી અધિકતર આનંદ, તે જ્ઞાતિની સન્નારીઓએ લીધેલા પગલાથી ઉદ્‌ભવે છે. બ્રહ્મક્ષત્રીય સન્નારીઓએ ઘેરેઘેર ફરી એક ઉપર બીજી સ્ત્રી ન કરવાની પ્રતિજ્ઞાપત્રમાં સહીયો કરાવી છે અને એ નિયમના ભંગ કરનારને શિક્ષા કરવાનું નક્કિ કર્યું છે. દ્રવ્યવાન્ અને અપુત્રને આ નિયમ ભારે લાગશે છતાં સામાન્ય રીતે આ નિયમમાં નીતિનું ઉચ્ચ ધોરણ સમાયેલું છે એ નિર્વિવાદ છે. અમે બ્રહ્મક્ષત્રીય સન્નારીઓને તેમના પ્રયાસમાં વિજય ઇચ્છી અન્યજ્ઞાતિની સન્નારીયોને આજ પ્રમાણે સામાજીક સૂધારણા કરવા આગળ પડતો ભાગ લેવા વિનંતિ કરીયે છીએ. જો સ્ત્રીઓ ધારે તો આપણા સાંસારિક પ્રશ્નોનો, પુરૂષો કરતાં વધારે સરલતા અને વધારે ત્વરાથી, નિર્ણય કરી શકે.

**"સ્ત્રીબોધ"ની જ્યુબીલી**—"સ્ત્રીબોધ" માસિકની જ્યુબીલી ચાલુ વર્ષને અંતે ઉજવવાની તૈયારી થાય છે. "ગુજરાત સાહિત્ય સભા" એ લેખકોની જયન્તી પાળવાનો પ્રથા પાડ્યો છે. અને કેટલોક સમય થયાં પત્રોની જયન્તી પાળવામાં આવે છે. જયન્તીનો મુખ્ય ઉદ્દેશ એજ હોય છે કે જેની જયન્તી હોય તેના સદ્‌ગુણ તેનાં અનુકરણીય વર્તન જાહેરમાં મૂકી તે દ્વારા દાખલો બેસાડી અન્યને એને પગલે ચાલવા ઉત્તેજીત કરવા. "સ્ત્રીબોધ" માસિક આજ પચાસ વર્ષથી સ્ત્રીઓને કેળવવાનું કાર્ય કરતું આવ્યું છે. જે સમયે સ્ત્રીકેલવણીની શરૂઆતજ હતી, જે સમયે વાચક વર્ગ, ને તેમાં પણ સ્ત્રીવાચક વર્ગ ગણ્યો ગાંઠ્યોજ હતો તે સમયે આ પત્રે પ્રથમ દર્શન આપી—પત્રો, ને તેમાં માસિકોને જે વિટંબના સહન કરવી પડે છે તે સહન કરી સ્ત્રીબોધે પોતાનું કાર્ય યથાશકિત કર્યું છે તેને માટે આપણે જેટલો ધન્યવાદ આપીયે તેટલો ઓછો. "સ્ત્રીબોધ' માસિકમાં વાર્તાઓ, લેખો કદાપિ પારસી સંસારને રૂચતા આવતા હશે પરન્તુ શ્રીમતી શીરીન બ્હેનના હાથમાં આવ્યા પછી હિંદુ સ્ત્રી પુરૂષના લેખોને, તેઓ પાસે ખાસ લખાવી, યોગ્ય સ્થળ મળે છે અને આથી હીંદુ મંડળમાં પણ એનો પ્રચાર થયો છે. અમારા સુંદરીસુબોધ માસિકનું તેમજ સ્ત્રીબોધનું ક્ષેત્ર એકજ હોવાથી જ્યુબીલી નિમિત્તે અમને વિશેષ આનંદ થાય છે અને ઉજ્વલ જ્યુબીલી સાથે દિન પ્રતિદિન તેનો ઉત્કર્ષ ઇચ્છીએ છીએ.

**સંગીતને ઉત્તેજન**—આવતા માસની શરૂઆતમાં અમદાવાદની વડનગરા નાગર ગૃહસ્થ એસોસીએશન તરફથી વાર્ષિક સમારંભને પ્રસંગે "ગરબાપાર્ટી" ની યોજના કર



...ાં આવી છે. આપણા દેશમાં સંગીતશાસ્ત્ર ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યું હતું અને એવું શાસ્ત્ર અન... દેશમાં હશે કે કેમ તે શક છે. સંગીતશાસ્ત્ર અયોગ્ય સ્ત્રીપુરૂષને હાથ જતાં નિંદ્ય ગણાવા લાગ્યું; એ કલા જે સ્ત્રીનો જન્મહકં જેવી ગણી શકાય છે તે નષ્ટ થઈ; નર્તકી અને નાટકશાળાદ્વારા પુરૂષ વર્ગ સંગીત સાંભળવા લાગ્યા. નવરાત્ર જેવા પવિત્ર દિવસોમાં શૃંગારયુક્ત-લગભગ બીભત્સ શૃંગારયુક્ત ગરબાઓ ગવાવા લાગ્યા અને એમાં જ પાર્થિવ વૃત્તિ આનંદ પામવા લાગી. 'સંગીતસમાજ' વિગેરે પ્રસ્થાપિત કરી સંગીતનો પુનરોદ્ધાર થવા માંડ્યો છે તેવે સમયે ઉપરોક્ત એસોસીએશનનો પ્રયાસ અનુકુલ જ છે. કવિ વરોનાં ઉરસંગીતના મહાન સ્વર, જ્યારે સુંદરીઓના કંઠસિતારના મંજુલરવની સાથે મળી, સુરગાન ઉપજાવે છે ત્યારે જ કવિતા,-માધુર્ય, સૌંદર્ય, ગૌરવ ભરી કાવ્ય દેવી મૂર્તિમાન્ થાય છે" એસોસીએશનના પ્રયાસને અંતઃકરણ પૂર્વક વિજય ઇચ્છીએ છીએ અને આવા સાધનોથી 'સંગીત' ને યોગ્ય સ્થિતિએ પહોચાડવા આવાં મંડળો સહાયભૂત થશે એવી આશા રાખી છીએ અને અમે યથાશક્તિ સહાય્ય કરવા ઉત્સુક છીએ.

**સ્ત્રીકામનુ પ્રદર્શન**—આવતી એટલે સપ્ટેમ્બર માસની અંતમાં સુપ્રસિદ્ધ સૂધારક કપતરામ રૂપરામ નીલકંઠની પત્ની સૌ. પાર્વતીકુવરના સ્મરણાર્થે સ્ત્રીકામનું પ્રદર્શન ભરાનું છે. આ પ્રદર્શનનું ક્ષેત્ર કાંઇક સંકુચિત છે એટલે મુંબાઈ સિવાયની તમામ ગુજરાત ...યાવાડની ગમે તે ધર્મની ગુજરાતી સ્ત્રીઓ-ભાગ લઈ શકશે. મુંબાઇની પારસીસ્ત્રીઓ ...ને અન્ય કેટલીક સ્ત્રીઓ ગુંથણ, ભરત, ચિત્રમાં પ્રથમ પદ લે એવી છે ત્યારે ગુજરાતમાં ...ા સર્વ કલાઓ બાલ્યાવસ્થામાં જ છે; અને આમ હોવાથી ક્ષેત્ર સંકુચિત રાખવાનું યોગ્ય ... કાર્ય થયું છે એમ અમે માનીએ છીએ. આવા પ્રદર્શનોદ્વારા સ્ત્રીઓનાં કાર્યને ઉત્તેજન ... છે; ગૃહવ્યવસ્થામાં કરકસર કરવાનું પરોક્ષ રીતે સાધન ઉદ્‌ભવે છે. સ્ત્રીઓનો નવરાશનો ...ત એળે જતો અટકે છે અને કલાનો વિકાસ થાય છે. આ પ્રદર્શનનો લાભ લેવા અમારા ...ચક વર્ગને ખાસ ભલામણ કરીએ છીએ, એટલું જ નહિ પણ આવાં પ્રદર્શનો ઉઘાડી ...વા તેવાં પ્રદર્શનોમાં ખાસ લઈ જઈ કન્યાશાળામાં ભણતી કન્યાઓ-જે ભવિષ્યની માતાઓ ...ની છે-તેમની બુદ્ધિ વિકસાવવા કન્યાશાળાઓના સત્તાધીશો તજવીજ કરશે એવો વિશ્વાસ ... એક સ્ત્રીઉપયોગી માસિકના સંપાદક તરીકે અમારી સમાજ આવા કાર્યોમાં સહાયભૂત ... સદા તત્પર છે.

## સામાયિક સ્ત્રીસાહિત્ય.

આ માસિકને બદલામાં મળતાં પત્રોમાંના કેટલાકમાંથી વાંચવા લાયક લેખોની નોંધ-

**ઇન્ડીઅન સોસીયલરી ફોર્મર:**—ઓગસ્ટ **"હસવાના ફાયદા"** "હસવાના ફાયદા ...માજને જ્ઞાત હોત તો દુનિયામાંથી શોકનું નિર્મૂલ ગયું હત. "હસો અને તમે જાડા ... એ કહેવત અક્ષરશઃ સત્ય છે. હસવાથી શરીરના સર્વ અવયવોને કસરત મળે છે, ...ઝડપથી ફરે છે, ભૂખ લાગે છે અને શરીર નિરોગી થાય છે. સ્નાયુઓ વિકસિત થઇ તંદુરસ્ત બને છે. ફેફસાંઓની ધમણ જોરથી ચાલે છે અને સ્વચ્છ હવા વિશેષ ... છે. ગ્લાનિ તો ઉભી જ રહેતી નથી અને ઉત્સાહ ઉત્પન્ન થાય છે. જે મનુષ્ય કદિ ... નથી તે મનુષ્યનું જીવન દુઃખમય જ હોય છે.

એકાંતવાસીને હસવાના પ્રસંગો ઓછા આવે છે આટલા જ માટે મિત્રમંડળ-સ્ને મંડળની જરૂર છે."

**ગુજરાત શાળાપત્ર**—જુલાઇ-આગસ્ટ. "મીઠું" પ્રત્યેક દિવસના ઉપયોગની વસ્તુ હોવા છતાં એ શાનું બનેલું છે, કયા કયા દેશમાં થાય છે જૂદા જૂદા દેશના મીઠામાં કાંઇ તફાવત છે કે કેમ! આપણા દેશમાં ક્યાં ક્યાં મીઠું થાય છે? કેમ બને છે, પરદેશમાંથી કેટલું આવે છે, એનો શો શો ઉપયોગ થાય છે વિગેરેથી આપણામાંના ઘણા અજ્ઞાત હશે તેઓને આ લેખ રસિક થઈ પડશે.

**સુમતિ**—જુલાઈ. **સમુદ્રયાત્રા**-રા. અનિલના લેખોથી સુંદરીસુબોધનો વાચક વર્ગ અંજાણ નથી. ઇગ્લાન્ડની મુસાફરીનું બોધજનક વર્ણન આ લેખમાં છે.

**વસન્ત**—વૈશાક **સ્વદેશી હીલચાલનો ત્રિરાશી**—હિન્દ પ્રત્યેક વર્ષે લગભગ ૬૧ કરોડ રૂપીઆના પરદેશી માલનો ઉઠાવ કરે છે અને હિન્દના આળસુ ભિખારીઓ પર કરોડ રૂપીઆનો નિરર્થ વ્યય કરે છે. આ બંનેના સરવાળા જેટલી રકમથી હિંદના હિતને માટે શું શું કરી શકાય તે રા. શંકરપ્રસાદ નવલશંકર ધોળકીયાએ એવી રીત્યે દર્શાવ્યું છે કે પ્રત્યેક હિતચિંતકે વાંચી, મનન કરી હિંદના હિતને માટે વ્યાવહારિક પગલાં લેવાં જોઇએ.

**સુદર્શન**—એપ્રીલ મે. **કશું અકસ્માત્થી નથી બનતું.**

**બુદ્ધિપ્રકાશ**—જુન. **સુરોખાર.**

**વૈદ્યકલ્પતરૂ**—જુન. **વિષ સમાન વિરૂદ્ધ ભોજન.**

**કેળવણી**—આષાઢ. "**આપણું ચોમાસું.**"

**ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયા.**

---

# સમયતરંગ

આ માસિકમાં "વિલસુ" ની સંજ્ઞા એ લખનારાં શ્રીમતી ગંગાગૌરીએ 'અરવિન્દ' સંજ્ઞાથી લખનાર અને 'સાહિત્ય' 'જ્યોતી' આદિના તંત્રી શ્રીયુત્ નરસિંહલાલ હરિલ ધ્રુવની સાથે પુનર્લગ્ન કર્યું છે.

ચાલુ માસમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી લેવાયેલી સ્ત્રીશિક્ષણ પરીક્ષા નીચેની સ્ત્રીઓ વિજયી નીવડી છેઃ-સરસ્વતી અમીચંદ; જયાગૌરી ઠાકોરલાલ; સીતા સ ળચંદ; એલીસ ભીખાભાઈ; રંભા દામોદર; મંનુબા કહાનજીભાઈ; માણેક ખોડાભાઈ; સુ શંકરભાઇ; ચંચળ માધવલાલ, ચીમનગૌરી; લલિતા અને શાન્તા દરેકને અન રૂ. ૩૦, ૨૫, ૨૦, ૨૫, ૨૦, ૧૫, ૧૫, ૧૫, ૧૫, ૧૦, ૧૦, ૧૦, નું ઈનામ મળ્યું

મુંબાઇમાં મળનારી બીજી સાહિત્ય પરિષદ્માં સ્ત્રીપ્રતિનિધિઓને વિના ફીએ દાખ કરવામાં આવનાર છે.

---